પૂ. શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
[illegible]

શ્રી સિદ્ધચક્ર.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ. અને સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે. —આ. બો.

લોકોત્તર-વિશુદ્ધ-પ્રેમ.

આલેખનકાર:—પૂ. પંન્યાસપ્રવર-શ્રીયન્દ્રસાગર-ગણીન્દ્ર.

જૈન-શાસનમાં **લોકોત્તર-વિશુદ્ધ-પ્રેમ** કેળવવાનું પરમ કલ્યાણકારિ-**અનન્ય-સ્થાન-પરમાત્માજ છે.** સકલ-દોષોથી રહિત, સકલ ગુણોથી સહિત; પ્રથમ-પરમેષ્ઠિપદે બિરાજમાન **શ્રીઅરિહંત પરમાત્મા સિવાય** પુનીત પ્રેમના બંધનથી બંધાઇ જવાનું, સ્વર્ગ-મૃત્યુ પાતાલમાં અન્ય કોઇ સ્થાન શ્રવણગોચર, નયનગોચર, હૃદયગોચર, આત્મગોચર થયું નથીજ, થતું નથીજ, અને થશે પણ નહિંજ. આથીજ પુનીત પ્રેમના બંધનથી બંધાઇ જવાનું, અર્થાત્ અભેદ-ભાવે ઓતપ્રોત થઈ જવા લાયકનું પૂજકો માટે **પરમોત્કૃષ્ટસ્થાન પરમાત્મા** છે.

ન્યાયાચાર્ય **મહોપાધ્યાય શ્રીયશોવિજયજી** જેવા સમર્થ વિદ્વાન્ હૃદયની ઉંડાણુમાંથી બોલે છે કે:—

"તિમ પ્રભુશું મુજ મન રમ્યું, બીજાશું હો નવિ આવે દાયકે,"

ઇત્યાદિ પદોથી સર્વદા-સર્વત્ર ગુણ ગાઇને ગાનાર આરાધકોને આરાધ્ય-પદમાં અભેદ ભાવે ઓતપ્રોત થઇ જવાનું માર્મિક સૂચન કરે છે.

(વધુ માટે જુઓ ટાઇટલ પેઇજ ત્રીજું.)

વી. સં. ૨૪૭૪
વિ. સં. ૨૦૦૪
વર્ષ ૧૫-અંક-૧

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખ મેમણ સ્ટ્રીટ—મુંબઇ.

વાર્ષિક લવાજમ
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના
રૂ. ૦—૪—૬

અવળી-રીતને અનુસરનારા-ઉત્થાપકો.

આલેખનકાર:—વ્યાકરણ-વિશારદ-મુનિ-શ્રીજ્ઞાનસાગરજી મહારાજ.

જૈન જનતા સારી રીતે જાણે છે કે **શાસન પ્રેમિ શ્રી સંઘે ભાદરવા શુદ ત્રીજનો ક્ષય કરીને ઉદયકાળથીજ ભાદરવા શુદ ચોથ માનીનેજ તેજ દહાડે સંવચ્છરી કરી હતી** એ વાત જગજાહેર છતાં શાસન અને પર્વ તિથિના ઉત્થાપક એવા પેલા **મિથ્થાશાસનને 'ત્રીજનીજ સંવચ્છરી કરી' એમ બકવાટ કરવાનું સૂજ્યું છે.** તે કોઇપણ પ્રકારે સજ્જનોની આગળ શોભે તેમ નથી. આખું જગત પોતાના તહેવારની તિથિ પહેલે દિવસે ઉદયથી માને છે, અને જૈન શાસનમાં પણ તેમ મનાતું આવ્યું છે કે જેથી આઠમ ચૌદશ વિગેરે પર્વતિથિના ક્ષયની વખતે સાતમ અને તેરશ વિગેરેનો ક્ષય કરીને તેજ સાતમ અને તેરશ વિગેરેની તિથિએ ઉદય કાળથીજ આઠમ ચૌદશ માનીને આરાધના કરાય છે. આવું સ્પષ્ટ છતાં અવળચંડી રાંડની માફક જાણી જોઇને અવળું બોલવાની ટેવ આ મિથ્યા-શાસનની જતી નથી. વળી આ વાત અનેક વખત સિદ્ધ કરવામાં આવી છે, છતાં **આ મિથ્યા-શાસનને** નથી તો તેનો ઉત્તર આપવો, કે નથી તો તેનો બકવાદ છોડવો; આ અવળચંડી રાંડ જેવું વર્તન નહિ તો બીજું શું ?

વળી ઉદય તિથિની જે માન્યતા જે ગાથાથી તેઓ અવળી રીતે સમજીને પણ તેઓ જણાવે છે તે ગાથાની જોડેજ શ્રીતત્ત્વતરંગિણીમાં બીજી ગાથા છે કે જો આઠમ ચૌદશ વિગેરે પર્વ તિથિનો ક્ષય હોય તો તેનાથી પહેલાની સાતમ વિગેરે તિથિને સાતમ વિગેરે તરીકે કહેવાય નહિ, પરંતુ આઠમ વિગેરેના નામેજ બોલવી. આવું સ્પષ્ટ છતાં તે ગાથા જોયા વગર અગર જોયા છતાં અવળું બોલવું તે **મિથ્યા શાસનને** ન શોભે તેમ છે.

વિજયદેવસૂરિજીવાળા પાનાં પણ સાચાંજ છે. હજુ સુધી ઉત્થાપક-ટોળીનો એક પણ મનુષ્ય તેને જુઠાં સાબીત કરવા તૈયાર થયો નથી, અને તૈયાર થઈ શકે તેમ પણ નથી. કેમકે તે પાનાની હકિકત શ્રીહીર-પ્રશ્ન વિગેરેથી પોષાયેલી છે. અને તે પ્રતિ ૧૮૯૫ એટલે આજથી સો વર્ષ ઉપર પાદરામાં લખાયેલી છે. જો કે બીજી એનાથી જુની પ્રતિ છે, છતાં તે ઉપર સાલ વિગેરે ન હોવાથી આ દાખલો આપ્યો છે. હજી પણ ઉત્થાપક ટોળીનો કોઇપણ વીરપત્નીનો જણેલો હોય તો શોધકોને લેઇને ખુશીથી તે પાનાંની પરીક્ષા કરવા આવી શકે છે. કેમકે હવે તે પાનાં સુરત જૈન આનંદ પુસ્તકાલયમાં આવી ગયાં છે.

તા. ક.—ઉત્થાપક ટોળી સિવાયના **મંગળવારી સંવચ્છરી** કરવાવાળાઓએ ચોકખે ચોકખું લોકો આગળ જણાવ્યું છે કે ૧૯૫૨ વિગેરેની સાલમાં આમ થયું છે. તેથીજ અમે આમ કરીએ છીએ, અને સોમવારી સંવચ્છરી કરવાવાળાની સામા પાઠ કે યુકિત વિગેરે કાંઇપણ ન હોવાથી જાહેર કર્યા નથી. ઉત્થાપક ને અવળું બોલવું તે બંધો છે, કારણકે તેમની પાસે તો શાસ્ત્રો કે યુકિત છેજ નહિ.

(કહેવાતા વીરશાસનને અમે મિથ્યા-શાસન એટલાજ માટે લખ્યું છે, કે આખું જગત પોતાના તહેવારો ટીપણામાં સંસ્કાર કરીને માને છે, ત્યારે અવળો ચાલનાર આ ઉત્થાપક વર્ગજ ટીપણાનેજ ભીંતિયાં પંચાંગમાં પણ સંસ્કાર વગર પીરસ્યા કરે છે.)

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૫.	આશ્વિન-માસ.	તંત્રીઃ
અંક ૧ લો.	તા. ૧૭-૧૦-૪૮.	પાનાચંદ રૂપચંદ ઝવેરી.

તન્ત્રાસ્થાનેથી—

શ્રી સિદ્ધચક્રનો પંદરમા વર્ષમાં પ્રવેશ.

શાસનમાન્ય ચતુર્વિધ સંઘના ચારે અંગો જે યન્ત્રાધિરાજની આરાધના છ છ મહિને કરીને પાપના પ્રબળ ભારથી હળવાં બને છે, આરાધકો આરાધ્ય પદો પ્રતિ વધુ ને વધુ પ્રેમાળ બને છે; અને આરાધનામાં અવિરત પ્રયત્ન કરીને આરાધ્ય પદોની પ્રાપ્તિ કરે છે, કરી છે અને કરશે તે **યન્ત્રાધિરાજ શ્રી સિદ્ધચક્ર યન્ત્રની** વધુ ઓળખ કરાવવાની જરૂરજ નથી. તેજ **શ્રી સિદ્ધચક્રના** નામને સાર્થક કરનાર અને ત્રિકાલાબાધિત—અવિચ્છિન્ન—પ્રભાવમય જૈન-શાસન, જૈન-શાસનમાન્ય-શાસ્ત્રસિદ્ધાંતો તથા જૈન શાસનમાન્ય-પરંપરાનું અસ્ખલિત-સંરક્ષણ કરનાર-**શ્રી સિદ્ધચક્ર માસિક વિ. સં. ૨૦૦૪ના આશ્વિન** માસની પૂર્ણાહુતિએ તા. ૧૮-૧૦-૪૮ના ચન્દ્રવાસરે પ્રારંભ-સૂર્યોદયે પંદરમા વર્ષનો પ્રારંભ કરે છે.

પ્રારંભ સૂર્યોદયના તેજસ્વિ-કિરણો અતિ-ગાઢ અંધકારને હોડે છે, તેવીજ રીતે આ **શ્રી સિદ્ધચક્ર યન્ત્રાધિરાજ** જેના હૃદય મંદિરમાં આવિર્ભાવ થાય છે ત્યારે તેનાં અજ્ઞાન-અવિરતિ અને અશ્રદ્ધાના ગાઢ અંધકારનો જરૂર વિલય કરે છે; માટે આ આવિર્ભાવ થયેલા **શ્રી સિદ્ધ-ચક્રના** નવે પદોને વિકસિત કરવાને, અને નવપલ્લવિત કરવાને ઉદ્યમશીલ થનારા તે તે આરાધકોએ અવશ્યમેવ સાન્વર્થ રૂપ **શ્રી સિદ્ધચક્ર માસિકનું વાંચન-મનન-પરિ-શીલન કરવાની જરૂર છે.**

ચૈદ ચૈદ વર્ષની કાર્યવાહિઓનું સૂક્ષ્મ-રીતિએ અવલોકન કરનારાઓએ અમારા ઉપર ઉપરના અભિનંદન પત્રો પાઠવીને અમોને આભારી કર્યા છે, આર્થિક સ્થિતિના કટોકટીના સમયે ભવ્ય ભોટાનાં ભોટણાં સમર્પણ કરીને અમોને મદદગાર બન્યા છે; અને તન-મન-ધનથી જેઓએ મદદ કરી છે તેનો અત્ર આભાર માનીને અમે કૃતાર્થ થઇએ છીએ. એટલુંજ નહિં પણ આ સિદ્ધચક્રની સિદ્ધ-પ્રતિષ્ઠાના પરિપૂર્ણ ટકાવ માટે **પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક શ્રી આનન્દસાગરસૂરીશ્વરજીના હમો ઋણી છીએ.** કારણ કે ચૈદ વર્ષની સમાપ્તિ પર્યંતમાં શાસન ઉપર આક્રમણ લાવનારાઓને શાસન-માન્ય શાસ્ત્ર સિદ્ધાંતો પ્રતિ યદ્વાતદ્વા બોલના-રાઓને, અને શાસનમાન્ય પરંપરા પર કુઠારા-

ઘાત કરનારાઓને શાસ્ત્ર-યુક્તિ અને પરંપરાના પુનીત આધારો આપવામાં, અવસરે અવસરે શાસન સંરક્ષક સાહિત્ય પીરસવામાં, અને શંકા કરનારાઓને સચોટ દલીલ પુરસ્સર શાસ્ત્રાધાર પુરાવાઓ પુરા પાડવામાં **તેઓશ્રીનાજ** અમે ઋણી છીએ. ચૌદ વર્ષની સમાપ્તિ સુધી શાસન રસિકોનો સંપૂર્ણ આશીર્વાદ મેળવ્યો છે, અને વધુ ને વધુ આશીર્વાદ મેળવવા માટે **આ સિદ્ધચક્ર માસિક પંદરમા વર્ષમાં પ્રવેશ કરે છે.**

આ સિદ્ધચક્ર માસિકમાં વર્ષભરના બારે અંકોમાં પૂ. આગમોદ્ધારકશ્રીની અમોઘ દેશનાઓ, ચતુર્વિધ સંઘ તરફથી પૂછાતાં પ્રશ્નોના ઉત્તરો, પંચાશક શાસ્ત્રનો સારાંશ, સ્મરણ કરવા યોગ્ય અને સ્મૃતિપટમાં ધારણ કરવા યોગ્ય સુધાવર્ષા ૩૫ સુધાસમ વાકયોનો સંચય, તથા કથાનકો વિગેરેથી ભરપુર નવનવીન અપૂર્વ-સાહિત્યની સામગ્રીએ ક્રાઉનસાઇઝ આઠપેજી લગભગ ત્રણ ફારમમાં ૩૦૦) ઉપરાંત પેજમાં અપાય છે. આ સિદ્ધચક્રને શાસન સંરક્ષક બનાવવા માટેની પૂર્ણ કાળજી પૂ. **આગમોદ્ધારક શ્રીઆનંદસાગરસૂરીશ્વરજીની** અને તેઓશ્રીના પરમવિનેય પૂ. **પંન્યાસ-પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્રની**; તથા સાગર સમુદાયના સર્વ નાના મોટા સાધુઓની છે. તેથી તેઓશ્રી આદિ સર્વનો, લેખકોનો, આર્થિક-મદદ આપનારાઓનો, વાંચક વર્ગનો અને પ્રચારકોનો હૃદયપૂર્વક આભાર માનીને તથા સઘળાનો આશિર્વાદ મેળવીને **શ્રી સિદ્ધચક્ર માસિકને પંદરમા વર્ષમાં પ્રવેશ કરાવવાને** હમો (હમારી સમિતિના સર્વ કાર્યવાહકો) ભાગ્યશાળી થયા છીએ.

નવીન પ્રકાશનો.

૧. દરેક વર્ષની 'સિદ્ધચક્ર' માસિકની ફાઇલ (બાર અંક સાથે) એકના. ૩. ૫-૦-૦

૨. શ્રી સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્ ભાગ ૧ લો (છ પાદ પર્યંત) અનેક પરિશિષ્ટો તથા શ્રી તત્ત્વ પ્રકાશિકા-આનન્દબોધિની સાથે. ૩. ૩૦-૦-૦

૩. વિધિયુક્ત-પંચપ્રતિક્રમણ-સૂત્રાણિ (બાળબોધ ટાઇપમાં) ૩. ૧-૨-૦

૪. સિરિ-સિરિવાલ-કહા (પ્રાકૃત). ૩. ૩-૦-૦

૫. શ્રીસિદ્ધચક્રારાધન-વિધિ ૩. ૨-૦-૦

—: પ્રાપ્તિસ્થાન :—

૧. શા. ગુણવંતલાલ જેચંદભાઇ ઠાર
ઠે૦ ચાંલ્લાગલી, ગોપીપુરા, મુ. સુરત.

૨. શ્રી ઋષભદેવજી છગનીરામજીની પેઢી
ઠે૦ બારાકુવા, દહેરા બિડકી, મુ. ઉજ્જૈન (માલવા)

C. I

આગમોદ્ધારકની અમોઘ-દેશના.

[નોંધઃ—વિ. સં. ૧૯૮૯ના આશ્વિન-શુકલા-એકાદશીના દિવસે દેશનાકાર-પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-આગમોદ્ધારક-શ્રીઆનન્દસાગર-સૂરીશ્વરજીએ સુરત બંદરે શ્રીસાધુપદ ઉપર અમોઘદેશના આપી હતી, અને તે દેશનાનો સારભૂત સંચય કરનાર પૂ. પં. શ્રીહેમસાગરજી ગણિવર પાસેથી તે (સંચય) મેળવીને પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણિચન્દ્ર પાસે પેરેગ્રાફાદિ સુધારા વધારા સાથે તૈયાર કરાવીને અત્ર અપાય છે, છતાં પૂ દેશનાકારના આશય વિરૂદ્ધ કોઈપણ શબ્દાદિ બદલ તેઓશ્રી અત્ર ક્ષમા યાચીએ છીએ. લિ૦ તન્ત્રી.]

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. કાકપદ હીરાની કક્ષામાં મૂકાયેલો આત્મા.

૨. અપલક્ષણને દુર કર્યા વગર આત્માની વાસ્તવિક કિંમત થતીજ નથી.

૩. કાકપદની મિથ્યાત્વ સાથે ઘટના.

૪. મિથ્યાત્વીઓ સાથે પરિચય-પ્રશંસા કરવાની મનાઇ છે.

૫. ઝવેરાતની કિંમત સમજનારાઓ કાકપદ હીરાથી ક્રોડો કોષ દૂર રહે છે, અને સંઘરતા પણ નથી; તેવીજ રીતે મિથ્યાત્વની દશા.

૬. સ્વચ્છ હૃદયમાં નવપદનું સંક્રમણ.

૭. સૂર્યના પ્રતિબિંબ સાથે અરિહંત ભગવંતની ઘટના.

૮. પોતાનો અસીલ હારી જાય તેવા પુરાવા પોતાનો વકીલ બોલતોજ નથી.

૯. સર્વજ્ઞકથિત અનુષ્ઠાનોનું ફળ સિદ્ધપણું છે.

૧૦. મોહના લશ્કરને વીંધનારાઓને સહાય કરનાર સાધુઓ છે.

૧૧. સાધુઓની પ્રથમ લાયકાત મગજ ઉપર કાબુ રાખવો એ છે.

૧૨. ક્રોડની સંખ્યામાંથી એકડો ગયો તો મીંડા નકામાં.

૧૩. આંખનાં પડકારની જેમ આંજનારા પ્રમાદો.

૧૪. દુનિયાદારીમાં મન-વચન-કાયાનું ગોપન કરવું સહેલ છે, પરંતુ કર્મશત્રુને જીતવામાં તે ત્રણેનું ગોપન કરવું તે મોટી મુશ્કેલી છે.

૧૫. ધર્મરાજાના સૈનિકોપર ચારે બાજુથી કર્મશત્રુના સૈન્યનો હલ્લો ચાલુ છે.

खंते अ दंते अ गुत्तिगुत्ते मुत्ते पसंते गुणजोगगुत्ते।
गयप्पमाए हयमोहमाए, झाएह निच्चंपि
मुणिगयपाए ॥५६८॥

કાકપદ સાથે મિથ્યાત્વની સરખામણી.

શાસ્ત્રકાર—મહારાજ—શ્રીમાન્રત્નશેખર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપકારને માટે શ્રીપાળ ચરિત્ર કહેતાં થકાં કહી ગયા કે આ સંસારમાં આ જીવ કઇ કિંમતનો છે ?, માટે પોતાની કિંમત પોતે તપાસવાની જરૂર છે. પોતાની કિંમત ન તપાસે તે પોતાને કીંમતી બનાવી શકે નહિં. દરેક પદાર્થ કિંમતી થવા પહેલાં કલંક દૂર કરનાર હોવો જોઇએ. કલંક વાળી ચીજ રહે ત્યાંસુધી તેની કિંમત થઇ શકતીજ નથી, આ જીવ નિર્મળ રત્ન છે, છતાં

પોતાનામાં કાગ-પગલાનાં જેવાં ચિહ્નો છે. કાક પદો હીરો જાતનો હીરો છે, છતાં તેને મફત પણ ઘેર કોઇ રાખવા માંગતું નથી. તેમ આ જીવ જો કલંક વગરનો ન થાય, ભલે ઉત્તમ હોય, જાતિએ સારો હોય; તો પણ આરાધ્ય કોટિમાં આવી શકેજ નહિં. કાકપદ અપલક્ષણ દૂર થવું જોઇએ. હીરામાં કાકપદનું ચિન્હ તે મોટામાં મોટું અપલક્ષણ. બીજા છંટા હોય તેમાં કિંમત ઓછી થાય, પણ સંઘરવામાં હરકત ન આવે. કાકપદ હીરો કોઇ સંઘરે નહિં. તેમ જેમને કાકપદનું અશુભ લક્ષણ ગયું ન હોય તે શાસનમાં આવી શકતો નથી. તે કયું ? તો કે મિથ્યાત્વ.

કાચ જેવું નિર્મળ હૃદય.

આત્માની સ્વરૂપ દશાનું ભાન થાય નહિં, સ્વરૂપ દશાને રોકનાર આશ્રવ ભયંકર લાગે નહિં, સ્વરૂપને પ્રગટ કરનાર સંવર નિર્જરા મનોહર લાગે નહિં; તો તે ભવે મોક્ષે જનારો હોય તો પણ કાકપદ ગયા વગર જૈન શાસનની લાઇનમાં આવતોજ નથી. આ ચિન્હ નીકળી ન જાય ત્યાં સુધી આરાધ્યની વાત તો દૂર રહી પણ આરાધકની કોટિમાં પણ તે નથી. અહીં જેને મિથ્યાત્વ રૂપે કાકપદનું ચિન્હ અડ્યું ન હોય તેવાને આરાધ્યની વાત દૂર રહી, પણ આરાધન કરવાની કોટિમાં પણ તે આવી શકતો નથી. જ્યારે નથી આરાધ્ય કોટિમાં, નથી આરાધક કોટિમાં, તો શામાં રહ્યો ?; કાકપદ હીરાને ઘેર પણ ન રાખવો, તેમ અહીં મિથ્યાત્વ ન અડ્યું હોય તો તેની સાથે પરિચય પણ ન કરવો. મિથ્યાદૃષ્ટિના પરિચયની મનાઇ કરી. કાકપદ હીરો નક્કી થયો તો ઘરમાં રાખવાની મનાઇ, તેમ મિથ્યાત્વરૂપી કાકપદનું ચિન્હ અડ્યું ન હોય તો પરિચય સ્તુતિ પ્રશંસા માટે લાયક નહિં. એને બોલાવવો પણ નહિં. સમ્યક્ત્વની શુદ્ધિ માટે બોલાવ્યા વગર ન થાય એ કદી બોલાવે તો લોકની ઉચિતતાએ ઉત્તર દેવો પડે એથી બોલાવ્યો ન ગણાય. ઉત્તર દેવાની માત્ર છુટ પણ બોલાવવાની છુટ નહિં. એકજ કારણકે એક વખત ભવ્ય જીવ-હોય તોપણ મિથ્યાત્વ હોય ત્યાં સુધી પરિચય પ્રશંસા કરવા લાયક નહિં, યાવત્ બોલાવવું પણ લાયક નહીં. માત્ર મિથ્યાત્વના કારણથી કાકપદનું ચિન્હ હોય તો આરાધ્ય કે આરાધક કોટિમાં પણ નહિં. હવે વિચારો આ જીવ અનાદિકાળનો કાકપદ ચિન્હ-વાળો કોઈ સંઘરે નહિં. જેને લીધે કાકપદ ચિન્હ મટી કીંમતી હીરો થયો. એજ પ્રભાવ આ નવપદનો. આ જીવને અનાદિનું મિથ્યાત્વ હતું તે ચિન્હ સુધાર્યું જતું નથી. હીરામાં કાક-પદનું ચિન્હ સુધાર્યું જતું નથી, કારણકે અશક્ય સુધારો હતો. મિથ્યાત્વ જવું તે અશક્ય હતું. એ તો નવો કીમીયો નિકળે ને આવો હીરો સુધારી દે તો કીમીયા વગરની કેટલી કિંમત ગણીએ ? તેમ અહીંઆ પણ એવો કાકપદ હતો. જગતમાં ચૌદ રાજલોકમાં અનંતી જગો પર રખડયો. અનંતાના હાથમાં સમાગમમાં આવ્યો તો પણ કાકપદ સુધારવા કોઇ સમર્થ ન થયું. અનંતી વખત દરેક સંબંધમાં આવ્યો. કોઇ જીવ એવો નથી કે જેની સાથે ભાઇ બહેન બાપ છોકરા બાયડીપણે દરેક સંબંધમાં આવ્યા નથી. બધા સાથે સંબંધમાં આવ્યા પણ કાકપદ સુધારે તેવી કોઇની તાકાત નહતી. આ કાકપદને સુધારવાની તાકાત એકમાંજ છે, કોનામાં ? આ નવપદમાં એ તાકાત છે કે કાકપદ હીરાને

સુધારી લે. કાકપદ હીરાને સુધારી દેવાની તાકાત નવપદમાંજ છે. બીજા કોઇમાં તે તાકાત નથી. આ નવપદ કઇ રીતે સુધારે ?, નવપદ અંતઃકરણમાં આવે એટલે સુધરે. છાયા માત્રથી કાકપદ હીરાને સુધારી નાંખે. ચોકખો કાચ હોય તેમ કાચ જેવું જેનું નિર્મળ હૃદય હોય તેમાં નવપદની છાયા પડે તો કાકપદનું ચિન્હ ભાગી જાય.

નવપદનું સંક્રમણ.

ભલે ભવ્ય હોય, તે ભવે મોક્ષે જવાનો હોય; પણ મિથ્યાત્વરૂપી કાક ચિન્હ લાગેલું હતું ત્યાંસુધી શાસનના દરવાજામાં પેસવાને લાયકાત ધરાવતો નહતો. આરાધકોને બોલાવવા લાયક પરિચય કરવા લાયક પણ નહતો. એવા કાકપદા હીરાને નવપદ સુધારે તે માત્ર છાયા પડવાથી સુધરે. નિર્મળ કાચને સૂર્ય સામો આવે એટલુંજ બસ. અંતઃકરણ ભરમાએલું ન હોય, મૂઢતાવાલું ન હોય તો, નવપદની છાયા બસ છે. સૂર્યનો સ્વભાવ છે કે તેજસ્વીમાં સંક્રમો જવું તેજસ્વી પદાર્થોમાં સૂર્યનું સંક્રમણ મહેનત કર્યા વગર સંક્રમીત થઈ જાય છે. તેમ નવપદ પણ નિર્મળ હૃદયમાં આપો આપ સંક્રમી જાય છે ને તેથી કાકપદનું ચિન્હ ભાગી જાય છે. આ કાકપદ હીરાને સુધારનાર હોય તો નવપદ રૂપી મંડળ. સૂર્ય મંડળ એ તેજસ્વી પદાર્થમાં સંક્રમી જાય તેમ નવપદનું મંડળ તેજસ્વી હોવાથી જ્યાં નિર્મળ દેખે ત્યાં સંક્રમી જાય. નવપદનો સુંદરતામાં રસ લેતો થાય તે વખતે કાકપદનું ચિન્હ આપો આપ જાય. ગાઢ તેજ સિવાય સામાન્ય કાચમાં ગ્રહ નક્ષત્ર કે તારાના પ્રતિબિંબ પડતા નથી. પ્રથમ પ્રતિબિંબ પડે તો સૂર્યનું, તેમ નવપદમાં મુખ્ય સૂર્ય તરીકે જળહળતા તેજવાળા અરિહંત-પ્રભુ. પ્રથમ પદે અરિહંત પ્રભુ સૂર્યની પેઠે અંદર સંક્રમે પછી આઠ પદોની શ્રદ્ધા થાય.

અરિહંતની સાક્ષિદ્વારાએ સિદ્ધ-ભગવંતોની સિદ્ધિ.

અરિહંતને આપણે કોઇ ભવમાં દેખ્યા હશે ?, છતાં અરિહંત માનવામાં ચામડું મદદ કરે છે. મહાવીર ભગવાન પાસેથી ગૌતમ સ્વામી પ્રતિબોધ પામી શકયા, તે પ્રત્યક્ષ હતા તેથી. સિદ્ધ સાથે તેવા થયું હને તો ?, શંકા સમાધાનના ખુલાસા ન થાત. પરમ પુરૂષ તરીકે માનવાનું સિદ્ધ મહારાજનું કાંઇ સાધન નથી. અરિહંત મહારાજના અસાધારણ પુન્યના કાર્યોને આગે માની શકાય. જન્મે ત્યારે દેવો ઓચ્છવ કરે, દીક્ષા કાળ વખતે પણ દેવો ઓચ્છવ કરે; આવા પુન્યના પ્રતાપથી અરિહંત માની શકાય. અરિહંત મહારાજને જાણવામાં પારખવામાં ચર્મ ચક્ષુની મદદ મળે છે, તેથી અભવ્ય પણ જીનેશ્વરને દ્રવ્ય થકી માને છે. આ મોટા દેવેન્દ્રોને સેવ્ય દેવતાપણું આપનારા અભવ્યો માને છે. સિદ્ધની વાત આવે ત્યાંજ કુકત માનતા નથી. બાકી ચારિત્ર અરિહંત કરે તે માને છે. બીજી વાતમાં કંઇ કંઇ ઇસારા મલે છે, તેથી અભવ્યો બીજી અપ્રત્યક્ષ વાત માને છે. અનુમાનથી ધર્માસ્તિ-કાયાદિ માને, નહિંતર બધા જીવ એકઠા રહી શકે નહિં. વકીલ સાચી વાત જાણે પણ અસીલની વાત પુરવાર કરવાજ મથે. એક પુરાવો એવો ન બોલે કે અસીલે ગુનો કર્યો જેમાં સાબીત થાય. વકીલ જોડે રહી અસીલ માસે ગુનો કરાવે, અને બચાવમાં પોતે ઉભો રહે. એક શબ્દ અસીલ ગુનેગાર છે એમ કાઢેજ નહિં. અસીલ બે ગુનેગાર છે એવું કબુલ કરે છે, પણ માન્યતા

કઈ છે ? વકીલ ભલે છેડાવામાં રહે પણ પાપી મનુષ્ય માને. એની ફી લ્યે કેસ લડે પણ ઘરે પેસવા ન દે. ચોર લુચ્ચાની વકીલાત કરે, બોરીસમાં બોલાવે પણ ઘેર ઉભો નહીં રહેવા દે. કહો એને પોતાને અનુભવ છે, તેથી ખરાબ માને છે. છ મહિના કેસ ચાલે તો પણ ગુનેગાર માનતો નથી. અભવ્ય મોક્ષ ન માને પણ નિરૂપણ કરે તેમાં નડે શું ? વકીલને તો ઘર બાયડી સાચવવી છે, તો પછી અભવ્યને મોક્ષ નિરૂપણ કરવામાં નડતર શી ?, અભવ્યને નડતરજ નથી. દેવલોકની કરણી નરક મનુષ્ય તિર્યંચના દુઃખ ધારી કરે. મોક્ષનું નિરૂપણ કરવામાં અડચણ નથી એ ધારી કરે. અરિહંતની પરીક્ષામાં અને માન્યતામાં પુદ્ગલ મદદ આપે છે એના પુન્યના કાર્યો દેખી માનવાનું કારણ બને છે. જન્મ સાથે દેવતા અભિષેક કરે. દીક્ષા વખતે અભિષેક ઓચ્છવ કરે, કેવળ વખતે અને કાળ કરે ત્યારે ઓચ્છવ કરે આવો ઉત્કૃષ્ટ પુરૂષ તરીકે અરિહંતની માન્યતા કરવામાં ચર્મ ચક્ષુ મદદ કરે છે. સિદ્ધની માન્યતા કરવામાં નામ નિશાન નથી. દીવો મનાવવામાં અજવાળું સહાય કરે છે, પણ આ તો હવામાં જતો વીજળીનો પ્રવાહ તેમાં પુરાવો શો ?, હવામાં નિકળતા પ્રવાહનો પુરાવો નહિં. તેમ સિદ્ધ કશા માનવી તેમાં એક પણ પુરાવો નહિં. એ માનવાનું માત્ર અરિહંતના જ્ઞાન ઉપર છે. અરિહંતને સાચું કેવળજ્ઞાન થયું છે, તેથી સિદ્ધનું અને તેના સુખનું નિરૂપણ કર્યું તે મારે કબુલ છે. વાદી સાક્ષી કરતાં ભલે મોટો હોય. પણ કેસનો આધાર સાક્ષી ઉપર. એમ સિદ્ધ મહારાજા ચાહે જેવા ઊંચા સર્વગુણી, છતાં પણ એમની પ્રામાણિકતા એમના તરફનું હુકમનામું કહો તે બધી અરિહંતરૂપ સાક્ષિની પ્રામાણિકતા ઉપર આધાર રાખે છે.

વાદીના કેસનો આધાર સાક્ષિ ઉપર છે.

સિદ્ધનું સ્વરૂપ શા ઉપર ?, અરિહંતો સિદ્ધની વાત ન કરે, અને અરિહંતો સિદ્ધની ઉત્તમતા ન જણાવે તો જગતમાં સિદ્ધ છે કે નહિં તે કોઈ જાણે નહિં. સિદ્ધને જાણવા માટે અરિહંત સિવાય કોઇ આધાર નથી. આથી પ્રથમ પદ અરિહંત મૂકયું તે જરૂરી છે. ભીખારી સાક્ષીની જજ પ્રથમ તપાસ કરી લે પછી હુકમનામું પહેલાના લાભમાં આપે. વાદી શેઠ માલદાર હોય, બધું ભલે હોય, પણ પહેલી તપાસ કોની ? સાક્ષીની. વાદીની પ્રમાણિકતાનો આધાર સાક્ષીજ છે. સાક્ષી સિદ્ધભગવંતના કેસમાં આધારભૂત, તેમ સિદ્ધનું સ્વરૂપ સુખ સદા સ્થાયીપણું માનવામા આધાર હોય તો અરિહંતનું જ્ઞાનજ સાક્ષિરૂપ છે. અરિહંતના કેવળ જ્ઞાનને એક બાજુ મૂકો, પછી સિદ્ધના પુરાવા મૂકો તો એકે ટકે નહિં. આટલા માટે અરિહંતને પ્રથમ પદમાં સ્થાપન કર્યા છે.

વિચારના સુધારક-સાધુઓ.

બીજા પદમાં અરિહંતના કહેલા અનુષ્ઠાનનું ફળ સિદ્ધની સત્તાને અંગે સફળ છે. હવે શિક્ષક માસ્તર ન હોય તો લાયબ્રેરીમાં ચોપડી ભરી તેથી બધા છોકરા વિદ્વાન ન થાય. શિક્ષક જોઇએ, અને શિક્ષકથી શિક્ષિત ન બને તો લાયબ્રેરી નકામી નથી. તેમ આચાર્યદ્વારાએ ઉપદેશ પામે, વ્રત પામે, મિથ્યાત્વાદિકથી ખસે; ત્યારે અરિહંતના કથન કરેલા સિદ્ધાન્તોથી ભરપૂર લાયબ્રેરી વાંચનારો બને. પછી આખા જગતને ઉકેલે. અહીં આચાર્યના શિક્ષણદ્વારાએ સિદ્ધપણું આપો આપ

પ્રાપ્ત કરી શકે છે. શિક્ષક તરીકે આચાર્યની અવશ્ય જરૂર છે. આથી ત્રીજે પદે આચાર્ય સ્થાપન કર્યા છે. એ છતાં તબીયતનો સુધારો ન હોય અને મગજ વેંડપ થએલું હોય તો શું થાય? માસ્તર હોય, લાઇબ્રેરી હોય, પણ મગજ ચક્કં હોય તો?; તેમ અહીં દરેક મોક્ષ સાધકોએ અરિહંત, સિદ્ધ, અને આચાર્યએ મોક્ષમાર્ગની પ્રાપ્તિ માટે છે એમ નક્કી કરી નાંખવા જોઇએ. મગજને ઠેકાણે રાખવા તરીકે અહીં ઉપાધ્યાયની જરૂર છે. હવે ઉપાધ્યાયજી–કેળવણીનો રસ ઉત્પન્ન કરનાર તરીકે છે. અહીં વિચાર સારા હોય, લાઇબ્રેરી હોય, અને શિક્ષણ પણ હોય છતાં ખાવાના તાકડા ન હોય ને જીવન ચાલી શકે તેમ ન હોય તો વિચારોનો સુધારો શરીરના સુધારા ઉપર આધાર રાખે છે. શરીર સુધારનાર તરીકે ડૉકટર વિગેરે પણ વખતે જોઇએ છે. વિચારના સુધારનાર તરીકે સાધુઓ પણ જોઇએ.

આરાધ્ય માટે નમસ્કાર.

અહીં અરિહંત સિદ્ધ આચાર્ય ઉપાધ્યાય બધું નક્કી થયાં છતાં, પરસ્પર મદદગાર તરીકે સાધુ ન હોય, અર્થાત્ દરદી હોય ને માવજત કરનાર ન હોય તો શું થાય?; મૂળમાંજ જે સાધનો જોઇએ તેજ નથી. અહીં પણ જેને ખોરાકી પોષાકી નથી તેવાને માસ્તર શું શીખવે? ડૉકટર શું સુધારે?; તે માટે પાંચમો સાધુ વર્ગ. લશ્કરમાં રહેલો સીપાઇ પોતે જીતવા માગે છે, બીજાને જીતાવવામાં મદદ કરે છે લશ્કર પરસ્પરની ચાહના છતાં મદદગાર પણ હોય છે, તેમ બધાએ એક શત્રુ ઉપર નિશાન રાખ્યું છે. કયો શત્રુ?, કર્મ શત્રુ. એક લશ્કરમાં ભલે બધી જાતના હોય અર્થાત્ તે લશ્કરમાં રજપુત, વાણીયા, ક્ષત્રિય ચાહે તે જાત હોય પણ દરેકની લશ્કરમાં કઇ ધારણા હોય?, શત્રુને હંફાવું કેમ?, માટે પેશ્વાઇ શાથી પડી ભાંગી?, જવાબમાં પરસ્પરની ઇર્ષ્યા. તેમ ધરમનું કાર્ય એ કેમ કરી જાય તો સમજવું કે પેશ્વાની પડતી છે. અહીં એક પણ જીવ એક પણ મોહના લશ્કરીને વિંધતો હોય તો તેમાં દરેકે સામેલ થવાનું છે. તેમાં ફેરફાર થાય તો પડતી છે. કર્મની સામા એક સરખા ઉતરેલાઓ એ કર્મને તોડે છે. તે તોડે તેમાં આપણે મદદગાર ન બનીએ તો આપણી પડતી છે. ઋષિ, વાચંયમ, યતિ, અને મુનિ શબ્દો ઘણા હતા, પણ અહીં શબ્દ કયો લીધો? સાધુ શબ્દ. તેનો મતલબ એકે કર્મવૈરી સાધવામાં, અને મોક્ષસિદ્ધ કરવામાં મદદગાર એ સાધુ છે. બાકી સાધુ શેકયો પાપડ ભાંગતા નથી, અને નથી સૂત્રાર્થને આપવાનો અધિકાર. સાધુ મોક્ષમાર્ગમાં મદદગાર ન બને તો નકામા રોટલા છે, એજ કારણથી આરાધ્ય સાધુઓ માટે પણ નમસ્કાર રાખ્યો છે.

ધર્મરાજાના સૈનિકો સાધુઓ છે.

અહીં મોક્ષ માર્ગમાં અમે પ્રવર્ત્યા એટલે અમે નિરાધાર અને કુટુંબાદિકે કરીને રહિત. દુનીયાની અપેક્ષાએ નોટો બનાવવામાં નોટો બનાવવાવાળાઓ સાચી નોટો લાવે છે. એકની બે કરી દઉં, અને સુખનો દરિયો દેખાડી દઉં, આવું કહેનારને અને દેખાડનારને શાબાશી આપી. પરંતુ પરિણામે જેટલું સુખ બતાવતા હતા તેના કરતાં સેંકડો ઘણું દુઃખ પરિણામે થવાનું જણાય છે. પરિણામે તે કાર્યમાં દુઃખના ડુંગરો ઉભા કરે છે, અને દેખાડનારો ભાગી જાય છે, કારણ કે દુઃખમાં ઉભા ન રહે.

મોઢું ન દેખાડે. વિચારો અહીં પાપ ઉપાર્જન કરી દુર્ગતિમાં જઇએ. માબાપ, ભાઇ, છોકરો, કોઇ ઉભા રહેતા નથી. 'ચઢો ખેટા સૂળીએ. દો ખુદાકા નામ' એ દેખવું હોય તો દેખી લ્યો, તારા ફાયદા સુખ માટે કરીએ છીએ. આવાને જણ્યા સુખના સમુદ્ર, અને છેવટે દુઃખના ડુંગર ઉભા કર્યા, તેથીજ તેમની સોબત છોડી. હવે કોણ આધાર ?, લશ્કરમાં જોડાનારો મનુષ્ય નાત જાત બધાને છોડી નિકળે પણ એને કુમક કોની ? જોડેના લશ્કરની કુમક. લડવા નીકળે તે વખતે માબાપ ભાઇની કુમક હોતી નથી. કુમક હોય તો પોતાના લશ્કરની. અહીં એકજ આધાર ધર્મરાજાના લશ્કરના સાધુઓનો છે. મોક્ષમાર્ગના સિપાઇઓરૂપ સાધુઓની કુમક લેતાં શીખો.

સાધુપણાની લાયકાત મગજ ઉપરનો કાબુ.

લશ્કરી થનારે અને લશ્કરમાં દાખલ થનારે કેમ વર્તવું જોઇએ ?, અમુક લાયકાતવાળો જોઇએ આ ધર્મરાજાના લશ્કરમાં દાખલ થનારે કેમ વર્તવું જોઇએ ?, ખંતેય દંતેય મગજ ગુમાવવાનો વખત કોઇ દહાડો આવવા દેવો ન જોઇએ. એક તીતી ઘોડો આખા લશ્કરને ખરાબ કરે, માટે લશ્કરી થનારે પ્રથમ ધ્યાન રાખવું કે મગજ કાબુમાં રાખવો પડશે. પ્રજાકીય લશ્કરનો કોરટ જુદી, તેમ જે મનુષ્ય આ લશ્કરમાં જોડાય તેણે પ્રથમ નક્કી કરવું જોઇએ. મગજનો કાબુ ખસે નહિં માટે ક્ષમાવાળાનો કાબુજ ન ખસે તે નક્કી કર્યું, છતાં કાબુ ખસવાના કારણોથી દૂર રહેવું જોઇએ.

ઇન્દ્રિય-દમન અને ગોપન.

સુથણાનું નાડું પકડયા છતાં મુલ્લાજી નીચે પડયા. મગજના કાબુ અસેડનારા સાધનો ઉભા કરે તેથી મગજનો કાબુ રાખવા માટે ઇંન્દ્રિયને કબજામાં રાખવી. નહીંતર મગજનો કાબુ રાખી શકે નહિં. ઇંદ્રિયને કબજામાં રાખવાવાળાએ એક વાત ધ્યાનમાં લેવી. મન વચન કાયાનું ગોપવવું એ કથન શું કરવા મૂકયું ? ગુપ્તિઓ બે પ્રકારે છે. દોરડા પર નાચવાવાળા મદારી દોરડાપર ચાલે છે તે વખતે મન વચન ને કાયાને કાબુમાં લેવા પડે છે. તેને ગુપ્તિવાળો કહેવો કે નહિં ? સમી સાંજે ઘરમાં પેઠેલો ચોર બધાં ઊંઘી ન જાય ત્યાં સુધી શ્વાસ ઊંચો ન લેવાઇ જાય તેવી ગુપ્તિ રાખે છે, છ સાત કલાક સુધી ઉધરસ કે છીંક કઈપણ ઘોંઘાટ ચોરો કરતા નથી. કેવી શરીરની વચનની મનની ગુપ્તિ છે ? દુનિયાદારીમાં ચાહે જેવા નાટક કે ગમે તે થાય તે જોવા આગળ આવતો નથી. એ શેઠના ઘરની સંગીતાદિ સુંદરતાથી લલચાયો નહીં, અને મન કાબુમાં રાખ્યું ત્યારે તે ત્યાં રહ્યો. ચોરવાની ઘરની સ્થીતિમાં મન કાબુમાં રાખે છે ફસાઇ જવાના ડરે તેણે તે કાબુમાં રાખ્યું તો તમે ઇંદ્રિયોને છુટી મેલો તેમાં ફસાવાનું માનતા નથી. નહીં તો ચોર જેટલી ચતુરાઇ તો રાખો. આવી ચોરની, અને મદારીની ગુપ્તિઓ ધર્મના લશ્કરીઓને કામ લાગવાની નથી એટલે શાસ્ત્રકારના હુકમ મુજબ ત્રણને ગોપવવા તે સુગુપ્તિ તેવી ગુપ્તિ રાખનારા સુગુપ્તિએ ગુપ્ત.

આંખના પલકારાની જેમ કામ કરનારા રામાદો.

આ બધું છતાં કોડની સંખ્યામાં એકડો ખસે તો બસ. પછી લેવાનું દેવાનું કશું રહેતું નથી. આ બધું છતાં લોભમાં લેવાઇ જાય તો કોડમાં એકડો નિકળી ગયો. માટે આજકાલ

લશ્કરમાં ભરતી કરવામાં આવે છે તે વાત જુદી લશ્કર એજ તેનું ઘર, અને તેથી બીજે જવાનું નહીં, તે મુકત નિર્લોભી સાધુ હોવો જોઇએ. લોભનો અંશ પણ નહીં અંતઃકરણથી શાંત હોય આ બધા ગુણો જણાવ્યા તે દોષના અભાવ, ક્ષાન્ત, દાન્ત, ગુપ્ત, નિર્લોભી, આ બધું કરી કર્મનો હલ્લો રોકયો. બીજાના હલ્લાને રોકવો તે ઘેરાની સ્થીતિ ગણાય. હલ્લો હઠાવવાની શક્તિ ત્યાં સુધી ઘેરાનું જીવન. પરંતુ અહીં સાધુમાં હલ્લો કરવાની શક્તિ હોવી જોઇએ. ચરણ કરણ સીત્તરી એવા ૧૪૦ બોલનો ગુણરૂપ તે સાથે રહેવાવાળો હોય બાટલો છતાં હલ્લો બારનાર કે કરનારા આંખનો પલકારો થાય તેટલીવાર ચુકી જાય તો ઘાણ નિકળી જાય. લેંડી સ્ટીથનો આખો ઘેરો પલકારામાં ગયો. તેમ અહીં મોહનો મારો ચારે બાજુથી થઇ રહેલો છે. તેમાં આંખના પલકારા જેટલી ગફલતમાં આવી જાવ તો આખો હલ્લો નકામો થઇ જાય માટે પ્રમાદ નિંદ્રા વિકથા બસન વિષયનો પાંચે પ્રકારના પ્રમાદ એ તમારી આંખને આંજનારા છે.

સાધુનુંજ સેવા-બહુ માન કરો.

આવી રીતની જબરજસ્ત ક્લીલેશંધી કર્મ-રાજાએ, અને ધર્મરાજાએ કરી છે. ધર્મરાજાએ હલ્લો મકાનપર જઇ નાખ્યો છે. મોહરાજા રહે ત્યાંજ લડવૈયાને રહેવાનું અહીં લડાઇ કયાં રાખી છે? સંસારમાં. મોક્ષની જગોપર સિદ્ધોના સ્થાનમાં લડાઈ રાખી નથી હલ્લાના ક્લિલેશંધીના સાધનો કરી આપ્યા છે. હવે તમે ગફલતમાં રહો તો બેએ નકામા થઈ જાય માટે પ્રમાદ ચાલ્યોજ ગયો છે. ગફલત નામ નથી. બચાવના હલ્લાના પુરા હોય ને ગફલત ન કરે તો જીત્યા વગર રહે નહિં. મોહ અને માયાને બન્નેને હણી નાખ્યા છે. આ લશ્કરની સ્થિતી જણાવી. અહીં આ ધર્મ-રાજાની રાજધાનીમાં રહેવાવાળા મોહ શત્રુથી બચાવનારા મુનિ મહારાજાનું સન્માન બહુ માન ભકિત કર્યા સિવાય રહી શકે નહિં. જો તમારામાંથી કાકપદનું ચીન્હ નિકળી ગયું હોય તો ધર્મરાજાના લશ્કરરૂપ મુનિમહારાજના ચરણ કમલનું મન વચન કાયાથી તેમની ભક્તિમાં લીન રહો હવે. તેમની ભક્તિથી બીજા ચાર ગુણો પ્રાપ્ત થાય છે. તે અધિકાર શાસ્ત્રકાર કેવી રીતે બતાવે છે, તે અત્રે વર્તમાન.

પર્વ દેશના.

પ્રાતઃસ્મરણીય–પૂજ્યપાદ–આગમોદ્ધારક–આચાર્યદેવેશ–**શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીની** અમોઘ દેશનાઓ કે જે વાર્ષિક પર્વો પર આપેલ છે, તેનો સંચય લગભગ ક્રાઉન સાઇઝ સોળપેજી ૨૪ ફારમના આ ગ્રંથમાં છે. પર્વોની સહેતુકતા સમજવી હોય, અને આરાધનાનો ઉજ્વળ લાભ લેવો હોય તો આ ગ્રંથને તાકીદે મંગાવો. કિંમત રૂ. ૫-૦-૦ **પ્રાપ્તિસ્થાનઃ —**

શ્રી જૈનાનંદ પુસ્તકાલય,

ઠે૦ ગોપીપુરા, ઓસવાલ મોહલ્લાના નાકે,

મુ. સુરત.

સમ્યક્ત્વ-સંબંધિ-સંવાદ.

કથા-રત્ન કોષમાં નરવર્મરાજાની કથા આવે છે. તે કથામાં સમ્યક્ત્વના અધિકારમાં દેવ-ગુરૂ-ધર્મ સંબંધિ જે સુંદર સંવાદ આવે છે, તેનો સારરૂપ ભાવાનુવાદ અત્ર રજુ કરાય છે.

[અનુવાદક=પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-આગમોદ્ધારક શ્રીઆનંદસાગર-સૂરીશ્વરજી મહારજના વિદ્વદ્વિનેય પંન્યાસ પ્રવર શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્રના-પરમ વિનય શ્રીચન્દ્રપ્રભસાગરજી.]

અનેકવર્ણી સુંદર પુષ્પોથી સુશોભિત અને વૃક્ષોની શ્રેણિઓથી મનોહર એવા કુસુમાવતંસ ઉદ્યાનમાં, ગુણંધરસૂરિજી ગામ-નગર-ઉપવનને પાવન કરતા પધારે છે.

ઉદ્યાનપાલક-દ્વારા, સૂરિજીના આગમનના સમાચાર રાજાને મળે છે. આગમનના સમાચાર મળતાંજ નૃપતિનું ભક્તિવાત્સલ્ય હૈયું આનન્દના આવેશથી નાચી ઉઠે છે. જીવનમાં અનુભવેલાં અનેક સુખદ પ્રસંગો આજના આ વિરાટ પ્રસંગ આગળ નીરસ ભાસે છે. નૃપતિ આજના મંગળ પ્રભાતને જીવનનું અપૂર્વ ને અવર્ણનીય પ્રભાત માને છે. તે સૂરિજીનું પુનિત નામ સાંભળતાં જ હર્ષિત બનેલો પૃથ્વીપતિ એકદમ સિંહાસન પરથી ઉઠી, યુવરાજ આદિ સામંતમંડળને તૈયાર થવાની આજ્ઞા ફરમાવે છેઃ—

શ્વેત છત્ર, બન્ને બાજુ ઉજ્જવળ ચામરો, આગળ ચંચળ ઘોડાઓની કતાર, પાછળ અનેક સામંત-વર્ગથી પરિવરેલા, મધ્ય ભાગે ઐરાવણ જેવા શણગારેલા હાથી પર બેઠેલા રાજાને જોઇ મહેન્દ્રની શોભા પણ શરમાવા લાગી.

મહામૂલ્ની મનોહર વિભૂષાથી વિભૂષિત બનેલો નૃપતિ, કુસુમાવતંસ ઉદ્યાનમાં આવતાં હાથી ઉપરથી ઉતરી રાજચિન્હો ત્યજી સૂરિજીને ભક્તિભર્યા હૈયે વિધિ પૂર્વક વન્દન કરી, ઉપદેશ અમૃતનું પાન કરવા માટે યોગ્ય સ્થાને બેસે છે. ગુણંધરસૂરિજી ધીર-ગંભીર સ્વરે દેશના-અમૃત વર્ષાવવાનો આરંભ કરે છેઃ—

"હે નરનાથ! આ અસાર સંસારમાં સાર-ભૂત હોય, તો તે કેવળ મનુષ્યપણું જ છે. મનુષ્યપણામાં પણ નમ્યા છે પ્રધાન સેવકો જેને એવું ભૂપાલપણું તો અતીવ સારભૂત છે. તે ભૂપાલપણું ધર્મના પ્રતાપે જ પ્રાપ્ત થાય છે. તે મહામૂલો ધર્મ સમ્યક્ત્વમૂલક છે અને તે સમ્યક્ત્વ રત્ન, દેવ-ગુરૂ અને તત્વના સુનિશ્ચિ તપણાથી પ્રગટ થાય છે!

દેવનું સ્વરૂપ શું?—દેવ તેજ હોઇ શકે કે, જેનામાં આ અઢાર દોષનો સંપૂર્ણ અભાવજ હોય—૧ ક્રોધ, ૨ માન, ૩ માયા, ૪ લોભ, ૫ રતિ, ૬ અરતિ, ૭ હાસ્ય, ૮ ભય, ૯ શોક, ૧૦ દુગંચ્છા ૧૧ ચિંતા, ૧૨ વિશાદ, ૧૩ અજ્ઞાન, ૧૪ મિથ્યાત્વ, ૧૫ પ્રમાદ, ૧૬ સ્નેહ, ૧૭ કામ અને નિન્દા-આદિ દોષ રહિત એવા શુદ્ધ-દેવ, આ સંસાર-સાગ-રમાં નૌકાની જેમ પોતે તરે છે અને ભવ્યા-ત્માઓને તારે છે!

આવા કરૂણાના સાગર અને નિરંજન જિનેશ્વરને મૂકો, અન્ય દેવોમાં દેવબુદ્ધિ, શાણા માણસો, સ્વપ્નમાં પણ સ્વીકારતા નથી!

કારણ કે:—સ્નેહ આદિ દોષો, પશુઓ અને દેવોમાં પણ જો વિદ્યમાન હોય, તો પછી પશુ અને દેવમાં ફરક શું? આજ કારણે પુણ્યવાન આત્માઓને, સારી રીતે પરીક્ષા કરાએલા, અનુપમ, પરમ પવિત્ર અને ગુણના ભંડાર એવા શુદ્ધ દેવને વિષેજ, દેવબુદ્ધિ ઉત્પન્ન થાય છે!

પ્રશ્ન—"આવું અનુપમ અને નિર્મળ દેવત્વ તો વિદિત થયું; પણ સુગુરૂનું સ્વરૂપ શું?—" પાંચ મહાવ્રતના ધારક ને રાત્રિ ભોજનના ત્યાગી, છકાયની સંપૂર્ણ રક્ષા કરનાર, સમિતિ-ગુપ્તિના ઉપયોગમાં તત્પર, પરોપકારપ્રધાન, યથાશક્તિ સદા સંયમમાં પ્રયત્નશીલ, સમર્થ ને અસમર્થ શિષ્યોને કંટાળા વગર પાલણહાર, કદાગ્રહથી મુક્ત, સ્વ-પરશાસ્ત્રના જ્ઞાનથી યુક્ત, દેશ કાળને અનુરૂપ ઉત્સર્ગ અને અપવાદથી વ્યવહાર ચલાવનારા, પ્રતિલેખન-પ્રમાર્જન-વિનય-વૈયાવચ્ચ પ્રમુખ સમાચારિમાં સદા કટિબદ્ધ, આવશ્યક-ક્રિયામાં રકત અને પ્રમાદથી વિરકત, જેવું હૈયું તેવુંજ વયણ અને જેવું વયણ તેવીજ છે સઘળી પ્રવૃત્તિ જેની એવા અને માયા અને અભિમાનથી વર્જિત છે કાયા જેની એવા સાધુ તેજ સાચા ગુરૂ છે!

આચાર્યશ્રીના મુખકમલથી નિર્ઝરતા ઉપદેશ-અમૃતનું પાન કરી, પ્રવિણ એવો આસન્નઉપકાર શ્રાવક આચાર્ય મહારાજને સવિનય પ્રશ્ન પૂછે છે:—

"હે ભગવાન્! આપે વર્ણવેલા ગુણોવાળા સાધુઓ વર્તમાનમાં વિદ્યમાન નથી, તો હમારે કોને ગુરૂ માનવા? કારણ કે—સાધુઓ આહાર-પાણીની ગવેષણા બરાબર કરતા નથી. શકય હોય તેટલી વિધિ પણ કરતા નથી. પાસત્થા અને કુશીલાદિકની સાથે સંભાષણ કરવાનું ને વન્દનાદિ કરવાનું ત્યજતા નથી. વિશુદ્ધ પ્રરૂપણા કરતા નથી."

પ્રમાણોપેત ઉપકરણ રાખતા નથી અર્થાત્ પ્રમાણથી અધિકાધિક ઉપકરણ રાખે છે. થોડી થોડી માંદગીમાં પણ જેમ તેમ અપવાદ સેવે છે આમ અઢાર હજાર શીલાંગને ધારણ કર્યા વગરનાને શી રીતે સાધુ કહી શકાય? આ ગુણોનો સદ્ભાવ જો ગુરૂઓમાં ન હોય, તો તેમને વન્દન કરવું, એ યોગ્ય કેમ કહી શકાય?

મધુર સ્મિત કરી, આચાર્ય મહારાજ સુમુંદર પ્રત્યુત્તર આપે છે:—

હે મહાનુભાવ! વર્તમાન કાળમાં ઉપર વર્ણવેલા ગુણો સાધુઓમાં ન હોવા માત્રથી, સાધુઓનો અભાવ કલ્પીશ નહિ. સાધુઓના અભાવમાં ધર્મનો પણ અભાવ માનવો પડશે! આજના આ વિષમ યુગમાં મિથ્યાત્વનું સામ્રાજ્ય પ્રબળ રીતે પ્રવર્તી રહ્યું છે. સાચા દેવનું તો નામ પણ જણાતું નથી; કાળને યોગ્ય સુમુનિનો વિરહ અને માર્ગના યથાર્થ જ્ઞાનનો વિરહ તો નથી ને?

"આહાર-પાણીની ગવેષણા બરાબર સાધુઓ કરતા નથી." એમ જે તમારૂં કહેવું છે; તે અયુક્ત છે, કારણ કે, ઘણા મુનિઓ પોતાની શક્તિ અનુસાર, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવને આશ્રિને તેની પ્રવૃત્તિ કરે છે, તે પ્રત્યક્ષ દેખાય છે; વળી આસક્તિ અને શઠતાનો અભાવ હોય અને શુદ્ધ ગોચરીની ગવેષણા કરતો એવો સાધુ, જો આધાકર્મી વાપરે તો પણ તે શુદ્ધજ છે. કારણ કે:-તે અનાસક્તિ યોગવાળો હોવાથી

અને કુટિલતાના વિરહવાળો હોવાથી શુદ્ધ આહારની શોધખોળ કરે છે; પણ તે ન મળવાથી દર્શન, જ્ઞાન, અને ચારિત્રની આરાધનામાં બાધા ન આવે, માટે, તે કદાચ આધાકર્મી ગ્રહણ કરે છે, તો પણ તે શુદ્ધ છે અર્થાત્ આસધક છે.

આસધર અંજલિ જોડી પ્રશ્ન કરે છેઃ—"આસકિત નથી એ કેમ મનાય?"

આચાર્યશ્રી પ્રત્યુત્તર આપે છેઃ—"ધામ, ધરા, ધન અને સ્ત્રી પુત્રાદિના ત્યાગી હોવાથી તેમને આશકિત ન હોય, તે સહજ મનાય."

પ્રશ્ન— "પહેલાં ધામ, ધરા, ધન અને સ્ત્રી પુત્રાદિક હતાંજ નહિ, તો ત્યાગ શાનો? કારણ કે, વિદ્યમાન વસ્તુનો ત્યાગ થાય છે, અવિદ્યમાનનો ત્યાગ વળી શી રીતે સંભવી શકે?"

ઉત્તરઃ—"ભવિષ્યમાં મને મળે, એવી પ્રાપ્તિની ઇચ્છાનો ત્યાગ, એ પણ અહિં ત્યાગજ છે."

પ્રશ્નઃ—"ધામ, ધરા, ધન અને યૌવનાનો અભાવ હોવાથી, ઇચ્છાનો ત્યાગ કરવો સાહજિક રીતે સહેલો છે."

ઉત્તરઃ—"ઠીક, જો એમજ હોય, તો તમારી પાસે ગરીબોના દારિદ્રને ચૂરે તેટલી અઢળક સંપતિ નથી, છતાં પણ તમે ઇચ્છાનો ત્યાગ કેમ કરતા નથી? આનો અર્થ એજ કે આજે તમારી પાસે સંપત્તિ નથી. પણ ભવિષ્યમાં મેળવવાની ઇચ્છા તો છેજ."

પહેલી શંકાનું સમાધાન થતાં આસધરે બીજો પ્રશ્ન કર્યોઃ—"શકય ક્રિયા કરતા નથી તેનું શું?"

ઉત્તરઃ—તમે સમજ્યા નહિ. શું પ્રતિક્રમણ આદિ ક્રિયા નથી કરતા? સમાચારિ આચરતા નથી? કરેજ છે. જો કરે છે, તો તેમાં ક્રિયાનો સમાવેશ થઇજ ગયો."

પ્રશ્ન—"વિગયનો ત્યાગ, કૂરસદના સમયે કાઉસગ્ગ, નવ કલ્પિ વિહાર આદિ શકય હોવા છતાં કરતા નથી તેનું કેમ?

ઉત્તરઃ—"અરે! આશ્ચર્યની વાત છે કે તે સાધુને શકય છે કે અશકય, એ તમે કઇ રીતે સમજી શકો?"

શારીરિક સામર્થ્યના અભાવે અને પડતા કાળને યોગે, શકય વસ્તુ પણ અશકય બની જાય છે; માટે લાભ ને અલાભની સમીક્ષા કરી, તે પ્રસંગે તે વસ્તુઓ ન કરવામાં આવે તો પણ તે દોષ નથી."

આ બીજા પ્રશ્નનું પણ સુંદર સમાધાન થયા પછી પ્રસન્ન બનેલો આસધર ત્રીજો પ્રશ્ન કરે છેઃ—"પાસત્થા ને કુશીલઆદિની સાથે સંભાષણ કરવું ને નમન કરવું તે શું સુસાધુઓ માટે યોગ્ય છે?"

ઉત્તરઃ—"તમારૂં કહેવું બરાબર નથી. પાસત્થા આદિકને પણ અમુક મર્યાદામાં વન્દન ને નમસ્કાર આદિ કરવાનું વિધાન શાસ્ત્રોમાં જણાવેલું છે."

પ્રશ્નઃ—"અરે! સાહેબ શું બોલો છો? શાસ્ત્રમાં તો વાર્તાલાપ કરવાનો પણ નિષેધ છે, તો પછી વંદનની તો વાતજ કયાંથી સંભવે? "ओसन्नो पासत्थो" એમ અનેક પ્રકારે નિષેધ કરેલો છે."

[અપૂર્ણ.]

॥ શ્રીપઞ્ચાશકશાસ્ત્ર-સારાંશઃ ॥

આલેખનકારઃ—પૂ. પંન્યાસ-પ્રવર શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

(ગયા અંકથી ચાલુ)

આથીજ ભાવસ્તવની ભાવપૂર્વક ઉપાસના માટેજ તે શ્રમણ-ભગવન્તોએ તેનો (ભાવસ્તવનો) આશ્રય કરવો જરૂરી છે, અને તે ભાવસ્તવનો આશ્રય લેનાર આશ્રિતો સકલ કર્મમલથી રહિત થાય છે એ વાત પણ શાસનમાં સર્વદા પ્રસિદ્ધ થયેલી છે.

આ બીના આગળના બીજા પ્રકરણમાં ગ્રંથકાર સ્વયમેવ કથન કરનાર હોવાથી અહિં તે સંબંધમાં વિશેષ જણાવતાં નથી.

કૂપ-દ્રષ્ટાન્ત રહસ્ય.

જિનેશ્વરોની પૂજા માટે સ્નાન-વિલેપનાદિ ક્રિયાઓ અવશ્યમેવ પુણ્યબંધને માટે થાય છે, કારણ કે સ્નાનાદિ સદોષવાળાં હોવા છતાં પ્રશસ્તભાવથી ભાવિત થયેલા આરંભિઓને તે જિનપૂજાદિ માટેનાં સ્નાનાદિ પુણ્યબંધ રૂપ ઉપકારને માટે થાય છે. સ્નાનપૂર્વક જિનેશ્વરોનું અર્ચન કરનારાઓ શુભ ભાવને અનુભવે છે, અને તેજ શુભભાવ પુણ્યબંધમાં અમોઘકારણ-રૂપ છે. એવું જાણવું જરૂરીનું છે. આ સંબંધમાં કૂવાને ખોદવાનું દ્રષ્ટાન્ત વિચારવું જોઇએ. આરંભમાં રહેલા અધિકારિ-જીવોને સ્નાનાદિ કંઇક સદોષ હોવા છતાં, પણ વિશિષ્ટ-શુભ ભાવનો હેતુ હોવાથી ગુણ કરનારૂં છે. જે જે સ્થળે જે જે વિશિષ્ટ-શુભ ભાવ હેતુભૂત હોય છે, તે તે સ્થળે તે તે ગુણકારિ થયેલું દેખેલું છે. વિશિષ્ટ-શુભ-ભાવ હેતુ અને યતનાપૂર્વકનું સ્નાન એ બંન્ને હોવાથી ગુણ કરે છે, તેવી રીતે કૂવા ખોદવાના પક્ષમાં શુભ ભાવનું વર્ણન કરતાં જણાવે છે કે તૃષ્ણાદિ શ્રમ દૂર થાય છે. અને તેથી આનન્દાદિની પ્રાપ્તિ થાય છે. આ સંબંધમાં કૂપ ખોદવાનું દ્રષ્ટાંત અપાય છે તે વિચારીએ. જ્યારે કૂવો ખોદવાનું કામ શરૂ કરાય છે, ત્યારે કૂવો ખોદનારને થાક લાગે, તૃષા લાગે કાદવાદિ મૈલ વિગેરે કપડાંને લાગે; અને શરીરને મલ વિગેરે લાગે તેથી દોષથી દૂષિત થયેલા જલની ઉત્પત્તિ પછી તે શ્રમ-તૃષ્ણા-મેલાદિને દૂર કરે છે. એટલુંજ નહિં પણ તે કૂવાના ખોદવા પછી પાણીની પ્રાપ્તિ સ્વઉપકારને માટે અને પરોપકારને માટે થાય છે, તેવી રીતે સ્નાન વિલેપનાદિકમાં થતાં આરંભ દોષને દૂર કરીને શુભ અધ્યવસાય ઉત્પન્ન કરીને વિશિષ્ટ-અશુભ-કર્મનું નિર્જરણ કરે છે. અને પુણ્યબંધના કારણને દૃઢીભૂત કરે છે.

દ્રષ્ટાન્ત-સંબંધિ મત-નિરૂપણ.

પૂર્વે જણાવેલાં કૂપ-દ્રષ્ટાન્ત સંબંધમાં કેટલાક પૂર્વાચાર્યો માને છે કે પૂજા માટે સ્નાનાદિ કરવાના અવસરે સ્નાન કરનારને નિર્મળ જલ સરખો શુભ અધ્યવસાય હોવાથી કાદવનું લાગવું તે રૂપ પાપનો અભાવ હોવાથી આ વિષમ ઉદાહરણ છે, અને તેથી તે ઉદાહરણનું આ રીતિએ યોજન કરવામાં આવે તો સંપ્રશ્નરૂપ વિષમ ઉદાહરણનું સમાધાન થઈ શકે છે. સમાધાનરૂપ યોજન આ પ્રમાણે છે. જેવી રીતે કૂવાનું ખોદવું સ્વપરોપકારાર્થે થાય છે, તેવી રીતે સ્નાન-પૂજાદિક કરણ-અનુમોદનાદ્વારેણ અર્થાત્ પોતાને કરવારૂપે અને

પરને અનુમોદનારૂપે પુણ્યનું કારણ થાય છે. પૂર્વ જણાવેલ સમાધાનરૂપ યોજન આગમને અનુસરતું નથી, એમ જેઓ કહેતા હોય તેને સમાધાન આપતાં જણાવે છે કે-ધર્મ માટે પ્રવૃત્તિ કરવામાં આરંભજનિત અલ્પપાપનું ઇષ્ટપણું સ્વીકારેલ છે. જો એમ ન હોય તો ભગવતી સૂત્રમાં નીચેના ભાવનું જણાવેલ સૂત્રાર્થનું સંગતપણું થઇ શકે નહિ. "तहारूवं णं समणं" ઇત્યાદિ પદોથી જણાવે છે કે શાસ્ત્રમાં કથન કરેલ સ્વરૂપને અનુસરવાવાળો શ્રમણ કે જે જીવોને 'નહિં હણો નહિં હણો' એવી ઉદ્ઘોષણા કરવાવાળો છે, અને પચ્ચખાણ કરીને જેણે પાપકર્મ દૂર કર્યું છે; તેવા શ્રમણને અપ્રાસુક-સદોષિત અસણાદિ ચાર પ્રકારના આહારને વહોરાવતાં શ્રાવકને શો લાભ થાય?, આ પ્રશ્ન ભગવાન્ ગૌતમસ્વામીજી કરે છે અને ભગવાન્ મહાવીર મહારાજા ઉત્તર આપતાં જણાવે છે કે હે ગૌતમ! અલ્પ-પાપનો કર્મબંધ અને ઘણા કર્મોની તે નિર્જરા કરે છે. તેવીજ રીતે ગ્લાન-એટલે બિમાર-સાધુની સેવનામાં રહેલા મુનિને પણ પંચકલ્યાણક તપનું પ્રાયશ્ચિત્ત સ્વીકારેલું છે. પરંતુ બિમાર સાધુની સેવા કરવા માટે રહેલો મુનિ વિધિપૂર્વક સેવના કરે તો પંચકલ્યાણક પ્રાયશ્ચિત્ત આવતું નથી. તેથી આ સ્થળે વિધિપૂર્વક સ્નાન પૂજાદિક-કરણી કરવાવાળાને તત્કાલ ભોગવી શકાય તેવું પાપ બંધાય છે, અને તે કર્મ તત્કાલ ક્ષીણ થાય છે (શુભ અધ્યવસાય ચાલુ હોવાથી); પરંતુ અવિધિ સેવનથી આરંભાદિદ્વારા બંધાતા પાપકર્મને ઇષ્ટ ગણેલું નથી એ અત્ર રહસ્ય છે. ગાથા-૧૦.

વિશુદ્ધ પરિણામને ઉત્પન્ન કરનારી યતના.

યતનાપૂર્વક કરેલાં સ્નાનાદિકનું શુભ-ભાવહેતુપણું પૂર્વે જણાવ્યું હતું, અને યતનાપૂર્વક સ્નાન કરનારને સ્નાન વિષયક પ્રાપ્ત થયેલ યતનાનું અને શુભ ભાવના હેતુપણાનું સ્વરૂપ પ્રતિપાદન કરતાં જણાવે છે. સ્નાન કરવાની તે ભૂમિનું પ્રેક્ષણ કરવું અર્થાત્ પ્રાણિ-રક્ષણાર્થે જીવરહિત ભૂમિનું ચક્ષુથી નિરીક્ષણ કરીને પસંદગી કરવી. સ્નાન માટે જલને ગળણાથી ગળવું, અર્થાત્ પોરાદિ બેઇન્દ્રિય જીવોના રક્ષણ માટે ધ્યાનપૂર્વક નીરગાલન કરવું. આદિ શબ્દથી બીજાં મક્ષિકા આદિ જીવોના રક્ષણાર્થે યતનાપૂર્વક સ્નાનાદિક કાર્ય કરવું જરૂરીનું છે; કારણ કે સ્નાન-પૂજાદિક કરણીમાં યતના ગુણકારિ છે. આથી સ્વીકારેલ દેહ શુદ્ધિ માટેની ભૂમિ અને જિનેશ્વર ભગવાનની પૂજા સ્નાન વિલેપન વિગેરેમાં યતના એટલે પ્રયત્ન વિશેષે કરીને જીવોના રક્ષણ પૂર્વક સ્નાન-પૂજા વિલેપનાદિ કાર્ય કરવાથી ગુણકર થાય છે. અર્થાત્ યતના પૂર્વક કરેલાં સ્નાન-પૂજા-અભિષેક-વિલેપનાદિ કાર્યોથી વિશુદ્ધ અધ્યવસાય એટલે શુભ-અધ્યવસાય થવો એ બુદ્ધિમાનોને અનુભવ સિદ્ધજ છે. આ કથનથી યતના પૂર્વક કરાતાં પૂજા-સ્નાનાદિક શુભ ભાવનાનો હેતુ છે એવું જે 'शुभभावहेतुत्वात्' પૂર્વે જણાવેલું હતું અને શંકાકારે દૂષણ આપીને તે હેતુમાં અસિદ્ધતા પ્રતિપાદન કરી હતી, તે અત્ર સુસંગત રીતિએ શંકાનું નિરસન કરી દીધું તે લક્ષ્યમાં રાખવા જેવું છે. ગાથા ૧૧.

જિન-પૂજાની કરણીયતા.

પૂર્વે દશમી ગાથમાં 'ण्हाणाइवि जयणाए आरंभवओ गुणाय' જણાવી ગયા અર્થાત્ આરંભવાળાઓ યતના પૂર્વક સ્નાનાદિક કરણી કરે તો ગુણકરનારી થાય છે, એવું જણાવી ગયા; તે સંબંધમાં શંકા કરનાર જણાવે છે કે-આરંભ-સમરંભ-સમારંભમાં રંગાયેલો એવો અધિકારી હોવા છતાં તે અધિક પાપ કરવાના બીકણપણાથી ધર્મ માટે સ્નાન-પૂજાદિક કરણી કરતો નથી, ત્યારે તમારૂં કથન ઢીલું પડી જાય છે એમ માનતાજ નથી. આવું કથન કરનારની શંકાના સમાધાનમાં જણાવે છે કે પૂજાદિક કરણી માટે સ્વીકાર કરેલા સ્નાનાદિક સિવાયના દેહ-ઘર-કુટુંબ આદિ વિવિધ ક્રિયામાં જીવોના ઉપઘાતમાં ટેવાયેલા આરંભવાળાને ધર્મ વિષયક ક્રિયામાં જિનેશ્વર ભગવંતોના પૂજન-અર્જન નિમિત્તે થતો આરંભ છોડીએ તો તે અનારંભક છે, અર્થાત્ જીવોના ઘાતનો પરિહાર છે, એવું જે બોલનારા છે તેઓનું બોલવું તેજ અજ્ઞાન છે. અનારંભ એ વચન બોલવું તેજ અનાભોગનું કાર્ય હોવાથી અર્થાત્ અનારંભ એ વચન બોલવું તે કાર્ય છે અને અનાભોગ તે કારણ છે. અથવા અનારંભ વચન બોલવાથી અનાભોગ=અજ્ઞાન છે એમ નિશ્ચય કરાય છે. સર્વજ્ઞ કથિત શાસ્ત્રમાન્ય-જિનેશ્વર ભગવંતોની પૂજા-અર્ચનાદિમાં પ્રાપ્ત થયેલ આરંભને અકૃત્યપણે જેઓને ભાસે છે તેઓને અજ્ઞાનજ છે.

અજ્ઞાન છે એટલુંજ નહિં પણ શિષ્ટજનોના સમુદાયમાં જિનશાસનની લઘુતા અર્થાત્ અવર્ણવાદ બોલાય તેમાં તેનું બોલવું તે નિમિત્ત છે તે માટે "पूजाविधानाप्रतिपादन परं०" ઇત્યાદિ પદોથી જણાવે છે કે-પૂજાવિધાનને વ્યવસ્થાપૂર્વક પ્રતિપાદન કરવામાં અતત્પર એવું જૈન શાસન છે, અને એમ ન હોય તો શ્રાવકો સ્નાનાદિ ક્રિયા કર્યા વગર કેવી રીતે જિનેશ્વરોની પૂજા કરશે, અથવા કરે છે. આથી જિન પૂજાનું વિધાન કરનાર જૈન-શાસ્ત્રકારોએ શૌચાદિ વિધાન-કર્યું જ નથી એવી નિંદા પ્રવર્તે છે. તેવી રીતે જૈન શાસનની અવહીલના કરનારા એટલે અજ્ઞાનમૂલક બોલનારા તે જીવોને જિન ધર્મના પ્રાપ્તિરૂપ બોધિ-બીજની દુર્લભતા થાય છે. આ ઉપરથી ઉપરના બે દોષો અજ્ઞાનપણે બોલવાથી થાય છે, અથવા સંસારની પ્રાપ્તિરૂપ-અબોધિ બીજની પ્રાપ્તિ થાય છે. તેથી દ્રવ્યથી દેહની શુદ્ધિરૂપ સ્નાન કરીને અને શુદ્ધ વસ્ત્ર ધારણ કરીને જિનપૂજા કરવા લાયક છે. ગાથા ૧૨.

દ્રવ્ય શૌચપૂર્વક જિન-પૂજન.

ભાવ શૌચને નહિં સ્વીકારનારાઓને જે જે દોષો ઉત્પન્ન થાય છે, તે જણાવે છે. કારણ કે દ્રવ્ય શૌચમાં આરંભને આગળ કરીને જિનેશ્વર ભગવંતની પૂજાને અકર્તવ્ય રૂપ જણાવે છે, તેવાઓને ભાવ શૌચના અનાશ્રયપણામાં થતા દોષોને અત્ર જણાવાય છે. ગૃહસ્થાશ્રમમાં જે અવસ્થા (સાધન-સામગ્રી-સંયોગાદિ) હોય તે અવસ્થાથી અનૌચિત્યપણે વર્તવાથી આજીવિકા સાવદ્ય=પાપથી દૂષિત થયેલી હોય છે, અર્થાત્ દ્રવ્ય શૌચના અભાવની અપેક્ષાએ અતિ-અત્યંત

દોષોથી ભરપૂર હોય છે. પૂર્વે અનાભોગ= અજ્ઞાન, પ્રવચન-નિન્દાદિ દોષો દ્રવ્ય-શૌચના અભાવમાં જણાવી ગયા હતા, તેના કરતાં પ્રચૂર દોષો અશુદ્ધ આજીવિકામાં રહેલા છે, કારણ કે તે વૃત્તિમાં અન્યાયપણે પ્રવર્તવાથી રાજાનો દંડ-સજા આદિ સહન કરવા પડે તેવાં પ્રચૂર પાપો કરેલાં હોય છે. આથી આ "શુચિભૂતેન" એ દ્વારનો ઉપસંહાર કરતાં થકાં શાસ્ત્રકાર જણાવે છે કે જેથી કરીને દ્રવ્ય-શૌચના-અને ભાવ-શૌચના અભાવમાં આ દોષો ઉત્પન્ન થાય છે, તો તેથી કરીને દ્રવ્ય-ભાવ બંન્ને શૌચ કરવું જરૂરીનું છે. અને બંન્ને પ્રકારમાંથી એક પ્રકારનું દ્રવ્ય શૌચ કરીને પણ જિનેશ્વર-ભગવંતોની પૂજા કરવા લાયક છે. ગાથા ૧૩.

સુગંધિ-દ્રવ્યાદિથી પૂજન-પ્રકાર.

પૂર્વે જણાવેલા 'શુચિભૂતેન' ઇતિ દ્વારમાં કથન કરવા યોગ્ય કથન કરીને, હવે "વિશિષ્ટ-પુષ્પાદિભિઃ" એ નામથી જણાવેલ દ્વારનું બંન્ને ગાથાથી રહસ્ય અત્ર સમજાવાય છે. પૂર્વે ત્રીજી ગાથામાં 'વિશિષ્ટ પુપ્ફ ઇઅહિં" એ પદોથી તે દ્વારનું એટલે બીજા દ્વારનું નામ જણાવેલ છે. હવે તે દ્વારની શરૂઆત કરતાં ચાલુ તેરમા પદ્યમાં "ગંધવર ધૂવસત્તોસહીહિં" ઇત્યાદિ પદો જણાવે છે. જ્યારે પુષ્પાદિથી દ્વાર શરૂ થાય છે, તો પુષ્પાદિનું વર્ણન શરૂ કરવું જોઇએ, પરંતુ તે શરૂ નહિં કરતાં ધૂપ પૂજાને લાયકના દ્રવ્યોનું વર્ણન કેમ શરૂ કરો છો ?, આ શંકાના સમાધાનમાં જણાવે છે કે-'પુપ્પાદિ' એ શબ્દમાં આદિ શબ્દ પ્રકાર અર્થમાં પ્રસિદ્ધ છે, અને 'પ્રકારો હિ સાદૃશ્ય ભેદે' એ વચનથી પૂજાના દ્રવ્યોની ભિન્નતા અને સાદૃશ્યતા જણાવે છે. એટલે જિનેશ્વર ભગવંતોની પૂજા કરવા માટે પુષ્પો છે, તેવીજ રીતે ધૂપ કરવા માટેનાં દ્રવ્યો છે; અને તેથીજ આદિ શબ્દથી પ્રકારાર્થનું અવલંબન લઇને ધૂપ પૂજાના દ્રવ્યોનું વ્યાખ્યાન કરવાથી દોષ નથી.

કૃષ્ણાગરૂ વિગેરે સુગંધિ દ્રવ્યોથી, અને સર્વૌષધિઓથી ભરપૂર કે જેમાં શ્રેષ્ઠ ગંધ= સુગંધોથી વ્યાપ્ત થયેલો શ્રેષ્ઠ ધૂપ બનેલો હોય એવા ધૂપથી ભગવંતોની ધૂપે પૂજા કરવી. વિવિધ પ્રકારનાં પાણી, ઇક્ષુરસ,(શેલડીના રસ), ઘી, દુધાદિ ઉત્તમ-દ્રવ્યોથી ભગવંતોને અભિષેક કરીને, અગર કલશા સ્થાપન કરીને જલ પૂજા કરવી.

જિવાભિગમાદિ શાસ્ત્રોમાં ઇક્ષુ રસાદિનું પૂજાપણે પ્રરૂપણ નહિં કરેલું હોવાથી આદિ શબ્દથી અત્ર ઇક્ષુરસ-ઘૃત-દુગ્ધાદિ જણાવ્યાં તે ઉચીત નથી ?, આવું કથન કરનારને ઉત્તર આપતાં જણાવે છે કે-તે કહેવું યુકત નથી, કારણ કે જિવાભિગમાદિ શાસ્ત્રોમાં નહિં જણાવેલાં બલિ-દીપ ગોરોચન આદિ અહીં જણાવેલાં છે, તે તે દ્રવ્યોને પૂજામાં લેવાનું નિરૂપણ કરેલું હોવા છતાં પૂજા વિધાન સંબંધિ તેનું પણ નિષેધને યોગ્ય અવ્યાપકપણું રહેશે; આથીજ જિવાભિગમ શાસ્ત્રમાં નન્દા નામની વાવડીના જલથી સ્નાન કરવાનું કહેલ હોવાં છતાં, જંબુદ્વિપ-પ્રજ્ઞપ્તિમાં વિવિધ-પ્રકારના જલાદિ દ્રવ્યોથી સ્નાન કરવાનું જણાવેલું છે. વળી ઘૃત વિગેરેથી સ્નાન કરાવવું તે યુક્ત નથી, કારણ કે તે દ્રવ્યો સુગંધ રહિત હોવાથી; કોણે શું કહ્યું ?, અથવા કોણે શુ કીધું ?; અને શું.

(ચાલુ)

સાદર-સ્વીકાર.

ચાલુ-વર્ષમાં ભેટ મોકલનારાઓના મુબારક નામ નીચે મુજબ છે.

રૂા. ૭૧) શ્રેષ્ઠિ શાંતિલાલ ઠાકોરદાસ ઠે૦ મહીધરપુરા, સુરત.

રૂા. ૨૫) શ્રી ડસોઇ જૈન શ્વે સંઘ
(પૂ. પં. શ્રીદેવેન્દ્રસાગરજીના સદુપદેશથી.)

રૂા. ૨૫) શ્રી બારડોલી જૈન-શ્વે૦ સંઘ.
(પૂ. મુનિ શ્રીચન્દ્રકાન્તસાગરજી, તથા પૂ મુનિ શ્રીચન્દ્રપ્રભસાગરજીના સદુપદેશથી)

રૂા. ૨૫) શ્રી ઉંઝા જૈન શ્વે. સંઘ.
(પૂ. મુનિ શ્રીચન્દનસાગરજીના સદુપદેશથી)

રૂા. ૨૦) શ્રી છાપરીયાશેરીનો મોટો ઉપાશ્રય,-સુરત.
(પૂ. મુનિ શ્રીબુદ્ધિસાગરજી તથા પૂ મુનિ શ્રીપ્રબોધસાગરજીના સદુપદેશથી)

કુલ રૂ. ૧૬૬)

(પાછલા પેજ ૨ થી ચાલુ)

માલતી પુષ્પ ઉપર મોહિત થયેલો ભૃંગ=**મધુકર** બાવળના વૃક્ષ ઉપર બેસી શકતોજ નથી, **ગંગાજળ** ઝીલનારો **રાજહંસ** ખાબોચીયામાં ઝીલતોજ નથી, **જલધરના જલ** વિના **ચાતકનું બાળક** બીજા સરોવરાદિસ્થાનના જલની ચાહના કરતોજ નથી; અને કોમળ શબ્દને કરનાર **કોયલ** ફળ્યા-ફૂલ્યા **આમ્રવૃક્ષ** સિવાય અન્ય વૃક્ષો પ્રતિ મિઠાશ ભર્યા શબ્દોનો ગુંજારવ કરતીજ નથી, ગુણગણના રત્નાકરોમાં ગેલ કરનારાઓ અલ્પતરૂવૃક્ષસદૃશ-સામાન્ય ગુણવાળા પ્રતિ આદરવાળાં થતાંજ નથી. **કમલિની**નો **દિનકર** પ્રતિ, **કુમુદિ**નો **ચન્દ્ર** પ્રતિ, **ગૌરી**=પાર્વતીનો **શંકર** પ્રતિ; અને **લક્ષ્મી**નો **ગોવિંદ** પ્રતિ જે પ્રેમ છે, તેવોજ પ્રેમ મને પ્રભુશું પ્રતિ છે; તેથીજ ઉપરના અર્ધગુર્જરભાષામય પદ્યમાં ઉચ્ચારેલ છે અને ઉપરના દૃષ્ટાન્તોમાં જે અનન્યભાવ પ્રેમ પ્રદર્શિત કર્યો છે, તેવીજ રીતે **લોકોત્તર-વિશુદ્ધ-પ્રેમના અર્થિઓએ** અનન્યભાવે પ્રેમ પૂર્વક જીવન જીવીને મોક્ષમાર્ગ પ્રત્યે અવિરત કૂચ કરવી જરૂરીની છે.

મુદ્રકઃ—**મુલચંદ કસનદાસ કાપડીયા** "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશકઃ—તંત્રી-**પાનાચંદ રૂપચંદ ઝવેરી**, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઇ

સાગર-સમાધાન

સમાધાનકાર:—પૂજ્યપાદ-આગમોદ્ધારક શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી[illegible] ભદ્રાવળ.

નોંધ:—આ કૉલમમાં પ્રથમના બે પ્રશ્નો રાજપુર-ડીસા જૈન સંઘ પુછાવે છે, અને બાકીના પ્રશ્નો મદ્રાસથી શ્રાવક મૂળચંદ આશારામ પુછાવે છે, માટે તેઓને નીચેના ઉત્તરો વાંચી લેવા ભલામણ છે. [લિ. તન્ત્રી.]

પ્રશ્ન ૧—સુપનાની બોલીનું ઘી કયા ખાતે કઈ જવું ?

સમાધાન—સુપનાની બોલી ભગવાનના અંગે હોવાથી તેની બોલીનું ઘી દેવદ્રવ્યમાં લેઈ જવાય.

પ્રશ્ન ૨—વરઘોડાની બોલીના પૈસા કયા ખાતે લઈ જવા ?

સમાધાન—વરઘોડામાં સાંબેલા નીકળતાં હોય, અને તેનું ઘી બોલાતું હોય તો તે સાધારણ ખાતે લઇ જવાય; પરંતુ રથનું ઘી યાવત્ લામણ દીવા-પોંખણાં વિગેરેનું ઘી ભગવાનના અંગે હોવાથી દેવદ્રવ્યમાં લેઈ જવાય.

પ્રશ્ન ૩—ઉપધાન નહિં કરેલા માણસનાં કયાં કયાં સૂત્રો ઉપાધાન કરેલાને ન કલ્પે ?, અને તે સંબંધમાં શાસ્ત્રનો ઉલ્લેખ શો છે ?;

સમાધાન—ઉપધાન પૂર્વક આવશ્યક સૂત્રો ભણવાનો શાસ્ત્રીય નિયમજ છે, એટલે તે આચાર પ્રમાણે પ્રવર્તેલાનેજ બોલવું કલ્પે છે. ઉપધાન નહિં કરેલાનું સૂત્ર બોલવાદિ કરવા સંબંધમાં સમજવું કે આચાર રહિત જ્ઞાનવાળો જૈન શાસનમાં કામનો નથી, માટે જ્ઞાનવાળાએ આચારવાળા થવું જોઇએ.

પ્રશ્ન ૪—ઉપધાન કરેલાંના સૂત્રો અશુદ્ધ હોય તો બીજાનાં કલ્પે કે નહિં ?, અર્થાત્ ઉપધાન નહિં કરેલ બીજો બોલી શકે કે નહિં ?

સમાધાન—જેમ કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજીએ વીતરાગ સ્તોત્રમાં જેમ "વિશૃંખલાપિ વાગ્વૃત્તિઃ શ્રદ્ધાનસ્ય શોભતે" એ પદો જણાવ્યા છે. વિધિના ભાવવાળી અવિધિવાળી ક્રિયા છતાં પણ ભાવ ધર્મ તરીકે ગણાવવામાં આવી છે. માટે ઉપધાન કરવાવાળાના અશુદ્ધિવાળા ઉચ્ચારણ કરતાં ઉપધાન નહિ કરનારાઓનું શુદ્ધ ઉચ્ચારણ પણ જૈન શાસનમાં હિસાબનું નથી, અર્થાત્ કિંમત વગરનું છે. અનુયોગદ્વારસૂત્રમાં પદોચ્ચારણ-વાચના વિગેરેથી શુદ્ધ એવા પણ આવશ્યકને આચાર રહિતવાળા માટે દ્રવ્ય આવશ્યક ગણીને ઘણી ઓછી કિંમત ઠરાવેલી છે તે ભૂલવા જેવું નથી.

પ્રશ્ન ૫—ભકતામર વિગેરેની ગાથા આપવા માટે અંતરાયવાળી સ્ત્રી કેટલા દિવસ પછી યોગ્ય ગણી શકાય ?

સમાધાન – અંતરાયવાળી સ્ત્રીઓએ વહેતું ન હોય તો પણ સૂત્રાક્ષરના ઉચ્ચારણ માટે અશુદ્ધ ગણાય, અને આગળ વહેતું ન હોય તો શુદ્ધ થવાની શાસ્ત્રીય રીતિઓ છે.

પ્રશ્ન ૬—દેરાસરના બારણા સામેથી મૃતકનું શબ નીકળે તો દેરાસર બંધ કરવું કે કેમ ?

સમાધાન—સાધુઓના સ્વાધ્યાયના અધિકારમાં રસ્તામાં મડદાનાં ટોળાં પડયાં હોય તોપણ અસ્વાધ્યાયમાં ગણવામાં આવી નથી, માટે તેવી વખતે દહેરાનું બારણું બંધજ કરવું એમ કહેવાય નહિં.

પ્રશ્ન ૭—અજીતશાંતિની કેટલી ગાથાઓ સંઘ સાથે મળીને બોલી શકે ?, કે ન બોલી શકે ?;

સમાધાન—શ્રીઅજીતશાંતિની કેટલી ગાથાઓ સાથે બોલવી કે કેટલી ન બોલવી તે સંબંધિ શાસ્ત્રીય-ઉલ્લેખ નથી.

પ્રશ્ન ૮—શ્રાવકો અલગ પ્રતિક્રમણ કરતાં હોય ત્યારે વડીલ શ્રાવકને મોટા તરીકે "નમોસ્તુ વર્દ્ધમાનાય" અલગ બોલવું પડે કે સાથે સંઘ મળીને બોલેતો ચાલે ?

સમાધાન—"નમોસ્તુ વર્દ્ધમાનાય" એ સૂત્ર બધા શ્રાવકોએ સાથેજ બોલવું, કેમકે એક ગાથા આગળ પાછળ બોલવાનું તો શ્રમણ ભગવંતો માટે છે.

श्री सिद्धचक्र.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ. અને સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરવા યોગ્ય છે. —આ. બો.

ક્ષેત્ર-સ્પર્શનાની જરૂર.

આલેખનકાર:—પૂ. પંન્યાસપ્રવર-શ્રી[illegible]સાગર-ગણીન્દ્ર.

દેવ ગુરૂ-ધર્મ પ્રત્યે શ્રદ્ધા, પ્રતીતિ અને રૂચિ [illegible] ધર્મ શ્રવણમાં અહોળો સમુદાય લાભ લે, ધર્મારાધનથી વિમુખ થયેલો વર્ગ આકર્ષાય, [illegible] અને ધર્મારાધન કરે, સંઘમાં કલેશ-કંકાશ કુસંપથી વિભિન્નતાઓ થયેલ હોય તેનું [illegible] થાય તેવી પ્રેરણાઓ કરે, સાત ક્ષેત્ર પૈકી જરૂરીના ક્ષેત્રો પ્રત્યે લાભાલાભના વિચારો [illegible] અને શાસન=હિતવર્ધક તથા શાસન પ્રભાવનાના કાર્યોને કરાવે અને વેગવંતા બનાવે તેમ [illegible] હેતુથી **શ્રમણો પાસક વર્ગ સાધુ-સાધ્વીઓનાં ચાતુર્માસ કરાવે** છે તે ભુલવા જેવુંજ નથી. વિહાર કરતાં પહેલાં ક્ષેત્રની જનતાને શો લાભ આપ્યો અને વિહાર પછી તે જનતા વારસામાં પોષેલા સંસ્કારો દ્વારાએ કેટલી આત્મ હિતમાં, શાસન હિતમાં અને પરોપકાર કાર્યમાં ઉદ્યમશીલ રહેશે તે તો સમન્વય કરી દરેકે દરેક શ્રમણ વ્યક્તિ ચાતુર્માસ પછી વિહાર કરે અને વિચારે તો જરૂર વર્તમાન-ભાવિ રૂપ રેખાઓનું ચિત્ર દોરવા જરૂર પ્રયત્નશીલ થાય.

કાર્તિક-પૂર્ણિમાએ સ્થળે સ્થળે જૈન વસ્તીથી ભરપૂર ગામ-નગર-શહેરાદિમાં બિરાજમાન સાધુઓ અને સાધ્વીઓ ચાતુર્માસની પરિસમાપ્તિ કરીને વિહાર કરવાની ભાવનામાં ઉજમાળ થશે.

'અતિ પરિચયે અવજ્ઞા' એ કહેવતનું દિગ્દર્શન થતું હોય તે ક્ષેત્રોનો પરિચય ઓછો કરવાની જરૂર છે. જે ક્ષેત્રોની જૈન જનતાએ શ્રમણ ભગવંતોના દર્શન કર્યાજ નથી. સમાગમમાં આવ્યાં નથી, વન્દન વાણી શ્રવણ કરી નથી, વિનય વૈયાવચ્ચના સ્થાનાદિની ઓળખ કરી નથી, તો પછી તે જૈન જનતાના હિતને અર્થે તે દિશાઓના ખાનદેશ-વરાડ-મધ્યપ્રાંત, માળવા-મેવાડના **ક્ષેત્રોને એકવાર જરૂર સ્પર્શન કરવાની જરૂર છે.**

વી. સં. ૨૪૭૫
વિ. સં. ૨૦૦૫
વર્ષ ૧૫-અંક-૨

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખ મેમણ સ્ટ્રીટ—મુંબઇ.

વાર્ષિક લવાજમ
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના
રૂ. ૦—૪—૬

[ગાઇટલે ૪ થા પેજથી ચાલુ]

એટલે આ પદ્યમાં ૧ સમગ્ર-ઐશ્વર્ય, ૨ રૂપ, ૩ યશઃ, ૪ શ્રીઃ, ૫ ધર્મ, અને ૬ પ્રયત્ન એ છ પદાર્થ લીધેલાં છે. એટલે પ્રથમ સ્તોતવ્ય=સ્તવના કરવાને યોગ્ય અરિહંતોને 'ભગવંતાણં' પદથી સંબોધન કરવામાં આવે ત્યારે તે પદમાં રહેલ 'ભગ' શબ્દને ઉદ્દેશ તરીકે રાખીને અનુક્રમે આવતી સઘળી સંપદાઓને અર્થાત્ સંપદાસ્થિત પદોને ભગવદ્-ભક્તારૂપ-વિધેય તરીકે સુસંગત રીતિએ યુક્તિ યુક્ત ઘટાવી શકાય છે.

"આઇગરાણં, તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં" આ ત્રણ પદોથી શ્રી અરિહંત ભગવંતોનું સમગ્ર-ઐશ્વર્ય ધ્વનિત થાય છે.

"પુરિસુત્તમાણં, [illegible]ણં [illegible]રિયાણં; પુરિસવરગંધહત્થીણં" આ ચાર પદોથી શ્રી અરિહંત ભગવંતોનુ[illegible]

"લોગુત્તમાણં, લો[illegible]પઈવાણં, લોગપજ્જોઅગરાણં" આ પાંચ પદોથી શ્રી અરિહંત ભગવંતોનો [illegible]છે.

"અભયદયાણં, [illegible]ણ, સરણદયાણં; બોહિદયાણં" આ પાંચ પદોથી શ્રી અરિહંત-ભ[illegible]દમી પ્રતિપાદન કરાય છે. ૪.

"ધમ્મદયાણં, ધ[illegible]દેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં; ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણં," આ પાંચ પદોથી શ્રી અરિહંત ભગવંતોના ધર્મ ધ્વનિત થાય છે. ૫.

"અપ્પડિહયવરનાણદંસણધરાણં, વિઅટ્ટછઉમાણં, જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં; મુત્તાણં મોયગાણં" આ છ પુનીત પદો-દ્વારા શ્રી ભગવંતોનો પ્રયત્ન પ્રતિપાદન કરાય છે.

હવે ઉપર જણાવેલાં 'આઇગરાણં' એ પદથી 'મુત્તાણં મોયગાણં' સુધીના સર્વ મળીને ૨૮ પુનીતપ-દોદ્વારાએ વિભાગશઃ અનુક્રમે શ્રી અરિહંત ભગવંતોની ભગવદ્ભક્તા ૧ સમગ્ર-ઐશ્વર્ય, ૨ રૂપ, ૩ યશઃ, ૪ શ્રી-લક્ષ્મી, ૫ ધર્મ; અને ૬ પ્રયત્ન એ છ પદાર્થો ભવ્યજનોના હૃદયમાં અવશ્યમેવ ભાસમાન થાય છે. તે હવે પછી વિચારશું—

મુદ્રકઃ—મુલચંદ કસનદાસ કાપડીયા [illegible] પ્રેસ—ગાંધીચોક, સુરત.
પ્રકાશકઃ—તંત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૫.	કાર્તિક-માસ.	તંત્રીઃ
અંક-૨ જો.	તા. ૧૭-૧૧-૪૮.	પાનાચંદ રૂપચંદ ઝવેરી.

આગમોદ્ધારકની અમોઘ-દેશના.

[નોંધઃ—વિ. સં. ૧૯૯૦ ના કારતક વદ ૩ ના દિવસે દેશનાકાર-પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-આગમોદ્ધારક-શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીએ અમોઘદેશના સુરત મુકામે આપી હતી. અને તેનો સારભૂત સંચય કરનાર પૂ. પં. શ્રીહેમસાગરજી પાસેથી તે (સંચય) મેળવીને, પૂ. પંન્યાસ-પ્રવરશ્રીચન્દ્રસાગરજી-ગણિન્દ્ર પાસે પેરેગ્રાફાદિ સુધારા વધારા સાથે તૈયાર કરાવીને અત્ર અપાય છે; છતાં પૂ. દેશનાકારના આશય વિરૂદ્ધ કોઈપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની અત્ર ક્ષમા યાચીએ છીએ. લિ૦ તન્ત્રી.]

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. શાસનની દરેક પ્રવૃત્તિમાં જ્ઞાનની જરૂર છે.

૨. ક્રોડના જ્ઞાન કરતાં એકની પ્રાપ્તિ થવી એજ વિશિષ્ટતા છે.

૩ કાંટો અને કચરો દેખવા માત્રથી ખસી જતો નથી.

૪. નિષેધ-વિધાનથી ફળ-દેનાર-વિધાનની વધુ મજબુતી.

૫. સ્ત્રી શબ્દના સ્વરૂપને, અને શબ્દને જાણવા માત્રથી ફળ માનનારા જ્ઞાનવાદિઓ.

૬. જ્ઞાન માત્રથી ફળ માનનારાઓને ત્યાં બ્રહ્મચારિ કે તપસ્વી નથી.

૭. જ્ઞાન અને ફળ વચ્ચે અંતર નહિં માનનારાઓને આપત્તિ.

૮. જ્ઞાન-ક્રિયા બંન્નેનો કાર્યસિદ્ધિમાં સમાન ઉપકાર.

૯. સમાન-ઉપકારક છતાં કાર્ય-સિદ્ધિમાં સૂક્ષ્મદ્રષ્ટિએ ક્રિયાનો વધુ ઉપકાર.

૧૦. કેવળજ્ઞાન એક છતાં અનેક કેમ?

૧૧. જ્ઞાન ક્રિયાની વિદ્યમાનતામાંજ મોક્ષ થાય છે.

૧૨. વ્યવહારમાં પણ મુખ્યને પહેલું સ્થાન.

૧૩. ચારિત્ર અને જ્ઞાનમાં ચારિત્રની મુખ્યતા.

૧૪. ચાલવામાં પહેલી આંખ ખોલવી કે પગ ઉપાડવા તેનો નિર્ણય કરવોજ પડતો નથી.

૧૫. ક્ષાયોપશમિક-ભાવ વગર ક્ષાયિક ભાવની ઉત્પત્તિ નથી.

क्षायोपशमिके भावे या क्रिया क्रियते तया ।
पतितस्यापि तद्भाव प्रवृद्धिर्जायते पुनः ॥१॥

ફળ દેનારી ક્રિયા.

શાસ્ત્રકાર મહારાજા ન્યાયાચાર્ય શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે શ્રી અષ્ટકજી પ્રકરણ કરતાં થકાં આગળ જણાવી ગયા કે જગતમાં જીવન ટકાવવા માટે, જીવન નિર્વાહ કરવા માટે, અને સાધનો ઉત્પન્ન કરવા માટે જ્ઞાનની અવશ્યમેવ જરૂર મનાએલી છે. તેમ શાસન પ્રવર્તાવવા માટે ક્ષાયિક ને ક્ષાયોપશમિક જ્ઞાનની જરૂર મનાએલી છે, તેથી જ્ઞાન સર્વત્ર આદરવા લાયક વસ્તુ છે. આ વાતમાં બે મત કોઇના હોતા નથી. જેઓ ક્રિયાવાદી છે તેઓ **'क्रियैव फलदा पुसां न ज्ञानात् सुखिनो भवेत्'** એમ બોલે છે. ક્રિયા કરવાવાળાનું તત્ત્વ એ છે કે કોડના જ્ઞાન કરતાં એકની પ્રાપ્તિ એ વિશિષ્ટ છે. માટે ક્રિયાનયવાળો કહે છે કે, **"क्रियैव फलदा०"** ક્રિયા એજ ફળ દેવાવાળી છે. ભલે સો રૂપીઆનું જ્ઞાન હો, અને તેની ઇચ્છા પણ હતી, રૂપીઓ મલ્યો પણ જે રૂપિયા મેળવી ફળ લેવાનું છે તે રૂપીઓ જાણ્યો. ઇચ્છા કરી તે વખતે ફળ નહતું. ફળ તો પ્રાપ્તિ થયાથીજ છે. જ્ઞાન ફળ દેનારૂં નથી, પણ ફળ દેવાવાળી ક્રિયા છે. આંખે કાંટો દેખ્યો, પણ કાંટાની જગ્યા છોડી ન દઇએ તો પગનું વિંધાવું થાય. આપણે બચી શકીએ નહિં. જ્ઞાનથી કાંટો જાણ્યા પછી કાંટાથી બચીએ, તો કાંટાની વેદનાથી બચી શકીએ. જે ફળ જે વખતે મેળવવાનું છે તે કયું ફળ ?, વેદનાથી બચવું તે ફળ આંખે દીધું નથી. આંખે કાંટો દેખાડયો, પણ દેખાડયા છતાં, ઉતાવળા ઉતાવળા ચાલતા હોઇએ; તો કાંટો દેખીએ અને કાંટા ઉપર પગ આવી જાય તો જ્ઞાન હતું, પણ વેદના આવીજ પડે. તેમાં વેદનાથી બચ્યા નહિં. ક્રિયા ન થઈ માટે જ્ઞાન ફળ દેવામાં ઉપયોગી ભલે હોય, પણ ખરેખર ફળ દેનારી ચીજ ક્રિયા છે.

સ્વતંત્ર-ફલદાયક-જ્ઞાન નથી.

ક્રિયાનું કારણ જ્ઞાન માનો તેમાં અમને અડચણ નથી **"विज्ञप्तिः फलदा पुंसां न क्रिया फलदा मता"** જ્ઞાન ફળ દેનારૂં છે એ અમને મંજુર છે, અને અજ્ઞાનથી પ્રવર્તનારને ફળ મળતું દેખાતું નથી. તે તો અમે પણ કબુલ રાખીએ છીએ. અજ્ઞાનની પ્રવર્તિ તે સમ્યગ્ પ્રવર્તિ નથી. સમ્યગ્ પ્રવર્તિમાં સાધન તરીકે ભલે જ્ઞાન હોય, પરંતુ કાંટાથી પગ છેટો મેલ્યો તે ભલે જ્ઞાનથી બને પણ પગને જાળવવો તેજ ક્રિયા ફળ દેનારી થાય. જ્ઞાન સાધન બનો તેમાં અમને અડચણ નથી, પણ ફળ દેનારી ક્રિયા છે, પરંતુ જ્ઞાન નહિં. કાંટાની પીડાથી બચવું તેમાં પગની પ્રવૃત્તિજ કારણ છે. મનુષ્ય માત્રને ક્રિયા એજ ફળ દેનારી છે. સાધ્યના સાધનનું સાધન સ્વતંત્ર કારણ નથી. કુંભારના બાપને ઘડાને અંગે કારણ કહેશો, પણ કુંભારના બાપ કે દાદા કે પરદાદાને ઘડાને અંગે કારણ ગણી શકીએ નહિં. કુંભારનું કારણ કુંભારનો બાપ ભલે હોય તેને અત્યારે બનતા ઘડાને અંગે કંઈપણ સંબંધ નથી. અત્યારે સંબંધ ચાલુ કુંભારનો સંબંધ છે. તેમ ફળ દેવામાં કુંભારની માફક ક્રિયાજ કારણ છે. ક્રિયાના સમ્યગ્પણામાં જ્ઞાન કારણ હો તેમાં અમને અડચણ નથી. **क्रियैव फलदा** ફળ દેવાવાળી ક્રિયાજ છે. **'न ज्ञानं फलदं मतं'** જ્ઞાન ઉપયોગી છે, તે ક્રિયાને અંગે સાધન છે; પણ સ્વતંત્ર ફળ દેવાની તાકાત જ્ઞાનમાં નથી.

જ્ઞાનવાદિઓને ઘેર બ્રહ્મચારી કે તપસ્વી નથી.

આંખે દેખેલો કચરો દેખવા માત્રથી ઉડી જતો નથી. આંખે દેખેલો કાંટો દેખવા માત્રથી ખસી જતો નથી. કાંટો અગર કચરો દેખવા માત્રથી ખસી જતા નથી, પરંતુ દેખ્યા પછી કચરો વાળવાની કે કાંટો વર્જવાની ક્રિયા કરે તોજ ફળ દેનાર છે. નિષેધ વિધાન કયા રૂપે કરે છે ?, ફળ દેનાર પણ વિધાન કરે છે. ફલોપયોગી ભલે જ્ઞાન હોય, પણ ફળ દેવાની તાકાત ક્રિયામાં છે. જે કોઈપણ જગતનો જીવ જ્ઞાન ફળ દેનાર કહે તો તે માટે કહે છે કે સ્ત્રી શબ્દના જ્ઞાનવાલા જેટલા હોય તે બધાને અબ્રહ્મચારી ગણવા, અને સ્ત્રી સ્વરૂપના જ્ઞાનવાળાને પણ અબ્રહ્મચારી ગણવા.

સ્ત્રીના જ્ઞાન માત્રથી જે તમે ફળ માની લ્યો તો અબ્રહ્મચારી જે મુદ્દાથી પ્રવર્તે છે તે મુદ્દો સ્ત્રીના જ્ઞાનવાળાના ગળે તમારે ઓઢાડવો પડે. ભક્ષ્ય ખોરાકનું જેટલાને જ્ઞાન તે બધા અવિરતિ. તપસ્યા વગરના જ્ઞાનને અને ફળની વચ્ચે તમારે દ્વાર માનવું નથી આ બધું જ્ઞાનવાદી બોલે છે. જે જ્ઞાન થયું તે જ્ઞાન સીધું ફળ દેનારૂં હોય તે નક્કી કરો તો જ્યાં જ્યાં સ્ત્રીનું, અને ભોજનનું જ્ઞાન ત્યાં ત્યાં સ્ત્રીનું અને ભોજનનું ફળ તમારે માનવું પડશે, અને તેથી જગતમાં કોઈ બ્રહ્મચારી કે તપસ્વી નહિં.

જ્ઞાનથી મોક્ષ માનનારાઓ.

આગલ ચાલો, તેના ઉપભોગનું જ્ઞાન તે પણ **"न ज्ञानात् सुखिनो भवेत्"** જ્ઞાન માત્રથી તે સુખી થતો નથી. આથીજ સિદ્ધાંત કેટલો કર્યો ?, ક્રિયા એ ફળ દેનારી ચીજ છે, અને જ્ઞાનફળ દેનારી ચીજ નથી. આમ કહી શાસ્ત્રની વાતમાં આવે છે, અને કહે છે કે શાસ્ત્રકારે ક્રિયાને અગ્રપદે મેળેલી છે. હવે સાંખ્યનો સિદ્ધાંત એ છે કે—

' पंचविंशति तत्त्वज्ञो जटिलोऽपि यदि भवेत् ।
तदाऽपि कर्मसंमारात् मुच्यते नाऽत्रसंशयः ॥१॥"

પચીસ તત્ત્વને જાણે પછી તે જટા રાખે, ચાહે તે હોય તો પણ તે મોક્ષ પામી જાય. નૈયાયિક વૈશેષિક ૨૧ તત્ત્વના જ્ઞાનથી મોક્ષ પામે છે તેમ માને છે. વૈધર્મ્ય જાણવાથી મોક્ષ પ્રાપ્તિ થાય છે. બીજા દર્શનકારો જ્ઞાનથી મોક્ષ માનનારા છે. સાધર્મ્ય અને વૈધર્મ્ય જાણવાથી મોક્ષ માન્યો. વેદાંતિઓ માને છે કે આત્માનું શ્રવણ મનન અને નિદિધ્યાસન થાય તો પણ સ્વરૂપ જાણ્યો એટલે મોક્ષ થાય એમ માને છે. એ સર્વે જ્ઞાનથી મોક્ષ માનનારા છે તે અપેક્ષાએ જણાવ્યું હતું કે **ज्ञानाग्निः** એજ સર્વ કર્મને બાળી નાંખે છે, તે પણ જ્ઞાનવાદીનું કહેવું છે. સાંખ્યો પુરૂષને પ્રકૃતિનું અંતર–જ્ઞાન થાય એટલે મોક્ષ કહે છે, એમ સર્વ દર્શનનો મત કહ્યો.

જ્ઞાન અને ક્રિયાનું સમાનપણું.

જૈન શાસ્ત્રકાર પૂર્વોક્ત–મોક્ષ જ્ઞાનથી માનતા નથી. સ્થૂળ દ્રષ્ટિએ **'ज्ञानक्रियाभ्याम् मोक्षः'** જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ. કરણથી કરેલી તૃતીયા બન્નેનું પ્રકૃષ્ટપણું જણાવે છે. ક્રિયા સિદ્ધિમાં તીવ્ર ઉપગાર કરે તે કરણ છે. હેતુમાં તૃતીયા નથી, પરંતુ કરણમાં તૃતીયા કહી છે, એટલે જ્ઞાન અને ક્રિયા સ્થૂળ દ્રષ્ટિથી વિચારીએ તો મોક્ષને અંગે જેટલું ઉપકારક જ્ઞાન ગણ્યું તેટલીજ ઉપકાર કરનારી ક્રિયા ગણી છે; નહિંતર કરણમાં તૃતીયા કરવાનો વખત નહતો. **'क्रियासिद्धौ प्रकृष्टोपकारकं करणं'** ક્રિયા સિદ્ધ કરવામાં તીવ્ર ઉપગાર કરે તે કરણ, માટે જેવું જ્ઞાન કરણ તેવીજ ક્રિયા પણ કરણ છે; માટે બન્ને એક સરખાજ ઉપગારી છે. હવે સવાલ એ રહે છે કે જો **'ज्ञान-क्रियाभ्यां मोक्षः'** આ વ્યાપક સૂત્ર છે. કરણમાં તૃતીયા કરી એટલે બન્નેનું સમાનપણું જણાવ્યું છે, છતાં સ્થૂલ દ્રષ્ટિ.

ઘેલીના પહેરણાં જેવું.

હવે સ્થૂળ દ્રષ્ટિ કેમ કહો છો ? એટલાજ માટે કહીએ છીએ કે જ્ઞાન સંપૂર્ણ છતાં મોક્ષની પ્રાપ્તિ નથી. જે કારણ સંપૂર્ણ હોય અને મોક્ષની પ્રાપ્તિ ન થાય; જે કારણ અધુરૂં હોય ત્યાં મોક્ષની પ્રાપ્તિ ન થાય તો જેની સંપૂર્ણતાએ મોક્ષની પ્રાપ્તિ હોય તેજ ખરૂં કારણ ગણવું જોઈએ. અવિકલ કારણ કાર્ય કર્યા વગર રહે નહિં. જ્ઞાનને અંગે કેવળજ્ઞાન એ તમે એવી ચીજ માની છે કે અવિકલ એવા કેવળજ્ઞાનમાં ભેદો નથી માન્યા. સયોગીનું કેવળ જ્ઞાન જુદું, અયોગીનું કેવળ જ્ઞાન જુદું; અને સિદ્ધ દશાનું જુદું એમ કેવળ જ્ઞાનના ભેદ જુદા માન્યા નથી. તો કહો કે કેવળ જ્ઞાન થાય ત્યારે તે સંપૂર્ણજ થાય. તેરમા ગુણઠાણાની શરૂઆતમાં કેવળજ્ઞાન થાય તે સંપૂર્ણ, અને કેવળજ્ઞાન સંપૂર્ણ ન માનો તો બીજા ભેદ માનવા પડે. તો કેવળજ્ઞાનના બીજા ભેદ માન્યા નથી કદાચ કહેશો કે નંદીમાં ભેદ માન્યા છે, કર્મગ્રંથમાં બચ્ચાંને સમજાવવા માટે એકજ જણાવ્યું છે. નંદી પન્નવણામાં સયોગી, અચરમ પ્રથમ સમય કેવળજ્ઞાન વિગેરે અનંતર પરંપર સિદ્ધ કેવળજ્ઞાન વિગેરે અનેક ભેદો જણાવ્યા છે. સામાન્ય બાળક ન સમજે માટે **केवलमेगविहाणं** જણાવ્યું છે, છતાં ચમકશે નહિં. આમ

કહેનારને શાસ્ત્રકાર પુછે છે કે એ ભેદો કેવળજ્ઞાનના તમે લેશો તો 'ઘેલીનાં પહેરણા જેવી' તમારી સ્થિતિ છે.

કેવળજ્ઞાન થયા છતાં મોક્ષ નહિં.

પહેલો ભેદ પ્રથમ સમયે કેવળજ્ઞાન, સંયોગીનું ગુણઠાણું આવે તે વખતનું કેવળજ્ઞાન, પછી અચરમ સમયનું કેવળજ્ઞાન, અયોગી ગુણઠાણું આવે તે વખતનું કેવળજ્ઞાન, પછી અચરમ સમયનું કેવળજ્ઞાન. શું પ્રથમ સમયમાં કચાશ રાખી બાકીના સમયમાં કચાશ પુરી કરી તારૂં એમ કહેવુ છે? અયોગીના પહેલા સમયનું અચરમ સમયનું કેવળજ્ઞાન પ્રથમ અને અપ્રથમ ચરમ અને અચરમ તરીકે વિભાગ પાડયા તેથી સ્વરૂપથી ભેદો પાડયાજ નથી. આ બીજા કારણથી કેવળજ્ઞાનના ભેદો પાડયા છે. અયોગીને કેવળજ્ઞાનની શરૂઆત વખત અમુક પ્રકૃતિઓ ઉદયમાં હોય છે, અને છેલ્લે પ્રકૃતિનો ઉદય હોતો નથી. બાકી સ્વરૂપે કેવળજ્ઞાનમાં ભેદ નથી તેરમા ગુણઠાણાની શરૂઆતમાં જેવું કેવળ, તેવું કેવળજ્ઞાન તેરમાના છેડે, ચૌદમા ગુણઠાણાની શરૂઆતમાં; ને છેડે પણ તેવુંજ કેવળજ્ઞાન છે; તેથી તેરમાની શરૂઆતમાં થએલું સંપૂર્ણ છે. તેમાં ન્યૂનતા નથી તો સંપૂર્ણ કારણ તેરમાની શરૂઆતમાં થઈ ગયું. જ્યારે સંપૂર્ણ તેરમાની શરૂઆતમાં જ્ઞાન માન્યું, તો પછી મોક્ષ તે વખતે કેમ નથી? શ્રી હરિભદ્રસૂરિ પૂર્વ પક્ષની રીતિએ જણાવે છે કે કેવળના સમયેજ મોક્ષનો સમય માનનારા તેજ વખતે મોક્ષ માનો તો જ્ઞાન સંપૂર્ણ કાર્ય છે પણ તે તો તમે માનતા નથી. તમે કેવળજ્ઞાન થયા પછી ધર્મને દેવાવાળા દેશકો નાયકો માનનારા છો કહો કે સંપૂર્ણ જ્ઞાન થયા પછી મોક્ષ લક્ષણ કાર્ય સંપૂર્ણ થયું નહિ.

જ્ઞાન અને ક્રિયાની વિદ્યમાનતામાં મોક્ષ.

મોક્ષ એ કેવળજ્ઞાનથીજ થવાવાળું હોય તો તેરમાની શરૂઆતમાં મોક્ષ થવોજ જોઈએ. એક દિવસ મહિનો વરસાદિ આંતરામાં જન્મ એટલે કારણ કાર્ય માનવા દુનિયા તૈયાર નથી. સાસુ મરી ગઇ પહોર (ગયા વર્ષમાં), અને ઓણ આંસુ આવે તો વહુને ભૂખી ગણે. એને લીધે એટલે સાસુના મરણને અંગે આંસુ હોય તો એક વરસ જાય નહિં. તમે દેશોન ક્રોડ પૂર્વ વરસે આંતરો મનાવો છો તો કેવળ થયા પછી સંસારમાં એટલે ચારિત્રપૂર્વક ભવમાં કેટલું રહે?, તો કહો છો કે દેશોન ક્રોડ પૂરવ. તો પહેલાં થએલું કેવળજ્ઞાન તે મોક્ષને અંગે કારણ છે, તે સમજાવો છો તે શી રીતે માનવું? દેશોન-ક્રોડ પૂરવા થયા પછી મોક્ષને અંગે કારણ છે તે શી રીતે માનવું? તે મનાવો તો ઘડા પ્રત્યે કુંભારનો બાપ અને દાદો કે પરદાદાને કારણ માનવામાં અડચણ શી? પણ તે તો કારણ માનતા નથી. જ્યારે કુંભારના દાદાને પરદાદાને ચાલુ થતા ઘડાને અંગે કારણ માનતા નથી, તો પછી દેશોનક્રોડ-પૂર્વે તે થએલા મોક્ષનું કારણ તરીકે કેવળજ્ઞાન શી રીતે માનો છો? ઘડો થયો તે વખતે કુંભારનો બાપ ન હોય તો કુંભાર ઘડો કરી શકે છે. કુંભારનો દાદો કે પરદાદો ન હોય તો પણ કુંભાર-ઘડો કરી શકે છે. તેથી તેના બાપ કે દાદા કે પરદાદાને કારણ ન માનીએ. કેવળજ્ઞાન વગરનો જીવ કોઈ ક્રિયાએ મોક્ષ પામ્યો નથી, પામતો નથી; ને પામશે નહિં એ વાત સાચી છે. કુંભારનાં એકનુંજ પ્રવર્તન છે. તેમ મોક્ષ વખતે કેવળજ્ઞાન ન હોય તો તે ક્રિયા માત્રથી મોક્ષ થઈ જાય તેમ માનેલું નથી. તેથી મોક્ષ વખતે કેવળ જ્ઞાન હૈયાત છે. એ કારણ તરીકે છે, અને વ્યાપારવાળું પણ છે. આત્માને ચૌદમે ગુણ ઠાણે ખપાવવાનાં સર્વ-કર્મોની શ્રેણિ કરવી, તેને જાણવા; અને તેને ગોઠવવા તે કેવળજ્ઞાન દ્વારાએજ બને છે. કેવળજ્ઞાન ન હોય તેને કર્મની શ્રેણિ ગોઠવવી, તે કર્મને સરખા કરવા અને વધે તો સરખા ગોઠવવા આ બધી તાકાત કેવળજ્ઞાન વગર હોતી નથી. શ્રેણિ ગોઠવવી, આવર્જીકરણ કરવું, તેથી વધે તો સમુદ્‌ઘાતે તોડવા તે બધી તાકાત કેવળ-જ્ઞાનની છે. અર્થાત કેવળ પણ મોક્ષ વખતે આવર્જીકરણ શ્રેણિ રચવામાં કારણ તરીકે છે. આથીજ જ્ઞાન અને ક્રિયા બન્નેથી મોક્ષ માનેલો છે.

ચરણ-ધર્મની મુખ્યતા.

આટલું છતાં શાસ્ત્રકારની અભિરૂચિ ક્રિયા તરફ વધારે રહી છે. શાથી ?, નિર્યુક્તિકારોએ અને સૂત્રકારોએ જ્યાં જ્યાં સાધુધર્મનું નિરૂપણ કર્યું ત્યાં ત્યાં કહ્યું કે— **"चरण गुणट्ठिओ साहू"** ચરણ એટલે ચારિત્ર અને ગુણ એટલે જ્ઞાન તે બન્નેમાં રહેલો હોય તે સાધુ. ચરણ અને જ્ઞાન એમાં રહેલો હોય તે સાધુ આમાં તો બન્ને વાત સરખી લીધી છે, છતાં ઉંડા ઉતરી સમજવાની જરૂર છે. રૂપીઓ પૈસો કે પૈસો રૂપીઓ મોટો ?, રૂપીઓ મોટો તેથી રૂપીઓ પહેલો બોલો. બાપદીકરો આવ્યો કહો કે દીકરોબાપ આવ્યા એમ કહો છો ? બાપ મુખ્ય તેમ રૂપીઓ મુખ્ય છે માટે રૂપીઓ પૈસો, મા દીકરી શા માટે બોલો છો ? મુખ્ય વસ્તુ પહેલાં બોલાય છે. વિચારજો બન્ને સાથે બોલવામાં મુખ્યને પહેલો લેવો પડે છે. પ્રથમ તો વ્યાકરણના નિયમ પ્રમાણે ગુણને પહેલો કહેવો જોઇએ. થોડા સ્વરવાળાને પહેલો બોલાય, અને ચરણમાં ત્રણ સ્વર ને ગુણમાં બે સ્વર એ વ્યાકરણના નિયમને બાધ કરીને ચરણ ગુણ એમ કેમ કહ્યું. એમાંજ જોડે નિયમ છે. ઊંચા નંબરનું હોય તો ઘણા સ્વરવાળું છતાં પ્રથમ બોલાય તેથી તત્ત્વાર્થમાં **"प्रमाणनयैः"** કહ્યું. કારણનય કરતાં પ્રમાણની અધિકતા છે. આથી ચરણની મુખ્યતા છે. આથી જૈન શાસ્ત્ર જ્ઞાન અને ક્રિયા બન્નેને મોક્ષના સાધન તરીકે માને છે, પણ મુખ્યતા ક્રિયાપર રાખે છે.

ક્ષાયોપશમિક ભાવ વગર ક્ષાયિક નથી.

જીવનના ટકાવ નિર્વાહ માટે જ્ઞાન ઉપયોગી છે. તીર્થની સ્થાપના માટે, પ્રવૃતિ માટે, જ્ઞાન ઉપયોગી કહી જ્ઞાનનું શિખર ચઢાવ્યું તેનું કારણ શું ?, તો સમજવું કે ચાલવા પહેલાં આંખ બોલે કે પગ ઉપાડે ? પહેલાં આંખે જુએ **दृष्टिपूतं न्यसेत्पादं** આથી પગે ચાલ્યા વગર ગામ ન પહોંચાય. આથી ક્રિયાની ઉપયોગિતા નથી તેમ નથી, પણ ફળ દેનાર તરીકે ઉપયોગી ક્રિયા છે. ક્રિયાની જરૂરીયાત ફળ દેવાપણું બધું જણાવ્યું પણ સવાલ એકજ છે. "જેહ સુખમેં ફિર દુખવસે વહ સુખ દુઃખ રૂપ." જે સુખ આવ્યા પછી પાછું દુઃખ આવે તો તે સુખ દુઃખરૂપ થવાનું. જ્ઞાન એ દોષની નિવૃત્તિ સાક્ષાત્ કરનાર નથી. આપણે મૂળ વાતમાં આવીએ કે—જે ક્રિયા તે સિદ્ધિ ફળ દેનારી. ફળ દેવાવાળી તો ક્રિયા નક્કી કરી તો વાંધો આવ્યો કે-જિસ સુખસે ફીર દુઃખ હુવે વો સુખ્ભ દુઃખરૂપ છે. શેકયા પછી લાગવાવાળો પવન તે શેકવાની ગરમીને મારનારો થાય માટે ક્રિયા કરીએ તો એવી ક્રિયા કરીએ કે જેથી સીધો મોક્ષ થાય. ક્રિયા એવી અમારે નથી કરવી કે જે ક્રિયાથી પાછા પડીએ. એક કરોડ રૂપીઆ તમને બંધણી સાથે આપે કે એક કલાક તમારા તો તેમાં બેંક સાચવણી માગે. જે વસ્તુ આવી ચાલી જાય તેવી વસ્તુ ન આવે તે બહેતર છે, અમારે ક્રિયા એવી કરવી કે જેમાંથી પાછું ખસવાનું હોય નહિં આથી ચરમભવનો નિર્ણય થાય, ત્યારેજ વાસ્તવિક અમારે ક્રિયા કરવાની અવશ્યમેવ જરૂર છે, પરંતુ અગીઆરમાં સુધી ગયા પછી પડી ચોથે આવી દેવતામાં જવું-મોક્ષના કારણ તરીકે ક્રિયા કબુલ પણ ક્ષાયિકભાવની ક્રિયા જોઇએ. લાખ દેવાનાં લખી આપું પણ એકડો કાઢી લઉં પછી કેટલા દેવાના ? ક્રિયા તેજ કરવી કે જેથી ફેર પડવાનું ન હોય તેવી શુદ્ધ અમૃત ક્રિયા આવે તે માટે દરેક પોતાની ક્રિયામાં ખાસ સુધારો કરવો જોઇએ આપણે ઘણા ભવોમાં ચારિત્ર લીધા ને મુક્યા. ક્રિયાઓ કરી પણ શાસ્ત્રોક્ત શુદ્ધ અમૃત ક્રિયા ન આવી જેથી રઝળીયે છીએ. દાઢીમાં બે વાળ હોય તે કરતાં સાફ હોય તે વધારે સારૂ. જે ક્રિયા વચમાં ચાલી જાય, તેવી ક્રિયાને છાંયે અમારે જવું નહિં. ક્રિયા ક્ષાયિક ભાવની હોવી જોઇએ. કર્મને મૂળથી ક્ષય કરવા રૂપ જે આત્માનો અધ્યવસાય તે ક્ષાયિક ભાવ છે. ગર્ભમાં રહ્યા વગરના છોકરા જોઇએ છે. ઓરત વગરના છોકરાં મળવા અસંભવિત છે, તેમ ક્ષાયોપશમિક ભાવ વગરની ક્ષાયિક ક્રિયા થવીજ અસંભવિત છે. આ વસ્તુ સમજવી જોઇએ, કારણકે ક્ષાયોપશમિક ભાવની ક્રિયા વગર ક્ષાયિક ભાવની ક્રિયા આવતી નથી. હવે તેમાં કેમ જવાય. તે અધિકાર અગ્રે વર્તમાન.

કથા-રત્ન-કોષના આધારે—

સમ્યક્ત્વ-સંબંધિ-સંવાદ.

[અનુવાદકઃ—પૂજ્યપાદ-આગમોદ્ધારક-શ્રીઆનન્દસાગર-સૂરીશ્વરજી મહારાજના વિદ્વદ્વિનેય-પંન્યાસ-પ્રવર શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્રના-પરમ વિનેય શ્રીચન્દ્રપ્રભસાગરજી.]

(ગયા અંકથી ચાલુ)

ઉત્તરઃ—"તમારી વાત સત્ય છે. પણ શાસ્ત્રોમાં "**वायाए णमोक्कारेण**" વિગેરે અનેક પ્રકારે નમસ્કાર આદિનું પ્રતિપાદન કર્યું છે, તેનું શું કરશો ? માટે જરા વિચાર કરીને વર્તો. જે પાસત્થા આદિનો શિષ્ય-પરિવાર વિશાળ હોય, જેનો દીક્ષા પર્યાય દીર્ઘ હોય, જેની પાસે ધરાનાથ, પ્રધાન, શેઠ અને વિદ્વાન્ પુરૂષોએ દીક્ષા ગ્રહણ કરી હોય; એવા પાસત્થા આદિને વન્દનનો વિધિ કારણે મહર્ષિઓ ફરમાવેલો છે. તમારા કહેવા પ્રમાણે જો તે કારણે પણ વન્દનીય ન હોત, તો આવા પ્રકારનું વિધાન શા માટે કરત ? તમે એમ ન માનતા કે મહર્ષિઓને વંદનની કિંમત નથી. જો વન્દનની કિંમત ન હોત, તો પાખંડીઓને પણ વંદન કરવાનું કહેત; પણ તે કોઈ પણ કેકાણે કહ્યું નથી, માટે આ વન્દનનો મર્યાદિત વિધિ કહેલો છે. પાખંડીઓએ જિનેશ્વર ભગવન્તના માર્ગનો વેષ ધારણ કર્યો નથી, અને ભાવના પણ શ્રેષ્ઠ નથી માટે વન્દન ન થાય.

પ્રશ્નઃ—" હે ભગવન્ ! કયા કારણે પાસત્થા આદિને અનુસરવાનું કહ્યું છે ?"

ઉત્તરઃ—અગીતાર્થથી ક્ષેત્ર આકીર્ણ હોય, અશીવ આદિથી ક્ષેત્ર ઉપદ્રવિત હોય અને અન્યત્ર શુદ્ધ વસ્તિનો અભાવ હોય તો ભાવનાને ઉપઘાત ન થાય, તે માટે પાસત્થા આદિને અનુસરવું. જો આવા પ્રસંગે, આમ પાસત્થા આદિને અનુસરવામાં ન આવે, તો પોતાને અને પરને અનેક પ્રકારે ઉપઘાત થાય, શત્રુતાના લીધે કલંક મૂકે, આત્મલાઘવતા થાય, સામો માણસ આપણા નિમિત્તને પામી અનેક પ્રકારે કર્મબન્ધન કરે અને દુર્ગતિનું ભાજન બને; માટે કાર્ય સાધના પુરતું વચનના અને કાયાના વ્યાપાર વડે સામાનું મન પ્રસન્ન રાખવા પ્રયત્ન કરવો, પણ ભાવથી પાસત્થા આદિને ન અનુસરવું !

વેધક શૈલીથી ત્રીજા પ્રશ્નનું સમાધાન થતાં પ્રમુદિત બનેલો આસધર ચોથો પ્રશ્ન પૂછે છે કે—વર્તમાન કાલીન સાધુઓ વિશુદ્ધ પ્રરૂપણા કરતા નથી, તેનું શું ?"

ઉત્તરઃ—"તમે નહિ સમજ્યા, પ્રરૂપણા યોગ્ય આત્મા પાસે કરાય, અયોગ્ય આત્મા પાસે નહિ. જેમ કાચા ઘડામાં ભરેલું પાણી, ઘડા અને પાણી બન્નેનો વિનાશ નોતરે છે; તેમ અપાત્રમાં પડેલો ઉપદેશ વક્તા અને શ્રોતાનું વિનાશ સર્જે છે. માટેજ શાસ્ત્રકારોએ જણાવ્યું કે, યોગ્ય અને અયોગ્યને વિચાર કર્યા વિના, જે અપ્રજ્ઞ આત્માઓ, ઉપદેશ આપવામાંજ પડયા છે, તે શ્રી સંઘ, શ્રી પ્રવચન અને ધર્મના શત્રુ બને છે !"

ચોથા પ્રશ્નનું અજબ રીતે સમાધાન થતાંજ હર્ષિત બનેલો આસધર પાંચમો પ્રશ્ન પૂછે છેઃ—"પણ સાહેબ ! પ્રમાણથી અધિક ઉપધિ-ઉપકરણ રાખે છે, તેનું કેમ ?"

ઉત્તર—આ વાત તુચ્છ છે. અસઠ ગીતાર્થોએ જે રીતે આચરણા પ્રવર્તાવેલી છે, તે પ્રમાણે સુવિહિત ઉપધિ ધારણ કરે છે. અન્યથા ઝોળીમાં એક પડલાથી આચ્છાદિત પાત્ર બસ હતું. બીજા પાત્ર (માત્રક) ની આવશ્યકતા નહતી અને એકાંગિ રજોહરણજ રાખવું જોઈએ—પણ ચાલુ કાળમાં વિશિષ્ટ મુનિઓ પણ નથી, માટે પૂર્વના મુનિઓની પરંપરાજ પ્રમાણભૂત છે !

પાંચમાં પ્રશ્નનું સમાધાન થતાંજ વિકસિત નયન-

વદનવાળો આસધર છઠ્ઠો પ્રશ્ન પૂછે છેઃ—અલ્પ કારણે પણ અપવાદ સેવે છે, તે શું યોગ્ય છે ?"

ઉત્તર—અપવાદની બાબતમાં તમારો આક્ષેપ બરાબર ઘટતો નથી. વિદ્યમાન કાળે શરીરનું સંઘયણ સુંદર ન હોવાથી, સૂત્રમાં સંયમની રક્ષા માટે જણાવેલું હોવાથી કારણે યથાયોગ્ય અપવાદ સેવે છે. કારણ કે સર્વ પ્રકારે સંયમનું રક્ષણ કરવું. સંયમ વડે આત્માનું રક્ષણ કરવું. આત્માનું રક્ષણ કરાએલું હશે, તો પુનઃ નિર્મળ બની, અવિરતિમાં જતાં થંભી શકાશે ! વળી વ્યવહાર પીઠિકામાં કહ્યું છે કેઃ—હું શાસનની પરંપરાને અવિચ્છિન્નપણે ટકાવીશ, સિદ્ધાન્તનો અભ્યાસ કરીશ, તપ-ઉપધાનમાં સદા ઉદ્યમ કરીશ, ગુણોની સંભાળ રાખીશ-આવા આલંબનવાળો મુનિ અપવાદ સેવે, તો પણ તે મોક્ષ પામે છે !

શીલાંગનો સાચો ભાવ તો સર્વજ્ઞના વચનોથી સ્થિતપ્રજ્ઞ બનીને સમજવો. ભગવંતજ કહ્યું કે-આ તીર્થ બકુશ-કુશીલથી પ્રવર્તશે ? એનો માર્મિક અર્થ એજ કે કાળને અનુસરીને જેવું શરીર છે તેવી જે વિશુદ્ધ ક્રિયા અને તેવી વિશુદ્ધ ક્રિયા યુકત જે ચારિત્ર તેનુંજ નામ ચારિત્ર ! જેમ આજે કલ્પવૃક્ષ નથી, તો પણ લીંબડાના વૃક્ષને પણ વૃક્ષ તો કહેવાય ને ? કડક છતાં ય સૌમ્ય એવા આચાર્યશ્રીના પ્રત્યુત્તરો સાંભળી, ચકિત બનેલ આસધર એક વ્યવહારૂ અને અત્યુપયોગી પ્રશ્ન કરે છેઃ—"મુનિને મુનિ તરીકે સુનિશ્ચિત પણે ન જાણીએ, ત્યાં સુધી તેમને નમસ્કાર કેમ થાય ? કારણ કે, ઘણી વાર સાધુના વેષમાં પણ અસાધુ છીપાયેલા હોય છે; માટે તેને જાણ્યા પહેલા વન્દન કેમ થાય ?"

પ્રત્યુત્તરઃ—"છદ્મસ્થ અવસ્થાની ચર્ચા બધી વ્યવહાર-નયને અનુસરીને કરવાની છે; શુદ્ધમતિથી વ્યવહાર—નયને અનુસરતો માનવ, સર્વ પ્રકારે વિશુદ્ધ છે !

જિનેશ્વર પરમાત્માના શાસનને સ્વીકારતા હો તો વ્યવહાર-નિશ્ચયને છોડશો નહિં જો વ્યવહાર-નિશ્ચયને છોડશો, તો તીર્થનો ઉચ્છેદ થશે. વળી ઉત્તરાધ્યયનમાં કહ્યું છે કેઃ—ક્ષાન્તિ આદિ દશ પ્રકારના ધર્મથી ઉપાર્જિત કરેલો વિધિ, વ્યવહાર બુદ્ધિથી આચરતો મુનિ વ્યવહારે-ગર્હા-નિન્દાને પાત્ર બનતો નથી. માટે દુષ્મકાળનો દોષ વિશેષપણે વિચારી, જ્યાં, જ્ઞાન, દર્શન અને ચારિત્ર દેખાય ત્યાં અનુમોદના કરવી-નમન ક્રિયા આદિ કરવું. આ વાતના સમર્થનમાં વ્યવહાર ભાષ્યના દશમા ઉદ્દેશામાં કહ્યું છેઃ—શાસન સાધુઓ વગર નથી. તીર્થ વગર સાધુઓ નથી. આ બન્ને છે, ત્યાંસુધીજ છકાયનો સંયમ છે. જ્યાંસુધી છકાયનો સંયમ છે, ત્યાંસુધી બકુશ-કુશીલનું અવસ્થાન છે. જ્યાંસુધી જીવોમાં સંયમ છે, ત્યાંસુધી તેમાં મૂળ અને ઉત્તર ગુણો છે. અને ઈત્વરિક સામાયિક ચારિત્ર, છેદોપસ્થાપનીય ચારિત્ર તેમજ બકુશ-કુશીલ નિર્ગ્રન્થો છે.

ધીર પુરૂષોની કાંઈક હાનિ દેખીને, કેટલાક અલ્પ બુદ્ધિવાળા મન્દ ધર્મીઓ, સંવિગ્ન સાધુઓની હિલના કરે છે. તેઓને આ બધા દોષ લાગે છે !

આજે કેટલાક શું કરી રહ્યા છે, તેનું કાંઈક વર્ણન કરતા આચાર્યશ્રી જણાવે છે-બીજાઓના વિદ્યમાન ગુણોને ઢાંકવા, બીજાઓની નિન્દા કરવી, અસત્ય બોલવું, ધર્મ પ્રત્યે અબહુમાન વધારવું અને સંસારની અભિવૃદ્ધિ કરવી-આ છે આજના મૂઢ લોકોનું કર્તવ્ય ! આજના કાળમાં, જો સંપૂર્ણ ચારિત્ર હોત, તો મોક્ષ પામત અને મોક્ષનો માર્ગ પણ વિચ્છેદ ન પામત, આ નક્કર સત્ય પણ લોકો સમજી શકતા નથી, અહો મોહનું સામ્રાજ્ય !!!

દેવ-ગુરૂ-ધર્મ સંબન્ધી યુક્ત એવા મુનિને જાણીને, પણ તેની હિલના કરે છે. હા! આ લોકો કેટલા અકૃતજ્ઞી છે!

હે રાજન્! અજ્ઞાની જીવોના અયોગ્ય વાણી-વિલાસ ક્યાં સુધી સાંભળ્યા કરીશ? નિશ્ચય રીતે માનજે કે, સાધુઓથી અન્ય કોઈ મોક્ષનો ઉપાય છેજ નહિ! હે નરેન્દ્ર! આગમનું તત્ત્વ સાંભળ કારણ કે, રાગ, દ્વેષ અને મોહ વિહોણા જિનેશ્વરનું આ વચન છે. માનવગણનું અમાપ કલ્યાણ કરનારૂં છે. દૃષ્ટાન્ત-યુક્તિ હેતુથી ગંભીર છે, અનેક ભાંગા અને નયથી નિપુણ છે, આદિ, મધ્ય કે અન્તમાં દોષ શૂન્ય છે, કુમતના પવનથી નહી બુઝાય એવા શિવમાર્ગમાં પ્રકાશ કરતા રત્નપ્રદીપ તુલ્ય છે અને સન્ધ્યાની જેમ અનેક અતિશય રૂપ તારાગણને જન્મ આપનારૂં છે, માટે આ આગમતત્ત્વને એકાગ્રચિત્તે સાંભળ!

આ પ્રમાણે શુદ્ધ દેવ, શુદ્ધ ગુરૂ અને શુદ્ધ આગમ વિષે, પ્રાપ્ત થએલા બોધવાળાની જે શંકા આદિ દોષ રહિત પ્રતિપત્તિ તેજ સમ્યક્ત્વ-રત્ન!

આ સમ્યક્ત્વ-રત્ન પ્રાપ્ત થયા પછી માનને પામવા લાયક કાંઈ નથી, કારણ કે સમ્યક્ત્વ એજ મહા કલ્યાણ વેલીનું મુખ્ય મૂળ છે!" સંયમથી સૌમ્ય અને તર્કથી વિશુદ્ધ એવી સૂરિજીની દલિલથી ભરેલી સચોટ દેશના સાંભળી સભા આનન્દસાગરમાં નિમગ્ન બની!

નવીન-પ્રકાશનો.

૧. દરેક વર્ષની 'સિદ્ધચક્ર' માસિકની ફાઇલ (બાર અંક સાથે) એકના. રૂ. ૫-૦-૦
૨. શ્રી સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્ ભાગ ૧ લો (છ પાદ પર્યંત), અને અનેક પરિશિષ્ટો તથા શ્રીતત્ત્વ-પ્રકાશિકા-આનન્દબોધિની સાથે. રૂ. ૩૦-૦-૦
૩. વિધિયુક્ત-પંચપ્રતિક્રમણ-સૂત્રાણિ (બાળબોધ ટાઇપમાં). રૂ. ૧-૨-૦
૪. સિરિ-સિરિવાલ-કહા (પ્રાકૃત). રૂ. ૩-૦-૦
૫. શ્રીસિદ્ધચક્રારાધન-વિધિ. રૂ. ૧-૮-૦
૬. શ્રીઆગામોદ્ધારક(જીવન ચરિત્ર) રૂ. ૨-૦-૦
૭. તપ અને ઉદ્યાપન રૂ. ૧-૧૨-૦

—: પ્રાપ્તિસ્થાન :—

૧. શા. ગુણવંતલાલ જેચંદભાઇ ઠાર.
ઠે૦ ચાંલ્લાગલી, ગોપીપુરા; મુ. સુરત.

૨. શ્રીઋષભદેવજી છગનીરામજીની પેઢી.
ઠે૦ ખારાકુવા, દહેરા ખિડકી; મુ. ઉજ્જૈન (માલવા).

C. I.

॥ श्रीपञ्चाशकशास्त्र-सारांशः ॥

આલેખનકારઃ—પૂ. પંન્યાસ-પ્રવર શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

ગયા અંકથી ચાલુ)

કહ્યું, આથીજ જે જે સુગંધિ દ્રવ્યો, સુંદર ધૂત વસ્ત્રાદિ શોભાને ધારણ કરવાવાળાં દ્રવ્યો હોય, અર્થાત પૂજા કરનારને અને થયેલ પૂજા દેખીને અનુમોદના કરનારને ભાવોલ્લાસ-વૃદ્ધિના કારણભૂત જે જે દ્રવ્યો હોય તે તે દ્રવ્યોથી તે તે પૂજાઓ કરવી યોગ્ય છે. આથીજ શાસ્ત્રકાર ભગવાન્ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી આગળના પદ્ય ૧૯ માના ઉત્તરાર્દ્ધમાં જણાવશે કે—

" जह रेहंत तह सम्मं कायव्वमणण्णचेट्ठेणं "

જેવી રીતે શોભે છે તેવી રીતે સમ્યક્ પ્રકારે અનન્ય ચેષ્ટા થી પૂજા કરવા લાયક છે. આથીજ તે રીતે સુગંધિ શ્રીખંડ ચન્દનાદિનું વિલેપન, શ્રેષ્ઠ કુસુમોની માળા, બલિ વિગેરેનાં બેટણાં, યતના પૂર્વકનો દીપક; સર્ષવ, દધિ, ચાવલ (ચોખા) ગોરોચન વિગેરે માંગલ્યકારિ વસ્તુઓ પોતાની સંપત્તિ અનુસાર લેઈને પૂજા કરવી એટલુંજ નહિં પણ સુવર્ણ-મોતી-રત્નાદિની માળાઓથી વિવિધ પ્રકારે પૂજા કરવી યોગ્ય છે. ગાથા ૧૪-૧૫

અનન્યભાવે પૂજનની જરૂર.

ઉપર જણાવ્યા મુજબ કયા કારણથી વિશિષ્ટ પુષ્પાદિથી પૂજા કરાય છે. એ શંકાના નિરસનમાં જણાવે છે કે—પૂજા કરવાના ઉત્કૃષ્ટ-દ્રવ્યોથી પ્રાયઃ કરીને ભાવ પણ શ્રેષ્ઠપણે ઉત્પન્ન થાય છે. કિલષ્ટ કર્મના ઉદયવાળા કોઇક જીવને શ્રેષ્ઠ સાધન પૂજાના હોવા છતાં શ્રેષ્ઠભાવ ઉત્પન્ન થતો નથી, તેથી મૂલકારે પ્રાયઃશબ્દનું ગ્રહણ કરેલું છે. એટલુંજ નહિં પણ અત્યંત શુભ કર્મના ઉદયવાળાને પૂજાના પ્રવર દ્રવ્યો વગર પણ શ્રેષ્ઠ ભાવ ઉત્પન્ન થાય છે, અને તે હેતુથી આ પ્રસંગને જણાવવા માટે પ્રાયઃશબ્દનું ગ્રહણ કરેલું છે. શ્રેષ્ઠ-દ્રવ્યો એજ અધ્યવસાયને ઉત્પન્ન કરવામાં કારણ ભૂત નથી, પરંતુ અશુભ કર્મના ક્ષય રૂપ હેતુથી પ્રધાન-ભાવની ઉત્પત્તિ થાય છે. તેથી દ્રવ્યાદિસામગ્રીની વિશિષ્ટતા કરતાં ભાવની વધુ વિશિષ્ટતા અતિ આગ્રહપણે જણાવેલીહોય છે, છતાં પણ દ્રવ્ય-સાધન-સામગ્રી-વિશેષથી ભાવ થાય છે. જે માટે શાસ્ત્રમાં "गुण भूइट्ठं०" ઇત્યાદિ પદોથી જણાવે છે કે ગુણે કરીને શ્રેષ્ઠતમ દ્રવ્યો-હોય ત્યારે ભાવમાં અધિકપણું અર્થાત્ અધિક લાભ જણાવ્યો છે, અને આથીજ વ્હવહારનય તો દ્રવ્ય-વસ્તુઓથી વિપુલ નિર્જરા ઇચ્છે છે. પ્રવર-દ્રવ્યો ગ્રહણ કરવામાં બીજું કારણ પ્રતિપાદન કરતાં જણાવે છે કે જિનેશ્વર ભગવંતોની પૂજામાં તન્મય થયેલા પૂજકે પૂજાના શ્રેષ્ઠ-સાધનોની વિદ્યમાનતામાં પૂજા કરવામાં ઓતપ્રોત થવું અર્થાત્ તે ભગવંતોની પૂજામાં તન્મય ઉપયોગવાળા થવું; પરંતુ તે સિવાય બીજા સાધનોમાં (અર્થાત્ દેહ-પુત્ર-સ્ત્રી-આદિમાં) પ્રધાનતર-ઉપયોગવાળા થવું જ નહિં. કારણકે કહ્યું છે કે દેહ-પુત્ર-સ્ત્રી-કુટુંબ-લક્ષ્મી-પરિવારાદિને પાળ્યાં અને પોષ્યાં તે સંસારની વૃદ્ધિને માટે થયાં, પરંતુ ત્રૈલોક્યનાથ-વીતરાગ-પરમાત્માની પૂજા તો ભવ્યાત્માઓને સંસારના નાશ માટે થાય છે, આથીજ પુણ્યાત્માઓએ શ્રેષ્ઠ-પુષ્પાદિથી પૂજા કરવા લાયક છે. ગાથા. ૧૬

શુભ-અધ્યવસાયની જરૂર.

પૂજા કરવા લાયક છે આજ ભાવને સ્પષ્ટ કરતાં થકાં જણાવે છે કે આ લોકના હેતુભૂત-કાર્યો, અને પરલોક સંબંધિના હેતુભૂત કાર્યો મધ્યે પરલોક સંબંધિના કાર્યો પ્રધાનતર છે, અર્થાત્ પરલોકના હેતુભૂત કાર્યો વિશેષે કરીને સાધવા યોગ્ય છે; કારણકે તે કાર્યોનું (પરલોક સંબંધિના કાર્યોનું) આરાધન નહિં કરવામાં અતિ અત્યંત અનર્થની પરંપરાની પ્રાપ્તિ થવાનો સંભવ છે. પરલોક સંબંધિ કૃત્યોમાં અગ્રગણ્ય જિનેશ્વરોની પૂજા છે, અને તે પૂજા સિવાય શ્રેષ્ઠ સાધનોનું ઉપયોગ કરવાનું અધિકતર સ્થાન બીજું કોઇ નથી. પારલૌકિક-કાર્યમાં પૂજાનું કૃત્ય શ્રેષ્ઠ છે, તેમાં પણ એટલે તે પૂજામાં પ્રધાન શું ?, તો જણાવે છે કે સાધ્યની સિદ્ધિ માટે સાધકપણે કાર્ય સિદ્ધિ કરનારો આત્મ-પરિણામ છે; આથીજ વિશિષ્ટ પરલૌકિક કાર્ય કરવાના અર્થિ-આત્માઓને વિશેષે કરીને સમ્યક્-પ્રકારે આશ્રય-કરવા યોગ્ય શુભ અધ્યવસાયરૂપ ભાવ વિશેષ છે. જે શુભ અધ્યવાસ દરેક કાર્યમાં કારણ ભૂત છે, તો પછી પરલોક સંબંધિના દરેકે દરેક કાર્યમાં હેતુભૂત શુભ-અધ્યવસાયનું સેવન કરવું જરૂરીનું છે. શુભ કાર્યની સફળતા ઇચ્છનારાઓએ પરલોકના શ્રેષ્ઠ-સાધનરૂપ સાધનોની સિદ્ધિમાં હેતુભૂત શુભ કાર્ય કરનાર હોવાથી શુભ ભાવનું અવશ્ય-મેવ સેવન કરવું જરૂરીનું છે. ગાથા. ૧૭.

પૂજ્યના પૂજનની જરૂર.

વિશિષ્ટ-પુષ્પાદિવડે પૂજન કરવાના દ્વારનો ઉપસંહાર કરતાં જણાવે છે કે આ દ્વાર-સંબંધમાં વિસ્તારથી (ગાથા. ૧૩ થી ગાથા. ૧૬ સુધીમાં) શંકા સમાધાન પૂર્વ-યુકિતયુકત કહેવા યોગ્ય કહેવાઇ ગયું છે, અર્થાત્ આલેખન પણ તદનુસારે થઇ ગયું છે. હવે તે દ્વારના ઉપસંહારમાં જણાવે છે કે-જેથી કરીને શ્રેષ્ઠ સાધનો વડે શ્રેષ્ઠ-ભાવ થાય છે, તેથી પોતાના વૈભવને અનુસરતાં સાધન-સામગ્રી-સંયોગને અનુકૂળ સામગ્રીઆદિથી પૂજા કરવી. આ ઉપરથી ધનવાનોએ શકિત ગોપવ્યા વગર અને સામાન્ય-સંપત્તિવાળાએ અગર નિર્ધનોએ શકિતનું ઉલ્લંઘન કરીને સાધન-સામગ્રીઓ ભેગી કરીને પૂજા કરવામાં અનુક્રમે ઉદારતાને સેવવી અને ઉડાઉપણાને તિલાંજલિ દેવી એ પણ અત્ર ધ્વનિત થાય છે. મોક્ષ લક્ષ્મીને દેનારા, અપકાર કરવામાં તત્પર એવા ઉપર પણ હિત કરવામાં તલ્લીન, અને ઇન્દ્રોથી પૂજિત ભગવાન્ પ્રત્યે અંતરંગ પ્રીતિ—ભકિત—બહુમાનપૂર્વક બુદ્ધિમાનોએ દેવાધિદેવ-શ્રીઅરિહંત-ભગવંતનું પૂર્વે જણાવેલા વિશિષ્ટ પુષ્પાદિથી પૂજન કરવા લાયક છે. શાસ્ત્રવિહિત-ઉપાદેય કર્તવ્યરૂપ-પૂજામાં યોગ્ય સામગ્રીઓ લેવાને બુદ્ધિમાનજ સમર્થ હોય છે, તેથીજ પૂર્વે "બુદ્ધિમાનોએ" એવું જણાવ્યું છે. આજ પ્રસંગને વિસ્તારથી નવમા-પૂજા-ષોડશક-ગ્રંથમાં પંચાશકશાસ્ત્રકાર ભગવાન્ બીજા શ્લોકમાં નીચે મુજબ જણાવે છે.

अनुपकृतपरहितरतः शिवदस्त्रिदशेशशपूजितो भगवान्।
पूज्यो हितकामानामिति मत्त्या पूजनं पूजा ॥९-२॥

ભાવાર્થ:—હિતના અભિલાષિઓએ અપકાર કરનારાઓ ઉપર અને ઉપકાર રહિત એવા સકળ જીવોપર એકાંતે હિત કરવામાં તત્પર. નિષ્કારણ વત્સલ. શિવપદને દેનારા, દેવેન્દ્રોથી પૂજિત અને સમગ્ર ઐશ્વર્યાદિથી યુકત તે ભગવાન્ પૂજા કરવા યોગ્ય છે, અને શુભભાવથી તેમનું પૂજન કરવું તેજ પૂજા છે. આજ

ષોડશકની પ્રથમ ગાથામાં પણ સાધન સામગ્રીઓ "विभवानुसारतः" એ પદથી વૈભવને અનુસારે લેવાનું જણાવે છે. ગાથા. ૧૮.

વિશેષ-વિધિ પૂર્વક પૂજનની જરૂર.

હવે વિધિદ્વારની પ્રરૂપણા કરતાં જણાવે છે કે ત્રીજી ગાથામાં અર્થાત્ દ્વારગાથામાં "विहिणाउ×××××××जिणपूआ हाइ कायव्वा" ઇત્યાદિ પદો જણાવ્યા છે. એટલે પૂજા કર્તવ્યપણે સૂચિત કરેલી હોવાથી કાલઆરાધન અને શૌચાદિ વિગેરેમાં જિનપૂજનો વિધિ સામાન્યથી જણાવી દીધો છે. પૂર્વે જણાવેલાં-વિધાન વિધિ સામાન્યથીજ જણાવ્યાં છે, છતાં વિશેષથી બીજો પણ વિધિ ફરીથી કહેવા યોગ્ય છે તેથી અત્ર વિશેષથી સમસ્ત કહેવા યોગ્ય વિધિ જણાવે છે. સુગંધિ-શ્રેષ્ઠ પુષ્પોની માલા વિગેરેનું ભગવંતના કંઠમાં સ્થાપન કરવું, અર્થાત્ જે રીતિએ ભકિત-ભાવ-બહુમાન આદર વધે તે રીતિએ ભાવશુદ્ધિથી પૂજન કરવું જરૂરીનું છે. અને તેથીજ જણાવે છે કે જિનેશ્વર ભગવંતોની પૂજામાં તત્પર થયેલાઓએ જિન-પૂજા સિવાયના શરીરની બધુજ વિગેરેના સઘળાએ વ્યાપારોને છોડીને અનન્ય ભાવે જે જે પ્રકારે ભાવશુદ્ધિ વધે તે તે પ્રકારોથી પૂજા કરવી જરૂરીની છે. આ રીતિએ વિશેષ વિધિપૂર્વક અન્ય-ચેષ્ટાદિરહિતપણે પૂજન કરવાની જરૂરીયાત જણાવી. ગાથા-૧૯.

પૂજા સિવાયના સર્વ-વ્યાપારનો ત્યાગ.

પૂર્વ પદ્યમાં 'यत्नेन', અને 'अनन्यचेष्टेन'; એ બે પદો જણાવીને પૂજન કરવાનું જણાવ્યું, તેથી તે બે પદોનું સ્પષ્ટીકરણ કરતાં થકાં જણાવે છે કે-યત્નપૂર્વક વસ્ત્રથી નાસિકા બાંધીને અર્થાત્ પૂજાના અવસરે નાસિકાના વાયુથી ભગવાન્ની આશાતના ન થાય તે રીતિએ નાસિકા ઉપરથી વસ્ત્ર વીંટીને મુખકોશ બાંધવો જરૂરી છે. અથવા નાસિકાને આચ્છાદન કરવાથી સમાધિ ન રહેતી હોય તો સમાધિ રહે તે રીતિએ નાસિકા બાંધીને અગર નહિં બાંધીને પણ પૂજા કરવાના અવસરે પુન્યવાનોએ પૂજા કરવી જરૂરીની છે. આ રીતિએ પૂર્વપદ્યમાં જણાવેલ 'यत्नेन' એ પદનું સ્પષ્ટીકરણ કરીને, હવે 'अनन्यचेष्टेन' એ પદનું સ્પષ્ટીકરણ કરે છે. શરીરમાં રહેલ ઇન્દ્રિયોની ચેષ્ટાઓ, શરીરમાં બધુજ વિગેરેનું ઉપડવું, કાન-નાકનો મેલ કાઢવો, રાજકથા-દેશકથા-ભક્તકથા-સ્ત્રીકથાદિ એ ચાર વિકથાઓનું કરવું અને માનસિક વિષય વિકારની લાલસાઓ વિગેરે સર્વેનો પરિહાર-ત્યાગ કરીને અનન્યભાવે પ્રભુ પ્રત્યે પૂજાદિકરણીમાં ઉજમાળ થવું. ગાથા-૨૦.

સેવ્ય-સેવક સંબંધ.

પૂર્વે ૧૯ ઓગણીસમાં પદ્યમાં 'सव्वप्पयत्तेण कायव्वम्' એ જણાવ્યું હતું, તો યત્નપૂર્વક પૂજનો વિધિ સાચવતાં જે થાય છે તે દ્રષ્ટાન્તદ્વારા અત્ર શાસ્ત્રકાર જણાવે છે. પૂજ્ય પરમાત્માની વિધિપૂર્વક પૂજા કરનારા પૂજકો પૂજ્ય પરમાત્માની પરમ સંપદાઓ પ્રાપ્ત કરે છે. એટલુંજ નહિં પણ જે સેવકો પોતાના રાજા=સ્વામી=માલીકની સેવા કરવા માટે પગાર આદિ ભરણપોષણના હેતુપૂર્વક નિયુક્ત થયા છે અર્થાત્ સેવા કરવા માટેજ રહેલા છે, તેઓ (તે સેવકો) પણ આદરપૂર્વક પોતાના માલીકની આશાતના કે અનાદર ન થાય તેવી રીત વસ્ત્રથી મુખકોશાદિ બાંધીને દાઢી મૂછના

વાળોને ઠીકઠાક સમારે છે, અને અંગ મર્દનાદિકનું કાર્ય કરે છે; કે જેથી કરીને પોતાના માલીકો સંતુષ્ટ થઇને પગાર-ઇનામ-આદિ ઇષ્ટફલની સિદ્ધિને યોગ્ય બને છે. અર્થાત્ તેઓ રાજ્ય લક્ષ્મીની પ્રાપ્તિ કરવાવાળા થાય છે. અને તેથી વિરૂદ્ધ વર્તવાવાળા એટલે અનાદર પૂર્વક સ્વામિની સેવા કરવામાં ઉજમાળ થયેલાઓને શરીર તથા મનનો ખેદજ પ્રાપ્ત થાય છે, એટલુંજ નહિં પણ તેઓને ઇષ્ટ અર્થ સિદ્ધિ પણ થતી નથી. જે માટે શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—"धंचित्ता कासवओ०" ઇત્યાદિ પદોથી જણાવે છે કે હજામ પણ આઠ પડવાળા વસ્ત્રથી મુખ બાંધીને આજીવિકા માટે ભયથી રાજાની સેવા નિયમીત કરે છેજ. ગાથા ૨૧.

દાર્ષ્ટાન્તિક-રહસ્ય.

ઉપરના પદ્યમાં સેવકોએ સેવ્ય સાથેનો સંબંધ કેવી રીતે જાળવવો તે ઉપર વ્યવહારિક-દ્રષ્ટાન્ત આપીને, હવે દાર્ષ્ટાન્તિકનું સમર્થન કરે છે. ત્રણ જગતને અનુશાસન કરનાર હોવાથી ત્રણ ભુવનના ગુરૂ શ્રીજિનેશ્વરોનું વિશેષે કરીને પૂજન કરવું જરૂરીનું છે, કારણ કે પૂર્વ-દ્રષ્ટાન્તમાં રાજાદિની સેવા સેવકોને આલોકની વૃત્તિ આદિ માટે લાભદાયિ છે, જ્યારે ભુવન-ગુરૂપણાને પામેલ વીતરાગોની વિશિષ્ટ પ્રકારે પ્રણામ પૂર્વક પૂજા કરવાથી પૂજકોને આલોક-પરલોકની ઇષ્ટ સંપદાઓ નિયમા પ્રાપ્ત થાય છે. અર્થાત્ પૂર્વ દ્રષ્ટાન્તમાં જણાવેલ નિતિ-રીતિ વ્યવહાર ભૃત્ય=સેવક સંબંધીનો અત્ર પ્રાસંગિક વિચારવો જરૂરીનો છે, એટલે ભૃત્ય=સેવકની જેમ ફલ પ્રાપ્તિ (દ્રવ્ય-ભાવાદિ ફલ-પ્રાપ્તિ) કરનારો થાય છે. એ હકીકત ધારણ કરવા લાયક છે. તેથી દ્રષ્ટાંતની સાથે દાર્ષ્ટાન્તિકનો ઉપસંહાર કરતાં જણાવે છે કે-જેથી માનનું મર્દન કરીને અત્યંત-નમ્ર-અનેલ વિનીત-ભૃત્યની જેમ પૂજા કરનારા પૂજકો ઇષ્ટ ફલના ભાજનરૂપ થાય છે, તેથી પૂર્વ પદ્યમાં બતાવેલ વિશિષ્ટ વિધાન પુરસ્સર "वन्नथी बांधीने०" એ પદથી જણાવતાં પરમાર્થને પિછાણીને વિદ્વજ્જનોએ દેવાધિદેવ-શ્રીજિનેશ્વર-ભગવંતોની પૂજા અવશ્યમેવ કરવા લાયક છે. ગાથા ૨૨.

વિધિયુક્ત-બહુમાન.

પૂજા કરનારાઓએ પૂજ્ય પ્રત્યે બહુમાન પૂર્વક પૂજા કરવી, અને તે માટે પૂર્વ કથન કરેલા અઢારમા પદ્યના ઉત્તરાર્દ્ધમાં XX "तम्मी बहुपाणमाराय" એ પદો જણાવ્યા હતા. તેથી તે જિનેશ્વરો પ્રત્યે બહુમાન પણ તેઓનેજ થાય છે કે જેઓ વિધિ વિધાન પૂર્વક પ્રવર્તન કરવાવાળા હોય છે, આથી કેવલ બહુમાન એટલે પ્રીતિ વિશેષ ભૃત્યની પેઠે ફલ ભાજનપણા યોગ્ય થઇ શકતોજ નથી, પરંતુ વિધિ વિધાન પૂર્વકનોજ બહુમાન પરમપદનો નિયમા સાધક થાય છે. આથીજ एवं શબ્દ કથન કરીને પૂર્વ કથિત ઓગણીશમા પદ્યના પૂર્વાર્દ્ધમાં "एमो चेव इह विहि०" ઇત્યાદિ પદોથી વિધિ વિધાનને અનુસરનારાઓને પૂજા કરવા માટે પૂર્વે જણાવ્યા મુજબની નીતિ-રીતિ-વ્યવહારને આશ્રીને પ્રીતિ-વિશેષ સ્વરૂપ બહુમાન ઉત્પન્ન થાય છે. અને વિધિ-વિધાનયુક્ત અત્યંત બહુમાનજ પરમપદની પ્રાપ્તિનો અવશ્યમેવ સાધક બને છે. આ રીતિએ પૂર્વાર્દ્ધના પરમાર્થને જણાવીને વિધિ-દ્વારની સમાપ્તિ સાથે ઉપસંહારમાં વિધિ-વિધાનની આવશ્યકતા પણ જણાવી દીધી.

હવે ઉત્તરાર્દ્ધમાં "સાર સ્તુતિ સ્તોત્ર ગુર્વી" એ દ્વારની પ્રસ્તાવના રૂપ પ્રારંભ કરે છે. એક શ્લોક પ્રમાણવાળી સ્તુતિ કહેવાય છે, અને ઘણા શ્લોક પ્રમાણવાળાને સ્તોત્ર કહે છે. ગંભીર-રહસ્યાર્થ યુક્ત સ્તુતિ-સ્તોત્રથી જેવી જેવી રીતે બહુ-માનાદિની વૃદ્ધિ થાય તેવી તેવી રીતે વિધિ-વિધાન-યુકત જિનેશ્વર ભગવંતોની ભાવ-સ્તવના કરવી. ગાથા. ૨૩.

સદ્‌ભૂત-ગુણ-કીર્તન.

સાર સ્તુતિ સ્તોત્ર ગુર્વી' નામના દ્વારનો પ્રારંભ કરતા થકાં શાસ્ત્રકાર જણાવે છે કે-વિશેષ પ્રધાનભૂત, અર્થાત્ વિશિષ્ટ શબ્દો-અર્થો અને રહસ્યથી ભરપૂર સ્તુતિ-સ્તોત્રોથી ગૌરવને વધારવાવાળી પૂજા કરવી આથી તુચ્છ નહિં પણ અતુચ્છ એવા શબ્દો અર્થો-અને રહસ્યને પ્રતિપાદન કરી શકે તેવાં તે તે સ્તુતિ-શ્લોકથી પૂજા કરવી, કે જેવી રીતે અન્ય સ્થળે જણાવ્યું છે; તેવી રીતે-"पडिवण्णचरिमगुणो०" ઇત્યાદિ પદોથી અથવા તેવા તેવા અનુપમ અમૃતને ઝરાવી શકે તેવાં ભાવવાહિ-શ્લોકોથી સ્તવના કરવી. ઉપર જણાવેલ પ્રાકૃત ભાષાબદ્ધ-પુનીત પદ્યનો પરમાર્થ આ પ્રમાણે છે. ચરમ શરીરને ધારણ કરવાવાળા, જે યોગિઓ વીતરાગ-પરમાત્માના લેશ માત્ર અતિશયને દેખીને સંસારનો સંબંધથી વિરક્ત થયેલા તેજ યોગિઓ પણ તે તે અતિશયોને નિર્નિમેષ દેખવાને ભવ તરફ મનવાળા થાય છે. અને તેઓ જિનેશ્વરોને નમસ્કાર કરે છે.

અતુચ્છ એટલે ગંભીર પદ-પદાર્થ-યુકત સ્તુતિ કે શ્લોક હોવા છતાં અસદ્‌ભૂત ગુણનું કથન કરનાર ન હોય તેની ખૂબ ખૂબ સાવધાની રાખવી. જેવી રીતે "क्षेमाय मर्त्यजगतस्तल एव शंके०" ઇત્યાદિ પદો ગંભીર અને અર્થ સૂચક છે, છતાં અસદ્‌ભૂત-ગુણદિના પ્રશંસનની પ્રતીતિ થાય છે. આ શ્લોકનો ભાવાર્થ આ પ્રમાણે છે-હે શાકંભરીના રાજન્! તમારા યશોગાન વડે મનુષ્ય લોકની તળીએ પાતાળમાં જવાનું જ ન થયું, અને જો જવાનું થયું હોત તો ત્યાં (પાતાલમાં) શેષનાગની સ્ત્રીઓ નૃત્ય-પૂર્વક તમારા યશોગાનના ગાનાં ગાવાની શરૂઆત કરત, સાથે સાથે શેષનાગ પણ પોતાના મસ્તકો ધુણાવત, અને તમારી પૃથ્વી સ્થિર પણ રહેત નહિ; આથીજ તમારા મનુષ્ય-લોકના કલ્યાણને ન યશોગાનનું જવું ન થયું એમ હું તર્ક કરું છું-વિચારું છું.

આ હેતુથી અસદ્‌ભૂત-ગુણોના કીર્તનના વ્યવચ્છેદ કરવાને માટેજ 'सद्भूतगुणकित्तणरूवा' એ પદ જણાવેલું છે. અર્થાત વિદ્યમાન=વર્તતાં ગુણ ગણોને ગ્રહણ કરીને અને તેનેજ અનુસરીને તેજ અનેકગુણ-ગણ-ગ્રહણ સ્વભાવને ધારણ કરવાવાળાં સ્તોત્રાદિ જિનેશ્વરોની સન્મુખ ઉચ્ચારવાં. જેવી રીતે "आणा जस्स विलइया०" ઇત્યાદિ પદોનો ભાવાર્થ આ પ્રમાણે છે. હરિહર=વિષ્ણુશંકર બ્રહ્મા આદિ સર્વ દેવોએ જે તીર્થંકર ભગવંતની આજ્ઞા મસ્તક ઉપર ધારણ કરેલીજ છે, કે જેઓએ તાહરા ધ્યાન રૂપ અગ્નિમાં તે પ્રસિદ્ધ-કામદેવને પણ મદન=મીણની જેમ ગાળી નાંખ્યો છે; અર્થાત્ તાહરા ધ્યાનરૂપ અગ્નિમાં તે કામદેવ ગળી ગયો છે. ગાથા ૨૪.

સ્તુત્યાદિદ્વારા પૂજાની ગુર્વીતા.

હવે સ્તુતિ=શ્લોક સ્તોત્રાદિથી પૂજાનું ગુર્વીપણું કેવી રીતે સુસંગત છે તે જણાવે છે. સ્તુતિ-સ્તોત્રોનું ઉચ્ચારણ કરવું તે કુશલ-

પરિણામને ઉત્પન્ન કરવામાં, ટકાવવામાં અને વૃદ્ધિ કરવામાં અમોઘ હેતુરૂપ છે. સ્તુતિ-સ્તોત્રમાં આવેલા પદ્યો, અને પદ્યસ્થિત પદોના અર્થ-રહસ્ય જાણવામાં આવે છતે અવશ્યમેવ કુશલ પરિણામ એટલે શુભ અધ્યવસાય ઉત્પન્ન થાય છે; કારણ કે અર્થના જાણકાર-ભવ્ય સ્તુતિ કરનારાઓને પ્રાયઃ કરીને કુશલ પરિણામ થયો છે, અગર થાય છે એમ શાસ્ત્રના વચનથી જણાય છે. આ રીતિએ કથન કરવાથી તો અર્થના જાણકારોનેજ સ્તુતિ-સ્તોત્રાદિના ઉચ્ચારણ સ્તવનદ્વારાએ ગુર્વી એટલે મહાન્ પૂજા થવાનો સંભવ છે; તે સિવાયના અર્થના અજાણ-આત્માઓને ગુર્વી પૂજા થવાનો સંભવ પણ રહેશે નહિં; તેથી અંતિમ વાક્યના સમાધાનમાં જણાવે છે કે તે સ્તુતિ-સ્તોત્રાદિના અર્થના અજાણપણામાં શુભ અધ્યવસાય હોવાથી કુશલ પરિણામ થાય છે. અર્થના અજાણપણામાં શુભ અધ્યવસાય થાય છે તે રત્નના ઉદાહરણથી તે કથનને સ્પષ્ટ કરે છે. શુભ લક્ષણવાળા રત્નોને કે અશુભ લક્ષણવાળાં રત્નોને લેનાર માણસ તે તે રત્નોનું શુભ-શુભપણું ન જાણતો હોય તો પણ શુભ કરવાના સ્વભાવવાળું રત્ન ખરીદનારને શુભ કરે છે, અને અશુભ કરવાના સ્વભાવવાળું રત્ન ખરીદનારને અશુભ કરે છે. તેવીજ રીતે સ્તુતિ સ્તોત્રાદિના પદ્યસ્થિત-પદોના ભાવાર્થને નહિં જાણનારાઓને શુભ ભાવથી ઉચ્ચારણ કરવામાં કુશલ પરિણામ થાય છે. આથીજ સ્તુતિ સ્તોત્રાદિદ્વારા જાણપણામાં અને અજાણપણામાં કુશલ પરિણામ થાય છે તેથી આ પૂજાનું ગુર્વીપણું પ્રતિપાદન કરેલું છે. ગાથા ૨૫.

ભાવરત્નરૂપ-સ્તુતિ-સ્તોત્રાદિ.

જ્વરાદિ ભયંકર રોગોને દૂર કરનાર રત્ન-ઔષધાદિના સામર્થ્યને રોગિઓ જાણતા નથી, છતાં શ્રદ્ધાપૂર્વક વૈદ્યના આપેલ રત્ન-ઔષધાદિદ્વારા તેઓ જ્વરાદિ ભયંકર રોગોને દૂર કરી શકે છે; તેવી રીતે કર્મસ્વરૂપ-જ્વરાદિ-રોગોને સ્તુતિ-સ્તોત્રસ્થ-સામર્થ્યના અજાણ-ભવ્યાત્માઓ પણ સ્તુતિ સ્તોત્રાદિ રૂપ રત્નાદિ-દ્વારાએ દૂર કરવા ભાગ્યશાળી થાય છે. વાસ્તવિક-રીતિએ જૈન શાસનમાં ક્લિષ્ટ કર્મોને નાશ કરવામાં સ્તુતિ સ્તોત્રાદિને પારમાર્થિકપણે ભાવ રત્નો જણાવેલાં છે. આથી તે રત્નોનાં ગુણ-શક્તિ-સામર્થ્યને જાણનારાઓ તો તે રત્નદ્વારા લાભ મેળવે છે, પરંતુ તે તે રત્નના ગુણ-શક્તિ-સામર્થ્યને નહિં જાણનારાઓ પણ અજાણ રોગિઓની જેમ અવશ્યમેવ લાભ મેળવે છે. આથી શુભ-ભાવ-રત્નરૂપ સ્તુતિ-સ્તોત્રદ્વારાએ ગુર્વી પૂજારૂપ સ્તવનો કરવા ઉજમાળ થવું. ગાથા ૨૬.

વિધિ-યુકત-ચૈત્યવંદન.

પૂર્વે ત્રેવીસમા પદ્યના ઉત્તરાર્દ્ધમાં જણાવ્યું હતું કે-"सारथुइथोत्तसहिया०" ઇત્યાદિ પદોથી સારભૂત સ્તુતિ સ્તોત્રોથી ગુર્વી પૂજા કરવી, અને તેવીજ રીતે વિધિ વિધાનમાં પ્રવૃત્ત થયેલાઓએ ચૈત્ય વન્દનના વિધિને પણ અનુસરવું. તેથી આ પદ્યમાં અવસર ઉચીત ચૈત્ય-વન્દનના વિધિને જણાવતાં શાસ્ત્રકાર પ્રતિપાદન કરે છે. સ્તુતિ સ્તોત્રાદિના અર્થનું જાણપણું થયે છતે અથવા તે તે સ્તુતિ સ્તોત્રાદિના અર્થના અજાણપણું હોવે છતે કુશલ પરિણામ થાય છે, અર્થાત્ તે તે સ્તુતિ સ્તોત્રો કુશલ પરિણામને માટે થાય છે. તેથીજ સ્તુતિ સ્તોત્ર પૂર્વક પૂજન કર્યા પછી તુરત ચૈત્યવંદન વિધિ-યુકત કરવું તે જરૂરીનું છે.

તે ચૈત્યવન્દમાં ઉચ્ચારણ કરાતાં સૂત્રો અસ્ખલિતાદિગુણગણ યુકત હોવા જોઇએ, અને આગમ કથિત વચનોને ઉલ્લંઘન કર્યા વગર શુભઅધ્યવસાયનું પ્રધાનપણું રાખીને તે તે સૂત્રોનું ઉચ્ચારણ કરીને ચૈત્યવન્દ કરવું જોઇએ. "અસ્ખલિતાદિ ગુણગણ યુકત સૂત્રો" ઉચ્ચારણ કરવાનું ઉપર જણાવી ગયા. તે ગુણો આ પ્રમાણે છે–સ્ખલનારહિતપણે બોલવું તે અસ્ખલિત, અનેક શાસ્ત્ર સંબંધિ સૂત્રો મેળવીને એકજ જગ્યાએ બોલવું તે મિલિત અને ન બોલવું તે અમિલિત, અથવા પદાદિચ્છેદની પ્રતીતિ થાય તે પૂર્વક બોલવું તે અમિલિત, અન્ય અન્ય સ્થાનમાં કથન કરેલાં એકાર્થવાળાં સૂત્રોને એક સ્થાને મેળવ્યા વગર બોલવું તે અવ્યત્યામ્રેડિત, સૂત્રમાં આવેલાં ઘોષ–અઘોષાદિ વ્યંજનો વિગેરેને લક્ષ્યમાં રાખીને બોલવું તે પ્રતિપૂર્ણઘોષ; અને કંઠ–તાલુ–ઓષ્ઠ–દન્ત્ય–આદિ સ્થાનીય વર્ણોને યથારીતિએ સ્પર્શન કરવા પૂર્વક ઉચ્ચારણ કરવું તે કંઠ–ઓષ્ઠવિપ્રમુકત સૂત્ર કહેવાય છે; ઇત્યાદિ અનેક ગુણયુકત-સૂત્રોચ્ચારણ કરવા સંબંધિના અસ્ખલિતાદિ ગુણોનું વર્ણન વિસ્તારથી જાણવાની અભિલાષા-વાળાએ અનુયોગદ્વારસૂત્રમાં દ્રવ્ય આવશ્યકનો અધિકારગુરૂ ગમથી જાણી લેવો. ગાથા.-૨૭.

કર્મવિનાશક-મહામંત્ર.

સ્તુતિ સ્તોત્રાદિયુકત પૂજાપૂર્વક ચૈત્યવન્દન અવશ્યમેવ કરવાના યથાર્થ પ્રયોજનને જણાવતાં થકાં શાસ્ત્રકાર જણાવે છે કે–ખરેખર આત્માએ સ્વભાવદશા મુકીને વિભાવદશામાં વર્તવાથી પોતાના વિકારના હેતુભૂતપણાથી કર્મ એજ વિષરૂપ છે, અને કર્મ વિષને નાશ કરવામાં સ્તુતિ-સ્તોત્રાદિના અક્ષરો પરમમંત્રરૂપ છે. એ માનવું જરૂરીનું છે. આથીજ પૂર્વે જણાવેલાં સ્તુતિ-સ્તોત્રદ્વારાએ પૂજાની અવશ્ય કરણીયતા જણાવી, અને આત્માના કર્મવિષને દૂર કરવામાં તે સ્તુતિ-સ્તોત્ર-સ્થિત અક્ષરો પરમ મંત્ર સ્વરૂપ હોવાથી કર્મવિષને નિઃશંકપણે નાશ કરે છે એ વાતનું સમર્થન સર્વજ્ઞભગવંતોએ કરેલું છે. કર્મનાશપ્રતિ સ્તુતિ-સ્તોત્રાદિ પૂર્વક ચૈત્ય-વન્દનની વ્યભિચાર રહિતપણે (દોષ રહિતપણે) ઉપાદેયતા જણાવી એટલે અવશ્યમેવ કરણીયતા જણાવી. નહાનાં ઉપદ્રવોને દૂર કરવાં હોય તો તે તે મંત્રોને પણ મુદ્રાપૂર્વક વિધિપુરસ્સર ઉચ્ચારવાં પડે છે, તેથી અત્ર ચૈત્યવન્દન-વિષયક મંત્રોના વ્યાપાર કઇ મુદ્રાવડે કરવાં તે જણાવે છે. શાસ્ત્રમાં કથન કરેલ અંગવિન્યાસ વિશેષરૂપ કાયોત્સર્ગ મુદ્રાએ કરવું શ્રુતજ્ઞાની–અવધિજ્ઞાની–મનઃપર્યવજ્ઞાની–કેવળજ્ઞાની અને જિનકલ્પનું સેવન કરનાર આત્માઓ નિશ્ચલિત યથાસ્વરૂપે કાયોત્સર્ગમાં રહે છે, અર્થાત્ ઉપર જણાવેલા પુણ્યાત્માઓ કાયોત્સર્ગનું જે રીતિએ આચ-રણ કરે છે તેજ મુદ્રાએ ચૈત્યવંદન કરવું. ગાથા–૨૮.

પ્રણિધાનની આવશ્યકતા.

ચૈત્યવંદનની સમાપ્તિમાં જે કરવા લાયક છે તે જણાવે છે. આથી પૂર્વે જણાવેલ-ચૈત્યવંદનની સમાપ્તિમાં વગી કુશલ એટલે શુભ પ્રણિધાન કરવા લાયક છે, અર્થાત્ સંસારની પરંપરા વધવાના હેતુ–ભૂત પદાર્થ પ્રાર્થનાદિ તે અશુભ કહેવાય છે, અને અત્ર તો શુભ-પ્રણિધાન કહેલું છે. એટલે આત્મ હિતકર પ્રાર્થના વિષયક એકાગ્રતા કરવાની છે. 'શુભ પ્રણિધાન કરવા લાયક છે.' એ કાર્યને કયા કારણથી કર્તવ્યરૂપે જણાવેલું છે, એ શંકાના સમાધાનમાં જણાવે છે કે જેના સેવનથી

સત્પ્રવૃત્તિ-વિઘ્નજય-સિદ્ધિ આદિ નિયમા થાય છે, તેથીજ શુભ પ્રણિધાન અવશ્યમેવ કરવા લાયક છે. પૂર્વે જણાવેલ પ્રણિધાન એટલે આત્મહિતકર—સાધન—સામગ્રી—રાયેાગાદિની પ્રાર્થનારૂપ એકાગ્રતાથી સદ્ધર્મ વ્યાપારમાં પ્રવર્તવાનું નિયમા બને છે. કારણ કે આ એક અવિચળ નિયમ છે કે "ઉત્પન્ન થયેલા મનેારથેાની વિદ્યમાન શક્તિમાંજ તે મનેારથની સિદ્ધિના અવન્ધ્ય કારણેામાં પ્રવર્તવાનું હેાય છે." અને તે હેતુથીજ પૂર્વે પ્રણિધાન પૂર્વની પ્રવૃત્તિ થાય થાય છે એમ જણાવ્યું. તેવીજ રીતે મેાક્ષ માર્ગમાં પ્રવર્તવાવાળાઓને જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ-અશુભ ભાવરૂપ વિઘ્નેાનું આવાગમન રહે છે, તેથી પ્રણિધાન પૂર્વક ઉત્પન્ન થયેલ શુભ ભાવ પુરઃસરની પ્રવૃત્તિમાં પ્રયત્નવન્ત પુણ્યશાળીઓજ વિઘ્નેાના વિજય કરવા ભાગ્યશાળી થાય છે; નહિંતર પ્રણિધાન જનિત શુભ ભાવ વગરની પ્રવૃત્તિમાં વિઘ્નેાથી પરાભવ પામવાનેા પ્રસંગ પ્રાપ્ત થાય છે. વિઘ્નેાનેા વિજય કરવાથી શુભ મનેારથ પૂર્વક પ્રારંભ કરેલાં ધર્મ વ્યાપાર એટલે ધર્માનુષ્ઠાનેાની યથાર્થ સિદ્ધિ થાય છે. અને તેજ પ્રમાણે પ્રણિધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય, તથા સિદ્ધિરૂપ નિષ્પત્તિને અનુસરનારાઓ આરંભેલા ધર્મના અનુષ્ઠાનેામાં અને સાથે સાથે બીજા અનુસરનારાઓ પણ રૈર્યતા ધારણ કરે છે. આથી પ્રવૃત્તિ-વિઘ્નજય અને સિદ્ધિ ઇચ્છનારાઓને અવશ્યમેવ પ્રણિધાન કરવા લાયક છે, કારણ કે પ્રણિધાનના અભાવમાં પ્રવૃત્તિ આદિની નિષ્પત્તિ થતીજ નથી. ગાથા ૨૯.

બેાધિ-પ્રાર્થના સદૃશ પ્રણિધાન.

પ્રણિધાન એ પ્રાર્થના સ્વરૂપ છે તેથી નિદાનની જેમ છેાડવા લાયક છે?, એ શંકા કરનારને ઉત્તર આપતાં જણાવે છે કે એમ નથી, કારણ કે પૂર્વે ૨૯ ઓગણત્રીસમા પદ્યના પૂર્વાર્દ્ધમાં 'કુસલં પણિહાણમો' એ પદેા જણાવેલાં છે. આથી કુશલ વિશેષણથી નિદાનપણાનેા પરિહાર કરેલેા છે. "संभवे व्यभिचारे च विशेषणमर्थवद्" આ ન્યાયથી વિશેષણની ત્યાંજ સફલતા છે કે જે સ્થળે સંભવ અને વ્યભિચાર ઘટી શકતેા હેાય. પ્રણિધાનમાં કુશલપણું અને અકુશલપણું સંભવી શકે છે તેથી સંભવ, અને કુશલપણું પ્રણિધાનની પરિમિત-મર્યાદા ઓલંગીને બીજા વિશેષ્યેા જેવાં કે કુશલ કારીગર, કુશલ વેપારી વિગેરેમાં કુશલનેા વપરાશ નજરે ચઢે છે તેથી તે વિશેષણ વ્યભિચરિત થતું હેાવાથી વ્યભિચાર; આથી જે વિશેષણ સંભવિત અને વ્યભિચરિત થતું હેાય ત્યારેજ તે વિશેષણ સાર્થક નિવડે છે. આથીજ વૃત્તિકાર ભગવાન્ સ્પષ્ટ કરે છે કે નિદાનપણું અકુશલ સાથે સંબંધ ધરાવે છે અને કુશલ સાથે તેા નિદાનપણા પરિહાર સ્પષ્ટ થયેલ હેાવાથી કુશલ પ્રણિધાન અવશ્યમેવ કરણીય છે. વિશેષણના ફલને અર્થાત્ ઉપર જણાવેલા સાર્થક ફલને અવધારણ નહિ કરનાર-મન્દમતિધારિ શિષ્યની શંકા દૂર કરવાને શાસ્ત્રકાર આ પદ્યમાં "एत्ता चिय ण णियाणं पणिहाणं" આ પદેા જણાવે છે. અને સમર્થન કરે છે કે જે કારણથીજ પ્રણિધાન કુશલ છે, અથવા પ્રવૃત્તિ વિઘ્નજયાદિનેા હેતુરૂપ પ્રણિધાન કુશલ છે; આથીજ નિદાન એટલે આર્ત્તધ્યાનાદિ નથીજ; કારણ કે પ્રવૃત્તિ આદિ પુનીત આશયેાને વિશેષે કરીને તે ઉત્પન્ન કરનાર છે.

(ચાલુ)

આગમના અભ્યાસિઓને—

અંગાદિનો તથા નન્દ્યાદિનો અકારાદિક્રમ અને વિષયાનુક્રમ પૂર્વે પ્રકાશન થઇ ગયો છે, તેવી રીતે આગમના અભ્યાસિઓને અભ્યાસમાં અમોઘ-સાધન રૂપ નીવડી શકે તે હેતુથી ઉપાંગાદિનો વિષયાનુક્રમ અને તેના સૂત્ર પદ્યાદિનો અકારાદિક્રમ લેઝરપેપરમાં પ્રતાકારે લગભગ પંદર ફારમમાં નિર્ણયસાગરના ટાઇપમાં છપાયેલ પ્રકાશન થઈ ચૂક્યો છે. અસહ્ય મોંઘવારી છતાં પ્રતિ એકની કિંમત રૂ ૪-૮-૦

શ્રીસ્થાનાંગ-સૂત્રના વ્યાખ્યાનો.

પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-આગમોદ્ધારક-પ્રો.આનન્દસાગરસૂરીશ્વરજીએ શ્રી સ્થાનાંગ-સૂત્ર ઉપર જે અમોઘ-દેશનાઓ આપી હતી, તેના ગ્રંથ સંયયરૂપે નીચેની ભરપક્ક બીનાઓથી ભરપૂર ગુર્જર-ભાષામાં પ્રકાશન થઇ ચૂક્યો છે.

પાંચ-મહાવ્રતોનું શંકા-સમાધાનપૂર્વકનું દાખલા-દલીલોથી ભરપૂર કથન, અકાટય-સિદ્ધાંતો, અને રસવર્ધક દૃષ્ટાંતો-કીસ્સાઓ તથા કહાનીઓ; અને અહિંસાદિનું સ્વરૂપ સૂક્ષ્મ-રીતિએ ઝીણવટથી પ્રતિપાદન કરેલું છે, કે જે વિદ્યાપીઠની ઉચ્ચ પદ્વી પ્રાપ્ત કરનારાઓ માટે આ અપૂર્વ સાધન છે. ઉચ્ચકક્ષાના વિદ્વાનોને અને સામાન્ય વાંચકોને અનેરો આનંદ આપવા સમર્થ આ સ્થાનાંગસૂત્રના વ્યાખ્યાનોને જલ્દી પ્રાપ્ત કરવા ભલામણ છે. ક્રાઉન સાઇઝ ૪૦૦ પેજ અને સુશોભિત બાઈન્ડીંગમાં તૈયાર થયેલ ગ્રંથની કિંમત રૂ. ૫) છે.

તા. ક: —ઉપરના બંન્ને ગ્રંથોનું પ્રાપ્તિસ્થાનઃ—

શ્રીજૈનાનંદ પુસ્તકાલય,

ઠે૦ ગોપીપુરા, મુ. સુરત.

ભેગી કરેલી રકમની વ્યવસ્થા.

ગોધરાના જૈનોને દોનારતના પ્રસંગમાં મદદ કરવા માટે ખાનદેશના જુદા જુદા ગામોએ મળીને જે રકમ ભેગી કરી હતી, તે રૂ. ૧૬૦૦૦) અગીઆર હજાર ઉપરાંતની રકમનું અનાજ ગોધરાના જૈન કુટુંબોમાં આપવાનો પ્રબંધ શીરપુર-પશ્ચિમ ખાનદેશના આગેવાનોએ જાતે જઇને કરેલો છે. ૯૦ કુટુંબોમાં અનાજ અપાઈ ગયું છે, અને લગભગ પચીસ ઉપરાંતના કુટુંબમાં અપાઈ જશે; માટે પૈસા ભરનારાઓએ ખર્ચાયેલ રકમથી સંતોષપૂર્વક અનુમોદન કરી કૃતાર્થ થવું.

પૂ. સાધુ-સાધ્વીઓને—

વિહાર બાદ સિદ્ધચક્ર માસિક ગેરવલ્લે ન જાય, માટે ચોકસ સરનામું લખી મોકલવા વિનંતી છે સિદ્ધચક્રનો ત્રીજો અંક રવાના થવા પહેલાં સરનામું નીચેના સ્થળે તુરત લખી મોકલશોજી.

લિ૦ તન્ત્રી.

ઠે૦ શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,

ચાંલ્લાગલી ગોપીપુરા, મુ. સુરત.

'भगवंताणं' नुं रहस्य.

श्रीकैलाससागरसूरि ज्ञानमन्दिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि. ३८२००९

આલેખનકારઃ—પૂ. પં.-પ્રવરશ્રીચંદ્રસાગર-ગણીન્દ્ર

'नमोत्थुणं' આ પુનીત પદથી પ્રારંભ કરાતાં સૂત્રને 'नमोत्थुणं' એ નામથી, અથવા **शक्रस्तवना** નામથી સમગ્ર જૈન જનતા જાણે છે. આ સૂત્ર ઉપર **ललितविस्तरा** એ નામથી પ્રસિદ્ધિ પામેલી ચૈત્યવંદન વૃત્તિને પૂ. **શ્રી હરિભદ્રસૂરીશ્વરજી**એ કરેલી છે, અને તે ઉપર સહસ્રાવધાની **શ્રી મુનિસુંદરસૂરિજી**એ પંજિકા રચી છે. આ શક્રસ્તવની પંજિકામાં શરૂઆત કરતાં ઉત્પત્તિમત્તાને લીધે સ્તોતવ્ય-સંપદામાં જણાવેલાં **'नमोत्थुणं, अरहंताणं, भगवंताणं'** આ ત્રણ પદો છે. આ પ્રાકૃત-ભાષા-બદ્ધ ત્રણ પદોને **नमोऽस्तु, अर्हद्भ्यः, भगवद्भ्यः**, એ રીતિએ સંસ્કૃત ભાષામાં અવતરણ કરવાથી અરિહંત-ભગવંતોને નમસ્કાર થાઓ. એ ત્રણ પદોનો સમુદાય અર્થ થાય છે.

આ સંપદામાં અંતિમ પદ **भगवंताणं=भगवद्भ्यः** છે, તે પદની **'भगवद्पत्ता'** ને સુસંગત-યુક્તિ યુક્ત-કલ્પનાઓથી વાસ્તવિક રીતિએ વિચારતાં **प्रातःस्मरणीक-पूज्यपाद-गीतार्थ-सार्वभौम—आगमोद्धारक-पू. गुरुदेव—श्रीआनन्दसागर—सूरीश्वरजी**એ જણાવેલાં વિચારોને મૂર્ત-સ્વરૂપે વાંચક-અભ્યાસિઓના લાભાર્થે અવશ્યમેવ વિચારણીય હોવાથી, અને પરિશીલનીય હોવાથી, આ લેખમાં અત્ર જણાવાય છે. અને તેજ વિચારોને અનુસરીનેજ આલેખન કરાયેલું છે.

'भगवंताणं'-भगवद्भ्यः એ પદમાં भग શબ્દથી સમગ્ર-ઐશ્વર્યાદિ છ પદાર્થ લેવાય છે, અને તે માટે શાસ્ત્રકારો જણાવે છે કે.—

ऐश्वर्यस्य समग्रस्य, रूपस्य यशसः श्रियः ।
धर्मस्याथ प्रयत्नस्य, षण्णां भग इतीङ्गना ॥१॥

[પછી માટે જુઓ ટાઇટલ પેજ ૨ જું]

श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि ३८२००९

श्री सिद्धचक्र.

ॐ नमः सिद्धचक्राय, शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

भावार्थः—शाश्वत आनन्दने देनारा श्री सिद्धचक्रने नमस्कार थाओ. अने सर्व मन्त्रोने विषे आ मन्त्र अचिन्त्य-चिन्तामणिनी जेम आचरण करे छे. —**आ. बो.**

पारमार्थिक—आराधना.

आलेखनकारः—**पू. पंन्यासप्रवर-श्रीचन्द्रसागर-गणीन्द्र.**

मालवा-मेवाड-मारवाड आदि प्रदेशोमां पूर्णिमाओ मासनी पूर्णाहुति थती होवाथी अने कृष्ण पक्षनी एकमथी बीजा मासनी शरुआत थती होवाथी, तथा शास्त्रीय रीति पण ते मुजब होवाथी गुजरात आदि प्रदेशोमां गणाती अने मनाती मागशर वद १० नेज पोष दशमी कहेवामां आवे छे; कारण के गुजरात आदि प्रदेशोमां अमावास्याओ महिनानी पुर्णाहुति थाय छे.

पोष-दशमीनी आराधना करनारे चालु वर्षमां पोष दशमीने शनीवार ता. २५-१२-४८ ना रोज (गुजरातमां मागशर वद १० ने शनीवार) कहेवाय छे तेज दिवसे आराधना करवी. आराधना करनाराओओ प्रगट प्रभावि श्री पार्श्वनाथना जीवन प्रसंगोने श्रवण करीने, वांचीने, विचारीने अने परिशीलन करीने जीवनमां ओतप्रोत बनाववानी जरुर छे. दश भवनी परंपरामां वैरनी वसुलात लेनार, अने एक पाक्षिक वैरने केळवनार कमठ प्रत्ये पण प्रभुओ समभावज केळव्यो छे. आराधना करनाराओ उभय टंक प्रतिक्रमण करशे, पडिलेहण अने देववंदननी क्रिया करशे, काउसग्ग करशे, खमासमणां देशे, त्रण दिवस एकासणां आयंबीलनी तपस्या करशे. **श्रीपार्श्वनाथना जन्म दिवस निमित्तनो** जाप जपशे, परंतु सेवा करनार सेवकोओ सेव्य कक्षामां रहेला प्रभु पार्श्वनाथनी मनोवृत्तिनु खूब खूब मनन करीने ते रस्ते जवाना मार्गमां **पगलुं क्यारे भरशे ?, अने भरवा उद्यमशील पण थशे ?, ते माटे ते जीवन जीवा अभ्यासि बनवुं** एज **पारमार्थिक आराधना छे.**

वी. सं. २४७५
वि. सं. २००५
वर्ष १५-अंक-६

प्रकाशिका—
श्रीसिद्धचक्र साहित्यप्रचारक-समिति,
तन्त्रीः—पानाचंद रूपचंद झवेरी.
२२४, शेख मेमण स्ट्रीट—मुंबइ.

वार्षिक लवाजम
रू. ७-०-०
छुटक नकल एकना
रू. ०—४—६

[ટાઇટલ ૪ થા પેજથી ચાલુ]

ધ્રૂજતા વિદ્યાર્થીઓએ અભય ભણી આંગળી કરી.

અભયનો કાન પકડી અધ્યાપકે પૂછ્યું—"અયિ અભય! આ બધું શું ધતીંગ છે?"

અભયે આંખ ખોલી, શાન્ત રીતે ઉત્તર આપ્યો—"સાહેબ! મોતની વાટ જોઉં છું."

અભયનો આ વિચિત્ર ઉત્તર સાંભળી રમણલાલ તો વિચારમાંજ પડી ગયા. આશ્ચર્ય પૂર્વક એમણે પૂછ્યું—"મોતની વાટ કેમ જુએ છે?"

જરા નમ્ર બની અભયે કહ્યું—"આ ચાકુ આપને અતીવ પ્રિય હતું ખરું ને?"

રમણલાલે કહ્યું—"કેમ નહિ. આ ચાકુ મને પ્રિય હતું, એટલેજ તે તોડયું ખરું ને?"

અભયે શાન્તિ પૂર્વક ઉત્તર વાળ્યો—'સાહેબ! આપને આ ચાકુ પ્રિય છે એટલે કાંઇ મેં જાણીને તોડયું નથી; પણ હું મારી પેન્શીલ આ ચાકુ વડે છોલવા ગયો ત્યાં હાથમાંથી પડી ગયું, અને તૂટી ગયું ચાકુ તૂટતાંની સાથે મારા સાંધા ભયના લીધે તૂટવા લાગ્યા, અને હૃદય ધ્રુજવા લાગ્યું; અને મેં ઝેર ખાઈને મરી જવાનો વિચાર કર્યો."

રમણલાલ વચ્ચે જ બોલી ઉઠયો—"વિચાર કરી કેમ અટકી ગયો? ઝેર કેમ ન ખાધું?"

એક નિઃશ્વાસ નાંખી અભયે કહ્યું—"સાહેબ! એ પણ અખતરો કરી જોયો."

ચકિત થતા રમણલાલે પૂછ્યું—"કેવી રીતે?"

એણે કહ્યું:—આપ કહી ગયા હતા ને કે "આ મીઠાઇ ઝેરવાળી છે."

મીઠાઇનું નામ સાંભળતાં જ રમણલાલ ચમક્યા. એમણે જોયું તો જણાયું કે, મીઠાઇનું પડીકું તો ત્યાંથી કયારનું ય અદશ્ય થઇ ગયું હતું. હવે તો અધ્યાપકનો મીજાજ કાબૂમાં ન રહ્યો—"લૂચ્ચા! પાજી! મીઠાઇ પણ ખાઈ ગયો કે શું?"

ઠંડે કલેજે અભયે કહ્યું—'સાહેબ! મારો આશય મીઠાઈ ખાવાનો તો હતો જ નહિ. મીઠાઇ ખાતી વખતે તો મારી આંખમાં પારૂી વ્હેતું હતું. પણ શું કરું? ખાધા વિના મારો છૂટકારો ન હતો. ચાકુ તૂટતાં જ હું સમજી ગયો કે, માસ્તર મને મારી મારી ને રોટલા જેવો કરી નાંખશે, અને ફજેતી કરશે તે નફામાં. એ ભયથી મેં ઝેર ખાઈને મરી જવાનો નિશ્ચય કર્યો. એટલામાં આપનું વચન યાદ આવ્યું કે, મીઠાઈ ઝેરવાળી છે. એટલે મેં વિચાર કર્યો કે ઝેર લેવા વળી કયાં જાઉં? આ મીઠાઇ જ ખાઇ જાઉં. એટલે મોત આવી જશે. આથી મેં આંખો મીચીને, ભગવાન્ મહાવીરનું નામ લેઇને, હૈયું કઠિન કરીને બધી મીઠાઇ ખાઈ, ગયો—અરે, બધું ઝેર ખાઇ ગયો અને આંખ બંધ કરીને મોતની વાટ જોઈને બેઠો હતો, પણ, સાહેબ હું કમનસીબ છું કે મોત ન આવ્યું એના પહેલા આપ જ આવીને ઉભા રહ્યા!"

અભયના આ તર્કશુદ્ધ ઉત્તરથી—મીઠાઇ અને ચાકુ માટે શોક કરવો કે અભયના રમુજી ઉત્તર માટે હસવું કે પોતે-બોલેલા અસત્ય માટે મોન સેવવું એ ત્રણેમાંથી એકે ન સમજ્યું. એટલે મુંઝાએલા રમણલાલે હસીને કહ્યું—"એ તો તમે મીઠાઈ ખાઇ ન જાઓ એટલા માટે મેં તમને કહ્યું હતું કે મીઠાઈ ઝેરવાળી છે."

સંપૂર્ણ ગંભીર બની અભયે કહ્યું—"અધ્યાપકજી! હું નહોતો ધારતો કે આપ મારા અધ્યાપક બની આવું હડહડતું જુઠું બોલશો!, અને અમને આવા સંસ્કારનો વારસો આપશો. શું સત્યના અધ્યાપકો જ અસત્યના શિક્ષક બનતા હશે?, શું ભગવાઈના વેપારીઓ જ ખૂરાઈના દલાલ બનતા હશે?"

નિશાળ છૂટી ત્યારે રમણલાલે ગદ્‌ગદ્ કંઠે કહ્યું—"અભય! ખરેખર, તે મને સાવધાન કર્યો"

અશ્રુમિશ્રિત નયને અધ્યાપકના પગમાં પડી અભયે એટલું જ કહ્યું—"અપરાધ માફ કરશો."

[અનુસંધાન-પૃ. ૪૮ થી ચાલુ]

પર્યંતના વરઘોડા વિગેરે સઘળાં વિધાનો દેવ દેવેન્દ્રો કરે છે, આથી તીર્થંકર નામકર્મની પ્રથમ પૂજ્યતા રૂપ ફલ સૃષ્ટિ સમક્ષ સુપ્રસિદ્ધજ છે. પરંતુ પ્રવૃત્તિદ્વારાએ સકલ-જગતના ઉદ્ધારનું કાર્ય તો દીક્ષા લીધા પછી ગામોનુગ્રામ વિહાર કરે, ઘોર તપશ્ચર્યાઓ કરે, પરિસહ ઉપસર્ગોને સહન કરે, ઘનઘાતી કર્મોને તોડે, અને કેવળજ્ઞાન પ્રગટ કરે પછી તીર્થની સ્થાપના દ્વારાએ અમોઘ-દેશનાઓ દેઇને દેશના પ્રવૃત્તિથી જગતના જીવોનું કલ્યાણ કરે છે, અર્થાત્ જગતના જીવોને કલ્યાણ માર્ગમાં જોડે છે. આ ઉપરથી તીર્થને સ્થાપન કરવાની, અને તીર્થની પરોપકાર અને લાભદાયિ-પ્રવૃત્તિ તો વાસ્તવિકરીતિએ કેવળજ્ઞાન પછીજ હોય છે. છતાં રાજ્ય-ગાદી-વારસ રાજકુમારની સરભરા-સેવા-ચાકરી રાજાની જેમ પ્રજાજન કરે છે, તેવીજ રીતે તીર્થની પ્રવૃત્તિ આદિ કરીને અનેકાનેક જીવોનું કલ્યાણ કરવા કરાવવામાં અમોઘ આલંબન રૂપ થવાના છે તે હેતુથીજ ચારે-નિકાયના દેવ દેવેન્દ્રો અને ગામ-શહેર-નગરનો જનસમુદાય ભક્તિ-સેવા-પૂજા-આદર બહુમાન કરી કૃતાર્થ થાય તેમાં નવાઇજ નથી. અને આથીજ તીર્થંકર નામકર્મની વાસ્તવિક પૂજ્યતા ચ્યવનના પ્રારંભથીજ હોય છે તેથીજ **आइगराणं** પદ પછી **तित्थयराणं** પદ સુસંગત રીતિએ મુકાએલ છે. (ચાલુ)

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૫. | મૃગશિર-માસ. | તંત્રીઃ
અંક-૩ જો. | તા. ૧૭-૧૨-૪૮. | પાનાચંદ રૂપચંદ ઝવેરી.

આગમોદ્ધારકની અમોઘ-દેશના.

[નોંધઃ—વિ. સં. ૧૯૯૦ ના કારતક વદ ૪ ના દિવસે પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-આગમોદ્ધારક-શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીએ અમોઘદેશના સુરત મુકામે આપી હતી, અને તેનો સારભૂત સંચય કરનાર પૂ. પં. શ્રીહેમસાગરજી પાસેથી તે (સંચય) મેળવીને, પૂ. પંન્યાસ-પ્રવરશ્રીચન્દ્રસાગરજી-ગણિન્દ્ર પાસે પેરેગ્રાફાદિ સુધારા વધારા સાથે તૈયાર કરાવીને અત્ર અપાય છે; છતાં પૂ. દેશનાકારના આશય વિરુદ્ધ કોઈપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની અત્ર ક્ષમા યાચીએ છીએ. લિ૦ તન્ત્રી.]

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. આપત્તિથી રક્ષણ કરનાર અમોઘ-પદાર્થ.

૨. જીવન નિર્વાહની જેમ શાસનની સ્થાપના અને સંચાલનમાં જ્ઞાનની જરૂર.

૩. અજ્ઞાનિઓને જ્ઞાની બનવાનો અમોઘ-ઉપાય.

૪. વૈદ્યને પસંદ કર્યા પછી વૈદ્યની સલાહ પ્રમાણે વર્તવું એજ હિતાવહ છે.

૫. વૈદ્યની સલાહમાં કે આપેલી દવામાં ડહાપણ કરવાનો હક્ક નથી.

૬. પસંદગી સાથે ગુલામી ગણનારાઓ અજ્ઞાનીઓ છે.

૭. અજ્ઞાન અને મિથ્યાત્વની મુંઝવણમાં મુંઝાયેલા ગુલામો.

૮. કર્મના રોગથી ઘેરાયેલા રોગીઓએ ગુરૂની આજ્ઞાને આધીન બનવું જ જોઈએ.

૯. અવિરતિની સ્પષ્ટ ઓલખાણ.

૧૦. દ્રવ્ય જીવનને અને દ્રવ્ય મરણને માટે આ જૈન શાસન નથી.

૧૧. વૈદ્યને ઠગનારા રોગિઓ.

૧૨. કુપથ્યને સેવવું અને રોગની બુમરાણ કરવી તે યોગ્ય નથી.

૧૩. હિંસા વર્જવાની પ્રતિજ્ઞામાંજ વિરતિનું વાસ્તવિક ધ્યેય.

૧૪. બીજાના પ્રાણોને અને પ્રાણ બચવાના કારણોને લક્ષ્યમાં લીધા વગર વિરતિ ધર્મનું સેવન થતુંજ નથી.

૧૫. જીવનની દરકારવાળાઓ સુખદ-પણું કરી શકતાંજ નથી.

૧૬. શરીર-કુટુંબ-કબીલાની દરકાર રાખવાવાળાઓને જ્ઞાનની કિંમત નથી.

૧૭. વફાદાર-યોદ્ધાઓની વફાદારી.

૧૮. શાણા અને અણસમજુ દરદીઓની ઓળખાણ.

क्षायोपशमिके भावे या क्रिया क्रियते तया ।
पतितस्यापि तद्भाव प्रवृद्धिर्जायते पुनः ।।१।।

આપત્તિથી રક્ષણ કરનાર જ્ઞાન.

શાસ્ત્રકાર મહારાજા ન્યાયાચાર્ય શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપકારને માટે શ્રી અષ્ટકજી પ્રકરણને કરતાં થકાં આગળ જણાવી ગયા કે જીવન નિર્વાહ માટે જેમ જ્ઞાનની જરૂરી છે, તેમ શાસનની સ્થાપના અને સંચાલના જ્ઞાનને લીધે થતી હોવાથી, પ્રવર્તન અને સંયમનો આધાર જ્ઞાનને લીધે થતો હોવાથી જ્ઞાનની જરૂરીયાત સર્વ જીવોને કબુલ કરવાની જરૂર પડે છે. આ પ્રસંગમાં પોતે જ્ઞાની તેથીજ જ્ઞાનના ગુણો ગાયા તેમ નથી. જ્ઞાનના ગુણો સામાન્યથી જ્ઞાની જણાવી શકે છે. પોતે જ્ઞાની તેથી પોતાની મહત્તા માટે જ્ઞાનીઓએ જ્ઞાનના ગુણ ગાયા છે, તે સવાલ અહીં રહેતોજ નથી. નિરોગી મનુષ્ય ડાક્ટર, વૈદ્ય, હકીમની જે કિંમત કરે છે, તે કરતાં રોગી વધારે કિંમત કરે છે. નિરોગીને કોઈપણ પ્રકારની વેદના નથી. છતાં વેદના ટાળવા માટે જેવી વૈદ્ય, ડાક્ટર અને દવાની કિંમત રોગીને હોય છે; તેવી નિરોગીને ન હોય. જ્ઞાનીઓ જે આપત્તિને પામતા નથી, તેનું ખરૂં કારણ એ છે કે જ્ઞાન આપત્તિથી રક્ષણ કરનાર પદાર્થ છે તે તેમને મલ્યો છે.

અજ્ઞાની પણ જ્ઞાની થાય.

જ્ઞાનીઓ નિરોગીના સ્થાનમાં છે, ત્યારે અજ્ઞાનીઓ અજ્ઞાનની આપત્તિમાં રોગિના સ્થાનમાં સપડાએલા છે. અજ્ઞાનીઓ જ્ઞાનની ઘણી કિંમત કરે છે. જેમની અક્કલ સામાન્ય હોય, જેને જ્ઞાન ચઢતું નથી તે વધારે અફસોસ કરે છે, વિચારો આ જગોપર જ્ઞાનની અનુમોદના અજ્ઞાનીએ કરી કે નહિં ? અજ્ઞાનીઓ જ્ઞાનવાળાની ગરજ રાખે છે ત્યારે શું આથી એમ માની શકીએ કે અજ્ઞાનીઓ પણ જ્ઞાનનો મહિમા ગાય છે, જ્ઞાની માત્ર જ્ઞાનનો મહિમા ગાય છે, તો પછી અનંતાનંત જીવો અજ્ઞાની છે. એ બધા જ્ઞાનનો મહિમા કયાં ગાય છે ? અજ્ઞાની ટુંકી મુદતમાં જ્ઞાન મેળવવાનો છે, અને તેથી પણ જ્ઞાનની કિંમત સમજનારો થાય છે. અજ્ઞાની હોય તો તે અજ્ઞાની ટુંકી મુદત માટે જ્ઞાનની કિંમત કરે. જે અજ્ઞાની છતાં જ્ઞાનની કિંમત કરે તે લાંબી મુદત અજ્ઞાની રહે નહિ. આ વાત માની લઈએ તો અનાદિનું અજ્ઞાન જીવન છે તે વાત ટકે નહિં, એક બાજુ અનાદિનું અજ્ઞાન રાખવું છે. બીજી બાજુ અજ્ઞાની જ્ઞાનીની અનુમોદના કરે છે, તેથી ચાલુ દરદવાળો પણ વૈદની, ડાક્ટરની, અને દવાની કીંમત કરે છે; તો અજ્ઞાની જ્ઞાનની કિંમત કરે. જે અજ્ઞાની છતાં જ્ઞાનની કિંમત કરે તે ટુંક મુદતમાં જ્ઞાની થાય.

ડહાપણ કરવાનો હક નથી.

આપણે સામાન્યપણે કહીએ છીએ કે દરદીઓ ડોક્ટર વૈદ્ય અને દવાની કિંમત કરે છે વૈદ્યની સલાહ પ્રમાણે દવા લે તે રોગી હોય તો પણ નિરોગી થાય, તેમ અહીં જ્ઞાનને ચાહનારો, આરાધનારો, જ્ઞાનીની ભક્તિ બહુમાન કરનારો એવો અજ્ઞાની પણ ટુંક મુદતમાં જ્ઞાની થાય તો અનાદિના અજ્ઞાની રહ્યા, કેમ ? અજ્ઞાની જ્ઞાનની કિંમત કરતા નથી, અને અજ્ઞાની જ્ઞાનની કિંમત કરે તો જ્ઞાની થાય તે માનવું નથી. એ બંન્નેના સમાધાન સમજવાની પહેલી જરૂર છે. ડોક્ટર વૈદ્યના હાથ નીચે રહેલો રોગી થોડા દિવસમાં સારો થઈ જાય, વ્રત અગર દીક્ષાને અંગે એકજ જણાવ્યું છે, કે તમે તીર્થંકર અગર ગુરૂને વૈદ્ય સમજો. વૈદ્યની માવજતમાં રહેલો દરદી ફલાણું ન ખાઈશ ત્યાં 'કેમ ?' એ કહેવાને દરદી હકદાર નથી, તે તો વૈદ્યજ જાણે. દરદી ખુલાસો કરવા માંગે તો વૈદ્ય ખુલાસો કરતો નથી. દરદીને દવા કઈ કઈ અપાય છે. તેમ કહેવું, અગર પુછવું એ શાણા દરદીને પુછવાનો હક

નથી. કદી અક્કલ શૂન્ય દરદી પુછે તો વૈદ્યને દવા કઈ તે કહેવાનો હક નથી. "આમ વર્તવું", "આમ રહેવું" આ બધું દરદીએ કબુલ કરી લેવું જોઈએ. તેમ અહીં દરેક ધર્મ ક્રિયા કરનારે તીર્થંકરના વચનો આગળ કે હુકમ આગળ, ગુરૂની આજ્ઞા આગળ કે સલાહ આગળ ધર્મ ક્રિયા રૂપી વૈદ્ય અને ક્રિયા તે આગળ ડહાપણ કરવાનો હક નથી.

પસંદગી સાથે ગુલામીનો સંબંધ નથી.

શું પૂર્વે જણાવેલ વાતથી તમે એક ગુલામી લખાવો છો? વાત ખરી. વૈદ્ય પસંદ કરવો, કયા કયા ડાકટરને પસંદ કરવો, તે તમારી મરજીની વાત છે, તેમ કયા દેવને માનવા?, કયા ગુરૂને માનવા?; તે તમારી મરજીની વાત છે. વૈદ્ય ડાકટરની બાબતમાં કયા વૈદ્ય ડાકટર પાસે દવા કરાવવી તે તમારી મરજીની વાત, પણ તેની પાસે દવા કરવા માંડી પછી તેમાં તમારૂં ડહાપણ કામ ન લાગે. પસંદગી તમારા હાથમાં, અને પછી ગુલામી માને તે યુકત નથી. તમે પ્રેસીડેન્ટ તમારે હાથે ચુંટો, અને પછી તેના હુકમમાં રહેવું પડે તેને ગુલામી ગણો છો? આજકાલ છાપાં વાંચનારા જાણતા હશો કે પ્રેસીડેન્ટપણામાં તે કેવી સત્તા ધરાવે છે? અમેરિકા સરખો દેશ ધન કયાં નાંખવું?, તેનો સઘળો વિચાર તેવા દેશમાં પ્રેસીડેન્ટ કરે છે. એમ હિત લાગ્યું કે અંકુશની જરૂર છે, એકસો ડોલરથી વધારે રોકડા રાખે તેને આટલો દંડ છે; તે નક્કી કરે છે તેને પ્રજા પુછે છે કે કેમ?, પોતાની પસંદગીથી કરેલા પ્રેસીડેન્ટ એ હુકમ કરે તો તે બધી પ્રજાને અમલમાં મુકવો પડે છે, તેને કોઇ ગુલામી ગણતું નથી.

અજ્ઞાન અને મિથ્યાત્વના ગુલામ

તમને દેવ ગુરૂ પસંદ કરવાની સત્તા સ્વતંત્ર, પણ તમે એ સ્થીતિ રાખો કે પ્રેસીડેન્ટ ચુંટવો છે ને તેમના હુકમમાં રહેવું નથી. અમે કોઇના બંધાએલા નથી આપણી પસંદગીથી કરેલા પ્રેસીડેન્ટના હુકમમાં રહેવું નથી તો પછી તમે આખલા જેવા કે બીજા કોઇ? જેમાં બહુમતીથી વાંકા રહી પ્રેસીડેન્ટ કબુલ કર્યો હોય ત્યાં અમારી મરજીથી કહેવું એ પાલવતું નથી. આ તો તમારી મરજીથી અરિહંત દેવ માન્યા, સાધુ ગુરૂ માન્યા, છતાં ગુલામી કહો તો મૂર્ખાઈ છે. અલ્પમતિવાળાને બહુમતીવાલાને તાબે થવું પડે છે. દુનીયામાં જર્મની, ફ્રાન્સ, ઈગ્લાંડ દરેક જગોએ બહુમતીવાલાને અલ્પમતિવાળાઓએ તાબે થવું પડે છે તે હુકમમાં પોતાની મરજીનો અવકાશ રહેતો નથી. જેમાં પોતે વિરૂદ્ધ છતાં બહુમતીથી પાસ થએલા પ્રેસીડેન્ટને માનવાને તૈયાર રહેવું પડે છે. ત્યાં ગુલામી કહેવાતી નથી. અહીં તમારી ઉપર બહુમતિના બાહુનું જોર કોઈ જમાવતું નથી. એકલા તમારા આત્માનીજ સંમતિ હોય તે પસંદ કરવાનો તમને હક્ક છે. એકલાજ તમે અરિહંતને દેવ કે ક્ષેત્ર માનો તેમાં કોઈનું જોર નથી. આવી સ્થીતિમાં ગુલામી શબ્દ વાપરનાર ગુલામી કોને કહેવાય તે પણ સમજતો નથી. ગુલામી શબ્દ બોલનાર અજ્ઞાનને મિથ્યાત્વનો ગુલામ છે. દુનીયાદારીમાં પસંદ કરેલા પ્રેસીડેન્ટથી વિરૂદ્ધ ચાલનાર રાજદ્રોહી ગણાય. અહીં આપણી પસંદગીથી અરિહંતને દેવ, સાધુને ગુરૂ ગણીએ પછી, મરજી માફક વર્તીએ તેનો અર્થ શું?, વૈદ પસંદ કરવો, તે તમારી મરજીની વાત પણ વૈદને પસંદ કર્યા પછી, વૈદની ટ્રીટમેન્ટમાં રહો, અને તેના કહ્યા મુજબ વર્તવું તે ગુલામી નથી પણ જલદી નિરોગી થવાનો રસ્તો છે. પસંદ પણ કરવા છે ને હુકમ માનવો નથી.

अरिहंतो महदेवो, जावज्जीवं सुसाहुणो गुरुणो, जिणपण्णत्तं तत्तं अहः सम्मत्तं मए गहिअं ॥१॥

એ બોલવા તૈયાર, અને પાછા ગુલામ છીએ, એ કહેવું તે ખરેખર મિથ્યાત્વ અને અજ્ઞાનના ગુલામ હોય તેવાથીજ આવા વચન નિકળે. યાવજ્જીવ સુ-સાધુનેજ ગુરૂ માનું. આવું પસંદગીથી પાસ કરેલું છતાં ગુલામી ગણાવે, અને તેઓ ધરમના રસ્તા બતાવે તે વખતે ગુલામી યાદ આવે છે. જેઓ મિથ્યાત્વ કે અજ્ઞાનના ગુલામ ન હોય તેને એ થાય કે મારા હિતને અંગે આમનું કથન છે. આ અપેક્ષાએ ધર્મવાળાને વ્રતવાળાને સાધુને એકજ કહ્યું કે વૈદની સલાહ પ્રમાણે દરદી વર્તે તેમાં પોતાના ડહાપણનો અવકાશ નથી,

પસંદગીથી નક્કી કરેલાને આધીન બનો.

વૈદક-શાસ્ત્ર જે વૈદ્યના મગજમાં છે. તે વૈદ્ય તમને શી રીતે સમજાવે ?, કઈ રીતે ગુણ થાય અને કઈ રીતે અવગુણ થાય ?; તે બધા-ગુણ અવગુણ દરદીને શી રીતે સમજાવે ? દવાના ગુણ અવગુણ પુછીને રોગી નિરોગી થવા પામે નહિં. તેમ જેના ગુણ અવગુણ અતીંદ્રિય છે. તેમાંજ શ્રદ્ધાજ રાખવી જરૂરીની છે. વૈદ્યે વાલ ખાવાની ના કહી, અને વૈદ્યને પુછી લીધું કે રોગ વાયુથી છે તો શું વાલ વધારે છે ?, તે વૈદ્ય હા કહે છે કારણ કે પ્રત્યક્ષ વિષય છે. તે છતાં બાવ ને બીજે દહાડે હેરાન થાવ તો વૈદના વચનમાં શ્રદ્ધા વધુ બેસે છે. કવીનાઈનમાં કયું તત્ત્વ છે. એમ પુછો તો ? કયા દરદીએ વૈદ પાસે દવા લેતાં એક એકના કયા ગુણ અને અવગુણ છે તે બધું પૂછ્યું. કહો તો પછી દવા લઈશ; એવો દરદી કોણ ? એકે નહિં: જેને મેડીકલ લાઈનના ઉપરીઓએ પાસ કરી મોકલ્યો; તેમાં કદી કેટલાક ડોડી નિકળે તેથી બધા ડાકટર પાસેથી હકીકત મેળવવાને દરદીઓ હકદાર થઈ શકેજ નહિં. તેમ સર્વજ્ઞ શાસનથી પાસ થએલા દેવ ગુરૂ તેમને પુછો કે દાન દેવાથી; શીલ પાલવાથી, તપ કરવાથી પુન્ય થાય છે, તેની ખાત્રી કરી બતાવો; તો દાન અને શીલ કરીએ. અતીંદ્રિય વિષય દાન દેવામાં પુન્ય થયું તે શી રીતે દેખાડવું ?, શીલ પાલ્યું તેમાં સંવર થયો તે શી રીતે દેખાડવો ?, તપસ્યા કરી તેમાં નિર્જરા થઈ તેમાં નિર્જરા શી રીતે બતાવવી ?, મેં પવિત્ર ભાતના રાખી છે તેનું ફળ બતાવો ડાકટરી લાઈનમાં વૈદ્ય કે ડાકટર કયા લેવા તે તમારી પસંદગીની વાત છે, પણ પછી ટ્રીટમેન્ટમાં તે ડાકટરને આધીન બરાબર રહેવું જોઇએ. તેમ વ્રતવાળાએ સર્વજ્ઞ શાસનમાં દાખલ થનારે દરદીની માફક હુકમ પ્રમાણે વર્તવાની જરૂર છે. જેમ દરદી વૈદ્યની સલાહમાં વર્તે, પોતાને દિવસે દિવસે થતા ગુણને લીધે અનુમોદના કરે, તો તેથી તે રોગીને અપૂર્વ આનંદ આવે.

ઇંદ્રિય અને મનના કુપથ્યો છોડાવનાર.

હવે મૂળવાત કઈ છે ?, તે વિચારીને જેમ દરદી વૈદ્ય, ડાકટર; અને દવાની ગરજ સમજે છે, કીંમત અને ઉપગાર સમજે છે તેમ અજ્ઞાની જીવો જ્ઞાનીની અને જ્ઞાનની ગરજવાળો હોય, કીંમત સમજનારો હોય તેવોજ અજ્ઞાની ટુંક મુદતમાં જ્ઞાની બને. આ નિયમ સાચો માનીએ તો આ જીવ અનાદિનો અજ્ઞાની રહી શકેજ નહિં, મુગ્ધ દરદી ત્રણ મહિના, છ મહિના, બાર મહિના, દોઢ વરસ; એ વરસ કે અઢી વરસ યાવત્ પાંચ વરસની મુદત થઈ હોય પણ તે મુગ્ધ દરદી દરદની પીડા ભોગવે છે, અને દવા અને ડાકટરની વાત કરવા વખતે રોગી રોવા માંડે તો પછી રોગી નિરોગી કેવી રીતે થાય ?, સમજણવાળો દરદી ચરીપાળવાની વાત આવે ત્યાં વૈદ્ય ડાકટરને ઠગું છું, એમ માનતો હોય. ચાર આંગળની લુચ્ચી દલાલણ માટે હોંશિયારી કેળવું છું એમ માને છે. ચાર આંગળની લુચ્ચી દલાલણ (જીભ) ને અનુસરનારા રોગીઓ ઉંચા નંબરનો વૈદ્ય ઉંચા નંબરની દવા; અને એકાંત હીતકારી વગર ફીએ દવા દેનારા વૈદ્યને પણ ઠગવામાં પોતાની બહાદૂરી ગણે છે તેવાઓનું શું થાય. કુપથ્યને ટાળે નહિં એ બધું શાને લીધે થાય છે ?, આ દલાલણનો દોર આપણી ઉપર જમેલો હોવાથી તે વખતે સમજુ હિતકારી મફત દવાવાળા વૈદ્યને ઠગવામાં રોગી એવા આપણે બહાદૂરી ગણીએ છીએ કુપથ્ય ટાળવાનું કહે તો ન ટાળીએ. જ્યાં જીભની ખાતર આ દશા થાય તો આ પાંચે લુચ્ચી દલાલણો વળગી છે, અને તેના દોરે ચાલીએ તો વૈદ્યની ખાતર વધારે કાબુ જીભ ઉપર મુકવાનો હોય છે. તે કાબુ ન મેલતાં દોર પ્રમાણે ચાલીએ, અને પાછા મગરૂર બનીએ; કેમ કર્યું ને ? ભલેને એ તો વૈદ્ય કહે, પણ હું કરૂં એમ નથી મફત દવા દેનારા હિતકારી વૈદ્યને પણ સામી ગાળ દે, તો પછી આ વૈદ્ય તો પાંચે ઇંદ્રિય અને છઠું મન બધાના કુપથ્ય છોડાવે છે.

અવિરતિ એટલે શું ?

પરમ જ્ઞાનવાન એવા વૈદ્યને ઓલંભો દઈ દો તો પછી આ વૈદ્ય તો પાંચે ઇંદ્રિયોના સરસ અને નિરસ બધા છોડાવે તો તેની સામા દાંતથી ચીડીયા કરે તે રોગી કેવો મૂર્ખો ગણવો ? આ તો સારૂં કે નરસું

બધું બંધ કરે, રસના ઇન્દ્રિયના વિષયો બંધ કરે, શુભ કે અશુભ બધા વિષયો બંધ કરે. તારૂં જીવ્યું જીવાવાનું નથી, અને મર્યું મરાવાનું નથી. જીવીએ કેમ ?, મરીએ કેમ ?; એ વિચાર કરવાનો તારે નથી ? પેલા વૈદ્યથી એ કહેવાતું નથી; પણ જ્ઞાનિ વૈદ્ય ખુલ્લા શબ્દોમાં કહે છે. કે જીવવું છે કે મરવું છે ?, જીવવું કે નહિં મરવું તેનો તારે વિચાર કરવાનોજ નહિં. પેલો વૈદ્ય આનું આયુષ્ય વધે, મરણ ન પામે, તેની શક્તિ ન હણાય, વિગેરેને તે ધ્યાનમાં રાખી વર્તે છે, જ્યારે આ વૈદ્ય જ્ઞાની હોવાથી શક્તિ હણે, અગર વધે, તેની દરકાર કરવાની ના પાડે છે. મારી હોસ્પીટાલ એ તમારા દ્રવ્ય જીવનને વધારવા માટે કે દ્રવ્ય મરણને ટાળવા માટેની નથી. મન ઇંદ્રિયની અનુકૂળતા માટે કંઈ પણ પ્રયત્ન કરવા માટે નથી. આ જીભની અનુકૂળતા ન રહે, એટલુંજ નહિં પણ અહીં પાંચે ઇંદ્રિયોનો વિષય આ આત્માને એકે અનુકૂળ નહિં. જીવન મરણને દૂર રાખવું તે તેના હાથમાં નથી. સારા ઉદ્દેશવાળો વૈદ્ય છતાં રોગી માટે આ ચાર આંગળની જીભલડી વાંકી છે. અહીં પાંચે ઇંદ્રિયોના વિષયો કુપથ્યજ છે. તમારી જીવન વૃદ્ધિની બુદ્ધિ, અને મરણ દૂર કરવાની બુદ્ધિ પણ અહીં કુપથ્ય તરીકે ગણી છે. આનો અર્થ અવળો ન લેતાં ધર્મ કરનારે પોતે જીવનની વૃદ્ધિ એથી બીજાના જીવનની, બીજાનું મોત થાય તેની દરકાર ન કરવી તેવો અર્થ નથી. કારણ કે બીજા જીવોની હિંસા વર્જવાની બુદ્ધિ ન રહે તેનું નામજ અવિરતિ. અવિરતિ કોનું નામ ?, છકાયના જીવોની હિંસા વર્જવાની બુદ્ધિ ન થવી તે છ અવિરતિ છે.

વિરતિનું સ્પષ્ટીકરણ.

આ જગોએ કહેશો કે અવિરતિનું નિરૂપણ તે તો કર્મબંધન થાય તે માટે કહ્યું છે. કર્મબંધન શાથી ?, હિંસા વર્જવાની બુદ્ધિ ન થઈ માટે ?, પૂછનાર પૂછી શકે છે કે કર્મબંધન રોકાય શાથી ?, છ કાયની હિંસા કરવાની પ્રતિજ્ઞા થાય તોજ કર્મબંધન રોકાય. અવિરતિ એ કયા રૂપે માનો છો ? હિંસા ન કરવી તેજ અવિરતિ, એટલે પ્રતિજ્ઞા રૂપે ન વર્જવી તેજ અવિરતિ. તમારે હિંસાએ હિંસા વર્જવી કે ન વર્જવી તેનો વિચારજ કરવાનો ન હોય તો વિરતિ જેવી ચીજજ નહિં રહે. બીજાના પ્રાણની હિંસા કરનાર ન થકું તેવી વિરતિ તે પ્રાણાતિપાત વિરમણ વ્રત કહેવાય છે. મહા વ્રત કર્યું ?, પ્રાણાતિપાત વિરમણ. બીજા જીવોની જે હિંસા અર્થાત્ તે તે જીવોના પ્રાણનો વિયોગ કરનારો હું ન થાઉં. બીજાના પ્રાણ ટકો કે ન ટકો તેવી સ્થીતિ હોય તો વિરતિ અગર તેના પરિણામ માનવા મુશ્કેલ પડશે. બીજાના પ્રાણના વિયોગના દરેકે દરેક કારણથી પાછા હઠવુંજ જોઇએ તે ખુદ વિરતિનું લક્ષણ છે.

મોક્ષ-માર્ગના મુસાફરોની મનોદશા.

તમારૂં દ્રવ્ય જીવન ટકે કે ન ટકે, તમારી ઇંદ્રિયની અનુકૂળતા સધાય કે ન સધાય, તેની દરકાર અહીં વિરતિ ધર્મસેવન કરવામાં આવશે નહિ. જીવન તરમાં એટલે જીવનમાં અને મરણમાં અભિલાષા વગરના રહો. કામને અંગે અભિલાષા વગરના રહો. તમારે ઇંદ્રિયોના વિષયો અનુકૂળ કે પ્રતિકૂળ થશે તેની દરકાર વિરતિ સેવન કરનારને કરવાની નહિં. પાટીયું સાચું તો વિરતિ-અવિરતિનો સિદ્ધાંત ખોટો. જો તે સિદ્ધાંત ખોટો તો પાટીયું સાચું, કાંતો પાટીયું ખોટું તો સિદ્ધાંત સાચો, કારણ કે બંન્ને પરસ્પર વિરોધી છે. પાટીયું કોને માટે છે ?, ભાવ માર્ગમાં આવેલા અને જે મોક્ષ માર્ગે ચઢેલા છે તે માટે જીવનની દરકાર, મરણની દરકાર; અને વિષયોની દરકાર હોતીજ નથી જેઓને મોક્ષમાર્ગની દરકાર હોય છે; તેવાઓએજ મારા દવાખાનામાં દાખલ થવાનું છે. જેને ઇંદ્રિયની અનુકૂળતા કે પ્રતિકૂળતા ચિંતવવાની નથી, તેઓને મોક્ષમાર્ગે ચઢેલા ગણાય છે, કારણ કે તેઓને જીવનની દરકાર નથી. મોક્ષમાર્ગની આરાધના થતી હોય તો મરણની દરકાર કરવી નહીં, મોક્ષમાર્ગે ચઢેલાઓને વિચાર આ હોય કે મારૂં જીવન ટકો અગર ન ટકો, મરણ દૂર થાવ અગર ન થાવ તેની મને દરકાર નથી. આ મોક્ષમાર્ગે ચઢેલા છે માટે

ઉપર પ્રમાણે વર્તવું જ જોઇએ, અને ન વર્તાય તે પોતાના જીગરથી મોક્ષમાર્ગે ચઢેલા નથી. મોક્ષ-માર્ગે ચઢેલા છે, માટે પરસ્પર જીવનની નુકશાની ન થાય તેમ વર્તવાનું છે. તેમ જગતના સર્વ જીવોને મરણનો ઉપક્રમ ન થાય તેમજ તે જીવોના જીવનને નુકશાન ન થાય તેમ વર્તવાનું છે.

વફાદાર યોદ્ધાઓ.

પોતાને માટે માર્ગની પ્રાપ્તિ માટે એમ રહેવું જોઇએ કે જીવન વધો કે ઘટો, મરણ આજ આવો કે કાલ આવો; તેની મને દરકાર નથી. સુભટને જીવનની દરકાર નહિં, પણ પોતાના જીવનમાં જીત મેળવવાની અપેક્ષાએજ જીવે છે. તેનો અર્થ એ નહિં કે જે હોય તેને મારી નાંખવો, અગર જેને તેને લુંટી લેવો માત્ર જીત મોટામાં મોટી વસ્તુ. જીતની અપેક્ષાએ પોતાના શરીર, કુટુંબ, પૈસાની દરકાર ન હોય. તેમ અહીં શ્રી જીનેશ્વર મહારાજના વાવટા નીચે ઉતરેલા યોદ્ધાને પોતાના જીવન મરણ વિષયોની દરકાર હોય નહિં. તેનો અર્થ એ નથી કે પારકાને લુંટવા અને જીવોને જીવિત મુકત કરવા તે નથી. દેશને રક્ષિત કરવો તેજ ઉદ્દેશ છે. તેમ મોહ રાજાને જીતવો છે, અને મોક્ષ મુલક મેળવવો છે. તે ઉપરથી વફાદાર શૂરવીર યોદ્ધો પોતાના માન મીલકતને કુરબાની કરતો હોય, તેટલા માત્રથી રાજ્યના જીવનને, રાજ્યની મીલકતને; અને દેશની આબરૂ લુંટવાનો હક્ક તે શૂરવીર યોદ્ધાને નથી. આ મોક્ષરૂપી મુલક મેળવવા માટે મોહમલ્લની સામાં મેદાનમાં પડવું હોય તેણે આ પ્રતિજ્ઞા કરવી કે મારૂં જીવન રહે તો શું ને જાય તો શું ? આ વાત વફાદાર યોદ્ધાઓ મેદાને જંગમાં ઉતરે તેમ પોતાના આત્મા માટે જણાવવામાં આવી છે.

પરંતુ રોગમાં ઘેરાયેલા હિતશત્રુ-રોગિઓ વૈદ્યોને જ્યારે ગળો ભાંડવા, અને તિરસ્કાર કરવા તૈયાર થાય, તો સમજવું કે હજુ વૈદ્યની કિંમત સમજ્યોજ નથી. પાંચ ઇંદ્રિયોના પ્રતિકૂળ વિષયો ફકત છોડવા તૈયાર થએલાઓ આ વૈદ્ય તરફ નજર ન કરે તે આશ્ચર્ય નથી. શાણો દરદી વૈદ્યની માવજતમાં રહેવાની સાથે કહેવા મુજબ વર્તે છે, તેમ અજ્ઞાનીઓમાં શાણો હોય અને અણસમજુ પણ હોય. દરદીમાં પણ બે ભાગ પાડયા દરદ અને દવાના ફાયદા સમજે તે ડાહ્યો, અને ન સમજે તે અજ્ઞાની, અને અણસમજુ દરદી. વૈદ્યથી ચિડતો રહે, તેમ જ્ઞાનને સારૂં નહિં ગણનારા આ અજ્ઞાની-મૂર્ખ-દરદીની જગો પર તેવાઓ અનાદિના અજ્ઞાની રહે તેમાં નવાઈ નથી. શાણા દરદીઓ વૈદ્યની માવજતમાં રહે તો ટુંક મુદ્દતમાં નિરોગી થાય. તેમ જ્ઞાનીની ભક્તિ-બહુમાનવાળા ટુંક મુદ્દતમાં જ્ઞાનમાં લહેર કરે તેમાં આશ્ચર્ય નથી. આથી જ્ઞાનીઓને જ્ઞાનની જરૂર છે, તે કરતાં અજ્ઞાનીને જ્ઞાનની વધારે જરૂરીયાત છે. આથી સર્વને જ્ઞાનની જરૂરીયાત થઈ, પણ જ્ઞાનની જરૂરીયાત સાધન તરીકે છે; પરંતુ સાધ્ય તરીકે નથી. જાણવા માત્રથી કચરો કે અંધારૂં ચાલ્યું જવાનું નથી. અંધારૂં ભાગી જવાનું કયારે ?, કચરાને અને અંધારાને જાણવાની જરૂર, પણ જાણવા માત્રથી તે ભાગી જવાના નથી. તેમ આત્માને લાગેલાં કર્મોને તે રૂપે ઓળખવાની જરૂર માટે જ્ઞાનની જરૂર છે. ઓળખવા માત્રથી સાધ્ય સિદ્ધિ સમજી લેશો નહિં જાણ્યા પછી કચરો કાઢવાની અને અજવાળું કરવાની ક્રિયા કરવી પડે છે તેમ જ્ઞાન થયા પછી ક્રિયા કરવાની જરૂર છે. સંવરને નિર્જરાને જાણ્યા છતાં આદરવાની પ્રવૃત્તિ ન કરો તો અંધારામાં રહેલાને અંધારૂં છે તે બોલે તેનો અર્થ બોલવા જેટલી દીલગીરી માનતો હોય, અને અંધારૂં કાઢવા માંગે તો પ્રયત્ન કરવાની જરૂર છે. આગળ ક્રિયાને અમલમાં મેલતો નથી. અંધારૂં કચરો જાણનારો તે દૂર કરવા પ્રયત્ન ન કરે તો હાથની આળસે મૂછ મોઢામાં આવે, તેમ અહીં જે આશ્રવ છોડવા માટે, બંધથી બચવા માટે, નિર્જરાની વૃદ્ધિ માટે, ઉદ્યમ ન કરે તો પણ તેવાજ છે. જેણે જીવનું, કર્મનું, બંધ-નિર્જરાનું સ્વરૂપ જાણ્યું તેવા પરિણામની વિશુદ્ધિ ન કરે ને માત્ર જાણ્યાજ જાય, તેમાં કશું વળે નહિં; તે માટે ક્રિયાની જરૂર છે. હવે તે ક્રિયા કેવી તે અધિકાર, અગ્રે વર્તમાન.

'भगवंताणं' નું રહસ્ય.

[નોંધ:—ચાલુ વર્ષના ગતાંક બીજામાં ઉપરના હેડીંગ નીચે આલેખન કરેલો લેખ વાંચકોએ વાંચ્યો હશે ?, અને વિચાર્યો પણ હશે ?; અને મનનપૂર્વકની વિચારણા કરનાર વાંચકોને **શ્રી અરિહંત ભગવંતોની ભગવદ્ભક્તારૂપ ઉદ્દેશને અનુલક્ષિને વિધેય તરીકે જણાવાતાં** પદો સુસંગતરીતિએ નીચે મુજબ જણાવાય છે. આ લેખને સુસંગત યુક્તિ-યુક્ત કલ્પનાઓથી વાસ્તવિક રીતિએ વિચારતાં પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-ગીતાર્થ-સાર્વભૌમ-**આગમોદ્ધારક-પૂજ્ય ગુરૂદેવ-શ્રી આનન્દસાગરસૂરીશ્વરજીએ** આપેલ પુનીત વિચારોને મૂર્ત સ્વરૂપે અત્ર વાંચકોના લાભાર્થે આલેખન કરાય છે, અને આલેખન કરનાર **પૂ. પંન્યાસપ્રવર-શ્રી ચંદ્રસાગરજીગણીન્દ્ર છે.** લિ૦ **તન્ત્રી.**]

તીર્થ આદિ-અનાદિ છે.

આસન્નોપકારિ વિભુ શ્રી મહાવીર મહારાજાએ આ શાસનની સ્થાપના કરી એમ કહેવાય છે, અને મનાય છે. પરંતુ પ્રવાહની અપેક્ષાએ પૂર્વ પૂર્વના તીર્થંકરોએ આ તીર્થની સ્થાપના કરેલ હોવાથી આ તીર્થ અનાદિનું છે એમ કહી શકાય, અને વ્યક્તિની અપેક્ષાએ વિચારીએ તો તે તે તીર્થંકરો તે તે તીર્થના આદિ સંસ્થાપક છે; એમ પણ કહેવામાં લેશભર અતિશયોક્તિ નથી. આથી પ્રવાહની અપેક્ષાએ અનાદિનું તીર્થ છે, અને વ્યક્તિની અપેક્ષાએ તીર્થની આદિ છે.

અનાદિ-તીર્થનું સ્પષ્ટીકરણ.

અઢાર કોડા કોડી સાગરોપમના આંતરે આ અવસર્પિણીમાં શ્રુત ધર્મની અને ચારિત્ર ધર્મની પ્રવૃત્તિનો પ્રારંભ કરનાર શ્રી આદિનાથ પ્રભુ છે એમ પણ કહી શકાય છે. છતાં સમ્યક્ત્વ પ્રાપ્તિના પૂર્વભવો વિચારીએ તો પ્રથમ ધનાસાર્થવાહના ભવમાં શ્રી ધર્મઘોષસૂરિનો સમાગમ થયેલો છે એટલે તે કાળમાં પણ તે તે તીર્થંકરોનું તીર્થ અને તે તે તીર્થના સાધુઓ પણ હશે, અર્થાત્ હતા. આ ઉપરથી ધનાસાર્થવાહનો પ્રથમ ભવ અને શ્રી ધર્મઘોષસૂરિનો તે સમય વિચારીએ તો, તે કાળના તે તે તીર્થંકરો અને તે તે સાધુઓ પણ હતા. આ રીતિએ વિચારતાં આ જૈન શાસનની સંસ્થાપનાની આદિ કરનારજ નથી, પણ તે સ્થાપના અનાદિ અનંતની છે; એમ બુદ્ધિમાનોને યુક્તિયુક્ત બુદ્ધિગમ્ય છે.

"आइगराणं" પદની સાર્થકતા.

હવે જ્યારે આ શાસનની આદિ કરનાર કોઈ નથી, તો પછી ભગવદ્ભક્તાના પ્રથમ પદાર્થરૂપ સમર્ગ-ઐશ્વર્યની વિધેયતાને પ્રતિપાદન કરનાર પ્રથમ પદ **आइगराणं=आदिकरेभ्यः**" ધર્મની આદિ કરનાર અર્થાત્ શ્રુતધર્મની અને ચારિત્રધર્મની આદિ કરનાર કેમ કહી શકાય ?, આ શંકાના સમાધાનમાં સમજવું જરૂરીનું છે કે શ્રુતધર્મની અને ચારિત્રધર્મની શરૂઆત કરવાની ભાવનાપૂર્વકનોજ આ જન્મ છે. દરેક તીર્થંકરોની એક પર્યાયાન્તકૃત્ ભૂમિ અનેક બીજી યુગાન્તકૃત્ ભૂમિ, એમ બંન્ને ભૂમિઓ પ્રતિપાદન કરાય છે, અર્થાત્ પૂ. તીર્થંકર ભગવંતોને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી મોક્ષમાર્ગ કયારે શરૂ થયો ?, અને પૂ. તીર્થંકર મોક્ષ સિધાવ્યા પછી કેટલી પાટ પરંપરા સુધી મોક્ષ માર્ગ શરૂ રહ્યો ?; આ બે ભૂમિની બીના સમજનારને રહેજે સમજાય તેવું છે કે મોક્ષ માર્ગનું શરૂ થવું અને બંધ થવું, બંધ થયા પછી પુનઃ શરૂ કરનાર તીર્થંકર ભગવંતોજ હોય છે. એટલે મોક્ષમાર્ગના અદ્વિતીય સાધન રૂપ શ્રુતધર્મ-ચારિત્ર ધર્મની શરૂઆત કરનાર તે તીર્થંકરોજ છે. એવીજ રીતે તે કાળે ભોગ-રંગમાં રંગાયેલું આ આખું જગત્ છે. ત્યાગ શું છે ? ત્યાગી શું છે ?, ત્યાગને ત્યાગના સાધન રૂપ શરીરને નભાવવાના કયા સાધનો છે ?, ભોગને છોડવામાં શો લાભ છે ?, ભોગના સાધનો ભોગવવામાં ભોગી આત્માઓની કઈ દુર્દશા થાય છે ?, આવાં અનેકવિધ

પ્રશ્નો ઉદ્ભવવાનીજ અસંભાવના છે. કારણ કે આખું જગત્ અને નાના મોટાં સઘળાંએ ભોગમાં રક્ત બની રહ્યાં છે. તો પછી ત્યાગ-ત્યાગી અને ત્યાગના સાધનની સમજ અને લાભની નજર થવી અશક્ય છે. આવા ભોગના ભીષણ પ્રવાહમાં આખું જગત્ તણાઈ રહ્યું છે તે અવસરે 'ત્યાગમાં સુખ છે', 'ભોગને છોડવામાંજ આત્માનું કલ્યાણ છે': આ વર્તનની પહેલ કરનાર એટલે ચારિત્ર ધર્મની આદિ કરનાર હોવાથી તીર્થંકરોને ધર્મની આદિ કરનારા કહેવાય છે. એટલુંજ નહિં પણ ચારિત્ર ધર્મને પાલન કરવાના અમોઘ સાધનાદિને પ્રતિપાદન અને કરનાર, શ્રુત ધર્મની આદિ કરનાર પણ તેઓજ છે. ત્યાગીઓને શરીર નભાવવાના આલંબન રૂપ પ્રાસુક આહારાદિ આપવાનું જે કાળમાં જે ક્ષેત્રમાં કોઇ સમજતુંજ નથી, અને ભગવાન્ સાથે દીક્ષિત થયેલા ચાર હજારોને સાધુપણું પણ મુકવું પડે છે તેવા ભીષણ પ્રસંગમાં **ધર્મની આદિ કરનાર** જો કોઇપણ હોય તો આ **તીર્થંકરો** છે. તેથી ભગવદ્ભક્તાના ઉદ્દેશને વધુ દ્રઢ કરનારા છ વિશેષણોરૂપ પદાર્થોમાં પ્રથમ વિશેષણરૂપ પદાર્થ **સમગ્ર-ઐશ્વર્યનું આ આદિગરાણં પદ સાર્થક રીતિએ ધ્વનિત થયેલું** છે. શ્રુતધર્મની આદિ કરનાર હોવાથી ચારિત્રધર્મની શરૂઆત કરનાર હોવાથી, સમગ્ર-લોકોદ્ધાર-કરવાની ભાવના પૂર્વક ગર્ભમાં આવેલા હોવાથી, અને ગર્ભસ્થાનમાં અંગુલના અસંખ્યાતમાં ભાગનું શરીર હોવા છતાં તે ભગવંતોને દેવ-દેવેંદ્રો નમન કરે છે માટે **સમગ્ર ઐશ્વર્યમાં પ્રથમ આઇગરાણં** પદ સુસંગત રીતિએ સાર્થક છે એમ નિર્મળ બુદ્ધિમાં સ્થિર થાય છે, અર્થાત્ નિઃશંક રીતિએ સુદ્રઢ થાય છે.

તીર્થંકરની નામ-કર્મની પ્રાથમિકતા.

પોતાની મેળે બોધ પામ્યા પછીજ તીર્થંકરો તીર્થ સ્થાપે છે, અને તીર્થ સ્થાપ્યા પછી શ્રુત-ચારિત્ર ધર્મની શરૂઆત કરે છે. માટે પ્રથમ 'સ્વયં સંબુદ્ધાણં' અને તે પછીજ "તીત્થયરાણં" એ પદ હોવું જોઇએ" એવી શંકા કરનારને સમાધાન આપતાં જણાવે છે કે તીર્થંકરોનું તીર્થંકરપણું ગર્ભમાં આવ્યા પછી તુરત શરૂ થાય છે, અને તેજ હિસાબે ગર્ભસ્થાનમાં આવેલા તીર્થંકરોનું શરીર અંગુલના અસંખ્યાતમાં ભાગનું છે, છતાં તેને દેવ-દેવેન્દ્રો નમે છે, અને પ્રથમ ચ્યવન કલ્યાણકની આરાધના કરે છે.

ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરવું કે ક્ષાયક પામવું, બહુશ્રુત થવું કે સંપૂર્ણ ચૌદ પૂર્વધર બનવું, અવધિજ્ઞાની થવું કે મનઃ પર્યવજ્ઞાની થવું, કેવળજ્ઞાનને પ્રગટ કરવું કે મોક્ષે જવું; આ બધા ભાવો એકજ ભવની મહેનતથી પ્રાપ્ત થઈ શકે છે, પરંતુ તીર્થંકરપણું પ્રાપ્ત થવું તે ઘણા ભવોની મહેનતદ્વારાએ થાય છે, અર્થાત્ ઓછામાં ઓછા ત્રણ ભવની મહેનત તીર્થંકરપણું પ્રાપ્ત કરવામાં જરૂર હોવીજ જોઇએ, અને તોજ તીર્થંકરપણું પ્રાપ્ત થાય છે. આથી સંસાર સમુદ્રથી તરવાની સંપૂર્ણ સાધન-સામગ્રીઓનો સંચય પૂર્વ-ભવથી કરીનેજ આવ્યા છે, છતાં તે તીર્થંકરના જીવોને તરવાની તાલાવેલી કરતાં સમગ્ર-જન-સમુદાયને તારવાની જબરદસ્ત તાલાવેલી હોય છે, અને સમગ્ર જગજનોને શાસનરસિક બનાવવાની ભાવનાથી તીર્થ સ્થાપનાના અમોઘ કારણ રૂપ તીર્થંકર-નામ કર્મ પૂર્વના ત્રણ ભવથી નિકાચના કરીનેજ આવ્યા છે. એટલે **'તીત્થયરાણં'** પદ એ 'સ્વયંસંબુદ્ધાણં' પદની પહેલાંજ હોવું જોઇએ.

'તીત્થયરાણં' એ પદનું વિશેષતઃ પર્યાલોચન કરીએ તો સ્પષ્ટ માલમ પડે છે કે તે તીર્થંકર નામકર્મને બાંધનારા અને તેની નિકાચના કરનારા તીર્થંકરોના તીર્થંકર-નામકર્મના બે ફળ વિચારી શકાય છે. ૧ પૂજ્યતા અને ૨ પ્રવૃત્તિ છે.

હવે એ તીર્થંકર નામ કર્મની પૂજ્યતા ગર્ભમાં આવવાની સાથેજ શરૂ થાય છે. કારણ કે ચૌદ સ્વપ્નોનું દેખવું, ચોસઠ ઇંદ્રાસનોનું ડોલવું, ઇન્દ્રાદિનું-વન્દન-સ્તવન કરવું, ચ્યવન કલ્યાણકની ઉજવણી, સાતે નરકમાં પ્રકાશાદિનો અનુભવ વિગેરે થવું; એજ તીર્થંકરોની પૂજ્યતાની પૂરવાર કરનારાં પ્રતીકો છે. એટલુંજ નહિં પણ જન્મકાર્યનું સૂતિકા કર્માદિ દિગ્કુમારીકાઓ કરે, જન્મ મહોત્સવ દેવ દેવેન્દ્રો કરે; અને દીક્ષા લેવા

॥ શ્રીપઞ્ચાશકશાસ્ત્ર-સારાંશઃ ॥

આલેખનકારઃ—પૂ. પંન્યાસ-પ્રવર શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

(ગયા અંકથી ચાલુ)

ચૈત્ય વન્દનના અવસાન કૃત્યરૂપ પ્રણિધાન-વિશેષ્ય સાથે કુશલ-વિશેષણનો સંબંધ થવાથી નિદાન (નિયાણા શબ્દથી ઉચ્ચરિત છે તે) ને અવકાશ નથી, કારણ કે નિદાનનું અકુશલપણું હોવાથી અને પ્રવૃત્તિ આદિ આશય વિશેષોને ઉત્પન્ન નહિં કરનાર હોવાથી; નિદાનને અનવકાશ છે. તેથી હવે આ પ્રણિધાન કેવું છે?, તો કહે છે કે "बोहिपत्थणासरिसं" એટલે બોધિ લાભની પ્રાપ્તિ થાઓ તે રૂપ બોધિ પ્રાર્થના સદૃશ છે, અને બોધિ લાભની માંગણી તે નિયાણા સ્વરૂપ નથી. તે પ્રણિધાનને કુશલ-કાર્ય સાધક ગણવામાં હેતુ આપતાં જણાવે છે કે પ્રશસ્ત અધ્યવસાયના તે અમોઘ કારણરૂપ હોવાથી કુશલ-પ્રણિધાનમાં નિદાનને અવકાશજ નથી. જેવી રીતે બોધિ લાભની પ્રાર્થના એ શુભ ભાવનો હેતુ છે, તેવીજ રીતે પ્રણિધાન પણ શુભ ભાવની ઉત્પત્તિનો હેતુજ છે. હવે પ્રણિધાનમાં અકુશલપણાનો પ્રવેશ થાય તો શું પરિણામ આવે છે?, તે જણાવતાં વૃત્તિકાર લખે છે કે-તે અકુશલ—પ્રણિધાનનું ચૈત્યવન્દનની સમાપ્તિમાં નહિંજ કરવું એજ શ્રેયસ્કર છે, કારણ કે નિદાન સ્વરૂપ હોવાથી નહિં કરવા યોગ્યજ છે; અને નિદાન કરવાનો આગમમાં નિષેધ કરેલો છે. ગાથા ૩૦.

ઇષ્ટ-સાધ્યનું અમોઘકારણ.

અકુશલ-પ્રણિધાન એ નિદાનરૂપ હોવાથી પ્રવૃત્તિ આદિ પુનીત આશયો થતાંજ નથી, આથી શંકા કરનાર કહે છે કે ભલે ન થાય તેમાં દોષ શું છે?; આ શંકાના નિરસનમાં જણાવે છે કે મર્યાદા પૂર્વક ચિત્તમાં આ ધારણ કરવું પડશે, એટલે પ્રણિધાન કરવું પડશે; અર્થાત એમ કરશો તોજ ઇષ્ટ સિદ્ધિ થશે. એવી રીતે પ્રણિધાનની અપ્રવૃત્તિમાં ઇષ્ટ પદાર્થોની પ્રાપ્તિરૂપ સિદ્ધિ શું થાય છે?, અર્થાત થતીજ નથી; કારણ કે પ્રણિધાનનો પરિત્યાગ કરીને કરવામાં આવતાં પ્રણિધાન-શૂન્ય અનુષ્ઠાનોને અવશ્યમેવ દ્રવ્ય-અનુષ્ઠાન કહેલાં છે. તેથી કરીને ઇષ્ટ પદાર્થ પ્રાપ્તિના અમોઘ કારણરૂપ પ્રણિધાનને સુસંગતરૂપે જાણવું જરૂરીનું છે. હવે જ્યારે પ્રણિધાનની અવશ્યમેવ કરણીયતા જણાવી, ત્યારે શંકા કરનાર કહે-છે કે શું સર્વ અવસ્થામાં પ્રણિધાનની આવશ્યકતા છે?, તો તે પ્રશ્નના સમાધાનમાં જણાવે છે કે સર્વ અવસ્થામાં નહિં, પરંતુ પ્રણિધાન કરવાની યોગ્ય ભૂમિકાને પ્રાપ્ત કરેલા જીવોએ અવશ્યમેવ પ્રણિધાન કરવું. યોગ્ય ભૂમિકાનું વર્ણન કરતાં જણાવે છે કે પ્રાપ્ત કરવા લાયક ઉચ્ચ ગુણસ્થાનકોની પ્રકર્ષ અવસ્થા જેઓએ પ્રાપ્ત કરી નથી, અથવા નથી પ્રાપ્ત કરી પ્રાર્થના કરવા લાયકની ગુણગણ અવસ્થા જેઓએ તે બધા પ્રણિધાન કરવાની યોગ્ય ભૂમિકારૂઢ-જીવો કહી શકાય છે. ગાથા ૩૧.

પ્રણિધાન-કરણવિધિ.

પ્રણિધાનની કરણીયતા જણાવ્યા પછી, હવે પ્રણિધાન કરવાનો વિધિ પ્રતિપાદન કરે છે. તે પ્રણિધાનના વિધિ વિધાનમાં પ્રથમ

માનસિક પરિણામ કેવાં વિશુદ્ધ રાખવાં તે જણાવે છે, અને તે પછી શરીર સંબંધી પુનીત પ્રવર્તન રાખવાનું જણાવે છે. મોક્ષના અર્થિએ એટલે **भव-भीतेन** અર્થાત્ ભવો ભવના ભયથી ઉદ્વિગ્ન થનારાએ સાવધાન મન કરીને તીવ્ર શ્રદ્ધાથી એટલે સદનુષ્ઠાન કરવાની વધતી-રૂચિના તરંગોથી મનને વધુને વધુ પ્રફુલ્લ રાખવું. 'संविग्नेन' એ શબ્દના અર્થમાં **मोक्षार्थिना**=અથવા **भवभीतेन** એમ જણાવ્યું. આ જણાવવાથી વૃત્તિકાર સૂચન કરે છે કે ભવ એટલે ચાર ગતિરૂપ સંસારનો ભય લાગ્યો નથી, અથવા તે અધમ સંસારરૂપ-કેદખાનામાંથી નીકળવારૂપ નિર્મળ નિર્વેદ પરિણામ જાગ્યો નથી, ત્યાંસુધી મોક્ષના અભિલાષ રૂપ-મોક્ષાર્થિ-પણું પણ આવિર્ભાવ થયું જ નથી. માટેજ **ભવભયની ભિતિ સાથે નિર્વેદજ સંવેગ-રૂપ-મોક્ષાભિલાષને ઉત્પન્ન કરે છે, ટકાવે છે અને વૃદ્ધિ કરે છે તે ભૂલવા જેવું નથી.** ઉપર પ્રમાણે પ્રણિધાનમાં માનસિક પરિણામ કેવાં હોવાં જોઈએ તે અત્ર જણાવીને, હવે શારીરિક પ્રવર્તનમાં શું કરવું તે જણાવે છે. મસ્તક અને બે હાથ ભેગા કરીને=અંજલિરૂપે કરયોજન કરીને હૃદય અને કાયા નમી રહ્યા છે તે રીતે શારીરિક પ્રવર્તન વધુ પ્રયત્ન પૂર્વક કરવા લાયક છે. આ રીતિએ માનસિક અને શારીરિક વિધિ સાચવ્યા પછી વાચિક વિધિમાં આદર પૂર્વક પાઠક્રમ ઉચ્ચારવો જરૂરી છે તે હવે પછીના પદ્યમાં જણાવે છે. ગાથા ૩૨.

પ્રણિધાન વિષયક-પ્રાર્થનાઓ.

પૂર્વ પદ્યના ઉત્તરાર્દ્ધમાં इति શબ્દથી સૂચિત થયેલ પ્રણિધાન પાઠક્રમને દેખાડતાં થકાં અત્ર જણાવે છે, અર્થાત્ તેત્રીશમા અને ચોત્રીશમાં પદ્યમાં સૂચિત પદોદ્વારા પ્રણિધાન-પાઠ ક્રમનું પ્રતિપાદન કરે છે; આથીજ આ રીતિએ વાચિક-વિધિનું પ્રતિપાદન કરે છે.

હે વીતરાગ! આપે આપના આત્માના અનાદિ કાળના શત્રુને પરાજય પમાડેલો હોવાથી ભક્તિના ભવ્ય તરંગોથી હૃદયગતના આશીર્વાદ પૂર્વક જણાવું છું કે તું વિજય પામ! હે વીતરાગ! એમ કહેવાથી દ્વેષ-મોહના અભાવ વગર વિરાગતાનો આવિર્ભાવ થતોજ નથી, કારણ કે વિરાગતા સાથે દ્વેષ-મોહાદિનો અભાવજ હોય છે. આથીજ હે વીતરાગ એ પદથી સંબોધન કરનાર ભક્તિના ભવ્ય તરંગોથી તરંગિત થયેલો ભક્ત હે વીતદ્વેષ!, હે વીતમોહ!; ઇત્યાદિ સંબોધનો પણ કરી શકે છે તે યુક્તિથી યુક્ત સુસંગત છે. વળી તે વીતરાગ કેવા છે?, તો જણાવે છે કે જગદ્ગુરૂ છે. સકલ-જગત્ના સર્વ જીવોમાં જે જે ગુણો છે, તે તે ગુણો વડે કરીને મહાન્ હોવાથી અથવા અખિલ વિશ્વભરના સઘળા જીવોને જે વસ્તુઓ જે સ્વરૂપે છે તેજ સ્વરૂપે તાત્ત્વિક-ઉપદેશદ્વારાએ જણાવતાં હોવાથી ગૌરવપણાને યોગ્ય હોવાથી જગદ્ગુરૂનું સંબોધન પણ યુક્તિથી યુક્ત સુસંગત છે. ઉપરના બંન્ને વિશેષણોનું પ્રતિપાદન કરીને અને તે વિશેષણનો પરમાર્થ સમજાવીને હવે જણાવે છે કે—હે વીતરાગ!, હે જગદ્ગુરૂ!, હે ભગવાન્!; તમારાં પ્રભાવથી મારે=મ્હારા આત્માને આટલું પ્રાપ્ત થાઓ?, 'આટલું પ્રાપ્ત થાઓ' એટલે શું શું પ્રાપ્ત થાઓ તે તે અનુક્રમે જણાવાય છે. **૧ ભવાનર્વેદ, ૨ માર્ગાનુસારિપણું, ૩ ઈષ્ટ ફલની સિદ્ધિ, ૪ લોક વિરૂદ્ધનો ત્યાગ, ૫ ગુરૂજન=વડી-**

લોની પૂજા, ૬ પરોપકારના કાર્યોનું કરવું, ૭ સુંદર ધર્માચાર્યનો સંબંધ, અને ૮ તે ધર્માચાર્યના વચનની સેવા; આ આઠેનો પ્રાપ્તિ જ્યાં સુધી સંસાર છે ત્યાંસુધી સંપૂર્ણપણે રહો એવી પ્રાર્થનાઓ પૂજક ત્રિવિધ યોગની એકાગ્રતાએ કરે છે, અને આ પ્રાર્થનામય-પ્રણિધાનનું સેવન કરે છે. ગાથા. ૩૩-૩૪.

ભગવંતાણંનું રહસ્ય.

હવે પૂર્વે તેત્રીશમા અને ચોત્રીશમા પદ્યમાં જે આઠ-પ્રાર્થનાઓ જણાવી તેનો પરમાર્થ અને સાથે ભગવન્ શબ્દનો પરમાર્થ સમજાવતાં જણાવે છે કે-હે ભગવન્! એટલે સમગ્ર-ઐશ્વર્યાદિ ગુણયુત જે વ્યક્તિ હોય તેનેજ હે ભગવન્! એવા શબ્દ સંબોધનથી બોલાવી શકાય છે. અત્ર પણ વૃત્તિકાર શ્રી અભયદેવસૂરીશ્વરજી પણ 'સમગ્ર ઐશ્વર્યાદિ ગુણયુત!' આ સંબોધનથી 'ભયવં' શબ્દનું પ્રતિપાદન કરતાં જણાવે છે, એટલે ભગ શબ્દથી સમગ્ર ઐશ્વર્યાદિ છ પદાર્થ લેવાય છે. તે છ પદાર્થો સુસંગ રીતિએ યુક્તિ-યુક્ત ઘટે છે. આ સંબંધમાં 'ભગવંતાણંનું રહસ્ય' એ લેખમાં આ છ પદાર્થોની વિસ્તૃત-વ્યાખ્યા કરવામાં આવી છે, માટે જિજ્ઞાસુઓએ સિદ્ધચક્ર માસિક વર્ષ-૧૫-અંક બીજાથી શરૂ થતાં અંકોમાં તે લેખ વાંચવાની જરૂર છે. અત્ર સ્થાન શૂન્યતાના નિવારણાર્થે આ શ્લોક વિચારવાની જરૂર છે.

"ऐश्वर्यस्य समग्रस्य, रूपस्य यशसः श्रियः।
धर्मस्याथ प्रयत्नस्य षण्णां भग इतीङ्गना ॥१॥॥

એટલે આ પદ્યમાં ૧ સમગ્ર-ઐશ્વર્ય, ૨ રૂપ, ૩ યશઃ, ૪ શ્રી=લક્ષ્મી, ૫ ધર્મ; અને ૬ પ્રયત્ન એવી રીતે છ પદાર્થો લીધાં છે. શક્રસ્તવમાં ભગવંતાણં પદને ઉદ્દેશ તરીકે રાખીને 'આઇગરાણં' ઇત્યાદિ-વિધેય પદોથી ભગવદ્પ્રાપ્તા ની પુષ્ટિ કરી છે તે વિચારણીય છે. એટલે 'ભગવંતાણં' પદથી શરૂ થતી ભગવદ્પ્રાપ્તારૂપ ઉદ્દેશ્યતાથી અનુક્રમે ત્રણ, ચાર, પાંચ, પાંચ, પાંચ; અને છ પદોથી અર્થાત્ આઇગરાણં પદથી શરૂ કરીને મુત્તાણં મોયગાણં સુધીના ૨૮-અઠ્ઠાવીશ પદો ઐશ્વર્યાદિ છ પદાર્થોની પુષ્ટિ કરે છે. આ છ પદાર્થોમાં (સમગ્ર ઐશ્વર્યાદિ છ પદાર્થોમાં) ઘટાવી શકાય તેવી સુસંગત યુક્તિ યુક્ત કલ્પનાઓના વાસ્તવિક વિચારો દર્શાવનાર પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ-ગીતાર્થ સાર્વભૌમ-આગમોદ્ધારક પૂ. ગુરૂદેવ છે, માટે તે સંબંધનો વિસ્તૃત લેખ પૂર્વે જણાવેલ-સ્થળેથી અર્થિઓને વાંચવા ખાસ ભલામણ છે.

અવસ્થોચિત-પ્રણિધાન.

પૂર્વે એકત્રીશમા પદ્યના ઉત્તરાર્દ્ધમાં (અંતિમપાદમાં) 'णेयमवत्थंतरे उचिए' ઇત્યાદિ પદો જણાવ્યાં છે. આ પદોથી જાણવાનું એ છે કે અવસ્થા-આશ્રીને ઉચિત પ્રણિધાન હોય છે. પ્રાર્થના કરવા યોગ્ય પદાર્થના અભાવમાંજ ભવનિર્વેદાદિ પદાર્થોનું પ્રાર્થનારૂપ પ્રણિધાન કરવું યોગ્ય છે, કારણ કે આ એક નિયમ છે કે-'અવિદ્યમાન પદાર્થ વિષયકજ પ્રાર્થના હોય છે.' વળી આ જગોએ બીજા આચાર્યની માન્યતા જણાવતાં થકાં વૃત્તિકાર-શ્રીઆચાર્ય જણાવે છે કે-પ્રાર્થના કરવા યોગ્ય ભવનિર્વેદાદિના અભાવમાં અપ્રમત્તાદિ ગુણસ્થાનકમાં વર્તતા જીવોને અનંતર ફળરૂપ અપ્રમાદિ

ગુણગણ રત્નોની પ્રાપ્તિ, અને પરંપરાએ મોક્ષ ફલની પ્રાપ્તિ થાય છે; માટે તે અપ્રમત્ત-સંયત આત્માઓને પ્રાર્થના કરવા યોગ્ય પદાર્થરૂપ ભવનિર્વેદાદિની પ્રાર્થનાઓની જરૂર નથી, અને તેજ માટે અવસ્થા ઉચીત પ્રણિધાન કરવું જરૂરીનું છે એમ જણાવ્યું છે. જો કે તે પ્રાર્થનારૂપ પદાર્થ સામાન્યથી છે, તો પણ મોક્ષ ફલની સિદ્ધિ માટેજ તે ભવનિર્વેદાદિ પદાર્થોની પ્રાર્થના કરાય છે, અને અત્યંત વિશિષ્ટપણે તે પ્રાર્થનાના રંગથી રંગાયેલા આત્માઓ પોતાને યોગ્ય (અપ્રમત્તાદિ ફલ) ફલને સિદ્ધ કરવા ભાગ્યશાળિ બને છે. આ વાતને સ્પષ્ટ કરતાં જણાવે છે કે-સાતમા અપ્રમત્ત-ગુણસ્થાનકવર્તિ—જીવોથી પહેલાંના એટલે પ્રથમ ગુણસ્થાનકથી છઠ્ઠા પ્રમત્ત ગુણસ્થાનક પર્યંતના જીવોને ભવનિર્વેદાદિ પદાર્થોની પ્રાર્થનાઓ કરવી ઉચીત છે, અને ઉપરની મર્યાદાથી આગળના એટલે સાતમા ગુણસ્થાનકથી આગળના જીવોને રાગનો અભાવ હોવાથી પ્રાર્થનાદિ કરવી ઉચીત નથી એમ પણ જણાવ્યું. જે કારણથી નિયમ કરતાં જણાવે છે કે અપ્રમત્તસંયત આત્માઓ રાગ વગરના હોવાથી પ્રાર્થનાની કરણી કરવાને તત્પર થતાં નથી, અને તેથીજ શાસ્ત્રોમાં કથન કરેલું છે કે—

"मोक्षे भवे च सर्वत्र निःस्पृहो मुनिसत्तमः"

એટલે મોક્ષ અને સંસારમાં સર્વ સ્થળે મુનિપ્રવરો સ્પૃહા વગરના હોય છે. ગાથા ૩૫.

સૂત્રસંમત-પ્રાર્થના.

સિંહાવલોકન-ન્યાયે પૂર્વે જણાવેલાં ભાવોને સ્પષ્ટ કર્યા ન હોય, તેથીજ ત્રીશમાં પદ્યના પ્રારંભમાં શાસ્ત્રકારે 'ण णियाणं पणिहाणं' એ પદો જણાવ્યા હતા, તેજ પદો સંબંધી વૃત્તિકારે વૃત્તિમાં જણાવ્યું હતું કે-'प्रणिधानं न निदानं न भवति' તે અર્થને સાધનારૂં પ્રમાણ દેખાડતાં થકાં શાસ્ત્રકાર જણાવે છે કે—

मोक्खंगपत्थणाइ य ण णियाणं મોક્ષ એટલે સકલકર્મના ક્ષયરૂપ નિર્વૃતિના કારણભૂત તે પ્રાર્થના આશંસા છે, અથવા ભવનિર્વેદાદિ પ્રાર્થનાઓ એ મોક્ષના કારણભૂત હોવાથી जयवीयराय એ પદથી શરૂ થતા સૂત્રમાં જણાવેલ હોવાથી, આ આઠે પ્રાર્થનાઓને મોક્ષાંગ-પ્રાર્થના કહેવાય છે. સુવર્ણના કમળ ઉપર ચાલવાનું થાય, જન્મથી ચાર અતિશયની પ્રાપ્તિ થાય, દેવો સેવકની જેમ અતિશયો કરનારા થાય, અને ક્રોડ દેવો સેવા કરનારા થાય; અર્થાત્ તીર્થંકર ભગવાન્ની પરોપકાર પરાયણતાની અપેક્ષા રાખ્યા વગર ફક્ત તીર્થંકરોની સંપત્તિ-સાધન-સામગ્રી-સંયોગાદિ-વૈભવોને ભોગવવા માટેજ તીર્થંકરપણું મને મળે એવી રાગવૃત્તિથી આકુળવ્યાકુળ થયેલ માનસિક-વૃત્તરૂપ સંસારના અમોઘ કારણ રૂપ આશંસા કે પ્રાર્થનાને અત્ર અવકાશજ નથી. વિશેષમાં આ પ્રાર્થના આર્ત્તધ્યાન સ્વરૂપ આ નિદાનજ છે એમ અત્ર જાણવા લાયક છે. હવે યોગ્ય જીવોને નિદાનજ નથી, પરંતુ પ્રાર્થનાના સમર્થનમાં હેતુ જણાવે-છે કે પ્રમત્તસંયત-ગુણસ્થાનક-વર્તિ સુધીના જીવોને રાગની વિદ્યમાનતા હોવાથી, તે ભવનિર્વેદાદિ પ્રાર્થનાઓ કરવાની અનુમતિ આગમમાં આપેલી હોવાથી, અને અપ્રમત્તસંયત-આદિ ગુણસ્થાનક વર્તિ જીવોને રાગ નહિં હોવાથી તે તે પ્રાર્થનાઓ તેઓને કરવાની અનુમતિ નહિં આપેલ હોવાથી પ્રણિધાન કરવું તે અનુક્રમે ઉચીત અને અનુચિત છે. આ રીતિએ પ્રણિધાન કરવા સંબંધમાં ઉચિતતાનું અને

અનુસ્થિતતાનું સ્પષ્ટીકરણ કર્યું. વિશિષ્ટ પ્રણિધાનમાં ઓતપ્રોત થયેલા અપ્રમત્તસંયતાદિ ગુણસ્થાનકવર્તિ જીવોને મોક્ષફલ પ્રાપ્તિમાં રાગરહિતપણું એજ હેતુ છે. પ્રણિધાનમાં નિદાનરૂપ આર્ત્તધ્યાનનો અભાવ છે, અને દ્રષ્ટાંત તરીકે બોધિ લાભની આશંસા (પ્રાર્થના) કરવી તે અનુમાન પ્રમાણને અનુમત છે. અનુમાન પ્રયોગના પરમાર્થને જણાવતાં થકાં કહે છે કે-જે સૂત્રસંમત-મોક્ષાંગ પ્રાર્થના છે તે નિદાનરૂપ થતી નથી, જેવી રીતે 'બોધિ બીજનો લાભ થાઓ' તે પ્રાર્થના પણ નિદાન રૂપ નથી; તેવી રીતે બીજી પ્રાર્થનાઓમાં સમજવું. આ ઉપરથી આ પદ્યમાં સ્વીકાર કરેલ મોક્ષાંગ-પ્રાર્થનાઓ એ સૂત્રસંમત છે એ પદ્યનો પરમાર્થ છે. ગાથા. ૩૬.

તીર્થંકરપણાની પ્રાપ્તિરૂપ પ્રાર્થનાનો નિષેધ.

મોક્ષ-ફલ—પ્રાપ્તિના અમોઘ—કારણભૂત પ્રાર્થનાઓ નિદાનરૂપ નથી, અને એનું સમર્થન પૂર્વ પદ્યમાં કરી ગયા; છતાં શંકાકાર જણાવે છે કે-તીર્થંકરપણું પણ મોક્ષાંગ છે, અર્થાત મોક્ષ પ્રાપ્તિનું અવન્ધ્ય કારણ છે; તો પછી દશાશ્રુત-સ્કંધમાં તે સંબંધનો (તીર્થંકર થવાની પ્રાર્થનાનો) નિષેધ જણાવ્યો છે, તે યુક્તજ નથી. આ શંકાના સમાધાનમાં આ રીતિએ પૂર્વે કથન કરેલી રીતિ-નિતિ સમાધાન દ્વારાએ મોક્ષના કારણભૂત પ્રાર્થનાઓનું અનિદાનપણું સ્પષ્ટ રીતિએ જણાવી ગયા છે, છતાં દશાશ્રુત-સ્કંધ અને ધ્યાન-શતક આદિ ગ્રંથોમાં 'આ ધર્મથી હું તીર્થંકર થાઉં' એ પ્રાર્થના કરવાનો નિષેધ વિધિરૂપે સ્પષ્ટપણે પ્રતિપાદન કરેલો છે. આ ઉપરથી સંસાર સમુદ્રના અનેક વિધ-આવર્તરૂપ ભ્રમરમાં પડવાના નિમિત્તરૂપ રાજા-મહારાજા-ચક્રવર્તિપણું તો દૂર રહો, પરંતુ સંસારરૂપ કારાવાસમાંથી ભય પામેલા, જનસમુદાયને નિર્વાણ નગર તરફ ગમન કરાવવામાં અગર લઇ જવામાં સાર્થવાહ-સરખું 'હું તીર્થંકર થાઉં' તે પ્રાર્થનારૂપ નિદાન માટે પણ પ્રતિષેધ જણાવેલો છે. આ સંબંધમાં પ્રતિષેધ જણાવવાના કારણને જણાવતાં થકાં શાસ્ત્રકાર જણાવે છે કે તીર્થંકરપણાની પ્રાપ્તિ થાય તે રૂપ પ્રાર્થના પણ સંસાર તરફ ખેંચી જનારી છે, કારણ કે રાગ, દ્વેષ-કલેશની પરંપરાને જન્મ આપનારા રાગે કરીને સહિત તીર્થંકરપણાની સાહ્યબી, સાધન, સામગ્રી-સંયોગો-ઋદ્ધિ-અતિશયાદિ દેખીને દેવોએ બનાવેલા સમવસરણમાં બેસવાનું થશે; સુવર્ણ કમળ ઉપર ચાલવાનું થશે; આદિ અનેકવિધ-વૈભવને દેખવાથી, અગર સાંભળવાથી તીર્થંકર પદપ્રાપ્તિનો અભિલાષ થઇ જાય, અને ભવભ્રમણ થાય તો પણ વાંધો નહિં; અર્થાત તીર્થંકરપણાના મૂળ ધ્યેયને વિસરીને સાહ્યબીના ભોગવટા માટેજ તીર્થંકરપણું પ્રાપ્ત કરવું તે નિદાનરૂપ છે, અને તે પ્રતિષેધ જણાવેલ છે તે સુસંગત-યુક્તિથી યુક્ત છે. ગાથા. ૩૭.

અપૂર્વ-ચિન્તામણિ-સદૃશતીર્થંકર.

પૂર્વે રાગ સહિતપણામાં તીર્થંકરપણાની પ્રાપ્તિનો નિષેધ જણાવ્યો, છતાં રાગ રહિતપણામાં થયેલાં ધર્માનુષ્ઠાનો દોષ વગરના હોય છે, અને તેથીજ રાગ રહિતપણામાં તીર્થંકરપણાની પ્રાર્થના કરેલી હોય તો અદુષ્ટજ છે તેનું યુક્તિ પુરઃસર સમર્થન કરે છે. જ્યાંસુધી

સંસારની સાહ્યબી સાધન-સામગ્રી-વૈભવ ભોગવવા રૂપ રાગ છે. ત્યાંસુધી તીર્થંકરપણાની પ્રાર્થના પણ દોષવાળી છે, પરંતુ તેજ પ્રાર્થના રાગ રહિતપણે કરવામાં દોષ વગરની છે એ ધ્યાનમાં રાખવા જેવું છે. સર્વ જીવોને શાસન રસિક બનાવવાની ભાવનાથી ભાવિત થયેલા, અર્થાત્ ભાવ દયાથી ભાવિત થયેલા જીવોનું કુશલ-અનુષ્ઠાનરૂપ-ધર્મથી અગર ધર્મને માટે ભવ્યાત્માઓના ઉદ્ધાર અર્થે આ તીર્થંકર થાય છે, અગર થશે; એટલે તે તે જીવોને સકળ જગત જંતુ ઉપર જે વાત્સલ્યભાવ તારવા સંબંધનો થવો જોઇએ તેને અનુસરતી ભાવનાથી તીર્થંકર થઇ જાય તો વાંધા જેવું નથી. આ ભાવનાથી ભાવિત થયેલ આત્માઓ અનેક જીવોને હિત માર્ગે જોડનારા હોવાથી પરમ બાંધવરૂપ તે તીર્થંકરો છે, કારણ કે **પરમ બાંધવરૂપ તીર્થંકરોના સમાગમથી ઉપમા ન આપી શકાય તેવા, અને મોક્ષના અવન્ધ્ય કારણરૂપ પરમ સુખ-શાંતિ અને આનંદને પ્રાપ્ત કરાવનારા છે.** એટલુંજ નહિં પણ 'અપુવ્વ-ચિંતામણી-કપ્પો' એટલે કલ્પના બહારના સુખ શાંતિ આનન્દને કરવાવાળા હોવાથી અપૂર્વ ચિન્તામણી સરખા તે તીર્થંકરો છે. ચિન્તામણિ રત્નની ઉપાસના કરનારને તે રત્નની ઉપાસનાદ્વારાએ આ લોકના ફક્ત વિનાશિ પદાર્થોજ પ્રાપ્ત થાય છે, અને આ અપૂર્વ-ચિન્તામણિ-રત્ન-સદેશ-તીર્થંકર-ભગવંતોની ઉપાસનાદ્વારાએ આ લોક, પરલોક, અને અપવર્ગના વિનાશિ-અવિનાશિ ભાવો પ્રાપ્ત થાય છે, તેથી અપૂર્વ ચિન્તામણિ સદૃક્ષ તીર્થંકર ભગવંતો છે; એ કહેવું તે શાસ્ત્રકારનું યુક્તિ યુક્ત સુસંગત છે. ગાથા ૩૮.

દોષરહિત-તીર્થંકર-પ્રાર્થના.

પૂર્વે જણાવેલાં અનેક જીવોનું હિત કરનાર; નિરૂપમ સુખ-શાંતિ-આનંદને પમાડનાર; અને અપૂર્વ ચિંતામણિ સદેશ આ તીર્થંકરોના જે ત્રણ વિશેષણો જણાવ્યા, જેથી કરીને જગત ભરના સઘળા જીવોનું હિત કરનાર તીર્થંકરો કયા અનુષ્ઠાન દ્વારાએ હિત કરે છે તે શાસ્ત્રકાર અને વૃત્તિકાર પ્રતિપાદન કરે છે. સદ્ધર્મની અમોઘ દેશનાદિ-દ્વારાએજ જગતના જંતુઓનું હિત કરે છે, કારણ કે તે સદ્ધર્મ-દેશનાદિ-અનુષ્ઠાન સંસાર રોગના રોગી જીવોને હિતકારિ, પથ્યકારિ, ઈષ્ટ પદાર્થનું સાધનારૂં; અને નહિં નાશ પામનારૂં છે. 'સદ્ધર્મદેશનાદિ દેવા વડે જગતના સઘળા જીવોનું હિત કરનારો થાઉં' આવાં અગર આ ભાવને અનુસરતાં શ્રેષ્ઠ-અધ્યવસાય કરનાર જીવોને તીર્થંકરપણાની પ્રાપ્તિ-રૂપ પ્રાર્થના થાય તે અદુષ્ટ છે, કારણ કે ધર્મ-દેશનાદિદ્વારાએ જિનેશ્વરોના વાસ્તવિક અનુષ્ઠાનમાં પ્રવર્તનરૂપ સ્વભાવ થઇ જવો તે દોષ રહિતજ છે. 'હું તીર્થંકર થાઉં' આ પ્રાર્થના તીર્થંકર પ્રાપ્તિરૂપ પ્રાર્થના છે, અને પૂર્વે તેને નિષેધ જણાવ્યો હતો, છતાં તીર્થંકરપણાની પ્રાપ્તિરૂપ પ્રાર્થનાનો પરમાર્થ જણાવતાં દેશના પ્રવર્તન સ્વભાવ કેમ જણાવ્યો ?, અને દેશના દ્વારાએ તે તીર્થંકરપણાની પ્રાપ્તિની અદુષ્ટતા કેમ કીધી ?; આ શંકાનું નિરસન કરીને સમાધાન આપતાં શાસ્ત્રકાર જણાવે છે કે ન્યાયથી વિચારીએ તો તે તીર્થંકરપણાની પ્રાપ્તિ-સંબંધની પ્રાર્થના સાક્ષાત્ તીર્થંકરપણાની પ્રાપ્તિ માટેનીજ

પ્રાર્થના છે, છતાં પણ અર્થાપત્તિથી ધર્મ-દેશનાદિને આશ્રીને તે તીર્થંકરપણાની વાસ્તવિક-પારમાર્થિકતા રહેલી છે. આથી તીર્થંકરપણાની પ્રાર્થનાદ્વારાએ જિનેશ્વરોનું અનુષ્ઠાનજ આવે છે, અને પૂર્વે જગજ્જંતુના હિત કરનાર આદિ જે જે વિશેષણો તીર્થંકર માટે આપેલા છે તે તે વિશેષણો તે તીર્થંકરપણાની પ્રાર્થનાદ્વારાએ માંગણીરૂપે માંગેલાં આવી જાય છે, અને તેથીજ તીર્થંકરપણાની પ્રાર્થના દોષ રહિત છે એ સમજવું અત્ર યુક્તિ-યુક્ત સુસંગત છે. ગાથા ૩૯.

અવશ્યકરવા યોગ્ય જિનપૂજા.

હવે પ્રણિધાનની વાસ્તવિક કર્તવ્યતા, ઉચીતતા અને અનુચીતતાને વિભાગશઃ સમજાવીને ઉપસંહાર કરતાં જણાવે છે કે પ્રસંગોપાત આવેલ પ્રણિધાન સંબંધમાં કહેવા યોગ્ય કહી દીધું, અને તે સંબંધમાં થયેલ શંકાઓને યુક્તિ, દ્રષ્ટાન્તો, યોગ્ય-દલીલો, અને શાસ્ત્ર વચનોથી સમાધાન કર્યું એટલે આ સંબંધમાં એટલું કથન કરવું એજ પુરતું છે. એવી રીતે સમગ્ર સામગ્રી-સાધન-સંયોગ સહિત દુર્લભ મનુષ્યપણું પામીને પૂર્વે જણાવેલ આરાધનાદિ અવસરો જાણીને જિનેશ્વરોનું પૂજન કરવા લાયક છે. વિશેષે કરીને જિનેશ્વર-ભગવંતોની વાણીનું શ્રવણ કરીને હેય-ઉપાદેયના વિભાગ પુરસ્સર વિવેક કરીને અમલમાં મુકવાની વાસ્તવિક-યોગ્યતા મનુષ્યપણામાંજ છે, અને તેથીજ વૃત્તિકારે ઉપદેશને યોગ્ય અને ઉપદેશાનુસાર અમલ કરવાને યોગ્ય મનુષ્યોને મનુષ્યપણું મળેલું છે એમ જણાવ્યું છે. જિનેશ્વર ભગવંતોની પૂજા કરવા માટે મનુષ્યો જણાવ્યા તેથી કરીને દેવપણું પામેલા દેવોને વીતરાગની વાણીનું શ્રવણ અને પૂજા માટેના અધિકારથી દૂર કરવા જણાવ્યું નથી, પરંતુ તે જિનેશ્વરના ઉપદેશનું અને પૂજાનું વાસ્તવિક ફળ પ્રાપ્ત કરી શકે તેવી સર્વ સામગ્રી વિગેરે મનુષ્યોનેજ મળી છે તેથી અત્ર મનુષ્યોને ઉદ્દેશીને પૂજાનું વિધાન જણાવ્યું છે. જિનેશ્વર ભગવંતના શાસનનું સંચાલન કરનાર પૂજ્ય ગણધર ભગવંતો અને પૂર્વધરોના રચેલાં સૂત્રોના વ્યવહાર નિતિ આદિથી તે પૂજા અતિ અત્યંત શુદ્ધ અને નિર્દોષ છે એમ સમજવું પ્રાસંગિક છે, પરંતુ મનઘડંત-કલ્પનાઓથી ઘડી કાઢેલ આ કલ્પનારૂપ પૂજા છે એ વિચારવાને અત્ર અવકાશજ નથી. ગાથા ૪૦.

પૂજામાં દોષની સંભાવનારૂપ માન્યતા.

'પરિશુદ્ધ પૂજા કરવા લાયક છે' એમ જણાવ્યું તેથી શંકા કરનાર આ પૂજામાં પરિશુદ્ધપણાની અસંભાવના કરે છે અને અસંભાવના કરનારની માન્યતા કેવી છે તેનું પ્રથમ દિગ્દર્શન કરાવે છે.

જે જિનેશ્વર ભગવંતોની પૂજામાં પૃથ્વી આદિ છકાય જીવોની હિંસા થાય છે, તે પૂજાને પરિશુદ્ધ કેમ કહેવાય?, કદાચ તમે કહેશો કે કાયવધ થાય તે દૂષણ નથી તો તે સંબંધમાં પ્રમાણ પુરસ્સર શંકાકાર તે દોષને સ્થિર કરતાં જણાવે છે કે જિનેશ્વર ભગવંતોએ કાય-વધ કરવાનો વિધાનરૂપે વિષેધ કર્યો છે. જે માટે શાસ્ત્રમાં આ પ્રમાણે જણાવ્યું છે કે સર્વે જીવો જીવવાને ઇચ્છે છે, મરવાને કોઇપણ જીવ ઇચ્છતોજ અને તેથી કરીને ભયંકર એવા પ્રાણીના વધને શ્રમણ ભગવંતો વર્જે છે,

આથી તમોએ કહેલી પરિશુદ્ધ પૂજા કાયવધથી દૂષિત છે. હવે કદાચ તમે કહેશો કે તેવી રીતે નિષેધ કરેલ કાયવધ દ્વારાએ કરાતી પૂજા પરિશુદ્ધ હોય છે, અને તે પૂજાથી પૂજ્યોને ઉપકાર થાય છે તે પણ કહેવું યુક્ત નથી. આ પૂજા પૂજ્યોને ઉપકાર કરવાના સ્વભાવવાળીજ નથી, કારણકે વીતરાગ દશાને પામેલા તે તીર્થંકર ભગવંતોને વીતરાગપણાના સદ્ભાવથી તે પૂજા સંતોષ પમાડવાને અસમર્થ છે. આ સંબંધમાં શંકા કરનારે દૂષણને સ્થિર કરવામાં કહેવા યોગ્ય કહીને હવે જણાવે છે કે દૂષણો કરીને સહિત તે પૂજા પરિશુદ્ધ કહેવાયજ કેમ?, અર્થાત્ કોઇપણ પ્રકારે લેશભર શુદ્ધજ નથી આ રીતિએ પૂજામાં દૂષણની સંભાવના રૂપ માન્યતાનું કથન કરીને બીજાઓની જે માન્યતા હતી તેની કથનદ્વારાએ પરિસમાપ્તિ જણાવી. ગાથા. ૪૧.

પૂજામાં જણાવેલા દોષનું નિરસન.

પૂર્વે જણાવેલા મતનું નિરસન કરતાં શાસ્ત્રકાર–'મણાઇ' ઇત્યાદિ પદો દ્વારાએ સમાધાન આપતાં જણાવે છે. શંકાકારની માન્યતા પ્રમાણેના વચનોના સ્વીકાર કરીને ક્ષણભર કહી શકીએ કે જિનેશ્વર ભગવંતોની પૂજામાં છકાય જીવોની હિંસા થાય છે, અર્થાત્ સર્વથા હિંસા થાય છે એમ નહિં પણ કોઇક પ્રકારે થાય છે. પરંતુ શાસ્ત્રમાં પૂર્વે જણાવેલ વિશેષ–યતનાપૂર્વક પ્રવર્તવાવાળાને સર્વથા-પ્રકારે હિંસા થતી નથી એ જણાવવા માટે કહિંચિ=કથંચિત્ શબ્દનું ગ્રહણ કરેલું છે. તથાપિ જો કે કાયવધ સંબંધનો આ પ્રતિષિદ્ધ=પ્રતિષેધ તે સ્થાને જણાવેલો છે, તો પણ તે જિનપૂજા પરિશુદ્ધ એટલે નિરવદ્ય છે. આ પૂજા પરિશુદ્ધ છે તે પણ ગૃહસ્થોને છે, પરંતુ સાધુ ભગવંતોને તે પૂજા નિરવદ્ય નથી. આથીજ શાસ્ત્રકારે અષ્ટકજી નામના પ્રકરણમાં બીજા અષ્ટકના પાંચમા શ્લોકમાં અધિકારિવશાત્૦ ઇત્યાદિ પદોથી જણાવ્યું છે કે–ધર્મ સાધનની મર્યાદા અધિકારિઓને આશ્રિને શાસ્ત્રોમાં જણાવી છે, અને તે ધર્મસાધન સેવનની મર્યાદા વ્યાધિના પ્રતિકાર સમી ગુણદોષ કરનારી થાય છે, અર્થાત્ આ રીતિએ તે શ્લોકમાં જણાવેલું છે.

આ ઉપરથી શ્રીજિનેશ્વર-ભગવંતની પૂજાના વાસ્તવિક અધિકારીઓ ગૃહસ્થો છે, એ વાત પૂર્વના શ્લોકથી સમજી ગયા. હવે તે પૂજા ગૃહસ્થોને પરિશુદ્ધ કેવી રીતે છે તે વાતને જણાવતાં શાસ્ત્રકારે કુવો ખોદવાનું દૃષ્ટાંત પૂર્વે જણાવ્યું છે, તે ઉદાહરણને સમજીને દાર્ષ્ટાન્તિક યોજન વિચારવાથી પૂજામાં પરિશુદ્ધપણું સ્પષ્ટ ભાસમાન થાય છે. તે કૂવાના ઉદાહરણમાં કંઇક દોષરૂપ શ્રમ-તૃષ્ણા–કાદવ–મલ–લેપાદિ લાગવા રૂપ હોવા છતાં, પાણીનું નીકળવું અને તે પાણીથી જીવન પર્યંત તૃષ્ણા છેદાદિ મહા ગુણ યુક્ત તે કુવા ખોદવાનું કાર્ય છે; તેવીજ રીતે વિશિષ્ટ કર્મ ક્ષયાદિ ગુણ સંપાદન કરાવનારી આ જિનપૂજા છે. આ ઉપરથી કંઇક લેશમાત્ર દોષથી દુષ્ટ થયેલું હોય છતાં પણ જો તે વિશિષ્ટ-ગુણની પરંપરાને સંપાદન કરાવનાર હોય તો તે પરિશુદ્ધ છે એમ સમજવું તે અત્ર પ્રાસંગિક છે. ગાથા ૪૨.

(ચાલુ)

નવીન-પ્રકાશનો.

૧.	દરેક વર્ષની 'સિદ્ધચક' માસિકની ફાઇલ (બાર અંક સાથે) એકના.	રૂ. ૫-૦-૦
૨.	શ્રી સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્ ભાગ ૧ લો (છ પાદ પર્યંત), અને અનેક પરિશિષ્ટો તથા શ્રીતત્ત્વ-પ્રકાશિકા-આનન્દબોધિની સાથે.	રૂ. ૩૦-૦-૦
૩.	વિધિયુક્ત-પંચપ્રતિક્રમણ-સૂત્રાણિ (બાળબોધ ટાઈપમાં)	રૂ. ૧-૨-૦
૪.	સિરિ-સિરિવાલ-કહા (પ્રાકૃત).	રૂ. ૩-૦-૦
૫.	શ્રીસિદ્ધચક્રારાધના-વિધિ.	રૂ. ૧-૮-૦
૬.	શ્રીઆગામોદ્ધારક (જીવન ચરિત્ર)	રૂ. ૨-૦-૦
૭.	તપ, અને ઉદ્યાપન	રૂ. ૧-૧૨-૦

—: પ્રાપ્તિસ્થાન :—

૧. શા. ગુણવંતલાલ જેચંદભાઈ ઠાર.

ઠે૦ ચાંદલાગલી, ગોપીપુરા; મુ. સુરત.

૨. શ્રીઋષભદેવજી છગનીરામજીની પેઢી

ઠે૦ બારાકુવા, દહેરા ખિડકી; મુ. ઉજ્જૈન (માલવા). C. I.

આગમના અભ્યાસીઓને—

અંગાદિનો તથા નન્દીઆદિનો અકારાદિક્રમ અને વિષયાનુક્રમ પૂર્વે પ્રકાશન થઈ ગયો છે, તેવી રીતે આગમના અભ્યાસિઓને અભ્યાસાદિમાં અમોઘ-સાધન રૂપ નીવડી શકે તે હેતુથી **ઉપાંગાદિનો વિષયાનુક્રમ અને તેના સૂત્ર-પદ્યાદિનો અકારાદિક્રમ** લેઝરપેપરમાં પ્રતાકારે લગભગ પંદર ફારમમાં નિર્ણય-સાગરના ટાઇપમાં છપાયેલ પ્રકાશન થઈ ચૂક્યો છે. અસલ્ય મોંઘવારી છતાં પ્રતિ એકની કિંમત-રૂ. ૪-૮-૦

શ્રીસ્થાનાંગ-સૂત્રના વ્યાખ્યાનો.

પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ-આગમોદ્ધારક-શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીએ શ્રી સ્થાનાંગ-સૂત્ર ઉપર જે અમોઘ-દેશનાઓ આપી હતી, તેના ગ્રંથ સંચયરૂપે નીચેની ભરચક-બીનાઓથી ભરપૂર ગુર્જર-ભાષામાં પ્રકાશન થઈ ચૂક્યો છે.

પાંચ-મહાવ્રતોનું શંકા-સમાધાનપૂર્વકનું દાખલા-દલીલોથી ભરપૂર કથન, અકાટ્ય-સિદ્ધાંતો, અને રસવર્ધક દૃષ્ટાંતો-કીસ્સાઓ તથા કહાનીઓ; અને અહિંસાદિનું સ્વરૂપ સૂક્ષ્મ-રીતિએ ઝીણવટથી પ્રતિપાદન કરેલું છે, કે જે વિદ્યાપીઠની ઉચ્ચ પદ્વી પ્રાપ્ત કરનારાઓ માટે આ અપૂર્વ સાધન છે. **ઉચ્ચકક્ષાના વિદ્વાનોમાં** અને સામાન્ય વાંચકોને અનેરો આનંદ આપવા સમર્થ આ સ્થાનાંગસૂત્રના વ્યાખ્યાનોને જલ્દી પ્રાપ્ત કરવા ભલામણ છે. ક્રાઉન સાઈઝ ૪૦૦ પેજ અને સુશોભિત બાઇન્ડીંગમાં તૈયાર થયેલ ગ્રંથની કિંમત રૂ. ૫) છે.

તા. ક:—ઉપરના બંને ગ્રંથોનું પ્રાપ્તિસ્થાનઃ—

શ્રીજૈનાનંદ પુસ્તકાલય,

ઠે૦ ગોપીપુરા, મુ. **સુરત.**

માનવંતા વાંચકોને—

ચાલું વર્ષના અંકો વી. પી. થી રવાના કરવાની શરૂઆત થઈ ગઈ છે, તેથી ગ્રાહકોએ સ્વીકારી લેવા વિનંતિ છે, અને પૂ. સાધુ-સાધ્વીઓને મોકલવામાં આવતો અંક ગેરવલ્લે ન જાય માટે ચોક્કસ સરનામું લખી મોકલવા વિનંતિ છે. લિ૦ **તન્ત્રી.**

મુદ્રકઃ—**મુલચંદ કસનદાસ કાપડીયા** "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.

પ્રકાશકઃ—તંત્રી-**પાનાચંદ રૂપચંદ ઝવેરી,** શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

શિક્ષકને શિક્ષા.

લેખકઃ—ચિત્રભાનુ.

સૂર્યના આગમનથી જેમ વિશ્વનું વાતાવરણ પલટાઇ જાય છે, તેમ અભયના આગમનથી વિદ્યાલયનું વાતાવરણ પણ પલટાઈ ગયું !

વિદ્યાલયમાં બનેલો આજનોજ દાખલો બસ છે !

બનારસથી આવેલા નન્દલાલ શેઠે, વિદ્યાલયના અધ્યાપક રમણુલાલને, મીઠાઈના પડીકાની ભેટ આપી. રમણુલાલે એ મીઠાઈ હસતા મુખે સ્વીકારી અને પોતાની બાજુમાં પડેલી પેટીમાં, ખાસા મજ્જથી, એ પડીકું ગોઠવી દીધું; પણ અભયની ચકોર નજર આ દ્રશ્ય ઝડપી ગઈ.

એવામાં વિદ્યાલયના પ્રાધ્યાપક વિનોદભાઈનું તેડું આવવાથી રમણુલાલને વિદ્યાલયનો આ ખંડ છોડી જવું પડયું. છોકરાઓ મીઠાઈ સાફ ન કરી જાય માટે એમણે સૂચના આપી—"છોકરાઓ આ મીઠાઈ ઝેરવાળી છે. મને પૂર્ણ વિશ્વાસ છે કે મીઠાઈનું પડીકું આપનાર શેઠે કાવતરું ઘડયું છે. આને તમે કોઇ અડતા નહિ હોં. જો કોઈએ ખાધી તો મોત આવ્યુંજ સમજજો !" આટલું કહી અધ્યાપકે ચલતી પકડી.

અધ્યાપકના ગયા પછી અભય પેટી તરફ ડગલાં ભરવા લાગ્યો. પેટીમાંથી મીઠાઈનું પડીકું મુખ્ય ખંડમાં લાવી એણે મિત્રોને આમન્ત્રણ આપ્યું—"આવો, મિત્રો ! આજે ઉજાણી કરીએ. આવી ઉત્તમ બનારસી મીઠાઈ ફરી મળનાર નથી."

એક વિદ્યાર્થીએ પ્રશ્ન કર્યો—"આ મીઠાઈ ખવાય ? આમાં તો ઝેર છે, ઝેર !"

જલેબીનો એક ટુકડો મોંમાં મુકતાં અભયે કહ્યું—"ઝેર તો માણસની જબાનમાં અને અધ્યાપકની ચાલાકીમાં છે, મીઠાઇમાં નહિ. આવો દોસ્તો, આવો. આવી મઝેદાર મીઠાઈ ફરી સ્વપ્ને પણ મળવાની નથી. આ તો ભેટ નથી પણ લાંચ છે, લાંચ !" અભયની હાકલથી મીઠાઈ પ્રિય ભડવીરો મીઠાઈ પર ભૂખ્યાં ડાંસની જેમ તૂટી પડયા. જોત જોતામાં મીઠાઈ તો સાફ થઇ ગઈ; પણ એનો સ્વાદ મોંમાં રહી ગયો.

મીઠાઈ ખાઈ રહ્યા પછી બધાને ભાન આવ્યું કે—ચોરી કરવાનું કામ, કદાચ સહેલું છે, પણ એનું પરિણામ વેઠવાનું કામ તો જરાય સહેલું નથી—રમણુલાલ મીઠાઈની બાબતમાં પૂછશે તો ઉત્તર શું આપીશું ?

ભયથી ધ્રુજી ઉઠેલાં વિદ્યાર્થીઓના મુખડાં જોઈ અભયે હસીને કહ્યું—"મિત્રો ! ગભરાશો નહિ. અધ્યાપક પૂછે તો તમારે મારું નામ દેવું. હું બધાને પહોંચી વળીશ."

અભયની આવી અપૂર્વ હિમ્મતથી અને એના આશ્વાસનથી એના સાથીઓની છાતી ગજગજ ફાળી થઈ, એ બધાના મોંમાંથી એકજ અવાજ નીકળ્યો—"વાહ રે, બહાદુર !"

ત્યારબાદ અભય રમણુલાલની પેટીમાંથી એમનું પ્રિય ચપ્પુ લઈ આવ્યો. એ ચપ્પુને દરવાજામાં ભોંરવી એના બે ટુકડા કર્યા. બન્ને ટુકડા પોતાની સામે મૂકી, આંખો બંધ કરી, સમાધિ લગાવી બેસી ગયો—જાણે કોઇ મહાન્ યોગ !

રમણુલાલે આવીને જોયું તો વિદ્યાલયનું વાતાવરણ તદ્દન શાન્ત હતું. બધાના મોં પર ભયમિશ્રિત ગંભીરતા છવાએલી હતી. એમાં અભય તો બધાથી જુદો તરી આવતો હતો. એની બંધ આંખો આગળ ચપ્પુના બે ટુકડા પડયા હતા. ચપ્પુના ટુકડા જોઇ અધ્યાપક ચમકયા.

આંખ લાલ કરી રમણુલાલે ગર્જના કરી—"આ મારું ચાકુ કોણે તોડયું ?"

(વધુ માટે જુવો ટાઈટલ પેજ ૨ જો)

સાદર-સ્વીકાર.

રૂ. ૩૫) શ્રી અમલનેર (પૂર્વ ખાનદેશ) ની જૈન બ્હેનો તરફથી—
(પૂ. સાધ્વીશ્રી સુબોધશ્રીજીના સદુપદેશથી)

રૂ. ૨૫) શ્રી વડાચૌટા–સુરતના શ્રી જૈન સંઘ તરફથી—
(પૂ. શ્રીલબ્ધિસાગરજીના સદુપદેશથી)

રૂ. ૧૦) શ્રીહિંગણઘાટ જૈન સંઘ તરફથી
(પૂ. શ્રીસુજ્ઞાનશ્રીજીના સદુપદેશથી)

શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર

શ્રી સિદ્ધચક્ર.

ૐ નમઃ સિદ્ધચક્રાય, શાશ્વતાનન્દદાયિને ।
સર્વમન્ત્રેષ્વયં મન્ત્રોઽચિન્ત્યચિન્તામણીયતે ॥ ૧ ॥ આ૦ બો૦ મઙ્ગલમ્ ॥

ભાવાર્થ:—શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ. અને સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે. —આ. બો.

મણેહય—માનવદશા.

આલેખનકારઃ—પૂ. પંન્યાસપ્રવર શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

શાસનમાન્ય-ગુણગણ રત્નોની કિંમત નહિં સમજનારાઓ શાસનમાન્ય ગુણી અને ગુણ પ્રાપ્તિના અમોઘ સાધનોની કિંમત સમજી શકતાં નથી. અનેક વખતે શ્રવણ પથમાં આવી ગયું છે કે બ્રાહ્મી-સુંદરીના જીવોએ પૂર્વ ભવમાં વિનય-વૈયાવચ્ચના વાસ્તવિક ગુણની થતી પ્રશંસાને નહિં શ્રવણ કરવાથી-હૃદયમાં અરૂચીને ધારણ કરવાથી પીઠ-મહાપીઠ નામના સમર્થ વિદ્વદ્વર્ય મુનિપ્રવરો હોવા છતાં છઠ્ઠા ગુણસ્થાનકેથી પતન ભાવના પરિણામને પામીને પ્રથમ ગુણ-સ્થાનકે આવી ગયા એ ભૂલવા જેવું નથી. **શાસનમાન્ય લવલેશ ગુણ-ગુણી અને ગુણ-પ્રાપ્તિના સાધન પ્રત્યે અંશ માત્ર પણ અરૂચી-અણગમો, અનાદર-ઈર્ષ્યાદિ આવિર્ભાવ થઇ જાય તો છઠ્ઠા—ગુણસ્થાનકવર્તિ, પંચમ-ગુણસ્થાનકવર્તિ અને ચતુર્થ-ગુણસ્થાનકવર્તિ જીવો પોતાની ઉન્નત દશાથી પતન ભાવને પામીને પ્રથમ ગુણસ્થાનકમાં અણધાર્યા આવી પડે છે.** ગુણ-ગણી અને ગુણ પ્રાપ્તિના સાધન પ્રત્યે થયેલ અનાદરકારી.

[વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૨ જું.]

વી. સં. ૨૪૭૫
વિ. સં. ૨૦૦૫
વર્ષ ૧૫-અંક-૪

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખ મેમણ સ્ટ્રીટ—મુંબઇ.

વાર્ષિક લવાજમ
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના
રૂ. ૦—૪—૬

સમ્યક્ત્વ નામના સુશોભિત પદથી ભ્રષ્ટ કરે છે, એ વાતને ઉપરના પ્રસંગનું યથાસ્થિત પરિશીલન કરનારો આત્મા સહેજે સમજી શકે છે. ગુણ વગરના આત્માઓ ગુણવાન્–આત્માઓને જાણી શકતાંજ નથી. એ અનાદિ જોગ છે, પરંતુ પૂર્વ પુણ્યના ઉદયે અને પ્રબળ પુરૂષાર્થે ગુણગણની પ્રાપ્તિ સાથે ગુણવાન્ બની જવું એ મુશ્કેલ છતાં સહેલું છે, કારણકે સુંદર ગુણવાન્ બનતા છતાં ગુણની વાસ્તવિક કિંમતના અભાવમાં અન્ય ગુણવાનોને દ્વેષીને અને શ્રવણ કરીને ઈર્ષાળુ–મત્સરી બની જવાય છે એ **નિર્ગુણીપણાની નિષ્પુણ્યક દશા છે. ગુણવાન્ થયેલો આત્મા ગુણાનુરાગી થયો હોય તોજ પુણ્યની પ્રાપ્તિ–ટકાવ–વૃદ્ધિ આદિ ઉત્તરોત્તર ફલદાયિ લાભ પ્રાપ્ત કરી શકે છે. આથીજ ગુણવાન્ થવું અને અન્યમાં રહેલા શાસ્ત્રમાન્ય–અંશિક–ગુણગણની કિંમત સમજીને ગુણાનુરાગિ થવું એજ માનવ જીવનની મહોદય દશા છે.** આજ વાતને ચરિતાર્થ કરતાં શાસ્ત્રકારો જણાવે છે—

नागुणी गुणिनं वेत्ति, गुणी गुणिषु मत्सरी । गुणी च गुणरागी च, सरलो विरलो जनः ॥१॥

આ પદ્યના પરમાર્થનું સેવન કરવું એ **મહોદય માનવદશાની મહેલાતો છે.**

[પૃ. ૭૬ થી ચાલુ]

ક્રમાંકઃ	વિષયઃ	પૃષ્ઠઃ
૫૧	સ્થૂલ ત્રીજા વ્રતનું સ્વરૂપ અને અતિચારાદિ	૩૦
૫૨	સ્થૂલ ચોથા વ્રતનું સ્વરૂપ અને અતિચારાદિ	૩૧
૫૩	પંચમ અણુવ્રતનું સ્વરૂપ,	૩૨
૫૪	પાંચમા વ્રતના અતિચારો.	૩૩
૫૫	પ્રથમ ગુણવ્રત સેવનથી થતા ફાયદા.	૩૪
૫૬	પ્રથમ ગુણવ્રતની મર્યાદા.	૩૪
૫૭	પ્રથમ ગુણવ્રતના અતિચારો.	૩૪
૫૮	બીજા ગુણવ્રતનું સ્વરૂપ	૩૫
૫૯	બીજા ગુણવ્રત સંબંધી અતિચાર સ્વરૂપ.	૩૬
૬૦	દ્વિતીય ગુણવ્રત વિષયક કર્મ સંબંધી અતિચાર.	૩૭
૬૧	ત્રીજા ગુણવ્રતનું સ્વરૂપ.	૩૮
૬૨	અનર્થદંડના પ્રકારો.	૩૮
૬૩	અનર્થદંડના વિરતિવિષયક અતિચાર.	૩૯
૬૪	શિક્ષાત્મક–શિક્ષાવ્રતોની જરૂરિયાત.	૩૯
૬૫	સામાયિકનું સ્વરૂપ.	૪૧
૬૬	દેશાવગાશિકનું સ્વરૂપાદિ.	૪૨
૬૭	પૌષધનું સ્વરૂપાદિ.	૪૨
૬૮	અતિથિ-સંવિભાગ–શિક્ષાવ્રતનું સ્વરૂપાદિ.	૪૪
૬૯	અતિચારોના પ્રત્યાખ્યાનની જરૂર નથી.	૪૫
૭૦	સમ્યક્ત્વવ્રત સંબંધી ઉપાયાદિ.	૪૫
૭૧	દ્રષ્ટાન્ત પૂર્વક ઉપાયાદિ.	૪૬
૭૨	પરિણામનો આવિર્ભાવ અને પતન.	૪૭
૭૩	લીધેલા વ્રતાદિના સંરક્ષણ.	૪૭
૭૪	ઉત્તરોત્તર ગુણ પ્રાપ્તિનો અસ્ખલિત માર્ગ.	૪૮
૭૫	સદ્ગુપદેશનુ સુંદર ફળ.	૪૯
૭૬	યાવત્કથિકાનિ આદિનું સ્વરૂપ.	૪૯
૭૭	સંલેખના કેમ જણાવી નહીં ?	૫૦
૭૮	વસતી વિધાતાદિ લાભ.	૫૦
૭૯	પ્રતિદિન કર્તવ્ય વિધાન.	૫૧
૮૦	યાનાદિ વિધાન	૫૨
૮૧	પ્રવેશાદિ ઉચિત વિધાન.	૫૩
૮૨	અવિરૂદ્ધ વ્યવહારાદિ કર્તવ્ય.	૫૩
૮૩	વિશ્રામણ અને પરમેષ્ઠિ ચિંતનાદિ.	૫૪
૮૪	અબ્રહ્મ–વિરતિની આવશ્યકતા.	૫૫
૮૫	ચિત્તવિન્યાસાદિ	૫૬
૮૬	ભાવવા લાયક ભાવો.	૫૬
૮૭	સર્વોત્કૃષ્ટ-સંવેગામૃત	૫૭
૮૮	ચારિત્ર-પરિણામની પ્રાપ્તિ.	૫૮
૮૯	ઉપસંહાર.	૫૯

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૫.	પોષ-માસ.	તંત્રીઃ
અંક-૪ થો.	તા. ૧૭-૧-૪૯.	પાનાચંદ રૂપચંદ ઝવેરી.

આગમોદ્ધારકની અમોઘ-દેશના.

[નોંધઃ—વિ. સં. ૧૯૯૦ ના સુરત મુકામના ચાતુર્માસમાં પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ-આગમોદ્ધારક-શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીએ ધર્મરત્ન-પ્રકરણ પર અમોઘદેશના દીધી હતી, અને તેનો સારભૂત સંચય કરનાર પૂ. પં. શ્રીહેમસાગરજી પાસેથી તે (સંચય) મેળવીને, પૂ. પંન્યાસ-પ્રવરશ્રીચન્દ્રસાગરજી-ગણિન્દ્ર પાસે પેરેગ્રાફાદિ સુધારા વધારા સાથે તૈયાર કરાવીને અત્ર અપાય છે; છતાં પૂ. દેશનાકારના આશય વિરુદ્ધ કોઈપણ શબ્દાદિ બદલ્યા તેઓશ્રીની અત્ર અમે ક્ષમા યાચીએ છીએ. લિ૦ તન્ત્રી.]

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. "સવારમાં વવાય અને સાંજે ખવાય" એ ચક્રવર્તિની વ્યવસ્થાના ભરોસે બેઠતો આળસુ બની શકેજ નહિં.

૨. ચક્રવર્તિઓના નવનિધાનના ભરોસે પૈસા કમાવાનું માંડી વળાય નહિં.

૩. અસંખ્યાતા ભાગ્યશાળીઓને એકવીસ ગુણ વગર ધર્મરત્ન પ્રાપ્ત થઈ ગયું હોય, તે હિસાબે એકવીસ ગુણ પ્રાપ્તની બેદરકારી કરાય જ નહિં.

૪. તનતોડ મહેનત છતાં, મહેનત ઉપર ફલનો આધાર નથી.

૫. પ્રયત્ન પુરો છતાં, ફલ પ્રાપ્તિનો આધાર નશીબ ઉપર છે.

૬. દરેક કાર્યના પ્રારંભમાં અને કાર્યસિદ્ધિમાં પ્રયત્નાદિ એ સહકારિ કારણો છે.

૭. બંટીના વાવનારને થડ મળતાં જ નથી.

૮. પારિણામિક-કારણોની સાથે ઇતર કારણોની અનિવાર્ય જરૂર છે.

૯. અનુકૂળ ઉદ્યમ વગર નશીબથી પ્રાપ્ત થવાવાળી ચીજ પ્રાપ્ત થતી નથી એ ધ્યાનમાં રાખો.

૧૦. નશીબ પદાર્થોની નિષ્પત્તિ કરે છે, અને ઉદ્યમ પદાર્થોની પ્રાપ્તિ કરાવે છે.

૧૧. ખેતરમાં ઘઉં ઉગે છે, પરંતુ રોટલા ઉગતા નથી.

૧૨. સુખ-દુઃખની ચેતના એ બનાવવા લાયકની ચીજ નથી.

૧૩. સાકર મુકવાથી કીડી-મંકોડા આવે છે, પરંતુ સાકર મુકનારો કીડી મંકોડા બનાવનારો નથી.

૧૪. ઈશ્વરની સાચી દુકાન કઇ ?,

૧૫. દરિદ્રતા અને ધનાઢ્યપણા સાથે પ્રમાણિકપણાનો સંબંધ નથી.

૧૬. ધર્મપ્રાપ્તિનું અમોઘ બીજ.

ગુણપ્રાપ્તિની બેદરકારી ન કરાય.

શાસ્ત્રકાર-મહારાજ—શ્રીમાન્- શાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યપ્રાણીઓના ઉપગારને માટે ધર્મોપદેશ કરતાં થકાં. ધર્મરત્ન પ્રકરણને રચતાં થકાં શ્રાવકને અગે ધર્મરત્નને લાયક ૨૧ ગુણનું સ્વરૂપ, અને તેના દ્રષ્ટાંતોને સાંભળી ભવ્યોએ લેવી જોઇતી લાભદાયિ-દિશા સંબંધી બધું જણાવ્યું. આથી ખેડૂત ખેતર ખેડે, વાડ કરે, રક્ષણ માટે મનુષ્ય નિયત કરે, એ બધી વ્યવસ્થા કરવામાં આવી તે જરૂરી ગણાય; તેમ ધર્મપ્રાપ્તિ માટે ગુણ પણ જરૂરના છે. આગળ જણાવ્યું તેમ ચક્રવર્તીના રત્નને એ બધી જરૂર ન પડે, કારણકે તે તો સવારે વાવે અને સાંજે ચાવે તે રત્નના ભરોસે ખેડુતો ખેડવું બંધ ન કરે. તેવી જ રીતે ભાગ્યશાળી-આત્મા ૨૧ ગુણથી સંસ્કારિત ન થયો હોય, તેવાને ધર્મરત્નની પ્રાપ્તિ થઇ જાય, પણ રૂડા ગુણ બીનજરૂરી છે તેમ કહી શકાય જ નહિં. ચક્રવર્તીને નવનિધાન પ્રાપ્ત થાય તેથી બીજાએ નિર્વાહ માટે કમાવું જ નહિં, અને ચક્રવર્તીની ધારણા રાખીને હાથ જોડી બેસી રહેવાનું કરે તો તેનું પરિણામ શું આવે ?, ભુખે મરવાનું. કુટુંબને પણ ભૂખે મરવાનું અને ગેરઆબરૂ થવાનું રહે તેમ ધ્યાન રાખવું. કોઇક ભાગ્યશાળીને ૨૧ ગુણના સંસ્કાર વગર ધર્મરત્ન પ્રાપ્ત થઇ ગયો. જેમ અસંખ્યાતા મનુષ્યો તેમ અસંખ્યાતા ચક્રવર્તીઓ છે. અસંખ્યાતા ચક્રવર્તી થયા છતાં દુનીયાદારીવાળો તેનું દ્રષ્ટાંત ન લઇ શકે. અસંખ્યાત જીવોને ૨૧ ગુણ વગર ધર્મ પ્રાપ્ત થયો હોય, તો પણ તે અસંખ્યાત જીવોના આલંબને આપણે ધર્મરત્નની પ્રાપ્તિ માટે એકવીસ ગુણ વગર રહી શકીએ નહિં. ભાગ્યશાળી જીવોએ ૨૧ ગુણ વગર ધર્મરત્ન પ્રાપ્ત કર્યું હોય તેથી તે સાંભળી તે ગુણોની બેદરકારી કરવી આપણને પાલવે જ નહિં.

ઉદ્યમ અને નશીબનું સ્પષ્ટિકરણ.

જગતમાં આપણે ઉદ્યમ કરીએ, વેપાર કરીએ, રોજગાર કરીએ; અને ખેડુત ખેતી કરે તેવી રીતે સર્વ પોત-પોતાને લાયકનો પ્રયત્ન કરે; છતાં પણ ફળ તો નશીબદારી જેટલું જ મળે છે. ફળ મહેનત ઉપર સંપૂર્ણ આધાર રાખતું નથી. દરેક કાર્યમાં અને કાર્ય સિદ્ધિના ફળમાં મહેનત સહકારી કારણમાં કામ લાગે છે. ખેતી સારી કરી, પણ બંટી કે બાવટો વાવ્યો હોય તો ઘઉં ન ઉગે. ખેડુતની ચાહે તે મહેનત હોય, પરંતુ વાવેલ અનાજની જાત મહેનત ફેરવતી જ નથી; તેવી રીતે દુનીયામાં ચાહે તે મહેનત કરીએ તોપણ તે નશીબદારીને ફેરવી શકતી નથી. ત્યારે કરવું શામાટે ?, જેમ પારિણામિક કારણ જરૂરીનાં છે, તેમ ઇતર કારણો પણ જરૂરીનાં છે. બાવટો વાવ્યો હોય તો ઘઉં ન થાય, પણ ખેતી કરી ઘઉં વાવ્યો હોય તોજ તે ઘઉં ઉગે છે. ખેતી વિગેરેની સવડ જરૂર કરવી જોઇએ. **નશીબની ચીજ મેળવવામાં અનુકુળ ઉદ્યમ જરૂર જોઇએ.** ખેતી વિગેરેના ઉદ્યમ વગર ઘઉં થતો નથી. તેમ નશીબમાં રહેલી ચીજ ઉદ્યમ કર્યા વગર ફળતું નથી. **નશીબ નિષ્પતિ કરીને નિપજાવે છે,** પણ પ્રાપ્તિ તો ઉદ્યમ કરાવે છે. ખેતરમાં અનાજ નિપજે તે નશીબથી, પણ નશીબથી લોટ તૈયાર મળતો નથી. નશીબથી દાણો નિષ્પન્ન થયો, પણ લોટ થવાનું તો મહેનતથી. થવાવાળું ફળ ઉપભોગમાં ઉદ્યમદ્વારાએ જ લેવાય છે. એકલા ઉપભોગ કે ઉદ્યમ પર આધાર રાખનારે ખેડુતનું અન્ન પ્રાપ્તિનું અને ભોજનનું દ્રષ્ટાંત બરાબર ખ્યાલમાં રાખવાનું છે. દાણા વગર ખેડુતને મહેનત ખેતી વરસાદ કામના નથી. તેમ દાણો ઘણો હોય તોપણ ખેતી વરસાદ વગર થઇ શકતી નથી. નશીબથી દાણા ઘેર નથી આવતા. લણવું, લાવવું, દળવું, રાંધવું; વિગેરેમાં ઉદ્યમની જરૂર. નશીબે દાણા કર્યા, પણ રોટલા ઉભા ન થયા. નશીબે દાણો થયો, તેમ દાણો ન થયો હોય તો ખાલી ગાડાં લઇ જઇ પાછાં આવે, અને દાણા વગર રોટલા પણ ન મળે. વગર મહેનતે કોઇ કમાયો નથી. મહેનત કર્યા

છતાં નશીબ વગર કોઇને મળ્યું નથી, માટે બંન્નેની જરૂર છે. કદાચ નશીબ ચીજ કઇ ?, પહેલા ભવનો ઉદ્યમજ છે તે. આ ભવનો ઉદ્યમ, તે આવતાં ભવનું નશીબ. અત્યારે પહેલા ભવનો ઉદ્યમ કર્મરૂપ છે, માટે વસ્તુ જુદી પાડવી પડી. **પૂર્વ કાળના ઉદ્યમથી થયેલું નશીબ, અને વર્તમાન ઉદ્યમ એ બે જુદી વસ્તુ છે.**

ઈશ્વરના હથોઆરો.

પહેલાં ભવે પુન્ય કર્યું તો અહીં ભાગ્યશાળી થયા, પાછાં તેવાં કર્મો કર્યાં, અને વળી પાછા બીજા ત્રીજા ભવે અનુક્રમે ભાગ્યશાળી થયા. તેમ પહેલા ભવે નિર્ભાગ્યપણાના કામ કર્યા, પાછા આવતા ભવે તેવા નિર્ભાગી થયા. તમારે કર્મની થીયરી માનવી હશે તો એક સરખી પરંપરા માનવી પડશે. દુનીયાદારીમાં ચાહે તે કારણથી બાજરીપણે બાજરીના દાણા ધઉંપણે પરિણમ્યા. હવે તો બાજરી વાવો, અને બાજરી લણો, ધઉં વાવો અને ધઉં લણો. હવે તો સીધી પરંપરાં ચાલવાની છે, માટે બાજરી થયા પછી પરંપરા પણ બાજરીના બીજની જ થવાની છે. ધઉંનો દાણો થયા પછી પરંપરા ધઉંની જ થશે. તેમ અહીં સારાં કે ખોટાં કર્મો જે થયા એક વખત થયા પછી તેની પરંપરા સારાની સારારૂપે થશે, અને ખોટાની ખોટારૂપે પરંપરા ચાલવાની છે. કર્મની થીયરી માનવાથી જગતની વ્યવસ્થા એક સરખીજ ચાલવાની. એક વસ્તુ ધ્યાનમાં રાખો કે જગતનો ઈશ્વર કર્તા માની લઇએ તો વચમાં જીવોનું સ્વતંત્રતાનું સ્થાન રહેવાનું જ નથી. ઈશ્વર કર્તા માનશો તો જીવો સ્વતંત્ર કર્મ ન ફેરવી શકે, પણ ઈશ્વર જ ફેરવી શકે એમ તમારે માનવું પડશે. આથી જ પાપીને ભાગ્યશાળીપણામાં ફેરવી શકે છે, અને ભાગ્યશાળીને પાપીપણામાં ફેરવી શકે છે. કર્મ સિદ્ધાંતવાળાને કર્મની કર્તાપણાની રીતિ ચાલતી હોવાથી આદમી પાંગળો છે, કેમકે કર્મની ફેરવવાની સત્તા ઉદ્યમને=પ્રયત્નને આધીન છે. આવું ઈશ્વરને કર્તા માનનારા કર્મસિદ્ધાંતવાળાને કહી શકે છે. 'પણ ખાટલે મોટી ખોટ કે ચોથો પાયો નથી' જે કર્મનું અવલંબન લીધા વગર ઈશ્વર કર્મની શ્રેણિ ફેરવે અને નિર્ભાગીને ભાગ્યશાળી કરે, અને ભાગ્યશાળીને નિર્ભાગી કરે તે કંઇક હેતુથી કે એમને એમ ? જે હેતુથી ઈશ્વર નિર્ભાગીને ભાગ્યશાળી કરે, તે ઈશ્વરના મનનો હેતુ કે જીવતા જીવના પ્રયત્નનો હેતુ. જો ઈશ્વરના મનનો હેતુ કહીએ તો જગતને દુઃખી કરનારા જે દુષ્ટો તેનો ગુરૂ ઈશ્વર, અને દુષ્ટો તો તેના એક હથીયાર. જગતમાં ચોરો, લુચ્ચાઓ, હરામખોરો ઈશ્વરના ઓજાર. મનસ્વીપણે ઈશ્વર કાર્ય કરતા હોય તો જીવ ગુનેહગાર ન રહ્યો ઈશ્વરે પોતાના ઓજારનો ઉપયોગ કરી ભાગ્યશાળીને નિર્ભાગી બનાવી દીધા. ચોરટાઓ ઈશ્વરના ઓજાર, અને સત્પુરૂષો પણ ઈશ્વરના ઓજાર.

જીવસંબંધની અનેકવિધ માન્યતા.

ઈશ્વરને કર્તા માનવાથી જીવની જવાબદારી આખી ઉડી જાય છે, અને જવાબદારી ઈશ્વરી સત્તાની નિર્ણયતા થાય છે. તેથી જે જગતના સત્કાર્યો અને દુષ્કાર્યો થાય, તે બધાની જવાબદારી ઈશ્વરને શિર જાય છે. જેઓ જીવ અને પ્રકૃતિ અનાદિ માને છે. પ્રકૃતિથી થવાવાળી બુદ્ધિનું પ્રતિબિંબ પડે તે દ્વારાએ જીવને ભોકતા માને છે. શાશ્વત જીવ ચૈતન્ય સહિત છે. માત્ર પદાર્થનું જાણવું પ્રકૃતિના સંયોગે બને છે. આ બધું માનવાવાળા સાંખ્ય છે. બ્રહ્મામાંથી નવા કણીયા થએલા માને છે, એટલે તે નવા ઉત્પન્ન થએલા જ માનતા નથી અગ્નિમાંથી જેમ કણીઆ નિકળે તે નવા નથી, તેવી રીતે બ્રહ્મ શબ્દથી જગતના સઘળા જીવોનો એક જથ્થો. શુદ્ધ આત્મા માન્યો, અને જીવને ઉત્પન્ન થએલો નવો કોઇ માનતું નથી. માત્ર નાસ્તિક પાંચ ભૂતથી ચેતના ઉત્પન્ન થાય છે, તે કેવળ નાસ્તિકો જ માને છે. જીવ ઉત્પન્ન થાય છે ?, તેના ઉત્તરમાં જણાવે છે કે શરીર એ જીવનું અધિકરણ, શરીરની ઉત્પત્તિ એ પુરૂષ પ્રયત્નને આધીન. ખેડુતે ખેતી કરી, અને એકના એક હજાર દાણા થયા; તમારી અપેક્ષાએ

હજાર જીવ ઉત્પન્ન થયા. દીવાસળી સળગાવી સળગાવવાના પ્રયત્નને અસંખ્યાતા જીવ ઉત્પન્ન થયા. ઓલવ્યો તો નાશ પામ્યા—જીવોની ઉત્પત્તિ નાશ તે જીવતા પ્રયત્નને આધીન છે. તમે જીવોની ઉત્પત્તિ કરવા માંગો તો થાય છે, અને તે જીવોની થએલી ઉત્પત્તિને ટકાવવા કે નાશ કરવા માંગો તો ટકી શકે છે, અને નાશ પણ પામે છે. આ બધું ઉત્પત્તિ નાશ પુરૂષ પ્રયત્નને આધીન છે તેમ માનવું પડશે. અગ્નિને ઓલવો નાંખ્યો. એટલે જીવો ગયા, અને છાણના કીડાને નાશ કરવા માંગો તો કરી શકો છો. અત્યારે નિમિત્તને કર્તા માનો, તો જીવ જેવી જુદી વસ્તુ સાબીત કરો તમારે આનું નામ નિમિત્ત. જીવ જેવી વસ્તુ સાબીત ન થાય ત્યાંસુધી નિમિત્ત શી રીતે માનવું? મનુષ્ય જનવરની ઉત્પત્તિ ટકવું તે જીવના પ્રયત્નને આધીન સર્વ જીવો જે રૂપમાં તમે ગણ્યા છે તે તે બધા રૂપો જીવના પ્રયત્નને આધીન થવાથી ટકે છે, ઉત્પન્ન થાય છે, અને નાશ પામે છે તો તે રૂપોમાં જીવને રાખવા કરવાનું એનાં પ્રયત્નને આધારે રહ્યું. જીવને રહેવાનું ખસવાનું તેના પ્રયત્નને આધીન રહ્યું.

સાકર મુકનારો એ કીડી માંખો બનાવનાર નથી.

અહીં સમજવાનું એ છે કે સુખ દુઃખની ચેતના અમારી ખોસી ખોસાય છે કે એની મેળે ખોસાય છે. સુખ દુઃખની સમજણમાં બુદ્ધિ જ્ઞાન અક્કલ તારા પ્રયત્ન કે કોઈના પ્રયત્નને આધીન છે? કબુલ કરવું પડશે કે જ્ઞાન, અક્કલ, બુદ્ધિ, હોંશીયારી એ બધાનું કોઈક જુદું કારણ છે. બીજી વાત એ છે કે જેઓ અમારા પ્રયત્નથી જીવની ઉત્પત્તિ કહે છે, તે જીવની ઉત્પત્તિ છે કે શરીરની ઉત્પત્તિ છે?, અથવા જીવને ઉત્પન્ન થવા લાયકના સંયોગની ઉત્પત્તિ છે?; ચેતના ગુણ કોઇ કોઇમામાં ઉપજાવી શકતો નથી. બુદ્ધિ ગુણ અક્કલ કોઈ કોઇમાં ખોસી શકતો નથી—વરસાવી શકતો નથી. બુદ્ધિ જ્ઞાનાદિકનો અધિષ્ઠાતા કોઇક જુદોજ છે. અહીં કીડી ન હતી, પણ સાકર મેલી એટલે ચારે બાજુથી કીડી દોડતી આવી. અમે સંજોગ એવો કર્યો કે જેથી જીવોને ત્યાં આવવાનું થયું. સાકર મેલનારો કીડાને માંખોને બનાવનાર નથી. માત્ર એવી વસ્તુ મેલી જેથી બીજી જગો પરથી કીડીઓ માખીઓ ત્યાં એકઠી થઈ. ગળપણ મેલવાથી કીડી માંખો બીજી જગોપરથી આવી છે તેમ જીવોત્પત્તિ લાયક સંયોગ કર્યા, તેથી જીવ ત્યાં ઉત્પન્ન થયો. ઉત્પત્તિની અનુકૂળતા માત્ર તમારાથી થઈ. પણ જીવોની ઉત્પત્તિ તમારાથી થઇ શકોજ નથી. કીડીને માંખોને એકઠા તમે કરી, પણ કીડીને માંખો તમે બનાવી નથી.

બાગા-પંથીઓની માન્યતા.

તેમ અહીં જીવો સ્વાભાવિક જગતમાં છે, તે જીવોને તમે ઉત્પત્તિનું સ્થાન કર્યું, તેથી જીવો ત્યાં આવ્યા. આથી જીવોની ઉત્પત્તિ તમારે આધીન નથી. હવે જીવોનું ટકાવવું તમારે આધીન નથી. કુદરત અંદર વિચિત્ર ચીજ છે કે જે ચીજને અંગે તેને એટલો કાળ ટકવું થયું. જે કાળાંતર થાય અને બીજી ગતિમાં બીજા સ્થાનમાં ઉપજે તેનું કારણ બોલો. છાણ લાવ્યો ને કીડા થયા, પણ આજ તને છાણ લાવવાનું મન થયું તેનું શું કારણ?, જીવોના સુખ દુઃખને અંગે જે કાલાંતરપણું થયું. કાળાંતર કરવાની બુદ્ધિ થઈ તેનું કારણ કયું થયું? એટલો વખત જીવવાનું હતું તેથી તને મારવાનું મન થયું. જીવનું ઉત્પન્ન થવાનું સાધન ભલે યોનિ હોય, પણ નવેસર જીવને ઉત્પન્ન થવાનું નથી, અને મરણનું સ્થાન આગ વિગેરે છે; તે જીવનું મરણ નહિ પણ શરીરનું મરણ છે. આથી જીવને કર્મ બે ચીજ માન્યા

વગર છુટકો નથી. જીવ જેવી ચીજ માની લીધી. આપણને અનુભવ થાય છે કે સંયોગની વિચિત્રતાને લીધે મારૂં ચિત્ત આમ કેમ રહે છે ?, કયા સંજોગો કર્યા છે ?, કયા સંયોગ સંસ્કારદ્વારાએ અસર કરે છે ?, સંયોગદ્વારાએ જે સંસ્કાર અસર કરે તો સંસ્કાર કોનો કર્યો ?; જેનો સંસ્કાર કર્યો તે જ કર્મ. મૂળવાતમાં આવો, કર્મની થીયરીને અંગે એક સરખાપણું રહેશે છતાં, વચમાં ઇશ્વર કેમ ઘુસાડયો ?, તેને પુછીએ કે કર્મની ફેરફારી વગર તમારો ઈશ્વર ભાગ્યશાળી કે નિર્ભાગી બનાવશે ?, તો તેમ થાય તો કહેવું પડે કે, લુચ્ચા લફંગા હરામખોર ઇશ્વરની ધારણા બર લાવવા માટે ગોઠવેલા સંચાઓ છે. જે જગતમાં ઉપગાર કરનારા તે પણ ઇશ્વરના હાથા છે. નિર્ભાગીને ભાગ્યશાળી જ બનાવવા માટે, અને ભાગ્યશાળીને નિર્ભાગી કરવા માટે. ઇશ્વરે આ હાથા રાખ્યા છે. તેમ ગણવું પડશે જો ઇશ્વરે ફાંફેરી કરી હોય તો એની એ જ દશા. અબજોની સંખ્યાના શત્રુને, અને આંગળીના વેઢા જેટલા મિત્રોને, દુઃખ સુખ દેનાર ઈશ્વર ઠરશે. જગતમાં અબજો દુઃખી છે, અને સુખી ગણત્રીના છે. હવે એમાંજ પોલ પેઠી છે તે કેમ મનાવે છે. તેની ઊંડી જડ છે. દુનીયાને ફોલી ખાવાનું જો મળતું હોય તો ઈશ્વર કર્તા માને તેમાંજ બને છે. તેમને સરાધીયા સરાવાથી સહેજ=શય્યા મળે છે. ઇશ્વરનું કર્તાપણું ખસી જાય તો બ્રાહ્મણોના પેટ પુટી જાય. અહીં સરાવો તો સદ્ગતિ થશે. બાર દહાડે સેજ પુરોતો ત્યાં મળશે. ઇશ્વરના બ્રાહ્મણો પોતે એજન્ટ. ઇશ્વરના એજન્ટને ઇશ્વર ઉઠો જાય તો તે પેટ પુટે. આખા ગામના ગામ, અને રાજ્યના રાજ્ય ફોલી ખાધા. સહેજ પુરી બ્રાહ્મણને આપે તો બાપને મળે. મનેજ આપવાનું કરો તો પહોંચશે, અને બીજાને કરો તો કંઇ નહિં. ઇશ્વરના નામે ખોટી પેઢી ચલાવનારને તેમ ન માને તો મહત્વના વાસણ, ગાદલા-લોટા-પાટલા ખીરના જમણ મળે કયાંથી ?; રાજ્યને ગામ કયાંથી લેવા ? માટે ધાગા પંથીઓને ઇશ્વર જગત્ કર્તા સાબીત કરવો પડે છે.

પાકદાનતપણું નિયમિત નથી.

વિચારવાનું છે કે–નિર્ભાગીને ભાગ્યશાળી કે ભાગ્યશાળીને નિર્ભાગી કરનાર ઈશ્વર હોય તો દુઃખના સાધનો તે ઇશ્વરના ફેરીસ્તા છે. આ જીવની પરિણતિ ઉપર કર્મને ફળનો આધાર ન રાખીએ તો, વાસ્તવિક ઇશ્વરની સાચી દુકાન ચલાવો. સાચી દુકાન કઈ ?, ઉત્તમ ગતિના રસ્તા; અને અધમ ગતિના રસ્તા જણાવો. આ રસ્તે વર્તશો તો ઉત્તમ, અને આ રસ્તે વર્તશો તો દુર્ગતિ મળશે. આ જવાબદારી ને જોખમદારીનું ભાન કરાવવું, તેજ ઇશ્વરી દુકાનનું કામ હતું. ઇશ્વરના નામે તે દલાલોએ દલાલી લેવા માંડી અને ખાવા માંડી. ઈશ્વર જેવી મોટામાં મોટી ચીજ અનાદિથી એમને એમ રહી છે. તેથી બધી ચીજો જગતમાં ઈશ્વરે કરી હોય તો ઇશ્વરની જરૂર શી ? જગત ન બનાવ્યું હતું ત્યાં સુધી ભૂખ્યો રહ્યો હતો કે શું થયું હતું ?, આખા જગતે ઈશ્વરને માન્યો. મત્તા બધામાં મારતા જઇએ છીએ. છોકરાઓને નિશાળમાં શું શીખવો છો. 'ઓ ઇશ્વર તું એક છે.' એ કવિતા બોલે તેમાં વાંધો નથી. કારણ એકજ છે કે જે લક્ષ્યબિંદુ છે એજ ઉડી ગયું છે, અને તે ધામા પંથીઓએ જુદી આડત માંડી છે. વળી તે આધારે તમે ચાલ્યા કરો છો પણ તેમાં વિચાર કરીએ તો સ્પષ્ટ છે કે તને આડત કયાંથી પહોંચી ?. આ ઉપરથી ઇશ્વરને કર્તા માનનારાઓને પણ ન્યાયની ખાતર માનવું પડશે કે નિર્ભાગી પણ ભાગ્યશાળીનું કામ કરી શકે છે. આ ન્યાય ખાતર માનવું પડશે અને જગતમાં પણ દેખીએ છીએ કે દરિદ્ર હોય તો પાકદાનતનો હોય, ધનાઢય હોય પણ પાકદાનતનો ન હોય; તેમ તેથી ઉલટું પણ હોય છે. દરિદ્રતા અને ધનાઢયતા સાથે પાકદાનતપણું નિયમીત નથી.

ધર્મ પ્રાપ્તિનું બીજ.

નિર્ધન કે ધનવાળાઓ પણ બદ્દાતતવાળા હોય છે, આ બતાવે છે કે નિર્ભાગીની લાઇનમાંથી ભાગ્યશાળીની લાઇનમાં જવાય છે. ચારે પ્રકારની ચીજ જગતમાં છે. ૧ જીવની કર્મ બાંધવા-ભોગવવાની જવાબદારી જોખમદારીની ચીજ પોતાની છે, ૨ ઈશ્વરની જવાબદારી કે જોખમદારીની તે ચીજ નથી, ૩ કહો કે બધાએલા કર્મમાં પલટો જીવ-ખવરાવી શકે છે, અને મારી શકે છે. ૪ નિર્ભાગી છતાં ભાગ્યશાળીના કારણ અને કાર્ય કરી શકે છે. આથી કર્મને પલટો ખવરાવવાની સત્તા પણ જીવમાં છે. જીવમાં કર્મનો પલટો કરવાની સત્તા નહિં હોય, તો બધા નિર્ભાગી તે નિર્ભાગી કે ભાગ્યશાળી તે ભાગ્યશાળી રહેશે. આ દુષણ ન રહ્યું. આથી નિર્ભાગીને નિર્ભાગીપણું ખસેડવાની જરૂર રહી. આમાં ઉદ્યમની જરૂર રહી, અને આથી ઉદ્યમની જરૂર છે. તેમ અહીં ચક્રવર્તી જેવા વગર મહેનતે નવનિધાન પામ્યા. ચર્મ અને વાર્ધકી રત્નાદિથી વગર મહેનતે ખેતી વિગેરે કરી શકયું. તે દેખી જગતમાં ધન પેદા કરવાનું, અને ખેતી કરવાનું કોઇ છોડી દેતું નથી. તેમ કોઇ ૨૧ ગુણ વગર ધર્મ પામ્યા હોય તે દેખીને ભવ્યોએ ૨૧ ગુણથી નિરપેક્ષ થવાનું નથી. એ બધાની જરૂરીયાત બીજમાં ભૂલ ન થવી જોઇએ. બીજમાં ભૂલ થાય તો રક્ષણ, વાડ, રક્ષણાદિની મહેનત બધાનું શું થાય ? તેમ ૨૧ ગુણ મલ્યા તે વાડ, રક્ષણ, અનેવરસાદ થયા; પણ બીજ કયું ? **ધર્મને રત્નજ ગણવો, અને ધર્મ એજ રત્ન છે–ધર્મ રત્નજ છે.** આ બે બુદ્ધિ આત્મામાં બીજ તરીકે છે. આ બે બુદ્ધિ બીજ તરીકે છે. અને તે બુદ્ધિ કયાં આવે ?, વિજ્ઞાન ભૂમિમાં હવે તેમાં મુખ્યાર્થ ને લક્ષ્યાર્થ કઈ રીતે આવે ?, તે અધિકાર અગ્રે વર્તમાન.

બુદ્ધિણીન નાયક

લેઃ—ચન્દ્રપ્રભસાગર-ચિત્રભાનુ.

સુઘોષ નામના ગામમાં રહેતા સર્વપશુ નામના તાપસના પરાક્રમો કોણે નથી સાંભળ્યાં ? અને સાંભળ્યાં પછી એવો કયો ગંભીર માનવ હશે કે જે એના પરાક્રમો પર ન હસ્યો હોય ? હું માનું છું કે તમે એના પરાક્રમો નથી સાંભળ્યાં, એટલેજ તમે ગંભીર જણાઓ છો. લો ત્યારે હું તમને એનું એક કથા કોપમાંનું પરાક્રમ વર્ણવી બતાવું.

સર્વપશુ તાપસને એક સુંદર બગીચો છે. અનેક ફળોથી સુશોભિત ઘટાદાર વૃક્ષો, પુલકિત પુષ્પોથી લછી પડતી વેલડીઓ અને નયનને ચિર શાન્તિ અર્પતી નવપલ્લવિત કુંપળીઓ—આ મનોહર બગીચાની શોભામાં અભિવૃદ્ધિ કરે છે !

હમણાંજ પડું પડું થતી ફદફદતી ફાંદવાળો સર્વપશુ આ બગીચાનું રક્ષણ સાવધાનપણે કરે છે. જીવથી પણ વહાલી એવી આ વાડીનું જતન કરતાં, એક પ્રભાતે વાડીના કયારાઓમાં કેટલાક ગાયનાં પગલાં, એને ધૂળમાં દેખાય છે. પગલાં જોતાંજ કુપિત થએલો સર્વપશુ વિચારતરંગોમાં તણાય છેઃ—આ ગાય કોની હશે ?, કયારે આવતી હશે ?, કયાંથી આવતી હશે ?; બગીચામાં પેસવાનું બારણું તો સદા બંધજ રહે છે. છતાં આ અંદર કેની રીતે આવી હશે ?, ગમે તેમ હો પણ આ ગાયની ખબર લેવી પડશે–હાડકાં ખોખરાં કરવાં પડશે !''

કોકજ એવો વિરલ, ભ૦ મહાવીર જેવો, સંત હશે કે જે પોતાનું બૂરું કરનારને પણ

અમીભરી દૃષ્ટિથી નિહાળતો હશે ! જગતમાં કહેવાતા પામર સંતો તો નજીવી બાબતથી પણ ક્રોધના મહાસાગરમાં ડમી જાય છે— મરણને શરણ થાય છે !

બીજે દિવસે કાજળ ઘેાળી રાત્રિમાં, હાથમાં એક લાકડી લઈ, સાવધાનપણે બગીચાના એક ખૂણામાં બેઠેલ તાપસની કેાડા જેવી આંખેા અંધકારમાંય વિજળીની જેમ ચમકે છે.

માઝમ રાતે આકાશમાંથી એક ગાય ઉતરીને, ધીર-ગંભીર ગતિએ, બગીચામાં ચરવા લાગે છે. આ દૃશ્ય જોઈ, ચકિત બનેલેા તાપસ એકદમ દેાડીને ગાયનું પુછડું જેરથી પકડી લે છે. પુછડું પકડાતાંજ ગાય ગગનમાર્ગે પક્ષીની જેમ ઉડવા માંડે છે. ગાયના પુછડા પર લટકતેા તાપસ, ઉપર ગાયની લાતથી ગભરાય છે. અને નીચે પૃથ્વીના ઊંડાણને જોઈ આંખ મીચે છે. ન રહ્યો આકાશનેા કે ન રહ્યો પાતાળનેા.? જાણે ત્રિશંકુ !

થેાડીજવારમાં ગાય કેાઇ એક સ્વર્ગીય ઉપવનમાં જઈ થંભે છે. ગાયનું પુછડું છેાડી, ચારે તરફ દૃષ્ટિ ફેરવી, ત્યારેજ એને જણાય છે કે, ભવ્ય મહેલાતેાથી સુશેાભિત આ તેા સ્વર્ગનેાજ એક વિભાગ છે.

અહિં મહામૂલા રત્નેાથી જડેલા પગથિયાંવાળી વાવડી પેાતાના નિર્મળ જળ રૂપ સ્વચ્છ દાંતમાંથી હાસ્ય કિરણના રૂપેરી ટુકડાં પાથરી રહી છે. આ વાવડીમાં વિકસતી કમલિનીઓ, સૂર્યના પુરાગામી અરૂણના રકતવર્ણી મુખડાને નિરખવા વારંવાર ઊંચી નીચી થઇ રહી છે. સૂર્ય પણ પેાતાની વિરહિણી કમલિનીઓના મધુર સ્મિતનું પાન કરવા અરૂણની પાછળ ધસમસતેા મારતે ઘેાડે આવી રહ્યો છે- આ અનિર્વચનીય દૃશ્યમાં મગ્ન બનેલા તાપસના કાનમાં નવીન શબ્દેાનેા ધડધેા પડે છે—

"તાપસ ! આમ મુગ્ધ કેમ બની ગયેા છે ? જો, હું કામધેનૂ છું. મારાજ આ ઊંચાં મંદિરેા છે. તારા નયનને ચકિત બનાવી દેતી આ રત્ન જડિત પગથિયાંવાળી વાવડી પણ મારીજ છે, અને આ ફલ-ફૂલ ને વેલડીઓથી વિંટળાએલ ઘનઘેાર ઘટાદાર તરૂવરેાથી શેાભતું ઉપવન પણ મારૂં છે. છતાં મારા જાતિ સ્વભાવ પ્રમાણે મારૂં આ સુંદર ઉપવન મૂકીને પારકા બગીચામાં ચેારીથી ચરવા જાઉં છું. જેમ, **કપુરનું ખાતર નાંખેા, સૈારભવાળા જળનું સિંચન કરેા, અને પાનડે પાનડે કસ્તૂરી અને ચંદનનું વિલેપન કરેા તેાય કુંગળીના જાતિ સ્વભાવ-દુર્ગન્ધ જતેા નથી,** તેમ મારેા પણ પારકા ખેતરમાં ચેારીથી મેાઢું નાંખી આવવાનેા જાતિ સ્વભાવ જતેા નથી !"

તાપસ વચ્ચે જ બેાલે છે—"તારેા જેમ પારકા બગીચામાં મેાં નાંખવાનેા સ્વભાવ છે તેમ મારેા કેાઈપણ ચેારીથી ખાઇ જનારનાં હાડકાં ખેાખરાં કરવાનેા સ્વભાવ છે, તેનું શું ?"

કામધેનૂ નમ્ર રીતે વદે છે—પ્રશ્ન ઠીક છે. પણ ઉત્તર રસિક છે. જો તું મારે ત્યાંથી સિંહકેશરીઆ લાડવા ખાઈ જજે અને હું તારા બગીચામાં મારી ઇચ્છા પ્રમાણે ચરી જઇશ. આ વિનિમય ઠીક પડશે." એમ કહી કામધેનૂ સિંહકેશરીઆ એની આગળ ધરે છે.

લાડવા ખાઈ ખૂશ બનેલેા સર્વ પશુ આ વાત મંજુર રાખે છે. તાપસ તે દિવસ સ્વર્ગમાં વ્યતીત કરી બીજી રાત્રિએ કામધેનૂનું પુછડું પકડી પૃથ્વી પટ પર આવી, મઠ ભેગેા થાય છે ! **રસના ઇન્દ્રિયના સ્વાદથી ઉદ્‌ભવ થતેા આનન્દ ક્ષણિક છે, પણ એનું પરિણામ દીર્ઘ હાનિકારક છે. તલવાર કરતાં રસના ઇન્દ્રિએ માનવેાના ઘણા ભેાગ લીધા છે. અન્ય ઇન્દ્રિઓ કરતાં સ્વાદ ઇન્દ્રિયનું બંડ અતિ ભયંકર છે. રસના પર વિજય મેળવનારજ બીજી ઇન્દ્રિઓ પર વિજય મેળવી શકે છે**—આ વાત આ પામર સર્વ પશુ તાપસને કયાંથી સમજાય ? અને તેથી જ તાપસ અને કામધેનૂનેા લાડવાના ભેાજન માટેનેા ગમન-આગમનનેા રીવાજ રોજનેા થઇ પડે છે.

એક દિવસ તાપસને એક વિચાર ઉદ્‌ભવે છે—"સિંહકેશરીઆ કેવા મઝાના છે! શું એની લહેજત! આમાં અપૂર્વ મોદકો હું એકલો ખાઉં, અને શિષ્યો વાંચેતા રહી જાય, એ કેમ બને? લાડવા ચેલાઓ માટે તો મારા ગુણ ગાશે અને કહેશે કે વ્હારે ગુરૂજી!"

બીજા દિવસે, આ પ્રશ્નનો ઉકેલ લાવવા માટે, ગાયની આગળ આ પ્રશ્નની રજુઆત કરે છે. અને કહે છે કે "જો તમારી આજ્ઞા હોય તો, મારા પરિવારને આપના લાડવાના મહેમાન બનાવું."

કામધેનૂ, તાપસનું અપમાન ન કરવા માટે અને જોડેથી મૈત્રી નિભાવવા માટે, હા પાડે છે. ખરેખર, **ઉત્તમ આત્માઓનો હૃદયસાગર દાક્ષિણ્યાદિ ગુણરત્નોથી ઉભરાતો હોય છે!**

કામધેનૂની 'હા' સાંભળતાંજ તાપસનું ફળદ્રૂપ ભેજું ગગનનગર ભણી જવાની યુક્તિ શોધી કાઢે છે. રાત્રે બધા ચેલાઓને ભેગા કરી એ જણાવે છે—"જુઓ, તમારે આજે રાત્રે કામધેનૂના મહેમાન બનવાનું છે. ભોજનમાં દેવતાઈ સિંહકેશરીઆ લાડવા પીરસાશે, માટે તૈયારે થઈ જાઓ."

શિષ્યોને ગુરૂની આ કઢંગી વાત મગજમાં ન ઉતરતાં, એક સાહજિક પ્રશ્ન શિષ્યોથી પૂછાઈ જાય છે—"આપણે આકાશમાં કેવી રીતે જઇશું, પાંખો તો નથી કે જેથી ઉડી શકીએ?"

પણ ત્યાં તો તપેલો તાપસ ગર્જી ઉઠે છે—"તમારે તે વાતની ચિંતા કરવાની ન હોય. ગુરૂ હું કહું-નહિ કે તમે? તમારે તો મારી આજ્ઞા જ શિરોવન્દ્ય કરવાની હોય. ગુરૂ આજ્ઞામાં તર્કને સ્થાન નથી. જુઓ, આ કામધેનૂ આવી રહી છે. હું એનું પુછડું પકડીને લટકીશ. તમે મારા પગ વ્યવસ્થિત રીતે પકડીને, મારા પગે લટકજો. તમારા શિષ્યો તમારા પગે લટકશે—એમ સાંકળની જેમ હારબંધ્યા ગોઠવાઈ જઇશું પછી ગાય આકાશમાં ઉડશે એટલે આપણે પણ એના પૂછડાના આધારે ગગનનગરમાં પહોંચી જઇશું અને સિંહકેશરીઆનો આસ્વાદ કરીશું સમજ્યા ને?" આટલું બોલતાં તો તાપસના મોંમાં પાણી છૂટવા લાગે છે.

આકાશની ગુલાબી હવામાં મુસાફરી ચાલુ થાય છે! ગગનનો મધુરો પ્રવાસ જરા લાંબો સમય માંગે છે. માઇલોનું અંતર, કામધેનૂ આ ટોળાને લઇને ધીમી ગતિએ કાપી રહી છે, અર્ધો પંથ કપાઈ ગયો હોય છે. ગુરૂ ને શિષ્યોના મનમાં કંઇક અવર્ણનીય ગગનગામી કલ્પનાઓ સાગરના તરંગોની જેમ ઉદ્‌ભવી રહી છે. એવામાં એક શિષ્ય તાપસને પ્રશ્ન પૂછે છે—

"ગુરૂજી! સિંહકેશરીઆ લાડવા કેવડા મોટા છે?"

બુદ્ધિશાળી (?) ગુરૂ પોતાની કુશાગ્રબુદ્ધિનું (?) પ્રદર્શન કરતાં, બે હાથ પોળા કરી કહે છે—

"આવડા મોટા—"

"આવડા મોટા" આ વાક્ય પૂર્ણ થતું નથી, તે પહેલાંજ શિષ્યોનાં ટોળા સહિત કામનસિબ સર્વપશુ એક જબરજસ્ત શિલા પર આવી પછડાય છે. રાત્રિના શાન્ત વાતાવરણમાં આ મન્દ બુદ્ધિવાળો તાપસ અને લોભી શિષ્યો કર્ણના પડદાને ભેદી નાંખતી ચીસો પાડી પાડીને તરફડિયાં મારી રહેલ છે. એમના અંગે અંગમાંથી ફૂટી નીકળેલી શોણિત-સરિતા, કરૂણ રૂદન કરતી વહી રહી છે. પ્રભાતમાં મુડદાઓથી ઉભરાતી આ ભયંકર શિલાનું કરૂણ દશ્ય જોઈ એક કવિના મુખમાંથી આ શબ્દો સરી પડે છે—

सर्वेऽपि लोभिनो यत्र मन्दबुद्धिजनाश्रिताः।
तत्र नैवानुगैर्भाव्यं तां श्रुत्वा मोदकीं कथाम्॥

બુદ્ધિ વગરના નાયકની નિશ્રાએ જ્યાં લોભી માણસો વસતા હોય ત્યાં, આ લાડવાની વાર્તા સાંભળીને, તેનું અનુકરણ કરવું નહિ

॥ શ્રીપઞ્ચાશકશાસ્ત્ર-સારાંશઃ ॥

આલેખનકારઃ—પૂ. પંન્યાસ-પ્રવર શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

(ગયા અંકથી ચાલુ)

પૂજાનું અસદારંભનિવર્તન-ફલ.

પૂર્વે જણાવેલા સમાધાનથી અસંતુષ્ટ રહેલાઓને વળી બીજું સમાધાન આપતાં જણાવે છે કે છકાય જીવોના છેદન-ભેદન-તર્જન-મર્દનાદિના હેતુપણાએ કરીને અશોભન-કૃષિઆદિ એટલે ખેતી આદિ વ્યાપારના રંગમાં રંગાયેલા જીવોએ અસદારંભમાં આસકત થયેલા હોય છે, અને તેથી કરીને અસદારંભ-પ્રવૃત્તિવાળા તે ગૃહસ્થોને તેજ હેતુથી જાણવા લાયક છે, અને તે અસદારંભની નિવૃત્તિ ફલરૂપ આ જિનપૂજા છે. શરીર-ગૃહ-કુટુંબ-કબીલા-પરિવારાદિ નિમિત્ત જીવોનું ઉપમર્દન થાય તે રૂપ આરંભની નિવૃત્તિ આ જિનપૂજામાં હોય છે. જિનેશ્વર ભગવંતની પૂજાથી થયેલ ભાવની વિશુદ્ધિની વૃદ્ધિથી, અને ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમના સદ્ભાવથી તે જિનપૂજા-કાલે અસદારંભથી નિવૃત્તિ થાય છે. તેવીજ રીતે જિનપૂજા-પ્રવૃત્તિકાલે અસદારંભનો અસંભવ હોવાથી અને શુભ ભાવનો સંભવ હોવાથી નિર્વૃત્તિ ફલ સ્વરૂપ પૂજા કહેવાય છે. આ રીતિએ આ જિનપૂજાનું અસદારંભનિવર્તન-ફલપણું વિશેષ પ્રકારે વિવેકિઓને પર્યાલોચન કરવા યોગ્ય છે, અને વિવેક પુરસ્સર ઉપરના બંન્ને પદ્યોમાં જણાવેલાં પદોનો પૂર્વાપર પર્યાલોચન કરનારને આ જિનપૂજા પરિશુદ્ધ સમજવામાં, સમજાવવામાં અને સ્વીકારવામાં લેશભર વાંધો આવતોજ નથી. ગાથા-૪૩.

પૂજકોને પ્રાપ્ત થતો લાભ.

પૂર્વે એકતાલીશ પદ્યમાં જણાવ્યું હતું કે—"णेव पूज्जाणं उवगारिणित्ति" આ પદોનો આપણે વિચારી ગયા કે વીતરાગ ભાવ પામેલા તે જિનેશ્વર ભગવંત પૂજ્યોને કરેલી પૂજા ઉપકાર કરવાના સ્વભાવવાળી થતીજ નથી. આ કથનના સમાધાનમાં 'उवगाराभावम्मिवि' ઇત્યાદિ પદોદ્વારા વધુ સ્પષ્ટીકરણ કરે છે. તે પૂજ્યો કૃત્ય-કૃત્ય-થયેલ હોવાથી આનંદાદિ ઉપકારનો અસંભવ હોવા છતાં પણ તે પૂજ્ય પરમાત્માઓની પૂજા કરનારા પૂજકોને પુણ્યબન્ધાદિ સ્વરૂપ ગુણ પ્રાપ્ત થાય છે. આ ઉપરથી પૂજ્યોને ઉપકારના અભાવમાં પણ પૂજકોને પુણ્યબન્ધ રૂપ ઉપકાર જરૂર થાય છે, એ પૂર્વાર્દ્ધના પદોનું રહસ્ય છે. તે રહસ્યનું દ્રઢીકરણ કરતાં શાસ્ત્રકાર દ્રષ્ટાન્તદ્વારાએ પ્રતિપાદન કરે છે. મંત્ર વિદ્યાનું સ્મરણ કરવું, ધ્યાન ધરવું; અને અગ્નિ-પાણીનું સેવન કરવું કે જેથી ઈષ્ટ ધારણાઓ સફલીભૂત થતી દ્રષ્ટિગોચર થાય છે. તેવી રીતે પૂજ્યોને પૂજામાં પૂજકોએ તેજ પ્રકારથી ભાવવું હિતાવહ છે. સર્પાદિ વિષથી મૂર્છિત થયેલાને, મંત્રાદિ સ્મરણથી, ઇષ્ટ સિદ્ધિના અર્થિને વિદ્યાદિના સેવનથી, કર્મરોગથી રોગિ થયેલાને વિશિષ્ટ-ધ્યાનાદિના પરિશીલનથી સેવ્ય કક્ષામાં રહેલા મંત્ર-વિદ્યા-ધ્યાનને ઉપકારના અભાવમાં પણ અર્થિ-સેવકની કક્ષામાં રહેલાઓને તો જરૂર લાભની પ્રાપ્તિ નજરે ચઢે છે, અને ક્ષુધાતુર આહારાદિની પાચન ક્રિયાથી તથા તૃષાતુરોને જલ-

પાનાદિની ક્રિયાથી અનુક્રમે અગ્નિ તથા પાણીને ઉપકાર થતો નથી પણ સેવન કરનારને યથાર્થ લાભ પ્રાપ્ત થાય છે; તેવી રીતે ઉપરના દ્રષ્ટાન્તોને બુદ્ધિ પ્રદેશમાં સ્થિર કરીને વિવેક-પૂર્વક દાર્ષ્ટાન્તિક યોજના વિચારવામાં આવે તો પૂજ્યોને પૂજામાં ઉપકારનો અભાવ હોવા છતાં પણ, પૂજકોને સંવર-પુણ્ય બંધાદિ ગુણ-ગણની પ્રાપ્તિરૂપ જરૂર લાભ થાય છે. ગાથા ૪૪.

પૂજાને નહિં કરનારા મોહાધીન છે.

પૂજામાં કાયવધ થાય છે તે હેતુથી શ્રી-જિનેશ્વરોની પૂજાદિકરણી કાયવધવાળી છે, એવું માનનારાઓ કાયવધ થવાની ભીતિથી જિનપૂજા કરતા નથી, તો તેઓને ઉપાલંભ=ઠપકો આપતાં આ પદ્યમાં 'देहादिणिमित्तंपि हु' ઇત્યાદિ પદો-દ્વારા ઉપદેશ આપે છે. જેઓ શરીર-ઘર-પુત્ર-પુત્રી-કલત્ર-સગાં-વહાલા પરિવાર નિમિત્તે ખેતી કરવી, હળ ખેડવાં, ગાડાં ચલાવવાં આદિમાં તે તે પ્રકારે છકાય જીવોની હિંસામાં પ્રવર્તન કરે છે, એટલે કેવલ ધર્મ માટે હિંસા કરતાં નથી, પરંતુ ઉપર પ્રમાણે સંસારના સર્વ સંયોગોમાં હિંસા કરી રહ્યા છે, તે ગૃહસ્થો જિનેશ્વર ભગવંતોની પૂજા માટે કાય વધ થાય છે; એવું બોલીને જિનપૂજામાં પ્રવર્તતા નથી તેઓનું અપ્રવર્તન તે મોહરૂપ-મૂઢતાવાલું છે. જિનપૂજામાં કાયવધના બ્હાના તળે પૂજાની અપ્રવૃત્તિ તેજ મોહનું કાર્ય છે. કારણ કે જીવ-ઘાત કરવામાં તત્પર થયેલા પરિણામથી વિશિષ્ટ અનુકંપારહિત ગૃહસ્થને વિશુદ્ધ ભાવનાના કારણ-પણાએ બોધિ-લાભાદિ ગુણના લાભદાયિપણાથી= જીવરક્ષાના હેતુપણાએ દયાની એક રૂપતામાં, અને સ્વ-પરજીવોને નિર્વાણ=મોક્ષમાર્ગના અવન્ધ્ય= સફલ બીજપણામાં જિનપૂજાની અપ્રવૃત્તિ મોહ વગર થતીજ નથી, અર્થાત્ જિનપૂજાની પ્રવૃત્તિ મોહ વગર થાય છેજ; આથીજ જિનપૂજાની પ્રવૃત્તિનો નાશ કરનાર મોહજ છે. ગાથા. ૪૫.

નિર્વાણના અભિલાષિઓને.

હવે પૂજાવિધિ-વિધાનનો ઉપસંહાર કરતાં જણાવે છે કે આગમમાં પ્રતિપાદન કરેલ વિધિ-વિધાનથી નિર્વાણ એટલે મોક્ષમાર્ગને ઇચ્છનારા ગૃહસ્થે આ પૂજા કરવા લાયક છે, કારણ કે જિન-પૂજામાં ગૃહસ્થોનું અધિકારિપણું છે અને સાધુઓનું અનધિકારિપણું હોવાથી ગૃહસ્થોને જિનપૂજા કરવા લાયક છે. નિર્વાણ=મોક્ષને ફલરૂપે ઇચ્છનારે જિનપૂજા કરવા લાયક છે, કારણકે નિર્વાણ સિવાયના ફલની પ્રાપ્તિ તો બીજા ઉપાયોથી સુલભ છે. કૃત્ય-કૃત્ય થયેલા જિનેશ્વર-ભગવંતોને જિનપૂજાની કરણીદ્વારાએ ઉપકાર થતો નહિં હોવા છતાં પણ, પૂજા કરનાર ભવ્યા-ત્માઓને તો અવશ્યમેવ ઉપકાર થાય છે, પરંતુ જિનેશ્વર ભગવંતોની પૂજામાં નહિં પ્રવ-ર્તન કરવું તે મોહથીજ છે. તેથીજ કરીને ગ્રહસ્થોએ જિનેશ્વર ભગવંતોની પૂજા પ્રમાદના પરિહાર પૂર્વક કરવા લાયક છે. ગાથા. ૪૬.

અક્ષયભાવને અનુસરનારી-પૂજા.

જિનેશ્વર ભગવંતોની આ પૂજા કરવા લાયક છે એ કયા કારણથી=કયા હેતુથી ઉપદેશ કરાય છે ?, તે પ્રશ્નના સમાધાનમાં વૃત્તિકાર ભગવાન્ જણાવે છે કે મહાફલને દેવાવાળી આ જિને-શ્વર ભગવંતોની પૂજા છે, માટેજ કરવા લાયક છે એમ ઉપદેશ કરાય છે. આજ અવતરણનું

સમર્થન કરતાં શાસ્ત્રકારના કથન કરેલા આ પદ્યના પદોનું વૃત્તિકાર સ્પષ્ટીકરણ કરે છે. અનેક જલબિંદુઓ તો દૂર રહો, પરંતુ અનેકાનેક-જલબિંદુમાંનો એકજ જલબિંદુ સ્વયંભૂરમણ-સમુદ્રાદિ મહાસાગરમાં પડેલો હોય છે, તો તે (જલબિંદુ) અક્ષયભાવને પામે છે—વિનાશ નહિં પામવાના સ્વભાવને પામે છે, કારણકે તે મહાસાગરમાં અતિ-વિસ્તૃત-જળપ્રવાહમાં તે જળબિંદુ મળી ગયેલ હોવાથી તેને શોષ પામી જવાનો-સુકાઇ જવાનો સર્વદા અભાવ જ છે. એજ રીતિએ એટલે ઉપર જણાવેલા દ્રષ્ટાંતને હૃદયમાં સ્થિત કરીને દાર્ષ્ટાન્તિક-રહસ્ય સમજાવવા માટે જિનેશ્વર ભગવંતોની કરવા લાયક પૂજા અત્ર વિવેક પૂર્વક વિચારવી જરૂરીની છે.

તે દાર્ષ્ટાન્તિક-રહસ્ય આ પ્રમાણે છે—અનેકાનેક-તેજસ્વિ-પ્રભાવશાળી અને કિંમતિ-રત્નોનો આધાર જેમ સમુદ્ર છે, તેવી રીતે અનેકાનેક-અચિન્ત્ય-પ્રભાવશાલિ-અમોઘ-લાભદાયિ-ગુણગણ-રત્નોના આધારભૂત જિનેશ્વરો સમુદ્ર જેવા છે; તેથીજ જિનગુણ સમુદ્રોમાં અનેકાનેક-આરાધનાના પ્રકારો રૂપ પવિત્ર બિંદુઓમાંના એક આરાધના રૂપ પૂજા સ્વરૂપ પવિત્ર બિંદુ (ફલની અપેક્ષાએ) અક્ષય ભાવને પામે છે. આ ઉપરથી ગૃહસ્થોએ વર્તમાન-જીવનને અને ભાવિ-જીવનને અતિઉન્નત પવિત્ર-પંથે પહોંચાડવું હોય તે ગૃહસ્થોએ અવશ્યમેવ મહાફલદાયિ-જિનપૂજા કરવી જ જોઇએ. ગાથા. ૪૭.

જિનશાસનની પ્રસિદ્ધિ.

તે પૂજાને આગળ કરતાં થકાં એટલે વિશેષથી પ્રતિપાદન કરતાં થકાં જણાવે છે કે-જિનેશ્વર ભગવંત-વિષયક-પ્રધાન ગુણોને વિષે ઉત્તમ પ્રકારનો ગુણાનુરાગ જે પૂજકને એટલે ગુણગણ પ્રત્યે આદર બહુ માન હોય છે, તેઓ તે જિનેશ્વર ભગવંતોની પૂજા કરે છે. પૂર્વે જણાવેલા પૂજકનું સ્થાન પ્રધાન—પ્રાણિઓની મધ્યમાં એટલે પ્રધાન-આશય-વિશેષવર્તિ-જિન-ગણધર દેવેન્દ્ર-નરેન્દ્રોની મધ્યમાં ગણાયેલ હોય છે. તથા તે પૂજા કરણકાળે પ્રધાન-ધર્મરૂપે પ્રકૃષ્ટપણે સિદ્ધ થયેલી હોય છે, એટલે પ્રધાન ધર્મની નિષ્પતિરૂપ પ્રકૃષ્ટ પુણ્યકર્મનું બંધાવું, અશુભ કર્મોનું ક્ષય થવું; અને અનુક્રમે દેશવિરતિ-સર્વ વિરતિ યથાખ્યાત ચારિત્રધર્મની પ્રાપ્તિ થવી તે થાય છે. અથવા તીર્થંકર-નામકર્મના ઉદયને અનુસરતી પ્રવૃત્તિમાં વર્તવાવાળા અને વિવિધ અતિશયોએ કરીને યુકત એવા છદ્મસ્થ-વીતરાગોમાં શ્રેષ્ઠ, અને કેવલિઓમાં પણ ઇન્દ્ર સમાન તે શ્રી જિનવરેન્દ્રોની જિનપૂજા કરવાથી જિનશાસનનો પ્રકાશ એટલે જિન શાસનની પ્રસિદ્ધિ થાય છે. ગાથા. ૪૮.

પ્રણિધાનની પારમાર્થિકતા.

ઐકાગ્રયતાપૂર્વક કરેલી તે જિન-પૂજા પ્રણિધાન પૂર્વકની પૂજા કહેવાય છે, અને તે પ્રણિધાન પૂર્વકની પૂજા મહાફલને દેનારી થાય છે; આથીજ વૃત્તિકાર પુનીત પદ્યની વૃત્તિનું આલેખન કરતાં પહેલાં અવતરણમાં જણાવે છે કે ત્યાંસુધી તે પૂજા મહાફલ દેવાવાળી છે કે જ્યાંસુધી તે પૂજા પ્રણિધાનપૂર્વકની કરવામાં આવે છે. પ્રણિધાનપૂર્વકની તે પૂજા મહાફલને દેનારી થાય છે તે હેતુથી દ્રષ્ટાન્તદ્વારાએ દેખાડતાં થકાં જણાવે છે—

જિનેશ્વર ભગવંતના પ્રવચનમાં સંભળાય

છે કે—દારિદ્ર્યથી હણાયેલ સ્ત્રી જીવન હોવાથી તે સ્ત્રી દુર્ગતિ નારી નામથી પ્રસિદ્ધિ પામેલ હતી. તે દુર્ગતિનારી ત્રિભુવનનાથ-શ્રીજિનેશ્વર ભગવંતની નગોડાના પુષ્પો વડે પૂજા કરવાના પુનીત-ભાવથી ચાલી, છતાં પૂજા કરવાના યોગ્ય દ્રવ્યથી પૂજા કર્યા વિના ભાવ માત્રથી દેવલોકમાં ઉત્પન્ન થઇ. પૂજા શબ્દનો પ્રણિધાન શબ્દ સાથે સમાસ કરવો, અને તે સમાસ કરવામાં 'देवदत्तस्य गुरुकुलम्' ની જેમ સમાસ કરવાથી વાસ્તવિક ભાવાર્થ સ્પષ્ટ થાય છે; કારણકે અત્ર કુસુમ શબ્દનું સાપેક્ષપણું છે તે ધ્યાનમાં રાખવું. આ ઉપરથી પૂજા કરવાની સામગ્રી અને પૂજાની કરણી વગર પૂજા પ્રણિધાનરૂપ-કરણથી એટલે ભાવ માત્રથી ઈષ્ટ ફલની પ્રાપ્તિ થાય છે એ અત્ર પ્રાસંગિક વિવેકપૂર્વક વિચારવું. ગાથા ૪૯.

દુર્ગતા-નારીનું દૃષ્ટાંત.

વિશેષમાં ઉપર જણાવેલા આ કથાનકને વૃત્તિકાર ભગવાન્ જણાવે છે કે અમારી પરંપરાના અમારા વડીલ પૂજ્યો આ કથાનક આ રીતિએ પ્રતિપાદન કરે છે.

ઇક્ષ્વાકુ કુલને આનંદ પમાડનાર, જૈન શાસનના પ્રવચનમાં પ્રસિદ્ધ પામેલ સિદ્ધાર્થ રાજાના પુત્ર, સમગ્ર-ત્રણ-જગતના જનસમુદાય પ્રત્યે પુત્રપણાના વાત્સલ્ય ભાવને ધરનાર, જનસમુદાયના મનને આશ્ચર્યકારિ ગુણ સમુદાય ઉત્પન્ન કરનાર; શ્રીમાન્-મહાવીર-વર્ધમાન-સ્વામી ગ્રામ-નગર-બાણો-પુર-પરા-સિમાડા-ઓથી વિશાળ પૃથ્વી તલને પાવન કરતાં વિચરતાં વિચરતાં કોઇક અવસરે કાકન્દી નામની નગરીમાં પધાર્યા. તે નગરીમાં શ્રેષ્ઠ ચામરોથી વિંઝાતા અને અનેક દેવોથી વિરચિત-સમવસરણના મધ્ય ભાગમાં સિંહાસન ઉપર આરૂઢ થયેલા ભગવાન્ અમોઘ દિવ્ય-દેશના દેઇ રહ્યા હતા. તથા વિવિધ પ્રકારના યાન-વાહન એટલે ઉંટ-ઘોડા-રથ-ગાડા વિગેરેમાં સારી રીતે બેસીને પ્રૌઢ અવસ્થાને પ્રાપ્ત થયેલા સૈનિકો ગયે છતે, હસ્તિના સ્કંધપર આરૂઢ થયેલાં ધારણ-કરેલા છત્રોથી ઢંકાઇ ગયેલો છે આકાશ પ્રદેશ જેનો, માગધ-બ્રાહ્મણ ચારણ ભાટોથી ગીત ગવાઇ રહેલા છે, ભેરી આદિ વાજીંત્રોના વિવિધ શબ્દોથી ગજવી નાંખ્યું છે તે આકાશ પ્રદેશ જેનો; આવી શોભાને ધારણ કરવાવાળો રાજા ગયે છતે, તથા શ્રેષ્ઠ બ્રાહ્મણ-વૈશ્યાદિક નગર જન ગયે છતે, તથા સુગંધમય-ધૂપ-પુષ્પાદિ-પૂજાની વિવિધ સામગ્રીઓમાં વ્યગ્રતાવાળો થઇ ગયો છે અને કિંકરી ભાવને પામેલ સુરાસુર-નર-નારીનો સમુદાય પણ ગયે છતે, અને રંગબેરંગી વિવિધ-પ્રકારના વસ્ત્રાલંકારથી સુશોભિત કર્યાં છે જેને એવો નગરનો સમગ્ર સ્ત્રી સમુદાય ભગવાન્ મહાવીરને વન્દનાને માટે ગયે છતે, દરિદ્રતાથી જેનું જીવન હણાઇ ગયેલ છે એવી વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત થયેલ એક સ્ત્રી પાણી અને રસોઇ માટેના લાકડાં માટે બ્હાર નિકળેલી છે. તે બાઇએ કોઇ મનુષ્યને પુછયું કે—"આ બધો જનસમુદાય એકજ દિશા સન્મુખ જલ્દી કયાં જાય છે?" તે માણસે તે બાઇને કીધું કે—"દેહધારી જગતના સઘળાં પ્રાણિઓના જન્મ—જરા—મરણ-રોગ-શોક-દુર્ગતિ-દારિદ્ર્યાદિ પ્રાપ્ત થાય તેવાં અનેકવિધ-દુઃખોને છેદવાના સ્વભાવવાળા વિશ્વભરના એકજ

હિતકર-ભાંધવ-શ્રીમાન્—મહાવીર—મહારાજાને વન્દન-પૂજા વાણી શ્રવણાદિ કરવાને "સમગ્ર લોક—જનસમુદાય તે દિશામાં જઇ રહ્યો છે." ત્યારપછી તે બીનાને શ્રવણ કરીને તે વૃદ્ધા-ડોશીની હાર્દિક ભક્તિ કરવાનું મન ભગવાન્ સંબંધિમાં તલ્લીન બન્યું, અને વિચારવા લાગી કે-હું પણ પૂજાને માટે પ્રયત્ન કરૂં, પણ હું તો દારિદ્રથી હણાયેલી છું, પુણ્ય રહિત છું, અને વિધિ એવો વાંકો છે કે પૂજા કરવાની સામગ્રીઓથી રહિત છું. તેથી અટવીમાં દેખેલાં, અને ફોગટ મેળવી શકાય તેવાં, નાગોડાના પુષ્પો સ્વયં-પોતે ગ્રહણ કરીને ભગવાન્—વિષયક-ભક્તિના ભવ્ય તરંગોથી અત્યંત ભરપૂર થયેલ હૃદય થયું છે જેનું એવી તે વૃદ્ધા ભાવના ભાવવા લાગી. "અરે આશ્ચર્યની વાત છે કે હું ધન્ય છું, પુણ્યશાલિની છું, સર્વે મનોરથો મ્હારાં સર્વ પ્રકારે સિદ્ધ થયાં છે, પ્રાપ્ત કરવાવાળા સ્વરૂપને પામેલી છું, મ્હારો જન્મ સફળ છે, આ જન્મના જીવિત ફલને મેં પ્રાપ્ત કરેલું છે," એ રીતિએ ભાવના ભાવતાં રોમરાજી ઉલ્લસિત-થવાપૂર્વક થઇ છે કાયા જેની અને હર્ષના અશ્રુરૂપ ભરપૂર જલથી ભીંજાઇ ગયાં છે ગાલ જેણીના એવી તે વૃદ્ધા ભગવાન્-શ્રી મહાવીર પ્રતિ હર્ષઘેલી થઇને જઇ રહી હતી. તે અવસરે સમવસરણ અને જંગલના મધ્ય ભાગમાંજ વૃદ્ધાવસ્થાને લીધે ક્ષીણ થઇ ગયું છે એવી તે વૃદ્ધા જલ્દી મરણને પામી. ત્યારપછી આ વૃદ્ધા કે જેણીએ પ્રભુ પૂજા કરી નથી, પરંતુ પૂજા કરવાની તન્મયતાવાળી થવાથી અને ઉલ્લસિત થયેલા અંતઃકરણની ભાવ-વૃદ્ધિ થવાથી દેવપણાને પામી.

દ્રષ્ટાંતનું પારમાર્થિક-રહસ્ય.

તે પછી તે મરણ પામેલી તે વૃદ્ધાના કલેવરને (મડદાને=ચૈતન્ય રહિત શરીરને) પૃથ્વીતળમાં જેમ તેમ પડેલું જોઇને અનુકંપાના અનેકવિધ-આંદોલનોથી ચોતરફ વીંટાઇ વળેલો જનસમુદાય બોલવા લાગ્યો કે "આ મૂર્ચ્છા પામેલ છે!, આ મૂર્ચ્છા પામેલ છે!" એટલુંજ નહિં પણ મૂર્ચ્છા પામેલ છે એમ માનવાવાળો જનસમુદાય પાણીથી તે કલેવરને સિંચન કરવા લાગ્યો. ત્યારપછી તે કલેવરને લેશભર હાલતું ચાલતું નહિં જોઇને તે જનસમુદાય ભગવાન મહાવીરને પૂછવા લાગ્યો કે—"હે ભગવાન્, આ વૃદ્ધા મરી ગઇ છે કે જીવતી છે?," તે પ્રશ્નના સમાધાનમાં ભગવાન્ જણાવે છે કે—"જેવી તે મરી ગઇ તેવીજ તે દેવપણું પામેલી છે." તે પછી દેવપણાને યોગ્ય છપર્યાપ્તિ પુરી કરીને-પ્રાપ્ત કરવા લાયક પર્યાપ્તિભાવને પામીને અવધિજ્ઞાનનો ઉપયોગ મુકીને પૂર્વભવમાં અનુભવેલું હતું તે સ્મૃતિ-પથમાં લાવીને-અનુભવેલું વ્યવસ્થિત રીતિએ જાણીને, વન્દન કરવાને માટે તે (વૃદ્ધાનો જીવ) દેવ અહીં આવેલો છે, અને મ્હારી આજ્ઞા રહેલો તે આ દેવ છે. ત્યારપછી ભગવાને ઉપર પ્રમાણે કથન કરેલું આ વારંવાર સંભારીને તે સમવસરણની ભૂમિપર આવેલો જનસમુદાય અતિ ઉત્કૃષ્ટપણે આશ્ચર્યમાં પરિપૂર્ણ તલ્લીન થયો. આશ્ચર્યના અનેકવિધ અનુભવ-

ભાવોના તરંગોમાં ઉલ્લસિત થયેલ તે જનસમુદાય બોલવા લાગ્યો કે–અરે આશ્ચર્યની વાત છે કે—"પૂજા કર્યા વગર પૂજાના પ્રણિધાન માત્રથી–પૂજા કરવાની એકાગ્રતાથી કેવી રીતે આ વૃદ્ધાએ દેવપણાની પ્રાપ્તિ કરી?," આ આશ્ચર્યકારિ સંદેહના નિવારણ માટે ભગવાને ગંભીર-ભાવને અનુસરતી કથા કહેવાનો પ્રારંભ કર્યો, અને જણાવ્યું કે વિશિષ્ટ યોગ્યતાને પ્રાપ્ત થયેલ ગુણગણના આધારભૂત પાત્ર વિષયક થોડો પણ શુભ અધ્યવસાય આવિર્ભાવ થાય તો તે મહાફલને દેનારો થાય છે. આ પ્રસંગને ચરિતાર્થ કરનારૂં પૂર્વ પદ્યના "एकंपि उदगबिंदु०" આદિ પદોનું પર્યાલોચન કરવું જરૂરીનું છે. ત્યાર પછી ભગવંત તે વૃદ્ધા સંબંધિનું ભાવિમાં થનારૂં વૃત્તાંત જણાવે છે.

દુર્ગતિ નારીનો જીવ સિદ્ધિએ જશે.

આ દુર્ગત નારીનો જીવ દેવલોકમાં દેવપણું પામીને, દેવપણાની બધી સાધન-સામગ્રી-સંયોગને અનુસરતાં સુખો ભોગવીને, અને દેવસંબંધીનો ભવ-આયુષ્ય-શરીર-સામગ્રી આદિનો ત્યાગ કરીને એટલે ત્યાંથી ચ્યવીને તે જીવ કનકધ્વજ નામનો રાજા થશે. તે રાજા કોઇક કાળે વિશાળ-રાજ્ય સુખનો અનુભવ કરતાં કરતાં દેડકાને સર્પથી, સર્પને એક પક્ષી વિશેષથી, તે એક પક્ષી વિશેષ ટીટોડીને અજગરથી, અને તે અજગરને મહાન્ સર્પથી ગળાતો દેખીને ભાવનામાં આરૂઢ થશે. અને આવી ભાવનાથી ભાવિત થશે કે "આ દેડકા વિગેરે પરસ્પર ગળાતાં થકાં મહાસર્પના મુખમાં પરાધીનપણે પ્રવેશે છે, તેવી જ રીતે આ બળવાન મનુષ્યો પણ દુર્ગતિઓને પોતપોતાની શક્તિ અનુસાર પીઠા પમાડતાં યમરાજના મુખ તરફ્ એટલે યમરાજના મુખમાં (મરણને શરણ થાય છે) પ્રવેશ કરે છે." એ ભાવનાથી ભાવિત થયેલો તે જીવ પ્રત્યેક બુદ્ધ થશે, અને તે પછી રાજ્ય સંપદાઓનો ત્યાગ કરીને શ્રમણપણું સ્વીકારીને દેવપણું પ્રાપ્ત કરશે. એવી રીતે ભવની પરંપરા વડે અયોધ્યાનગરીના શકાવતાર ચૈત્યમાં ઘનઘાતી કર્મનો ક્ષય કરીને કેવળજ્ઞાનને પ્રગટ કરીને સિદ્ધિપદ પામશે. ગાથા. ૪૯.

પૂજા-પ્રકરણનો ઉપસંહાર.

આ પૂજા-પ્રકરણના વિધિ-વિધાનને સમ્યક્-પ્રકારે જાણીને જિન-પૂજા કરવા લાયક છે. આથીજ આત્માને સમ્યગ્રીતિએ જાણવું એટલે સમ્યગ્-જ્ઞાન ઉપકારને માટે થાય છે. જૈનાગમમાં કહેલા વિધિ-વિધાનને અનુસરીને આ પૂજાનો વિધિવિધાન કહેલો હોવાથી એટલે મનઘડંત કલ્પનાથી અને બુદ્ધિથી કહેલો ઉપદેશ પ્રાયઃ દોષવાળો હોવાથી; "सुयाणुसारेण" એમ કહેવું પડયુ. એટલે બુદ્ધિવગરના જીવોને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્જ્ઞાનને અનુસરતી કરણી કરવાનું અસામર્થ્ય હોવાથી બુદ્ધિમાન એટલે સ્થિર-મનવાળાએ આ પૂજાનું વિધિવિધાન કરવા

લાયક છે. ખરાબ નીતિ વ્યવહાર પ્રતિપાદન કરનારાઓના પ્રસંગમાં લાભાલાભનો નિર્ણય કરવામાં ચલચિત્ત થયું છે જેનું એવા સમ્યગ્-જ્ઞાન અને તેને અનુસરતી ક્રિયા કરવામાં અસમર્થ હોય છે; તેથી જ આગમના અનુસારે જ આ પૂજા-વિધાન કરવા લાયક છે એમ ભાર પૂર્વક જણાવ્યું છે. પૂજા કરનારે નિરંતર પૂજા કરવી, કારણ કે અસ્ખલિત—પૂજાનું વિધાન કરવાથી ઉત્પન્ન થયેલો શુભ અધ્યવસાય દિન પ્રતિદિન નિયમિત વૃદ્ધિપણાને પામે છે, અને અનુક્રમે ઇષ્ટ સિદ્ધિ થાય છે. મુક્તિ-વધુની પ્રાપ્તિમાં લંપટ થયેલા એટલે મુક્તિ-પ્રાપ્તિના ઉપાયમાં અનન્યભાવે તલ્લીન થયેલા સિદ્ધિના અર્થિઓએ આ પૂજાનો વિધિ નિરંતર કરવો. ગાથા-૫૦.

સારાંશનો ઉપસંહાર.

આ ગ્રંથનો પ્રથમ-વિભાગ ચાર પ્રકરણની પરિસમાપ્તિ સાથે પરિપૂર્ણ થાય છે. પ્રથમ પંચાશકમાં, બીજા પંચાશકમાં, ત્રીજા પંચાશકમાં અને ચતુર્થ પંચાશકમાં અનુક્રમે ૫૦-૪૪-૫૦-૫૦ ગાથાઓ છે, એટલે આ પ્રથમ વિભાગમાં ૧૯૪ પદ્યોનું શ્રી નવાંગી-વૃત્તિકારે વૃત્તિમાં વિવેચન કરેલું છે; તે ઉપર વાસ્તવિક રીતિએ વાંચન-મનન-પરિશીલન કરીને આ પ્રથમ-વિભાગીય સારાંશ પરિસમાપ્ત કરેલ છે. આ ગ્રંથની પરિસમાપ્તિ પૂર્વે આ ગ્રંથમાં આવતાં શંકા સ્થળોને સમજવામાં પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યદેવેશ પૂ. ગુરૂદેવે વખતો વખત પોતાનો અમોઘ સમય આપેલ છે તેથી તેઓશ્રીનો સદા ઋણીજ છું. વિશેષમાં પૂ. શાસ્ત્રકારોના આશયને, પૂ. વૃત્તિકારની વિશાળ-સ્પષ્ટીકરણભૂત થયેલ વૃત્તિને; અને પૂ. ગુરૂદેવ પાસેથી પુછેલ શંકાઓના સમાધાનને સમજવામાં ક્ષતિ થાય એ સ્વાભાવિક છે, તેથી સારાંશનું આલેખન કરવામાં વિવેકિ-વાંચકોએ અને અભ્યાસ-રસિક-અભ્યાસકોએ વિવેકભરી સુદ્રષ્ટિથી વાંચવાની જરૂર છે. અને તે રીતિએ વાંચશે-વિચારશે-પરિશીલન કરશે તો નવનવીન અનુપમ ભાવથી ભાવિત થશે એવી સહૃદયભરી સૂચના અત્ર અસ્થાને નથી.

આ પ્રથમ વિભાગના ચાર પ્રકરણમાં અનુક્રમે ૮૯, ૮૫, ૫૫, અને ૫૬ ઉપરાંતના પેરેગ્રાફો પાડીને વાંચકો વધુ રસપૂર્વક વાંચી શકે, વિચારી શકે, પરિશીલન કરી શકે, અને તે તે ભાવોને જીવનમાં ઓતપ્રોત બનાવી શકે તેજ ઢબે અમેસારાંશ આલેખન કરવાનું ધ્યાનમાં રાખેલું છે. આ સારાંશના આલેખનનું સુધાપાન કરીને શ્રમણોપાસકો 'શાસ્ત્રસિદ્ધ-શ્રમણોપાસક-પણાને સુશોભિત કરીને, ઉત્તરોત્તર સુંદરતમ-સાધન-સામગ્રી સંયોગો પામીને; ઇષ્ટ સિદ્ધિને સંપાદન કરો" એજ એક શુભેચ્છા.

卐

॥ शाश्वतशान्तिदायक-श्रीसिद्धचक्रेभ्यो नमो नमः ॥

॥ सकलसमीहितपूरक-श्रीशङ्खेश्वरपार्श्वनाथो विजयतेतमाम् ॥

विषयानुक्रमः

प्रथमपंचाशक पृ-१ थी ५९

ક્રમાંકઃ	વિષયઃ	પૃષ્ઠાંકઃ
૧	પ્રકરણ-પ્રણેતા.	૧
૨	પ્રાતઃસ્મરણીય-પ્રણેતા.	૧
૩	પ્રકરણસ્થિત-મુખ્ય-વિભાગો.	૨
૪	પ્રકરણ-સૂત્ર-શાસ્ત્ર શબ્દોની સુસંગતા.	૨
૫	સાન્વર્થ-પંચાશક-નામ.	૩
૬	પંચાશકગ્રન્થ પ્રમાણ.	૩
૭	પંચાશકોના ક્રમશઃ નામ.	૪
૮	પ્રથમ પંચાશક પ્રારંભની સહેતુકતા.	૪
૯	પ્રણેતા નિર્ણય.	૫
૧૦	ભવવિરહની ભવ્યતા.	૭
૧૧	શ્રાવક પંચાશકે ભવવિરહ.	૮
૧૨	જિન પંચાશકે ,,	૭
૧૩	વન્દનવિધિ પંચાશકે ,,	૮
૧૪	પ્રત્યાખ્યાન પંચાશકે ,,	૮
૧૫	સ્તવન વિધિ ,, ,,	૯
૧૬	પ્રતિષ્ઠા વિધિ ,, ,,	૯
૧૭	શ્રમણોપાસક પ્રતિમા પંચાશકે ભવવિરહ.	૯
૧૮	શ્રમણ ધર્મ ત્રિભાગ.	૧૦
૧૯	સાધુધર્મ પંચાશકે ભવવિરહ	૧૦
૨૦	સામાચારી ,, ,,	૧૦
૨૧	પિણ્ડ વિધાન ,, ,,	૧૧
૨૨	શીલાંગ ,, ,,	૧૧
૨૩	આલોચન વિધાન ,, ,,	૧૨
૨૪	પ્રાયશ્ચિત વિધિ ,, ,,	૧૨
૨૫	સ્થિતાદિ કલ્પ ,, ,,	૧૩
૨૬	ભિક્ષુ પ્રતિમા ,, ,,	૧૪
૨૭	તપ ઉપધાન ,, ,,	૧૪
૨૮	વિરહાદિ પદોનો વિવેક.	૧૫
૨૯	વિરહાદિ પદોનું વિવેક પૂર્વક યોજન.	૧૬-૧૮
૩૦	પ્રથમ વિભાગીય પંચાશકોની સહેતુકતા.	૧૮-૨૧
૩૧	દ્વિતીય વિભાગીય પંચાશકોની સહેતુકતા.	૨૧
૩૨	સાધુધર્મ વિધિ-સહેતુકતા.	૨૧
૩૩	સામાચારી વિધિ સહેતુકતા	૨૧
૩૪	પિણ્ડવિધિ સહેતુકતા.	૨૨
૩૫	શીલાંગવિધિ સહેતુકતા.	૨૨
૩૬	આલોચનાવિધિ સહેતુકતા.	૨૨
૩૭	પ્રાયશ્ચિત્ત વિધિ ,,	૨૨
૩૮	સ્થિતાદિ કલ્પવિધિ ,,	૨૨
૩૯	ભિક્ષુ પ્રતિમા પ્રકરણની સહેતુકતા.	૨૩
૪૦	સામ્યપણાના સુંદર વિચારમાં.	૨૩
૪૧	પૂજા પ્રકરણની પારમાર્થિક સામ્યતા.	૨૪
૪૨	ભિક્ષાની ભવ્ય સામ્યતા.	૨૪
૪૩	પ્રત્યાખ્યાન વિધિ સામ્યતા.	૨૪
૪૪	શ્રમણોપાસક પ્રતિમાઓનું સામ્યપણું.	૨૫
૪૫	યતિધર્માદિ વિધિઓનું સામ્યપણું.	૨૫
૪૬	પ્રથમ શ્રાવક પંચાશક.	૨૬-૨૭
૪૭	અણુવ્રતાદિનું સ્વરૂપ અને સંખ્યાદિ નિયમન.	૨૮
૪૮	પ્રથમ-અણુવ્રતનું સ્વરૂપ.	૨૯
૪૯	પ્રથમ-અણુવ્રત-સંબંધી અતિચારાદિ.	૨૯
૫૦	સ્થૂલ મૃષાવાદ વિરતિનું સ્વરૂપ અને અતિચારાદિ.	૩૦

[વધુ માટે જુઓ ટાઈટલ પેજ ૩ જું]

ગુર્જર-સાહિત્ય રસિકોને અપૂર્વ—અવસર

પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ **આગમોદ્ધારક શ્રી-આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજને ઘરબેઠાં શ્રવણ કરવાં હોય તો તેઓશ્રીએ આપેલાં વિદ્વત્તા પૂર્ણ વ્યાખ્યાનો જરૂર મંગાવો.

૧.	શ્રીસૂયગડાંગ સૂત્ર (પુંડરીકાધ્યન) નાં વ્યાખ્યાનો	કીંમત રૂ. ૭)
૨.	શ્રીસ્થાનાંગ સૂત્ર (પાંચમા–ઠાણા)ના વ્યાખ્યાનો	કીંમત રૂ. ૫)
૩.	પર્વદિવસના (પર્વો ઉપર આપેલા)ના વ્યાખ્યાનો	કીંમત રૂ. ૫)
૪.	સાગર સમાધાન ભા. ૧ જેની અંદર ૭૫૧ પ્રશ્નો છે	કીંમત રૂ. ૩॥
૫.	સાગર સમાધાન ભા. ૨ જેની અંદર લભગભ— ૫૦૦ પ્રશ્ન છે	કીંમત રૂ. ૩)

પ્રાપ્તિ સ્થાનઃ—

શ્રી જૈનાનન્દ પુસ્તકાલય,

ગોપીપુરા—**સુરત.**

સાદર—સ્વીકાર.

રૂ. ૫૧) શ્રી સાગર જૈન લાયબ્રેરી તરફથી મુ. અગાસી

(પૂ. મુનિશ્રી મેરૂસાગરજીના સદુપદેશથી)

મુદ્રકઃ—**મુલચંદ કસનદાસ કાપડીયા** "જૈન વિજય" પ્રીં. પ્રેસ–ગાંધીચોક, સુરત.

પ્રકાશકઃ—તંત્રી–**પાનાચંદ રૂપચંદ ઝવેરી,** શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

સુધા-વર્ષા.

આલેખનકાર:—સુધાવર્ષી–પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

૬૫૭. સંસારના અલ્પ આનંદની ખાતર દીર્ઘકાળના દુઃખોની ખરીદી કરવી એજ મહાન્ મૂર્ખાઈનો નમુનો છે.

૬૫૮. મેલાની ગાઠી રૂપ શરીરમાં રહેલા આત્માને ઓળખો.

૬૫૯. આત્મા આત્માને ઓળખશે નહિં ત્યાં સુધી આપદાઓનો વાસ્તવિક અંત આવશે નહિં.

૬૬૦. શ્રુત–સામાયકમાં પણ સંસારને ભૂલતાં શીખો.

૬૬૧. સામાયકની બે ઘડીમાં સંસારને જે ભૂલી શકતોજ નથી, તેને સામાયકનું વાસ્તવિક આસ્વાદન થતું નથી.

૬૬૨. સર્વવિરતિમાં ધ્યાનારૂઢ થયેલા પ્રસન્નચંદ્રરાજર્ષિને સંસાર યાદ આવતાં સાતમી સુધી પહોંચવાની તૈયારી કરી તે ભૂલવા જેવું નથી.

૬૬૩. સર્વવિરતિમાં રહેલા શ્રમણ ભગવંતોને પણ સંસારની વાસનાઓ કેવી રીતે સપડાવે છે તે સમજતાં શીખો.

૬૬૪. જૈન કૂળમાં જન્મેલાઓને વારસામાં દેવ–ગુરૂ–ધર્મની ઓળખ કરાવવી જરૂરીની છે.

૬૬૫. જૈન કૂળમાં જન્મેલાઓ દેવ–ગુરૂ–ધર્મને રક્ષક તરીકે પિછાણે નહિં, એજ વડીલોની બેદરકારી અને ગુન્હેગારી છે.

૬૬૬. સંસારની ચારે ગતિના સઘળાંએ સ્થાનોમાં લેશભર શાંતિ નથી, માટેજ "સંસારે મહા-દુઃખ" એ વાકયનું રોજ પરિશીલન કરો.

૬૬૭. સંયમના સેવન વગર, સંયમિઓના સમાગમ વગર, અને સંયમના સાધનોના અવલંબન વગર વાસ્તવિક સુખની પ્રાપ્તિ થઈજ નથી, થતીજ નથી અને થશેજ નહિં; માટેજ "સંયમે મહાસુખ" એ વાકયનું વારંવાર નિદિધ્યાસન કરો.

૬૬૮. ધર્મ શ્રવણ કરવો, સમજવો, સમજાવવો જેટલો સહેલો છે તેટલોજ અગર તેથી ક્રોડગુણો અમલ કરવામાં મુશ્કેલ છે.

૬૬૯. વગર કિંમતના પદાર્થો વર્ણ–ગંધ–રસ–સ્પર્શ–અને સ્વભાવના પલટન સાથે પોતાની કિંમતમાં વધારો કરે છે, આવું નજરે નિહાળનારા–આત્માઓ પોતાની કિંમત વધારવા બેદરકાર રહે છે એજ ખેદનો વિષય છે.

૬૭૦. વિશ્વભરને શ્રાપરૂપ જીવન જીવનારો દ્રઢ–પ્રહારી સ્વભાવના પલટા સાથે ઘનઘાતી તોડી કેવળજ્ઞાન પામી મોક્ષે જાય છે, માટે શાસનમાન્ય સ્વભાવને અનુસરતાં શીખો.

શ્રી સિદ્ધચક્ર.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ. અને સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે. —આ. બો.

આશીર્વાદ કે ધિક્કાર !

આલેખનકાર:—પૂ. પંન્યાસપ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

શાસ્ત્રકારોએ ધર્મનું મૂળ વિનય કહેલું છે, કારણ કે સકળ પુરૂષાર્થની સિદ્ધિમાં ધર્મ પ્રાપ્તિની અનિવાર્ય જરૂર છે. ધર્મની પ્રાપ્તિ, ટકાવ, વૃદ્ધિ અને ધર્મનાં વાસ્તવિક પુષ્પ-ફળની પ્રાપ્તિ કરવાની અભિલાષાવાળાએ માનના મર્દન-પૂર્વક વિનયધર્મનું સેવન જરૂર કરવું. ચારે ગતિમાં ચાર કષાયોના કલુષિત વાતા-વરણથી વ્યાપ્ત થયેલ ચારે ગતિમાં એક કષાયની મુખ્યતા અને બાકીના ત્રણની ગૌણતા શાસ્ત્રકારોએ પ્રતિપાદન કરેલી છે. દેવગતિમાં લોભ, મનુષ્યગતિમાં માન, તિર્યંચગતિમાં માયા અને નરકગતિમાં લોભની મુખ્યતા સ્વીકારેલી છે. આથીજ માનવ જીવન પામેલાએ અને માનવ જીવનને સફળ કરવાની ઇચ્છાવાળાએ સ્મૃતિ-પટમાં સ્થિર કરવા જેવું છે કે—ક્રોધના ક્રોડો પ્રસંગોમાંથી, માયાના મુંઝવણ ભરેલા વાતાવરણમાંથી, અને લોભના લાખ્ખો લલચાવનારા બનાવોમાંથી બચવું એ જેટલું સહેલું સરળ અને સુવ્યવસ્થિત છે, તેટલું અગર તેથી પણ વધુ. માનની મદોન્મત્ત મુંઝવણભરી અવસ્થામાંથી સહિસલામત પસાર થવું અને ઉત્તરોત્તર ગુણગણની પ્રાપ્તિ કરીને કલ્યાણ માર્ગે સંચરવું એ અતિ કઠીન અને અત્યંન્ત મુશ્કેલ છે.

[વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૪ થો.]

વી. સં. ૨૪૭૫
વિ. સં. ૨૦૦૫
વર્ષ ૧૫-અંક-૫

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી:—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખ મેમણ સ્ટ્રીટ—મુંબઇ.

વાર્ષિક લવાજમ
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના
રૂ. ૦—૪—૬

[ટાઇટલ ૩ જા પેજથી ચાલુ]

વિચારમાંજ પડી ગયા. આ વળી શો રંગ જામ્યો! લગભગ બધા માણસો, કાનજીભાઈની કુટેવ જાણતા હતા. એટલે બધાને થયું કે-બાપડા! કુંભારની કાંઇ જબરી લાંચ ખાઇને કામ નહિ કરી આપ્યું હોય, એમ લાગે છે. ઠીક છે, શું નાટક ભજવાય છે તે જોયા કરો.

એવામાં એક તમાચો કાનજીના ગાલ પર ખેંચી કાઢતા, રામુએ કહ્યું—"ખેંચ-તાણ શેની કરે છે? સીધી રીતે ઘેર ચાલ. તારી મા વાટ જુએ છે. રૂપિયા બસો આપ્યા તે કાંઈ અમસ્તા થોડાજ આપ્યા છે! તારા માટે તો અમે મહેનત કરી કરીને મરી ગયા. હું તને પ્રેમથી લેવા આવ્યા ત્યારે તું બાથંબાથી કરે છે. ગઈ કાલે તો તું ગધેડો હતો. આજે કારકુન થઈ ગયો તેથી શું થયું? આમ કાંઈ ખાદીની ટોપી, ચશ્મા અને ઉજળી કફની પહેરીને ફરવા માટે થોડાજ અમે રૂપિયા ખર્ચ્યા છે. ચાલ સીધો. નહિ તો ડફણાં મારીને હરબો કરી દઇશ."

એટલામાં તો માણસોનું મોટું ટોળું ભેગું થઈ ગયું. તમાશાને કાંઈ તેડું થોડું જ હોય છે? કોઇનું ભલું કરવું હોય ત્યાં માણસોને બોલાવી બોલાવીને ગળું બેસી જાય તોય એક ભેગો ન થાય અને કોઈનું બૂરું કરવું હોય તો માણસોને ધકેલીને કાઢો તોય ન જાય—આ માણસોનું અધઃપતનનું કારણ છે, એમાં કોના બે મત છે!

આસપાસના બધા માણસો ભેગા થઈને બન્નેને છૂટા કર્યા. કુંભારને શાન્ત પાડી, તોફાનનું કારણ પુછ્યું.

રામુ તો એક નિર્દોષ માણસ અને એમાં વળી જાતના કુંભાર! એને મન તો છૂપાવવા જેવું કાંઈ હતું જ નહિ. આથી એણે અથથી ઇતિ સુધીની બધી વાત કહી સંભળાવી. એની વાત સાંભળી બધા ડુચો મારીને હસવા લાગ્યા. બધાને કટાક્ષ કરવાનો આ અપૂર્વ અવસર મળ્યોઃ—

આ તે ગધેડાનો માણસ બન્યો કે માણસનો ગધેડો?

આજ સમયે બબા પરનો લાંબો બેસ હાથથી હવામાં લહેરાવતા લહેરાવતા, માવજીભાઇ આવી પહોંચ્યા. એમણે ટોળાને ઉદ્દેશીને કહ્યું—"ભાઇઓ! આમાં આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી. આ તો એક શિખામણ છે. લોભી માણસ પોતાની માનવતા ભૂલી ને લોભના પાપમાં પડે છે ત્યારે એ માણસ મટીને ગધેડો કેમ બને છે, તે આમાંથી સમજવાનું છે અને તે પણ એક મનુષ્યના વેષમાં ગધેડો છીપાએલો હોય છે, આપણામાંના ઘણા એવા માણસો છે કે જે અત્યારે મનુષ્ય રૂપે દેખાય છે. પણ અન્દર તો પશુ જેવી વૃત્તિવાળા છે. પાશવવૃત્તિ જશે એટલેજ સાચી માનવતા આવશે."

આ પ્રસંગ કાનજીભાઈ બરાબર સમજી ગયા. પોતે એમની પાસે લાંચ લીધી એનું જ આ પરિણામ છે; છતાં ધાર્યા કરતાં પરિણામ હળવું આવ્યું. માવજીભાઈ ધારત તો એમને નોકરી પરથી છોડાવી શકત અને લીધેલી લાંચ બદલ સળીયા પાછળ પણ મોકલાવી શકત; પણ એ બધું ન કરતાં એમણે તો એક સૂચનજ કર્યું કે પાપનો પરપોટો ફૂટે છે ત્યારે એનો કેવો મોટો, ભયંકર ભડાકો થાય છે!

માવજીભાઇ ગમે તેવા પણ એક શિક્ષક હતા. ઉત્તમ ને ઉદારચિત્ત હતા. એટલેજ એમણે રામુને ખૂણામાં લઈ જઈ સમજાવ્યો. બસો રૂપિયા અને એમનો ગધેડો પાછો આપી એને રવાના કર્યો.

માવજીભાઈ ઘેર ગયા ત્યારે એમના મુખ પર સંતોષ હતો, કાનજીભાઇ ઘેર ગયા ત્યારે એમના મુખ પર પશ્ચાતાપ હતો; રામુ ઘેર ગયો ત્યારે એના મુખ પર આશ્ચર્ય હતું, લોકો ઘેર ગયા ત્યારે એમના મુખ પર સ્મિત હતું; સૂર્ય ઘેર ગયો ત્યારે એના મુખ ચિન્તન હતું.

સાદર-સ્વીકાર.

૨૫) શીરપુર પશ્ચિમ ખાનદેશ સંઘ સમસ્ત તરફથી હ. શેઠ ખૂબચંદ હીરાચંદ, તથા શેઠ વેલચંદ લક્ષ્મીચંદ.

૧૦) શ્રી વલસાડ જૈન શ્વે. સંઘ તરફ
(મુનિ શ્રીચિદાનંદ સાગરજીના ઉપદેશથી)

લિ૦ તન્ત્રી.

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૪. અંક-૫ મો.	માહ-માસ. તા. ૧૭-૨-૪૯.	તંત્રીઃ પાનાચંદ રૂપચંદ ઝવેરી.

જૈન સંસ્કૃતિનું રક્ષણ કરો.

લેઃ—ચન્દ્રપ્રભાનગર

કાયદાની સત્તાથી જૈનોને હિંદુ ગણાવવા માટેનું બીલ, મુંબઇની ધારાસભા સમક્ષ રજૂ થયું છે—આવા સમાચાર સાંભળી, ભય અને શોકની લાગણી ઉત્પન્ન થાય છે. ભય એટલા માટે ઉત્પન્ન થાય છે કે—જૈન ધર્મ, જૈન સંસ્કૃતિ અને જૈન શાસનનો આ એક કલમને જોરે નાશ થાય છે! શોક એટલા માટે ઉત્પન્ન થાય છે કે—કાયમતીનું દરેક રીતે રક્ષણ કરવાની બાંહેધરી આપનાર કેટલાક કોંગ્રેસીઓને હાથેજ આ કાર્ય થાય છે! ખરેખર, આવાંજ જો કાયદાનાં ખંજરો જૈનો પર વારંવાર વાગ્યા કરશે, તો સંદેહજ નથી કે જૈન સંસ્કૃતિનો સર્વનાશ નિકટમાંજ છે!

પણ મને પૂર્ણ વિશ્વાસ છે કે, હિંદના લાડીલા નેતા પં. જવાહરલાલ, જનગણવલ્લભ વલ્લભભાઈ અને કુશાગ્ર બુદ્ધિવાળા રાજગોપાલાચાર્ય જેવા મહાન્ સૂત્રધારો હિંદના સુકાની હોય ત્યાંસુધી આવું અઘટિત કાર્ય બનેજ નહિ. છતાં જૈનોની સંસ્કૃતિની હસ્તીને નામૂદ કરનાર આ બીલ ધારાસભા સમક્ષ આવ્યું છે—આ વાત એમના ધ્યાન બહાર તો નહિ હોય? એમ જ હોય તો, આ વાત એમણે ધ્યાનમાં લેવી ઘટે!

આ પ્રસંગે ખૂબ વિચાર કરવા લાયક વાત તો એ છે કે—'હિંદુ' શબ્દ ધર્મવાચક છે કે દેશવાચક? 'હિંદુ' શબ્દનો મૂળ ભાવાર્થ શું? સાધારણ રીતે આ શબ્દના બે અર્થ કરી શકાયઃ ૧ હિંદના રહેવાસી તે—'હિંદુ' ૨ હિંદુ ધર્મ પાળે તે—'હિંદુ' પહેલો અર્થ સ્વીકારીએ તો આ બીલ હિંદમાં વસતિ દરેક કોમને લાગુ પડે છે. અને તે આર્ય હિંદમાં વસતા—બૌદ્ધ, શીખ, મુસ્લીમ, ખ્રીસ્તી અને પારસી વિગેરે—બધાનો સમાવેશ આ બીલમાં થવોજ જોઇએ. પણ એવું કાંઈ આ બીલમાં દેખાતું નથી. આ તો કેવળ જૈનોને જ લાગુ પડે છે. શું જૈનો નથણા છે જેમ અર્થ તો આ બીલમાંથી નથી નીકળતો જ! બીજો અર્થ સ્વીકારીએ તો હિંદુ ધર્મ પાળનારનો જ આ બીલમાં સમાવેશ થવો જોઇએ; જૈનોનો નહિ જ. કારણ કે જૈન ધર્મ સ્વતન્ત્ર છે, એની સંસ્કૃતિ સ્વતન્ત્ર છે, એનું તત્વજ્ઞાન સ્વતન્ત્ર છે, અને એના આચાર વિચાર પણ સ્વતન્ત્ર છે. આ સ્વતન્ત્ર વસ્તુઓ હિંદુમાં કેમ ભળી શકે? સ્વતન્ત્ર વસ્તુઓ પરતન્ત્ર કેમ બની શકે? સ્વતન્ત્ર વસ્તુઓને પરતન્ત્ર બનાવવા જતાં એના સ્વાતન્ત્રનો નાશ નહિ થાય? આમ અનેક દૃષ્ટિએ આ બીલ અંગે વિચાર કરવો ઘટે.

બીજી રીતે જોતાં, જૈન ધર્મ અનાદિ છે. બીજા ધર્મો આદિવાળા છે. જૈનોના દેવ રાગથી મુક્ત અને શાન્તિથી યુક્ત છે. હિંદુઓના દેવો શાન્તિથી મુક્ત અને રાગથી યુક્ત છે. જૈનોના ગુરુઓ ત્યાગી છે. હિંદુઓના ગુરુઓ ભોગી છે. જૈન ધર્મ અહિંસા પ્રધાન છે. હિંદુ ધર્મ યજ્ઞ પ્રધાન છે આમ દરેક રીતે

ભિન્ન અને સ્વતન્ત્ર જૈન સંસ્કૃતિને હિંદુમાં ભેળવીને, જૈન સંસ્કૃતિનું મૂલોચ્છેદન કરવા માટે જે પ્રવૃત્તિ હાથ ધરાઈ છે તે કેટલી યોગ્ય છે; તે દરેક માણસે વિચાર કરવો ઘટે !

અલબત્ત, કોમવાદના ઝનૂનનો નાશ કરવો એ સ્વતન્ત્ર ભારત માટે મહત્વનો પ્રશ્ન છે; પણ તે કોમવાદના ઝનૂનનો નાશ કરવા જતાં—મૂળ માર્ગને ભૂલી ઉન્માર્ગે જઈ—કોઈની ઉચ્ચ સંસ્કૃતિનો નાશ ન થાય તે માટે સાવધ રહેવું એ એનાથી પણ મહત્વનો પ્રશ્ન છે. માખી ઉડાડવા જતાં ડોસી ન મરી જાય તે લક્ષ્યમાં રાખવું જ જોઈએ.

જૈનો કોમવાદથી સંપૂર્ણ અલિપ્ત છે. એ વાત જૈનોએ હિંદના સ્વાતન્ત્ર્ય સંગ્રામમાં અપૂર્વ અને અમર બલિદાનો આપી પુરવાર કર્યું છે. એમણે અલગ મતાધિકાર કે જુદી એકકની માંગણી કરી નથી, કે સૃષ્ટ્ર વિધાતક શિખીસ્તાન જેવા કોઇ સ્થાન માટે ચૂંએસ ઉપાડી નથી છતાં, આવા શાન્તિપ્રિય જૈનો પર—એમની પ્રાણપ્રિય સંસ્કૃતિ પર—આવાં બીલના ખંજરો ભોંકી એમની સંસ્કૃતિનો સર્વનાશ કરવો શું યોગ્ય ગણાશે ?, લાખ્ખો માનવીઓની લાગણી દુભાવવી શું યોગ્ય લેખાશે ?, વિના કારણે લઘુમતીઓને ઠોકરે મારવાના આ કાર્યમાં કોણે ભાગ ભજવ્યો હશે ?; અને આવો ભાગ ભજવીને કયો હેતુ સિદ્ધ કરવાનો છે એ ન સમજાય તેવી બિના છે.

આ પ્રસંગે ગાંધીજીનું વચન મને વારંવાર યાદ આવે છે. બારડોલીની આ વાત છે. ગાંધીજીનો મુકામ હીરાલાલ ઝવેરચંદના જીનમાં હતો. પં. જવાહરલાલ, સરદાર વલ્લભભાઇ અને સુભાષબાબુનો મુકામ પણ ત્યાંજ આજુબાજુમાં હતો. તે વખતે મેં એક પ્રશ્ન પૂછ્યો ત્યારે ગાંધીજીએ ચોખ્ખા શબ્દોમાં કહ્યું હતું કે—'કોઈપણ સમાજનું દિલ દુભાય એવું કામ તો નજ કરવું જોઇએ. શક્ય હોય ત્યાંસુધી સમજુતીથી કામ લેવું તેજ યોગ્ય માર્ગ ગણાય.' સામાની લાગણી પર એમનું લક્ષ્ય કેટલું રમ્ય હતું ! એજ સ્મૃતિ-પથમાં આવે છે. લઘુમતીના સર્વ હકોનું વાસ્તવિક-રક્ષણ એ ગાંધીજીનું જીવન ધ્યેય હતું. એમની ભાવ-નાનું અને એમના જીવન ધ્યેયનું ખૂન એમના જ અનુયાયીઓના હાથે ન થાય, તે માટે મારી આ નમ્ર સૂચના છે.

હિંદના સ્વાંતન્ત્ર્ય સંગ્રામમાં અમૂલ્ય ભોગ આપનાર, દેશ ખાતર માલ મિલ્કત ફના કરનાર, જેલને મહેલ માનનાર, લાઠીઓ આગળ પોતાનાં માથાં ધરનાર અને કાયાનાં અમર બલિદાન આપનાર જૈનો પર આ બીલનું ખંજર ન ભોંકાય અને ઇતિહાસ કોઇ અનેરો ન આલેખાય તે માટે હિંદના પ્રત્યેક માનવીએ સાવધાન બનવું ઘટે અને જૈન સંસ્કૃતિનું રક્ષણ કરવું ઘટે એજ એક શુભમહેચ્છા.

અમોઘ દેશનાના અર્થિઓને

પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક શ્રી આનન્દસાગરસૂરીશ્વરજીએ શ્રી ષોડશક-પ્રકરણના બીજા ષોડશકના બારમા શ્લોક ઉપર વિ. સં. ૨૦૦૨ ના સુરત મુકામના ચાતુર્માસમાં અમોઘદેશનાઓ દીધી હતી. તેના સારભૂત સંચયરૂપે ૨૩ વ્યાખ્યાનો આ ગ્રંથમાં આપેલા છે. જિજ્ઞાસુઓને તુરત ખરીદ કરી લેવા ભલામણ છે. ક્રાઉન સાઇઝ ફોરમ ૨૧ પેઇજ ૩૩૬ છતાં કિંમત રૂ. ૩-૦-૦.

પ્રાપ્તિસ્થાનઃ—

શ્રીજૈનાનન્દ-પુસ્તકાલય

ગોપીપુરા, સુરત.

આગમોદ્ધારકની અમોઘ-દેશના.

[નોંધઃ—વિ. સં. ૧૯૯૦ ના સુરત મુકામના ચાતુર્માસમાં પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-આગમોદ્ધારક-શ્રી આનન્દસાગરસૂરીશ્વરજીએ શ્રી જ્ઞાનસાર અષ્ટક ઉપર અમોઘદેશના આપી હતી, અને તેનો સારભૂત સંચય કરનાર પૂ. પં. શ્રીહેમસાગરજી પાસેથી તે (સંચય) મેળવીને, પૂ. પંન્યાસ-પ્રવરશ્રીચન્દ્રસાગરજી-ગણિન્દ્ર પાસે પેરેગ્રાફાદિ સુધારા વધારા સાથે તૈયાર કરાવીને અત્ર અપાય છે; છતાં પૂ. દેશનાકારના આશય વિરૂદ્ધ કોઈપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની અત્ર અમે ક્ષમા યાચીએ છીએ. લિ૦ તન્ત્રી.]

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. ચક્ષુવાળો અને ચક્ષુવાળાને અનુસરનારો એ બંન્ને માર્ગદર્શક છે, તેવી રીતે જ્ઞાની અને જ્ઞાનીની આ જ્ઞાને અનુસરનારો એ બંન્ને મોક્ષ-માર્ગના સંચાલક છે.

૨. આત્મજ્ઞાનનું અંતિમ રહસ્ય.

૩. આજ્ઞાને અનુસરનારાઓ આરાધક અને નહિં અનુસરનારાઓ વિરાધક.

૪. છદ્મસ્થપણામાં તીર્થંકરો પ્રરૂપણા કરેજ નહિ.

૫. સુપચ્ચખાણ અને દુઃપચ્ચખાણના ફરક.

૬. સુપચ્ચખાણનું વાસ્તવિક સ્વરૂપ.

૭. વિરતિનું વાસ્તવિક સ્વરૂપ.

૮. જગત્માં 'કરશે તે ભોગવશે' એ સિદ્ધાંત છે.

૯. 'કરશે તે ભોગવશે પણ નહિં કરે તે પણ ભોગવશે' એ જૈન સિદ્ધાંત છે.

૧૦. વિરતિ=ત્યાગની પ્રતિજ્ઞા વગરના બધા-જીવો કર્મથી બંધાઇને કર્મના ફળને ભોગવનારા હોય છે.

૧૧. પાપને જાણવું, પાપનો પરિહાર કરવાની પ્રતિજ્ઞા કરવી, અને પાપથી દુર રહેવું આ ત્રણના મિલનમાં વ્રતની વાસ્તવિક મર્યાદા.

૧૨. આંધળો માર્ગે આવ્યો તેમાં દેખતાનો મહિમા.

क्षायोपशमिके भावे या क्रिया क्रियते तया।
पतितस्यापि तद्भावं प्रवृद्धिर्जायते पुनः ॥१॥

માર્ગ નિરૂપણના બે રસ્તા.

શાસ્ત્રકાર-મહારાજા—ન્યાયાચાર્ય—શ્રીમાન્—યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજા ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે શ્રીઅષ્ટકજી પ્રકરણની રચના કરતાં થકાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં જીવનના નિર્વાહ માટે અને તેના સાધન માટે જ્ઞાતની જરૂરીયાત ઘણી છે. દરેક દરેક દર્શનમાં શાસ્ત્રની, અને શાસનની પ્રવૃત્તિ યાવત્ સંયમની પ્રવૃત્તિ તે જ્ઞાનને આધારે જ ગણવામાં આવી છે. શ્રીતીર્થંકર મહારાજા ગર્ભથી-જન્મથી ત્રણ જ્ઞાનવાળા છે, અને ચાર અતિશય ને અતિશયવાળાં ત્રણ જ્ઞાનાદિ બધું માનતું છતાં શાસનની પ્રવૃત્તિ ગર્ભ-જન્મ-દીક્ષાના વખતે નથી, પણ કેવળજ્ઞાન થયા પછી જ તીર્થંકરો તીર્થની સ્થાપના કરે છે. તીર્થની સ્થાપના જ્ઞાન ઉપર આધાર રાખે છે. દીક્ષિતપણામાં પોતે વ્રતનું આચરણ કરે છે, અને સાવદ્યનો પરિહાર કરે છે, તે દેખીને જોડેના દીક્ષિતો કરતા હતાં. પરંતુ કેવળજ્ઞાનથી જીવાદિક પદાર્થ જાણીને અર્થાત્ તે કેવળજ્ઞાન થયા વગર તેની પ્રરૂપણા. એટલે તત્ત્વોની પ્રરૂપણા કરી શકાય જ નહિં. માર્ગ દેશવાનું

કાર્ય કરનાર કાં તો પોતે ચક્ષુવાળો હોય, અને કાં તો ચક્ષુવાળાને અનુસરતો હોય. આ ઉપરથી મોક્ષ માર્ગમાં દોરવણી કરનાર કાં તો પોતે સાક્ષાત્ જીવાદિક પદાર્થ જાણે, કાં તો જાણનાર પાસેથી સાંભળીને કહી શકે. આ ત્રીજો પ્રકાર પદાર્થના નિરૂપણમાં આ બે સિવાય ત્રીજો પ્રકાર જ નથી.

પ્રરૂપણાના ત્રણ પ્રકારો.

આવા કારણથી વૈદનશાસનમાં આપણને આત્મામ અનંતરાગમ, અને પરંપરાગમ માનવાની જરૂર પડે છે. જે સાક્ષાત્ જાણનારે કથન કર્યું તે આત્મામ, શ્રીતીર્થંકર કેવળજ્ઞાનથી જીવાદિક પદાર્થો જાણ્યા અને કથન કર્યા; તેથી કથનની અપેક્ષાએ શ્રીતીર્થંકર મહારાજને આત્મામ હોય. શ્રીતીર્થંકરો પોતે કેવળજ્ઞાનથી જાણીને જ કથન કરે છે. આથી જ શ્રીતીર્થંકરને અનંતર કે પરંપરાગમ હોય જ નહિં. જો તે હોય તો તે તીર્થંકર તીર્થના સ્થાપનાર બને નહિં. તીર્થંકરો તીર્થની સ્થાપના કેવળજ્ઞાનથી પદાર્થ સ્વતઃ જાણીને નિરૂપણ કરે છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયેલ છે, તેથી દરેક તીર્થંકરને પ્રવચનનું સ્વરૂપ નિરૂપણ કરવા માટે આત્મામ હોય. તે તીર્થંકરો સ્વતંત્ર નિરૂપણ કરનાર હોવાથી આત્મામ હોય, જેમ શ્રી ગણધર મહારાજ તીર્થંકર ભગવાન પાસેથી સાત પદાર્થ સાંભળે છે, તે સાંભળવાથી ક્ષયોપશમથી તેની જઘન્યરૂપ તીક્ષ્ણતા થાય તેથી ચૌદ-પૂર્વ અને બાર અંગની પોતે રચના કરે. તીર્થંકરોએ જે પદાર્થ કહેલા તે સાક્ષાત્ સાંભળીને પોતે સૂત્ર રચે તેથી તે અપેક્ષાએ શ્રી ગણધરોને આત્મામ-સૂત્રની અપેક્ષાએ છે. ગણધરને આત્મામ અને અર્થની અપેક્ષાએ ગણધરને પરંપરાગમ જંબુસ્વામીને અર્થની અપેક્ષાએ પરંપરાગમ તીર્થંકર પાસેથી ગણધર મહારાજાએ સાંભળ્યું તેથી ગણધરને અનંતર આત્મામ અને શિષ્યોને પરંપરાગમ થાય, અને અર્થની અપેક્ષાએ શિષ્યોને પરંપરાગમ, અને સૂત્રની અપેક્ષાએ અનંતરાગમ. ગણધર મહારાજની પાસેથી સૂત્ર શ્રી જંબુસ્વામીજીએ લીધું, તેથી જંબુસ્વામીના શિષ્ય શ્રી પ્રભવસ્વામીને અંગે અર્થથી ને સૂત્રથી બન્નેની અપેક્ષાએ અનંતર અને પરંપરાગમ હોય. જંબૂસ્વામીમાં અર્થથી પરંપરાગમ હતું. તેથી શ્રી પ્રભવસ્વામીનાં પણ તેમ હતું. આ હકીકત એટલા પુરતી જણાવી છે કે ત્રણ પ્રકારના જ્ઞાન સિવાય ચોથા પ્રકારનું જ્ઞાન માન્યું નથી. કાં તો પોતે સાક્ષાત્ જ્ઞાનથી જાણે, કાં તો સાક્ષાત્ જાણનાર પાસેથી સાંભળે અથવા તો સાક્ષાત્ સાંભળ્યું હોય તેની પાસેથી સાંભળે માટે પ્રરૂપણા ત્રણ પ્રકારની હોય.

આજ્ઞાએ આરાધક.

આ ત્રણ પ્રકારમાં તીર્થંકરની પ્રરૂપણા કઈ હોય ?, આત્મામ હોય, પરંતુ અનંતર કે પરંપરાગમ હોય નહિં. એટલે તીર્થંકર મહારાજાઓ જ્યારે થવાના હોય તે પહેલાં મોક્ષમાર્ગ તો બંધ થએલો હોય. એ મોક્ષનું બારણું પાછું ખુલ્લું કર્યા બાદ તે તીર્થંકર કેવળજ્ઞાન પામે ત્યારે. તેથી જ યુગાંતકૃત-ભૂમિ ને પર્યાયાન્તકૃત-ભૂમિ રાખવામાં આવી. કેટલી પાટ પરંપરા સુધી મોક્ષ ચાલુ રહ્યું, અને શરૂ થયું તે નક્કી થાય. તે તીર્થંકરને કેવળજ્ઞાન થયા પછી મોક્ષ શરૂ થાય તે પર્યાયાન્તકૃત ભૂમિ અને જેટલા વરસ સુધી પાટ પરંપરામાં મોક્ષ થાય તે યુગાંતકૃદ્ ભૂમિ. શ્રી તીર્થંકર થવા પહેલાં મોક્ષ બંધ થએલો હોય તો તીર્થંકરના કેવળજ્ઞાન પછી જ મોક્ષે જવું પ્રવર્તે છે. એટલું જ નહિં પણ તીર્થંકરો જે પદાર્થનું નિરૂપણ કરે તે કોઈ પાસે સાંભળીને ન કહે, પરંતુ કેવળજ્ઞાનથી જાણીને કહે. સ્વયં પોતાના ઉદ્યમથી કર્મ ખપાવીને કેવળજ્ઞાનથી સંપૂર્ણ જ્ઞાની થયેલા હોય. તીર્થંકર પોતે દીક્ષા લે, અને સાથે રહેલા સાધુઓ અનુકરણથી કરી લે, પણ, તત્ત્વોનું સ્વરૂપ કેવળજ્ઞાનથી જાણે તે પછી કથન કરે, ત્યારેજ બીજાને તત્ત્વોનું સ્વરૂપ માલમ પડે. અહીં એક વસ્તુનો ખુલાસો કરું, તે એ કે અનાજની આરાધક પોતાના મુળ ઠામથી જાય.

છદ્મસ્થપણામાં પ્રરૂપણા કરે નહિં.

સત્તર-પાપસ્થાનકમાં પ્રવર્તો છે, અને સત્તર ખુલ્લા છે છતાં આરાધક સિદ્ધાંતે રહેલો મહાવ્રતધારી હોય, નવ ગ્રૈવેયકે જવા લાયક હોય, તો પણ તે

વરતાતા આરાધક નહિં, પણ વિરાધક. સત્તરભેદીને આરાધક ગણ્યા શાથી?, એકજ મુદ્દાથી, અને તે જિનેશ્વરની આજ્ઞાને અંગે. જીવાદિક સ્વરૂપોની શ્રદ્ધા તેજ આજ્ઞા, અને આજ્ઞા પણ જિન કથિત તત્ત્વની માન્યતાવાળો હોય તે આરાધક. આજ્ઞા નહિં માનવાવાળો અને સાચા પાપસ્થાનક છોડાવવાવાળો આરાધક નહિં. જીનેશ્વર-કથિત આજ્ઞા વડે જીવાદિક પદાર્થો જાણવા, તેની શ્રદ્ધા તે રૂપ આજ્ઞા; અને તે આજ્ઞાના રંગમાં રંગાયેલા ચોથા ગુણઠાણાવાળા પણ આરાધક હોય. પહેલે ગુણઠાણે રહેલા જીવો આજ્ઞાના આરાધક નથી. આજ કેતે દીક્ષા લીધી, મહાવ્રત ધારણ કર્યા, પરિસહ ઉપસર્ગ સહન કર્યા, છતાં જીવાદિક પદાર્થો જાણ્યા નથી; પરંતુ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી તીર્થંકરોને જ્ઞાનાભાવ હોય, તેથી છદ્મસ્થપણામાં પ્રરૂપણા કરતા નથી. જન્મથી ત્રણ જ્ઞાન, અને દીક્ષા લીધા પછી ચાર જ્ઞાન થયેલા છે છતાં કેવળજ્ઞાન ન થાય ત્યાંસુધી તેમને આત્માગમ તરીકે પ્રરૂપણા કરવાનો વખત નથી, તેમને બીજું કે ત્રીજું આગમ હોય નહિં, માટે તીર્થંકર મહારાજા કેવળ જ્ઞાન થયા પછીજ તીર્થનું સ્થાપન કરે છે, અને ત્યાંજ જીવાદિક પદાર્થ સાક્ષાત્ જાણે છે ત્યાંજ નિરૂપણ કરે છે. જેમ આજકાલ આચાર્ય ઉપાધ્યાય સાધુઓ મતિજ્ઞાન તથા શ્રુત-જ્ઞાનના બળેજ નિરૂપણ કરે તેમ તીર્થંકરો મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનદ્વિના બળે છદ્મસ્થપણામાં નિરૂપણ કરે તેમાં અડચણ શી હતી?, આજકાલના આચાર્યાદિક નિરૂપણ કરે તે કહે છે કે તીર્થંકરોએ આમ કહ્યું છે. હવે પ્રત્યક્ષપણાનું તીર્થંકર શું કહેતે?. કેવી ભયંકરનું છે તેના ગર્ભ ચોવીશીમાં કલ્યાણક તીર્થંકર હતા તેમના સાધુએ આમ નિરૂપણ કર્યું હતું એમ કહેવું પડત. તીર્થંકરપણામાં આવું કથન શોભત કે બહું?' ના; તેથીજ તીર્થંકરો છદ્મસ્થપણામાં પ્રરૂપણા કરતા નથી.

સુપચ્ચખાણ કોને કહેવાય?

આ ઉપરથી તીર્થ સ્થાપનામાં કેવળ જ્ઞાનની જરૂર. તેમ થાવાકરે આવુંપણું જ્ઞાનવાળાનેજ માન્યું છે. સાધુમાં જોડાવે વસ્તુ વિરતિ, તે કોને કહેવાય?, તો કહે છે કે-જ્ઞાત્વા અકર્તુમેવ કરણે વિરતિઃ। આખામાં ખુલ્લા શબ્દોમાં જણાવે છે કે પ્રથમ જાણવું જોઇએ, અને પછી સ્વીકારવું તે વિરતિ છે. અજ્ઞાન દશા હોય ત્યાં જોડે રહેલો છોકરો કહે છે કે મેં ઉપવાસ કર્યો બહાર જાવ તો બીસામાંથી ચણા મમરા ઝાડીને ખાતા માંડે, અને બોલે કે મેં ઉપવાસ કર્યો છે. ઉપવાસ કોને કહેવાય?, તેની ખબર તે છોકરાને નથી, માટે જ્ઞાત્વા એ પદ કહે છે. પચ્ચખાણ કરે, છતાં દુઃપચ્ચ-ખાણને સુપચ્ચખાણ કેમ બને?, આ પ્રશ્ન કયા વ્રતની અપેક્ષાએ કરે છે?, તો જણાવે છે કે પહેલા મહા-વ્રતની અપેક્ષાએ પ્રશ્ન કરે છે. હિંસાના સુપચ્ચખાણ અને દુઃપચ્ચખાણ કેમ?, જે મનુષ્યને આ જીવ છે, આ અજીવ છે; એ માલમ હોય, અને શ્રાવકની અપેક્ષાએ આ ત્રસ છે, અને આ સ્થાવર છે; એટલું જાણતો હોય તેને સુપચ્ચખાણ છે. હિંસાના પચ્ચખાણ કર્યા હોય છતાં જેને જીવ કે અજીવની માલમ નથી તેને દુઃપચ્ચખાણ છે. શ્રાવકને ત્રસ સ્થાવર કોને કહેવાય?, તે માલમ ન હોય તે સુપચ્ચખાણને બદલે દુઃપચ્ચખાણ કહેવાય. શય્યંભવસૂરિએ જણાવ્યું કે -જીવને કે અજીવને જાણે ત્યારે અનુક્રમે સર્વ જીવોની અનેક પ્રકારની ગતિ જાણે, પુન્ય, પાપ, મોક્ષ, જાણે, તે જાણે ત્યારે દેવતાઇ કામભોગથી કંટાળો. તે કંટાળે ત્યારે સાધુપણું અર્થાત્ મુંડ થઈ અણગાર થાય. આથી જીવ, અજીવને; ત્રસ, સ્થાવરને જાણીને મહાવ્રતો કે અણુવ્રતો લેઈ શકાય. 'જીવ-અજીવ અગર ત્રસ સ્થાવર જાણવું જોઇએ' જેને આવું જ્ઞાન ન હોય, જીવ અજીવ કે ત્રસ સ્થાવરનું જ્ઞાન ન હોય; તેના પચ્ચખાણ તે દુઃપચ્ચખાણ અને જાણે તથા આદરે તો સુપચ્ચખાણ.

કર્મ રોકનાર પ્રતિજ્ઞા.

આથી વ્રતમાં જ્ઞાનની પ્રથમ જરૂર છે. જણાયા છતાં કેટલાકો જાણપણા તરફ વધે છે,, આદર તરફ કંઇ નહિં. અવિરતિ સમકિત દ્રષ્ટિ જણાવાર હોય છે, પણ અકર્તુમેવ પાપ નહિં કરવાની પ્રતિજ્ઞા હોય. જગતના સિદ્ધાંત કરતાં જૈન સિદ્ધાંતમાં એક ખુબી એજ છે. જગતમાં કરણી તો ભોગવવી,, પરંતુ જૈન

સિદ્ધાંતો કહે છે કે જીવ-અજીવ-ત્રસ-સ્થાવરને સમજી પ્રતિજ્ઞા કરવી પડે. તે વિરતિ નહીં કરે તે બધા ભોગવશે તેમ માનનારૂં છે, અર્થાત્ પાપમય કંપનીના મેનેજર અને મેમ્બરો ભલે ઘેર સુતા હોય તો પણ હાથમાં બેડી પડે, કંપનીનો ગોટાળો થાય અને સપડાય તેમ આપણે અવિરતિ તે પાપમય કંપની અને તેના મેમ્બર છીએ. અહીં કરશે તે ભોગવશે તે એકલું નથી. જે કરવાનો તે તો ભોગવવાનો છે, પણ નહીં કરવાવાળો પણ ભોગવવાનો. જે હિંસા કરતા નથી, જુઠ-ચોરી કરતા નથી, પરિગ્રહ રાખતા નથી, તે આ પ્રતિજ્ઞા ન કરે તો ભોગવવાના. કરશે તે ભોગવશે તેમ માનો તો કોઇને અંગે ખરાબ વિચાર કર્યો, તેણે માર્યો નથી તો તેને શું ભોગવવું પડશે ?, બધા સાધન મરી જાય તેવાં કર્યાં, પણ મર્યો નહિં તો ભોગવશે કે નહિં ? કહો વિચાર અને વચનથી પણ ભોગવવાનું કર્યા વગર ખરાબ વિચારથી, ખરાબ સામગ્રીથી, ખરાબ ઉચ્ચારથી ભોગવવાનું રાખ્યા વગર છુટકો નથી. જેને કરવું એ વર્જવા લાયક ગણી છોડયું નહિં, તેનો આત્મા નિર્મળ કે મલીન ?, તો હિંસા કરનાર મલીન તેમ હિંસા ન છોડનાર પણ મલીન છે. પ્રતિજ્ઞા કરે ત્યારે કર્મ રોકાય.

બે પ્રકારનું સાધુપણું.

પાપ જાણે, અને પાપ ન કરવાની પ્રતિજ્ઞા કરે એ તોજ વિરતિ. શાસ્ત્રવિહિત પ્રતિજ્ઞા થાય તોજ સાધુપણું આવે. પાપને જાણ્યું, પાપ નહિં કરવાની પ્રતિજ્ઞા કરી, અને પાપથી દૂર રહ્યાં; આ ત્રણ વસ્તુ એકઠી થાય ત્યારે તેનું નામ વ્રત કહેવાય. ત્યારે હવે માનવું પડશે કે વ્રત-નિયમો જ્ઞાનની સાથેજ બંધાએલા છે. જ્ઞાન વગર વ્રત હોય નહિં, અને મહાવ્રત કે અણુવ્રત તે જ્ઞાન સાથે બંધાએલા છે. પહેલાં જ્ઞાન, પછી પ્રતિજ્ઞા, અને પછી પાલન. વ્રત જ્ઞાનીને હોય અને તેથી વ્રત-સાધુપણું બધું જ્ઞાનને આધારેજ પ્રવર્તે છે. શાસ્ત્રકારોએ ગીતાર્થને સાધુપણું માન્યું છે. તેવું અગીતાર્થને પણ સાધુપણું માન્યું છે, અગીતાર્થને પણ સાધુ માન્યા છે તો પછી એમ કેમ કહો છો કે સાધુપણું એ જ્ઞાન મૂલકજ છે. દેખતા મુસાફરે આંધળાનો હાથ ઝાલ્યો, નદી ઉતર્યો, ખાડો ઉતર્યો અને સીધો પહોંચ્યો. આ બધું સાંભળીને કહેવું જોઇએ કે આંધળા પણ મુસાફરી કરે છે. શું તેમને ખાડા ટેકરા નદી કે નાળા કંઈ પણ નડતા નથી તેમ માની લેવું ?, આ તો દેખતાની નિશ્રાએ હતો, તેથી ગામ પહોંચ્યો છે. આંધળાપણાના મહિમાએ ગામ પહોંચ્યા નથી, તેમ અગીતાર્થને સાધુપણું તે ગીતાર્થની-નિશ્રાએ માન્યું. જેમ દ્રષ્ટાંતમાં આંધળાનું ગામ પહોંચવું માન્યું પણ સ્વતંત્ર નહિં. દેખતાને આંધળો અનુસરે તો ગામ પહોંચે, એટલે દેખતાની નિશ્રાએ ગામ પહોંચ્યો, તેથી દેખતાપણાનો મહિમા ઉડી ગયો નથી; ઉલટો દેખતાપણાનો નિશ્ચય સંપૂર્ણ દ્રઢ થયો. અગીતાર્થમાં સાધુપણું માન્યું તેથી ગીતાર્થને લઈનેજ છે. આંધળો સ્વતંત્ર નદી નાળા ન ઉતરે, દેખતાની નિશ્રાએ ઉતરે; તેથી દેખતાપણાનો મહિમા ઘટયો નથી. અગીતાર્થ ગીતાર્થની નિશ્રાએ સંયમ સાધી શકે છે. ખરેખર ગીતાર્થપણાનો મહિમા વધ્યો છે. દેખતાને આલંબનની જરૂર નથી, પણ અંધને આલંબનની જરૂર છે. ગીતાર્થને નિશ્રાની જરૂર નથી, એટલે અગીતાર્થ માટે નિશ્રાની જરૂર છે. સ્વતંત્ર ગીતાર્થનું સાધુપણું માન્યું છે, એટલે એક જ્ઞાનીનું અને એક તેની નિશ્રાએ રહેલા અજ્ઞાનીનું.

જ્ઞાનનું વાસ્તવિક ફળ.

આથી મહાવ્રતો જ્ઞાન ઉપરજ આધાર રાખે છે. શાસનની સ્થાપના, અને શાસનને ચલાવવું વિગેરે જ્ઞાનના આધારે. શ્રીદશવૈકાલિક અને શ્રીઅનુયોગદ્વાર-સૂત્ર શ્રીદુઃપ્રસહસૂરીશ્વર સુધી રહેશે, અને ત્યાં સુધી તીર્થ રહેશે; તે પછી શાસનનો વિચ્છેદ થશે. શાસનની સ્થાપના પ્રવૃત્તિ જ્ઞાનના આધારે ટકશે, પણ ત્યાં સુધી કે જ્યાં સુધી આ જ્ઞાન ટકશે; આથી બધાને જ્ઞાનની જરૂર છે. આમ જ્ઞાન દુનીયાદારીથી વ્યવહારથી જીવન-જીવનનાં સાધન, તેનો ટકાવ, અને નિર્વાહ માટે, અને તીર્થ સ્થાપવામાં; તથા તીર્થ પ્રવર્તાવવા માટે ટકાવવા

માટે જ્ઞાનની જરૂરી છે. પદાર્થ હોવાને લીધે જ્ઞાનનું પહેલા નિરૂપણ કર્યું, પણ દુનીયામાં જ્ઞાન એક કારણ= સાધન તરીકે માનવામાં આવેલું છે. ચક્ષુ સાધન તરીકે છે, એટલે જોવું પણ કરવાનું પછી. જોવામાં કે કરવામાં ખૂબ ખૂબ પાણીના તરસ્યા થયા હોઇએ, તો કુવો જોયો પણ તરસ પાણી પીએ ત્યારે મટે. ભૂખ લાગી ખોરાક જોયો, પણ ખાઇએ ત્યારે ભૂખ મટે. જ્ઞાનની જરૂરીઆત સાધનરૂપે છે, ફળ રૂપે નથી ઉપાદેયની પ્રાપ્તિ, અને હેયનું હાણ તે ફળ. જ્ઞાન તે જ્ઞેયનું જ્ઞાન, પણ જ્ઞેયનું ફક્ત જ્ઞાન થાય તે જ્ઞેયને સમજીએ તે ફળ નથી. જ્ઞાનમાં આશ્રવ સંવર બંધ નિર્જરા ભવ મોક્ષને જાણ્યા તેમાં જ્ઞેય વિષય કર્યો ?, તે જાણવા તેનું ફળ શું ?, ઉપાદેય આદરવા લાયક અને હેય છોડવા લાયક તે જ્ઞાનનું ફળ છે, એ ફળ જ્ઞાનથી નથી, પણ તે ફળ ક્રિયાથી છે

દ્રષ્ટિપૂર્વકનું સમ્યકત્વ.

પૂર્વે જણાવેલી હકીકત ઉપરથી જ્ઞાનની જરૂરીયાત સિદ્ધ થઈ, પણ જ્ઞાનની જરૂરીયાત ક્રિયાની જરૂરીયાત માટે છે. રચનાત્મક કાર્ય પદ્ધતિ સિવાય કાર્યસિદ્ધિ થતી નથી. લાંબા નિબંધો કે ઠરાવો થયા પછી અમલ થાય તે ઉપર કાર્ય સિદ્ધિ રહે છે. તેમ અહીં પણ ઠરાવ નિબંધની જરૂર છે. કાયદો કર્યા વગર તેની પ્રવૃત્તિ હોતી નથી માટે ઠરાવ=કાયદો તેની જરૂર છે તે નિબંધથી ચર્ચાપત્રને તૈયાર થાય છે. આ રીતિએ બે ચીજ જરૂર થાય છે, તે નિબંધનું રજુ થવું, અને બીજી ચર્ચા થવી; હવે તે બંનેનું ફળ કયાં ? ઠરાવના અમલમાં પણ જ્ઞાનની જરૂરી છે, આંખથી કાંટો મણી મોતી જોવા જરૂરી પણ ફળ કયાં ? કાંટાને છાંડીયે ને સારી વસ્તુને આદરીયે ત્યારે ફળ છે. તો જગતમાં કાયદો નિબંધ ચર્ચા બધા જરૂરી, છતાં તેનું ફળ અમલ દ્વારાએજ છે. જાણ્યા છતાં પણ પ્રવર્તનમાં મેલવામાં ન આવે તો ફળ પ્રાપ્તિ થઈ શકે નહિ. આદરવા લાયક ચીજ મેળવવી, અને છાંડવા લાયકનું છોડવું તે ફળ છે સમકીતીઓ પણ નરકે જાય છે, કારણ કે વિરતિ ન પામેલા હોય તેથી, અર્થાત્ અશુભ પ્રવર્તિને લીધે નરકે જાય છે. સમ્યકત્વ માત્ર હોય તો પણ જ્યાં વિરતિની અભિલાષા છે, ત્યાં જરૂર સમ્યકત્વ છે. અભિરૂચિ કયાં ?, ઝવેરીની પ્રીતિ ઝવેરાતમાં હોય, કોલસામાં ન હોય; તેમ સમ્યકત્વીની પ્રીતિ વિરતિમાં હોય. બંધની નિર્જરાની શ્રદ્ધા વાળાનેજ સમ્યકત્વ હોય. સમ્યકત્વ સાથે આ વસ્તુની માન્યતા હોવી જોઇએ. 'આશ્રવ પાપ બંધ છોડાય તેમાંજ કલ્યાણ સંવર નિર્જરા મોક્ષ આદરાય તોજ કલ્યાણ.' આ દ્રષ્ટિ હોવીજ જોઇએ, અને આ દ્રષ્ટિ વગર સમ્યકત્વ નથી.

ક્રિયા સાથે શાસનનો ગાઢ સંબંધ.

ઝવેરી બજારમાં ફરનારો ઝવેરાતના તોલને જાણનાર જોઇએ તે ન જાણનારને ઝવેરી બજારમાં બેસવાનો હક નથી. કરી શકે પોતાની શક્તિ મુજબ પણ ધ્યેય ત્યાં હોવું જોઇએ ધ્યેયની પ્રાપ્તિ ક્રિયા કરે ત્યારે, તે માટે શાસ્ત્રકારોએ જ્ઞાનને જરૂરી માન્યા છતાં; ઘણો આધાર ક્રિયા ઉપર મેલ્યો. તેથી નૈયાયિક વૈશેષિક વેદાંતિઓએ જ્ઞાન ઉપર આધાર રાખ્યો. જૈનોએ જ્ઞાન ઉપર સાધનતા પુરતો આધાર રાખ્યો, પરંતુ ખરો આધાર ક્રિયા ઉપર રાખ્યો. કલિયુગમાં આત્માની એકલી વાતો કરનારા ક્રિયા નહીં કરનારા ફાગણ મહિનામાં ગાળો ભાંડનારા બાળકો જેવા છે. ખરાબ માનવું અને સુધરવું નહિ તે ઘેરૈયા જેવા છે. ક્રિયા કરવામાં આવે, અને કોઈ ક્રિયા કરે છે તેમ નથી કહેતા પણ ક્રિયા કરાય છે એટલે જૈન શાસનમાં પ્રવર્તે છે; એમ મનાય છે. અનુયોગદ્વારમાં આવશ્યકની વાત ચાલી ત્યાં આવશ્યક એમ ધારી પડિકમણું કરવું હોય તો તે પડિકમણાને અંગે ઉપયોગી છે. સૂત્ર ન માનતા હોય તેની વાત જુદી છે, પણ સૂત્ર માને ને થાપના ન માને. તેમને આ વાકય ઉપર ધ્યાન રાખવું જોઇએ. **स्थापना स्थाप्यते. क्रियते क्रिया।** તે કયારે કહેવાય ?; જ્યારે ચાલુ પ્રવર્તિ હોય ત્યારે આ પ્રયોગ વપરાય. તેથી ક્રિયા કરાય છે તેથી જૈન શાસન ક્રિયા ઉપર આધાર રાખે છે

ક્રિયાની વાસ્તવિકતા.

ક્રિયાના કારણ તરીકે જ્ઞાનની પ્રથમ જરૂર છે. ક્રિયા એ ફળ દેવાવાળી ચીજ તેથી ક્રિયા કરાય છે.

આ રીતિએ ક્રિયાની વાસ્તવિકતા જણાવી. તેમ કહી જ્ઞાનની સ્થિતિ જણાવી આથી અજ્ઞાની જ્ઞાનીની નિશ્રાએ ક્રિયા કરી તો તે શુદ્ધ ક્રિયા બની. તેમ ક્રિયા વગરનો જે મનુષ્ય તેને કોઈએ શુદ્ધિમાં લીધો નથી; માટે આપ જ્ઞાની હો તો સ્વતંત્ર ક્રિયા કરો. જો ન હોય તો તેને વૈદ્યની સલાહ લઈ વર્તવાનું છે. જો કે અજ્ઞાની છે, છતાં જ્ઞાનીની સલાહ પ્રમાણે ચાલનારા અજ્ઞાની જીવન નિર્વાહને પામે છે. વૈદ્યની સલાહ પ્રમાણેજ ચાલનારો જીવન નિર્વાહને પામે છે. 'તમે જ્ઞાની હોતો તમારી મેળે આશ્રવ છોડો સંવર આદરો ને જ્ઞાની ન હોતો તેમના હુકમ પ્રમાણે સંવર આદરો આશ્રવ છોડો' આ માટે **ક્રિયતે ક્રિયા** કરાય છે. માટે ક્રિયા, હવે તેના પ્રકાર સમજાવવા. તે ક્રિયા કેમ પ્રાપ્તિ કરે છે તે અધિકાર આગે વર્તમાન.

નવીન-પ્રકાશનો.

૧. દરેક વર્ષની 'સિદ્ધચક્ર' માસિકની ફાઇલ (બાર અંક સાથે) એકની.	૩	૫-૦-૦
૨. શ્રી સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્ ભાગ ૧ લો (૭ પાદ પર્યંત) અને અનેક પરિશિષ્ટો તથા શ્રીતત્ત્વ-પ્રકાશિકા-આનન્દબોધિની સાથે	૩.	૩૦-૦-૦
૩. વધિયુક્ત-પંચપ્રતિક્રમણ-સૂત્રાણિ (બાળબોધ ટાઇપમાં)	૩.	૧-૨-૦
૪. સિરિ-સિરિવાલ-કહા (પ્રાકૃત).	૩	૩-૦-૦
૫. શ્રીસિદ્ધચક્રારાધન-વિધિ.	૩.	૧-૮-૦
૬. શ્રીઆત્મમોહનક (જીવન ચરિત્ર)	૩.	૨-૦-૦
૭. તપ અને ઉદ્યાપન.	૩.	૧-૧૨-૦

—: પ્રાપ્તિસ્થાન :—

૧. શા. ગુણવંતલાલ જેચંદભાઇ ઠા૨. ઠે૦ ચાંલ્લાગલી, ગોપીપુરા; મુ. સુરત

૨. શ્રીઋષભદેવજી છગનીરામજીની પેઢી ઠે૦ બારાકુવા, દહેરા બિડકી; મુ ઉજ્જૈન (માલવા). C. I.

આગમના અભ્યાસિઓને —

અંગાદિનો તથા નન્દીઆદિનો અકારાદિક્રમ અને વિષયાનુક્રમ પૂર્વે પ્રકાશન થઈ ગયો છે, તેવી રીતે આગમના અભ્યાસિઓને અભ્યાસાદિમાં અમોઘ-સાધન રૂપ નીવડી શકે તે હેતુથી **ઉપાંગાદિનો વિષયાનુક્રમ** અને **તેના સૂત્ર-પદ્યાદિનો અકારાદિક્રમ** લેટરપેપરમાં પ્રતાકારે લગભગ પંદર ફારમમાં નિર્ણયસાગરના ટાઇપમાં છપાયેલ પ્રકાશન થઈ ચૂક્યો છે. અસલ મોંઘવારી છતાં પ્રતિ એકની કિંમત-રૂ. ૪-૮-૦

શ્રીસ્થાનાંગ-સૂત્રના વ્યાખ્યાનો.

પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ-આગમોદ્ધારક-શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીએ શ્રી સ્થાનાંગસૂત્ર ઉપર જે અમોઘ-દેશનાઓ આપી હતી, તેના ગ્રંથ સંયમરૂપે નીચેની ભરચક-બીનાઓથી ભરપૂર ગુજરાતી-ભાષામાં પ્રકાશન થઈ ચૂક્યો છે.

પાંચ-મહાવ્રતોનું શંકા-સમાધાનપૂર્વકનું દાખલા-દલીલોથી ભરપૂર કથન, અકાટય-સિદ્ધાંતો, અને રસવર્ધક દૃષ્ટાંતો-કીસ્સાઓ તથા કહાનીઓ; અને અહિંસાદિનું સ્વરૂપ સૂક્ષ્મ-રીતિએ ઝીણવટથી પ્રતિપાદન કરેલું છે, કે જે વિદ્વત્પીઠની ઉચ્ચ પદ્વી પ્રાપ્ત કરનારાઓ માટે આ અપૂર્વ સાધન છે, ઉચ્ચકક્ષાના વિદ્વાનોને અને સામાન્ય-વાંચકોને અનેરો આનંદ આપવા સમર્થ આ સ્થાનાંગસૂત્રના વ્યાખ્યાનોને જલ્દી પ્રાપ્ત કરવા ચૂકશો નહિ. ફાઇન સાઇઝ ૪૦૦ પેજ અને સુશોભિત બાઇન્ડીંગમાં તૈયાર થયેલ ગ્રંથની કિંમત રૂ. ૫) છે.

નોંધ:—ઉપરના બંને ગ્રંથોનું પ્રાપ્તિસ્થાનઃ—

શ્રીજૈનાનંદ પુસ્તકાલય, ઠે૦ ગોપીપુરા, મુ. સુરત.

માનવંતા વાંચકોને —

ચાલુ વર્ષના અંકો વી. પી. થી રવાના કરવાની શરૂઆત થઈ ગઇ છે, તેથી ગ્રાહકોએ સ્વીકારી લેવા વિનંતિ છે, અને પૂ. સાધુ-સાધ્વીઓને મોકલવામાં આવતો અંક ગેરવલ્લે ન જાય માટે ચોક્કસ સરનામું લખી મોકલવા વિનંતિ છે. લિ૦ તન્ત્રી.

માનવતામાં પાશવતા.

લે:—ચન્દ્રપ્રભસાગર.

બૃહસ્પતિએ બાળસૂર્યના ગાલ પર તમાચો મારી, પોતાની શાળામાંથી તોફાની બાલસૂર્યને કાઢી મૂક્યો. તમાચાથી લાલ થએલા ગાલને પંપાળતા પંપાળતા સૂર્યે પૂર્વ દિશાના પદડાને ચીરી ભૂમંડળ પર દૃષ્ટિ ફેંકી ત્યારે પહેલીજવાર માવજીભાઈની નિશાળ એની નજરમાં આવી.

માવજીભાઈની નિશાળ એટલે સોટીઓનો સંગ્રહાલય! જેવો વિદ્યાર્થી તેવી સોટી માવજીભાઇની એવી માન્યતા હતી—સોટી વાગે ચમચમ વિદ્યા આવે ઘમઘમ. એમની માન્યતાનો અખતરો એમણે ઘણાય વિદ્યાર્થીઓ પર કર્યો હતો. આ અખતરાથી એમને ઘણાયે વિદ્યાર્થીમાં વિજય પણ મળ્યો હતો. પણ માવજીભાઈના સદ્‌ભાગ્યે કહો કે દુર્ભાગ્યે કહો. સોમાને ભણવવામાં તેઓ નિષ્ફળ નીવડયા હતા. નિષ્ફળ નીવડયા એની ચિન્તા નથી, પણ ચિન્તા તો સોમાને મારી મારીને સોટીઓ ખલાસ થઈ ગઇ, એની છે!

એક દિવસ કંટાળીને તેઓ કહેવા લાગ્યા—"અરે, બુદ્ધિના બારદાન! જેટલું શરીર વધાર્યું છે એટલી અક્કલ વધારી હોત તો તારૂં કલ્યાણ થઈ ગયું હોત. આ તો ઉલ્ટું જેમ જેમ મારતો જઊં છું તેમ તેમ તારૂં શરીર અલમસ્ત અને મહાકાય બનતું જાય છે. મેં તને ભણાવવા માટે તારા પર જેટલી મહેનત લીધી એટલી એક ગધેડા પર મહેનત કરી હોત તો કદાચ ગધેડો પણ માણસ બની ગયો હોત."

આ વાક્ય, નિશાળ પાસેથી પસાર થતા રામુ કુંભારના કાનમાં પડયું. એ ત્યાંજ થભી ગયો. એને એક વિચાર સ્ફૂરી આવ્યો—આ માવજીભાઇ જબરા ચમત્કારી લાગે છે. ગધેડાને પણ માણસ બનાવે છે. મારો પેલો ધનો ગધેડો માણસ બની જાય તો કેવું મઝાનું!

ગરજવાનને બુદ્ધિ ન હોય; અને કદાચ હોય તો પણ તે સમયે તે ફરવા ચાલી જાય છે! રામુનું પણ એમજ બન્યું. તે નિશાળમાં જઈ, હાથ જોડી માવજીભાઇને કહેવા લાગ્યો—"મહેતાજી! આપ મારૂં એક કામ ન કરો? આપ ગધેડાને માણસ બનાવો છો. મારે દીકરો નથી. મારી પાસે ધનો કરીને એક અલમસ્ત ગધેડો છે આપ એને માણસ બનાવી આપો તો આપનો મોટો ઉપકાર. આપ કહો તો એની મહેનતના સો રૂપિયા પણ આપી જઊં."

રામુનું આ વિચિત્ર કથન સાંભળી એમને હસવું તો ખૂબ આવ્યું, પણ હસવાનો આ સમય નહોતો, કારણ કે એક કાંકરીએ બે પક્ષી ઉડાડવાનાં હતાં. અનુચિત હાસ્ય માનને પાગલની ગણતરીમાં લઇ જાય છે અને સિદ્ધ થએલા કાર્યનો નાશ કરે છે—આ વાત માવજીભાઇના ધ્યાન બ્હાર નહોતી. એટલે જ જરા ગંભીર બની એમણે કહ્યું—"ખુશીથી તમે તમારો ગધેડો અહીં મૂકી જજો. સાથે સો નહિ પણ બસો રૂપિયા લેતા આવજો. આ તો ગધેડાને માણસ બનાવવાનો છે. મહેનત કાંઇ જેવી તેવી ન કહેવાય. માથાના કપાસિયા નીકળી જાય, સમજ્યા ને!"

માનવીને પુત્રની ઘેલછા કેટલી હોય છે! પુત્ર મેળવવા માટે કેટલી માનતા, કેટલી આરાધના, કેટલી ઔષધિઓ, કેટલાં મન્ત્ર-તન્ત્ર-યન્ત્રની ઉપાસના અને કેટલા પૈસાનો ધૂમાડો કરે છે, છતાં મળવાની તો સંભાવના અને કદાચ મળે; પણ તે જો નાલાયક નીવડે તો પૂર્વોપાર્જિત કીર્તિ પર કલંકનો કૂચડો મારે!

મહેતાજીની 'હા' સાંભળી, રામુનું હૈયું હર્ષથી નાચી ઉઠયું એની છાતી ગજગજ ફોળી થઈ. ખરેખર, પુત્ર દત્તક લેવો એનાં કરતાં આ તો બસો રૂપિયામાં આપણો માનીતો ગધેડો જ માણસ બને છે. અને અપુત્રપણાનું કલંક ટળે છે. આનાથી વધુ આનન્દનો પ્રસંગ બીજો કહ્યો હોઈ શકે? રામુએ તો બધી વાત ઘેર જઈ કુંભારણને કહી વાત સાંભળતાંજ ભોળી કુંભારણના નયનોમાં તેજ ચમકી ઉઠયું, મુખ પર ઝીણું હાસ્ય નૃત્ય કરી ગયું. લલનાઓના કોમળ હૈયાઓમાં આશાના અંકુરા વગર વર્ષાએ ફૂટી નીકળે છે!

"જાઓ, જલ્દી જાઓ. આપણા પેલા ધનાને જલ્દી નિશાળે મૂકી આવો. આ લો બસો રૂપિયા." એમ કહી, કુંભારણે પૈસે પૈસે કરીને ભેગા કરેલા બસો રૂપિયાની કોથળી, રામુના હાથમાં મૂકી.

બાલ સૂર્યથી આ લોકોની મૂર્ખાઇ ભર્યું દૃશ્ય ન જોવાયું. એ તો પશ્ચિમનો પડદો ચીરીને અસ્તાચળની પાછળ સંતાઇ ગયો. તેજ સમયે, રામુ પોતાની ચોટળી હવામાં ફફડાવતો શાળાના બારણા આગળ હાજર થયો.

માવજીભાઇ તૂટેલી ડાંડીવાળા ફૂટેલા ચશ્માંમાંથી, રામુને આવતો જોઈ, એના મનના ભાવ એ સમજી ગયા–કે પુત્રની ઇચ્છા માનવીને કેવો વેવલો બનાવે છે!

ધનાં ગધેડાને આંગણામાં બાંધી, રૂપિયાની થેલી મહેતાજીના ચરણોમાં મૂકી, એણે કહ્યું—"લો બાપા! આ બસો રૂપિયા અને મારો વ્હાલો ગધેડો. આને ખૂબ ભણાવજો હોં. મારા દીકરામાં જરાય ખામી ન રાખતા. તમે કહેશો તો વળી બીજું ઇનામ આપીશ."

રૂપિયા બસો ગણીને પેટીમાં મૂકતાં એમણે કહ્યું–'ચિન્તા ના કરતા, રામુભાઇ! બાર મહિના પછી આવજો અને તમારા ધના દીકરાને લઇ જજો જો જો, તો ખરા કે તમારો ધનો ભણીને કેવો પોપટ જેવો થાય છે!"

પુત્રની પ્રાપ્તિના સુખથી ડોલતો કુંભાર ઘર ભણી ડગલાં ભરે છે. ખરેખર, સુખ તો શું પણ સુખની કલ્પના પણ દુઃખની ગર્તામાં પડતા માનવીને ઉગારી લે છે; તેમ દુઃખ તો શું પણ ભવિષ્યના દુઃખની કલ્પના પણ માનવીને સુખના ગિરિશિખર પરથી ગબડાવી મૂકે છે—સુખને દુઃખની કલ્પનાથી પર બનેલો માનવજ વિશ્વમાં મહાન છે!

આજ ગામની કોર્ટમાં કાનજીભાઇ કરીને એક કમ્પાઉન્ડર—ગામડાના વડા ઓફીસર—હતા. જીવનમાં બીજા પણ માનવતા કેળવ્યા વગર લાંચ-રૂશ્વત અને ખોટાં-ઘોળાં કરી ઘણાયે રૂપિયા ભેગા કર્યા હતા. પૈસા–પૈસા માટે પેટ ફૂટનાર કાઠિયાવાડના કાનજીભાઇએ કંટ્રોલના આ જમાનામાં કાળા બજારીઓનો સારો લાભ ઉઠાવ્યો હતો. કાઠિયાવાડથી આવ્યા ત્યારે એક નાના ઝુપડામાં ભાડે રહેનાર આજે એક સુંદર અને આજના જમાનાની છેલ્લામાં છેલ્લી ઢબની સામગ્રી-ઓથી ભરપૂર હવેલીના માલિક બનનાર કાનજીભાઇનું પુછવું શું? એક તો સત્તા અને બીજી સંપત્તિ! આ બંનેનો સંયોગ થતાં ઘણીવાર માણસ પણ શયતાન બની જાય ત્યાં શયતાનનું તો પૂછવુંજ શું!

ગામમાં એવો કયો માણસ હતો કે જે કાનજી-ભાઇના ઝપાટામાં ન આવ્યો હોય?, અને એવો કયો માણસ છે કે જેને કાનજીભાઇ આંખમાં કાંકરાની જેમ ન ખૂંચતો હોય?, પણ શું થાય? સત્તા આગળ શાણ-પણું શું કામનું? એવામાં એક દિવસ માવજીભાઇ પણ કાનજીભાઇના ઝપાટામાં આવી ગયા. ઘણા દિવસ સુધી માથાકૂટ કરી ભેગા કરેલા પૈસા, કાનજીભાઇના એક કલમને ગોદે ખંખેરાઇ ગયા. પણ માવજીભાઇ તે માવજીભાઇ. એની બુદ્ધિ આગળ તો બૃહસ્પતિ પણ પાણી ભરે! કાનજીભાઇના પાપનો ઘડો ફોડવો એ કાંઇ મહેતાજીને મન મહાકાર્ય ન કહેવાય. અલબત્ત, એટલું ખરું કે સમયની પ્રતીક્ષા કરવી પડે.

આમ સમયની પ્રતીક્ષા કરતાં બાર મહિના વહી ગયા. એવામાં રામુ પોતાના ગધેડાનો માણસ થઈ ગયો હશે એમ ધારી, માણસને લઇ જવા હાજર થયો—'કેમ, માવજીભાઇ! મઝામાં તો છો ને? મારો ધનો ગધેડો ભણી–ગણીને હુશિયાર થઇ ગયો હશે ખરું ને? મારો દિકરો કેવોક છે જોઈ તો લઉં!"

માથા પરથી પાઘડી નીચે મુકતાં એમણે કહ્યું—"ભાઇ! કેટલાય દિવસોથી હું તમારીજ વાટ જોતો હતો. તમારો ધનો તો કયારનોય માણસ બની ગયો છે. અરે, માણસ તો શું પણ ભણી-ગણીને વિદ્વાન બન્યો છે અને તમારા આવવામાં વિલંબ થવાથી નોકરીએ પણ લાગી ગયો છે. તમે તો ગામડાના માણસ એટલે તમને કયાંથી ખબર કે તમારા છોકરાની કેટલી નામના થઈ છે! ચાલો, હું તમને બતાવું એ કેવો ડાહ્યો ડમરો થયો છે!'

(વધુ માટે જુઓ ટાઇટલ પેજ ત્રીજું)

સૂર્યપુરમાં ભવ્ય રીતે ઉજવાયેલાં દીક્ષા-મહોત્સવો.

વર્તમાન શ્રુત પારંગત આગમોદ્ધારક શ્રી વર્ધમાન જૈન આગમમંદિર સંસ્થાપક તેમજ તામ્રપત્ર જૈનાગમ મંદિરના સંસ્થાપક જંગમ યુગ પ્રધાન સદશ **આચાર્ય મહારાજશ્રી આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજની નીશ્રામાં આગમ મંદિરની પ્રથમ સાલગિરિ ભવ્ય રીતે ઉજવાઇ હતી. તે પ્રસંગે બાલ બ્રહ્મચારિણી કુમારી જયાબેન, તથા મીનાક્ષી બેનની દીક્ષા નિમિત્તે દયાચંદ દીપચંદ મલજી તરફથી શ્રી વર્ધમાન જૈન તામ્રપત્ર આગમ મંદિરમાં અષ્ટાન્હિકા મહોત્સવ પોસ વદ ૧૩થી આરંભાયો હતો.

રોજ પૂજામાં અપૂર્વ ઉલ્લાસવર્ધક સંગીતકાર માસ્ટર દીનાનાથ માનવ મેદનીની ભાવનાને અભિવૃદ્ધિ કરાવતા હતા.

કુંભ સ્થાપન વદ ૧૩ ના રોજ થઈ હતી તેમજ મહા સુદ ૧ શનિવારે જળજાત્રાનો ભવ્ય વરઘોડો કાઢવામાં આવ્યો હતો. રથયાત્રામાં શણગારેલા ગજરાજ અને ત્યાર બાદ શ્રેષ્ઠિ શ્રી ઠાકોરભાઇ દયાચંદ મલજીના પુત્ર જગદીશકુમારનું સાંબેલું સુરતની લાક્ષણિક પદ્ધતિથી ચાર ઘોડાની બગીમાં પુષ્પોથી ઉભરાતુ અજબ રીતે શોભતુ હતું. ત્યાર પછી શ્રેષ્ઠિશ્રી જયન્તિલાલ વખારીયાના પુત્રનું સજ્જડે સાંબેલું આકર્ષક વિવિધ પુષ્પોથી અત્યંત સુશોભિત માનવ મેદનીને આકર્ષક હતું. સુરતના પ્રસિદ્ધ બેન્ડોમાં રઝાક બેન્ડ વિગેરે ઘણા બેન્ડો પણ હતા. ત્યાર બાદ આ ભવ્ય વરઘોડામાં સાધુઓનો વિશાલ સમુદાય **પૂજ્ય આચાર્ય માણિક્યસાગર સૂરીશ્વરજી મ. પૂ. આચાર્ય શ્રી લાભસૂરિજી મ. પૂ. પન્યાસ શ્રી ચંદ્રસાગરજી મહારાજ તથા પૂ. પં. હેમસાગરજી મ. પૂ. પં. હીરસાગરજી મ.** વિગેરે ઘણા સાધુ મહારાજઓ અને સાધ્વી-સમુદાયમાં શ્રીતિલકશ્રીજીના સમુદાયના સાધ્વી શ્રી મૃગેન્દ્રશ્રીજી, તથા શ્રીપુષ્પાશ્રીજીના સમુદાયના સાધ્વી શ્રી સુમલયાશ્રીજી આદિ સાધ્વી ઠાણાઓ તથા બહારગામથી આવેલ માનવીઓની મેદનીમાં શ્રાવક શ્રાવિકાનો માનવ સાગર ઉભરાઇ રહ્યો હતો. કુસુમોથી સુશોભિત ગગનચુંબી રથમાં પ્રભુજીના સારથી દીક્ષાર્થિની કુમારી જયાબેન તથા કુમારી મીનાક્ષીબેન તથા શ્રેષ્ઠિ ઠાકોરભાઈ મલજીના પુત્રી મંજુલાબેન બન્યા હતા. રથયાત્રા શહેરના મુખ્ય ભાગમાં ફરીને આગમ મંદિરમાં ઉતરી હતી.

આગમ મંદિર પાસે બાંધવામાં આવેલા. ભવ્ય મંડપમાં દીક્ષા ગ્રહણ કરનારી પાંચે બેનોને મંગળાબેન હીરાચંદના પ્રમુખપણા નીચે રાત્રે માનપત્રનો મેલાવડો રાખવામાં આવ્યો હતો. અને દીક્ષાર્થિની જયાબેન મીનાક્ષીબેન, મંજુલાબેન, ચંદ્રાબેન, શારદાબેન આ પાંચે બેનોના અપૂર્વ ત્યાગની મુક્ત કંઠે પ્રશંસા મેળાવડામાં વારંવાર થઈ હતી. શ્રી મહાવીર ધર્મોત્તેજક મહિલા વિજય મંડળની બેનોએ ગરબા વિગેરે પ્રેમ રાખ્યા હતા. આ બેનોનો ત્યાગ પ્રસંગ ઘણા આત્માઓને અનુમોદનનો અપૂર્વ અવસર હતો.

મહા સુદ ૧ બીજી રવિવારે આગમ મંદિરમાં એક વાગે શાન્તિ સ્નાત્રનો પ્રારંભ **પૂ. આચાર્ય મહારાજશ્રી માણિક્ય સાગરસૂરીશ્વરજી** મહારાજે કરાવ્યો હતો. ત્યાર બાદ પૂ. પં. મહારાજશ્રી વિગેરેએ શુદ્ધ મંત્રોચ્ચારથી શાન્તિ સ્નાત્ર ભણાવ્યું હતું વિધિ સમાપ્ત થતાં લાડુની પ્રભાવના કરવામાં આવી હતી. મહા સુ. ૨ ને સોમવારે બેન **જયાબેન તથા મીનાક્ષીબેનનો દીક્ષાનો વરઘોડો જીવણચંદ દયાચંદ મલજીને ત્યાંથી ચઢાવવામાં** આવ્યો હતો. પુષ્પોથી સજ્જેલી ગાડીમાં બેસાડી પોતાની બે યુવાન પુત્રીઓને વિદાય આપતી **પુત્રો વત્સલ જનની** ગુલાબનું હૈયું વિયોગના વિરહથી છવાઇ આવ્યું. હૈયામાં હર્ષ છતાં નયનોમાં નીર ટપકી પડ્યાં હતાં સ્નેહિનાં વિયોગની વાંસલી વાગતી હોય ત્યારે કયું કઠોર હૈયું હોય કે ન પીગળે ? વરઘોડો ચાલ્યો ને વરસીદાનની વૃષ્ટિ બંન્ને બેનોએ આરંભી દીધી. મોખરે પુષ્પથી સજ્જેલા એરોપ્લન આકારે શોભતાં સાંબેલામાં **ઠાકોરભાઇ મલજીના પુત્ર જગદીશકુમાર** દેખાતા હતા. સુરતના પ્રસિદ્ધ બેન્ડોથી સુશોભિત વરઘોડો મુખ્ય સ્થાનોમાં ફરી આગમ મંદિરના મેદાનમાં ભવ્ય મંડપ આગળ ઉતર્યો હતો.

દીક્ષાની ક્રિયાનો આરંભ **પૂ. આચાર્ય મહારાજશ્રી માણિક્યસાગર સૂરીશ્વરજી મ. તથા**

પૂ. પંન્યાસજી ચંદ્રસાગરજી મ. તથા પૂ. પં. હેમસાગરજી મ. વિગેરેએ કરાવ્યો હતો. રજોહરણ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે અપાતાં હર્ષોલ્લાસથી હૈયું નાચી ઉઠે તેમ કુમારીકાઓ નાચી ઉઠી. કુમારી જયાબેનનું નામ શુભોદયાશ્રીજી રાખી સાધ્વી તિલકશ્રીજીના સુવિનેયા સાધ્વી શ્રી રાજેન્દ્રશ્રીજીના શિષ્યા અને મીનાક્ષીબેનનું નામ સાધ્વી શ્રી મયણાશ્રીજી રાખી સાધ્વી શ્રી સુમલયા શ્રીજીના શિષ્યા સાધ્વી શ્રી સૂર્યકાન્તશ્રીજીના શિષ્યા જાહેર કરવામાં આવ્યા હતા. બાદ સૌ પ્રભાવના લઈ વિખરાયા હતા.

મહા સુદ ૩ ને મંગળવાર એ તો આગમ મંદિરની સાલગિરિનો મુખ્ય દિવસ. આજનો દિવસ કોઈ અલૌકિક દિવસ, આજની શોભા એ તો અપૂર્વ શોભા, આજનો ધ્વનિ તે તો દિવ્ય ધ્વનિ, પ્રત્યૂષના આરંભમાંજ ચોઘડીયાથી મંદિર ગાજી ઉઠયું અને હીરાપન્ના અને રત્નાદિ ઝવેરાતથી આજની લાખેણી આંગી જોવા સૂર્યપુરના માનવ સાગર ઉભરાયો હતો. તેજ દિવસે શારદાબેનનો દીક્ષાનો વરઘોડો ચૂલીકલીયા તેમના ઘરના આંગણેથી કાઢવામાં આવ્યો હતો. શારદાબેન રૂપચંદની ઉમર બાર વર્ષની નાની ઉમરમાં માતા લીલાવતીબેનના સુસંસ્કારોનુંજ પરિણામ હતું. શારદાબેનના સ્વર્ગસ્થ પિતા રૂપચંદ ઝવેરી, પૂ. આચાર્ય મહારાજશ્રીના પરમ ભક્ત હતા સવારના સાડા આઠ વાગે વરઘોડો શહેરના મુખ્ય લત્તામાં ફરી આગમ મંદિરના ભવ્ય મંડપમાં આવ્યો હતો. નામ સુલક્ષણાશ્રીજી રાખી સાધ્વી શ્રી તિલકશ્રીજીના શિષ્યા સાધ્વી શ્રી રાજેન્દ્રશ્રીજીના શિષ્યા જાહેર કરવામાં આવ્યા હતા.

મહા સુદ ૫.

સુદિ ૫ ના દિવસે ધર્મનિષ્ઠ ગર્ભ શ્રીમંત શેઠ નવલચંદ ખીમચંદના ધર્મપુત્રી કુમારી મંજુલાબેન તથા તલકચંદના પુત્રી ચંદ્રાવતીબેન જવેરચંદની દીક્ષાનો વરઘોડો નવલચંદ ખીમચંદના નિવાસ સ્થાનેથી શાનદાર કઢવામાં આવ્યો હતો. પ્રસિદ્ધ ઐન્દ્રોની રમઝટ વરઘોડામાં જામી હતી. ચારે બાજુ વર્ષા વર્ષાની વૃષ્ટિ થઈ રહી હતી. પોતાની કુમારી ધર્મ પુત્રીને વિદાય આપતાં સ્નેહિજનોનું હૃદય છલકાઈ જતું હતું. જ્યારે દિક્ષાર્થિઓના મુખ કમલ ઉપર અસાર સંસાર સાગરને તરીને પેલી પાર જતાં જે આનંદ દેખાય તેના કરતાં અનંતગુણો આનંદ દેખાતો હતો. વરઘોડો બાર વાગે આગમ મંદિરના ભવ્ય મંડપમાં ઉતર્યો. દીક્ષાની ક્રિયા પૂ. આચાર્ય મહારાજશ્રી માણેકયસાગરસૂરીશ્વરજી મ૦ પં. શ્રી ચન્દ્રસાગરજી, પં. શ્રી હેમસાગરજી, પં. શ્રી દેવેન્દ્રસાગરજી, પં. શ્રી હીરસાગરજી અને પૂ. શ્રી પુણ્યવિજયજી મ૦ વિગેરે વિશાળ સાધુ સાધ્વીના સમુદાય વચ્ચે કરાવવામાં આવી હતી અને અનુક્રમે નામ સાધ્વી શ્રી મનોગુપ્તાશ્રી તથા સાધ્વી શ્રી કારૂણ્યશ્રીજી રાખી સાધ્વી શ્રી રંજનશ્રીજી તથા સાધ્વી શ્રી રાજેન્દ્રશ્રીજીના શિષ્યા કરવામાં આવ્યા હતા. આ શુભ પ્રસંગે શ્રમણ સંઘની વૈયાવચ્ચ અર્થે કેટલાક ભાવુકોએ રૂ. ૧૧૦૦૦) ઉપરાંતની ટીપ કરી હતી. અને દીક્ષાર્થિની કુમારી મંજુલાની દીક્ષા નિમિત્તે સિદ્ધાન્તરવાધ્યાયમાલા નામની પુસ્તિકા પૂજ્ય સાધુ સાધ્વીઓને તેમના માતુશ્રી કંકુબેન તરફથી ભેટ સમર્પણ કરાઈ હતી. અને વૈરાગ્ય વર્ધક દેશનાથી દીક્ષાની ક્રિયાની પૂર્ણાહૂતી થઈ હતી,

આ અપૂર્વ દિવસની મહત્તા તો એ હતી કે પૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મ૦ નો પ્રવજ્યા દિન પણ આજનોજ હતો. આજનો આ પરમ પવિત્ર દિવસ આગમ મંદિરમાં પૂજા આંગી રાત્રિ જાગરણ પ્રભાવના આદિથી અજબ રીતે ઉજવાયો હતો.

મહા સુદ ૫ ના રોજ નિર્મલા બેનની દીક્ષાનો વરઘોડો તેમના ઘેરથી સવારના આઠ વાગે ચલાવી પાણીની ભીંત, ગોપીપુરા, ઓસવાલ મહોલ્લામાં થઈ મણી ફળીયામાં પૂજ્ય આગમોદ્ધારક આચાર્ય દેવેશશ્રી સાગરાનન્દ સૂરીશ્વરજી મહારાજ વિગેરે ને વંદન કરી વાસક્ષેપ નંખાવી નાણાવટ વિગેરે રથળોએ ફરી વડાચૌટાના ઉપાશ્રયે ઉતર્યો હતો ત્યાં પૂજ્ય લાભસૂરિજી મહારાજે દીક્ષાની ક્રિયા કરાવી નિર્મલાબેનનું નામ સાધ્વી શ્રી નિરંજનાશ્રી રાખી સાધ્વી કમલશ્રીજીના સંઘાડાના સાધ્વી શ્રી હસ્તિતાશ્રીજીની શિષ્યા જાહેર કર્યા હતા. બાદ વિધિ સમાપ્ત થતાં શાસનદેવની જય બોલાવી, પ્રભાવના લઈ માનવ મેદની વિખરાઈ હતી.

॥श्रीपञ्चाशकशास्त्र-सारांशः ॥

આલેખનકાર:—પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

મંગલાદિપૂર્વક-પ્રારંભ.

શાશ્વત શાન્તિદાયક-સકલ-મન્ત્ર-તન્ત્ર-યન્ત્રાધિરાજ-રાજેશ્વર-શ્રી સિદ્ધચક્ર-મહાયન્ત્રની હૃદય મંદિરમાં સ્થાપના કરીને, અને સકલ મનીહિતપૂરક-અચિન્ત્યચિન્તામણિ સદૃશ શ્રી-શંખેશ્વર પાર્શ્વનાથનું ત્રિકરણ વિશુદ્ધિએ ધ્યાન ધરીને પ્રત્યાખ્યાન વિધિ નામના પાંચમા પંચાશકનો વિધિ વિધાનનો સારાંશ અત્ર શરૂ કરાય છે. સિદ્ધિ સુખના અભિલાષિ-ધીર-પુરૂષોએ નિરંતર પૂજા કરવા લાયક છે, એમ ચતુર્થ પંચાશકમાં વિસ્તારથી જણાવી ગયા. હવે પંચમ પંચાશકનો પ્રારંભ કરતાં વૃત્તિકાર જણાવે છે કે-પૂર્વ પંચાશકમાં જિનપૂજા કરવા લાયક છે અને પૂજા કરનાર પૂજા કરવાથી પુનીત લાભો પ્રાપ્ત કરે છે વિગેરે દર્શાવી ગયા. હવે પૂજા કરનારને પૂજા કર્યા પછી પ્રત્યાખ્યાન કરવા લાયક છે, તેથી પ્રત્યાખ્યાનનો વિધિ કહેવાની ઇચ્છાવાળા શાસ્ત્રાકાર મંગલાદિનું પ્રતિપાદન કરે છે.

અસન્નોપકારિ-વિશ્વવન્દ્ય ચરમ-તીર્થંકર શ્રી મહાવીર મહારાજાને નમસ્કાર કરીને નમસ્કારાદિ પ્રત્યાખ્યાનનો=નિયમનો વિધિ અલ્પ-બુદ્ધિવાળાઓને સમજમાં આવે તે રીતિએ આગમને અનુસરતાં સૂત્ર અને યુક્તિથી સંક્ષેપમાં કહીશ. આ ઉપરથી પૂર્વાચાર્યોએ મહાબુદ્ધિશાલિઓથી સમજી શકાય તેવી રીતે તે વિસ્તારપૂર્વક પ્રત્યાખ્યાન વિધિ-વિધાન કહેલું છે એમ વૃત્તિકાર જણાવે છે, અને ચાલુ પદ્યમાં 'मन्दमइ विबोहणट्ठाए' એ પદથી વિસ્તારપૂર્વક વિધિ પૂર્વાચાર્યોએ કરેલો હશે એમ ધ્વનિત થાય છે. ગાથા. ૧.

પ્રત્યાખ્યાનના પર્યાય-ભેદ.

પ્રત્યાખ્યાનનું પર્યાયથી અને ભેદથી નિરૂપણ કરતાં થકાં શાસ્ત્રાકારો પ્રત્યાખ્યાનના પર્યાયો અને ભેદો જણાવે છે. ૧ પ્રત્યાખ્યાન, ૨ નિયમ; અને ૩ ચરિત્ર ધર્મ આ ત્રણ શબ્દો-વાચક-પર્યાયવાચક શબ્દો છે. સાવદ્ય યોગની ચાલુ પ્રવૃત્તિથી પ્રતિકૂલપણે અને શાસ્ત્રવિહિત મર્યાદાએ વર્તવારૂપ અભિગ્રહ વિશેષ તેનું નામ ૧ પ્રત્યાખ્યાન, શાસ્ત્રમાં કથન કરેલાં પદાર્થોના ત્યાગરૂપ નિયમવિશેષને ૨ નિયમ, અને સકલ કર્મના ક્ષય રૂપ મોક્ષ પ્રતિ સાવદ્યના ત્યાગ રૂપ અને નિરવદ્યના સેવનરૂપ આચરણતા વિશેષ તેને ૩ ચરિત્ર ધર્મ કહે છે. ધર્મ બે પ્રકારનો છે એક શ્રુતધર્મ, અને બીજો ચરિત્ર ધર્મ, ચાલુ પદ્યના પૂર્વાર્દ્ધમાં 'चरित्त धम्मो' કહેવાથી અત્ર શ્રુત ધર્મનો પ્રાસંગિક વ્યવચ્છેદ થયેલો છે. ઉપર જણાવેલા ત્રણ પર્યાયવાચક શબ્દોનો ભાવાર્થ રહસ્ય એકજ છે, કારણ કે સાવદ્ય યોગની નિવૃત્તિને કથન કરનાર હોવાથી પરમાર્થથી રહસ્યમાં ભેદજ નથી. પર્યાયોના શબ્દાર્થ અને ભાવાર્થ જણાવીને, હવે પ્રત્યાખ્યાનના ભેદો જણાવે છે. ચારિત્ર કલ્પવૃક્ષના મૂળીઆંની જેમ મૂળ ગુણ વર્તે અને તેજ વૃક્ષના શાખાદિ (ડાળાંડાળી વિગેરે)

ની જેમ ઉત્તર ગુણ વ્રતાદિ વિષયભૂત એવું આ પ્રત્યાખ્યાન નિર્યુક્તિ આદિ શાસ્ત્રોમાં બહુ પ્રકારે વર્ણવ્યું છે. સર્વ વિરતિ ધર્મની અપેક્ષાએ મૂલગુણ રૂપ સર્વથી મહાવ્રતો, અને દેશથી અણુવ્રતો સમજવાં. ઉત્તર ગુણમાં મહાવ્રત-ધારિયોને પિંડ વિશુદ્ધિ આદિ અને દેશવિરતિધરોને દેશથી દિગ્વ્રતો વિગેરે જાણવાં. અથવા ભાવિકાળ વિષયક નમસ્કાર સહિતાદિ દશ પ્રકારના પ્રત્યાખ્યાન, અને આગમ પ્રસિદ્ધ અભિગ્રહાદિને ઉત્તરગુણ રૂપ ચારિત્રમાં લેઇ શકાય છે; આથીજ બહુ પ્રકારનું આ પ્રત્યાખ્યાન વર્ણન કરેલું છે. ગાથા-૨.

અદ્ધારૂપ-નવકારાદિનું સ્વરૂપ.

તે પ્રત્યાખ્યાન અનેક પ્રકારનું હોવા છતાં, કથન કરવાના અવસરમાં જે પ્રત્યાખ્યાન કહેવા યોગ્યપણે પ્રાપ્ત થયું છે, તેજ વિવક્ષિત પ્રત્યાખ્યાનના વાસ્તવિક સ્વરૂપને જાણકાર શાસ્ત્રકાર અવસર ઉચિત પ્રત્યાખ્યાનને જણાવે છે. આ પ્રત્યાખ્યાન પ્રકરણમાં નવકારાદિ પ્રત્યાખ્યાનનું વિશેષપણે પ્રતિપાદન કરતાં જણાવે છે કે આ નવકારાદિ પ્રત્યાખ્યાન નિયમિત કાલરૂપ છે. એટલે તે પ્રત્યાખ્યાન માટે નિયમિત કરેલ કાલનું પરિણામ તેની સાથે સંબંધ રાખતું હોવાથી નિયમિત કરેલ પરિણામભૂત-કાલથી અભિન્નપણે વિવક્ષિત થયેલું છે. નમસ્કાર સહિત દશ પ્રકારે પ્રત્યાખ્યાન છે. ૧ નવકારસી, ૨ પોરિસી, ૩ પુરિમઢ્ઢ, ૪ એકાસણું, ૫ એકલઠાણું, ૬ આયામામ્લ (આયંબીલ), ૭ ઉપવાસ, ૮ ચરિમ (દિવસ ચરિમ, અને ભવચરિમ), ૯ અભિગ્રહ; અને ૧૦ વિગઇ (ઘી દુધ વિગેરેના ત્યાગ) આ રીતિએ દશ પ્રકારના પચ્ચખાણ કહેલાં છે.

નમસ્કાર સહિત કરાતાં નવકારશી-પોરિસી વિગેરે સર્વે પણ પ્રત્યાખ્યાનો કાલ પ્રત્યાખ્યાન નથી, એકાસણું અને આયામામલ (આયંબીલ) પણ નિયમિત કાલરૂપ પરિમાણથી કરેલ વિશેષ નામથી કહેવાતું પ્રત્યાખ્યાન છે; અને જે માટે શાસ્ત્રમાં કહેલું છે કે—અમુક સંખ્યા વિશેષ દત્તીઓથી, અમુક સંખ્યા વિશેષ કોળીઆથી, અમુક સંખ્યા વિશેષ ઘરોથી, અમુક સંખ્યા દ્રવ્યોથી જે કાંઇ ભાત-પાણીનો ત્યાગ કરે છે તે પણ પરિણામકૃત વિશેષ પ્રત્યાખ્યાન છે તો પછી અદ્ધારૂપ=કાલરૂપ નવકારાદિ પ્રત્યાખ્યાન કેમ કીધું ?

આ શંકાના સમાધાનમાં જણાવે છે કે કાલની નિયમિત મર્યાદાપૂર્વક પ્રાયઃ એકાશનાદિ પ્રત્યાખ્યાનોનો સ્વીકાર કરાય છે. અને તેથી નમસ્કારાદિ દશ પ્રકારના પ્રત્યાખ્યાનો અદ્ધારૂપપણે એટલે કાલની નિયમિત મર્યાદા પૂર્વકના છે; આથી 'अद्धारुव' કહેલું છે તે સુસંગત નિર્દોષ છે. પૂર્વે બીજી ગાથાના ઉત્તરાર્દ્ધમાં જે લેપો જણાવ્યા હતા તે બધા લેપોનો ત્યાગ કરીને નમસ્કાર સહિત કરાતી નવકારશી આદિનું વિવેચન આ ત્રીજા પદ્યના પૂર્વાર્દ્ધમાં કેમ કર્યું ?, આ શંકાના સમાધાનમાં જણાવે છે કે—આ દશે પ્રત્યાખ્યાનો દરરોજના ઉપયોગિ હોવાથી એટલે હેતુપુરસ્સરનાં હોવાથી અત્ર પ્રતિપાદન કરાય છે. પ્રતિદિન ઉપયોગિપણામાં સમર્થન કરવાનો હેતુ જણાવતાં થકાં કહે કે—'आहारगोयरं' અશનાદિ ચારે આહારનો વિષય હોવાથી અને પ્રાયઃ આહાર=પ્રતિદિન ઉપયોગિ હોવાથી નવકારાદિ દશવિધ પ્રત્યાખ્યાન અત્ર લીધાં છે. આ દશવિધ પ્રત્યાખ્યાનો શું સાધુઓને ઉપયોગી છે ?, તો કહે છે કે— નહિંજ,

સાધુઓને અને ગૃહસ્થોને એટલે બંન્નેને આ દશવિધ પ્રત્યાખ્યાનોનું સેવન સાધારણ છે. આ કથનથી જેઓના મનમાં શ્રાવકોને નમસ્કાર સહિત કરાતી નવકારશી આદિ પચ્ચખાણ સ્વીકારાતાં નથી, તેઓ ના મત માટે ઉપર જણાવેલી-પૂર્વ-સંગતિ દેખાડી છે, તેથી તેઓના મતનું અત્ર નિરસન કર્યું. આ પદ્યના ઉત્તરાર્દ્ધમાં 'मणिमो इमं चेव' આ પદો દ્વારાએ પૂર્વ ગાથામાં જણાવેલ પ્રત્યાખ્યાનને અત્ર કહીશું, એટલે પ્રત્યાખ્યાન સિવાયના પદાર્થનો વ્યવચ્છેદ કરવાને માટે एवकार જણાવેલો છે. ગાથા. ૩.

પ્રત્યાખ્યાનના આઠ દ્વારો.

હવે પ્રત્યાખ્યાનનો વિધિ પ્રતિપાદન કરવાની ઇચ્છાવાળા શાસ્ત્રકાર તે પ્રત્યાખ્યાનના દ્વારો જણાવે છે. આ પ્રત્યાખ્યાનના આઠ દ્વારો છે. પ્રથમ ગ્રહણ દ્વાર એટલે પ્રત્યાખ્યાન અંગીકાર કરવાના વિષયમાં શાસ્ત્રવિહિત વિધિયુક્ત પ્રત્યાખ્યાન કેમ ગ્રહણ કરવું તે જણાવશું. ૨ આકાર દ્વાર એટલે પ્રત્યાખ્યાનોના અપવાદો અને તે અપવાદ વિષયક અપવાદ પદોને સ્પષ્ટીકરણ કરવા પૂર્વક જણાવશું. ૩ સામાયિક દ્વાર એટલે સાયિકનું પ્રત્યાખ્યાન હોવા છતાં પણ સામાયિક સ્વીકારવા લાયકજ છે, તે સંબંધિનું વિધિ-વિધાનાદિ કથન કરવાનું અત્ર જણાવશું. ૪ વિધિ સમાયુક્ત નામના દ્વારમાં ગ્રહણાદિ વિષયક જે જે વિધિ-વિધાન તેનું નિરૂપણ કરવામાં આવશે. ૫ ભેદ દ્વારમાં અશનાદિ વિષયક-આહારાદિ ભેદોના પ્રકારાદિ જણાવવામાં આવશે. ૬ ભોગદ્વારમાં પ્રત્યાખ્યાન વિષયક આહારાદિનું (ભોજન કરવા અવસરનું) વિધિ-વિધાનાદિ જણાવવામાં આવશે. ૭ સ્વયંપાલન નામના દ્વારમાં પ્રત્યાખ્યાન કરનારને ગ્રહણાદિ વિધિ વિધાનનું પુનઃ પુનઃ સેવન કેમ કરવું તે સંબંધમાં કથન કરવામાં આવશે. ૮ અનુબંધભાવ નામના દ્વારમાં શાસ્ત્રવિહિત ભોજન કરીને પછી સ્વાધ્યાયાદિ (વાંચના-પૃચ્છના-પરાવર્તનાદિ પાંચ પ્રકારના સ્વાધ્યાયાદિ) શુભ વ્યાપાર કરવા પ્રત્યેનો રાગ હોવાથી અથવા સ્વાધ્યાયાદિ શુભ વ્યાપારના અવિહડ રંગરાગથી પ્રત્યાખ્યાન વિષયક પરિણામનો વિચ્છેદ થતો નથી. (પ્રત્યાખ્યાન વિષયક પરિણામની પુનીત પરંપરા ચાલુજ રહે છે). આ ઉપરથી વૃત્તિકાર સ્પષ્ટ કરે છે કે આહારાદિનો ત્યાગ કરવાથી સ્વાધ્યાયાદિનો નિર્વાહ ન થતો હોય તો આહારાદિકનું સેવન કરીને પણ તે સ્વાધ્યાયાદિજ કરે છે; અને જ્યારે ભોજન કર્યા પછી પણ સ્વાધ્યાયાદિ કરવાની પુનીત પરંપરાને સાચવે છે, ત્યારે પ્રત્યાખ્યાન વિષયક પરિણામની પરંપરા અસ્ખલિતપણે જણાય છે. તેથી ઉપરના કથનને અનુબંધની વિદ્યમાનતા કહેવાય છે, અને આ અનુબંધની સત્તા અથવા આ અનુબંધ ભાવ શાસ્ત્રવિહિત વિધિ વિધાન યુક્તજ છે; આ રીતિએ ગ્રહણાદિ આઠ દ્વારોનું સંક્ષેપથી નિરૂપણ કર્યું. ગાથા. ૪,

ગ્રહણ વિધિનું સ્વરૂપ.

પૂર્વે જણાવેલી ચોથી ગાથાને સંક્ષેપથી વ્યાખ્યાન કરવાની ઇચ્છાવાળા શાસ્ત્રકાર આ પાંચમી ગાથા દ્વારાએ પ્રથમ ગ્રહણ દ્વાર વિષયક ગ્રહણ-વિધિનું પ્રતિપાદન કરે છે. પ્રત્યાખ્યાન કરનારો સ્વયં=પોતે પ્રત્યાખ્યાન ગ્રહણ કરે છે, એટલે વૈકાલિપક માત્રથી વિચારીએ તો આત્મ સાક્ષિએ પ્રત્યાખ્યાન સ્વીકારે છે, અને ચૈત્ય સમક્ષ અથવા સ્થાપનાચાર્ય સમક્ષ પ્રત્યાખ્યાન ગ્રહણ કરે છે. કયારે ગ્રહણ કરે

છે?, એ પ્રશ્નના સમાધાનમાં જણાવે છે કે ભાવિકાળમાં થનારી પોરિસી-સાર્દ્ધપોરિસિ ઇત્યાદિકાલને અનુલક્ષીને તે પ્રત્યાખ્યાન ગ્રહણ કરે છે; એટલે પ્રત્યાખ્યાનના અવસરનું ઉલ્લંઘન કર્યા વગર પ્રત્યાખ્યાન ગ્રહણ કરે છે. કારણ કે પ્રત્યાખ્યાનનો વિષય અનાગતકાલ= ભાવિકાલનો છે. અતીતકાળ એટલે ભૂત કાલમાં જે કાંઈ પાપાદિ કર્યું હોય તેનું નિન્દન ગ્રહણ કરવાનું કહેલ છે, અને વર્તમાનકાલ વિષયક કરેલ પાપાદિનું સંવરણ કરવાનું કહેલ છે; અને ભવિષ્યકાલ માટે તો પ્રત્યાખ્યાનાદિ કરીને પાપથી વિરામ પામવાનું જૈન શાસનમાં સુનિશ્ચિત છે. જેથી કહ્યું છે કે 'अइयं निन्दामि पडुप्पन्नं संवरेमि०' ઇત્યાદિ પદોદ્વારા ત્રણ કાલમાં પાપોથી બચવા માટે ઉપરનું રહસ્ય હંમેશાં ધ્યાનમાં રાખવું. ગ્રહણ કરનારે વિનયપૂર્વક ગ્રહણ કરવું એટલે જેની પાસેથી પ્રત્યાખ્યાન (પચ્ચખાણ) ગ્રહણ કરવું હોય તેમને વન્દન કરીને પ્રત્યાખ્યાન લેવું, કારણ કે પ્રત્યાખ્યાનની શુદ્ધિ વિનયાદિના સેવનથી દેખાડેલી છે. જે માટે શાસ્ત્રમાં કહેલું છે કે—"किइकम्मस्स०" ઇત્યાદિ પદો દ્વારા શાસ્ત્રમાં કથન કરેલ વિધિ વિધાનને અનુસરીને ઓછું પણ નહિં અને અધિક પણ નહિં એવી રીતે વન્દન કરનારો વન્દનની વિશુદ્ધિને પામે છે, અને વન્દના વિષયક ત્રણ કરણમાં (મન-વચન-કાયારૂપ ત્રણ કરણમાં) ઉપયોગવાળો હોય તેને વિનયથી શુદ્ધ કહેલો છે એમ જાણવું તથા "सम्ममुवउत्तो" વન્દના કરનારો રાગ-દ્વેષાદિના અભાવવાળો હોય, અને રાગદ્વેષના અભાવવાળાને ભાવશુદ્ધિ કહેલી છે આ જ વાતને સ્પષ્ટ કરતાં વૃત્તિકાર—"रागेण व दोसेण व०" ઇત્યાદિ પદોદ્વારા ભાવશુદ્ધિ જણાવે છે. આ પદ્યનો ભાવાર્થ આ પ્રમાણે છે—જે આત્મા રાગ-દ્વેષના પરિણામથી અનુક્રમે રંગાઇ જતો નથી અને દૂષિત થતો નથી; એટલે જે આત્મા રાગ-દ્વેષથી કદર્થિત થતો નથી તેનું જ પચ્ચખાણ ભાવવિશુદ્ધ છે, એમ જાણવા લાયક છે. પ્રત્યાખ્યાન કરનારો પ્રત્યાખ્યાનના વિષયમાં ઉપયોગવાળો હોય તો જ ભાવ પચ્ચખાણ થાય છે, નહિંતર ઉપયોગ રહિત અવસ્થામાં થયેલ પચ્ચખાણ દ્રવ્ય પચ્ચખાણ થાય છે. પ્રત્યાખ્યાન-ગ્રહણ કરનારો પૂર્વાર્દ્ધના સર્વે પદોના પરમાર્થને લક્ષ્યમાં રાખીને તે વિધિ-વિધાનને અનુસરનારો હોય, છતાં ઉત્તરાર્દ્ધમાં જણાવેલા પદો પ્રત્યે બેદરકાર ન હોવો જોઇએ. તેથી 'अणुभासंतो' ઇત્યાદિ પદો જણાવે છે. ગુરૂ મહારાજ પ્રત્યાખ્યાન વિષયક જે સૂત્રોચ્ચાર કરતાં હોય તેનો અનુવાદ કરતો હોય, એટલે પચ્ચખાણ લેનારે પ્રત્યાખ્યાન વિષયક સૂત્રાર્થને હૃદયમાં પરિણમાવીને હૃદયમાં તે તે સૂત્રસ્થિત-પદોનું ઉચ્ચારણ કરવું તેને અનુભાષણ શુદ્ધિ કહેલી છે. આજ વાતને અન્ય સ્થળે પણ જણાવેલ છે—"अणुभासइ गुरुवयणं ઇત્યાદિ પદો દ્વારા અનુભાષણ શુદ્ધિ જણાવેલ છે. આ પદ્યનો પરમાર્થ આ પ્રમાણે છે.-પ્રત્યાખ્યાન વિષયક ઉચ્ચાર કરાતાં સૂત્રોના પદ, પદસ્થિત, અક્ષરો. એટલે સ્વર-વ્યંજનોથી પરિશુદ્ધ થયેલ ગુરૂ વચનનો અનુવાદ પચ્ચખાણ કરવાવાળો કરે છે, એટલે ગુરૂ મહારાજે ઉચ્ચારેલાં પદોનું અનુભાષણ પ્રત્યાખ્યાન કરવાવાળો કરે છે; અને ઉચ્ચારણ કરવાના અવસરમાં બે હાથની અંજલી જોડીને સન્મુખ થયેલો હોય તેની શુદ્ધ અનુભાષણા છે એમ જાણવું. અનુભાષણમાં ગુરૂ અને શિષ્યાદિને કથન કરવામાં આટલો ભેદ છે તે જણાવે છે. (ચાલુ)

[૯૦ મા પેજથી ચાલુ]

શું મારો છોકરો નોકરીએ પણ લાગી ગયો ? અને શું નામના પણ મેળવી છે ? ચાલો, ચાલો, મને જલ્દી બતાવો એ હમણાં કયાં છે ?" ત્વરા કરતાં કુંભારે કહ્યું.

એક મૂર્ખ છોકરાના બરડામાં એક સોટી ફટકારતા માવજીભાઈ બોલ્યા—"તમને તમારો છોકરો બતાવવામાં મને કાંઇ વાંધો નથી. પણ એક વાત ધ્યાનમાં રાખવાની છે કે, તમારો છોકરો હવે પહેલાની જેમ ગધેડો નથી રહ્યો. એ તો એક અવલ કારકુન કાનજી-ભાઇ તરિકે પ્રખ્યાત બન્યો છે. એટલે તમને પહેલ વ્હેલા ઓળખશે પણ નહિ. અને કદાચ ઓળખે તો પણ તમારો મેલો ઘેલો વેષ જોઇ, એ શરમનો માર્યો તમને બોલાવશે પણ નહિ. માટે હું તમને એક યુક્તિ બતાવું એ ધ્યાનમાં રાખો. કાનજી મારે ત્યાં હતો ત્યારે એને મુંબઈનો હલવો ખાવાની ટેવ પડી હતી. એ હલવો જુએ એટલે ગાંડો ગાંડો બની જાય, અને એ લેવા તુરત દોડી આવે..

તમારે પણ બજારમાંથી એક મુંબઈના હલવાની પેટી લઈ લેવા. એ પેટી લઈ મારી સાથે ચાલવું અને હું બતાવું ત્યાં ઉભા રહી, કાનજીને હલવાની પેટી દેખાડશો એટલે એ વગર કીધે તુરતજ દોડી આવશે. તમારી નજીક આવે એટલે એના ગળામાં આ દોરડું નાંખી, જેમ ગધેડાને ખેંચી જાઓ તેમ કાનજીને પણ તમારે ગામ ખેંચી જજો. હા, એક વાત કહેવાની રહી ગઇ. તે એ કે, તમે દોરડું ગળામાં નાંખીને ખેંચશો એટલે તમને કદાચ એ લાતો પણ મારશે, બટકું પણ ભરશે અને બાથંબાથી પણ કરશે માટે જરા સાવધાન બની એનીસાથે કામ લેજો. ખૂમરાણ સાંભળ્યા વગર ધરડીને ઘેર લઈ જશો તો જ પતો ખાશે. હવે, ચાલો હું તમારી સાથે આવું. બજારમાં મુંબઇના હલવાની એક નાની પેટી ખરીદી લઇએ-પછી કોર્ટે જઇએ."

રામુ ને માવજીભાઇ બન્ને રસ્તા પર ચાલ્યા જતા હતા. માવજીભાઇને મન આનન્દ માતો નહોતો. લાંચ-રૂશ્વત ખાઇને માતેલા કાનજીભાઇનો ઘાટ આજેજ ઘડાવવાનો હતો. માણસને જીવનમાં એવી પળો બહુજ થોડી મળે છે—કે જ્યારે એ પોતાની ધારેલી ધારણા સફળ કરવા ભાગ્યશાળી થાય અને એમાં પણ પોતાની સાત્વિક મહત્વાકાંક્ષા પૂર્ણ થતી હોય તો. એનાથી ધન્ય જીવન બીજુ કયું હોઈ શકે ?

હલવાની પેટી લેઈ બન્ને જણ કચેરીના ખૂણામાં ઉભા રહ્યા. છેટેથી બતાવતાં માવજીભાઇએ કહ્યું—"જુઓ, રામુભાઈ ! પેલો ખાદીની ટોપીવાળો ખુરશી પર બેઠેલો માણસ એજ તમારો છોકરો. અહિ ઉભા રહી આ હલવાની પેટી બતાવ્યા કરજો. ને ઇશારો કર્યા કરજો. પેટી જોશે એટલે એની મેળે એ દોડી આવશે. પાસે આવે એટલે મેં કહ્યા પ્રમાણે ખેંચી જજો."


માવજીભાઈના કહ્યા પ્રમાણે રામુ તો વારંવાર પેટી બતાવતો જાય અને ઈશારાઓ કરતો જાય. એ ભોળીયા, ગામડીયાને કયાંથી ખબર હોય કે—આ યુક્તિના પડદા પાછળ એક અજબ નાટક ભજવાઇ રહ્યું છે. અને પોતે એ નાટકો મુખ્ય નટ તરિકે કામ કરી રહ્યો છે. આ વિચિત્ર દુનિયામાં આવાં કેટલાં નાટક રોજ નહિ ભજવાતાં હોય ? ભોળાઓ માટે હવે આ દુનિયા રહી નથી!

કાનજીભાઇને તો લાંચ ખાવાની ટેવ પડી હતી. એનો તો એ ધંધોજ હતો. તેથી એની ચકોર નજર કચેરીમાં ફરતા માણસોને ઝડપવાનું કામજ કરતી હતી. જેવો માણસ તેવો તમાચો ! એવામાં ખૂણામાં ઉભેલો રામુ એની નજરથી ઝડપાઇ ગયો. રામુના ઈશારાથી એ સમજી ગયો કે વાત કોઈક મુદ્દાની છે. કહેનીના ખીસામાં હાથ નાંખી, હસતા હસતા કાનજીભાઇ રામુની પાસે જઇ ઉભા રહ્યા. કુંભાર તો વાટજ જોતો હતો. લાગ જોઈ એણે તો દોરડું ગળામાં નાંખી ખેંચવાજ માંડયું. કાનજીને થયું કે આ વળી શી બલા ?

જેની સામે કોઇ નજર પણ ન ઠેરવી શકે એવા પ્રભાવશાળી અવલ કારકુનને આમ ગધેડાની જેમ દોરડે બાંધી ખેંચાતો જોઈ, કચેરીના માણસો તો

[વધુ માટે જુઓ ગાઈડલ પેજ ૨ જો]

સુધા-વર્ષા.



લેખક:—સુધાવર્ષી-પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

૬૭૧. રક્ષક કોણ ? અને ભક્ષક કોણ ?; એ બંન્નેના વાસ્તવિક-ભેદને જંગલના મૃગલાંઓ સમજી શકતાં નથી, તેવીજ રીતે જો માનવ જીવન જીવનારાઓ રક્ષક-ભક્ષકના વાસ્તવિક ફરકને જીંદગીના અંત સુધી ન સમજી શકે તો સમજવું કે મનુષ્ય જીવન એળે ગુમાવાય છે.

૬૭૨. સંસારમાં રહીને ધર્મની દલાલી કરનારા પુણ્યશાલિઓએ શ્રીકૃષ્ણ-મહારાજાનો રાણી-દાસી બનાવવાનો પ્રસંગ વિચારણીય છે.

૬૭૩. શુકલ પક્ષની દ્વિતીયાનો શશી જેમ પૂર્ણભાવને પામે છે, તેવી રીતે સર્વસ્વ-સમર્પણ કરવાની વાસ્તવિક ક્રિયાના મર્મને સમજનાર-સત્ત્વશાલિઓ દેવ-ગુરૂ-ધર્મ પ્રત્યેના પારમાર્થિક-પ્રેમને પૂર્ણભાવમાં પરિણમાવીને ઇષ્ટભાવની સિદ્ધિ કરે છે.

૬૭૪. દેવ-ગુરૂ-ધર્મ પ્રત્યે સર્વસ્વ સમર્પણની મર્યાદા સર્વદા અસ્ખલિતપણે વ્યવસ્થિત બને છે, ત્યારેજ સેવક ભાવને પામેલા સેવકો સેવ્યભાવને સ્પર્શે છે એ ભૂલવા જેવું નથી.

૬૭૫. એક તરફનું શ્રવણ કરીને ન્યાય ચુકવનારાઓ મૂર્ખ શિરોમણિ છે.

૬૭૬. વાદી-પ્રતિવાદિને સાંભળ્યા છતાં ઉભય પક્ષના સાક્ષિઓને તપાસ્યા છતાં બન્ને પક્ષના પ્રસંગોનો સમન્વય કર્યા છતાં, અને આજુબાજુના અનેક પ્રસંગોનું અવલોકન કર્યા છતાં પણ ન્યાયાધીશો ન્યાય ચુકવવામાં અનેક વખત ભૂલો કરે છે, એ સત્ય ને સમજ્યા છતાં જેઓ નિર્ણય બાંધવામાં; અને બોલવામાં ઉતાવળ કરે છે તેઓ પોતાની મૂર્ખાઇનું વાસ્તવિક પ્રદર્શન કરાવે છે.

[ટાઇટલ ૧ લા પેજથી ચાલુ

વિશ્વભરના સઘળા પ્રાણિગણનો આશીર્વાદ મેળવવો હોય તો આ વિનયગુણને બૂબ બૂબ ખીલવવાની જરૂર છે. આ ગુણની વાસ્તવિકતાથી વાસિત થયેલો પુણ્યાત્મા સ્વ-પર હિત સાધવા ઉજમાળ થાય છે, અને આ ગુણ અવગુણ રૂપે પરિણમે છે ત્યારે તે સ્વ-પરહિત વિઘાતક બનીને ભયંકર પરિણામ નિપજાવવા કટીબદ્ધ થાય છે. આથી એ સ્પષ્ટ છે કે આઠ મદોની અકળાવનારી આંધીમાંથી નીકળીને માનના મર્દનપૂર્વક વૃદ્ધિ પામતા વિનયધર્મથી વાસિત થનારા ઓએ આ શાસનમાં સ્વ-પર હિત સાધ્યું છે, અને સાધશે, પરંતુ આ ગુણના ઓઠા નીચે મેલી મુરાદોને પાર પાડવા માટે જેઓ આકાશ પાતાળ એક કરે છે, પુણ્ય-પાપને સમાન સમજે છે, અને દુનિયાને આંજવાનો દંભી ડોળ કરે છે, તેઓએ દુનિયાના આશીર્વાદને બદલે ધિક્કારજ પ્રાપ્ત કર્યો છે એ ભૂલવા જેવું નથી; માટે આશીર્વાદ મેળવીને માનવ જીવનને સફળ કરવું.

મુદ્રક:—મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશક:—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ

શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિન ૩૮૨૦૦૯

શ્રી સિદ્ધચક્ર.

ॐ नमः सिद्धचक्राय, शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ આ૦ બો૦ મઙ્ગલમ્ ॥

ભાવાર્થ:—શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ, અને સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે. —આ. બો.

સુવિવેકશીલ—આત્માને

આલેખનકાર:—સુધાવર્ષી-પૂ પંન્યાસપ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

અંત:કરણને વિશુદ્ધ કરનારી વીતરાગની વાણી છે, અને તે વાણી શાસન. સંચાલક-સદ્‌ગુરૂવર્યોને આધીન છે; માટે અનાદિ અનંતકાળથી પરિભ્રમણ કરનારા આ મલીન-આત્માએ વધુને વધુ શુદ્ધ-શુદ્ધતર-શુદ્ધતમ જીવન જીવવા માટે સદ્‌ગુરૂનો સમાગમ, અને તેઓશ્રીના વચનની આરાધના માટે સર્વસ્વ સમર્પણ કરીને તે તે વીતરાગ કથિત વચનોમાં તન્મય થવું સર્વદા-સર્વત્ર જરૂરીનું છે. મલીન થયેલાં કપડાંને નિર્મળ બનાવવા માટે બધાં સામગ્રી-સાધન સંયોગો પ્રાપ્ત થયાં છતાં પાણીનો અનિવાર્ય જરૂર છે, તેમ મલીન આત્માને નિર્મળ બનાવવા માટે બધાં સંયોગો મળ્યા છતાં વીતરાગની વાણીની પણ અનિવાર્ય જરૂર છે.

સુતરના દોરીની ગુંચાઈ ગયેલી ગુંચો, રેશમના દોરાની ગુંચાઇ ગયેલી ગુંચો, અન તેલના બિંદુઓથી ભિંજાયેલ-રેશમના દોરાની ગુંચો ઉકેલવી એ અનુક્રમે સહેલી અને મુશ્કેલ પણ છે; પરંતુ પૂર્વગ્રહ-પાશથી અગર નવીન-સંયોગ-સાધન સામગ્રીઓથી આંતરિક-અભેદ્યગૂઢ-ગ્રન્થિઓના ગુંચળા વળી જાય છે

[વધુ માટે જુવો ટાઇટલ પેજ ૩ જો.]

વી. સં. ૨૪૭૫
વિ. સં. ૨૦૦૫
વર્ષ ૧૫-અંક-૬

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખ મેમણ સ્ટ્રીટ—મુંબઇ.

વાર્ષિક લવાજમ
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના
રૂ. ૦—૪—૬

[ટાઇટલ ૪ થા પેજથી ચાલુ]

૬૮૫. મહાત્માઓ પ્રતિ થયેલા અપરાધોની વિશુદ્ધિ માટે હાર્દિક અંતઃકરણપૂર્વક નમી જવું એ અમોઘ પ્રતિક્રમણ છે.

૬૮૬. ઉત્તમ જીવો સંપત્તિકાલમાં અને આપત્તિકાલમાં એક સરખા સ્વભાવવાળાં જણાય છે.

૬૮૭. ઉત્તમ જીવો અંગીકાર કરેલા કાર્યને સ્વાભાવિક રીતિએ જીવન પર્યંત નિભાવે છે, અને આપત્તિકાલ આવે તો મૃત્યુને સ્વીકારે છે, પરંતુ ઉન્માર્ગમાં લવલેશ કદમ ભરવાનો વિચાર સરખોએ કરતાજ નથી.

૬૮૮. પરોપકાર–પરાયણ-પુણ્યાત્માઓ પરોપકાર કરવાની ખુનીત તાલાવેલીમાં તલ્લીન બનેલા હોય છે, અને તે પરોપકારાશ્રિત જીવન જીવનારાઓ તે પરોપકારને પ્રાણાંતે વિસરવાજ નહિં તેની તાલાવેલીમાં તલ્લીન બનેલા હોય છે; આથીજ પૃથ્વીને ધારણ કરનારા આ બેજ પુણ્યાત્માઓ છે– "उवयारे जस्स मई, उवयार जो न विस्सरइ"

૬૮૯. જેણે દુઃખ પ્રાપ્ત થયું નથી, જેણે પ્રાપ્ત થયેલા દુઃખના ડુંગરાઓમાંથી પસાર થતાં આવડતું નથી, અને જેણે બીજાના દુઃખો દેખીને વાસ્તવિક દુઃખ અનુભવાતું નથી, આવા આત્માઓ પાસે દુઃખી–આત્માએ દુઃખને કહેવું તે અરણ્ય–રૂદન જેવું છે.

૬૯૦. જેણે દુઃખ પ્રાપ્ત કર્યું છે, જેણે પ્રાપ્ત થયેલા દુઃખોને દૂર કરવા અનેકવિધ ઉપાયોથી વીર્ય ફોરવ્યું છે, અને જેણે બીજાના દુઃખો દેખીને હૃદય વાસ્તવિક રીતિએ દયાર્દ્ર બનીને દુઃખને અનુભવ્યું છે; તેવા આત્માઓ પાસે વિનીત ભાવે દુઃખને કહી દેવું એ દુઃખના ભારમાંથી મુક્ત થવાનો અમોઘ રાજમાર્ગ છે.

૬૯૧. કમઠાંની ગાંઠ, સુતરના દોરાની ગાંઠ, રેશમના દોરાની ગાંઠ, અને તેલથી ભીંજાયેલ રેશમના દોરાની ગાંઠ છોડવી તે અનુક્રમે કંઇક સરળ અને કઠીન અનુભવાય, પરંતુ અંતઃકરણમાં અદ્રશ્યપણે રહેલી અનેકવિધ આંટીગુંટીઓથી ગુંચાયેલી ગૂઢ–ગાંઠ છોડવી એ અતિ કઠિન મુશ્કેલ વિષય છે.

૬૯૨. અંતઃકરણમાં અદ્રશ્ય ગૂઢ બનેલી ગાંઠોને છોડયા વગર માનસિક બોજો ઓછોજ થતો નથી, માટેજ સદ્‌ગુરૂ વર્યોની સાન્નિધ્યમાં સદાગમની સેવના નિરંતર કરીને ગૂઢ ગાંઠોને છોડતાં શીખો.

૬૯૩. અંતઃકરણમાં અદ્રશ્ય ગૂઢ બનેલી ગાંઠ છોડવાને બદલે વધુ ગૂઢ ગહન અને ગુંચવણ ભરેલી બને છે તેમાં વાસ્તવિક કારણ માયાનું સામ્રાજ્ય છે.

૬૯૪. વિચાર ધર્મનું માપ કાઢવા માટે દરેક આત્માએ આસ્તિકયાદિ–પાંચ લક્ષણોનું બારીકાઇથી અવલોકન કરવું જરૂરીનું છે.

૬૯૫. સર્વજ્ઞ–કથિત–સિદ્ધાંતો પર અસ્ખલિત–અતૂટ શ્રદ્ધાના દૃઢ રંગથી જે આત્માઓ રંગાયા નથી, તેઓ આસ્તિક્ય રૂપ વિચાર ધર્મની પ્રથમ–ભૂમિકાને સ્પર્શ્યાજ નથી.

[વધુ માટે જુવો ટાઈટલ પેજ ૩ જો.]

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૫. | ફાગણ-માસ. | તંત્રીઃ
અંક-૬ ઠો. | તા. ૧૭-૩-૪૯. | પાનાચંદ રૂપચંદ ઝવેરી

આગમોદ્ધારકની અમોઘ-દેશના.

[નોંધઃ—વિ. સં. ૧૯૯૦ ના ચાતુર્માસમાં પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ-આગમોદ્ધારક- શ્રીઆનંદસાગરસૂરીશ્વરજીએ શ્રી ધર્મરત્ન-પ્રકરણ ઉપર અમોઘદેશના આપી હતી, અને તેનો સારભૂત સંચય કરતાં પૂ. પં. શ્રીહેમસાગરજી પાસેથી તે (સંચય) મેળવીને, પૂ. પંન્યાસ-પ્રવરશ્રીચન્દ્રસાગરજી-ગણિવર્ય પાસે પેરાગ્રાફાદિ સુધારા વધારા સાથે તૈયાર કરાવીને અત્ર અપાય છે; છતાં પૂ. દેશનાકારના આશય વિરુદ્ધ કોઈપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની અત્ર અમે ક્ષમા યાચીએ છીએ. લિ૦ તન્ત્રી.]

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. ધર્મ પ્રાપ્તિમાં યોગ્યતાદિ સામગ્રી રૂપ ૨૧ ગુણો છે.

૨. ઉપાદાન-કારણ અને સાધન-સામગ્રી-સંયોગો એ જુદી ચીજ છે.

૩. અનાજ ઉત્પત્તિમાં બીજ ઉપાદાન કારણ છે, તેવી રીતે ધર્મ પ્રાપ્તિમાં બીજની સ્પષ્ટ વ્યાખ્યા.

૪. મોક્ષ માર્ગના દેશક અને ભવ-માર્ગના નિષેધક ગુરૂ.

૫. ચતુર્વિધ—સંઘ મોક્ષ—માર્ગને અનુકૂળ ઉપદેશ ઇચ્છે છે તે વક્તાએ સર્વદા ધ્યાનમાં રાખવું.

૬. દીપક સમ્યકત્વને અનુસરનારો અભવ્ય કે મિથ્યાદૃષ્ટિ પણ મોક્ષને અનુકૂળ ઉપદેશ દે છે.

૭. સંસાર-પોષક ઉપદેશ દેનારાઓ અભવ્ય-મિથ્યાદ્રષ્ટિથી પણ અધમ દશામાં છે.

૮. દીપક, રોચક અને કારક એ સમ્યકત્વના ત્રણ ભેદની વ્યાખ્યા.

૯. ભવ-નિષેધક અને મોક્ષમાર્ગ સહાયક મંડળ એનું નામ ચતુર્વિધ સંઘ.

મોક્ષમાર્ગના દેશક ગુરૂ.

શાસ્ત્રકાર મહારાજ શ્રીમાન્ શાંતિચંદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે ધર્મરત્ન પ્રકરણ કરતાં થકાં, પ્રથમ ધર્મરત્નની લાયકાત મેળવવા માટે મનુષ્યે શું મેળવવું જોઈએ?, તે જણાવવાને, અને ૨૧ ગુણ અને તેનું સ્વરૂપ, તથા તે ઉપર કયા સાંભળી ભવ્યોએ પોતાને કેવી રીતે વર્તવું તે સમગ્ર અધિકાર આમળ જણાવી ગયા. તે ૨૧ ગુણ ખેતર ખેડવા માફક, રક્ષણ કરવા માફક બધી સામગ્રીઓ છે, પણ બધી વસ્તુ એ નથી. મેં ખેતી કરી છે, એમ ધારી નિશ્ચે

એસે, વાડ કરી છે, વરસાદ વરસ્યો છે; એમ ધારી બેસી જાય તો પરિણામ શું આવે? તેમ ૨૧ ગુણ આવેલા ધારી બેસી રહે તો તે ધર્મ રત્નને લાયક ગુણ મેળવ્યા છતાં ધર્મરત્ન મેળવી શકે નહિં. ૨૧ ગુણ ઉપાદન તરીકે નથી, પરંતુ સામગ્રી તરીકે છે. અનાજ ઉત્પત્તિમાં બેડવું, વાડ કરવી, રક્ષણ કરવું, વરસાદ આવવો; તે બધી સામગ્રી છે. મુખ્ય ભાગ બીજ ભજવે છે. બીજ વગર વરસાદ આદિ બધા નકામા જાય છે, તેમ અહીં પણ ધર્મરત્નનું બીજ ન હોય તો ૨૧ ગુણ ખેતી માફક, રક્ષણના પ્રયત્નની માફક, વગર વાવેલાને વરસાદની માફક ફળ દઈ શકે નહિં. વરસાદ તરીકે કોણ?, તે માટે શ્રવણ ભૂમિકા એટલે ગુરૂનો જોગ મળવાથી ગુરૂનો સ્વભાવ માત્ર મોક્ષનોજ ઉપદેશ કરવો. જૈન શાસનમાં એવી સામાન્ય મર્યાદા બંધાએલી છે કે મોક્ષ સિવાયનો ઉપદેશ આપે તો ગુરૂ નહિં. દુનીયાની પંચાતમાં પરોવાય તેવાને ગુરૂ માનતા જૈન શાસન શીખ્યું નથી. ચાહે બાળક, જુવાન, વૃદ્ધ, બી કે પુરૂષ હોય તો પણ ગળથુથીમાં શિખામણ મળેલી છે કે ગુરૂ એટલે મોક્ષમાર્ગના દેશક. મોક્ષ સિવાયની વાત હોય તેવી વાતો કરે તે આપણા ગુરૂ નહિં. આ વાત કેટલી મજબુત હશે કે જૈન શાસનમાં સમકીતિ હોય કે ન હોય, ચાહે ધર્મ સમજનારો હોય ન સમજનારો હોય; પરંતુ આબાળ અંગના સુધી આ વાત દ્રઢ થએલી છે કે મોક્ષમાર્ગના દેશક ગુરૂ.

ધર્મ લાભ એ બદલાની વસ્તુ નથી.

કોઇપણ સાધુ ચાહે તે પોતે મોક્ષનો અર્થી હો કે ન હો, યાવત્ મોક્ષ માનનારો હોય કે ન હોય તો પણ તેને માટે 'वुन्दं हि राजकं' ગણ-સમુદાય-ગણી પણું બળવાન હોય છે. વકતા બળવાન નહિં, ઉપદેશ બળવાન નહિં, પણ સમુદાયજ બળવાન છે. અહીં સમુદાય કોનો લીધો છે?, સમુદાય તેજ કે મોક્ષના ઉપદેશક હોય તો ગુરૂ. તે સિવાયની વાત કરે તે ગુરૂ નહિં; આવી વાત કરનારો અને તેને અનુસરનારો સમુદાય. મોક્ષ માનતો હોય અગર ન માનતો હોય તો પણ સમુદાયમાં શ્રેષ્ઠ ગણાવું હોય તો મોક્ષનો ઉપદેશ દેવો પડે. આપણે જૈની કહેવડાવવા તૈયાર છીએ, પણ જૈન સમુદાયનું ઓછામાં ઓછું લક્ષણ કયું?; મોક્ષના ઉપદેશકનેજ ગુરૂ માનવા. મોક્ષ સિવાયના પદાર્થને કહેનારાને ગુરૂ મનાય નહિં. આ જૈનપણાનું સ્થૂલ લક્ષણ છે. અને આબાળ અંગનામાં આ પ્રસિદ્ધ લક્ષણ છે. આ વાત શા ઉપરથી સમજવી?, બે મુદ્દાથી એક બાજુ સાધુનું સ્વરૂપ બતાવ્યું. તેમાંથી એક બાજુ દીપક સમ્યકત્વ શાસ્ત્રકારે બતાવ્યું. તે ઉપરથી સમજવાનું છે. **મુહાજીવી** સાધુ કયા? મુધા જીવી એટલે કંચનપણ બદલા વગર લેનારા સાધુ-ગોચરી પાણી વસ્ત્ર પાત્ર લે, મકાન લે, ઔષધ વિગેરે બધું લે, પણ કયા રૂપે લે?, તો કે બદલા વગર. શાના પેટે ખોરાક લો છો? તેમાં ફલાણા પેટે ખોરાક લઉં છું. તેમ જૈન સાધુ કહેતો નથી. એક રાજાએ પરીક્ષા કરવા માંડી કે સાચી ભીખ કોણ માંગે છે?, તે પરીક્ષા કરતાં પ્રથમ કાસદીયો આવ્યો. શા ઉપર જીવે છે?, પગ ઉપર જીવું છું. મજુરને રાજાએ પુછયું કે તું શા ઉપર જીવે છે?, તો કહે કે બે હાથ ઉપર જીવું છું, બિરૂદાવલી બોલનારને પુછયું કે તું શા ઉપર જીવે છે?, તો કહે કે મોં ઉપર જીવું છું. ત્યાં નાનામાં નાનો નવો સાધુ આવ્યો, અને તેને પુછયું; તો તે કહે કે કોગટ જીવું છું, તેમ ઉત્તર આપ્યો. બદલા તરીકે કોઈ આપે તો હું લેતો નથી. આજકાલ યુવકો કહે છે કે સાધુઓ વસ્ત્રાદિ લે છે, તો તેનો બદલો કયો આપે છે?, આવું બોલનાર જૈન નથી, પણ સાધુ તેજ કે બદલા વગર લેનારા જીવનારા. બદલાની આશા વગરના દેવા-વાળા અને લેનારા મુધા જીવવાવાળા છે. બદલાની આશા વગર દેનારા દુર્લભ છે. તમારા આત્માને ધર્મની પ્રાપ્તિ કરવી હોય તો આપો. બદલાની આશાએ આપતા હો તો દેનારા પ્રપંચી કપટી છે. બદલાની આશાએ નહિં, પણ ધરમનો લાભ મળે તે બદલાની વસ્તુ નથી. તેની પાસેથી બદલો લેવા માટે અપાતું નથી તું ધરમ સિવાય બીજી ધારણા રાખતો હોય તો ભૂલે છે. તે ધારણાને વળગી રહેતો હોય તો માયા સેવે છે.

'મુધાજીવી' અંગે સુપાત્રપણું.

અમારી પાસેથી બીજા કોઇ બદલાની આશા તું રાખીશ નહિં, અને તેથી ધરમ લાભ શબ્દ રાખ્યો છે. ચાહે ખોરાક પાણી વસ્ત્ર દે તો ધરમ લાભ. ખોરાક પાણી વસ્ત્ર કે પાત્રમાં એકેમાં બદલો લેવા માંગતો હોય તો તે ચોકખા શબ્દોમાં નિષેધાયેલો છે. તમારા પરિણામે આમ કરો છો, તેમાં તમને ધરમનો લાભ છે. સત્કાર્ય કરે તેમાં જશ મળે, અને જશની ખાતર સત્કાર્ય કરે તેમાં ફરક છે. બદલાની અપેક્ષાએ દાન દેવામાં આવતું હોય તો સાધુને અંગે સુપાત્ર કહેવામાં આવે નહિં. ગીતાર્થ હોય, શાસ્ત્રનો પારગામી હોય તે ઉત્તમ પાત્ર એમ કહેવું પડત, પણ પાત્રની ઉત્તમતા સાધુ માત્રન અંગે રાખી છે. જે બદલો વાળવામાં સમર્થ હોય તો ગીતાર્થ હોય, અને ગીતાર્થજ બદલો વાળવા સમર્થ હોય તેજ ઉત્તમ પાત્ર કહેવું પડે. ત્યારે પાત્રપણું=ઉત્તમ પાત્રપણું કોને અંગે ?, ફકત મુધાજીવીપણાને અંગે છે, અને તે દરેક સાધુ માત્રને અંગે હોય. તેથી સાધુને ઉત્તમ પાત્ર તરીકે લીધા. આથી ધરમ લાભની પ્રતિજ્ઞા ચોકખા શબ્દમાં કરતા હોવાથી સાધુનું જીવન કોઇપણ પ્રકારના બદલાવાળું હોતું નથી. એટલુંજ નહિં પણ સેવાની અપેક્ષાએ જે દાન દેવાય તો દાન નિષ્ફળ, માટે મુહાદાઈ-મુહાજીવીપણું રાખ્યું છે. ઉત્તમ પાત્ર સાધુ માત્ર ગણ્યા છે તે જગો પર બદલાના બણગા ફુંકવા તે જૈનીપણાનું રાજીનામું છે. અર્થાત્ જૈન સમુદાય તે કોઈ દિવસ પણ મોક્ષ સિવાયના ઉપદેશકને ગુરૂ માનવા તૈયાર હતોજ નહિં અને હમણાં પણ છેજ નહિં.

દીપક-રોચક-કારકની સ્પષ્ટતા.

જેને ગુરૂ માને તેને મોક્ષનો ઉપદેશ દેવાની ફરજ પડતી હતી. પોતે મોક્ષ માનતો હોય કે મોક્ષ ન માનતો હોય. પોતે મોક્ષ ઇચ્છતો હોય અગર મોક્ષ ન ઇચ્છતો હોય તો પણ મોક્ષનો ઉપદેશ આપનારજ ગુરૂ હોય. શાસ્ત્રકારે ત્રણ પ્રકારના સમકીત કહ્યા છે. સામાન્ય વ્યવહારથી ત્રણ પ્રકાર રાખ્યા છે. ૧. એક દીપક, ૨. રોચક, અને ૩. કારક. રોચક સમકીત તે નવે તત્વની રૂચિ રૂપ હોય, કારક સમ્યકત્વ તે મોક્ષની તરફ પુરૂં પ્રયાણ એટલે ક્રીયા રૂપ હોય, અને દીપક હજમના જેવું છે, એટલે મશાલી મસાલ લઈ ચાલે. પોતાને અંધારૂં રહે છે, પણ મસાલ બીજાને કામ લાગે છે. પોતાને જેમાં કલ્યાણ થવાનું ન હોય, માત્ર શ્રોતાનુંજ કલ્યાણ કરે; તેવી સ્થીતિએ જે તત્વનું નિરૂપણ કરે તે દીપક સમ્યકત્વ, તે મિથ્યાત્વીને હોય, મસાલવાળો અંધારામાં ચાલે તેમ દીપક સમ્યકત્વવાળો પોતે મિથ્યાત્વમાં હોય. આ જગોએ આપણને વિચારવાનું છે કે જો દીપક સમ્યકત્વ માનીએ તો નહીં માનેલા પદાર્થો પણ તેને પ્રરૂપવા પડે. પોતે મિથ્યાત્વી હોય ને પ્રરૂપણા સમકીતની કરવી પડતી હોય. જે નવતત્વ માનતો નથી, અને તે નવતત્વની પ્રરૂપણા કરે ત્યારે તેવાને દીપક સમ્યકત્વ માનવું પડે.

ભવનિષેધક-મંડળીનો આગેવાન.

અહીં બે બાજુ વિચારવાનું છે કે પોતે મિથ્યાત્વી હોય અને તત્વોનો ઉપદેશ આપે તેથીજ બીજાઓને સમકીતી થાય, હવે વિચારો પોતે માનતો નથી, અને બીજાને ઉપદેશ કેમ આપે ? પોતે તો માનતો નથી અને સામાને ઉપદેશ આપે છે; તેનું કારણ એજ છે કે શ્રોતાઓ તે સિવાય બીજો ઉપદેશ સાંભળવા માંગતા નથી. શ્રોતામાં માનીતા થવું છે. શ્રોતા તે સિવાય બીજો ઉપદેશ માંગતા નથી. તે સિવાયનો તે ઉપદેશ આપવોજ પડે. શ્રોતાનું મોક્ષ તરફ લક્ષ્ય ન હતે તો દીપક સમ્યકત્વ જેવી ચીજ રહેત નહિં પોતે મોક્ષ ઇચ્છતો નથી માનતો નથી. તો નહીં માનેલો ઇચ્છેલો તે પદાર્થ કહે છે શા માટે ?, આ શ્રોતાઓ મોક્ષ તત્વના ઉપદેશ વગર મને માનવાના નથી. જેમ દારૂ નિષેધક સંસ્થાઓ એના પ્રમુખો ને મેમ્બરો બાટલા ફોડે, અને દારૂ પીએ છે, ચકચુર થઇ પડે છે, પણ સ્ટેજ પર દારૂ બાબો બુરો કામ કરનાર છે, કારણ કે શ્રોતાનો વર્ગ દારૂને ધિક્કારનારો

એકઠો થયો છે. પોતે દારૂ પીતો હોય તો પણ શ્રોતા દારૂને ધિક્કારનાર હોય તો સ્ટેજ પર રહી જરૂર દારૂના દુર્ગુણને કહેવા પડે છે. પોતે દારૂને બદી ન માનતો હોય તો મંડળીના મેમ્બરની છાયા ખાતર તે દારૂને ખરાબ જાહેર કરવું જ પડે. તેમ મોક્ષના સુખની તૃષ્ણાવાળી આ મંડળી તેનો બનેલો ઉપદેશક ચાહે સંસારને દુર્ગુણ રૂપમાને કે ન માને, સંસારને દુઃખની ખાણ માને અગર ન માને, મોક્ષને સુખમય માને કે ન માને, મોક્ષમાં જન્મ જરા મરણ આધિ વ્યાધિ ઉપાધિ આ પીડાઓ નથી, છતાં પણ તે વાતને માનતો હોય કે ન માનતો હોય, કેવળજ્ઞાન દર્શનનું સ્થીર રહેવાપણું, વીતરાગપણાનો પટ્ટો સર્વ શક્તિપણું વિગેરે તે માનતો હોય કે ન માનતો હોય તો પણ ભવ નિર્વેધક મંડળીના આગેવાન રહેલા છીએ એ તરીકે ભવના દુર્ગુણ, અને મોક્ષના સદ્‌ગુણ કહ્યા સિવાય ચાલે નહિ.

અભવ્ય અને મિથ્યાદ્રષ્ટિઓ કરતાં અધમ-ઉપદેશકો.

ઉપદેશકમાં માન્યતા હોય તો ઉપગાર તરીકે, અને મંડળના જોરે પણ માન્યતા ન હોય તો મોક્ષનો ઉપદેશ આપવો પડે. તેથી જેને દીપક સમ્યકૃત્વ હોય, તે બીજાને મોક્ષ તરફ પ્રયાણ કરવા તેને તત્વદ્રષ્ટિથી તે મોક્ષનો ઉપદેશ આપે છે, કારણ કે રોચક કે કારક સમ્યકત્વ નથી, અને પ્રથમ ગુણ ઠાણાનો તે અભવ્ય જીવ છે. દારૂ નિષેધક મંડળીના બનેલા દારૂડીયા આગેવાનો દારૂ નિષેધક મંડળીના દારૂડીયા ઉપદેશકો, જે દારૂનો નિષેધ કરે છે, તે કોના બળથી નિષેધ કરે છે? મંડળીના બળથી. તેમ જેનામાં કારક કે રોચક સમ્યકત્વ નથી તેવા પહેલા ગુણ ઠાણાવાળા કે અભવ્ય જીવો દીપક સમ્યકત્વના પ્રભાવે ભવ નિર્વેધ કે મોક્ષ પ્રાપ્તિનો ઉપદેશ કરે છે, તે દારૂડીયા મંડળીના મેમ્બર જેવા સમજવા. દારૂનો નિષેધ ન કરે ને દારૂનો ઉપદેશ કરે તો મંડળમાંથી રાજીનામું આપવું પડે. ભવને દુર્ગુણ તરીકે ન જણાવે, અને મોક્ષને અત્યંત આનંદમય સ્થાન ન જણાવે તો ફરજીયાત ભવ નિર્વેધક મંડળીમાંથી રાજીનામું આપવું પડે છે. આ મંડળ મોક્ષ સાધક મંડળ. ભવ નિર્વેધક અગર મોક્ષ સાધક મંડળ તેનો મુખ્ય મેમ્બર મને કે કમને વગર ઇચ્છાએ ફરજીયાત મોક્ષની સાધનાને ભવનો નિર્વેધ જાહેર કરવો પડે. તેનું નામજ દીપક સમ્યકત્વ છે કે જે વગર ચાહનાએ વગર માન્યતાએ એ વસ્તુ બોલવી પડે. અહીં આપણી વાતનો મુદ્દો આવે છે. જે ચીજ પોતે માની નથી, પોતે સારી ગણી નથી, મેળવવા માંગી નથી, તે ચીજનું આટલું બધું મંડન કેમ કરવું પડે છે? ગાદીના સેવકો કયા મતના હોય? આ મોક્ષ સાધક મંડળ તે મોક્ષ સાધક મંડળ વચ્ચે સ્ટેજ પર ચઢેલો તેને ફરજીયાત મોક્ષની સાધના જણાવવી પડે. જે મોક્ષ ન માનનારા-ઇચ્છનારા, તત્વ ન ગણનારા તેવા ઉપદેશકને મોક્ષ સાધનમાં થતા મુખ્ય લાભ રૂપે મોક્ષનો ઉપદેશ કરવો પડે છે. આથી મંડળનો સ્વાભાવિક મુદ્દો સાબીત થયો. આ મોક્ષ સાધક મંડળ કહેવાથી તેની મુરાદ નક્કી થઇ. કોઇપણ પ્રકારે આ લોકનું સાધ્ય છે કે મોક્ષનું સાધ્ય સિદ્ધ કરવું તે સાધ્ય છે. બોલો તે સ્ટેજ પર ચઢેલો મોક્ષ સિવાય બીજો ઉપદેશ આપી શકેજ નહિ. આથી અભવ્યને મિથ્યાદ્રષ્ટિને સાધુપણાના લેબાશમાં મોક્ષનોજ ઉપદેશ આપવો પડે. જો મોક્ષ સિવાય બીજો ઉપદેશ આપે તો ઉપદેશ દેનારો અભવ્ય અને મિથ્યાદ્રષ્ટિ કરતાં હલકો છે. તેથી ફરજીયાત અભવ્યને અને મિથ્યા દ્રષ્ટિને સ્ટેજ પર ચઢતાં મોક્ષનો ઉપદેશ આપવો પડે છે. આ ઉદ્દેશ વગરનો શબ્દ બોલવા માંગે તો સાંભળવા તૈયાર નથી.

બીજ બુદ્ધિ.

તત્વાર્થકારે પ્રથમ કહી દીધું કે, **सम्यग्दर्शन-ज्ञानचारित्राणि मोक्षमार्गः** । નથી મોક્ષની મનોહરતા અદ્વિતીયતા કેવીપણ ન બતાવ્યું. પહેલ વહેલું આ સૂત્ર કહી દીધું. મુંબાઇ કેવું છે?, અને સડકો કેવી છે?; તે ગામડાના લોક ન જાણે. પણ નાનું છોકરૂં સમજે કે મુંબઇ મોટું શહેર છે મુંબઇનું સ્વરૂપ જાણ્યા વગર નાના બચ્ચાંના મગજમાં પણ મુંબાઇ પ્રસિદ્ધ હોય, તેમ અહીં મોક્ષ ચીજ મોક્ષ

સાધક વર્ગમાં એટલી પ્રસિદ્ધ વસ્તુ છે કે સ્વરૂપ જણાવ્યા વગર ચતુર્વિધ સંઘને મોક્ષનો રસ્તો એટલે ભવ નિર્વેદનો રસ્તો જ બતાવાય છે. મોક્ષ એટલું પ્રસિદ્ધ છે કે આખું મંડળ મોક્ષના ધ્યેય ઉપર રચાએલું છે. દુઃખનો અભાવ, સુખનો સદ્‌ભાવ, અને શાશ્વતા સ્થીતિ ન બતાવતાં સીધો મોક્ષમાર્ગ બતાવી દીધો. તે તેટલા જ માટે કે જૈન કોમમાં મોક્ષ એ સાધ્ય તરીકે સિદ્ધજ રહેલો છે. તેમ અહીં જે ૨૧ ગુણવાળા થયા, ૨૧ ગુણ જાણનાર થયા, ગુરૂ પાસે આવનાર થયા, એટલે મોક્ષને આંગે શ્રવણને જ્ઞાન સહેજે મેળવી શકે છે, પણ મુનિનો સ્વભાવ મોક્ષનો ઉપદેશ કરવાનો હોવાથી સાધુની પોથીમાં અને બોલીમાં દરેક સ્થળે મોક્ષનો ઉપદેશજ રહ્યો છે. આ બધું મોક્ષમાર્ગ જાણવો સહેલ છે, પણ મોક્ષના સાધનોને મગજમાં ભરી રાખવા પરિણમાવી રાખવા તેની મુશ્કેલી છે. તેટલા માટે આહારથી તૃપ્તી કરવી હોય તેણે આહાર કરવો, તેમ મોક્ષ જેને મેળવવો હોય તેણે એક બુદ્ધિ ઉત્પન્ન કરવી. 'ધર્મ રત્ન છે' એ બુદ્ધિ જેના મગજમાં ઉત્પન્ન થઈ તે મોક્ષ તરફ દોરાવાનો. ૨૧ ગુણ સાંભળે જાણે તેથી ચરિતાર્થપણું થતું નથી. 'ધર્મરત્નજ છે' અને અને 'ધર્મ એજ રત્ન છે' આ બે બુદ્ધિ થાય તો બીજરૂપ ભૂમિકા સહેલી છે.

ધર્મ રત્નની સ્પષ્ટતા,

આગળ વિચારી ગયા કે ધર્મરત્ન એટલે શું ? રત્ન શબ્દથી આ દુનીયામાં કહેવાતા રત્નો લેવા કે રત્ન શબ્દથી લેવાનું કંઈક બીજું છે ? આગળ કહી ગયા છીએ કે જ્યાં સુધી મનુષ્ય સર્વ વિરતિવાળો થયો નથી, ત્યાં સુધી મનુષ્યની બુદ્ધિ એ પરિગ્રહ તરફ રહેવાની. તેવા જીવોને ઉપમા લાયક વસ્તુ કઈ ગણવાની ?, જેમાં આસક્તિ રહી હોય તે. છોકરાને દરિયાની વાત કરીએ તો, પુછે કે બાપા દરિયો કેવડો ?, આવડો છોકરો બાપને પુછે છે કે બાપા દરિયો કેવડો ?, આવડો, આવડો, તે વખતે બાપ શું કહે છે ?, હાથ હોય તેવડો દરિયો બતાવે છે. છોકરો ગાઉ જોજનમાં સમજતો નથી, અને છોકરો માઈલ ફર્લાંગ વગેરમાં પણ સમજતો નથી. તે વખતે આપણે પણ આટલા ગાઉ માઈલનો દરિયો એમ કોઈ દહાડો કહેતા નથી. તમે તો જાણો છો તો છોકરાને શું ખોટું ભરમાવો છો તેમ માનવું ?, પોતે જાણે છે કે આટલા માઈલ કોસ કે જોજનનો છે છતાં પણ તે માઈલ જોજન કે કોષ કેમ બોલતો નથી ? કારણ કહો અચ્ચાંની બુદ્ધિમાં હાથ દ્વારાએજ મોટાપણું બતાવાય. બાપ માઈલ ફર્લાંગ કોષ જોજન બધું પ્રમાણ જાણે છે, છતાં પણ અચ્ચાંની બુદ્ધિમાં દરિયાનું મોટાપણું હાથ દ્વારાએ બતાવાય છે. તેમ શાસ્ત્રકારો મોક્ષના સાધન સમ્યગ્‌દર્શન જ્ઞાન ચારિત્ર તેના સાધનો મંદિર ઉપાશ્રય તેને પણ રત્ન કરતાં અત્યંત કીંમતી ગણે છે. તે રત્નોને છાંડવા લાયકમાં પ્રથમ નંબર ગણે છે; છતાં અચ્ચાં જેવી બુદ્ધિવાળા માટે આ ધર્મરત્ન જેવો છે.

ધર્મથી વિરૂદ્ધ કરનાર ધન.

વાંઢો હોય, અને પૈસા હોય તો ત્યાગી થવા માંગેજ નહિં. તેમાં જો વધારે પૈસા હોય તો ઊંચી આંખ પણ કરે નહિં, કારણ કે ઉભરાતાં ધનવાળાને બંગલા બગીચા વગર સુઝતું નથી જે કંઈક ઉણપવાલા મધ્યમ સ્થિતિવાલા ધરમ-સાધવા તૈયાર છે, ધર્મ કરે છે, કરાવે છે, કરતાને મદદ કરે છે. તે મધ્યમ વર્ગના જેઓ કહેવા માંગે છે કે "સંસારિક શાંતિ હોય તો ધરમની શાંતિ" આ કહેનારા આંખો ઉઘાડી જોતા હોય તો દુનીયામાં ધનને લીધે શાંતિ માનો છો. તે ધનવાલા ધરમને ભિક્ષારી બેસે છે. જુઓ મુંબાઇમાં ધનવાલાને વ્યાખ્યાનમાં કેટલા દેખ્યા ?, જે મનુષ્ય રોજનો ધરમ સાંભળનાર પણ બીજું ભરાયું પછી કોઈ દિવસ વ્યાખ્યાનમાં દેખાતો નથી. આ જોનારાઓ આંખ મીંચીને બોલે છે કે બોલીને ?, તમારી અપેક્ષાએ આ વાત કરીએ છીએ. શાસ્ત્રકારના ઉપદેશની અપેક્ષાએ કહેતા નથી, છતાં પણ "સાંસારિક શાંતિ એટલે આજે ધરમને ધક્કો મરાય છે. જેને પરિગ્રહ

લાગવગ, વેપાર, રોજગાર વધ્યા છે; તેની શી સ્થીતિ છે ?, તે વિચારો. મધ્યમ સ્થીતિવાલાને ત્યાં ધરમને ધક્કો નથી. તમારા વચનો કે સંસારિક શાંતિએ ધરમની વૃદ્ધિ તે અપેક્ષાએ કહું છું. આત્મ કલ્યાણની લાંગણી હશે તે ગમે તે સંજોગમાં ધરમ કરવાનો સાંસારિક શાંતિ કે અશાંતિના હિસાબે ધરમનો સંબંધ નથી. આત્મ પરિણતિ કલ્યાણની સાથે ધરમનો સંબંધ છે. બાવીસ હજાર મુગટ બદ્ધ રાજામાંથી દીક્ષા લેનારા કેટલા હજાર મુગટ બદ્ધ હોય. જ્યાં બત્રીસ હજારમાંથી એક હજારે દીક્ષા લીધી, તો પછી સંપત્તિની અપેક્ષાએ ધર્મની બુદ્ધિ માનવી એ ભૂલ છે. પ્રાચીન કાળમાં કે આજે પૈસો આરંભાદિ ધરમથી વિરૂદ્ધ કરનારી ચીજ છે.

ધર્મ એ રત્ન અને ઉત્કૃષ્ટ પદાર્થ.

બાળકને દરિયાનું માપ કહેનારે હાથથીજ કહેનારે હાથથીજ કહેવાનું રહ્યું. તેમ અહીં રત્ન ચીજ જ્ઞાનીની દ્રષ્ટિએ મહા પરિગ્રહ છે, ચાંદી સોના કરતાં રત્ન એ મહા પરિગ્રહ છે, પણ સાંસારિક જાળમાં ફસાએલાઓ તેને ફસામણ સમજતા નથી. તે માટે છોકરા આગળ બુઢ્ઢો દરિયો આવડો મોટો જેમ હાથથી કહે, તેમ પરિગ્રહમાં ફસાએલા માટે ધર્મ રત્ન કહે છે. તમારી બુદ્ધિથી આ નિરૂપણ છે, શાસ્ત્રનું નિરૂપણ બાજુ પર રાખો. બચ્ચાંની બુદ્ધિએ આ નિરૂપણ છે. રત્નમાં તારી કેવી બુદ્ધિ છે ? જેવી તારી રત્નમાં બુદ્ધિ છે. તે બુદ્ધિ ધર્મમાં લાવ, ત્યારે રત્નનો મુખ્ય અર્થ આ રાખ્યો તે કોની અપેક્ષાએ બાળકની અપેક્ષાએ બુઢ્ઢાએ હાથ લાંબો કર્યો તેમ પરિગ્રહની ઇચ્છાવાલા પ્રાણીઓની અપેક્ષાએ **धर्म रत्नार्थिना** એટલે કે ધર્મ રત્નની જેમ ધર્મની ઇચ્છા કર. મોટો પુરૂષ પુછે કે અરબી સમુદ્ર કેટલો ?, તે વખતે આટલા માપલનો બે હજાર માપલનો અરબી સમુદ્ર, તેમ નવવિધ પરિગ્રહને સંસારમાં ફસાવનાર ફાંસો સમજે તો તેવાને અહીં ધર્મને રત્નાદિ પત્થર સાથે સરખાવીયે તે કામ ન લાગે. સંસારભરને માયા જાળ સમજનાર રાજ્યને વસ્ત્રના છેડે ઘાસની માફક ફેંકો દેનારા તેવાને રત્ન બુદ્ધિ નથી. તેવાને રત્ન છાંડવા લાયક ત્યાં અર્થ બીજો લેવો. ઉત્કૃષ્ટ એટલા માટે શ્રાવકના અધિકારમાં ધર્મ રત્ન ને સાધુના અધિકારમાં **धम्मो मंगल मुक्किट्ठं** ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળ. માત્ર ઉત્કૃષ્ટમાંજ તત્ત્વ. આનો લક્ષ્યાર્થ ઉત્કૃષ્ટતામાં લેવો. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પદાર્થ ધર્મ છે. આ લક્ષ્યાર્થ છે. ત્યાગ માટે રત્નનો અર્થ ઉત્કૃષ્ટ, પરિગ્રહમાં આસકતને ધર્મમાં રત્ન બુદ્ધિ તેથી બન્નેને ધર્મ રત્નાર્થી કહેવાય. હવે અહીં દેશવિરતિ સર્વ વિરતીવાળો ધર્મનો અર્થી કેવો બને તે અધિકાર અગ્રે વર્તમાન.

નવીન-પ્રકાશનો.

૧.	દરેક વર્ષની 'સિદ્ધચક્ર' માસિકની ફાઇલ (બાર અંક સાથે) એકના.	રૂ.	૫-૦-૦
૨.	શ્રી સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્ ભાગ ૧ લો (છ પાદ પર્યંત). અને અનેક પરિશિષ્ટો તથા શ્રીતત્ત્વ-પ્રકાશિકા-આનન્દબોધિની સાથે.	રૂ.	૩૦-૦-૦
૩.	વિધિયુક્ત-પંચપ્રતિક્રમણ-સૂત્રાણુ (બાળબોધ ટાઇપમાં)	રૂ.	૧-૨-૦
૪.	સિરિ-સિરિવાલ-કહા (પ્રાકૃત).	રૂ.	૩-૦-૦
૫.	શ્રીસિદ્ધચક્રારાધન-વિધિ.	રૂ.	૧-૮-૦
૬.	શ્રીઆગમોદ્ધારક (જીવન ચરિત્ર)	રૂ.	૨-૦-૦
૭.	તપ અને ઉદ્યાપન	રૂ.	૧-૧૨-૦

—: પ્રાપ્તિસ્થાન :—

૧. શા. ગુણવંતલાલ જેચંદભાઇ ઠાર. ઠે૦ ચાંલ્લાગલી, ગોપીપુરા; મુ. સુરત.

૨. શ્રીઋષભદેવજી છગનીરામજીની પેઢી ઠે૦ બારાકુવા, દહેરા ખિડકી; મુ. ઉજ્જૈન (માલવા). C. I.

પૂર્વાપર વિચારણાની આવશ્યકતા

આજે કેટલાંક વર્ષો થયાં 'ફરર્ટ ઇયર આર્ટસ'માં **નેમિચંદ્રસૂરિકૃત અંબડચરિય** અવારનવાર પાઠય-પુસ્તક તરીકે નિયત કરાય છે. એની ઈ. સં. ૧૯૩૭-માં લખાયેલી પ્રસ્તાવનામાં આ સૂરિનો પરિચય આપતાં નીચે મુજબની મતલબનો અંગ્રેજીમાં ઉલ્લેખ કરાયો છે:—

આચાર્ય શ્રીઆનંદસાગરજી **પ્રવચનસારોદ્ધાર**ની એમની પ્રસ્તાવનામાં આ ગ્રંથના કર્તા તરીકે ઉપર્યુક્ત **નેમિચંદ્રસૂરિ**નો નિર્દેશ કરે છે, અને એનું દેખીતું કારણ એ છે કે આ ગ્રંથકારના ગુરુનું નામ પણ પ્રશસ્તિમાં **અમ્રદેવ** અપાયેલું છે. પણ આ બન્ને ગ્રંથકારો ભિન્ન છે, કેમકે **પ્રવચનસારોદ્ધાર**ના કર્તાના પ્રગુરુનું એટલે કે ગુરુના ગુરુનું નામ **જિનચંદ્ર** છે, નહિં કે **ઉદ્યોતન**. વળી એમના ગચ્છ વિષે સ્પષ્ટ સૂચન નથી, જ્યારે **અંબડચરિય**ના કર્તાના ગચ્છ તરીકે 'બૃહદ્ગચ્છ' નો સ્પષ્ટ ઉલ્લેખ છે.

આગમોદ્ધારક જૈનાચાર્ય **શ્રીઆનંદસાગરસૂરિ** એમની વિદ્વત્તાને અંગે જૈન જગતમાં તો ખૂબ જ જાણીતા છે. એટલે એમનાં લખાણો વિદ્વાનો વાંચવા-વિચારવા લલચાય એ સ્વાભાવિક છે. એમનાં વિધાનોની સમાલોચના કરાય એ એક વાત છે અને તેમાં વાંધો નહિ; પણ એમને નામે ભળતી વાતો રજૂ કરાય તે તો ઇષ્ટ નથી.

શ્રીઆનંદસાગરસૂરિજીના કયા કયા વક્તવ્યને અંગે કોણે કોણે વાંધો ઉઠાવ્યો છે. તેની કામચલાઉ નોંધ મારી પાસે છે. એ તરફ એમનું સાદર લક્ષ્ય ખેંચતાં ઉપર્યુક્ત બાબત ઉપસ્થિત થઇ અને એમણે **પવયણસારુદ્ધાર** (સં. **પ્રવચનસારોદ્ધાર**)ના બીજા ભાગના સંસ્કૃત ઉપોદ્ઘાતમાં પોતે કરેલાં વિધાનો મને સમજાવ્યાં. પ્રારંભમાં જે અભેદ પક્ષ એમણે સ્વીકાર્યો છે તેનાં નીચે મુજબ કારણો એમણે દર્શાવ્યાં.

(૧) **સુખબોધા** એ અને **પવયણસારુદ્ધાર**ના કર્તાના ગુરુનું નામ એક જ છે.

(૨) **જિનચંદ્ર** અને **ઉદ્યોતન** એ નામાંતર હોવા સંભવે છે, કેમકે એવો એક દાખલો પણ પ્રસ્તુતમાં જોવાય છે.

(૩) બંન્ને ગ્રંથકારો સમકાલીન હોય એમ લાગે છે.

આ તેમજ બીજી પણ કેટલીક બાબતો ૨૫૬૮ સમજાય તે માટે ઉપોદ્ઘાતનો અમુક ભાગ હું વિચારું છું.

સૌથી પ્રથમ ગ્રંથનું યથાર્થ નામ શું છે તે વિષે એમાં ઊહાપોહ છે. ત્યાર બાદ **પ્રદ્યુમ્નસૂરિએ** રચેલા **વિયારસાર** (સં. **વિચારસાર**)ની પ્રસ્તુત ગ્રંથની શી વિશેષતા છે તે દર્શાવાઇ છે. **વિયારસાર** રચાયા બાદ **પવયણસારુદ્ધાર**ની રચના કરાઈ હોય એવું અનુમાન દોરાયું છે. આ ગ્રંથના પ્રણેતા **નેમિચંદ્રસૂરિ** છે. એમના મોટા ગુરુભાઇ[1] **વિજયસેન** છે, નાના ગુરુભાઈ **યશોદેવ** છે, ગુરુ **આમ્રદેવ** છે અને ગુરુના ગુરુ **જિનચંદ્ર** છે. નેમિચંદ્રસૂરિએ **જીવકુલય** રચ્યું છે, અને તેને **પવયણસારુદ્ધાર**માં ૨૧૪મા દ્વાર તરીકે સ્થાન આપ્યું છે. એ સૂરિએ નીચે મુજબના ગ્રંથો રચ્યા છે:—

(૧) **ઉત્તરજ્ઝયણ** (સં. **ઉત્તરાધ્યયન**)ની **સુખબોધા** વૃત્તિ. આ વૃત્તિ. વિ. સં. ૧૧૨૯માં 'અણહિલપાટક' નગરમાં દોહદ્દિ શેઠની વસતિમાં રહીને એમણે રચી છે.

(૨) **મહાવીરચરિય** (સં. **મહાવીરચરિત્ર**). આ પણ આ જ નગરમાં અને તે પણ આ જ શેઠની વસતિમાં પરંતુ બાર વર્ષ બાદ એટલે કે વિ. સં. ૧૧૪૧ માં રચ્યું છે. એ કર્ણરાજના રાજ્યકાળ દરમ્યાન રચાયું છે. એમ જે પ્રશસ્તિમાં કહેવાયું છે તે સમુચિત છે.

નેમિચંદ્ર આમ્રદેવના શિષ્ય છે. એમ એમણે

---

૧. એક ગુરુના શિષ્ય.

પોતે **પવયણસારુદ્ધાર**ની નિમ્નલિખિત પંક્તિમાં કહ્યું છે:—

"सिरिआमदेव(अम्मएव)सूरीण पायपंकयपराएहिं ॥१५९५।"

વિશેષમાં **જીવકુલય** નામના ૨૧૪મા દ્વારમાં પણ આ હકીકત કહી છે. પ્રસ્તુત પંક્તિ નીચે પ્રમાણે છે:—

" सिरिआमएवमुणिवइविणेयसिरिणेमिचंदसूरीहिं "


આમ **પવયણસારુદ્ધાર**ની ૧૨૪૭(૮)મી ગાથામાં **અમ્મદેવ** મુનિપતિના શિષ્ય નેમિચંદ્રસૂરિ એવો ઉલ્લેખ છે.

અપભ્રંશમાં 'અમ્મદે' એવો શબ્દ છે એથી **આમ્રદેવ** અને **અમ્રદેવ**માં જે ભેદ છે તે મહત્ત્વનો નથી.


સુખબોધા વૃત્તિ (પત્ર ૩૫૫ આ)માં **અમ્રદેવ** એમ કહ્યું છે તો પણ **સિદ્ધસેનસૂરિકૃત** વૃત્તિમાંના **અમ્રદેવસૂરિ**ના શિષ્ય **નેમિચંદ્રસૂરિએ** આ કુલક રચ્યું છે એ ઉલ્લેખ વિચારી **આમ્રદેવ** એમ કહેવું ઉચિત જણાયું છે.

આ **જીવકુલય** તો **સુખબોધા**વૃત્તિ અને **મહાવીરચરિય** પછી રચાયું છે, કેમકે **સુખબોધા**માં **આમ્રદેવ**ને ઉપાધ્યાય કહ્યા છે, અને **મહાવીરચરિય**માં પણ તેમજ કહ્યું છે, જ્યારે આ કુલકમાં મુનિપતિ કહ્યા છે.

સુખબોધામાં અને **મહાવીરચરિય**માં **આમ્રદેવ**ના ગુરુ તરીકે ઉદ્યોતનસૂરિનો નિર્દેશ છે અને અહીં તો **જિનચંદ્ર**નો છે, છતાં એ નામાંતર હશે એવી કલ્પનાને માટે સ્થાન છે. આનું કારણ એ છે કે **સુખબોધા**માં **દેવેન્દ્રગણિ** એવો ઉલ્લેખ છે, અને **મહાવીરચરિય**માં એના નામાંતરરૂપ **નેમિચંદ્રસૂરિ** એ મતલબનો ઉલ્લેખ છે. **જો ઉદ્યોતનસૂરિ અને જિનચંદ્રસૂરિ એ બન્ને એક બીજાથી ભિન્ન જ હોય તો આ ત્રણે ગ્રંથોના કર્તા એક નથી.** આ વાત સ્પષ્ટ જ છે. અભેદ માનતાં તેમની પરંપરા નીચે મુજબ સૂઝવામાં છે, અને એમ કરતી વેળા ભેદ પક્ષ જ દ્વારા નિર્દેશાયેલી એવી હકીકતને પણ સ્થાન અપાયું છે.



ભેદ માનતાં જે પરંપરા નીચે મુજબ રજૂ થવી ઘટે:



છાપેલ પ્રતમાં ભેદને અંતે વિચાર કરાતી વેળા આમ્રદેવનો ઉલ્લેખ કરવો રહી ગયો છે એટલે એ બાબત સુધારી અહીં એ રજુ કરાઇ છે.

શ્રીઆનંદસાગરસૂરિએ આમ જ્યારે બંને વાત સ્વીકારી છે અને બે રીતે પરંપરા બતાવી છે ત્યારે તેમણે તો **પવયણસારુદ્ધાર**ના કર્તા **નેમિચંદ્રસૂરિ** તે જ **સુખબોધા**ના કર્તા છે. એમ જ એમણે કહ્યું છે. એવો જે ઉલ્લેખ **શ્રીવિજયોમંગસૂરિએ** આ **સુખબોધા**ની પ્રસ્તાવના (પત્ર ૨આ) માં કર્યો છે તે સ્થાને છે શું?

મને લાગે છે કે આ ભ્રાન્ત ઉલ્લેખ છે એ ખ્યાલમાં નહિ હોવાથી કે એના ઉપર વિશ્વાસ રાખવાથી ઉપર્યુક્ત અંગ્રેજી પ્રસ્તાવનામાં **શ્રીઆનંદસાગરસૂરિ**ના નામે ભળતી વાત લખાઇ છે. એ ગમે તે હો, આ ભૂલ હવે થતી અટકે એ ખ્યાલથી આટલું સૂચન મારે કરવું પડ્યું છે.

તા. ૩૦-૧૦-૪૫ નૂતકોણ

પ્રશ્નોત્તરો.

[નોંધઃ—આ કોલમમાં મહાવ્રતો સંબંધિની વધુ સ્પષ્ટતા માટે સ્થાનાંગસૂત્રનો વ્યાખ્યાનોમાં પ્રશ્નોને ઉપસ્થિત કરીને આપેલા ઉત્તરો અહીં અપાય છે.

પ્રશ્નોત્તરકારઃ—પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-આગમોદ્ધારક શ્રીઆનંદસાગરસૂરીશ્વરજી. [લિ. તન્ત્રો.]

તા. ક:—આ પ્રશ્નોત્તરોની વધુ સ્પષ્ટતા માટે શ્રીસ્થાનાંગસૂત્રનો વ્યાખ્યાન ભા. ૧ જુઓ.

પ્રશ્ન ૧-પૃ. ૧૩-૧૪. બાવીસ તીર્થંકરના શાસનમાં મહાવ્રતનું અધૂરાપણું કે જેથી મહાવીરના વખતમાં પાંચપણું કરવામાં આવ્યું ?, અગર કહો મહાવીરના વખતમાં અધિકપણું મોક્ષમાર્ગને પ્રવર્તાવનારા માટે છે ?, જો મહાવીર મહારાજના શાસનમાં અધિકતા કે ન્યૂનતા નથી તો ૨૨ માં (પૂર્વે) ચાર કેમ રાખવાં પડયાં અને આ શાસનમાં પાંચ કેમ રાખવાં પડયાં ?

ઉત્તર ૧—પૃ. ૧૪. આ શાસનમાં ન્યૂનતા કે અધિકતા નથી. બાવીસ તીર્થંકરના શાસનમાં પણ ન્યૂનતા કે અધિકતા નથી ...(પૃ. ૧૭) બે મળીને એક મહાવ્રત થાય છે, બે મળીને એક પ્રતિજ્ઞા હતી (પૃ. ૨૫) જગતના વક્ર-જડોને ફેરવવા મહાવીરને શબ્દ ફેરવવો પડયો.

પ્ર. ૨-પૃ. ૧૮. 'આદાન' શબ્દ પ્રસિદ્ધ હતો તે કેમ ન રાખ્યો ?

ઉ. ૨-પૃ. ૧૮. બાવીસ તીર્થંકરના શાસનમાં જીવો સરલ, બુદ્ધિશાળી હતા—વક્ર ન હતા. આ તો વક્ર-જડ એટલે ગ્રહણમાત્રના પચ્ચક્ખાણથી પાટી પકડે.

પ્ર. ૩-પૃ. ૧૯. પાંચ મહાવ્રતો કેમ કર્યાં ?, છેલ્લા પાઠો કેમ ફેરવ્યા ?

ઉ. ૩-પૃ. ૧૯. આ બધું વક્ર-જડપણાને આભારી છે, છતાં એને માર્ગે લાવવો એ શાસ્ત્રકારનું ધ્યેય છે.

પ્ર. ૪-પૃ. ૨૦. સવ્વાઓ પરિગ્ગહાઓ વેરમણં કેમ ?

ઉ. ૪-પૃ. ૨૦-૨૧. જો સવ્વાઓ પરિગ્ગહાઓ મેલે તો અશન, પાન લીધું તો તમારું મહાવ્રત ગયું એમ કહે અને ઉપકરણ લેવામાં પણ મહાવ્રત કાઢી નાખે... 'પરિગ્રહ' શબ્દ ન રાખ્યો હોત, અને 'આદાન' કે 'ગહાઓ' પાઠ રાખ્યો હોત તો તે કુતરાઓ વળગ્યા વિના રહેત જ નહિ, પણ શાસ્ત્રકાર સર્વજ્ઞ છે. તેથી વક્ર-જડ માટે તેટલું કરવાની જરૂર હતી.

પ્ર. ૫-પૃ. ૨૨. પરિગ્ગહાઓ વેરમણં ને બદલે મુચ્છાઓ વેરમણં કેમ નહિ ?

ઉ. ૫-પૃ. ૨૨-૨૩. વસ્તુમાત્ર પરિગ્રહ નથી. અમારી પ્રતિજ્ઞા કઈ ? પરિગ્રહથી વિરમવું. આ તો પરિગ્રહ નથી ને ? એમાં અમે મૂર્છા રાખીએ તો મહાવ્રતમાં વાંધો નહિ. ધર્મોપકરણ સિવાયના પદાર્થો લઈએ તો જ વાંધો. આવું થઈ જવા માંડે માટે પરિગ્ગહાઓ વેરમણં રાખ્યું.....અન્યોન્યાશ્રય દૂષણ ટાળવા માટે મહાવ્રતમાં 'પરિગ્ગહાઓ વેરમણં' કહેવું પડયું.

પ્ર. ૬-પૃ. ૨૫. મહાવ્રતો પાંચ કેમ ? ૭ સાત કેમ નહિ ? એક, બે કેમ નહિ ?

ઉ. ૬-પૃ ૩૯. સર્વજ્ઞ જગતનાં પાપને દૂર કરવા માટે કાયદો-મહાવ્રત ઘડે, તેમાં કાયદાની પોલ ન રહે, તેમ પાપપ્રતિઘધકના કાયદામાં પોલ હોવી જોઈએ નહિ. તેથી પંચ મહાવ્રત કર્યાં.

પ્ર. ૭-પૃ. ૨૬. પાંચ મહાવ્રતો છે સીધું કહી દો. જ્યાં બીજું ક્રિયાપદ ન હોય ત્યાં 'અત્થ' મેલી દેવાય છે, છતાં પણત્તા કેમ કહેવું પડયું ?

પૃ. ૬૮. ચાહે પ્રરૂપેલાં હોય કે ન હોય પણ જગતમાં છે કે નહિ ? પ્રરૂપણામાં તત્ત્વ શું ? પંચ મહવ્વયા કહો પણત્તા શબ્દનું શું કામ ?

પૃ. ૬૬, પૃ. ૧૦૫. મહાવીરસ્વામીએ પોતાના નામે લખેલી હુંડી પારકાના નામે કેમ ચઢાવી ? લખે છે પોતે અને પણત્તા કેમ કહે છે ?

ઉ. ૭૬–પૃ ૮૬. પંચપણું અને મહાવ્રતપણું પન્નત્તા કહી નક્કી કરવું છે. આનો ઉત્તર પૃ. ૮૬ પર વિસ્તારથી નીચે પ્રમાણે આપ્યો છે ભગવાન્ મહાવીરના, ઋષભદેવજીના વખતમાં પાંચ મહાવ્રતો પ્રતિજ્ઞાપૂર્વક લેવાનાં છે. જેઓ એક બે મહાવ્રતો કહેતાં હતાં તેને બદલે પાંચપણું અને બાકીને બદલે 'મહાવ્રત' કહેવાં હતાં, માટે પંચ મહવ્વયા એમ કહ્યું.

પૃ. ૬૬. હું જ કહું છું એમ નહિ. બાવીસ તીર્થંકરોએ પણ મહાવ્રતો તો પાંચ જ કહ્યાં છે. ઋષભદેવજીએ અને અનંતા તીર્થંકરોએ મહાવ્રત પાંચ કહ્યાં છે.

પૃ. ૬૮. અનંતા તીર્થંકરો, અનંતા કેવળીઓ જે પ્રરૂપણા કરે છે તે ત્રણે પ્રકારના જીવોને ઉદ્દેશીને કરે છે. તેમણે મહાવ્રતનું પાંચપણું વર્ણવેલું છે તેથી મહાવીર પન્નત્તા કહે છે.

પૃ. ૧૧૫. પ્રજ્ઞપ્તાનિ એમ જણાવી એની સર્વજ્ઞની પ્રજ્ઞાએ ઓળખેલાં એમ છાપ મારી.

પ્રશ્ન ૮–પૃ. ૩૬. ધર્મ એ પુરુષાર્થ છે તે કરવા માટે પાપનો પ્રતિબંધ કરવો જરૂરી છે. તેને અંગે ફાયદો કરવો જરૂરી; પણ તે પાંચ કેમ ? અઢાર કેમ નહિ ? અઢારની જગો પર પાંચમાં કેમ પતાવ્યું ? જો પાંચને માટે કાયદો કરે તો ૧૩ પ્રકારનાને માટે તો છૂટ આપીને ચલાવ્યું એમ કહો છો ને ?

ઉ ૮–પૃ. ૩૬. પાંચ પાપો અઢારે પાપ સ્થાનકના હથિયારો છે. માટે પાંચ મહાવ્રતો ગણાવ્યાં. જો તેમ ન હોત તો અશ્રવના ૪૨ ભેદોમાં અવ્રતને ૧૮ મણવાત ? પણ મહાવ્રતની જગો પર અઢાર જણાવ્યાં નથી. પાંચ, ચરિત્ર પાંચપણું; અને મહાવ્રતપણું વિધેય છે.

પ્ર. ૯–પૃ. ૫૫. મહાવ્રતોનું નિરૂપણ પહેલાં કેમ ? એકેડા વિના સોની વાત કેમ કરો છો ?

ઉ. ૯–પૃ. ૫૫. દેશવિરતિ એ સર્વવિરતિનો અપવાદ છે. જો સર્વવિરતિ ન બને તો દેશવિરતિ, તેથી અપવાદ છે, અપવાદ છે તો કાયદા પછી અપવાદનું કથન હોય. તેમ સર્વ પાપથી નિવર્તાવાનું જણાવ્યા પછી ન નિવર્તી શકે તો થોડાં પાપથી નિવર્તાવાનું કહે છે. માટે પહેલાં મહાવ્રતોનું નિરૂપણ કરે છે,

પ્ર. ૧૦–પૃ ૬૩. નવમા દશમા તીર્થંકરની વચ્ચે શાસનનું સત્યાનાશ વળી ગયું. શાથી ?

ઉ. ૧૦–પૃ. ૬૩. અસંયતિ પૂજાને લીધે, રોડાં-વાળા, કૂબાવાળા ઘૂસી ગયા. તેને પરિણામે શાસનનો વિચ્છેદ થયો.

પ્ર. ૧૧–પૃ. ૬૯. પંચ મહાવ્રતોના માલિક કોણ?

ઉ. ૧૧–પૃ. ૬૯. તીર્થંકર ભગવાન.

પ્ર. ૧૨–પૃ. ૭૦. પંચ મહાવ્રતની કંપનીનો માલિક કોણ ?

ઉ. ૧૨–પૃ. ૭૦. તીર્થંકર ભગવાન.

પ્ર. ૧૩–પૃ. ૭૦. કેવળીના કેવળજ્ઞાનમાં અને તીર્થંકરના કેવળજ્ઞાનમાં ફરક નથી. તો બે માલિક કેમ ન બને ?

ઉ. ૧૩–પૃ. ૭૦–૭૧. એકે જંગલમાં શોધ કરી, એકે રાજધાનીમાં શોધ કરી. જંગલમાં કરેલી શોધ સડી જાય. રાજધાનીની શોધ રજીસ્ટર થાય. 'આ વાત કેવળીના અપમાનને માટે નથી.' જગતને તારવાને અંગે તીર્થંકરની શોધ રજીસ્ટર થઈ કેવળી મહારાજની શોધ રખડી ગઈ.

પ્ર. ૧૪–પૃ. ૭૧. પંચપણું વિધેય શા માટે ?

ઉ. ૧૪–પૃ. ૭૨. 'સંજ્ઞાઓ પાણાઇવાયાઓ' એ વગેરે પાંચે સ્વયં પદાર્થો છે; સંકલનીય પેટાભેદો નથી. તેથી પંચનું વિધાન છે.

પ્ર. ૧૫–પૃ. ૭૬. પાંચમા ઠાણામાં કહ્યું કે અધ્યયનમાં કહ્યું—પંચ મહવ્વયા પણ્ણત્તા કહીને પાંચ મહાવ્રતમાં નવું શું કહ્યું ? શું પાંચપણું, મહાવ્રતપણું, પન્નત્તા એ બધું નવાઈ કરે છે ?

ઉ. ૧૫–પૃ. ૭૬. પાંચપણું અઢારે બાવીસ તીર્થંકરના વારામાં ચારપણું હતું. મહાવીર મહારાજના શાસનમાં પાંચપણું એ નવું.

પ્ર ૧૬-પૃ. ૭૮. સ્વદયાને પર દયારૂપે પહેલું મહાવ્રત લઈ લો કે જેથી બીજાં વ્રતો લેવાની શી જરૂર ?

ઉ. ૧૬ પૃ ૭૮. સ્વદયાનો વિષય મહાવ્રતને અંગે આવતો નથી. જો તે મહાવ્રતનો વિષય લેવામાં આવે તો સામાન્યથી અભવ્ય મિથ્યાદૃષ્ટિને વિરાધક માનવા પડે અને જો તેમ માનીએ તો નવ ગ્રૈવેયક સુધી જાય નહિ.

પ્ર. ૧૭ પૃ ૮૧. અદત્તાદાનવિરમણ બસ છે. કારણ કે કર્મ એણે આપ્યાં છે ?

ઉ ૧૭-પૃ ૮૧-૮૨. આહ્વ-ધાર્મ પદાર્થને અંગે અદત્તાદાન કર્મને અંગે અદત્તનો પ્રસંગ નથી.

પ્ર. ૧૮-પૃ. ૮૨. જો પાંચે મહાવ્રતોનું સાથે આવવું, જવું, ઠકવું, તો પછી પાંચ શું કરવા ? પેટાભેદ પાંચ શા માટે નહિ ?

ઉ. ૧૮-પૃ. ૮૨-૮૩. મહાવ્રતના પાંચે આલંબનો છે. મહાવ્રતો એક રાખી બીજાં વાડરૂપ છે એમ નથી. માટે પાંચ મહાવ્રતોજ છે. એકના નાશે પાંચનો નાશ મનાય છે, પણ તે બધામાં પૃથક્ રૂપ તો રહેલું છે. તેથી પંચ મહાવ્રતા એમ કહેવું પડયું.

પ્ર. ૧૯-પૃ. ૮૬. 'મહાવ્રત' શા માટે ? 'મહા' વિશેષણની જરૂર શી ?

ઉ. ૧૯-પૃ. ૮૬. શ્રાવકોમાં નાનાં વ્રતો છે તેને અંગે આને મહાવ્રતો કહ્યાં છે.

પ્ર. ૨૦-પૃ ૯૨-૯૩. ત્રીજા અંગ-ઠાણાંગમાં પાંચમા ઠાણામાં પાંચ મહાવ્રતોનું નિરૂપણ કરતાં પાંચપણું કેમ ? જો તે ગણાવવાં છે તો પાંચે બોલીને કામ શું ?

ઉ. ૨૦-પૃ ૯૩. આ પાંચે મહાવ્રતો કોઈના પેટાભેદ નથી, સ્વતંત્ર છે તેથી પાંચની જરૂર.

પ્ર. ૨૧-પૃ ૯૩. સાધુને રાત્રિભોજનની વિરતિ મૂળ ગુણરૂપે આવશ્યક છે—એ વિના સાધુપણું નહિ તો પછી છ મહાવ્રતો કેમ નહિ ?

ઉ. ૨૧-પૃ. ૯૪. રાત્રિભોજનવિરમણ એ પ્રાણાતિપાતવિરમણનો પેટાભેદ હોવાથી તેને મહાવ્રત તરીકે જણાવ્યું નહિ, પણ શ્રમણપણાને અંગે મહાવ્રતની જેવું પાલન કરવાનું હોવાથી રાત્રિભોજનવિરમણને મૂળ ગુણમાં ગણ્યું. જરૂરી હોવાથી મૂળ ગુણમાં ગણ્યું. પણ મહાવ્રત ન ગણ્યું.

પ્ર. ૨૨-પૃ. ૯૪. અણુવ્રતમાં 'અણુ' વિશેષણ રાખો, તો મહાવ્રતમાં 'મહા' વિશેષણ શા માટે ?[1]

ઉ. ૨૩-પૃ. ૯૪. શ્રાવકોમાં સ્થૂલ પાપને અંગે અણુવ્રત છે પણ તે સાધુના પેટાભેદ ન બને તેથી મહાવ્રત એમ રાખ્યું.

પ્ર. ૨૩-પૃ. ૯૫. અણુવ્રત થયાં તો મહાવ્રત કેમ ? છને 'વ્રત' કહો અને અણુવ્રત આસ્રવનાં ભેદ મહાવ્રત કહો ત્યારે પેટાભેદ કહેવો નહિ ? 'મહાવ્રત' સંજ્ઞા ન રાખો. 'વ્રત' સંજ્ઞા રાખો. મહાવ્રતપણું કોને અંગે ?

ઉ ૨૩-પૃ. ૯૫-૯૬. 'અણુ' શબ્દ 'મહા' શબ્દના વ્યવચ્છેદ માટે નથી. મહાવ્રતમાં પ્રાણાતિપાતના સર્વથા ત્યાગને ધ્વનિત કરવા માટે 'મહા' શબ્દ છે, અને અંશની વિરતિને ધ્વનિત કરવા માટે 'અણુ' શબ્દ છે.....'મહા' શબ્દ મહાવ્રતની અંદર રહેલા માટે છે પણ અણુના વ્યવચ્છેદ માટે નથી.

પ્ર. ૨૪-પૃ. ૯૬. સર્વને જણાવનાર 'મહા' છે તો 'સર્વ' રાખો કે 'મહા' રાખો. બંને શા માટે ?

ઉ. ૨૪-પૃ ૯૬ અને ૧૦૦. સર્વથા વિરતિની અપેક્ષાએ મહાવ્રતપણું અને મહાવ્રતપણાને અંગે સર્વથા વિરતિ. મહાવ્રતપણું એ ઉદ્દેશ કર્યો છે તથા નિર્દેશમાં 'સર્વ' રખાય..... 'સર્વ' શબ્દ જાતિને અંગે નથી પણ નિરવશેષ સર્વને અંગે છે.

---

૧. પૃ ૨૫ ઉપર 'મહાવ્રત કેમ ?' એ રીતે આ પ્રશ્ન પૂછાયો છે.

૧. પૃ ૨૫-૨૬ માં "બે જગો પર શાનાં વિશેષણ જોડો છો ? બે જગો પર વિશેષણો કેમ ?" એ રીતે આ પ્રશ્ન પૂછાયો છે.

પ્ર. ૨૫–પૃ. ૧૧૨. ધર્મ તો અણગારને હોય તો પછી અગાર ધર્મ કેમ કહ્યો ?

ઉ. ૨૫–પૃ. ૧૧૪ સાધુ ધર્મપક્ષમાં, તેવી રીતે શ્રાવકનો આચાર ધર્માધર્મનો છે, તેને પણ ધર્મ પક્ષમાં ગણ્યો, કારણ દાનત ધર્મ પક્ષમાં છે.

પ્ર. ૨૬–પૃ. ૧૧૫–૧૧૬. અનુક્રમે એક, બે, ત્રણ, ચાર ને પાંચ મહાવ્રત તે કયાં ? તેનું કારણ ?

ઉ. ૨૬–પૃ. ૧૧૬. પહેલા મહાવ્રત સિવાય બીજાનો અંગીકાર નહિ. બીજાના અંગીકાર વિના ત્રીજાનો અંગીકાર નહિ. ઇત્યાદિ.

પ્ર. ૨૭–પૃ. ૧૧૬. તથ્યા શા માટે ?

ઉ. ૨૭–પૃ. ૧૧૬. 'તથ્યા' એમ જણાવે છે કે પહેલાં દુનિયામાં ધનમાલ ચોરવાની ચોરી બંધ કરવી પડે, બીજાં ચોરવાની ચોરી નહિ (પૃ. ૧૬૦)...આજ અનુક્રમ જણાવવા માટે 'તથ્યા' હું કહું છું તેમ, પણ બીજી રીતિએ નહિ.

પ્ર. ૨૮–પૃ. ૧૧૬. પહેલાં પ્રાણાતિપાતવિરમણ એ જ ક્રમ શા માટે ?

ઉ. ૨૮–પૃ. ૧૧૬. મોટાં પાપનાં કારણો એ પહેલાં બંધ કરવાં જોઇએ.

પ્ર. ૨૯–પૃ. ૧૨૩. પહેલા ગણધર તારનાર કે તીર્થંકર તારનાર ?

ઉ. ૨૯–પૃ. ૧૨૩–૧૨૪. ગણધરો તારનાર છે એમ શ્રીમહાવીર ભગવાન શ્રીમુખે જણાવે છે...તીર્થંકરો તીર્થને સ્થાપનારા છે, પણ શાસનને તરવાનું સાધન પહેલા ગણધર.

પ્ર. ૩૦–પૃ. ૧૨૭. મૃષાવાદને પહેલું રાખવામાં આવે તો શો વાંધો ?

ઉ. ૩૦–પૃ. ૧૨૮–૧૨૯. તેવી હિંસાની વિરતિ કર્યા વિના મૃષાવાદની વિરતિ કરે તે ભલે વિરતિરૂપે વિરતિ હોય, પરંતુ ફોતરાં ખાંડવાં જેવી છે....પહેલું મહાવ્રત હોય, સર્વથા પ્રાણાતિપાતથી વિરતિ; બીજાં બધાં બીજપુસ: મૃષાવાદ–અનંતા ગુણ છે તેમાં એક જ્ઞાનગુણ એટલે એક અંશનો વિપર્યાય કરવાની બુદ્ધિ. પણ હિંસા એ તો સર્વ ગુણનો નાશ કરનાર છે. આમ હોવાથી હિંસા એ મહાપાપ એમાં નવાઈ શી ? એ પહેલે નંબરે આવવું જોઇએ.

પ્ર. ૩૧–પૃ. ૧૩૦. જો તેમ છે તો તેને બદલે પ્રાણવધ, હિંસા, જીવવધ કેમ ન વાપર્યાં ?

ઉ. ૩૧–પૃ. ૧૩૦ ગણધરો મોક્ષનાં બારણાં ઊઘાડવા બેઠેલા છે. તેથી દોરવાની નીતિને અંગે પ્રાણાતિપાતવિરમણ મૂકયું છે.

પ્ર. ૩૨–પૃ. ૧૪૪. બ્રહ્મચર્યને ચોથે નંબરે રાખો, એ તો એની કિંમત ગઇ ને ?

ઉ. ૩૨–પૃ. ૧૪૪. પહેલામાં આત્માની નુકશાની; બીજામાં આત્માના ગુણની નુકશાની; ત્રીજામાં પાડોશીની નુકશાની; ચોથામાં શાસનને, ધર્મધ્વજને, સ્વર્ગની સીડીને અને આત્માને પણ નુકશાની; તેમજ પાંચમા–મમત્વભાવ એ દુનિયામાં ડૂબાડનાર છે. તેથી એ જ ક્રમ છે.

પ્ર. ૩૩–પૃ. ૧૫૨. ચોથું પાપસ્થાનક એ બારે પાપસ્થાનકોનો બાપ છે તો પછી એની વિરતિ પ્રથમ કેમ ન લીધી ?

ઉ. ૩૩–પૃ. ૧૫૩. ચોથું અમુકના બચાવ માટે, જ્યારે પહેલું સર્વના બચાવ માટે....(પૃ. ૧૫૪) ચોથું મહાવ્રત જ્ઞાન ઉપર કાબૂ મેળવવો હોય તેને કામનું છે. (પૃ. ૧૫૪)...મૈથુન એ સંયોગ પ્રાસંગિક ચીજ, મૃષાવાદનો પ્રસંગ ચોવીસ કલાકનો. હાલતાં ચાલતાં. (પૃ. ૧૫૫)...ચોથા વ્રતના વિષયથી અલ્પતા હોવાને લીધે અને મૃષાવાદમાં વિષયનું બહુપણું હોવાને લીધે બીજે નંબરે મૃષાવાદવિરતિ રાખવાની જરૂર છે. (પૃ. ૧૫૫)...અદત્તાદાનની અંદર મોટો વિષય છે, તેટલો મૈથુનવિરતિમાં નથી. પ્રાણાતિપાતની વિરતિ સર્વ પ્રાણાનો નાશ તેથી પહેલે નંબરે. આત્માના એક ભાગના એક ગુણને અમુક અંશે લોપનાર મૃષાવાદ તે બીજે નંબરે. મૃષાવાદ સર્વ દ્રવ્ય પર્યાયવિષયક

જ્યારે અદત્તાદાન લેવા મેલવાની ચીજ વિષયક...તેથી બીજે નંબરે ન રાખતાં ત્રીજે નંબરે મૂક્યું. મૈથુન રૂપને રૂપસહગતને માટે તેથી ચોથે નંબરે.

પ્ર. ૩૪-પૃ. ૧૫૩. અહિંસાને પ્રથમ રાખ્યું તે તો ઠીક, પણ બ્રહ્મચર્યને બીજું તો લો. મૃષાવાદને, અદત્તાદાનને વચમાં કેમ ખોસ્યાં ?

ઉ. ૩૪-પૃ. ૧૫૩-૧૫૪ ઉત્તર ઉપર પ્રમાણે જ છે.

પ્ર. ૩૫-પૃ. ૧૫૭. એક મનુષ્યે સાધુને નદી ઉતરતાં દીઠો ત્યાં કહી દીધું કે તમારું મહાવ્રત ગયું. સર્વ પ્રાણાતિપાતનાં પચ્ચક્ખાણ કર્યાં છે કે નહિ અને અહીં હિંસા થાય છે કે નહિ ?

ઉ. ૩૫-પૃ. ૧૫૯. 'સર્વથા પ્રાણાતિપાતથી વિરમવું' તે નય-વાક્ય છે. માટે નદીને છોડીને આ ન મેલ્યું.

પ્ર. ૩૬-પૃ. ૧૬૩. દયાએ, સત્યે, અદત્તાદાને તમારું બગાડ્યું કે જાળી-બારી મૂકી ? ચોથામાં બારી કેમ ન મૂકી ?

ઉ. ૩૬-પૃ. ૧૬૩. આ ત્રણ મહાવ્રતોમાં પરિણતિને પ્રવૃત્તિને જુદી રાખી શકાય છે, માટે સ્યાદ્વાદ કરવો ઉચિત છે, પણ ચોથામાં પ્રવૃત્તિની સાથે પરિણતિ બગડે છે એટલે ઉચિત નથી.

પ્ર. ૩૭-પૃ. ૧૬૩-૧૬૪. પહેલા મહાવ્રતને અંગે, બીજાને અંગે, ત્રીજાને અંગે જાળી, બારી, બાળ, નહેર પણ ચોથા વ્રતને અંગે જાળી, બારી, વગેરે નહિ. આવા ચોથા મહાવ્રતને પહેલે નંબરે ન મૂક્યું ને ચોથા નંબરે કેમ મૂક્યું ?

ઉ. ૩૭-પૃ. ૧૬૪. હિંસા મોક્ષના આચારને આચરતાં વચમાં આવે છે પણ મૈથુન એવી ચીજ નથી કે તમારા આચારની વચમાં આવતી નથી.

પ્ર. ૩૮-પૃ. ૧૬૫. જબરજસ્ત નિરપવાદ મહાવ્રતને ચોથે નંબરે મૂક્યું. જેને પહેલે નંબરે મૂકવું જોઈતું હતું, તેને પણ 'તદ્ યથા' કહીને ચોથે સ્થાને જ મેલવાનું કારણ ?

ઉ. ૩૮-પૃ. ૧૬૫-૧૬૬. પહેલામાં છએ જીવનિકાયની દયા છે. ચોથામાં રૂપને રૂપગત-આકૃતિ, આકૃતિવાળા દ્રવ્ય જ વિષય છે. તે દ્રવ્યો હોવાથી ચોથે સ્થાને તેનો નંબર છે...આર્તધ્યાનમાં ગણ્યા, પણ રૌદ્ર ધ્યાનમાં ગણાય નહિ.

પ્ર. ૩૯-પૃ. ૧૭૮. નવ તત્ત્વમાં સંવર કરતાં નિર્જરાને આગળ સ્થાન કેમ નહિ ?

ઉ. ૩૯-પૃ. ૧૭૯-૧૮૦. સંવર એ જ ખરેખર નિર્જરાનું કાર્ય કરનાર...સંવરનો પ્રભાવ જબરજસ્ત છે, તે જ અપેક્ષાએ પાંચ મહાવ્રત એ સંવરરૂપ છે તેથી સંવરનું નિરૂપણ કરવામાં આવ્યું.

પ્ર. ૪૦-પૃ. ૧૮૧. આરંભ અને પરિગ્રહ તેમાં પરિગ્રહ એ જડ છે. એ પરિગ્રહને છેલ્લા નંબરે કયાંથી નાંખ્યો ?

ઉ. ૪૦-પૃ. ૧૮૧. ચાર મહાવ્રતોનું બળ ન મળ્યું તો મમતા—ભાવમાં ઘૂસી જાત. માટે પરિગ્રહવિરતિને પાંચમે સ્થાનકે મેળવી પડે છે.

પ્ર. ૪૧-પૃ. ૧૮૩. વિચારની સુંદરતા એ શાસ્ત્રકારનું ધ્યેય છે તો પહેલાં શાસ્ત્રકારે સૂયગડાંજી કેમ ન કર્યું ?

ઉ. ૪૧-પૃ. ૧૮૬-૧૮૭. આચારને સજ્જડ પકડે તે જ વિચારમાં સજ્જડ થશે. આથી પહેલું આચારાંગ કર્યું....આચારમાં ઓતપ્રોત થાય ત્યારે તેના વિચારને સુધારો કરવાની જરૂર. તેથી આચારાંગ પછી સૂયગડાંગ.

પ્ર. ૪૨-પૃ. ૧૮૭. પૂજા-પ્રભાવનાનું નિરૂપણ કરતા પાંચ મહાવ્રતોનું નિરૂપણ કેમ ?

ઉ. ૪૨-પૃ. ૧૯૦. દેવ, ગુરુ ને ધર્મની જડ મહાવ્રતને અંગે છે માટે પહેલાં મહાવ્રત જણાવ્યાં.

પ્ર. ૪૩-પૃ. ૧૯૪. પરિગ્રહવિરમણ પાંચમે નંબરે કેમ ?

ઉ. ૪૩-પૃ. ૧૯૭. મૂર્છા છોડવાનો વખત લાવવા માટે બહારની વસ્તુ છોડવાની જરૂર. અલ્પ, બહુ છોડવા તેથી પાંચમે નંબરે તે રાખ્યું. હિંસા વગેરે ચારમાં

બાંધનાર બનતો પણ પરિગ્રહમાં લેનારનું જ બગડે. મૂર્છા કરનારનું બગડે.

પ્ર. ૪૪–પૃ. ૧૬૬. 'મહા'નો અર્થ 'સર્વથી' વિરતિ. પાંચ પાપની સર્વથી વિરતિ થઈ પણ અઢારની કરવી હોયને તે અઢાર છોડવાનાં તેમાં પાંચ છોડ્યા તેથી સર્વવિરતિ કયાંથી આવી ગઈ ?

ઉ. ૪૪–પૃ. ૧૬૬. અઢાર ચોરનાં કર્મરાજાએ માંડેલાં છે પણ તે બધાનું મુખ્ય સ્થાન આ પાંચ.

પ્ર. ૪૫–પૃ. ૧૬૬. પરિગ્રહવિરમણ નામ શા માટે રાખ્યું ? 'પરિ' ઉપસર્ગ શા માટે છે ?

ઉ. ૪૫–પૃ. ૧૬૬ અને ૨૦૬. 'પરિ' ઉપસર્ગથી વિશિષ્ટ એમ જણાવી. સંયમ–ઉપકરણ સિવાય એમ જણાવ્યું...પાંચમાની અંદર સાધન સિવાયની ચીજ લેવાની બંધ, તેથી 'પરિગ્રહ' નામ રાખ્યું.

પ્ર. ૪૬–પૃ. ૧૬૬. પરિગ્રહ વેરમણને બદલે મુર્છાએ વેરમણ કેમ નહિ ?

ઉ. ૪૬–પૃ. ૧૬૬. જેની પાસે જે વખતે જે હોય તેમાં જે જકાય તે 'મૂર્છા...જકડાઈ જવાનો સંભવ અગિયારમા સુધી. તો અગિયારમા સુધી પાંચ મહાવ્રત ન દેવાં ?

પ્ર. ૪૭–પૃ. ૨૨૦ કોઈ જગ્યા પર શ્રાવકના એકવીસ ગુણ કહ્યા ને કોઈ જગ્યા પર માર્ગાનુસારીના પાંત્રીસ ગુણ કહ્યા તો માનવા કયા ?

ઉ. ૪૭–પૃ. ૨૨૧. કુટુંબને તૈયાર કરવા માટે માર્ગાનુસારીના પાંત્રીસ ગુણો અને તમારા આત્માને તૈયાર કરવા માટે એકવીસ ગુણો.....વ્યકિત તરીકે એકવીસ ગુણો, મૈત્રીભાવ તરીકે પાંત્રીસ ગુણોની જરૂર.

પ્ર. ૪૮–પૃ. ૨૨૪. દ્રવ્યહિંસાથી વિરમાવો છો તેનું નામ આપવાનું અહિંસાવ્રત ? 'પ્રાણાતિપાત' શબ્દ લીધો એટલે બદ્દોબસ્ત કર્યો ખાળનો ને દરવાજે કાંઈ નહિ. ખાળે ચોકીદાર કે બીજું કંઈ ?

ઉ. ૪૮–પૃ. ૨૨૫. પ્રમત્તયોગ એ બારમાં રહેલો છે, માટે સાધારણ કારણ. પ્રમત્તયોગ સાધારણ કારણ હોવાથી તેનાથી વ્યપદેશ કર્યો નહિ. પ્રાણનું વ્યપરોપણ એ અસાધારણ કારણ છે પહેલા મહાવ્રતમાં સર્વથા પ્રાણાતિપાતથી વિરમવાનું કહ્યું. અસાધારણથી વ્યપદેશ થાય. મહાવ્રત તરીકેનો વ્યપદેશ અસાધારણ કારણનો કરવો તેથી તે વ્યપદેશ કર્યો.

પ્ર. ૪૯–પૃ. ૨૩૬. પ્રાણાતિપાતવિરમણ એ નામ કેમ રાખ્યું ? હિંસા (વિરમણ) કેમ ન રાખ્યું ?

ઉ. ૪૯–પૃ. ૨૩૯. આચારને અંગે સૂત્ર રચાયેલું છે તેથી 'હિંસા' શબ્દ ન લેતાં 'પ્રાણાતિપાત' શબ્દ લીધો.

પ્ર. ૫૦–પૃ. ૨૩૯. જીવાઇવાયાઓ કેમ કહેતા નથી ને પ્રાણાતિપાત એમ કેમ કહો છો ?

ઉ. ૫૦–પૃ. ૨૬૪. ઉત્સર્ગ અને અપવાદ 'પ્રાણાતિપાત' શબ્દ રાખો તો નીકળે. 'જીવાતિપાત' શબ્દ રાખો તો ન નીકળે. (પૃ ૨૬૫) જીવાતિપાત રાખો તો પડિલેહણ, પ્રમાર્જનને દેશવટો દેવો પડે. ઉત્સર્ગ, અપવાદને અંગે વિચાર કરીએ. જીવને હિંસાએ ત્રસ ને સ્થાવર સરખા છે. પ્રાણોનો હિસાબ સરખો નથી. અહીં જીવનો હિસાબ નથી. તેથી પ્રાણાતિપાતવિરમણ રાખ્યું. (પૃ. ૨૬૫) દ્રવ્યપ્રાણમાં નહિ રહેતાં ભાવપ્રાણમાં આવશો ત્યારે પ્રાણાતિપાતવિરમણ કેમ રાખ્યું તે ખ્યાલમાં આવશે.

પ્ર. ૫૧–પૃ. ૨૫૧. પ્રાણાતિપાતવિરમણ કેમ કહ્યું ? જીવહિંસા (વિરમણ) કેમ કહ્યું નહિ ?

ઉ. ૫૧–પૃ. ૨૬૨. જીવનો નાશ બન્યો નથી, બનશે નહિ અને બને નહિ. જીવથી વિરમણ ન કહ્યું તેથી પ્રાણાતિપાતવિરમણ કહ્યું.

પ્ર. ૫૨–પૃ. ૨૫૨. 'હિંસા' ન રાખીએ ને 'વધ' શબ્દ રાખ્યો હોત તો ?

ઉ. ૫૨–પૃ ૨૮૦. 'વધ' શબ્દ હિંસાની વાસે લટકયો છે...હિંસાની સિદ્ધિ પ્રમાણે વધની સિદ્ધિ છે.

પ્ર. ૫૩–પૃ. ૨૫૨. પહેલે બધે જીવવહાઓ વેરમણ કહી દો, પછી પાણાઇવાય લાંબો થું કામ ?

ઉ. ૫૩–પૃ. ૨૫૨. વધ એ જગતમાં વર્જ્યો અસંભવિત છે. સયોગિ, અયોગિ કેવલીની દશા વિચારીએ તો ત્યાં પણ પર્યાયનો નાશ અને દુઃખની ઉત્પત્તિ એ બે વર્જી શકાતાં નથી. છતાં જળમાં સિદ્ધ થયેલા, દરિયામાં, નદીમાં સિદ્ધ થયેલા આપણે માનીએ છીએ (પૃ. ૨૫૩)...સર્વ પ્રાણાતિપાતવિરમણ એ પ્રતિજ્ઞાનો વિષય છે. (પૃ. ૨૬૨)...પ્રાણવ્યપરોપણથી વિરમણ કહીએ છીએ. જીવના વધથી વિરમવાવાળાને જીવનો વધ જ થતો નથી. કારણ કે અનાદિ નિધન જીવ છે. તેથી જીવવહાઓ વેરમણ અસંભવિત. જો એમ કહીએ તો જીવને 'અનિત્ય' માનવો પડે.

પ્ર. ૫૪–પૃ. ૨૭૯. પહેલું જ્ઞાન જ છે એટલે બધામાં આવી જતું હતું તો તઓ દયા મેલવાનું કારણ? તઓ દયા કેમ મેલ્યું?

ઉ. ૫૪–પૃ. ૨૭૮. જે જ્ઞાન, દયા, વિરતિ, સંયમનું સાધન બને તેને લેવા માંગીએ છીએ તેથી તઓ દયા કહેવું પડયું.

પ્ર. ૫૫–પૃ. ૨૭૯. હિંસા મે વધ શબ્દ છોડયા, ને પ્રાણાતિપાત ક્યાંથી પકડયો?

પ્ર. ૫૫–પૃ. ૨૮૦. પ્રમત્તપણું આત્મા સિવાય રહેવાનું નથી તો પછી હિંસાના નામે પ્રમત્ત દશાના પચ્ચક્ખાણ કરવામાં આવે. એ પચ્ચક્ખાણ થાય તો પાડવા માટે અને આથી જ હિંસાથી વિરમણ ન રાખ્યું, પણ પ્રાણાતિપાત–વિરમણ' કહ્યું.

પ્ર. ૫૬–પૃ. ૨૮૦–૨૮૧. 'અતિપાત' લીધો તો જીવાતિપાત કેમ ન લીધો?

ઉ. ૫૬–પૃ ૨૮૧. જીવાતિપાત અસંભવિત..... જીવનું સ્વરૂપ મરવું નથી. તેથી પ્રાણાતિપાત રાખ્યું... 'પ્રાણ' શબ્દ રાખ્યો તો જ ફાવ્યા. 'જીવ' શબ્દ રાખ્યો હોત તો દ્રવ્ય–જીવ ને ભાવ–જીવ એવા વિભાગ થઈ શકતે નહિ.

પ્ર. ૫૭–પૃ. ૨૯૨. પ્રાણાતિપાત કેમ રાખ્યું?

ઉ ૫૭–પૃ. ૨૯૨. જીવ કોઇ દિવસ મરતો નથી. તેનાથી વિરમવાનું હોય નહિ તેથી 'પ્રાણ' શબ્દ રાખ્યો.

પ્ર. ૫૮–પૃ ૨૯૩ 'અતિપાત' ને બદલે પાત શબ્દ રાખ્યો હોત તો કેમ?

ઉ. ૫૮–પૃ. ૨૯૩. સ્વતંત્ર 'પાત' શબ્દ એટલે અધઃપતનમાં જાય. 'અતિપાતન' એટલે 'નાશ.'

પ્ર. ૫૯–પૃ. ૩૦૨. જે મનુષ્યો પાપ કરતા નથી તેઓને પાપ કરવાનું બંધ કરો એમ કહી શકાય?

ઉ. ૫૯–પૃ. ૩૦૨. જે હિંસા નથી કરતા તેને અહિંસાનો સંસર્ગ છે.

પ્ર. ૬૦–પૃ. ૩૦૩. 'સર્વ' વિશેષણની જરૂર શી?

ઉ. ૬૦–પૃ ૩૦૪. પ્રાણાતિપાતવિરમણ એમાં મહાવ્રતનો ધ્વનિ નથી, જ્યારે 'સર્વ' આવે ત્યારે મહાવ્રતનો ધ્વનિ છે....સર્વ પ્રકારની હિંસા છોડવા માટે 'સર્વ' મેલવાની જરૂર છે...પ્રાણાતિપાતમાં પ્રાણાતિપાતની એક વસ્તુ છોડી દે, તો તેથી પ્રાણાતિપાતનું વિરમણ થઈ જાય એવું કોઇ કહે તેથી મહત્ત્વના ઉદ્દેશમાં જણાવી ઉત્તરમાં 'સર્વ' કહ્યું અને તેથી નિરવિશેષ 'સર્વ' લેવું એમ જણાવ્યું છે. તેથી 'સર્વ' શબ્દ મેલવો જોઇએ. મહાવ્રત લેવું જોઈએ.

પ્ર. ૬૧–પૃ. ૩૦૪. 'વેરમણ'નો અર્થ શો?

ઉ. ૬૧–પૃ. ૩૦૪–૩૦૫. વેરમણ એટલે વિરમવું. નહિ કે વિરમણથી વિશેષે રમણ વિરમણ એવો અર્થ... વિશેષે લેવું હોય તો સપ્તમી લેવી પડે. પંચમી વિભાગમાં તો વિરમણનો 'પાછું હઠવું' એ અર્થ કર્યા સિવાય છૂટકો નથી.

પ્ર. ૬૨–પૃ. ૩૦૫. સર્વ પ્રાણાતિપાતનો 'ત્યાગ' કહેવો હતો ને? 'ત્યાગ' શબ્દ રાખ્યો હોત તો 'મોટો' શબ્દ ન લેવો પડત ને પંચમી પણ ન લેવી પડત.

ઉ. ૬૨–પૃ. ૩૦૫. આત્માથી હિંસા ખસતી નથી; હિંસાથી આત્મા ખસે છે. તેને માટે પ્રાણાતિપાત–વિરમણ. (પૃ. ૩૦૮) પાપ જીવને છોડે નહિ. જીવને જ

પાપ છોડવું પડે. તેથી પ્રાણાતિપાત-વિરમણ કહેવું પડ્યું. (પૃ. ૩૦૮) જીવે તો જરૂર નીકળી જવું જ જોઇએ. એ જરૂરિયાત જાણવાને અંગે અહીં પંચમી છે. (પૃ. ૩૦૮) અવિરતિથી કર્મો આવતાં હતાં એમ 'વિરમણ' શબ્દ અવિરતિનો ખ્યાલ લાવે. આથી અવિરતિથી કર્મો આવે છે એમ જાણીને, એનાથી ડરીને, અને એ કર્મ બંધ કરવાને 'વિરમણ' શબ્દ જોઇવાની જરૂર છે. (પૃ. ૩૧૨) 'વેરમણ' શબ્દ એકલો વ્યુત્પત્તિ અર્થને લેનારો નથી. (પૃ. ૩૧૨) યૌગિક શબ્દ હોય તો ત્યાગ ખુશીથી લેવાય.

પ્ર. ૬૩–પૃ. ૩૦૫. ત્યાગ ન લેવાનું કારણ શું?

ઉ. ૬૩–પૃ. ૩૧૨. વેરમણ શબ્દ યૌગિક હોત તો ત્યાગ ખુશીથી લેવાય.

પ્ર. ૬૪–પૃ. ૩૦૫. પંચમી શા માટે?

ઉ. ૬૪–પૃ. ૩૦૮. જીવે તો નીકળી જ જવું જોઇએ. એ જરૂરિયાત જાણવાને અંગે અહીં પંચમી છે.

પ્ર. ૬૫ પૃ. ૩૧૧ વેરમણં શું કરવા? નિવર્તન રાખ્યો હોત તો અર્થ આવત કે નહિ? વેરમણં શબ્દ કેમ પકડો છો? દશવૈકાલિક, આચારાંગ ને પક્ખી-સૂત્રમાં એ શબ્દ કેમ પકડો છો?

ઉ. ૬૫–પૃ. ૩૧૩. સૂક્ષ્મ એકેંદ્રિય અને સિદ્ધને સ્વરૂપહિંસા=દ્રવ્યહિંસા નહિ. હિંસાના કરનારા થાય નહિ, હિંસા ન કરવી તેટલા માત્રનું નામ 'મહાવ્રત' કહેવામાં આવે તો તેઓ મહાવ્રતધારી અહિંસક થાય, માટે હિંસા પરિહાર, હિંસા ત્યાગ એ મહાવ્રતના શબ્દોમાં ન રાખ્યું પણ વેરમણ શબ્દ રાખ્યો. (પૃ. ૩૧૩) અકરણ, ત્યાગ એ બધા યૌગિક છે. (પૃ. ૩૧૩) 'વિરમણ' સામાન્ય નિવૃત્તિ અર્થને રાખનારો નથી. વિશિષ્ટ નિવૃત્તિને કહેનારો છે. ज्ञात्वाऽभ्युपेत्याकरणं. 'વિરમણ' શબ્દ મેલીને ત્રણ વસ્તુ ખેંચી છે. (પૃ. ૩૧૪) સૂક્ષ્મ અને બાદરને જાણવા તે વિરમણનો પહેલો અંશ છે. પ્રતિજ્ઞા કરવી તે બીજો અંશ છે. ન કરવું તે ત્રીજો અંશ છે.) (પૃ. ૩૧૬) 'વેરમણ' શબ્દ રાખ્યો તે એટલા માટે કે હું એકલો કરતો નથી. ત્રણને લઇને કરું છું. (પૃ. ૩૧૬) પાપ જાણીને પાપની પ્રતિજ્ઞા કરીને પાપથી દૂર રહેવું. પાપને જાણવું, માનવું અને પાપ ન કરવાની પ્રતિજ્ઞા કરવી. તેમ કરીને તેનાથી દૂર રહેવું તેનું નામ 'વિરમણ'.

પ્ર. ૬૬–પૃ. ૩૧૪. અનંત કાળ તે (હિંસા) ન કર્યા છતાં રખડવામાં કાઢ્યો. ન કર્યા છતાં રખડવાનું કેમ?

ઉ. ૬૬–પૃ. ૩૧૪. અવિરતિ હોવાને લીધે.

પ્ર. ૬૭–પૃ. ૩૧૪. આ જીવ અનાદિ કાળથી સૂક્ષ્મ નિગોદમાં હતો. કઇ હિંસા વગેરે કર્યા હતાં કે જેથી સૂક્ષ્મ નિગોદમાં હતો?

ઉ. ૬૭–પૃ. ૩૧૪. પાપનાં પચ્ચક્ખાણ ન કર્યાં તે માટે.

ત્યારે બહુલઘુલા પરિપક્વ-બુદ્ધિમાનો અને ડાહ્યા માણસો પણ મહા મુંઝવણમાં મુકાઈ જાય છે. એ ભૂલવા જેવું નથી.

પચાશ વર્ષ ઉપરાંતના કાલ સુધી એક આંતરિક ગૂઢ ગુંચને ચેતી આપણી રાખી કે જ્યારે ભગવાન્ શ્રી મહાવીર મળ્યા, અને વાણી શ્રવણ કરી ત્યારે જ તે આંતરિક-ગૂઢ-ગુંચને અભેદ્ય માનનાર શ્રી ઇન્દ્રભૂતિ ભેદના ભાગ્યશાળિ થયા. પૂર્વગ્રહાદિ પાશથી અલગ રહેલી આંતરિક ગાંઠોને સદ્ગુરુની વાણીના શ્રવણ-મનન-પરિશીલનાદિથી ચોંચી હોય તો દીર્ઘ પડતા વિલંબ થતો નથી, અને માનસિક બોજો ઓછો પણ થાય છે, પરંતુ તે આંતરિક ગાંઠો ગૂઢ-કઠિન-અને અભેદ્ય બને છે, સાથે સાથે પૂર્વગ્રહને પરિપક્વ બનાવવાના સાધન-સંયોગ-પ્રાપ્તિઓ તેને આવી મળે છે; ત્યારે તે આત્મા તે ગાંઠને વધુને વધુ કઠિન અને અભેદ્ય બનાવીને માયાના મહાસામ્રાજ્યનો માલીક બને છે.

માયાના મહાસામ્રાજ્યના માલીક બનેલા આત્માઓ પોતાની આંતરિક ગૂઢ કઠિન અભેદ્ય ગાંઠને વધુ પોષણ કરીને આગે કદમ કૂચ કરે છે, અને પોતાની કમનસીબના ગીત ગાનાં ગાતાં ગાતાં અંતમાં વિનાશની વિશાળ—ખાઈમાં પટકાય છે. કારણ કે તે પ્રસંગમાં સદ્ગુરુના વચનો, હિત શિક્ષાઓ; સલાહો અને સૂચનાઓ લગભગ ઇષ્ટસિદ્ધિ માટે બેતમીજ નીવડે છે.

આગ્રહની આંધીમાં અટવાઈ જતાં પહેલાં વર્તમાન-ભાવિ પરિણામનો **સુવિવેકશીલ આત્માઓએ** વિચાર કરવો જરૂરીનો છે, અને આંતરિક ગાંઠો ગૂઢ-કઠિન અને અભેદ્ય ન બને તે માટે ખૂબ ખૂબ સાવધ રહેવાની જરૂર છે. એટલું જ નહિં પણ વર્તમાનકાલીન-શાસનને અને શાસનના અંગોપાંગને છિન્નભિન્ન દશામાં મૂકનાર આંતરિક ગૂઢ ગાંઠોના ઇજા-રો જ જવાબદાર છે, માટે **સુવિવેકશીલ આત્માએ** મળેલ માનવજીવન અને સફળ કરવાના સાધન-સામગ્રી-સંયોગો પામીને સ્વપર હિતકર પ્રવૃત્તિઓમાં સર્વદા સર્વત્ર ઉદ્યમશીલ રહેવું જરૂરીનું છે.

[ટાઇટલ ૨ જા પેજથી ચાલુ]

૬૯૬. આરતિકયતાના અસ્ખલિત-આંદોલનોથી આનંદિત થયેલો આત્મા વિચાર ધર્મની દ્વિતીય ભૂમિકારૂપ અનુકંપાનું આસ્વાદન કરે છે.

૬૯૭. "ધર્મ-ધન વગરનો ધનવાન્ નિર્ધન છે, અને ધર્મ-ધનવાળો નિર્ધન ધનવાન્ છે" આ વિચારોના તરંગોથી તરંગિત થયેલો આત્મા ભાવ-અનુકંપાથી ભાવિત થાય છે.

૬૯૮. જેના હૃદય મંદિરમાં ભાવ અનુકંપાની ભરતી ઓટ વગરની આવિર્ભાવ થાય છે, ત્યારે તે આત્મા નિર્વેદરૂપ નિર્મળ નીરનું પાન કરીને અનાદિની તૃષા શાન્ત કરે છે.

૬૯૯. જેના હૃદય મંદિરમાં નિર્વેદના નિર્મળ-તરંગોની ઉર્મિઓ ઉછળતી નથી, તેના જીવનમાં સંવેગનો આવિર્ભાવ થવો એ સેંકડો કોષ દૂર છે.

૭૦૦. જિન મંદિરમાં પ્રભુ પાસે 'भवनिव्वओ' પાઠ બોલનાર-ભક્તને ભવનિર્વેદનો ભવ્ય ભાવ હજુ સુધી સમજાતો નથી એજ ખેદનો વિષય છે.

મુદ્રકઃ—મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ—ગાંધીચોક, સુરત.
પ્રકાશકઃ—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઇ.

સુધા-વર્ષા.

આલેખનકાર:—સુધાવર્ષી-પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણી.દ.

૬૭૭. અધિકાર વગરની વાતો કરનારને પોતાનો અધિકાર શો છે? એનું જેને જ્ઞાન નથી, તેવાઓને વર્તમાન-ભાવિપરિણામ તપાસવાની તાકાત નથી, અને તેવાઓ સાથે વિચાર-વિનિમય કરવો તે સ્વ-પરઘાતક પ્રવૃત્તિ છે; માટે કલ્યાણકાંક્ષિ-આત્માઓએ સાવધાની પૂર્વક વર્તવું એજ સર્વદા-સર્વત્ર હિતાવહ છે.

૬૭૮. વિનયાદિ ગુણો શાસ્ત્રકથિત મર્યાદાશીલ હોય છે, ત્યારે તે ગુણો સર્વદા સ્વ-પર હિતકારક બને છે, પરંતુ મેલી—મુરાદોને પાર પાડવા માટે વિનયાદિ ગુણોનો બાહ્ય-આડંબર જોરદાર બને છે; ત્યારે તે સ્વ-પરહિતના વિઘાતક બને છે તે બીના સર્વદા સ્મૃતિ-પથમાં સ્થિર કરવા જેવી છે.

૬૭૯. વિનયાદિ ગુણમાં વિશેષતઃ વૃદ્ધિ પામેલો, અને વિનય રત્નની પદ્વી પામેલો વિનેય ઉદ્ધાયન રાજાનું કરપીણ ખૂન કરે છે, ત્યારે તેજ વિનયાદિ મર્યાદાહીન અવસ્થાને અનુસરીને સ્વ-પર હિતના વિઘાતક બને છે એ વાત શાસ્ત્ર સુપ્રસિદ્ધજ છે.

૬૮૦. ગુણવાનોના અનેકાનેક ગુણોમાંથી કોઇપણ ગુણની અનુમોદના કરવીજ નહિં, કેવળ ઇર્ષ્યાદિકના પ્રબળ પ્રભાવે અધમ વૃત્તિથી અવગુણ શોધવાની, જાહેર કરવાની, પ્રચાર કરવાની, અને આંશિક અણુસમ અવગુણોને મેરૂ સમાન બતાવીને ગુણવાનોની અપ-ભ્રાજના કરવી તે ખરેખર માનવ જીવનમાં પાપમય પાશવતાનો પૂરેપૂરો પ્રવેશ થયો છે એમ સમજવું યુક્તિ યુકત-સુસંગત છે.

૬૮૧. સર્વસ્વ-સમર્પણ કરવાની ભાવનાવાળા ભાવુકોએ "સર્વસ્વ-સમર્પણ" એ આલેખન પુરતું કે ઉચ્ચાર પુરતું ન રહે તેની ખૂબ ખૂબ સાવધાની રખાય તોજ સર્વસ્વ સમર્પણ દ્વારાએ ઇષ્ટ સિદ્ધિની પ્રાપ્તિ થાય.

૬૮૨. સર્વસ્વ સમર્પણ કરનાર શિષ્યાદિ કે સ્વીકારનાર સદ્ગુરૂવર્યાદિ પ્રત્યે અનન્યભાવે સર્વદા વર્તવા ઉદ્યમશીલ રહેવું.

૬૮૩. અવસરે ઉચ્ચારેલું વચન, અવસરે દીધેલું દાન. અને અવસરે થયેલી અલ્પવૃષ્ટિ પણ અચિન્ત્ય ચિન્તામણિની જેમ ફલદાયિ નીવડે છે.

૬૮૪. સદ્ગુરૂ પ્રતિ અનન્યભાવે જીવન જીવવાની અભિલાષાવાળા શિષ્યાદિકે બાલ્યભાવે, ૧. યથાર્થ કથન કરી દેવું, ૨. અવંચકભાવે ત્રિવિધ યોગની પ્રવૃત્તિ કરવી, ૧. થયેલાં પાતકોનું પ્રકટન કરવું, અને ૪ સારભૂત સદ્ભાવથી શાસન માન્ય પ્રિય મૈત્રી ભાવે વર્તવું; અને એ ચારે પ્રકારે પુનીત જીવન જીવવા માટે શિષ્યાદિકે આ ઋજુવ્યવહારને= સરળ વ્યવહારને અનુસરવું.

[વધુ માટે જુવો ટાઇટલ પેજ ૨ જો.]

પ. પૂ. શ્રીકૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર

શ્રી સિદ્ધચક્ર.

ॐ नमः सिद्धचक्राय, शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ આ૦ બો૦ મંગલમ્ ॥

ભાવાર્થ:—શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ, અને સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે. —આ. બો.

આરાધ્યપદની પ્રાપ્તિ

આલેખનકાર:—**મુંબઇવર્ષી-પૂ પંન્યાસપ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.**

શ્રી નવપદની આરાધના કરનારાઓ શ્રી અરિહંતાદિ નવે પદોની નવે દિવસે અનુક્રમે આરાધના કરે છે. આરાધનામાં એક એક પદના દર્શન કરે છે, વન્દના કરે છે, વાસ ક્ષેપથી પૂજન કરે છે, અષ્ટ પ્રકારના દ્રવ્યોથી સત્કારે છે, વિનયાદિ કરણી દ્વારા સન્માને છે, તે તે પદની નવકારવાળીઓનો બે હજારની સંખ્યામાં જાપ જપે છે, કાઉસગ્ગ કરે છે, ખમાસમણા દે છે, ઉભય ટંક પ્રતિલેખન કરે છે, ત્રણ ટંક દેવવંદન કરે છે, પૂજા ભણાવે છે, શ્રીપાળનો રાસ અગર ચરિત્ર સાંભળે છે; અને સાડા ચાર વર્ષે તે તપની આરાધના પુરી કરી ઉજમણાદિ મહોત્સવ કરીને તે તપની પૂર્ણાહુતિ થઇ સમજે છે. વ્યવહાર માત્રથી આરાધના પુરી થઇ, પણ આરાધના પૂર્ણ થઈ છે એ ત્યારેજ કહેવાય કે આરાધકો આરાધ્ય પદની પ્રાપ્તિ કરી શકયા હોય, અગર આરાધકોએ આરાધ્ય પદ પ્રાપ્તિની ઝળહળાટ સન્મુખ દશા પ્રાપ્ત કરી હોય આરાધકોને આરાધ્ય પદ પ્રાપ્તિની તમન્ના જાગીજ નથી, અને આરાધ્યપદ-પ્રાપ્તિની તમન્ના જાગે ત્યારે તો પ્રાપ્તિ માટેનો નિશ્ચય અને

[વધુ માટે જુવો ટાઇટલ પેજ ૨ જો.]

વી. સં. ૨૪૭૫
વિ. સં. ૨૦૦૫
વર્ષ ૧૫-અંક-૭

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખ મેમણ સ્ટ્રીટ—મુંબઇ.

વાર્ષિક લવાજમ
૩. ૩-૦-૦
છુટક નકલ એકના
૩. ૦—૪—૬

(ટાઇટલ ઉપરથી ચાલુ)

ક્રિયા સંબન્ધના સૂત્રો ને તેના અર્થો ને સૂત્ર અર્થ સંબન્ધનો વિષય અથવા જીનમૂર્તિમાં દૃષ્ટિ સ્થાપનરૂપ વિષય એ બધામાં એકાગ્રતારૂપ એક ઉપયોગ શી રીતે સંભવે કારણ કે એક ટાઇમે એક જીવને અનેક ઉપયોગનો અભાવ છે તો પછી સર્વત્ર ક્રિયાદિને વિષે પ્રણિધાન (એકાગ્રતા) કરવું એમ કેમ કહ્યું ?

ઉત્તર ૫૪–અહિં ઉભાડીયાનું દૃષ્ટાંત આપીને જણાવે છે કે નાના બચ્ચાઓ એક સાંઠીને સલગાવીને ગોળ (ચક્રાકારે) ફેરવે તે વખતે અગ્નિમય ચક્ર દેખાય છે એટલે મુલ જ્વાલામાં અસંબન્ધપણું હોવા છતાં પણ કંઇક સંબંધતા હોય તેવું જણાય છે કારણ કે પરિણામાંતર થયેલા જ્વાલાના પરમાણુઓનો અવશ્ય સદ્ભાવ છે અથવા બીજુ દૃષ્ટાંત આપી સમજાવે છે કે ઘરમાં રહેલા દીવાનો પ્રકાશ ઘરની બહાર સ્પષ્ટપણે નથી દેખાતો છતાં પ્રકાશ છે આવી રીતે ક્રિયાદિ કોઇ સ્થાનને વિષે જણાતું એવું પણ પ્રણિધાન (એકાગ્રતા) બીજે ઠેકાણે પણ અસ્પષ્ટપણે છે. એમ સમજવું અથવા જ્વાલાવાલું ઉભાડીયું શીઘ્ર ફરતું હોવાથી પોતાના સ્થાનથી બીજે સ્થાને પણ છે એમ જણાય છે તેવી રીતે પ્રણિધાન પણ સ્વરૂપથી એક ઠેકાણે હોવા છતાં શીઘ્રતાને લીધે સર્વત્ર જણાય છે માટે सव्वत्थवि पणिहाणं કહ્યું તે વ્યાજબીજ છે.

પૃ ૧૦૩, પં. ૮, પ્રશ્ન ૫૫–अथकस्माद्वयक्ततया० इत्यादिना–

વંદનાને વિષે મુદ્રાસ્થાન આદિ આત્યાન્તિક પ્રયત્નની શી જરૂર છે ?

ઉત્તર, ૫૫–ક્ષાયોપશમિક ભાવ એટલે મિથ્યાત્વ મોહનીય આદિ કર્મોના વિગમ વિશેષથી થયેલો આત્મ પરિણામ મોક્ષના હેતુમાં કારણભૂત છે પરંતુ કષાય વેદ અને લેશ્યા આદિ લાભની માફક ઔદયિક ભાવવાલા નથી. એટલે જે કર્મો ક્ષયોપશમીક છે તે કર્મોનો હ્રાસ કરવો હોય તો પરમ આદર પૂર્વક ને વિધિ પૂર્વક ચૈત્યવંદન આદિ શુભ અનુષ્ઠાન કરવું કે જેથી કર્મોનો ક્ષયોપશમ થાય. વળી તેવા પ્રકારના કર્મોદયથી પતિત પરિણામી આત્મા પણ જો પરમ આદર પૂર્વકને વિધિપૂર્વક ચૈત્યવંદન આદિ શુભ અનુષ્ઠાન કરે તો ફરીથી તે શુભ પરિણામની પ્રાપ્તિ થાય છે તો પછી શુભ પરિણામવાલા આત્માનો ઉપર મુજબ અનુષ્ઠાન કરતો મોક્ષના હેતુ ભૂત શુભ પરિણામની અવશ્ય વૃદ્ધિ થાયજ માટે વંદનાના વિષે આદર કરવો તે મોગ્યજ છે.

[ટાઇટલ ૧ લા પેજથી ચાલુ]

પ્રવૃત્તિ થઇ થાય છે. આરાધ્ય પદ પ્રાપ્તિનો નિશ્ચય થયા પછી આરાધ્ય પદ પ્રાપ્તિ માટે આરાધકોએ આરાધ્ય વચ્ચેનો વાસ્તવિક ભેદ સમજવો જરૂરી છે. 'હું નમન કરનારો છું અને તે નમન કરવાયોગ્ય છે' તો તે બંન્ને વચ્ચે કેટલો ભેદ છે ?, અને તે ભેદને ભાંગનાર અથવા તે ભેદને છેદનાર વસ્તુ કઇ છે ?; એનો નિર્ણય કરવો ઘટે છે. આરાધ્ય અને આરાધક વચ્ચેના ભેદને છેદનારા આઠ પદ છે ?, સમ્યગ્દર્શન જ્ઞાન–ચરિત્ર અને તપ આ ચાર સાધન દ્વારા એ આરાધકોએ આરાધ્ય પદની પ્રાપ્તિ કરવાની છે.

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ–૧૫.	ચૈત્ર–માસ.	તંત્રીઃ
અંક–૭ મો.	તા. ૧૭–૪–૪૯.	પાનાચંદ રૂપચંદ ઝવેરી.

આગમોદ્ધારકની અમોઘ-દેશના.

[નોંધઃ—વિ. સં. ૧૯૮૯ના ચાતુર્માસમાં સુરત મુકામે પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ–આગમોદ્ધારક–**શ્રીઆનન્દ-સાગરસૂરીશ્વરજી**એ શ્રી નવપદજીના મહિમા ઉપર અમોઘદેશના આપી હતી, અને તેનો સારભૂત સંચય કરનાર **પૂ. પં. શ્રીહેમસાગરજી** પાસેથી તે (સંચય) મેળવીને, **પૂ. પંન્યાસ–પ્રવરશ્રીચન્દ્રસાગરજી–ગણિન્દ્ર** પાસે પેરેગ્રાફાદિ સુધારા વધારા સાથે તૈયાર કરાવીને અત્ર અપાય છે; છતાં **પૂ. દેશનાકારના** આશય વિરૂદ્ધ કોઈપણ શબ્દાદિ જણાય તેઓશ્રીની અત્ર અમે ક્ષમા યાચીએ છીએ. લિ૦ **તન્ત્રી.**]

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. અજ્ઞાનનું નુકશાન રખડપટ્ટીથી બચેલાઓજ સમજી શકે છે.

૨. ડૂબતો અગર ડૂબેલો તે તારનાર બની શકેજ નહિં.

૩. રખડપટ્ટીથી બચેલા કોણ ?, અને બચવાના સાધનો કયા ?; તે સમજો.

૪. જગત્ ન ઉકેલી શકે તેવા ન્યાયને જૈન શાસન ઉકેલે છે.

૫. અનાદિના સિદ્ધાંતથી ન ઉકેલી શકાય તેવું કોકડું.

૬. વફાદારોની મહત્ત્વતા.

૭. દાનતના પાક આત્માઓજ સજ્જનના હૃદયમાં રમે છે.

૮. 'આ બધું બસી જાય તો કલ્યાણ' એવું કયારે ઇચ્છયું ?

૯. અનંતી વખત આગમરૂપ દોરડા પકડનારાઓ.

૧૦. બચાવવાની જાહેરાત કરનારો કપ્તાન થાકતોજ નથી.

૧૧. આશાનું કિરણ ન હોય, તે અવસરે સામગ્રી સહિત બચાવવા આવનાર તીર્થંકર છે.

૧૨. તીર્થંકર નામ કર્મ બાંધવાનો મશાલો એ ભવાન્તરની કમાણી છે.

૧૩. કાળાન્તર અને ક્ષેત્રાન્તર છતાં બચાવવાના સાધનો લાવે છે તેઓની ઉપકાર વૃત્તિને વિચારો.

૧૪. જગત્‌ના ઉદ્ધારની અપેક્ષાએ બચાવનારની પ્રથમ જરૂર.

૧૫. બચવાના સાધન સાથેજ બચાવનારનો જન્મ થયો છે.

૧૬. બચાવવાની અક્કલ સાથેજ છે.

૧૭. આગને ઓલવનારા બંબાવાળા.

૧૮. સુસાધન સજ્જ બચાવનારાઓ.

નવપદ શી ચીજ ?

શાસ્ત્રકાર-મહારાજા-શ્રીમાન્-વિજયરત્નશેખર સૂરીશ્વરજી મહારાજા ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે શ્રી શ્રીપાલ મહારાજાનું ચરિત્ર રચતાં થકાં અરિહંત સિદ્ધ આચાર્ય ઉપાધ્યાય તથા સાધુ એ પાંચ પદની વ્યાખ્યા, તથા તેનો અનુક્રમનો હેતુ જણાવી ગયા. તે પાંચ પદની ભક્તિ આદિથી બીજા ચાર ગુણો ભવ્ય જીવને પ્રાપ્ત થાય છે, તે બતાવતાં છતાં કહે છે કે—ડૂબેલાને પોતાની ડૂબેલી સ્થિતિ અને દારૂડીયાને પોતાના ઘેનની અવસ્થા માલમ પડતી નથી, તેમ આ જીવને રખડપટ્ટી થાય છે તે તેને રખડપટ્ટીની અવસ્થા માલમ પડતી નથી. ડૂબેલાની દુર્દશાને, ઘેનવાલાની ઘેનવાલી દશાને તે બંન્ને સ્થિતિ વગરનાજ સમજી શકે છે. અજ્ઞાનનું નુકશાન રખડપટ્ટીથી બચ્યા હોય, અને તે સંબંધનું જ્ઞાન પામ્યા હોય તેમનેજ માલમ પડે છે. દારૂડીયાનો દાકટર દારૂડીયો બનતો નથી, તારનારો ડૂબતો અગર ડૂબેલો બનતો નથી. ઘેન ઉતારનાર પણ ઘેન વગરનો હોય તેજ બને છે. તેમ આ સંસારની રખડપટ્ટીને મટાડનાર કોણ ?, જે રખડપટ્ટીમાંથી બચ્યો હોય તે. રખડપટ્ટીમાં હોય તે બીજાની રખડપટ્ટીને મટાડનારો બની શકે નહિં. રખડપટ્ટીમાં ચઢેલો હોય તે બીજાની રખડપટ્ટીને મટાડનાર-થાય નહિં. શ્રીપાલ ચરિત્રમાં નવ પદ ઉપર ભાર કેમ મૂકયો છે. તે અહીં સમજાશે. નવ પદ શી ચીજ ? રખડપટ્ટીથી બચેલી અગર બચાવનારી ચીજ.

ન ઉકેલી શકાય તેવું કોકડું.

નવપદ એજ ચીજ છે કે જેમાં રખડપટ્ટીથી બચેલા અગર બચવાના સાધનો હોય. રખડપટ્ટીથી બચવાના સાધનોનો પ્રાદુર્ભાવ કે ઉપયોગ કે ટકવું તે રખડપટ્ટીથી બચેલાઓજ કરી શકે. પહેલાં તે રખડપટ્ટીથી બચનારા હોય કે પહેલાં તેથી બચવાના સાધનો હોય ? આ કુકડી ઈંડાનો ન્યાય છે. પહેલા કુકડી કે પહેલાં ઈંડુ કહેવું ? કુકડી ઈંડાનો દાખલો એવો છે કે જેને ઉકેલી શકીએ નહિં, આખું જગત ન ઉકેલે, છતાં જૈન શાસન એવા ન્યાયને પણ ઉકેલે છે. જગતનો ઈશ્વિર કર્તા છે, અને જગત નવું થએલું માનવું છે. તેને કુકડી ઈંડાનો કોયડો ઉકેલ મુશ્કેલ છે. આખા જગતથી નહીં ઉકેલી શકાય તેવો કોયડો જૈન શાસ્ત્રકાર તેને ઉકેલી દે છે. વસ્તુને સાચા રૂપે સમજાવી ઉકેલે છે. અનાદિકાળ એટલે ઈંડા વગરનો અગર કુકડી વગરનો કોઇ ટાઈમજ નથી. એ નિર્ણય કોને કરવો પડે ?, જેને જગતની શરૂઆત નથી તેવાને પ્રથમ ઈંડુ કે કુકડી કહેવી પડતી નથી. તેને પહેલાપણુંજ નથી. કયાંસુધી એ સવાલ કોની પાસે ? જે જ્યાં સુધી માને તેની આગળ, એ સવાલ હોય. હજુ કુકડી ઈંડાનો દાખલો અનાદિના સિદ્ધાંતથી ઉકલી જાય છે, પણ આ કોકડું અનાદિના સિદ્ધાંતથી ઉકલી શકે તેવું નથી.

બચાવવાના સાધનો સાથે આવનારા.

તમે પણ તીર્થંકર અનાદિના માન્યા નથી. ચોવીશી ચોવીશીએ જુદું માની વચમાં વિચ્છેદ માની લીધો છે. નાભિ મહારાજા વખતે રખડપટ્ટીથી બચાવનાર કે તેના સાધનો નહોતા. જુગલીયા વખતે બચવાનું સાધન કે બચાવનાર ન હતા, હવે અનાદિપણું કયાં રહે ? ભરત ઐરાવર્તમાં દરેક ઉત્સર્પિણીએ અવસર્પિણીએ તમે વિચ્છેદ માની લીધો છે. એવી રીતે જુગલીયાપણું તેમાં રખડપટ્ટીથી બચાવનારા, અને સાધનોનો પણ વિચ્છેદ થવાનો. વિચ્છેદ માનો છો તો તે બેની ઉત્પત્તિ પણ માનવી પડશે, તેથી ઋષભદેવજીને પ્રથમ તીર્થંકર કહ્યા, અથવા પદ્મનાભને પહેલાં તીર્થંકર કહેશો; વિચ્છેદ થાય ત્યારે નવામાં પહેલાંપણું આવે છે. શ્રી મહાવીરમાં પહેલાપણે તીર્થંકરનું નામ નથી. ભરતમાં શ્રી ઋષભદેવજી પ્રથમ તીર્થંકર, તો પછી મહાવિદેહમાં પ્રથમ કોણ ? કેમ ત્યાં વિચ્છેદ નથી. વિચ્છેદ ન હોય ત્યાં નવેસરથી તીર્થંકરની ઉત્પત્તિ ન હોય.

તીર્થંકરને પહેલાં માનીએ તો પહેલા રખડંપટ્ટીથી બચાવનાર કે પહેલા બચવાના સાધનો ? રખડંપટ્ટીના કારણો રોકે તે રોકવાનો ઉપદેશ દે, માટે રખડંપટ્ટીથી બચનાર પ્રથમ, અને સાધનો પછી. તેથી તિર્થંકર ગર્ભમાં આવે જન્મે ને અમુક કાળ ગયા પછી તીર્થ પ્રવર્તાવે, તો પહેલાં રખડંપટ્ટીથી બચાવનાર પછી રખડંપટ્ટીથી બચાવવાના સાધનો થાય, આ વાત દેખીતી સારી ને બંધ બેસતી લાગે છે; પણ અહીં મોટો વાંધો છે. જે જગતને રખડંપટ્ટીથી બચાવે છે તે બચાવના સાધનોથી બચ્યો હોય, અને બચાવે કે બચ્યા સિવાય બચાવે ? જો રખડંપટ્ટીથી બચ્યો હોય તો સાધનથી બચ્યો. હવે સાધન પહેલા હોય તો તે સાધનો બતાવ્યા કોણે ? આ કોયડો અણઉકેલ. કુકડી ઈંડાનો કોયડો ઉકલી ગયો પણ આ કોયડો ન ઉકલ્યો, આ જગોપર સમજદારને વધારે કહેવું નહીં પડે. સમજદાર સમજે છે કે રખડંપટ્ટીથી બચાવનાર તેનેજ માનીએ કે જે બીજા ક્ષેત્રોથી બચાવવાના સાધનો અહીં લાવે. પહેલો રખડંપટ્ટીથી બચાવનાર તેનેજ માનીએ કે જે બીજા ક્ષેત્રોથી બચાવવાના સાધનો અહીં લાવે. પહેલો રખડંપટ્ટીથી બચવાનાર તેજ માન્યો કે જે આ ક્ષેત્રમાં રખડંપટ્ટીથી બચવાના સાધનો ન હોય તેવી વખતે બીજા ક્ષેત્રમાંથી બચાવવાના સાધનો લેઇને આવે.

મોહ-મસ્ત મુસાફર.

તીર્થંકર જગતના ઉદ્ધારક કેમ ?, તે આ વિચારવાથી માલમ પડશે. બચાવવાના સમગ્ર સાધન નથી, તેવી વખતે સાધન લેઇ રખડંપટ્ટીથી બચાવનાર આવે. તોફાની દરીયામાં જે સ્ટીમર ડુબે નહિં, અને ડુબતીને તારવાના સાધનો સાથે આવે. તોફાની દરિયામાં પોતે જમીનગીરિ સાથે ઝંપલાવનારી સ્ટીમર કે તીર્થંકર પોતે તોફાની દરિયામાં ઝંપલાવે છે, એટલુંજ નહિં પણ જમીનગીરિ સાથે જ્યાં અજ્ઞાનનું વાદળ ચારે બાજુ છવાઇ ગયું છે. જ્યાં મિથ્યાત્વાદિના મહા તોફાની મોજાં ઉછળી રહ્યા છે; તેવી જગો પર તીર્થંકરની સ્ટીમર ઉતરી પડી છે. ચોક્કસ ખાત્રી સાથે હું અજ્ઞાનના તોફાનમાં, મિથ્યાત્વવાળા-વાવાઝોડામાં, અવિરતિવાળી આંધીના આક્રમણમાં, અને કષાયના કલુષિત વડવાનળમાં હું ફસાઉં નહિં એવી ધારણા પૂર્વક તે ઉતરી પડે છે. તીર્થંકર ચરમ શરીરી, તીર્થ પ્રવર્તાવનારા, કેવળજ્ઞાન પામી મોક્ષે જનારા; આવી ખાત્રી વાળી એ સ્ટીમર છે. આપણે એવા મસ્તાન મુસાફર છીએ કે એક સ્ટીમર જીંદગીના જોખમના સ્થાને આપણને બચાવવા માટે આવે છે. બચાવવાના સાધન રૂપ દોરડા નાંખે છે. આપણે તે દોરડા પકડતા નથી, અને છેવટે તે દોરડા સાથે આંકડા નાંખ્યા છે તે પણ પકડતા નથી. એટલે તે આંકડા પકડવાના છે. પકડે તેઓ સિદ્ધા હોડીમાં ભરાય, પણ મુસાફરો આંકડાના દોરડા કાપી નાંખે છે. વિચારો આ જ્ઞાન અને શાસન એ શું છે, તરવાનું સાધન શાસન. ભયંકર વાતાવરણમાં ઝંપલાવેલી તીર્થંકરરૂપ સ્ટીમર અને આચાર્યાદિક આંકડા અને દોરડા છે. આપણે તેને કાપી નાંખીએ; તો પછી આપણી સ્થીતિ કઈ ? આપણે પણ આ સંસાર સમુદ્રના મસ્ત મુસાફર છીએ એટલે આ સાધન સામગ્રીઓથી બેદરકાર છીએ.

કમાન થાકતોજ નથી.

જ્યાં જીનેશ્વરે આંકડા નાખ્યા છે. આચાર્યાદિકના ત્યાગમય વર્તન-વચન રખેને લાગી ન જાય આશીર્વાદમાં એવું કયારે ઈચ્છયું ? વરસ ગાંઠને દહાડે કયારે ઈચ્છયું ?, કે આ બધું બસી જાય તો કલ્યાણ થાય. કોઈ વરસ દહાડે એમ ઇચ્છયું કે પાંચ લાખની ઉપાધિ છે, તો ત્રણ લાખની થાય તો ઠીક ?; વિચારજો કે લાગેલા આંકડા કેમ બસેડીએ છીએ ? દોરને કેમ કાપીએ છીએ ? વરસગાંઠે બેસતું વરસ હોય તો તે દહાડે પૌષધ કરવાનો વિચાર પણ થતો નથી. મને બચાવનાર આ દોરડું કે આંકોડો છે. તે દહાડે સાપ જેવું ભયંકર દોરડું લાગે છે. આવા તોફાનમાં ઝંપલાવીને. તીર્થંકરો શરીરવાળા દેવ એટલે કહો કે તોફાનમાં ઝંપલાવનાર. તીર્થંકરો શરીરવાળા દેવ એટલે કહો કે તોફાનમાં ઝંપલાવાનું. સિદ્ધ મહાસજ્જ હોય

અને અરિહંત નહોત તો કાંઠે રહેલી સ્ટીમર શું કરે? એકલી સિદ્ધ પદ્ધી હતે અને અરિહંત પદ્ધી ન હતે તો શું થતે? તોફાનમાં મચક ન આપતાં આપણી મદદે આવનારી અરિહંતની સ્ટીમર છે. આપણા પર દોરડા નાંખે, અંકોડાવાળા દોરડા નાંખે, તો પણ સ્ટીમરનો માલીક એટલો મજબુત છે કે તમે દોરડા કાપ્યા જાવ ને હું નાંખ્યા જાઉં કેમ?; વિચારો કે અનંતી વખત આ આગમ લીધા, અનંતી વખત આચાર્યાદિક અંકોડા આપણને વળગ્યા, અને અનંતી વખત દોરડા કાપ્યા, તથા અંકોડા બસેડયા; છતાં સ્ટીમરનો કપ્તાન થાકતોજ નથી. લોકોએ બદનામી દીધી કે એ તોડી નાંખે છે તો શું જોઈને દોરડા નાંખે છે.

તીર્થંકર નામ કર્મ બાંધવાનો મસાલો.

આ વાતને અદ્રય વિચાર વાળાઓ કહે છે કે આ જીવે મેરૂ પર્વત જેટલા ઓઘા મુહપતી કર્યા, અનંતી વખત ચરવળા કટાસણા લીધા, મુહપત્તીઓ હિમાલય જેટલી કરી, તો પણ આ જીવ એવો મસ્ત મુસાફર છે કે અનંતા દોરડા અંકોડા ભરાવવામાં અવ્યા તો તેને ફેંકી દીધા. એવા મુસાફરને બચાવવાનું તીર્થંકરરૂપ કપ્તાન છોડતા નથી. મસ્ત મુસાફરને દોરડા કાપી નાંખનારાની મહેનત નકામી જાય છે, છતાં આ નવ પદોમાં મસ્ત મુસાફરના મગજને ફેરાણે લાવનાર હોય તો એકજ ભગવાન અરિહંત. એ વિચારી શું તો અરિહંત મહારાજા મોટામાં મોટા ઉપગારી છે. આ આપણે પોતાની અવસ્થાએ વિચાર્યું, પણહવે આપણે જગતની અવસ્થાએ વિચારવાનું છે. આશાનું કિરણ ન હોય તેવી જગોપર આવીને જે બચાવી લે. એટલું જ નહિં પણ કાંઠેથી બચાવવા માટે સાધનો લઈને આપણા બચાવ માટે સાધનો લઈ આવે. તેનો ઉપકાર કેટલો વધારે ગણાવો? જે વખતે સમ્યકત્વનુ શૂન્ય હતું, વિરતીના વાંધા હતા, કષાય પૂરજોરમાં પ્રવર્તી રહ્યો છે, તેવી વખતે જે બીજા ક્ષેત્રોમાંથી તરવાના સાધનો લેઈ હાજર થયા. તેઓની ઉપકારવૃત્તિને વિચારો. ચોરાશીના પહેલા તીર્થંકર તે કાળના ન હોય. ઋષભદેવજી એ તીર્થંકર નામ કર્મ બાંધ્યું તે મસાલો ભરત ક્ષેત્રનો નહિં, અઢાર કોડા કોડ સાગરોપમનો વચમાં કાળ ગયો છે. જેને ક્ષેત્રાંતર કાળાંતર થી મસાલો લાવી આપણો બચાવ કરવો છે.

તેમની અક્કલ તેમની પાસે છે.

આથી રખડપટ્ટીથી બચાવનાર પહેલા કે સાધનો?; આ કોકડું હતું તે ઉકલી જશે. આ ક્ષેત્રની આ કાળની અપેક્ષાએ બચાવનાર સાધનોને લઇને સાથે તીર્થંકર જન્મે છે. તે ત્રણ જ્ઞાન સહિત જન્મે છે. જે ક્ષેત્ર જે કાળની વાત કરીએ તેની અપેક્ષાએ બચાવનાર અને બચાવવાનું સાધન તે બન્ને સાથે કે એ કોકડું ત્યાં ઉકલી જાય છે. એકવાત ધ્યાનમાં રાખવાની કે એના આત્માની અપેક્ષાએ બન્ને સાથે હોય, પણ જગતના ઉધ્ધાર માટે પહેલાં બચાવનારો. બચવાના સાધનોનો ઉપયોગ પછી. એમના આત્મા માટે બચવાનું સાધન અને બચાવનાર સાથે હોય પણ જગત માટે તો પહેલો જ બચાવનાર જોઇએ. આથી નવપદમાં પહેલાં પાંચ આરાધ્ય ગણાવ્યા, અને પાંચજ રક્ષકો સંસારમાંથી બચાવનાર છે પાંચ સિવાય સંસારના વાતાવરણમાંથી કોઇ બચાવી શકતું નથી. આ પરમેષ્ઠિની ટુકડી તેમાં અધિકારી કાર્ય કરતા જુદા જુદા હોય. જેમ વહાણવટીની ટુકડી તેમ સંસારના વહાણવટીની ખબર રાખનારી ટુકડી. સંસારના વાતાવરણમાંથી આ પાંચ સિવાય બચાવનાર કોઈ નથી. બચાવનાર પાસે બચાવવાના સાધનો ઊંચામા ઊંચી સ્થીતિના હોવા જોઇએ. સ્ટીમર બચાવવા ગઇ હોય અને દોરાની દડી લઈ ગયો હોય તો તે નકામી છે. તેમ અહીં પણ અરિહંતાદિક પાંચની ટોળી એમની પાસે તરવાના તારવાના સાધનો મજબુત ન હોય તો પાંચેથી કંઇ પણ બચે નહિં. એ આવ્યો છેજ. દરજીને એટલે સાધનો સાથે બોલાવ, સુથારને બોલાવ, એટલે બસ છે. એને સાધનો

છે કે એ બોલવાની જરૂર પડતી નથી તેના સાધનો તેની પાસે હોય છેજ તેમ બારે મહિના **नमो अरिहंताणं** વિગેરે બોલીએ તેમાં કારીગર એકઠા કર્યા. તેમની અક્કલ એટલે બચાવવાની અક્કલ તેમની પાસેજ છે.

બચાવનારાઓ સુસાધનસજ્જ હોય.

બચાવવાના સાધનો રાખનારી જે ટુકડી તેને બોલાવી લીધી. બચાવવાના સાધનો આપોઆપ લઇ આવે. બંબાવાળાને ખબર આપો ત્યારે કેહવું પડે કે– આગ લાગી છે, એટલીજ ખબર આપવી પડે. બંબો લઈ આવ તેમ કહેવું ન પડે. આ પાંચ બંબાવાળાને ખબર આપો કે અમોને સંસારની આગથી બચાવ. બંબાવાળાની ફરજ છે કે જેવી ખબર આવી તે વખતે કોટ પહેરવાનો પણ વિલંબ કરવાનો હક નથી. તેમ આ બંબાવાળાઓ સાધુ ઉપાધ્યાય આચાર્ય અરિહંતને કોઈ જીવ તરતો હોય તે માટે શ્વાસ ખાવાની છુટ નથી. બંબાવાળો સાફ સુફ કરવા લાગે તો ગુન્હેગાર બને. અકસ્માતોથી બચાવે, અને દાવાનળને ઓળખનારા છે તેથી આમની પણ એટલા માટે જ હૈયાતી મનાએલી છે. સંસાર દાવાનળ।। પ્રાણીને કટિબદ્ધ થઈ બચાવે વિલંબ કરે તો ત્યાં જેમ ગુન્હેગાર તેમ અહીં ગુન્હેગાર. એટલું સમજવું કે બચાવ કરવા આવ્યો તેમાં સાધન ઓછું લાવ્યો હોય, સુદ્ધ ઇન્જન ન લાવ્યો હોય, તો ભુક્કા નીકળી જાય. અહીં આ જગતને બચાવવાના સાધનો ખામીવાળા રાખેતો દંડ પાત્ર થાય. જેને ઘેર આગ લાગી હોય તે બંબાવાળો બધું લાવ્યો છે કે નહિં તે ધ્યાન રાખવું જોઈએ ન લાવે તો ગુન્હેગાર. તેમ અરિહંતાદિક ચારે જણાએ સંસારથી તારવાના સાધનો હરહમ રાખવા જોઈએ. જે બંબાવાળો આગની જગાપર આવે, અને કહે કે ફલાણું સાધન હું નથી લાવ્યો તો ડીસમીસ કરાય અગર તેનો કે દંડ થાય. તેમ અહીં પંચપરમેષ્ઠિમાં સિદ્ધ મહારાજા શરીર વગરના છે બાકીના ચારે શરીરવાળા છે માટે તેઓને તો બધા સાધનો બરોબર રાખવા જોઇએ.

સમ્યક્ત્વનો મુદ્રાલેખ.

સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર ને તપ આ ચાર સાધનો ચાહે અરિહંત આચાર્ય ઉપાધ્યાય કે સાધુ હોય તો તારી શકે છે અને તરી શકે છે આ ચાર સાધનો દ્વારા એજ બચાવનારાઓ તરી શકે છે અને તારી શકે છે. રક્ષક ને અને રક્ષિત કરનાર ને આ ચાર પદોને આરાધવાની જરૂર છે. જગતમાં બધાને પહોંચાય પણ દાનતને ન પહોંચાય. એક શેઠે વીલ કર્યું કોડની નોટો ધરેણું હતું. તીજોરી છોકરાની વહુને આપવી તેમ વીલમાં લખ્યું હતું. ભરેલી તીજોરીની કુંચી છોકરાની વહુને આપવાની હોય ત્યારે શું આપવાનું હોય? કુંચી લાવ માલ લઈ લઇએ, પછી તીજોરી આપી દઇએ તો વીલનો અમલ થઈ ગયો. ચોપડા છોકરો સંભાળે ઘરાક પાસેથી લાવવાનું લઇ લીધું અથવા તો લખ્યું નથી, અને ચોપડા સંભાળ. ઝવેરાતનો દાભડો ભર્યો છે દાભડો આપ્યો ઝવેરાત કાઢી નાંખીને આપ્યો તો બધી બાબતના રસ્તા છે પણ દાનત સુધારવાના રસ્તા નથી, તે માટે પ્રથમ બચવાનું બચાવવાનું સાધન હોય તો દાનત ચોકખી જોઇએ. ચાર પદમાં એવું પદ કયું?, સમ્યગ્દર્શનમાં એકજ તત્ત્વ છે કે દાનત ચોકખી. આખો સંસાર જળરૂપ છે માટે હું જળથી બચું સ્વ-સ્વરૂપને પ્રગટ કરું. સમ્યગ્દર્શન વસ્તુ કઈ? શા માટે શુદ્ધ દેવ માનવા? તેનું કારણ? એ મોક્ષના રસ્તા દેખાડનારા ગમન કરનારા બીજાને દોરનારા મોક્ષજ સાધ્ય મોક્ષ સિવાય આખું જગત અનર્થ. શાસ્ત્રકારોએ સમ્યગ્દર્શનનો મુદ્રાલેખ કયો રાખ્યો છે? "**इण मेव निग्गंथे पावयणे सच्चे अट्ठे परमट्ठे सेसे अणट्ठे**" નિગ્રંથ પ્રવચન તેજ અર્થ પરમાર્થ તે સિવાયનું બધું અનર્થ. આનું નામ સમ્યક્ત્વ '**नमो दंसणस्स**' તે પણ આ

કયારે બને? એક સુવર્ણ સિદ્ધિવાળા પાસે ગયા હોઇએ સુવર્ણ સિદ્ધિ થઈ તો તેના ઉપર કેટલા ભરોસાવાળા થઇએ? આ પાંચ પરમેષ્ઠિઓ સિદ્ધ પુરૂષો છે, માટે તેમની પરીક્ષા કરી શકીએ.

સર્વ ગુણ શિરોમણિ દર્શન પદ.

આપણા જગતે જીવ અને જડ એ બે વસ્તુ માની છે, પણ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય વિ. એવી ચીજ કોઇએ માની નથી. જ્યારે આપણે સર્વજ્ઞ પુરૂષોએ જ્ઞાનથી દેખી બતાવી પ્રમાણથી આપણે પણ માન્યું. તે બધાં છ દ્રવ્ય દ્વારાએ મહાપુરૂષને સિદ્ધ પુરૂષ તરીકે ગણી શકીએ. ૬ દ્રવ્યોની યથાસ્થિત શ્રદ્ધા, પાંચ અસ્તિકાયની શ્રદ્ધા, ૬ સ્થાનકની શ્રદ્ધા; તેજ સમ્યક્ત્વ. વિચારની સુંદરતા દાનતની પવિત્રતા નવ દ્રવ્યો સાત ભંગી ચાર નિક્ષેપાની વિગેરેની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન. સર્વ ગુણોમાં વફાદારીનો મોટો ગુણ છે. તેમ સર્વજ્ઞ શાસનમાં વફાદાર કે જે જીનેશ્વર તરફ વફાદાર હોય. જ્ઞાન ચારિત્ર તપ ગુણ છતાં દર્શન ન હોય તો બધાની કિંમત નથી. એકલું તે હોય ત્રણ ન હોય તો પણ તેની કીંમત છે. તેથી ભણ્યો હોય. એક પૂર્વ ભણ્યો નવ પૂર્વ ભણ્યો તો મોક્ષે ન જાય. લાખ વરસ ક્રોડ વરસ ચારિત્ર પાળ્યું તો મોક્ષે જવાનો નિયમ નહીં. સમ્યક્ત્વ વગરની કરણી ચોપડે ચઢે નહિં. કંઈપણ ન કરે ને દાનતનો પાક હોય તો સજ્જનના અંત:કરણમાં રમે. અથી સમ્યગ્ દર્શન દરેક ગુણમાં ઉત્કૃષ્ટ ચીજ. સમ્યગ્દર્શનરૂપી દીપક રત્ન તે સર્વ ગુણોમાં આગેવાન સમ્યગ્દર્શનનો પ્રતાપ એવો છે કે જેમ મંત્રાક્ષર કાનમાં પડે કે ઝેર ઝટકે ઉતરે તેવો છે. જડીબુટ્ટી ધારણ કરવાથી ભૂતપ્રેત નાસી જાય, તેમ સમ્યક્ત્વ એવી ચીજ કે કદાગ્રહ રૂપી રોગ પલાયન કરી જાય. કદાગ્રહ કોને નડતો નથી? સમ્યક્ત્વરૂપી જડીબુટ્ટિ છે, તેને કદાગ્રહ હેરન કરતો નથી. ચોકખું રસાયણ જ્યાં શરીરમાં ગયું એટલે રોગને ભાગ્યાજ છુટકો છે, અને આરોગ્ય તુષ્ટિ પુષ્ટિ ને ઉભા કરે. સમ્યગ્જ્ઞાન ચારિત્ર તપ ને ઉભા કરે ને અમરપદ મેળવી આપે છે. તેટલા માટે છઠ્ઠાપદે સમ્યગ્દર્શન આરાધવાની જરૂર છે. હવે સમ્યગ્જ્ઞાન તરફ ધ્યાન આપવાની જરૂર છે. તે સમ્યગ્જ્ઞાન કેવા પ્રકારનું છે, તેનું સ્વરૂપ અગ્રે વર્તમાન.

નવીન-પ્રકાશનો.

૧.	દરેક વર્ષની 'સિદ્ધચક્ર' માસિકની ફાઇલ (બાર અંક સાથે) એકના.	રૂ	૫-૦-૦
૨.	શ્રી સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્ ભાગ ૧ લો (૭ પાદ પર્યંત). અને અનેક પરિશિષ્ટો તથા શ્રીતત્ત્વ-પ્રકાશિકા-આનન્દબોધિની સાથે	રૂ.	૩૦-૦-૦
૩.	વિધિયુક્ત-પંચપ્રતિક્રમણ-સૂત્રાણિ (બાળબોધ ટાઇપમાં)	રૂ.	૧-૨-૦
૪.	સિરિ-સિરિવાલ-કહા (પ્રાકૃત).	રૂ.	૩-૦-૦
૫.	શ્રીસિદ્ધચક્રારાધન-વિધિ.	રૂ.	૧-૮-૦
૬.	શ્રીઆગમોદ્ધારક (જીવન ચરિત્ર)	રૂ.	૨-૦-૦
૭.	તપ અને ઉદ્યાપન	રૂ.	૧-૧૨-૦

—: પ્રાપ્તિસ્થાન :—

૧. શા. ગુણવંતલાલ જેચંદભાઇ ઠા૨. ઠે૦ ચાંદલાગલી, ચોપીપુરા; મુ. સુરત.

૨. શ્રીઋષભદેવજી છગનીરામજીની પેઢી ઠે૦ ખારાકુવા, દહેરા ખિડકી; મુ. ઉજ્જૈન (માલવા). C. I.

શ્રીપ્રશ્નોત્તર-પિયૂષાબ્ધિ.

પ્રશ્નોત્તરકારઃ - નિર્ગ્રન્થ-પ્રવચન પિયૂષવર્ષિ-નવાંગી વૃત્તિકાર ભગવાન્ શ્રી અભયદેવસૂરીશ્વરજી.

અવતરણકારઃ—પૂ. આગમોદ્ધારક શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી ॥ વિદ્વદ્વિનેય પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરગણીન્દ્રના પરમવિનેય પૂ. પં. દેવેન્દ્રસાગરજી ગણિ.

સંગ્રહકારઃ— પૂ. પન્યાસપ્રવરશ્રીજીના પરમવિનેય પં. દેવેન્દ્રસાગરજી ગણિના પરમવિનેય મુનિશ્રી દોલતસાગરજી.

॥ અથદ્વિતીયપંચાશકઃ ॥

પૃ-૮૦. પં. ૩. પ્રશ્ન-૪૫. અથ તદાત્મનિવેદનં૦ ઇત્યાદિના.

સ્વયંસેવક દીક્ષા નામના બીજા પંચાશકજીમાં જઘન્યે શ્રાવક શ્રી ગુરૂમહારાજ પાસે જીનદીક્ષા (સ્વયં-સેવક દીક્ષા) અંગીકાર કરે તે વખતે તે જીનદીક્ષા લેનાર શ્રાવક શ્રીગુરૂમહારાજને આત્મ-નિવેદન કરે કે હું તમારો કિંકર છું. અને સંસાર સમુદ્રમાં બુડતા એવા મને તમે સમ્યક્‌દર્શન રૂપ નાવ આપીને તારવાવાલા નાથ છો, અને આ ધન ધાન્ય દ્વિપદ (સ્ત્રી પુત્રાદિ) ચતુષ્પદ (ગાય મહીષ્યાદિ) આદિ સર્વ જે કાંઇ મારૂં છે તે હું આપને ચરણે ધરૂં છું અથવા હું મન વચન ને કાયાથી આપનો દાસ બન્યો છું એટલે એવી કોઇપણ વસ્તુ નથી કે જે ઉપર આપનો હક્ક ન હોય આ પ્રમાણે જીનદીક્ષા લેનાર શ્રાવક શ્રીગુરૂભગ-વંતને આત્મનિવેદન કરે તે નિવેદનને શ્રી ગુરૂ મહારાજ સ્વીકારે કે નહિ? અને સ્વીકાર ન કરે તો શું નિવે-દનના નિષ્ફલપણા રૂપ દોષ જીનદીક્ષા લેનાર શ્રાવકને લાગે ?

ઉત્તર-૪૫. ના, શ્રી ગુરૂ મહારાજ આત્મનિવેદનનો સ્વીકાર ન કરે તો પણ જીનદીક્ષા લેનાર શ્રાવકને દોષ નથી પણ લાભજ છે કારણ કે કોઇ પણ વસ્તુના દાનમાં એકજ વસ્તુનું દાન થાય છે જ્યારે આત્મ-નિવેદનમાં સર્વસ્વનું દાન થાય છે એટલે આત્મનિવે-દનમાં દાન ધર્મનું ઉત્કૃષ્ટપણું છે ને તેવા પ્રકારનું ઉત્કૃષ્ટ દાનધર્મ આત્માના અત્યંત શુદ્ધ પરિણામ સિવાય બનવું અશક્ય છે, એટલે શુદ્ધ પરિણામથી કરેલું આત્મનિવેદન ગુરૂ મહારાજ સ્વીકાર કરે અથવા ન કરે તો પણ આત્મ-પરિણામની શુદ્ધિ હોવાથી જીનદીક્ષા લેનારને એકાન્તે લાભજ છે. હવે કદાચ શુદ્ધ પરિણામ વગર કરેલું આત્મનિવેદન રૂપ સર્વસ્વદાન હિતકારી છે કોઈ કહે કે જો આત્માના શુભ પરિણામ નથી તો સર્વસ્વ દાનરૂપ આત્મનિવેદન કરેજ શું કામ? તેના સમાધાનમાં સમજવું કે જીવ માત્રને પરિણામની ધારા ક્ષણે ક્ષણે બદલાય છે એટલે જીનદીક્ષા લેતાં પહેલાં પરિણામની નિર્મલતા હોય ને જીનદીક્ષા લેતી વખતે આત્મનિવેદનના કોઇપણ પ્રકારના કર્મોદયથી શુદ્ધ પરિણામ ન હોય અથવા કીર્તિ આદિની અપેક્ષા હોય તો જે આત્મનિવેદન કરે તે દ્રવ્યથી કરેલું આત્મનિવેદન કહેવાય અને તે લાભનું કારણ બને છે માટેજ લખ્યું કે "इहरावि य तीवभो-यहस्स" એટલે ભાવની શુદ્ધિ વગર દ્રવ્યથી કરેલું આત્મનિવેદન બીજ ભૂત (ભાવનું કારણ) બને છે એટલે શુદ્ધ પરિણામથી થવાવાલા ભાવ-આત્મનિવેદનનું કારણ-ભૂત દ્રવ્ય-આત્મનિવેદન છે.

પૃ-૮૧. પં. ૯. પ્રશ્ન-૪૬. गुरोरपि न केवलं૦ ઇત્યાદિના.

જીનદીક્ષા લેનાર શ્રાવક શ્રી ગુરૂમહારાજને આત્મ-નિવેદન કરે ને શ્રી ગુરૂમહારાજ આત્મનિવેદન સ્વીકારે તો શ્રી ગુરૂમહારાજને અધિકરણ લાગે તેનું શું? કારણ કે જીનદીક્ષા લેનાર શ્રાવક પોતાના ધન ધાન્ય સ્ત્રી પુત્ર વિગેરે જે કાંઇ સર્વસ્વ છે તેના ઉપરથી પોતાનો હક ઉઠાવી લેઈ શ્રી ગુરૂ ભગવન્તને ચરણે ધરે એટલે તે સર્વસ્વ ધન વિગેરે સંબંધનો જે અધિકરણ દોષ તે શ્રી ગુરૂ મહારાજને લાગે ?

ઉત્તર-૪૬. ના, ગુરૂ મહારાજ આત્મનિવેદનનો સ્વીકાર કરે તો પણ તેમને અધિકરણ દોષ લાગતો

નથી કારણ કે ગુરૂ મહારાજને કરાયેલા આત્મનિવેદન સ્વરૂપ સમસ્ત વસ્તુમાં શ્રી ગુરૂ મહારાજને મમત્વ રહિતપણું છે, એટલું જ નહિ પણ જીન દીક્ષા લેનાર શ્રાવકના પરિણામની શુદ્ધિના માટે એટલે દીક્ષિત જીવના-હિતની ખાતર શ્રી તીર્થંકર દેવની આજ્ઞા મુજબ શ્રી ગુરૂ મહારાજની પ્રવૃત્તિ હોવાથી તેમને અધિકરણ (જે પ્રવૃત્તિ કરતાં આત્મા દુર્ગતિમાં જાય) દોષ લાગતો નથી.

॥ अथ तृतीय-पञ्चाशकः ॥

પૃ. ૯૦ પં. ૯. પ્રશ્ન ૪૭ इहकेचिदाहुः० इत्यादिना—

કેટલાકો એમ કહે છે કે વાચનાગ્રન્થોને વિષે ત્રણ પ્રદક્ષિણા ભાવ શ્રી તીર્થંકરોનેજ હોય પણ પ્રતિમાને ત્રણ પ્રદક્ષિણા ન હોય માટે મૂર્તિને ત્રણ પ્રદિક્ષણા ન દેવી.

ઉત્તર-૪૭. જો કે વાચના ગ્રંથોને વિષે મૂર્તિને પ્રદક્ષિણા દેવાનું સાફ વિધાન નથી તો પણ જીવાભિગમની ટીકામાં વિજયદેવના અધિકારમાં શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે મૂર્તિને પણ પ્રદિક્ષણા દેવી એમ વિધાન કરેલું હોવાથી અને આ ગ્રંથ પણ તે મહાપુરૂષનો રચેલો હોવાથી અમો એ પણ તે પ્રમાણે કથન કર્યું છે, એટલું જ નહિ પણ તેવી રીતે ભાવ તીર્થંકરને શક્રસ્તવ ને પંચવિધ અભિગમથી ભક્તિ કરાય છે તેવી રીતે ભગવંતની પ્રતિમામાં પણ ભાવ તીર્થંકરનો આરોપ કરીને ભક્તિ કરાય છે નહિતર પંચવિધ અભિગમના સાફ સાફ અક્ષરો નથી તેથી પંચવિધ અભિગમનો નિષેધ થવો જોઇએ તે તો તમે માનતા નથી એટલું જ નહિ પણ દીક્ષા દેવાના ટાઇમે અને ચૌમાસી આદિ પર્વ દિવસોમાં તમો પણ પ્રતિમાને પ્રદક્ષિણા માનો છો તો પછી બીજે સ્થાને નિષેધ કેમ માની શકાય.

પૃ. ૯૧ પં. ૯. પ્રશ્ન-૪૮. अथापुनर्बन्धकादीनाम्० इत्यादिना—

વંદનાના અધિકારમાં જઘન્યાદિ ત્રણ ભેદ બતાવતાં પરિણામ ભેદને આગલ કરીને અપુનર્બન્ધકાદિ શું કામ લીધા? એટલે આદિ શબ્દથી અવિરતિ સમ્યગ્દૃષ્ટિ દેશવિરતિ સર્વવિરતિ ગ્રહણ કર્યા પરંતુ સકૃદ્બંધક માર્ગાભિમુખ માર્ગપતિતને અને તે સિવાયના બીજા મિથ્યાદૃષ્ટિઓ કે જે વંદનાદિક વિધિ કરે છે તેમને કેમ ન લીધા?

ઉત્તર-૪૮. શાસ્ત્રોને વિષે આ પરિણામ ભેદવાલી ચાલુ વંદના કદાચ પાઠના ભેદવાલી હોય? ના તેમ નથી. એટલે સરખા પાઠવાલી વંદના છતાં સકૃત્બન્ધક આદિ મિથ્યાદૃષ્ટિ આત્માઓ વંદના સંબન્ધની યોગ્યતા-વાલા નથી એટલે આદિ શબ્દોમાં તેઓનો નિષેધ કર્યો છે.

પૃ. ૯૩ પં. ૧૨ પ્રશ્ન-૪૯. ननु भाववन्दनायाः० इत्यादिना—

અપુનર્બન્ધક આદિનેજ ભાવવંદનાનું અધિકારીપણું છે ને સકૃદ્બન્ધક આદિને ભાવવંદનાનું અધિકારીપણું નથી એમ જે કહ્યું ત્યારે વાદિ કહે છે કે જે ભાવ-વંદનાને અયોગ્ય એવા પણ કેટલાકોને દ્રવ્યવંદના એટલે ભાવવંદનાના કારણભૂત દ્રવ્યવંદનની યોગ્યતા સ્વીકારેલી છે. તો પછી એમ કેમ કહો છો કે સકૃદ્બંધકાદિ મિથ્યાદૃષ્ટિઓને અથવા મતાન્તરે માર્ગાભિમુખ આદિ મિથ્યાદૃષ્ટિઓને ભાવવંદનાના કારણભૂત એવી દ્રવ્ય-વંદનાનું પણ અધિકારીપણું નથી.

ઉત્તર-૪૯. અપુનર્બન્ધકાદિ સિવાય ને સકૃદ્બન્ધ-કાદિ મિથ્યાદૃષ્ટિઓને દ્રવ્યવંદના હોય છે પરન્તુ તે દ્રવ્યવન્દના ઉત્તમ એટલે પ્રધાન હોતી નથી કારણ કે વંદનાના બે ભેદ છે એક પ્રધાન ને બીજી અપ્રધાન તેમાં પ્રધાન દ્રવ્યવંદના એ ભાવવંદનાના કારણ તરીકે લેખાય છે જ્યારે અપ્રધાન દ્રવ્યવંદના ભાવવંદનાના કારણભૂત મનાતી નથી કારણ કે દ્રવ્ય શબ્દ યોગ્યતા ને અપ્રધાન અર્થમાં વપરાય છે. યોગ્યતા અર્થવાલી જે દ્રવ્યવંદના તે પ્રધાન દ્રવ્યવંદના કહેવાય છે એટલે અપુનર્બન્ધકાદિ સિવાયના જે સકૃદ્બંધકાદિ કે જે ભાવવંદનાને અયોગ્ય છે તેઓને ભાવવંદનાના કારણભૂત પ્રધાન દ્રવ્યવંદના હોતી નથી પણ અપ્રધાન દ્રવ્યવંદના હોય છે તેથીજ કહ્યું છે કે (પ્રધાન એવી) દ્રવ્યવંદના પણ નથી કારણ કે હજુ તેટલી યોગ્યતા નથી.

(અપૂર્ણ.)

॥ શ્રીપઞ્ચાશકશાસ્ત્ર-સારાંશઃ ॥

આલેખનકારઃ—પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

(પાંચમાં અંકથી ચાલુ)

ગુરૂ જ્યારે પ્રત્યાખ્યાયતિ (પચ્ચક્ખાઇ) બોલે છે ત્યારે શિષ્યાદિક પ્રત્યાખ્યામિ (પચ્ચક્ખામિ) બોલે છે, અને વ્યુત્સૃજતિ (વોસિરે) બોલે છે ત્યારે વ્યુત્સૃજામિ (વોસિરામિ) બોલે છે. એટલે પ્રત્યાખ્યાનના સૂત્રોમાં દરેકે દરેક વસ્તુ પ્રતિ એટલે નવકારશી પોરસિ-અર્દ્ધપોરિસિ-પુરિમાર્ધ આદિ આદેશો અને વિગય-નિવિગય-અશનાદિકનું ઉચ્ચારણ થાય તે તે અવસરે પચ્ચખાણ લેનાર જે જે આદેશ સ્વીકારવાનો હોય તે તે આદેશનું અનુભાષણ કરે, અને બીજા આદેશોનું અનુભાષણ કરે નહિં. આ કથનથી અનુભાષણ કરનારો પચ્ચખાણ-વિષયક-સૂત્ર સ્થિત પદોનો જ્ઞાતા હોય એમ અત્ર સંબંધ કરવા યોગ્ય છે. પચ્ચખાણ-વિષયક સૂત્ર-સ્થિત પદોના પરમાર્થને જાણનારો પચ્ચખાણ ગ્રહણ કરે છે. આથી જ્ઞાનશુદ્ધિ અત્ર જણાવી, અને જ્ઞાનશુદ્ધિ સમ્યગ્દર્શન પૂર્વકની હોય છે. તેથી દર્શન શુદ્ધિ માટે શાસ્ત્રમાં આ પ્રમાણે કથન કરેલું છે—"પચ્ચક્ખાણં જાણતિ०" ઇત્યાદિ તે તે પદો દ્વારા દર્શનશુદ્ધિ પ્રતિપાદન કરે છે. આ પદ્યનો પરમાર્થ આ પ્રમાણે છે-જે કલ્પનીય વસ્તુઓમાં (અમુક વસ્તુ કલ્પે છે, અમુક વસ્તુ કલ્પતી નથી, અમુકનું પચ્ચખાણ કરાય છે ઇત્યાદિ) મૂલગુણ-ઉત્તરગુણ વિષયક જેનું પચ્ચખાણ કરવા લાયક હોય છે, અને તેને (તે પચ્ચખાણને) જે જાણે છે તેને જાણપણાની શુદ્ધિ છે. હવે સદ્દહણાની શુદ્ધિ જણાવે છે—"પચ્ચક્ખાણં સવ્વણ્ણુદેસિયં०" આ પદ્યનો પરમાર્થ આ પ્રમાણે છે. જે સ્થળે, જે કાલે, જે પ્રત્યાખ્યાનને જેવી રીતે સર્વજ્ઞ ભગવાને ઉપદેશેલું છે, તે પ્રત્યાખ્યાનની તેવી રીતે જે પુરૂષ (પ્રત્યાખ્યાન કરવાવાળો કોઈ જીવ વિશેષ) સદ્દહણા કરે છે-પ્રતીતિ કરે છે, તે પુરૂષની સદ્દહણા શુદ્ધિ છે એમ સમજવું. આ રીતિએ પચ્ચખાણ કરવાવાળા શિષ્યાદિક સંબંધમાં કહેવા યોગ્ય લક્ષણાદિ સકલ જણાવી દીધું. તે સંબંધમાં એટલે પચ્ચખાણ કરનાર શિષ્યાદિકમાં આ ગુણો હોવા જોઇએ તે સારૂ આ પદ્ય જણાવે છે—"किइकम्माइविहिण्णू०" આ પદ્યના પદોનો પરમાર્થ આ પ્રમાણે છે. પચ્ચખાણ કરનાર શિષ્યાદિક વન્દનાદિ-વિધિનો જાણકાર હોય, પચ્ચખાણ વિષયક સૂત્ર-સૂત્રાર્થ-રહસ્ય-ગ્રહણ-પાલન વિગેરે વિધિના ઉપયોગમાં અત્યંત તત્પર હોય, નિષ્કપટ-સરલ-ભાવે-અનુષ્ઠાન કરવામાં તત્પર હોય તેને અસઢભાવી કહેવાય છે, અને તે (પચ્ચખાણ કરનાર શિષ્યાદિક) સંવેગરંગમાં સ્થિરપણે પ્રકર્ષતા-પૂર્વક ઉત્તીર્ણ થયેલો હોવો જોઇએ; કારણ કે પ્રત્યાખ્યાન વિષયક આહારાદિનો ત્યાગ કરવામાં ગુરૂનું પ્રયોજન સ્વીકારેલું છે. જાણકાર ગુરૂ સમીપે લીધેલું પચ્ચખાણ ફલદાયક છે, અને અગીતાર્થ પાસે પ્રત્યાખ્યાન ગ્રહણનું ફલ પ્રાયઃ નિષ્ફલપણાને પામે છે, કારણ કે પચ્ચખાણ કરાવનાર ગુરૂનું અગીતાર્થપણું એજ વિઘ્નરૂપ છે. આથી પ્રત્યાખ્યાન કરાવનાર ગુરૂનું લક્ષણ પણ ઉપલક્ષણથી સમજી લેવું, અને તે

લક્ષણ આ પ્રમાણે છે. દેશવિરતિધરોના મૂલ ગુણો અને ઉત્તર ગુણો, તથા સર્વ વિરતિધરોના મૂલ ગુણો અને ઉત્તર ગુણો વિગેરે સર્વને જાણવા અને તેમાં લાગતાં અતિક્રમાદિ દોષોની શુદ્ધિ દેશથી સર્વથી કઇ રીતિએ થાય છે તે, અને પ્રત્યાખ્યાન વિધિ-વિધાનનો સંપૂર્ણ જ્ઞાતા હોય તેજ પ્રત્યાખ્યાન કરાવનાર ગુરૂ તરીકે શાસનમાં સ્વીકારેલો છે. આહારના નિષેધ કારણ-રૂપ પ્રત્યાખ્યાન અવસરે પચ્ચખાણ કરાવવા માટે ગુરૂની અવશ્યમેવ જરૂરીયાત સ્વીકારી છે. ગાથા-૫.

ગ્રહણ-દાનવિધિ-ચતુર્ભંગી.

પૂર્વ પદ્યના ઉત્તરાર્દ્ધમાં "जाणगो जाणग सयासे" એટલે જાણકાર જાણકારની સમીપમાં એવું જણાવ્યું હતું, અને એ પદોને ઉદ્દેશીને ચાર ભાંગા થાય છે, તે દેખાડે છે. અહીં "જ્ઞાયક જ્ઞાયકની સમીપે" એ જણાવ્યું છે. એટલે આ પચ્ચખાણ આદિ ગ્રહણ-વિધિ-સંબંધમાં સમજવું. આ પ્રસંગને વિશેષતયા પ્રતિપાદન કરવા માટે પુનઃ શબ્દ જણાવીને અને ચાર ભાંગા બહુ વચન હોવા છતાં એક વચનમાં "चउभङ्गो" જણાવેલ છે, તે જાતિવાચકપણું ધ્વનિત કરવા માટે છે. જાતિવાચક નામમાં ઘણો સમુદાય હોવા છતાં એક વચન વિકલ્પે, એટલે એક-વચન અને બહુ-વચન વપરાય જેમકે "संपन्ना यवः संपन्नाः यवाः॥" આથી ચઉભંગો એટલે ચાર ભાંગા થાય છે તે જાણવા લાયક છે. હવે ચાર ભાંગામાં અનુક્રમે કયો વિષય છે?, તે જણાવતાં થકાં કહે છે કે—જ્ઞાયક=જાણકાર એટલે દરેક વસ્તુનો જ્ઞાતા, ઇતર એટલે અજ્ઞાયક=નહિં જાણનાર તે બંન્નેને આશ્રીને-जाणगेयरगओ=ज्ञायकेतरगतः। એ પદ મુકયું છે, અને તે ભાવને સુદૃઢ બનાવવા પૂર્વક અવધારણ કરવા માટે તુ શબ્દ જણાવેલ છે. તે ચાર ભાંગા આ પ્રમાણે છે. ૧. જ્ઞાયક સમીપે જ્ઞાયક, ૨. જ્ઞાયક સમીપે અજ્ઞાયક, ૩. અજ્ઞાયક સમીપે જ્ઞાયક; અને ૪. અજ્ઞાયક સમીપે અજ્ઞાયક. આ ચાર ભાંગા શુદ્ધ અને અશુદ્ધ વિભાગ પુરસ્સર જણાવતાં થકાં કહે છે કે પહેલો ભાંગો શુદ્ધ છે, અને ચોથો ભાંગો અશુદ્ધ છે. પ્રથમ ભાંગામાં સમ્યક્જ્ઞાનના સંબંધથી શુદ્ધ-પણું છે, અને અંતિમ ભાંગામાં સર્વથા સમ્યક્જ્ઞાનનો અભાવ હોવાથી અશુદ્ધપણું છે; કારણ કે વિરતિ ધર્મ સેવનમાં સમ્યક્જ્ઞાનનીજ શુદ્ધિના હેતુપણાએ અવશ્યમેવ જરૂરીઆત સ્વીકારી છે. આ સિવાયના બીજા ભાંગામાં અને ત્રીજા ભાંગામાં શુદ્ધિ-અશુદ્ધિ વિષયમાં વિવિધ પ્રકારનું કથન કરવા યોગ્ય છે. એટલે તે બે ભાંગા કથંચિત્ શુદ્ધ-કથંચિત્ અશુદ્ધ કહી શકાય છે. ગાથા-૬.

ભાંગાઓનું સ્પષ્ટીકરણ.

હવે બીજા-ત્રીજા ભાંગામાં વિભાષા એટલે વિવિધ કથન કરવા યોગ્ય શું છે?, તે વાતને જણાવતાં થકાં કહે છે કે-બીજા ભાંગામાં 'જ્ઞાયકસમીપે અજ્ઞાયક' એ સ્વરૂપના ભાંગામાં દોષ નથી, કારણ કે તે સમયે જણાવવાનું સામાન્યથી જણાવાય છે, અને વિશેષ જણાવવાનું પ્રત્યાખ્યાન અવસરે અશકય હોવાથી જણાવાતું નથી. એટલે પ્રત્યાખ્યાન કરવા યોગ્ય વસ્તુઓને પ્રત્યાખ્યાન કરનારો અજ્ઞ ત્યાગ કરે છે, અર્થાત્ તે તે પ્રત્યાખ્યાન કરવા યોગ્ય વસ્તુઓનું પ્રત્યા-

ખ્યાન કરે છે. તેવીજ રીતે ત્રીજા ભાંગામાં અજ્ઞાયકની પાસે જ્ઞાયક એ સ્વરૂપના ભાંગામાં પણ દોષ નથી. આ સંબંધમાં સૌભાગ્ય પંચમીની કથામાં નાનો ભાઇ આચાર્ય છે, અને તે આચાર્ય સંબંધિ મોટો ભાઇ મૂર્ખના ગુણને અનુસરવાવાળો હોવાથી અજ્ઞ છે. તેવી રીતે વડીલ સાધુના મામા-કાકા વિગેરે અજ્ઞ હોય, અને કારણસર પુષ્ટાલંબનથી ગુરૂ વડીલાદિને આ પૂજ્ય છે, માટે આની પણ પૂજા કરૂં, આવા ભાવથી અજ્ઞ હોવા છતાં આની પૂજા કરવામાં આવે તો અસંતોષનો પરિહાર થાઅ પણ નુકશાન થવાનું નથી. એમ ધારીને પ્રત્યાખ્યાન સ્વીકારવામાં તો દોષ નથી. પરંતુ છેલ્લા ભાંગામાં અજ્ઞાયકની પાસે અજ્ઞાયક એ પણ આજ્ઞા ભંગ રૂપ અપરાધ નથી, માટે તે ભાંગો પુષ્ટાલંબને સ્વીકારવા યોગ્ય છે. હવે કથન કરેલ વિધિથી વિપર્યય એટલે ઉલટું વર્તન થાય તે જણાવે છે. પૂર્વે જણાવેલ બીના એટલે પુષ્ટાલંબને અજાણુની પાસે અજાણુ પચ્ચખાણ લેનારનો પ્રસંગ ન સ્વીકારીએ તો અજાણુપણાથી પ્રત્યાખ્યાન દેનારને આલંબનના અભાવમાં પણ અજ્ઞસમીપે પ્રત્યાખ્યાનનું ગ્રહણ કરવું તે વિશેષ દોષ રૂપે થાય. આ રીતિએ પ્રત્યાખ્યાન ગ્રહણ કરવાનું પ્રથમ ગ્રહણ વિધિ દ્વાર જણાવ્યું. ગાથા-૭.

'નમસ્કાર સહિત'નો પરમાર્થ.

શાસ્ત્રવિહિત પ્રત્યાખ્યાન ગ્રહણ કરવાનો વિધિરૂપ પ્રથમ દ્વાર કથન-કરીને, હવે પ્રત્યાખ્યાન વિષયક અપવાદોને જણાવનાર આકાર દ્વાર એટલે આગારોનું સ્પષ્ટીકરણ જણાવનાર દ્વિતીય દ્વારનો પ્રારંભ કરાય છે. 'णमोक्कारे' નમસ્કારે એટલે નમસ્કાર સહિત પાઠનું ઉચ્ચારણ જે પ્રત્યાખ્યાનમાં થાય છે, તે નમસ્કાર સહિત પ્રત્યાખ્યાનમાં બેજ આગાર કથન કરેલા છે. જેવી રીતે ભીમ શબ્દથી ભીમસેન, ભામા શબ્દથી સત્યભામા લેવાય છે, તેવી રીતે णमोक्कारे-નમસ્કારે એ શબ્દથી શ્રીપંચમંગલ મહાશ્રુતસ્કંધરૂપ ઉચ્ચારણ કરાતા પાઠ સહિત પ્રત્યાખ્યાન લેવાય છે. કારણ કે પૂર્વ પદ અગર ઉત્તરપદ બંન્નેમાંથી કોઇ એક પદનો લોપ થવાથી બીજું પદ લઇ શકાય છે એવો એક ન્યાય સાહિત્ય સૃષ્ટિમાં પ્રવર્તે છે. માટે જે પ્રત્યાખ્યાનમાં નમસ્કાર સહિત પદથી ઉચ્ચારણા કરાય છે તેજ પચ્ચખાણ લેવું એટલે—"उग्गए सूरे नमुक्कारसहियं पच्चक्खाइ" ઇત્યાદિ સૂત્રસિદ્ધ પાઠ લેવાય છે તે પ્રત્યાખ્યાન લેવું. તે સિવાયના ગ્રન્થિ સહિતાદિ એટલે गंठसहियं, वेढसहियं ઇત્યાદિમાં પૂર્વનો પાઠ લેવો નહિ. 'નમસ્કાર સહિય' જે કહેવાય છે તેમાં સહિયં=સહિતં એ પદનો ભાવાર્થ સમજાવતાં કહે છે કે સહિત શબ્દને લેવાથી મુહૂર્ત મધ્યે એટલે મુહૂર્ત કાલની પરિસમાપ્તિ પહેલાં પૂર્ણ કરવા માટે નમસ્કારના પાઠ માત્રથી તે પચ્ચખાણ પુરૂં થતું નથી, પરંતુ મુહૂર્ત (બે ઘટિકા ૪૮ મિનિટ) એટલે શાસ્ત્ર વિહિત નિયમિત કાલ અને નમસ્કાર પાઠપૂર્વક બંનેના મિલનથીજ આ પ્રત્યાખ્યાનની પરિપૂર્ણતા માનેલી છે. ગાથા-૮ ચાલુ.

અદ્ધા પ્રત્યાખ્યાનાદિનું સ્પષ્ટીકરણ.

'નમુક્કાર સહિય' એ પદથી શરૂ થતા પ્રત્યાખ્યાનમાં મુહૂર્ત માત્ર કાલની મર્યાદાનો કેમ નિશ્ચય કરાય છે ?, સમાધાનમાં સમજવું કે

આ અદ્ધા પ્રત્યાખ્યાન હોવાથી કાલની મર્યાદા રૂપ મુહૂર્તનો નિશ્ચય કરવા પૂર્વક જણાવાય છે. આ પ્રત્યાખ્યાનનું અદ્ધા પ્રત્યાખ્યાનપણું શાથી કહેવાય છે ?, સમાધાનમાં વૃત્તિકાર જણાવે છે કે– "उग्गएसूरे नमोक्कारसहियं पच्चक्खाइ" એ સૂત્રનું પ્રામાણ્યપણાથી કાલની મર્યાદા જણાવાય છે, અને તેથી તે અદ્ધા પ્રત્યાખ્યાન કહેવાય છે. આથી જણાવેલ કથનના આશયને સ્પષ્ટ કરતાં જણાવે છે કે–ન્યાયની પરિભાષાથી નમસ્કારસહિયં પ્રત્યાખ્યાનને ઉદ્દેશીને અદ્ધા પ્રત્યાખ્યાનરૂપ વિધેયતા પ્રતિપાદન કરાય છે જેમ અત્ર સૂરોદ્ગમન એ હેતુ છે. એટલે "पर्वतो वह्निमान" એ સ્થળે પ્રસિદ્ધ પર્વતને ઉદ્દેશીને વહ્નિની સિદ્ધિ કરાય છે, તેવી રીતે પ્રસિદ્ધ નમુક્કારસહિયં પચ્ચખાણુને ઉદ્દેશીને અદ્ધા પ્રત્યાખ્યાનપણાની સિદ્ધિ કરાય છે, અને દૃષ્ટાન્તમાં પુરૂષની છાયાના પરિમાણુથી જે પ્રત્યાખ્યાનનું નામ પોરિસિ કરાયું છે તે પૌરૂષ્યાદિ પ્રત્યાખ્યાન જણાવેલું છે નહિંતર મુટ્ઠસહિયં, મુટ્ઠસહિયં ઇત્યાદિ પ્રત્યાખ્યાનની જેમ આ નમુક્કાર સહિયં उग्गए सूरे એ વિશેષણની જરૂર પડતજ નહિં. જેવી રીતે સૂર્ય ઉદય પામે છતે એટલે સૂર્યના ઉદયથી આરંભ કરીને પૌરૂષીનું પ્રત્યાખ્યાન કરાય છે, આથી આ વિશેષથી પ્રથમ પૌરૂષીનો નિશ્ચય કરાય છે, એવીજ રીતે ઉદય પામતો સૂર્ય હોવે છતે નમસ્કાર સહિતં પ્રત્યાખ્યાન કરાય છે, અને આ હેતુ પૂર્વકના વિશેષણથી પ્રથમ મુહૂર્તને પ્રત્યાખ્યાનની મર્યાદા રૂપપણે નિશ્ચય કરાય છે. આ સ્થળે ઉગ્ગએ સૂરે અને સૂરે ઉગ્ગએ એ બંન્નેમાં ફરક શું છે ?, આ બંન્નેનો શબ્દાર્થ વિચારીએ તો લગભગ સરખો છે, અને વૃત્તિકાર ભગવંતોએ આ બંન્ને પાઠ જ્યાં વપરાય છે ત્યાં ખુલાસો કર્યો નથી; પરંતુ નમોક્કાર સહિયંમાં 'उग्गए सूरे' અને પુરિમઢ્ઢ આદિમાં 'सूरे उग्गए' ના જે પાઠ બોલાય છે. આથી બંન્નેમાં રૂઢ અને યૌગિક અર્થ કરવાથી સ્પષ્ટતા યુક્તિયુક્ત સુસંગત બને છે. એટલે 'उग्गए सूरे' આ પાઠમાં રૂઢ અર્થથી સૂર્ય ઉદયમાં આવે છતે, અને 'सूरे उग्गए' આ પાઠમાં યૌગિક અર્થથી સૂર્ય ઉંચો આવે છતે= મધ્યાન્હ થયે છતે આ પ્રમાણે અર્થ કરવાથી મહાપુરૂષોનો આશય સચવાઇ જાય છે. ગાથા ૮ ચાલુ.

આકારનું સ્વરૂપ.

નમસ્કાર સહિયં એ વિશેષણથી શરૂ થતા પ્રત્યાખ્યાનમાં પ્રથમપણું સ્પષ્ટ માલુમ પડે છે, પણ મુહૂર્તપણું નથી; એ કહેનારને ઉત્તર આપતાં જણાવે છે કે–નમસ્કાર સહિત પ્રત્યાખ્યાનાદિ ત્રણ એ અદ્ધા પ્રત્યાખ્યાન છે, અને તેથી આ ચાલુ પદ્યમાં (૮ મા પદ્યમાં) ઉત્તરોત્તર આગારની વૃદ્ધિપૂર્વક જણાવેલું છે; આથી આ નમસ્કાર સહિત પ્રત્યાખ્યાનમાં અત્યંત અલ્પ-આગારતા અત્યંત અલ્પકાલીનજ પ્રત્યાખ્યાનમાં સંભવે છે. નમસ્કાર સહિતં એ પૌરૂષીથી અલ્પ છે, અને તેથી પ્રથમ મુહૂર્તની મર્યાદાને અનુસરતું પ્રથમ નમસ્કાર-સહિતં પ્રત્યાખ્યાન છે. એટલુંજ નહિં પણ અદ્ધા પ્રત્યાખ્યાન સ્વરૂપ-ગાથામાં પૌરૂષીથી લઘુતર એવા બીજા કોઈ પ્રત્યાખ્યાનને કથન કરેલુંજ નથી, અને તેથી પૌરૂષીથી અત્યંત અલ્પકાલીન

મુહૂર્ત મર્યાદાવાળું નમસ્કાર સહિત પચ્ચખાણ લેવાય છે. આવશ્યકસૂત્રના વૃત્તિકાર શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી પ્રત્યાખ્યાન અધ્યયનની ગાથા. ૧૫૭૯ માં આ પ્રમાણે જણાવે છે—

अद्धा पच्चक्खाणं जं तं कालप्पमाण छेएणं ।
पुरिमड्ढपोरिसीहिं मुहुत्तमासद्धमासेहिं ॥ १ ॥

ભાવાર્થ:—અદ્ધા પચ્ચખાણ એટલે કાલ પ્રત્યાખ્યાન, કે જે પ્રત્યાખ્યાન કાળના પ્રમાણથી નિશ્ચિત કરાય છે, તેને કાલિક પ્રત્યાખ્યાન અથવા તો અદ્ધા પચ્ચખાણ કહે છે પુરિમઢ્ઢ, પૌરૂષી, મુહૂર્ત, માસ અર્દ્ધમાસ ઇત્યાદિને અદ્ધા પચ્ચખાણ કહેવાય છે. આકારને બદલે આગાર શબ્દનો વપરાશ વધુ રૂઢ થયેલો છે. આકાર એટલે શું ?, આક્રિયતે=વિધીયતે પ્રત્યાખ્યાન ભઙ્ગપરિહારાર્થમિતિ આકારઃ। લીધેલાં પચ્ચખાણનાં ભંગના નિવારણના અર્થે, એટલે લીધેલાં પચ્ચક્ખાણના રક્ષણાર્થે જે છુટ આપવામાં આવે છે તેને પ્રત્યાખ્યાનના અપવાદ ભૂત હેતુઓ અથવા તો પ્રત્યાખ્યાનના અપવાદ ભૂત આકારો કહેવાય છે. ગાથા-૮ ચાલુ.

બે આકારાદિનું સ્વરૂપ.

આ નમોક્કારસહિયં પચ્ચક્ખાણમાં બે આકાર જણાવેલાં છે, પ્રત્યાખ્યાન પાઠ આ પ્રમાણે છે—"**उग्गए सूरे नमोक्कारसहियं पच्चक्खाइ चउव्विहंपि आहारं असणं पाणं खाइमं साइमं अण्णत्थणाभोगेणं सहसागारेणं वोसिरइ**" આ પચ્ચક્ખાણમાં ચાર પ્રકારનો આહાર ત્યાગ કરાય છે, પરંતુ એકવિધાદિ આહારનો ત્યાગ કરવા રૂપ આ પચ્ચક્ખાણ નથી. એટલું જ નહિં પણ વર્તમાન કાલીન સંપ્રદાય પ્રમાણે ચાર આહારનો ત્યાગ નમસ્કાર સહિત કરાતા આ પચ્ચક્ખાણમાં કરાય છે. આ પચ્ચક્ખાણ કરનારને રાત્રિ ભોજનના ત્યાગરૂપ વ્રત પ્રાયઃ કરીને હોવું જોઇએ. હવે ઉપર પ્રમાણે લીધેલ પચ્ચખાણના નિયમ ભંગ દોષનો અત્યંત પરિહાર કરવા માટે બે આકાર=આગારનું સ્પષ્ટીકરણ કરે છે. ૧ **अणत्थऽणाभोगेणं** અને ૨ **सहसागारेणं** એમ અનુક્રમે બે આકાર આવે છે. અનાદિ કાળની આહાર કરવાની વાસનાથી હાલતાં-ચાલતાં-બેસતાં-ઉઠતાં મોંમાં નાંખવાની ટેવથી, પચ્ચખાણનો અણાભોગ એટલે અત્યંત વિસ્મૃતિ થવાનો સંભવ હોવાથી ભૂલમાં આપ આહારમાંની કોઇ ચીજ નાંખી દેવાય તો આ પ્રથમ આકારની છુટ રાખીને પચ્ચક્ખાણ અપાય છે. પ્રાકૃત ભાષાના હિસાબે પંચમીના અર્થમાં તૃતીયા છે, તેથી તૃતીયા વિભક્તિનો અર્થ પંચમી વિભક્તિના પરમાર્થથી વિચારવો. આ પ્રથમ આકારનું સ્વરૂપ કહ્યું, હવે બીજા આકારનું સ્વરૂપ જણાવતાં કહે છે કે સંસાર રસિક આત્માઓ સંસારની પ્રવૃત્તિમાં એક લીન થઇ જાય છે, અને તે તે પ્રવૃત્તિમાં અત્યંત લાગેલા હોવાથી ત્રણે યોગોનું અતિ શીઘ્રપણું પ્રવર્તન હોય છે તેથી "**सहसागारेणं**" એટલે સહસા ચાર આહારમાંથી કોઇનું સેવન થઇ જાય તો પણ લીધેલ પચ્ચખાણનો ભંગ થતો નથી. આ પચ્ચક્ખાણમાં કાળનું અલ્પપણું હોવાથી, અને ઘણા આકારનો પ્રાયઃ અસંભવ હોવાથી બેજ આકાર છે, અને તેથી બે આકારનું સ્પષ્ટીકરણ કરેલું છે. ગાથા-૮ ચાલુ.

પ્રચ્છન્નકાલરૂપ આકાર.

હવે બીજા પૌરૂષી પ્રત્યાખ્યાનના આકાર સંબન્ધિનું વર્ણન કરતાં જણાવે છે. "छच्च णपोरिसी" આ પૌરૂષી પ્રત્યાખ્યાનમાં છ આકારો જણાવેલાં છે. પુરૂષ પ્રમાણવાળી છાયા જે કાલમાં પડતી હોય, એટલે સૂર્યના ઉદયથી એક પ્રહર વીતે છતે તડકામાં ઉભો રહેલ પુરૂષ પોતાની છાયા માપે તો પુરૂષ પ્રમાણ છાયા હોય છે. આથી જે કાલ વિશેષમાં પુરૂષ પ્રમાણ છાયા વર્તતી હોય તેને પૌરૂષી પ્રત્યાખ્યાન એટલે એક પ્રહર સુધીનું પ્રત્યાખ્યાન કહેવાય છે. તે પૌરૂષી પચ્ચખ્ખાણ આ પ્રમાણે છે– "पोरिसिं पच्चक्खाइ उग्गए सूरे चउव्विहंपि आहारं असणं पाणं खाइमं साइमं अण्णत्थऽणाभोगेणं सहसागारेणं पच्छण्णकालेणं दिसामोहेणं साहुवयणेणं सव्वसमाहिवत्तियागारेणं वोसिरइ" આ પ્રત્યાખ્યાનમાં કથન કરેલા–પાઠના પદોની વ્યાખ્યા પૂર્વે કથન કરેલી છે તે પ્રમાણે વિચારવી, પરંતુ જેટલી વિશેષતા છે તે અત્ર કથન કરાય છે. આથી આ પચ્ચખાણના નિયમનો ભંગ નિવારણ કરવા માટે છ આકાર કહ્યા છે. १–अण्णत्थऽणाभोगेणं, २–सहसागारेणं, ३–पच्छण्णकालेणं, ४–दिसामोहेणं, ५–साहुवयणेणं, ६–सव्वसमाहिवत्तियागारेणं; આ છ આકારોમાંથી પ્રથમના બે આકારોનું સ્પષ્ટીકરણ પ્રથમ પ્રત્યાખ્યાન (નમસ્કાર સહિયં પચ્ચકખાણ) માં વિસ્તારથી સમજાવી ગયા, એટલે બાકીના ચાર આકારનું હવે સ્પષ્ટીકરણ કરે છે; અને તેથી ત્રીજો આકાર 'पच्छण्णकालेणं' प्रच्छन्नात् कालात्। જ્યારે આકાશમાં વાદળાંઓથી, વંટોળીઆના જોરે ઉડેલી ધૂળથી, અને પર્વત-પહાડ-ગિરિની ઉંચાઇથી ઉગેલો સૂર્ય આંતરિત થયેલો હોય એટલે ઘેરાઇ ગયેલો હોય તેથી દેખાતો નથી, ત્યારે પૌરૂષી પૂર્ણ થઇ છે એમ માનીને તે પચ્ચખાણવાળો પચ્ચકખાણ પાળે અને ભોજન કરે તો ભંગ થતો નથી, આ ત્રીજા આકારનો પરમાર્થ છે. પરંતુ 'પોરિસીનો ટાઇમ પૂરો થયો નથી' એવું જાણ્યા છતાં ભોજન કરે તો પ્રત્યાખ્યાનનો ભંગજ થાય છે એ ધ્યાનમાં રાખવું. ગાથા–૮ ચાલુ.

દિગ્મોહ અને સાધુ-વચનાદિ બે આકાર.

હવે 'दिसामोहेणं' એ આકારનું વર્ણન કરતાં થકાં જણાવે છે કે પૂર્વ દિશાને પણ જ્યારે પશ્ચિમ દિશા જાણે છે, ત્યારે પૂર્વ દિશાને બદલે પશ્ચિમ દિશા તરફ મુખ કરવાથી દિગ્મોહ થાય છે, તે અવસરે રભસવૃત્તિથી પોરિસીનો કાલ અપૂર્ણ થયો હોવા છતાં થઇ ગયો છે એવી મુંઝવણ થવાથી અપૂર્ણકાલીન પોરિસીમાં ભોજન કરનારને આ આકારથી ભંગ થતો નથી, પરંતુ પૂર્ણ નથી થયો એમ જાણીને ભોજન કરે તો ભોજન કરનારને તે પોરિસિના પચ્ચખાણનો ભંગજ થયો છે એમ માનવું. ઉઘાટા પોરિસિ એટલે પોરિસિનો અવસર થઇ ગયા પછી પ્રાયઃ આ શબ્દો બોલાય છે, અને "બહુ પડિપુન્ના પોરિસિ" આ પદો ઉચ્ચારાય છે તે પોરિસિમાં કંઇક ન્યૂનતા રહેલી હોય ત્યારે બોલાય છે, કારણ કે ઉઘાટા અને બહુ પડિપુન્ના એ બે શબ્દો એકાર્થવાચક

નથી, પરંતુ જુદા અર્થવાળા છે. 'બહુ પડિપુન્ના' આમાં બહુ શબ્દ ઇષદૂનાર્થમાં વપરાય છે જેવી રીતે 'ईषद्परिसमाप्तो गुडो बहुगुडो द्राक्षा" આ પ્રસંગને શ્રી સિ૦ હે૦ શબ્દાનુશાસનમાં अधातुविभक्तिवाक्यमर्थवन्नाम ॥१।१।२७॥ આ સૂત્રના વાક્યવર્જનાવસરે પદ કૃત્ય પ્રયોજનમાં સ્પષ્ટ કરેલો છે, આથી બહુ શબ્દ ઇષદૂ ન્યૂન=ઓછાપણાના અર્થમાં આવે છે એટલે કંઇક ઓછી મીઠાશવાળી દ્રાક્ષ છે; તેવી રીતે પૌરૂષીમાં પણ બહુ શબ્દ વપરાય ત્યાં થવો જોઇતો ટાઇમ કંઇક ઓછો છે એમ સમજવું. આ ઉપરથી 'ઉઘાટા પોરિસિ' અગર 'બહુ પડિપુન્ના પોરિસિ' શબ્દો સાધુના મુખથી સાંભળીને મ્હારે પોરિસિનું પચ્ચખાણ છે એમ ધારીને પોરિસિનો કાલ થયો નથી છતાં ભોજન કરે તો 'साहुवयणेणं' સાધુ વચન એ વિભ્રમનું કારણ બન્યું તેથી તે ભોજન કરનારને આ આકારથી પોરિસિનું પચ્ચખાણ ભાંગતું નથી, તે સિવાય નિરપેક્ષપણે વાપરે તો પચ્ચકખાણનો ભંગજ થાય છે એમ દરેક આગારમાં સમજવું જરૂરીનું છે.

सर्वसमाधि-निमित्तक-आगार.

હવે પોરિસિના પ્રત્યાખ્યાનમાં છેલ્લો છઠ્ઠો આગાર, 'सव्वसमाहिवत्तिआगारेणं' છે. એટલે સર્વ સમાધિ માટે આ આગાર કહેલો છે. સર્વ સમાધિ એટલે પૌરિસિ કરવાનો નિયમ કર્યો છે, અને તે પચ્ચકખાણ કર્યા પછી એકા-એક તીવ્રશૂલ-ચુંક દુઃખાવો વિગેરે ઉત્પન્ન થઇ ગયા હોય, અને તે થઈ ગયા પછી તે પચ્ચકખાણ કરનારને આર્તધ્યાન રૌદ્રધ્યાન થઈ જાય તેને તે દુધ્યાનિને સર્વથા પ્રકારે દૂર કરવાં જરૂરી છે. તેથી તે પ્રત્યાખ્યાન કરનારને સર્વ સમાધિ નિમિત્તે ઉપર જણાવેલો આકાર છે, અને તે આ પ્રત્યાખ્યાનના અપવાદને આકાર રૂપે જણાવેલ હોવાથી સર્વ સમાધિ પ્રત્યેનો આકાર કહેવાય છે. આ આકારથી સમાધિ-નિમિત્તે ઔષધપથ્યાદિ પ્રત્યાખ્યાનનો ભંગ થતો નથી. ગાથા. ૮ પૂર્વાર્દ્ધ.

મહત્તરાગારની સ્પષ્ટતા.

હવે ચાલુ પદ્યના ઉત્તરાર્દ્ધના પદોની વ્યાખ્યા જણાવે છે પુરિમડ્ઢે આ પદોથી પુરિમાર્દ્ધમાં સાતજ આકારો જણાવાય છે. પુરિમં એટલે પૂર્વ. કોનું પૂર્વ? તો કહે છે કે દિવસના ચાર પહોર છે, એના બે વિભાગ કરીએ તો પૂર્વમાં બે પહોર આવે છે. અને ઉત્તરમાં બે પહોર આવે છે. આથી પૂર્વાર્દ્ધ રૂપ પુરિમાર્દ્ધ જાણવું, એટલે દિવસના આદ્ય વિભાગ રૂપ બે પ્રહરની પરિસમાપ્તિને પુરિમાર્દ્ધ કહેવાય છે, અને તે સંબંધના પ્રત્યાખ્યાનને પુરિમાર્દ્ધ પ્રત્યાખ્યાન કહેવાય છે. વળી આ પચ્ચકખાણમાં લેવાતો પાઠ આ પ્રમાણે છે 'सूरे उग्गए पुरिमड्ढं पच्चक्खाइ' અને બાકીનો પાઠ પૌરૂષીના પ્રત્યાખ્યાન પાઠ જેવો છે; પરંતુ " महत्तरागारेणं " એ આકાર એક વધુ લેવાનો છે. એટલે પોરિસિમાં પૂર્વે જણાવેલા છ આગાર ઉપરાંત

એક "महत्तरागारेणं" એ આગાર લેવાથી આ પુરિમાર્દ્ધમાં સાત આગારો છે. હવે 'महत्तरागारेणं' એ પદનો પરમાર્થ આ પ્રમાણે છે. લીધેલા પ્રત્યાખ્યાનના અનુપાલનથી વિધિપૂર્વક તે પ્રત્યાખ્યાન પાલન કરવાથી એટલે સેવન કરવાથી પ્રાપ્ત નથી નિર્જરાના લાભની અપેક્ષાએ અતિ અત્યંત નિર્જરાનો લાભ થવાનો અમોઘ હેતુ ભૂત હોય, પ્રત્યાખ્યાન કરનાર સિવાય બીજો કોઇ તે કાર્ય કરી શકતો ન હોય, અને ગ્લાન સાધુ, ચૈત્ય-સંઘાદિનું પ્રયોજન હોય તો તે આકારનું એટલે પ્રત્યાખ્યાન અપવાદનું સેવન કરવા માટે આ महत्तराकार છે. હવે કોઈ શંકા કરે છે કે આ આકારને નમસ્કાર સહિત આદિ પચ્ચકખાણુમાં લીધો નહિં અને અત્ર લેવામાં હેતુ શો છે?, તે શંકાના સમાધાનમાં વૃત્તિકાર જણાવે છે કે-આ આકારનુ અહિં (પુરિમાર્દ્ધમાં) જે ગ્રહણ કર્યું અને નમસ્કાર સહિત પચ્ચકખાણમાં તે આકારનું ગ્રહણ ન કર્યું તેનું કારણ એ છે કે तत्र-તે પુરિમાર્દ્ધના પ્રત્યાખ્યાનમાં કાલનું બહુપણું એટલે બે પહોરની પરિસમાપ્તિ સુધીનું પચ્ચખાણ છે, અને નમસ્કાર સહિતમાં અલ્પકાળ છે એની અમે સંભાવના કરીએ છીએ. આથી કાલનું બહુત્વ અને અલ્પત્વ સ્પષ્ટ છે, છતાં લાભની અપેક્ષાએ એનુ બહુત્વ-અલ્પત્વ સ્પષ્ટપણે સમજી શકાય તેમ છે. ગાથા ૮. ઉત્તરાર્ધ.

એકાસનનું સ્વરૂપ.

તેવી રીતે "एक्कासणयंमि अट्ठेव" આ પદો દ્વારા એકાસણુમાં આઠ આગારો હોય છે તે જણાવે છે. એકાસણાનો અર્થ કરતાં જણાવે છે કે જે પ્રત્યાખ્યાનમાં એક આસન અને એક અશન એટલે એક ભોજન (એક વખતનું ભોજન) હોય છે. એકવાર બેઠેલાને અને ગમનાદિ રહિત એટલે હલન ચલન રહિતને એક અશનં-ભોજન અને એક આસન હોય તેને એકાશન અગર એકાસન કહે છે, અને તેને અનુસરતું પચ્ચખાણ તે એકાસણ પચ્ચખાણ કહેવાય છે. તે એકાસનમાં આઠ આગાર હોય છે, પરંતુ તેથી અધિક સંખ્યાના આગાર સ્વીકાર્યા નથી. તે પચ્ચકખાણ આ પ્રમાણે છે—

एक्कासणगं पच्चक्खाइ चउव्विहंपि आहारं असणं पाणं खाइमं साइमं अण्णत्थऽणाभोगेणं सहसागारेणं सागारियागारेणं आउंटणपसारेणं गुरुअब्भुट्ठाणेणं पारिट्ठावणियागारेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तियागारेणं वोसिरइ ॥

આ પ્રત્યાખ્યાનમાં આઠ આગારો જણાવેલા છે.

(ચાલુ)

(અનુસંધાન ૧૬૮ પેજથી ચાલુ)

પૃ-૯૪. પં, ૪. પ્રશ્ન ૫૦ ન ચ-નૈવ૦ ઇત્યાદિના—

અપુનર્બન્ધકાદિ સિવાયના જે સકૃદ્બન્ધકાદિ છે તેઓને પ્રધાન દ્રવ્યવંદના પણ નથી કે બીજા પણ કોઇને પ્રધાન દ્રવ્યવંદના નથી ?

ઉત્તર, ૫૦–સકૃદ્બન્ધકાદિને જેમ પ્રધાન દ્રવ્યવંદના નથી તેવી રીતે અભવ્યોને પણ પ્રધાન દ્રવ્યવંદના નથી પરન્તુ અપ્રધાન દ્રવ્યવંદના છે.

પૃ. ૯૮ પં, ૭, પ્રશ્ન ૫૧–ननुवन्दनातः० ઇત્યાદિના—

તીર્થંકર ભગવન્તને કરાતી વંદનાથી પરમ સિદ્ધિ લક્ષણ પરલોકનેજ હિતકારી છે એમ નહિ પણ આ લોકને પણ હિતકારી છે એટલે વંદનાથી થયેલ કર્મના ક્ષય ક્ષયોપશમથી ઉદયમાં આવેલા લાભાન્તરાયાદિ દોષથી થતી ધન ધાન્યાદિકની હાનિનો પ્રાય કરીને નાશ થાય છે તો હવે શ્રેષ્ટ ચારિત્રધારિ મુનિ ભગવંતોથી કરાતી વંદના કર્મના ક્ષય ક્ષયોપશમમાં કારણ છે તો પછી તેવા પુન્યાત્માઓનો પ્રાણ આદિનો નાશ (મરણ) સંભલાય છે તો પછી વંદના વિગેરે પ્રયત્નથી પ્રાણ આદિ નાશની (મરણ) હાની કેમ થતી નથી.

ઉત્તર, ૫૧–કર્મોનું નિરૂપક્રમપણું હોવાથી એટલે અવશ્યક વેદવા લાયક જે કર્મો છે તે કર્મો વંદનાદિક પ્રયત્ન કર્યા છતાં પણ ટલતાં નથી. એટલે તેવા પુન્યાત્માઓનું મરણ થાય પણ અકાલ મરણ ન થાય એટલે વેદવાલાયક કર્મ વેદાય ખરૂં પણ થએલી હાનીની આગલ પરંપરા ચાલે નહિ એ જણાવવા માટે છે.

પૃ. ૯૯ પં, ૧૨. પ્રશ્ન ૫૨–ननु चतुर्विंशतिस्तवादेः० ઇત્યાદિના—

યોગ મુદ્રા વડે કરીને લોગસ્સ આદિનો પાઠ કરવો પરન્તુ શક્રસ્તવ આદિનો પાઠ યોગમુદ્રાએ ન કરવો એ પ્રમાણે જીવાભિગમ આદિમાં કથન છે, તેનું શું ?

ઉત્તર ૫૨–ઠીક છે પરન્તુ ઉપર કથન કરેલા મુદ્રા મુકતજ તે પાઠ કરાય છે એવો નિયમ નથી કમલના ડોડા આકારે હાથ લગાવ્યો છે. મસ્તકે જેણે ને પર્યંકાસને બેઠેલો શક્રસ્તવના પાઠને ભણે એમ જ્ઞાતાજીમાં કહ્યું છે તેમજ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ચૈત્ય વંદનની વૃત્તિમાં જણાવે છે કે પૃથ્વી ઉપર સ્થાપન કર્યા છે. જાનુ અને કરતલ જેણે ને પ્રભુને વિષે સ્થાપન કર્યા છે નેત્ર ને મન જેણે એવી રીતે બેઠેલો પ્રણિપાત દંડક એટલે શક્રસ્તને કહે. આ પ્રમાણે બીજી વિધિ પણ બતલાવી છે એટલે શક્રસ્તવનો પાઠ કરવામાં વિવિધ વિધિ જણાય છે ને તે બધી વિધિઓ પ્રમાણિક પુરૂષોએ રચેલા ગ્રંથોમાં જણાય છે ને વિનય વિશેષ સ્વરૂપ હોવાથી તેનો નિષેધ યોગ્ય નથી એટલે યોગ મુદ્રાથી પણ શક્રસ્તવનો પાઠ કરવામાં વિરૂદ્ધતા જણાતી નથી.

પૃ. ૧૦૧, પં, ૧૨, પ્રશ્ન, ૫૩–ननु प्रणिधा'नं० ઇત્યાદિના—

ત્રીજા પંચાશકની ૧૭ મી ગાથાને છેડે पणिहाणं मुत्तमुत्तीए એટલે પ્રણિધાન મુક્તાશુક્તિ–મુદ્રાએ કરવું પરન્તુ પ્રણિધાન તો ચૈત્ય વંદનને અંતે કરાય છે તો બાકીની વંદના શું પ્રણિધાન (એકાગ્રતા) વગરજ કરવી ?

ઉત્તર ૫૩–પ્રણિધાન નામનુ દંડક કે જે જયવીયરાય કહેવાય તેનું નામ પણ પ્રણિધાન ને ચિત્તની એકાગ્રતા તેનું નામ પણ પ્રણિધાન અહિ ચૈત્યવંદનને અન્તે કરાય છે તે પ્રણિધાન પ્રાર્થના સ્વરૂપને એકાગ્રતા સ્વરૂપ બન્ને લેવાનાં છે જ્યારે બાકીના ચૈત્ય વંદનમાં ઉપયોગ (એકાગ્રતા) સ્વરૂપ પ્રણિધાન તો લેવાનુંજ છે ને જો ઉપયોગ ન હોય તો ને બધી વંદના દ્રવ્યવંદના થઈ જાય કહ્યું છે अनुपयोगो दव्वं,

પૃ. ૧૦૨ પં, ૭, પ્રશ્ન ૫૪–अथैकदैकजीवस्य० ઇત્યાદિના—

સવ્વત્થવિ, કહીને મુદ્રા સ્થાપન, મુખની જયણા, ભૂમિ પ્રમાર્જન ને કાઉસ્સગ્ગા કરવા રૂપ ક્રિયા ને

(વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૨ જો)

સુધા-વર્ષા.

આલેખનકારઃ—સુધાવર્ષી-પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

૭૦૧. જિનેશ્વર ભગવંતના દર્શનથી, વન્દનથી, પૂજનથી, સત્કારથી, સન્માનથી જે ભાવ-ભક્તિ કરનારાઓ ભવ નિર્વેદના ભાવથી ભાવિત ન થાય-સંસાર પ્રત્યે કંટાળાવાળા ન થાય તો સમજવું કે તે પુણ્યાત્માઓને દર્શન-વન્દન-પૂજન-સત્કાર-સન્માનનાં યથાર્થ ફળની પ્રાપ્તિ હજી સુધી થઇજ નથી.

૭૦૨. કેદખાનામાં સપડાયેલા કેદીને છુટવાની જે તમન્ના હોય, તેવીજ તમન્ના બદલે તેથી પણ અધિક તમન્ના ચાર ગતિ=ચોરાશી લાખ જીવા યોનિમાંથી છુટવાની તમન્ના હોય તો સમજવું કે નિર્વેદના નિર્મળ સુધાનું પાન કરવા ભાગ્યશાળી થયા છીએ. અને તેથી ઠરીઠામ બેસવા લાયકનું એક પણ સ્થાન ચાર ગતિમાં છેજ નહિં આ નિર્ણય નિર્વેદની નિર્મળ ભૂમિકાના ઉંડાણમાં રહેલો છે.

૭૦૩. પોતાની પર્ષદાને પૂરવાની મુરાદથી શિષ્યાદિક પરિવાર વધારવાની બુદ્ધિ ગુરૂઓ માટે વિઘાતક છે, પરંતુ પોતે સમ્યકત્વાદિ ગુણ ગણના ભાજન બનીને મ્હારાં આશ્રિતો સંસાર સમુદ્રથી પાર પામો એજ બુદ્ધિજ ઉભયતઃ હિતવર્ધક છે.

૭૦૪. પૂર્વગ્રહના પાશમાં સપડાયેલાઓ, અને સપડાઇ જાય તેવા ભૂલ ભૂલામણીમાં ભૂલા પડેલાઓ સંવર-નિર્જરાની શુભ કાર્યવાહિઓ કરી શકતાં નથી, પરંતુ દ્રઢ પુણ્યાનુબન્ધિ પુણ્યબંધ પણ બાંધી શકતાજ નથી.

૭૦૫. અવિશ્વાસનું અસ્ખલિત વાતાવરણ ખડું થાય ત્યાં કાંકરીને બદલે મેરૂની કલ્પનાઓ ખડી થાય છે, માટે વિશ્વાસનું સ્થાન અવિશ્વાસ ન લે તે ધ્યાનમાં રાખો.

૭૦૬. પ્રતિજ્ઞાઓ લેવી એ જુદી ચીજ છે, અને પ્રતિજ્ઞાનુસાર સર્વસ્વના ભોગે પરિપૂર્ણ જીવન જીવવું એ તદન જુદી ચીજ છે; એ સુવિવેકશીલ આત્માઓને સમજાવવી પડતીજ નથી.

૭૦૭. વિઘ્નના વિષમ વંટોળીઆ વગર પ્રતિજ્ઞાઓનું પાલન થવું સુલભ છે, પરંતુ વિઘ્નાદિ વિપત્તિઓના વંટોળીએ ચઢેલા પુણ્યાત્માઓને પ્રતિજ્ઞા પાળવી એ અતિ મુશ્કેલ છે.

૭૦૮. આવી પડેલાં કે આવનારાં દુઃખોથી ગભરાઇ જનારાઓ પ્રતિજ્ઞાનું પાલન કરી શકતાંજ નથી, માટે ધૈર્યતા પૂર્વક આગળ વધવું એજ હિતાવહ છે.

૭૦૯. "સંયોગ અને સાધનના ફેરફાર સાથે વર્તમાન લાભની લાલચમાં પડેલાઓ પારમાર્થિક લાભથી બેનશીબ બને છે" એ સ્મૃતિપટમાં ખૂબ ખૂબ સ્થિર કરવું જરૂરીનું છે.

મુદ્રકઃ—મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશકઃ—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર. મું-૨.

શ્રી સિદ્ધચક્ર.

ॐ नमः सिद्धचक्राय, शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ, અને સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે. —**આ. બો.**

અકલ્યાણકારિણી-નિન્દા.

આલેખનકાર:—**પૂ. પંન્યાસપ્રવરશ્રી ચંદ્રસાગર-ગણીન્દ્ર.**

तयसं व जहाइ से रयं इति संखाय मुणी ण मज्जइ ।
गोयन्नतरेण माहणे, **अहसेयकरी अनेसी इंखिणी** ॥ १ ॥

શ્રીસૂત્રકૃતાંગ-સૂત્રના બીજા-અધ્યયના બીજા-ઉદ્દેશની શરૂઆતમાં **પંચમગણધર-ભગવંતશ્રી સુધર્માસ્વામીજી અંતિમકેવળી શ્રીજંબૂસ્વામિજીને** ઉદ્દેશીને જણાવે છે કે—**અકલ્યાણકારિણી નિન્દા** છે, એમ સમજીને નાના કે મોટા, બાલક કે યુવાન, સ્ત્રી કે પુરૂષ, મૂર્ખ કે બુદ્ધિમાન, ગુણી કે નિર્ગુણી આદિ સકળ પ્રાણીગણની કોઇએ અશ્રેયસ્કરી-નિન્દા કરવા લાયક નથી. સર્પ ત્યાગ કરવા લાયક કાંચળીને તજે છે, તેવી રીતે મુનિવર્યો કર્મ-રૂપી રજને પણ છોડવા લાયક જાણીને છોડે છે. કષાયનો અભાવ એજ કર્માભાવ-કાર્યનું અમોઘ કારણ છે, એથી કષાયની મૂળ જડરૂપ ગોત્રઆદિ આઠ મદસ્થાનો પ્રતિ તેઓ લવલેશ મદ કરતાંજ નથી.

પોતાની પ્રબળ ઉત્કર્ષતાદિને હાનિ ન પહોંચે તે રીતિએ માનસિક-વાચિક-કાયિક પ્રયોગો દ્વારા નિર્માલ્ય નિન્દાનું અવલંબન લેઇને જેઓ પોતાના આત્માનું અધઃપતન કરે છે, આત્મિક શક્તિઓનો હ્રાસ કરે છે, અને આત્મિક ગુણોનો નાશ કરવા કમ્મર કસે છે; તે બધાઓએ સ્મૃતિપટ પર આ શબ્દોને સ્થિર કરવાં જરૂરીના છે—"**અકલ્યાણકારિણી નિન્દા છે.**" આ ઉપરથી નિન્દા કરવી નહિં, કરાવવી નહિં, કરનારાઓની અનુમોદના કરવી નહિ, અને નિન્દા શ્રવણ કરવામાં કર્ણયુગલને નિર્માલ્ય નિન્દારૂપ નિન્દિત-કાર્યોથી નવસો કોષ દૂર રાખવાની જરૂર છે.

વી. સં. ૨૪૭૫
વિ. સં. ૨૦૦૫
વર્ષ ૧૫-અંક-૮

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખ મેમણ સ્ટ્રીટ—મુંબઇ. નં. ૨

વાર્ષિક લવાજમ
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના
રૂ. ૦—૪—૬

સર્વસ્વ-સમર્પણ અંગે.

આલેખકઃ—પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

૧. સર્વસ્વ-સમર્પણ કરીને પરમપદે પહોંચવાના ભગીરથ પ્રયત્ન કરવાવાળા શ્રમણ-ભગવંતો ઘનઘાતિ-કર્મના ઘેરાં પાણીને પણ ઉલ્લંઘે છે.

૨. કામ-ભોગની વિષમ વાસનાના વસમા-માર્ગમાંથી નીકળીને સર્વસ્વ-સમર્પણ કરનારાઓ કેવળ જ્ઞાનના કાંઠે પહોંચી શકે છે.

૩. સંસાર સમુદ્રથી તારનારી, બ્હાર કાઢનારી, પાર ઉતારનારી; અને સહિ-સલામત અવ્યાબાધ-અચળ-સ્થાને સ્થિત કરનારી સર્વસ્વ-સમર્પણ કરવા પૂર્વકની આરાધના છે.

૪. તરવાની કળામાં અધુરા-આરાધકો સર્વસ્વ સમર્પણની કળામાં નિષ્ણાત બને છે, ત્યારેજ તારનારી આરાધના ઈષ્ટ સિદ્ધિ ફૂલ દેનારી બને છે.

૫. આરાધ્ય ભગવંતોની વાસ્તવિક-ઓળખ વગર આરાધકો આરાધનાને બદલે વિરાધનામાં ઉતરી જાય છે, તેમાં સર્વસ્વ-સમર્પણની સદ્પ્રવૃત્તિમાં મંદતા એ મુખ્ય કારણરૂપ છે.

૬. કર્મ-શત્રુની સઘળીએ વ્યૂહ-વ્યવસ્થાનું ભેદન કરવાનું સુંદરતમ-સૌભાગ્ય સર્વસ્વ-સમર્પણના સુંદર ભાવથી ભાવિત થયેલા સિંહવૃત્તિધર-સજ્જનોનેજ પ્રાપ્ત થાય છે.

૭. નમિઊણ આદિ પદોના ઉચ્ચારમાં અને તદ્ગત નમનાદિ ક્રિયા કરવામાં સદ્ભાવપૂર્વકનો સર્વસ્વ-સમર્પણ ભાવ ઈષ્ટ સિદ્ધિનો સાધક બને છે.

૮. સર્વસ્વ-સમર્પણના ભાવને સર્વાંશે સમજનારાઓ અને સર્વાંશે વર્તનારાઓ આરાધ્ય ભગવંતો પ્રત્યે અખંડ પ્રેમ પ્રકટાવી શકે છે, ટકાવી શકે છે, અને ઉત્તરોત્તર તે પ્રેમને પરિપૂર્ણ વૃદ્ધિ કરીને ઈષ્ટ સ્થાને પહોંચવામાં તેજ પ્રેમ પ્રબળ પ્રેરક બને છે.

૯. સર્વસ્વ સમર્પણના સદ્ભાવથી ભાવિત થયેલા ભાવુકોના ભવ્ય-હૃદયાબ્ધિમાં ઓટ વગરની ભરતીના ભવ્ય તરંગો (આરાધના સંબંધિના) અસ્ખલિતપણે ઉભરાયાં કરે છે.

૧૦. આરાધ્ય અને આરાધક વચ્ચેના અગમ્ય ભેદને ભેદનારી સર્વસ્વ-સમર્પણ પૂર્વકની આરાધનાઓ છે.

૧૧. ચિત્તનું વાસ્તવિક મુંડન થયા વગર સર્વસ્વ-સમર્પણ રૂપ સ્વયંસેવક ભાવ સેંકડો કોસ દૂર છે.

૧૨. મિથ્યાત્વાદિ મહા શત્રુઓને અને ક્રોધાદિક્રૂર કર્મ ચાંડાલોને સર્વથા હાંકી કાઢયા વગર ચિત્તમુંડન રૂપ સર્વસ્વ-સમર્પણ દૂર કરે છે.

[વધુ માટે જુવો ટાઈટલ પેજ ૩ જો]

શ્રી સિદ્ધચક્ર

વર્ષ-૧૫.	વૈશાખ-માસ.	તંત્રીઃ
અંક-૮ મો.	તા. ૧૭-૫-૪૯.	પાનાચંદ રૂપચંદ ઝવેરી.

આગમોદ્ધારકની અમોઘ-દેશના.

[પ્રસંગઃ—વિ. સં. ૧૯૯૦ના ચાતુર્માસમાં સુરત મુકામે પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક શ્રીમદ્ આનંદસાગરસૂરીશ્વરજીએ આપેલ અમોઘદેશનાનો સારભૂત સંચય કરનાર પૂ. પં. શ્રીદેવભદ્રગણિજી છે, તેને તે (સંચય) મેળવીને પૂ. પંન્યાસ-પ્રવરશ્રીચન્દ્રસાગરજી-ગણિચન્દ્ર પાસે પેરેગ્રાફાદિ સુધારા વધારા સાથે તૈયાર કરાવીને અત્ર અપાય છે; છતાં પૂ. દેશનાકારના આશય વિરૂદ્ધ કોઈપણ સ્થળે સ્ખલના થઈ હોય તો તેઓશ્રીની અત્ર અમે ક્ષમા યાચીએ છીએ.

લિ૦ તંત્રી.]

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. મોક્ષ માર્ગ બતાવનારાઓ જૈન શાસનરૂપ કોર્ટના વકીલો છે.

૨. અસલને અનુસરતી નકલ.

૩. અસલને અનુસરતો નકલરૂપે ઉપદેશ અપાય છે.

૪. નકલ લખનારો જુદો હોય, પણ ભાવાર્થ અસલને અનુસરતોજ હોય છે.

૫. અસલ પ્રમાણે નકલ કરવાનું કાર્ય આચાર્યાદિક ત્રણ પરમેષ્ઠિઓનું છે.

૬. કોર્ટના સિક્કા સાથની નકલ હોય તોજ કિંમત છે, અને તેથી પંચ મહાવ્રતને ધારણ કરવા રૂપ જૈન શાસન કોર્ટનો સિક્કાને જુઓ.

૭. અસલના ઓઠા નીચે નકલનો લાભ નહિં લેનારાઓ લગભગ મૂર્ખા છે.

૮. માસ ક્ષમણ-સામર્થ્યો-સંયોગોનો લાભ લેવો નથી, અને અનાગતની ચકોળામણમાં ઉતરવું તે મુર્ખાઈની મર્યાદાને અનુસરવા જેવું છે.

૯. "પામી ધોધ ન પાલે સુરમ" આ કહેવતને શ્રી ઉપદેશમાલાકાર ચરિતાર્થ કરે છે.

૧૦. અકુશ-કુશીલની સેવના વાર સારાં સંયોગ પમાય શી રીતે?

૧૧. શ્રુત-સચ્ચકત્વનું સ્થિરીકરણ.

૧૨. અનુજ્ઞાનું આત્મસાત્કરણ.

૧૩. મૂલ-સૂત્રોનું રહસ્ય.

૧૪. શ્રીગણધરની દેશનાનો અપૂર્વ-લાભ.

૧૫. જ્ઞાનને આધારે શ્રમણપણું.

૧૬. સાધુને આધારે શ્રમણ.

૧૭. જ્ઞાનના વિચ્છેદ સાથે તીર્થનો વિચ્છેદ.

૧૮. શાસનનો ટકાવ આચાર ઉપર છે.

જૈન-શાસન કોર્ટના કલાર્કો.

શાસ્ત્રકાર-મહારાજ-ન્યાયાચાર્ય-શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ ભવ્ય—પ્રાણીઓના ઉપગારને માટે શ્રી અષ્ટકજી પ્રકરણ કરતાં થકાં આગળ સૂચવી ગયા કે આ સંસારમાં જીવન નિર્વાહ માટે જ્ઞાન જરૂરી ચીજ ગણાઇ છે, તેમ શાસનને અંગે, પણ શાસનની ઉત્પત્તિ માટે જ્ઞાનને સ્વીકાર્યું છે. શાસનનું ટકવું તે જ્ઞાનને અંગે છે. શાસનનો વર્તાવ જ્ઞાન સુધીજ છે. આગળ જોઈ ગયા કે અચિંત્ય પુન્ય સમુદાય રૂપે તીર્થંકરપણું ગર્ભથી હોય તેથી જન્મ-ચ્યવન-દીક્ષાનું કલ્યાણક લોકાંતિકનું આવવું બધું બની શકે છે, પણ ફળની સિદ્ધિ રૂપી જે તીર્થંકર નામ કર્મ તે ઉદયમાં આવવું તે કેવળી થયા પછીજ આવે છે. તેથી અર્થને અંગે આત્માગમ તીર્થંકરનેજ માનીએ છીએ, અને તે પણ કેવળ જ્ઞાન ઉપજ્યા પછીજ હોય. સર્વ પદાર્થનું સંપૂર્ણ સ્વરૂપ જાણ્યા સિવાય જે નિરૂપણ તે સાચું નિરૂપણ નથી. જગતમાં જજમેન્ટ દેવાવાળો અગર ન્યાય ચૂકવવાવાળો વાદી પ્રતિવાદી બન્નેની દલીલો સાંભળે, અને જાણે ત્યારેજ તેને ન્યાય ચૂકવવાનો કે ફેંસલો દેવાનો હક રહે છે. તેથી વાદી કે પ્રતિવાદી તરફથી સંભળાવવાનું બાકી હોય તો તે મુદ્દાને અપીલમાં આગળ કરાય છે, કારણ કે આ રીતિ છે કે તે ચુકાદો દે નહિ, અને બન્ને બાજુનું સંપૂર્ણ સાંભળવું જ જોઈએ. તે વગર ન્યાય માન્ય ગણાય નહિં. જીવાદિકનું સ્વરૂપ નિરૂપણ કરતાં યાવત્ જીવો, યાવત્ આશ્રવો આદિને સંપૂર્ણ રીતિએ જાણવામાં આવે નહિં, અને જીવોનું તથા આશ્રવોનું જે નિરૂપણ કરવામાં આવે તે ખરી રીતે તો જીવના સ્વરૂપનો ચુકાદો દેવામાં આવે છે. જે ચુકાદો દે તે તે વિષયમાં ઠેઠ ઉતરેલો ન હોય તેનો ચુકાદો કેટલો યોગ્ય ગણાય ?, સર્વ આશ્રવ બંધ નિર્જરા અનંતા કાળથી મોક્ષે ગએલા જનારા એ બધાની સ્થિતિ જાણે ત્યારેજ સ્વતંત્રપણે જીવાદિક પદાર્થોનું નિરૂપણ કરવાનો હક છે. ધર્મ કહેવાનો, અને મોક્ષ-માર્ગ બતાવવાનો હક કેવળીયોને છે. કલાર્ક હોય તે માજીસ્ટ્રેટના ચુકાદાની નકલ ઉતારી દે. સામાન્ય ભણેલો નકલ તો ઉતારી દે, પણ તેની માજીસ્ટ્રેટ જેટલી કિંમત હોતી નથી. કારણ તેને વાદી સંબંધિમાં કે પ્રતિવાદી સંબંધિમાં વધારે ઉતરવાનું હોતું નથી. તેમ તીર્થંકર સિવાયના જે ધર્મ દેશકો એટલેજે મોક્ષ માર્ગ બતાવનારા છે તે તો જૈન શાસનની કોરટના કલાર્કો છે.

અસલના ભરોસે નકલને છોડનારા.

ચુકાદો જજમેન્ટ લખવાનો હક્ક મેજીસ્ટ્રેટનો છે, અને નકલ ઉતારવાનો હક કલાર્કનો છે. તેમાં ફારફેરી ન થાય તે માટે નકલ ઉપર કોરટનો સીક્કો જોઈએ. તેમ તીર્થંકર મહારાજની નકલ કરનારે પંચ મહાવ્રત રૂપ સીક્કો રાખ્યો છે. આરંભ પરિગ્રહમાં આસક્ત હોય તેવાએ નકલ ઉતારવી તે કામની નથી. તમે બારોબાર નકલ ઉતારી લાવો તે નકલ સાચી હોય તો પણ કોરટના દફ્તરે તે નકલ ચઢે નહિં એમ અહીં જૈન શાસનનો ઉપદેશ કયારે ગણાય ? આચાર્યના ઉપદેશ, અને સાધુના ઉપદેશ નકલી છે તે પણ કરવાનો હક કોને ? એ નકલ દફ્તરે કયારે ચઢે ? કોરટના સિક્કાવાલી હોય તો આચાર્યાદિક ઉપદેશ કરે તે સર્વજ્ઞકથિત ઉપદેશને અનુસારે કરે છે, અસલ નહીં. ઉપદેશની પહેલાં કહે છે કે—આ નકલ છે, કારણકે તીર્થંકર મહારાજાએ આમ કહ્યું છે, પણ અમે સ્વતંત્રપણે કહેતા નથી. ચોકખી નક્કલ કહીનેજ નક્કલ તમને બતાવે છે, માટે તે નક્કલ છે સહી સિક્કાવાલી છે; જે કોરટમાં અસલ ન લાવી શકો તે સહી સિક્કાવાલી નક્કલ હોય તો પણ અસલનું કામ કરે છે; તમારી નક્કલ પણ અસલ જેટલુંજ કામ કરે. તેમ પંચમહાવ્રતના સીક્કાવાલો ઉપદેશ જીનેશ્વર મહારાજ નથી તે વખતે અસલ જીનેશ્વર મહારાજ જેટલું કામ કરે છે. પાંચ મહાવ્રત એજ સાધુપણું. આજ કારણે શાસ્ત્રકારો અસલ ન હોવાથી, અસલના ભરોસે નક્કલને છોડનારને ગાંડા ગણે છે.

અધમ-પ્રવૃત્તિમાં પડી રહેવું તે ઠીક નથી.

અસલના સંભવનો અભાવ છતાં નકલનો અનાદર કરી અસલ અસલ પોકારે તેને દુનીયાદારીમાં ગાંડા ગણે છે, તેમ અસલને પકડનારને પણ ગાંડા ગણે છે. 'પામી બોધ ન પાલે મુરખ' એ કહેવતને અનુસારે પણ શ્રીઉપદેશ માલાકાર કહે છે કે-**लब्धासीय बोहिं** એટલે સમ્યકત્વના કારણો જે તને પ્રાપ્ત થયા છે તેને તું સફળ કરતો નથી, અને **अनागयं च पत्थंतो** અત્યારે નથી એવા ભવિષ્યને અંગે પ્રાર્થના કરે કે "એવું મળશે ત્યારે વાત, અત્યારે તેવા ગુણિ સાધુ નથી, જે વખતે સ્નાતક નિર્ગ્રંથ મળશે ત્યારે વાત, પ્રમત્ત સાધુપણું મળેલું હોય, દેશવિરતિ મળેલી હોય, તેને નહીં આદર તો જીનેશ્વરનો જોગ મળશે ત્યારે; અને અપ્રમત્ત ચઢીયાતા ગુણ ઠાણાવાળા સાધુઓ મળશે ત્યારે બધું કરીશું." આ બધી વાત ખરી પણ ઝવેરાતની વાત કરવામાં રસ આવે છે પણ ગજવું સંભારવું કે નહિં ? ઝવેરાતની વાતનો રસ શોભે કોને ? ખીસું તર હોય તેને, તેમ ભવિષ્યમાં કેવળી તીર્થંકર ગણધરનો સંયોગ પામ્છે છે તે વાત સારી છે, પણ અહીં ધર્મારાધન કરતો નથી તો તે કેવળી તીર્થંકર ગણધરનો સંયોગ કઇ કિંમતે પામવાનો છે ? મારવાડી ભાઇ દેશથી અહીં આવે છે. પહેલા વાસણ માંજવા રહે, પગ ચંપી કરવા રહે; અને વિચારે છે કે ભાઇ આ તો મોટા ઝવેરી-ચોકસીઓ છે. ત્યાં પહોંચવું કયે રસ્તે ?, દીવાબત્તી કરીને, વાસણ માંજીને, વિગેરે કાર્યમાંથી બચત કરીને ૫૦-૧૦૦ જમે કરશે અને ફેરી ફરશે. જ્યાં રૂ. ૧૦૦૦) જોગા થયા ત્યાં દુકાન માંડશે, અને તેમાં મોટો વેપારી બનશે. પરંતુ દેશમાંથી આવતી વખતે વિચાર્યું હતે તો શું થાતે ? તેમ કેવળી ગણધરની વાતો કરી ધર્મ કાર્યમાં ના વર્તે, અને 'સારૂં બધું પણ મળે ત્યારે વાત' આવું બોલનારને કંઈ લાભ થતો નથી. દુપ્પસહસૂરિનું ચારિત્ર બકુશ કુશીલનું ચારિત્ર છે. કલ્કિ વખતે થવાના જે શ્રીપ્રભ-આચાર્ય, અને શ્રી દુપ્પસહસૂરિજીને મલક્ષય ક્ષાયિક માનેલું છે. તેમાં અને ક્ષાયિક સમ્યકત્વમાં ફરક છે. સંખ્યાતુ આયુષ્ય-બાંધ્યું હોય તો તે ભલે મોક્ષે જાય, અને અસંખ્યાતુ આયુષ્ય હોય તો ચાર ભવ થાય. શ્રી-પ્રભ આચાર્ય, અને શ્રી દુપ્પસહસૂરિ બન્નેને મલક્ષય-ક્ષાયિક સમ્યકત્વ માન્યું છે. આઠમા ઉદયમાં શ્રીપ્રભ આચાર્ય થશે, શ્રીપ્રભ, અને આ આચાર્ય થવાવાળા છે તે વખતે કલ્કિ થવાના તેને હજુ વાર છે. હજુ ત્રીજો ઉદય શરૂ થયો નથી. કલ્કી ઘણા છે, તેથી હિન્દુના ભરોસે જૈનોએ જવા જેવું નથી. અલ્લાઉદ્દીનને જે ચીતર્યો છે તે માટે વર્તમાનમાં બકુશ કુશીલ ચારિત્ર જોઇએ વિચારમાં ચાવીએ કે તીર્થંકરના વખતમાં હોઇએ તો ઉંચ પરિણતિ, અને ઉચ્ચ ચારિત્ર હોય પણ તે ઊચ્ચ પરિણતિને પ્રવૃત્તિના નામે અધમ પ્રવૃત્તિમાં પડી રહેવું તે શોભાસ્પદ નથી. ખરી રીતે તો ઉત્તમ પરિણતિની વાતોને ચુંક ઉડાડવા જેવું છે.

શ્રુત-સમ્યકત્વ.

એ માટે શ્રીધર્મદાસગણીએ કહ્યું છે કે-પ્રાપ્ત થએલા સાધનોને જે ઉપયોગમાં લેતો નથી, અને ભવિષ્યના મોટા સાધનોની વાતો કરે છે તે કઈ કીંમતે મોટા સાધન સામગ્રી મેળવવાનો છે ? ખાલી ખીસ્સાવાલો ઝવેરાતની વાતો કરે, છતાં તમે તેવાઓને ઝવેરાત બતા-વતા નથી. ભીલને ઝવેરાત કેટલા બતાવો છો ?, ભીલ દેખવા પણ ન પામે. ખાલી ખીસ્સાવાળાને લાખ રૂપીયાનો નેકલેશ જોવા માંગે તો પણ તમે તેને જોવા ન આપો. તેમ પોતાની શક્તિ પ્રમાણે દેશવિરતિ, અને બકુશ-કુશીલ ચારિત્રમાં પણ પોતાનું વીર્ય ફોરવનારા ધીમે ધીમે આગળ વધે છે. ૫૦-૬૦ હજારના આસામી પણ વાતો કરનારા તે માત્ર ભીલ જેવા છે. કેવળજ્ઞાની મળે, ગણધર મહારાજ મળે, તે વખતે ચારિત્ર અંગીકાર કરીશું, પરંતુ મળેલા પ્રમાણે મહેનત કર, પછી નવું મેળવવા માંગનારા એજ મેળવી શકે છે. મળેલા સંયોગ પ્રમાણે નહિં કરનારો; ઉત્તરોત્તર વધુ ને વધુ ધર્મની પ્રાપ્તિ માંગે તે કયું પણ ભવાંતરમાં ન પ્રાપ્ત કરી શકે. રૂ. ૫૦-૬૦ હજારવાળો લાખ નહીં શકે. પણ જોવા તો પામશે. તેમ થયેલા ક્ષયોપશમ પ્રમાણે મળેલા સાધન પ્રમાણે ઉદ્યમ કરનારાઓને કેવલી-ગણ-

ધરવો સંભવ છે, પણ મળેલા સાધન પ્રમાણે નહીં આરાધનારને અનુપ્રવેશગતિ મળવી મુશ્કેલ છે. તીર્થંકરનો સંયોગ મળે ત્યારે મહા તપસ્વી બનીએ આવી ભાવના ભાવવા પહેલાં મળેલા સાધનોને સફળ કરીને મહેનત કરો તો આપોઆપ કામ સફળ થાય. હવે મૂળ વાતમાં આવો. અસલી દસ્તાવેજ ન મળે તો વખતે સહી સિક્કાવાળો નકલી દસ્તાવેજ પણ અસલનું જ કામ કરે છે. જે દુષમ કાળમાં ચૌદ પૂર્વી નથી, કેવળી વિગેરે નથી, તો પછી તેમની સહીવાળો નકલી દસ્તાવેજ તે પણ તેજ કામ કરે છે. જુદા બે પ્રકારના સૂક્ષ્મ અને બાદર કેવળીમાં ત્રણ પ્રકારના જ્ઞાન નથી. તેટલા કહેવા કે નકલ છે માટે છતાં તો આધારે ન પ્રવર્તવું. તે મૂર્ખાઈ છે. જે કાળે ગણધરો તીર્થંકરો કેવળીઓ નથી તેના ઉપદેશ કબુલ કરે તે સમકીતિ છે. સ્થાનકવાસીએ સૂત્ર પકડી રાખ્યા છે, દીગંબરો શાસ્ત્ર માનતા નથી. સ્વામીનારાયણ પેઠે નવું બનાવ્યું હોત તો આપણે પણ કંઈ ન હોત. અસલ ન મળે તે વખતે સહીવાળી નકલ તે અસલનું કામ કરે છે. આપણે શાસ્ત્ર વિગેરેમાં ન જાણીએ, પણ કેવળી કહે તે કબુલ આમ કહેતાં ખોટાની છે. સહી સિક્કાવાળી નકલમાં નહીં માનીએ તેમ કહી શકાય નહિ તેમ શાસ્ત્રકારોએ સૂત્રમાં જે તત્ત્વ બતાવ્યું છે. તેટલા માટે શાસ્ત્રકારે શ્રુત-સમકાલ કહ્યું છે.

અનુજ્ઞાનું રહસ્ય.

શ્રુત આધારે સ્વયંબુદ્ધ શ્રુત આધારથી બહાર જનારને **जिणपण्णत्त तत्त** થઈ ગયું ન ગણાય. તો સૂત્રમાં એક અક્ષર પણ ઉઠાવે તે શું નિન્હવ ન કહેવાય? એક પદ, એક અક્ષર, સૂત્રમાં કહેલું ન માને અને બાકીનું બધું માને તો પણ મિથ્યાદૃષ્ટિ કહેવાય. જીનેશ્વરે આમ કહ્યું છે. તે કહેવાનો હક ન રહે. તે કે આપણે ગોટામાંહિલે કહ્યું તે માની લેવું? કેવળી મહારાજના નામે ગોષ્ટામાંહિલે શ્રદ્ધા કરી, તો જેને તમે નિન્હવ ગણો છો. તેણે કેવળીના નામે શ્રદ્ધા કરી તો તેને સમકીતિ કહી દેવો? દીગંબરો શું કહે છે?, તેરાપંથી-માનું છે શું કહીને? જીનેશ્વરો આમ કહ્યું છે. દરેક મતવાલા **जिणपण्णत्त तत्त** એ સૂત્ર માને છે દરેક મતમાં એ સૂત્ર રહેલું છે. જૈનોમાં પડેલા ફાંટા-વાળાઓ દરેક આ સૂત્રને માને છે. ચાહે ઢુંઢીયા, દીગંબર, તેરાપંથી બધા **जिणपण्णत्त तत्त** કહેનારા છે. તે વાતમાં ના કબુલ કરનારો નથી તો બધા સમકીતિ ખરા ને? જો કે તેઓ બધા જીનેશ્વરે કહેલું તત્ત્વ કબુલે છે અને એમ કહેનારા છે કે સાચો દસ્તાવેજ હોય તો માનવા તૈયાર છીએ. એમ બોલનારા હોય છે, છતાં સહી સિક્કાવાલી નકલ અસલ નકલના અભાવે ન માને તો બેઈમાની ગણાય. જીનેશ્વર મહારાજે જે ઉપદેશ કર્યો તે અસલી દસ્તાવેજ, અને ગણધરોએ તે ઉપરથી સૂત્ર રચ્યા તે સહી સિક્કાવાલી નકલ છે; કારણ કે ભગવાને સહી કરી છે. જેમ નકકલ ઉતર્યા પછી કોરટથી સહી થાય તેમ સહી કરી છે. બધા સૂત્ર રચાયા પછી તેની અનુજ્ઞા ભગવાને કરી છે. "આ બધા સૂત્રો તું બીજાને ભણાવજે, આ સૂત્રોને સમ્યગ્ ધારણ કરજે, બીજાને નિરૂપણ કરજે, મોટા ગુણોએ વધજે;" આ રીતિએ અનુજ્ઞાના રહસ્યને સમજાવે છે. કહો કે આ સાચાપણાની છાપ ચૌદ પૂર્વને બાર અંગની રચના થયા પછી તીર્થંકરોએ છાપ મારી છે.

ગણધરની દેશનાથી શાસનને લાભ.

બાર ઉપાંગ અંગના એક દેશનો કરેલો વિસ્તાર, અને શ્રુત સ્થવિરોએ કરેલો વિસ્તાર તે કેવળી ભગવાને જાણેલું છે તેજ છે, અને તેથી આ બરોબર કહે છે તેથી તો તે બધાને શ્રુત સ્થવિર ગણ્યા છે. દશ વૈકાલિક બનાવીને શય્યંભવસૂરિએ નામ ધુસેડ્યું છે તો મામો શું કરવા? ચાર મૂળ સૂત્રનો અર્થ એટલો કે દીક્ષા દે, અને સાથે ભણાવે તેમાં પર્યાય જોવો નહિ. દીક્ષાને દહાડે તે વસ્તુ અપાય. તેથી આવશ્યક, પિંડ-નિર્યુક્તિ, ઉત્તરાધ્યયન, અને દશ-વૈકાલિક; તેથી ચાર મૂળ સૂત્ર. આમાં પર્યાય જોવાય નહિ કોરટના સીક્કા સાથેની નકકલ અસલ જેવીજ ગણાય. તે નહિ માનનારો કોર્ટને માને છે; તેમ સત્ય રીતિએ કહી શકાયજ નહિ. શાસ્ત્રોની રચના તીર્થંકરની સહી સિક્કાવાલી છે. તીર્થંકરો શું થકી?

જતા હતા કે બીજે પહોરે ગણધરને બેસાડતા હતા ?, અથવા તો લોકો કંટાળતા હતા ?, કે તીર્થંકર થાકી જતા હતા ? એમાંથી એક પણ કબુલ ન થાય. તીર્થંકરની દેશના સાંભળી યાવત્ જીવ ન કંટાળે તેમાં એક પહોરમાં કંટાળતા હોય એ પણ ન મનાય. તો શા માટે ગણધરને બીજે પહોરે બેસાડતા હતા ? કારણ કે બેસાડવામાં રાજની તીર્થંકરની સહી થાય છે. ગણધર પદવી વખતે સહી થઈ છે, પણ રોજની સહી સમવસરણમાંજ લેવાય છે. શ્રી આવશ્યક-નિર્યુક્તિકાર ગણધરની દેશનાનો ફાયદો લખે છે. તીર્થંકરની આવી અપૂર્વ દેશના તેનો લાભ બંધ કરવો, અને ગણધરને દેશના આપવા બેસાડવા તે શું ?, તે તો ગણધરની દેશનામાં ચોત્રીસ અતિશય નથી, અને પાંત્રીસ વાણીના ગુણો પણ નથી. મહોર છાનવી મોટો ગોઠવવો છે, તે કરતાં મહોર ચાલી રહે તો શું ખોટું છે ? પહેલે પહોરે તીર્થંકર, અને બીજે પહોરે ગણધર, ત્રીજે દેશના બાલી, અને વળી ચોથે પહોરે તીર્થંકર દેશના દે છે. શંકાકાર જે આમ બોલે છે તેના સમાધાનમાં ગણધરોની દેશનાથી આખા શાસનની પ્રવૃત્તિ છે. ગણધર કહે છે તે તીર્થંકરજ કહે છે. તે સર્વ શાસનમાં નક્કી થયું છે, અને તેથીજ સર્વ શાસનની પ્રતીતિ પૂર્વક આખું શાસન તેને આધારેજ ચાલવાનું છે.

જ્ઞાનને આધારે સાધુપણું, અને સાધુના આધારે તીર્થ.

નકલનો દરતાવેજ અસલ માફક માનવોજ જોઇએ નહીંતર અસલને માનનારો નથી. આ નક્કી કર્યું, અને આથી **जिणपण्णत्तं तत्तं** બોલનારો હોય તો પણ સૂત્રના અક્ષર પદને ઉથલાવનાર અને નહીં માનનાર મિથ્યાત્વી થાય છે. સહી સિક્કાવાલી નકલ સૂત્ર છે. અસલ કેવળી મહારાજ કેવળજ્ઞાનથી દેખી જે નિરૂપણ કરે છે તે અસલ સૂત્ર તે બધા સહી સિક્કાની નકલ છે. તેમાંથી એક અક્ષર નહિં માનનારો અસલ માનવાની વાત કરે તે મિથ્યાત્વી છે. વર્તમાન કાળમાં જે જીનેશ્વર કથિત સૂત્રો તે અસલ દરતાવેજ જેવાજ છે. તે ઉપર જે અનાદર કરે છે તે મિથ્યાત્વની નિશાની છે. આ ઉપરથી અહીં ચાલુ કાળે જે બકુશ અને કુશીલ સાધુ છે તે પણ તીર્થંકરની છાપના છે. મેલા કાગળમાં ઉતરેલી નકલની પણ અસલી દરતાવેજ જેટલી કિંમતી છે. શ્રીજંબૂસ્વામીજી પછી આખું જૈન શાસન બકુશ-કુશીલથીજ ચાલવાનું છે. તો મેલા કાગળનો સહી સિક્કાવાલો દરતાવેજ તે ન માનતા કેવળી તીર્થંકરને સંયોગ થાય, અને પ્રથમ સંઘયણ પણ [illegible] આમ માને તેવાએમને કરવું કંઈ નથી. કેવળી, ગણધર, અને પ્રથમ સંઘયણ મળે ત્યારે વાત આ બોલવું તે સહી ધુતારાનું કામ છે. તીર્થંકર મહારાજના વચન જાજવા છે ત્યાંસુધી દરેક જીવે ઉદ્યમ કરવાની જરૂર છે. દરતાવેજ લખનારો નકલ શબ્દ લખે નહિં, પણ જે આચાર્ય, ઉપાધ્યાય, અને સાધુઓ નકલ કહીનેજ કેવળીના વચનો દેખાડે છે. સૂત્ર એ અસલ ઉપરની નકલ છે. કેવળી મહારાજે આમ કહ્યું છે. કેવળી મહારાજના નામે રજુ કરે છે ? તીર્થંકર કોના નામે રજુ કરવાના ?, તેમ તીર્થંકરોને જીનેશ્વરોને કોઇનું કહેલું કહેવાનું હોતું નથી. ખુદ પોતાનું કહેવાનું હોય છે. કહેવા લાયક ચીજનું અર્થથી પ્રતિ સુધીનું જ્ઞાન ન હોય તો સ્વતંત્ર કહેવાનો હક કોઇને નથી. આ કારણથી ત્રણ કે ચાર જ્ઞાનવાળા છતાં તીર્થંકર દેશના આપતા નથી. જો દેશના આપે તો **जिणपण्णत्तं तत्तं** કયાં ? જ્યારે જીનેશ્વરપણામાં **जिणपण्णत्तं तत्तं** હોય તો ફળરૂપે તીર્થંકર નામ કર્મનો ઉદય કેવળીપણામાં માનીએ છીએ. અચિન્ત્ય પુન્ય સમુદાય રૂપે તીર્થંકર નામ કર્મનો ઉદય વ્યવનથી માનીએ છીએ. આથી શાસનની પ્રવૃત્તિમાં મૂળ જ્ઞાન છે. કેવળજ્ઞાન થાય નહિં ત્યાંસુધી તીર્થંકર નામ કર્મ ફળ રૂપે ઉદયમાં આવ્યું

તે કહી શકાય નહિં. સાધ્ય ફળ સિદ્ધિ કરવા રૂપ તીર્થંકર નામ કર્મ કેવળીપણા પછીજ હોય છે. તીર્થ સ્થાપનામાં કેવળ જ્ઞાનની મૂળ જડ છે. નિર્ગ્રન્થ-સાધુ વગર શાસન નથી, અને નિર્ગ્રન્થ સાધુઓ સૂત્રાર્થના જ્ઞાન વગર નથી. કાંતો પોતે ગીતાર્થ હોય, કાંતો ગીતાર્થની નિશ્રાએ રહેલા હોય આ કહેવાથી સ્પષ્ટ સમજાશે કે જ્ઞાનને આધારે સાધુપણું ને સાધુને આધારે તીર્થ.

પાંચમા આરામાં છેલ્લી વખતે તીર્થનો વિચ્છેદ થવાનો તે વખતે જ્ઞાનનો પણ વિચ્છેદ. જ્ઞાનની પ્રવૃત્તિ ત્યાંસુધીજ રહેવાની છે કે જ્યાંસુધી શાસનની પ્રવૃત્તિ છે. શાસનની સ્થાપના તે કેવળ જ્ઞાનને આભારી છે. તે જ્ઞાનની સંપૂર્ણતાને આભારી છે. બીજી બાજુ જ્ઞાની ગીતાર્થ તેનેજ અપવાદ પદનો હક છે. શાસ્ત્રોકત અપવાદ સેવન કોણે કર્યું ગણાય ? જે શાસ્ત્રોને જાણતો હોય તેજ. જે શાસ્ત્રોને ન જાણતો હોય તેને અપવાદ માર્ગ સેવ્યો તેમ ગણાય નહિં. ઉત્સર્ગ અપવાદ પ્રમાણે વર્તવું, તે પણ જ્ઞાન ઉપર નિર્ભર છે. તો દુનીયાએ જીવન નિર્વાહ કરવો, અને ટકાવ કરવો; તે પણ તેના સાધનોમાં જ્ઞાનને જરૂરી ગણ્યું છે. તેમ શાસનમાં ઉત્સર્ગમાં અપવાદમાં જ્ઞાન એ જરૂરી ચોજ મનાએલી છે. આમ છતાં ફળ દશા કઈ જગો પર ?, બીજની જરૂરીયાત છતાં કુટુંબનો નિર્વાહ તે બીજ માત્રમાં નથી. બીજથી ઉગેલા ફાલ ઉપર કુટુંબનો નિભાવ છે. તેથી બીજનું બીનજરૂરીયાત પણું થતું નથી, પણ સ્વરૂપ જાણતાં કબુલ કરવું પડે છે કે જ્ઞાન જરૂરીનું છે શાસનની જડ પણ તે છે, અને તેટલા માત્રથી શાસનનું ટકવું થઇ જતું નથી. જેમ ત્યાં ફલ તેમ અહીં જ્ઞાન પછી ક્રિયા-વર્તન-આચાર પ્રવર્તિ રૂપ ફાલ આવવાં જોઇએ. હવે આચારરૂપ ક્રિયાની પ્રવૃત્તિ કેમ થાય છે ?, તેના ભેદો વિગેરે જે ગ્રન્થકાર બતાવશે તે અધિકાર અગ્રે વર્તમાન.

નવીન-પ્રકાશનો.

૧. દરેક વર્ષની 'સિદ્ધચક્ર' માસિકની ફાઇલ (બાર અંક સાથે) એકના.	રૂ.	૫-૦-૦
૨. શ્રી સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્ ભાગ ૧ લો. (છ પાદ પર્યંત). અને અનેક પરિશિષ્ટો તથા શ્રીતત્ત્વ-પ્રકાશિકા-આનન્દબોધિની સાથે.	રૂ.	૩૦-૦-૦
૩. વિધિયુક્ત-પંચપ્રતિક્રમણ-સૂત્રાણિ (બાળબોધ ટાઇપમાં)	રૂ.	૧-૨-૦
૪. સિરિ-સિરિવાલ-કહા (પ્રાકૃત).	રૂ.	૩-૦-૦
૫. શ્રીસિદ્ધચક્રારાધન-વિધિ.	રૂ.	૧-૮-૦
૬. શ્રીઆગમોદ્ધારક (જીવન ચરિત્ર)	રૂ.	૨-૦-૦
૭. તપ અને ઉદ્યાપન	રૂ.	૧-૧૨-૦

—: પ્રાપ્તિસ્થાન :—

૧. શા. ગુણવંતલાલ જેચંદભાઇ ઠા૨. ઠે૦ ચાંલ્લાગલી, ગોપીપુરા; મુ. સુરત.

૨. શ્રીઋષભદેવજી છગનીરામજીની પેઢી ઠે૦ ખારાકુવા, દહેરા ખિડકી; મુ. ઉજ્જૈન (માલવા). C. I.

શ્રીસોમસુંદરસૂરિ સેવક જિનદેવ કૃત સત્તાવીશ ભવ

શ્રીમહાવીર સ્વામી સ્તવન.

સંગ્રાહકઃ—પૂ. આગમોદ્ધારક આચાર્યદેવ શ્રીઆનંદસાગરસૂરીશ્વરજીના
અંતેવાસી મુનિશ્રીકંચનવિજયજી મહારાજ.

ઢાલ-૧

[૧]ગોયમ ગણહર પાય લાગઉં,
કરિવા કવિત શક્તિ હઉં માગઉં,
દિઉ મઝ કરીય પસાય ।
જય જિણુ **વીર** અખય સુખ વાસી,
સત્તાવીસ ભવ હઉં ભણિસુ વિમાસી,
સફલ કરસુ નર જનમ ॥૧॥

પઢિલઇ (૧) ભવિ **નયસાર** નયરપતિ,
સમકિતધારી નિપુણ ચતુર મતિ,
બીજઇ (૨) ભવિ સોહંમે ।
મરીચિ નામઇ **ભરહેસર** નંદન,
ત્રીજઇ (૩) ભવિ ઉદયઉ જિણુ વંદણ,
આદિનાથનું સીસો ॥૨॥

ભરહેસર પૂછી રિસહેસર,
તમ્હ ટાલી કો અછઇ તિત્થેસર,
સમોસરણ મઝારો ।
સાંભલિ **ભરહ મરીચિ** તીર્થંકર,
અમ્હ સરિસઉ હોસિઇ વિણુ અંતર,
વર્ધમાન તસ નામ ॥૩॥

સપરીવાર **ભરહેસર** સામીય,
ત્રિણિ પ્રદક્ષિણુ દેઇ સિર નામિય,
તુંહજી તીર્થંકર હોસિઇ ।
અમ્હરઇ તાતિ વાત ઇમ ભાખી,
ચરમ જિણેસર તુઇમ દાખી,
મરીચિ મ ધરિજે શંક ॥૪॥

જાણીઅ વાત જિ વારઇ સાચી,
અહો ઉત્તમ કુલ કહી ઇમ નાચી,
નીચ કરમ બાંધંતે ।
ચઉથઇ (૪) ભવિ સુરલોઅ પુહતુ,
મનવંછિત સુખ તિહિં ભોગવતુ,
ગમતુ કાલ અસંખો ॥૫॥

વસ્તુ છંદ

આઉ પૂરીઅ આઉ પૂરીઅ, ચવિય સુરઠાણુ,
પરિવ્રાજક કુલિ અવતરી, રમણિ રંગિ જિણુ દૂરિ છંડીમા ।
તાપસ પણઉં જિણિ આદરીય,
અચલ ચિત્ત તિણિ કષ્ટ મંડિય ।
છઇ(૧૦)વાર અવતાર ધમ,
મજઝ પંચ (૧૫) સુરલોઇ (૫-૧૫)
કાલ વિચાલઇ જે ગયઉ, પાર ન પામઇ કોઇ, ॥૬॥

ઢાળ-૨.

ભવ સોલમઇ (૧૬) હઉ ભૂપાલ,
ચતરસમઇ (૧) દેવ વલી સુકુ(કુ)માલ ।
અઢારમઇ (૧૮) ભવિ વાસુ(સુ)દેવ ભમઉ,
ઓગણીસમઇ (૧૯) અધો ગતિ ગમઉ ॥૭॥

ભવિ વીસમઇ (૨૦) સિંહ અવતરઇ,
એકવીસમઇ (૨૧) નરગિ સોય ફિરઇ ।
બાવીસમઇ (૨૨) હઉ વલી રાય,
સુખઇ સમાધિઇ પૂરીઅ આય ॥૮॥

ત્રેવીસમઉ (૨૩) ભવંતર જોઇ,
જસ રિષિ પારન પામઇ કોઇ ।
ચઉસઠિ સહસ અંતેઉર મલી,
ચક્રવર્તિ લછિ લાધી ભલી ॥૯॥

---

૧. જે રીતે પ્રતમાં સ્તવન છે તે રીતે અત્રે આપ્યું છે. મારૂં લખેલું જે છે તે કોંસમાં મુકેલું છે.

ચઉવીસમઉ (૨૪) ભવંતર હુઉ,
અમરાપુર (૨૫) નૃપ નંદન હુઉ ।
પચવીસમઈ રાજ નિંદિવિ લહી,
લાખ વરસ દીક્ષા તિણ વહી ॥૧૦॥
માસખમણ માહે નવિ જિમઇ,
આલસ એક ઘડી નવિ ગમઇ ।
ઘણા દિવસનું ક્ષય રિષિ કરી,
છવીસમઈ (૨૬) અમર અવતરી ॥૧૧॥

વસ્તુ છંદ.

દેવ સંતતિ દેવ-સંતતિ કરઇ જય કાર,
વાટ જોઅંતા આવીઉ, વાત એક પૂછઉં સુસારીય ।
પૂરવ કુણ કર્મ આચરીય, કહિન દેવ વેગિઇ વિચારીય ।
અરિહંત પૂજિઉ એક મનઈ, સુગુરહ પાસી આણ ।
તિણિ કારણિ તમ્હે સાંભલુ, પામિઉ સરગ વિમાન ॥૧૨॥

ઢાળ–૩.

વીસહ સાગર આય; પૂરીયનઇ સુરલોઇ ભવે,
ભરહ ક્ષેત્ર સિણગાર; માહણકુંડ નયર જાણું અ ।
ઉસભદત્ત વિપ્ર નામ; દેવાણંદા ભઝા તિહિં,
તાસ ઊયરિ જગનાહ; અવતરીઉ સતાવીસમઇએ (૨૭)
॥૧૩॥

જાણી અછેરાભૂત; ઇંદ્ર સેનાની મોકલિઉએ,
તિણિ કીઉ ગર્ભપહાર; આવીય ખત્તીયકુંડપુરે ।
સિદ્ધારથ નરિંદ; પટરાણી ત્રિશલા ભણુંએ,
તાસ ઊયરિ જગતાર; હરિય અમર નિય ઠાણુ
ગયુંએ ॥૧૪॥

નિસિભર ત્રિસલા તામ; ચઉદહ સપન પેખઈ ભલાંએ,
ચૈત્ર માસ મઝારિ; અજ્જુઆલી તેરસ જનમ ।
ચઉસઠિ ઇંદ્ર મિલેવિ; ન્હવણ મહોત્સવ મેરુસિરે,
હરિય સમોપિય માય; સુરપતિ નિય ઠાણે ગયાએ ॥૧૫॥
જાણિય સુઅ અવતાર; રાય મહોછવ બહુ કીઉએ,
વરધમાન તસ નામ; સિધ મહુરતિ સંઠવીય ।
દિન દિન વાધઇ સોઇ; રૂપ ગુણે સસિ જિમ કુમર,
ત્રિભુવન જન સિણગાર; સામિય સવ્વ કલા કુશલ ॥૧૬॥

મિત્ર તણુઇ પરિવાર; પરવરીઉ રામતિ કરઇએ,
તિણિ ખિણ સોહમસાહુ; કરઇ પ્રસંસા વિવહ પરે ।
ભરહ ખેત્ર મઝારિ, સાહસવંત નિપુણ સગુણ,
ઇમ બોલઈ સુરરાય, વર્ધમાન જીસઇ કુમર ॥૧૭॥

વસ્તુ છંદ.

ઇંદ્ર વયણિ ઇંદ્ર વયણિ અમર આવેઇ,
રૂપ કરી બાલક તણુઉં, વર્ધમાન માહે રમંતુ ।
કંધિ ચડાવી આપણઇ, પરવત પ્રાય કાયા કરંતુ ।
કુમરઇ જાનિ જોઇ કરી, મેહલિઉ મુષ્ટિ પ્રહાર ।
અમર પડિઉ મહિ મંડલિઇ, વરતિઉ જય જયકાર ॥૧૮॥

ઢાળ—૪.

યોવન ભરિ સામીય પુત્ત જામ,
પરણાવિઉ કન્યા રાય તામ ।
તીસ વરસ વસી ગિહવાસિ જોઇ,
પછઇ દાન સંવછર દિઇ સોઇ ॥૧૯॥
માગસિર વદિ દસમી દીખલેઇ,
મહિ મંડલિ ફિરતુ કર્મ ખિપેઇ ।
વૈશાખહ શુદિ દસમી અજ્જણિ (ઋજુવાલિ),
ઇણિ નાણુ(મ)ઈ નયરિ ઊમનઉં નાણુ ॥૨૦॥
ઇંદ્ર આવઈ ચઉસઠિ અમર કોડિ,
જિન વંદઇ એ કર કમલ જોડિ ।
સમોસરણ રચઇ અણિ રચણ સાર,
તિહાં બઇસઇ ત્રિભુવન તારણહાર ॥૨૧॥
જિન ભાખઇ ચઉવિહ ધમ્મ ભેઅ,
તિહિં તુ વલી બોલિઉ વિબુધદેવ ।
અપાપા નયરી વર્ધમાણુ,
સંઘ થાપિઉ ચઉવિહ ગુણુ નિધાન ॥૨૨॥
ત્રિભુવન જન તારણ વીર દેવ,
સુર દાનવ માનવ કરઈ સેવ ।
તમ્હ નામિ પણાસઇ રોગ સોગ,
તમ્હ દંસણિ પામઈ અમર ભોગ સારંગા

વસ્તુ છંદ.

વીર જિણવર વીર જિણવર ભરહ ખિતંમિ,
સપરિવાર વિહરંતિ જિણ, ભવીય લોઅ સંસાર તારિય ।
તેહ પાર નવિ જાણીઇ, કહિસુ તોઇ કેતા વિચારીય ।
જે જિણવાણી સાંભલી, હુઆ વ્રત સંજત્ત ।
તાસ નામ લેઇ કરી, જિહ્વા કરિસ પવિત્ત ॥૨૪॥

ઢાળ-૫.

ગણધર હવઇ અગ્યાર સુણઉ તુ ભમારુલી,
મુનિવર સહસ ચઊદ તુ ।
સહસ છતીસઈ મહા સતી તુ ભમારુલી,
વર ગુણ મણિ ભંડાર તુ ॥૨૫॥
દઉઢ લાખ નવ સહસ વલી તુ ભમારુલી,
શ્રાવક સમકિત ધાર તુ ।
સહસ છત્રીસ નવઈ ત્રિણિ લાખ તુ ભમારુલી,
શ્રાવીય ઓહિય **વીર** તુ ॥૨૬॥
ઇણિ એતલઇ પરિવાર મિલી તુ ભમારુલી,
વીર વચનિ વ્રત ધાર તુ ।
સપરિવાર જે ઓહિયા તુ ભમારુલી,
તેહ નવિ પામું પાર તુ ॥૨૭॥
તીસ વરસ ગિહવાસિ વસી તુ ભમારુલી,
વધમાન સુકમાલ તુ ।
વરસ બઇતાલીસ **વીરજિણ** (તુ) ભમારુલી,
પાલીય સંજમ ભાર તુ ॥૨૮॥
એવં કારઇ **વીરજિણ** તુ ભમારુલી,
વરસ બહુત્તરિ આય (તુ)।
દીપોત્સવિ નિરવાણ હયું તુ ભમારુલી,
સિદ્ધિ ગયુ જિનરાય તુ ॥૨૯॥

વસ્તુ છંદ.

જામ ભૂતલિ જામ ભૂતલિ **અચલગિરિ રાઉ,**
નં **સાયર સસિ** સીયલુ, સર્વ વસ્તુ પ્રતિ સૌમ્ય કરાઉ ।
વીરતિત્થ જયવંતતાં, ભવીય લોઅ નિતુ નિતુ જહારુ ।
સંખેપઇ સતાવીસ ભવ, તવન રચિઉં મતિસાર ।
રિધિ વૃધિ ધરિ તેહ તણુંઇ, જે ભણુસિઇ નર નારિ ॥૩૦॥

સિરિ સોમસુંદર સૂરિ પુરંદર,
તસ સેવક કર જોડિ દુઆ ।
ભલુ ભણઇ **જિણદેવા,** ભવિ ભવિ સેવા,
દેજ્યો અમ્હ સેવક ભણી ય ॥૩૧॥

ઇતિ શ્રીસતાવીસભવશ્રીમહાવીરસ્તવઃ ॥ સંપૂર્ણઃ ॥ શ્રીરસ્તુ ॥
સંવત ૧૫૭૩ વર્ષે આસોમાસે લિખિતં ॥ શ્રીવીરવાડાનગરે ॥
ૐ૦ દેલા સુત મોકાચારાજા પઠનાર્થે ॥

સ્તવન અંગે કંઈક

૧ **નામ**—આ સ્તવનનું નામ **સત્તાવીસ ભવનું શ્રીમહાવીરસ્તવ છે.**

૨ **સ્તવન**—આ સ્તવનમાં પાંચ ઢાળ છે. દરેકમાં પાંચ પદ્યો અને છઠું પદ્ય **વસ્તુ** છંદમાં એટલે ૩૦ પદ્યો છે, વળી એક કર્તાના નામ નિર્દેશનું પદ્ય છે. એમ ૩૧ પદ્યોમાં આ સ્તવન છે.

૩ **વિષય**—આ સ્તવન **મહાવીર** ભગવાનને ઉદ્દેશીને છે. તેમાં સમ્યક્ત્વ પામ્યાના ભવથી ક્રમે કરીને નીચે પ્રમાણે નોંધ જોવાય છે.

પહેલાં ૧-૫ પદ્યોમાં ચોથા ભવ સુધીનો, છઠ્ઠા પદ્યમાં પરિવ્રાજકના અને વચમાં દેવના એમ બીજા અગિયાર ભવોનો, ૭-૧૨ પદ્યમાં સોળમા ભવથી છત્રીસમા ભવ સુધીનો, ૧૩-૨૪ પદ્યમાં સત્તાવીસમો ભવ - ચ્યવન કલ્યાણકથી યાવત્ તીર્થ-સ્થાપના સુધીનો, ૨૭મા પદ્યમાં પરિવારનો, ૨૮-૨૯મા પદ્યમાં ભગવાનના પર્યાયો અને નિર્વાણનો, ૩૦ મા પદ્યમાં લાંબો કાળ સ્તવન ટકો અને ૩૧મા પદ્યમાં પોતે **સોમસુંદરસૂરિ** સેવક **જિનદેવ** છે—એમ વિષયો જણાયા છે.

૪ **કર્તા**—આ સ્તવનના કર્તા **સોમસુંદરસૂરિ-જી**ના સેવક **જિનદેવ** છે તેમ તેના પદ્ય ૩૧ મા જોવાથી જણાય છે.

૫ **સમય**—આ સ્તવનના કર્તા **જિનદેવ** પોતાને **સોમસુંદરસૂરિ**ના સેવક જણાવે છે તેથી એ વાત સિદ્ધ થાય છે કે તેમને **સોમસુંદરસૂરિજી** મહારાજના વિદ્યમાનપણામાં આ સ્તવન રચેલું, કારણ કે સેવક તરીકે પોતાને જણાવનાર તેમના વિદ્યમાનપણામાં હોય. **સોમસુંદરસૂરિ**નો[1] સૂરિપણાનો સમય વિ. સં. ૧૪૫૭ થી ૧૪૯૯ છે. તેથી તે વાત માનવી પડે કે તેમને આ સ્તવન તે અરસામાં રચ્યું હશે; તેમ માનવાથી એ વાત સાબિત થઈ કે આ સ્તવન પંદરમી સદીમાં રચાયેલું છે. વળી તેની ભાષા ઉપરથી પણ એમ જણાય તેમ છે કે આ સ્તવન પંદરમી સદીમાં રચાયેલું છે.

૬ **ભાષા**—આ સ્તવનમાં કોઈ કોઈ જગોપર અપભ્રંશ શબ્દો દેખાય છે પણ તેની ભાષા તો પંદરમી સદીની ગુજરાતી જ છે. જે અપભ્રંશ શબ્દો છે તે તો આ સ્તવનના લાલિત્યને વધારવા માટે હોય તેમ લાગે છે.

૭ **કલ્પના**—કેટલાકો એવી કલ્પના કરનારા હોય છે કે સત્તરમી સદીથી સ્તવન, સજ્ઝાયોનો રિવાજ ચાલ્યો આવ્યો છે, પણ આ કલ્પના તેમની યોગ્ય સ્થાને નથી. કારણ કે આ સ્તવનના કર્તા **જિનદેવ**નો સમય પંદરમી સદીનો લેવાય તેમ છે, તેથી પંદરમી સદીમાં સ્તવનો રચાતાં હતાં તે વાત સાબિત થાય છે. તેમજ પંદરમી સદીમાં સ્તવનોનો પ્રચાર હતો તે પણ માનવું જ પડે. વળી આ ઉપરથી એક વાત તે પણ સાબિત થાય છે કે ત્યારે પણ **મહાવીર** મહારાજનું સત્તાવીસ ભવનું સ્તવન કહેવાતું હશે.

૮ **પ્રાપ્તિ**—આ સ્તવન સુરતના વડાચૌટાના રહેવાસી શાહ. ડાહ્યાભાઈ મોતીચંદને ત્યાંથી આવેલા હાથપોથીનાં પત્રો ફેદતાં ફેદતાં પરમ તારક આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી**આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજને મળી આવેલ છે.[1]

૯ **પુષ્પિકા**—આ સ્તવનના અંતે તેની પુષ્પિકા આપેલી છે. તેમાં તે ક્યારે, ક્યાં અને શા માટે લખ્યું તે જણાવવા નીચે પ્રમાણે જણાવ્યું છે:—

"સંવત્ ૧૫૭૩ વર્ષે **આસો**માસે લિખિતં॥ **શ્રીવીરવાડીનગરે**॥ **વ્ય૦ દેલા સુત મોકા ધારા રાજા** મણનાર્થં॥" આથી એ વાત જણાય છે કે આ હાથપોથી વિ. સ. ૧૫૭૩ના આસો માસમાં **વ્યવહારી દેલા**ના પુત્રો **મોકા, ધાર** અને **રાજા**ને ભણવાને માટે લખાયું છે. આ પુષ્પિકા ઉપરથી એ વાત પણ ફલિત થાય છે કે આ સ્તવન ૧૫૭૩ની પહેલાં રચાયેલું છે. અને તેના રચયિતા **જિનદેવ** તે પૂર્વેના જ છે. એટલે પંદરમી સદીમાં રચાયામાં કાંઈ હરકત જેવું નથી જ.

૧૦ **કદ અને પત્ર**—આ સ્તવનની હાથપોથીનું કદ ૪$\frac{3}{4}$×૨$\frac{3}{4}$ ઇંચ છે. તેનાં પાનાં પાંચ છે, પણ ચાર પાનાં બને બાજુએ લખાણવાળા ને પાંચમું પાનું એક બાજુ લખાણવાળું છે. આની એક એક બાજુએ બાર બાર લાઈનો છે, (આ હાથપોથી શ્રીજૈનાનંદપુસ્તકાલય સુરત. નં. ૪૨૦૬ માં દાખલ કરાઇ છે).

અલમ્

વિ. સં. ૨૦૦૫ ચૈ. વ. ૧૪
સુરત, ગોપીપુરા, મંછુભાઈ દીપચંદ ધર્મશાળા.

---

૧. જુઓ—ધર્મસાગરીયપટ્ટાવલીસૂત્રમ્.

૧. આવી અતદુરસ્ત તબિયત બાદ પણ તેઓશ્રીએ બીજાં પણ તેવાં પત્રો ડાહ્યાભાઈના પાનામાંથી કર્તાના હાથે લખાયેલા અનુમાનવાળું, સં. ૧૪૯૭માં લખેલું **સંતિકરસ્તવ** (મમ વગેરે પાઠવાળું), (જુઓ **શ્રી-જૈ. પુ. સુરત** નં. ૪૧૬૪) અને **આણંદસૂરગચ્છ**ના ભંડારમાંથી **અવચૂરિ** સહિત **ઉપદેશરત્નાકર**ની મૂળની પ્રત (જે **ઉપદેશરત્નાકરનો અવચૂરિ** અદ્યાવધિ અન્યતઃ પ્રાપ્ત થયો નથી.) તે મૂળ અને ભાવાર્થ સાથે છપાય છે.

'શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસનમ્' માટે મુંબઈ— યુનીવર્સિટી–જર્નલનો અભિપ્રાય.

JOURNAL OF THE UNIVERSITY OF BOMBAY
September 1947.

Sri Siddhahemachandras'abdanus'asanam (part I), by Sri Hemachandrasuri, with the Author's own Tattvaprakas'ika and Chandrasagaragani's Anandabodhini—Edited by Pannyasapravara Sri Chandrasagaragani. Published by J. P. Rupchand, 25–27, Dhanji Street, Bombay, 1946. Price Rs. 30.

This is a beautifully printed and carefully prepared edition of a portion of Hemacandra's famous grammar of the Sanskrit and Prakrit languages, called the Siddhahema. This part contains the 1st Adhyaya and two quarters of the second (Sanjna, Sandhi, Nama and Karaka Prakaranas only) and is accompanied by the author's own commentary called Tattvaprakas'ika as also by Chandrasagaragani's commentary called Anandabodhini. The work is very well edited by Chandrasagaragani himself who is a living author of great erudition.

The great Vyakarana of Hemacandra which has success fully sought to improve upon all the then exisiting works on grammar, was composed sometime about Samvat 1195. Hemacandra was a great and versatile writer who wrote authoritative treatises on almost all branches of Sanskrit literature. He was the first great writer who gave equal importance to the Prakrit languages by the side of Sanskrit, the queen of all the ancient Indian languages, in his treatises on grammar and metre.

The new commentary composed by the editor himself is very useful especially for beginners. It carefully explains the Sutras as also the words of the Tattvaprakasika, only rarely introducing independent discussions, which are not suggested in the Tattvaprakasika. The utility of the book is still more enhanced by the detailed list of Contents given at the beginning and the 13 Paris'istas which are added at the end, the last of which gives a full list of doubts raised and answered in the Sutras and the two commentaries.

—H. D. VELANKAR

ભાવાર્થ:—(કળિકાળ સર્વજ્ઞ) હેમચંદ્રસૂરિ કૃત શ્રી સિદ્ધહેમચંદ્ર શબ્દાનુશાસનમ્ (ભાગ પહેલો) લેખકની તત્ત્વ પ્રકાશિકા અને ચંદ્રસાગર ગણિની આનંદબોધિની સાથે—સંપાદક પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રસાગરગણિ—પ્રકાશક જે. પી. રૂપચંદ, ૨૫–૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ, ૧૯૪૬ કિંમત રૂ. ૩૦).

આ હેમચંદ્રસૂરિના સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓના સુપ્રસિદ્ધ વ્યાકરણ સિદ્ધહેમના એક ભાગની સારી રીતે છપાવેલી અને કાળજીપૂર્વક તૈયાર કરેલી આવૃત્તિ છે. આ ભાગમાં પહેલો અધ્યાય અને બીજા અધ્યાયના સંજ્ઞા, સંધિ, નામ અને કારક પ્રકરણોનો સમાવેશ કરવામાં આવેલો છે. લેખકની તત્ત્વ પ્રકાશિકા નામની ટીકા પણ આ ભાગમાં આપવામાં આવેલી છે.

ચંદ્રસાગરગણિ એક વિદ્યમાન વિદ્વાન લેખક છે અને તેમણે પણ આ પુસ્તક ઉપર આનંદબોધિની નામની ટીકા લખી છે. અને આખું પુસ્તક સારી રીતે તૈયાર કર્યું છે.

હેમચંદ્રસૂરિનું બૃહદ વ્યાકરણ વિ. સં. ૧૧૯૫ ની આસપાસ રચાયું છે અને તે જમાનાના વ્યાકરણોમાં તદ્દન નવી ભાત પાડે છે. હેમસૂરિ એક મહાન્ અને સમર્થ લેખક છે અને તેમણે સંસ્કૃત સાહિત્યના જૂદા જૂદા રોગો ઉપર પુસ્તકો લખ્યાં છે. હિન્દની જૂની ભાષાઓની સમ્રાજ્ઞી પ્રાકૃતને પોતાના વ્યાકરણ અને છંદશાસ્ત્રના ગ્રન્થોમાં સંસ્કૃત જેટલીજ અગત્યતા આપનાર આ પહેલાજ લેખક છે.

પંન્યાસપ્રવર ચન્દ્રસાગરગણિએ રચેલી ટીકા ઘણી ઉપયોગી છે. નવા અભ્યાસીઓ માટે તે આશીર્વાદ રૂપ છે. આ ટીકામાં સૂત્રો અને તત્ત્વપ્રકાશિકાના શબ્દો સારી રીતે સમજાવેલા છે. ક્વચિત્ તત્ત્વપ્રકાશિકામાં ન આપેલી બાબતોની ચર્ચા પણ કરેલી છે. પુસ્તકની શરૂઆતમાં આપેલી અનુક્રમણિકા અને છેવટે આપેલા ૧૪ પરિશિષ્ટોએ પુસ્તકની ઉપયોગિતામાં ઘણોજ વધારો કર્યો છે. છેલ્લા પરિશિષ્ટમાં સૂત્રો અને બન્ને ટીકાઓમાં શંકાઓ અને તેમનું સમાધાન કયાં કયાં કરવામાં આવ્યું છે તે બતાવવામાં આવ્યું છે.

ચીમનલાલ ભાઈલાલ શેઠ
એમ. એ., એલ એલ. બી.

તિથિ–ચર્ચાનો અમુલ્ય–વારસો.

જેની જૈન સમાજે મુક્ત કંઠે પ્રશંસા કરી છે તે—

'શ્રી શાશનજય-પતાકા'

જેની અંદર શ્રીકાશી–બનારસ–મદ્રાસ–જયપુર–શિકારપુર–કલકત્તા આદિ અનેક શહેરના (૯૩ શહેરના) સમર્થ–પંડિતોના અને પ્રિન્સીપાલોના અભિપ્રાયો છે.

ખાસ કરી પૂજ્ય સાધુ-સાધ્વીજીમહારાજને, તથા લાયબ્રેરી–ભંડારને; અને જૈન સંઘને ૫૦) ટકા કમીશનથી આપવામાં આવશે જુજ કોપી સીલકમાં હોવાથી જલ્દી મંગાવી લેશો.

કિંમત રૂા. ૨-૦-૦ છે, પણ કમીશન ૫૦) ટકા કાપતાં ફક્ત રૂા. ૧-૦-૦

પોષ્ટેજ–અલગ. લખોઃ—

શ્રીજૈનાનન્દ–પુસ્તકાલય,
ગોપીપુરા—સુરત.

॥ श्रीपञ्चाशकशास्त्र-सारांशः ॥

આલેખનકારઃ—પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

(ગતાંકથી ચાલુ)

પૂર્વે કથન-કરેલાં આલાવા-પૂર્વક અર્થાનુસારે વિધેયપણે તે પ્રત્યાખ્યાન સ્વીકારે છે. આ પ્રત્યાખ્યાનમાં આગારો પૂર્વે જણાવ્યા તે પ્રમાણે છે, ફકત **सागारियागारेणं** ઈત્યાદિ આગારનો અર્થ અહીં સમજાવાય છે. **आगारेण-गृहेण सह वर्तते इति सागारः, स एव सागारिकः=गृहस्थः** । સાગારિક એટલે ગૃહસ્થ સંબંધિ આકાર એટલે પ્રત્યાખ્યાનના અપવાદનો હેતુ છે. આથી સાગારિક=ગૃહસ્થ સમક્ષ સાધુને ભોજનાદિ વ્યવહાર કરવો કલ્પતો નથી, માટે ગૃહસ્થને વર્જીને ભોજનાદિ કરવું; કારણ કે પ્રવચનને ઉપઘાતાદિનો સંભવ હોવાથી નિષેધ કરેલો છે. આથીજ શાસ્ત્રમાં કહેલું છે કે છકાય જીવોની દયાનું પાલન કરનાર એવો સંયમી સાધુ આહાર-નિહાર અને પિંડાદિ ગ્રહણમાં દુગંછા કરતો અને કરાવતો દુર્લભ-બોધિને કરવાવાળો થાય છે. અને તેથી ભોજન કરનાર સાધુ તે અવસરે સ્વાધ્યાયાદિને હાનિ ન થાઓ એ હેતુથી તે સ્થાનથી ઉઠીને બીજે સ્થાને બેસીને ભોજન કરે તો ભોજન કરનાર એકાસણાવાળા સાધુને પ્રત્યાખ્યાન ભંગ થતું નથી. આ કથનનો ભાવાર્થ એ છે કે ગૃહસ્થ જ્યાંસુધી ઉભો રહેશે ત્યાંસુધી મ્હારાથી ભોજન થશે નહિં, અને તેટલો અવસર મ્હારો નકામો જશે, અર્થાત્ બીજે ઠેકાણે ભોજન વાપરીને ઉઠી જાઉં તો તુરત સ્વાધ્યાયાદિ કાર્યનો આરંભ કરી શકાય આ હેતુથી બીજે સ્થાને બેસીને વાપરે તો પ્રત્યાખ્યાન ભાંગતું નથી. એટલુંજ નહિં પણ ગૃહસ્થની અપેક્ષાએ તો ચક્ષુથી જોવાયેલું ભોજન સાધુને જીર્ણ=પાચન થતું નથી, તેથી ભોજન આદિ પણ સાગારિક છે એમ કહેવાય છે; એટલે સાગારિક=ગૃહસ્થને વર્જવા સાથે ગૃહસ્થની દૃષ્ટિથી જોવાયેલાં ભોજન પણ સાગારિક હોવાથી વર્જવાં જરૂરી છે. એ આ કથનનો પરમાર્થ છે. आउंटणु-पसारणेणं-आकुंचनं-जंघादि विगेरे અંગોપાંગને સંકોચવા અને પહોળાં કરવાં, તથા સંકોચેલાં અને પહોળા કરેલાં જંઘાદિને સરળ કરવાં તેનેજ आकुंचन-प्रसारण કહેવાય છે. આથી સહન નહિં કરવાવાળો પૂર્વે જણાવેલ રીતિએ આકુંચન પ્રસારણ કરે તો કંઇક આસન ચલાયમાન થાય, અને તેથી બીજી જગોએ સ્થિર આસન રાખી શકે તેવી જગોએ બેસીને આ આકારથી પચ્ચખાણ સાચવે તો ભંગ નથી. તેવીજ રીતે એકાસણા કરવા બેઠા પછી ગુરૂ મહારાજ પધારે અને ઉઠવું પડે તો આસન છોડવું પડે તેથી આવેલ ગુરૂનો આદર બહુમાન વિનયાદિ સાચવવા માટે ઉઠીને ફરી વાપરવા બેસે તો એકાસણાના પ્રત્યાખ્યાનમાં આ આગારથી પ્રત્યાખ્યાનનો ભંગ થતો નથી. તેવી રીતે પરિષ્ઠાપનં એટલે સર્વથા પ્રકારે છોડવાનું પ્રયોજન છે જેનું એવા આ આગારને **'पारिट्ठावणियागार'** કહેવાય છે એટલે પારિષ્ઠાપનિકાગાર કહેવાય છે. પારિષ્ઠાપનિકા-આગાર-વિષયક છોડવા લાયક આહારાદિને પરઠવવામાં બહુ દોષ જણાતો હોય અને પરઠવવાને બદલે વાપરવામાં ગુણનો સંભવ જણાતો હોય; તો પ્રત્યાખ્યાન કરવા-

વાળાને વાપરવામાં પચ્ચખાણનો ભંગ થતો નથી. એકાશનનું પચ્ચખાણ છે અને અનેકાશન= ચાર આહારને 'વોસિરઇ'=ત્યાગ કરે છે. ગાથા ૮.

એકલઠાણાનું સ્વરૂપ.

હવે એક સ્થાન=એકલ ઠાણાના પ્રત્યાખ્યાનમાં સાત આકાર હોય છે. આયંબીલમાં= આચામામ્લના પ્રત્યાખ્યાનમાં આઠ આકાર હોય છે, અને 'અભક્તાર્થમાં ભોજનનો નિષેધ છે' એવા ઉપવાસના પ્રત્યાખ્યાનમાં પાંચ આકાર હોય છે. હવે પાણી-વિષયક-પ્રત્યાખ્યાનમાં છ આકાર હોય છે, અને ચરિમં=દિવસનું અંતિમ, અને ભવનું અંતિમ; એટલે દિવસ ચરિમં અને ભવ ચરિમં સંબંધિ બન્ને પ્રત્યાખ્યાનમાં ચાર આકાર હોય છે. (નવમા પદ્યનો પદાર્થ છે). ઉપર પ્રમાણે શાસ્ત્રકાર-કથિત-પદ્યનો શબ્દાર્થ સમજી ગયા પછી વૃત્તિકાર ભગવાન્ તે પદ્યનો પરમાર્થ વિસ્તારથી સમજાવે છે. एगट्ठाणस्स=હલન-ચલનાદિ ક્રિયા રહિત એવું અચલ-અદ્વિતીય સ્થાન જે પ્રત્યાખ્યાનમાં છે, તેને એકઠાણ અગર એકલ ઠાણું કહેવાય છે. આ પ્રત્યાખ્યાનમાં મુખ અને હાથ આ બંન્ને સિવાય બધા અંગોપાંગનું હલન-ચલન બંધ કરીને સાવધાનપણે અચલ રહેવાનું હોય છે. અંગ ન્યાસરૂપ એક સ્થાને અચલ રહેવા રૂપ આ પ્રત્યાખ્યાનમાં સાત આકાર હોય છે. જેવી રીતે એકાસણામાં જે આકારો જણાવ્યા છે, તેજ આકારો આ પચ્ચખાણમાં હોય છે, પરંતુ 'आउंटणपसारणेणं' એટલે આકુંચન-પ્રસારણ નામનો આગાર આ પચ્ચખાણ સાથે સંબંધ રાખતો નથી, કારણકે એક સ્થાન=એકલ-ઠાણના પચ્ચકખાણમાં મુખ-હસ્ત સિવાય બધા અંગોપાંગને અચલ રાખવાનું વિધાન છે. ગાથા ૯ ચાલુ.

આયંબીલ અને તત્સંબંધિ-આકારો.

આયંબીલના આઠ આગારો જણાવેલાં છે, એટલે આઠથી ઓછાં નથી, અને આઠથી વધારે પણ નથી. આયંબીલને શાસ્ત્રોમાં आयामाम्लं-અથવા आचामाम्लं કહેલું છે. आयाम=અન્ના-વણ એટલે ઓસામણ ચોખા આદિનું પાણી, અને અમ્લ=સૌવીરક તે બન્ને, અને જે ભોજન વિશેષમાં ઓદન-અડદાદિમાં હોય તેને आया-माम्ल=आचामाम्ल કહેવાય છે; એટલે સિદ્ધાન્તની ભાષાથી=શબ્દ-વ્યુત્પત્તિથી આ ઉપર જણાવેલને आचामाम्ल=આયંબીલ કહેવાય છે; આગળ જણાવેલાં સ્પષ્ટ કરેલાં આકારો પણ આ આચા-માम्ल સંબંધિ પ્રત્યાખ્યાન વિષયક જાણવાં. તે આયંબીલનું પચ્ચકખાણ આ પ્રમાણે છે— "आयंबिलं पच्चक्खाइ अण्णत्थऽणाभोगेणं सहसा-गारेणं लेवालेवेणं गिहत्थसंसट्ठेणं उक्खित्तविवेगेणं पारिट्ठावणियागारेणं महत्तरागारेणं सव्वसमाहि-वत्तियागारेणं वोसिरई" આ પ્રત્યાખ્યાનમાં જણા-વેલા આગારોનું સ્પષ્ટીકરણ પૂર્વે થઇ ગયેલું છે, પરંતુ આ પ્રત્યાખ્યાનમાં જે જે પદોનું વ્યાખ્યાન કર્યું નથી તે અત્ર જણાવે છે. આ આયંબીલનું પ્રત્યાખ્યાન છે, તેથી આયંબીલમાં જે આહારાદિ વપરાતાં હોય તેજ વાપરવાની પ્રતિજ્ઞા કરેલી છે. लेवालेवेणं=ભોજન કરવાનું ભાજન વિગઇથી અથવા ચિકાશવાળાદિ પદાર્થથી લેપવાળું થયેલ હોય તો તે ભાજન આયંબીલ કરનારને ઉપયોગમાં આવતું નથી, પરંતુ વિકૃત=વિગઇ વગેરેથી ખરડાયેલ ભાજનને હસ્ત વિગેરેથી સાફ કરીને નિર્લેપ બનાવેલામાં એટલે લેપરહિત થયેલ ભાજન વિશેષમાં આયંબીલ કરનારને વિકૃતિ આદિના અવયવનો સદ્ભાવ હોવે

છતે પણ વાપરવામાં પ્રત્યાખ્યાનનો ભંગ થતો નથી. પૂર્વે ચિકાશવાળા પદાર્થથી લેપાઇ જવું તે લેપ, અને તે લેપને સાધન વિશેષથી દૂર કરવો. તે અલેપ, આ બંન્નેના મિલનથી 'लेवालेवेणं' નામનો આકાર અત્ર જણાવ્યો છે. ભાત-પાણીનું દાન-દેનાર-ગૃહસ્થ-સંબન્ધિ વિગય આદિ પદાર્થથી ખરડાયેલ પાત્ર વિશેષને ગૃહસ્થ-સંસૃષ્ટ કહેવાય, અને પૂર્વે જણાવેલ ખરડાયેલ પાત્ર વિશેષથી દેવાતાં ભાત પાણી અકલ્પનીય દ્રવ્યોના અવયવોથી મિશ્ર થાય, તો પણ તે વાપરવામાં આવે તો આયંબીલ કરનારને પ્રત્યાખ્યાન ભંગ થતું નથી. આ આકારનું નામ 'गिहत्थ-संसट्ठेणं' રાખેલું છે. આયંબીલવાળાને ન વાપરી શકાય તેવાં દ્રવ્યો પૂર્વે નાંખેલા હોય, હવે તે પાત્ર વિશેષથી તે સુકાઇ ગયેલા ઓદનાદિ દ્રવ્યોને સમસ્ત પ્રકારે દુર કરીને તે ભાજન વિશેષમાં વાપરવા લાયક આયંબિલને યોગ્ય દ્રવ્યોની સાથે અકલ્પનીય દ્રવ્ય અવયવનો (પૂર્વે નાંખેલ હોવાથી રહી ગયેલ અવયવ વિશેષનો) સંસ્પર્શ થયા છતાં પચ્ચકખાણ ભંગ થતું નથી, કારણ કે આ उक्खित्तविवेगेणं એ આકારથી છુટ પૂર્વે આપેલ છે. આ ઉપરના આકારોની મર્યાદા લક્ષ્યમાં રાખીને वोसिरइ-व्युत्सृजति એટલે આયંબીલમાં ન વાપરી શકાય તેવાં દ્રવ્યોનો તે ત્યાગ કરે છે. ગાથા ૯. પૂર્વાર્દ્ધ.

અલકતાર્થ-આદિ-આગારોનું સ્પષ્ટીકરણ.

અલકતાર્થ એટલે જે પ્રત્યાખ્યાનમાં ભોજનનો અર્થાત ભોજન સંબંધિના દ્રવ્યો વાપરવાનો નિષેધ છે. પ્રત્યાખ્યાનને અલકતાર્થ અથવા ઉપવાસ કહેવાય છે. તે સંબંધિનું પ્રત્યાખ્યાન આ પ્રમાણે છે—"सूरे उग्गए अभत्तट्ठं पच्चक्खाइ चउव्विहंपि आहारं असणं पाणं खाइमं साइमं०" ઇત્યાદિ આ પ્રત્યાખ્યાનમાં "अनाभोग-सहसाकार-पारिष्ठापनिक-महत्तर-सर्वसमाधय इति" આ પાંચ આકારોની છુટ સાથે આ પ્રત્યાખ્યાન અપાય છે. સૂર્યોદયથી શરૂ કરીને ચારે આહારના ત્યાગ રૂપ એટલે ભોજન કરવાના નિષેધરૂપ આ પ્રત્યાખ્યાન છે. હવે જ્યારે આ પ્રત્યાખ્યાનમાં અગર જે પ્રત્યાખ્યાનમાં पोरिसि-पुरिमार्द्ध-એકાસન-અલકતાર્થ શબ્દો પૂર્વક પાઠનું ઉચ્ચારણ થાય છે, ત્યાં ત્રિવિધ આહારના ત્યાગરૂપ પચ્ચકખાણ છે, અને તે અવસરે પાણીને આશ્રિત છ આકારે જણાવેલા છે. ઉત્તરાર્દ્ધમાં 'छ पाणे' આ પદોથી પાણી સંબંધિના છ આકારો છે. તે આકારો આ પ્રમાણે છે—"लेवाडेण वा अलेवाडेण वा अच्छेण वा बहलेण वा संसित्थेण वा असित्थेण वा वोसिरइ" लेवाडेण=દ્રવ્યોથી ખરડાયેલ પાત્રથી પાણી વિગેરે વાપરતાં (નિર્લેપ પાત્રની જેમ લેપવાળા પાત્રથી પાણી વાપરતાં) ઉપવાસાદિ પ્રત્યાખ્યાનનો ભંગ થતો નથી. अलेवाडेण वा-ચિકાશ રહિત (પૂર્વે સ્નિગ્ધ-ચિકાશ વિગેરે હોય અને દૂર કર્યા પછીનું પાત્ર વિશેષ) પાત્રથી, अच्छेण वा એટલે નિર્મળ ઉષ્ણ પાણીથી, बहलेण वा=बाहल्यद्वा ચોખા-તલ વિગેરેના ધોવણથી, ससिक्थाद्वा=ભાત વિગેરેના દાણા સહિત ઓસામણથી, असिक्थाद्वा=દાણા રહિત પાણી વિશેષથી; આ રીતિએ પાણી વાપરવા સંબંધમાં ઉપરના છ આગારો જણાવેલાં છે. હવે चरिमे चत्तारि अंतिम भागे ચાર આગાર હોય છે. અંતિમ ભાગ બે પ્રકારનો હોય છે. ૧ દિવસનો અંતિમ ભાગ, અને ૨ ભવનો અંતિમ ભાગ; એટલે દિવસના અંતિમ ભાગ સંબંધિ અને ભવના અંતિમ ભાગ

સંબંધિનું પ્રત્યાખ્યાન હોય છે. આ પ્રત્યાખ્યાનને અંગે અનાભોગ-સહસાકાર-મહત્તર સમાધિ લક્ષણ ચાર આગારો હોય છે.

હવે શંકાકાર શંકા કરે છે કે દિવસ ચરિમં પ્રત્યાખ્યાન એ અર્થવાન્ એટલે લાભદાયક નથી, કારણ કે એકાશનના પ્રત્યાખ્યાનથી તેનું (દિવસ ચરિમ પ્રત્યાખ્યાનનું) ગતાર્થપણું હોવાથી તે દિવસ-ચરિમં પ્રત્યાખ્યાનની અલગ જરૂર નથી. આ શંકાના સમાધાનમાં જણાવે છે કે તેવું બોલવું જ નહિં, કારણ કે એકાશનમાં આઠ આગારો જણાવ્યા છે, અને દિવસ ચરિમ પ્રત્યાખ્યાનમાં ચાર આગારો જણાવ્યા છે; એટલે આગારોનું સંક્ષેપપણું છે, તેથી એ સાર્થક છે. અર્થાત્ આગારોનું સંક્ષેપ કરેલ હોવાથી દિવસ-ચરિમં પ્રત્યાખ્યાનની અવશ્યમેવ જરૂર છે. એકાશન-પ્રત્યાખ્યાન એ દિવસ સંબંધિનું જ છે. રાત્રિ ભોજન સંબંધિ ત્રણ આહારનો ત્રિવિધ યોગે (મન-વચન-કાયાથી) યાવજ્જીવ પર્યંત ત્યાગ કરેલો હોવાથી ગૃહસ્થને સૂર્યોદયના અંત વખતે આ પ્રત્યાખ્યાનની જરૂરજ રહે છે. કદાચ કોઇ કહેશે કે દિવસ ચરિમં બોલશો તો ત્યાં રાત્રિ સાથે શો સંબંધ છે?, તો આ શંકાના ઉત્તરમાં જણાવે છે કે દિવસને શાસ્ત્રોમાં અહોરાત્રિના પર્યાયપણે જણાવેલો છે. અને આથી જેઓને રાત્રિ ભોજનનો નિયમ છે તેઓને આ દિવસ ચરિમં પ્રત્યાખ્યાન પ્રાયઃ-સાર્થક થાય છે. હવે કોઇ કહેશે કે રાત્રિ ભોજન સંબંધિ વ્રત ગ્રહણ કરે તો સારૂં 'દિવસ ચરિમ' ની શી જરૂર? આ શંકાના સમાધાનમાં જણાવે છે કે રાત્રિ ભોજનના ત્યાગમાં ઘણા આગારો જણાવેલ હોવાથી અને આ દિવસ ચરિમ પ્રત્યાખ્યાનમાં અલ્પ આગાર હોવાથી આની (દિવસ ચરિમની) જરૂર છે. જ્યારે રાત્રિ-ભોજનવ્રતમાં દુષ્કાલના ભયાદિમાં આકારો વર્જિત ચાર આહારનો ત્યાગ કરાય છે, અને ગ્રહસ્થોને તો આ પ્રત્યાખ્યાન દિવસ સંબંધિનું છે. ગાથા ૯.

અભિગ્રહના આકારનું સ્વરૂપ.

અભિગ્રહને ધારણ કરવામાં પાંચ આગારો અને ચારો આગારો વિકલ્પથી જણાવ્યા છે. દુધ દહીં આદિ વિષયોથી રહિત તે નિર્વિકૃતિક ભોજન કહેવાય છે, એટલે જે ભોજનમાં દુધ-દહીં-ઘૃત વિગેરે છ વિગયથી રહિત ભોજન હોય તેને નિવિગય ભોજન કહેવાય છે. આ નિર્વિકૃતિક-ભોજન-વિષયક-પ્રત્યાખ્યાનમાં આઠ અગર નવ આગારો જણાવેલાં હોય છે. આગાર=આકાર=અપવાદ રૂપે જણાવેલાં છે તે ધ્યાનમાં રાખવું. નિવિગયમાં નવ અથવા આઠ આગાર જણાવ્યા છે તે વિકૃતિ વિશેષની અપેક્ષાએ છે એમ સમજવું અત્ર પ્રાસંગિક છે. હવે પૂર્વે જે 'पंच चउरो' એ પદો પદ્યના પ્રારંભમાં જણાવ્યા હતા, અને 'पञ्च चत्वारो वा' એવો અર્થ કરીને જણાવ્યું હતું તે સંબંધમાં વિભાગ દર્શન પુરસ્સર અત્ર જણાવાય છે. અપ્રાવરણ એ વસ્ત્ર સંબન્ધિનો નિષેધ એટલે તે સંબંધિનો અભિગ્રહ વિશેષમાં પાંચ આગારો જણાવેલા છે, અને અપ્રાવરણ સિવાયના બીજા દંડક-પ્રમાર્જનાદિ અભિગ્રહોમાં ચાર આગારો જણાવ્યા છે તે પ્રાવરણ અભિગ્રહ ગ્રહણ કરવાવાળાને ૧ અનાભોગ, ૨ સહસાકાર, ૩ ચોલપટ્ટકાકાર, ૪ મહત્તરાકાર; અને ૫ સમાધિ-લક્ષણરૂપ પાંચ આકારો જણાવ્યા છે, અને બાકીના અભિગ્રહોમાં ચોલપટ્ટકાકાર સિવાયના ઉપરના ચાર આકારો જણાવ્યા છે. ગાથા ૧૦. (ચાલુ)

[ટાઇટલ ૪ થા પેજથી ચાલુ]

૭૨૧. ભાવિકાળે બનારા કાર્યને અનુસરતી વાણીનેજ બોલનારાઓ બોલે છે, અગર બોલનારાઓથી ભાવિકાળે બનારા કાર્યને અનુસરતી-વાણી બોલવાના અવસરે આકસ્મિક ઉછળે છે; એ ભાવિ કાર્યનું ભવ્ય પ્રદર્શન છે.

૭૨૨. સ્વ-પરહિતદાયક સ્વાર્થ-ભ્રષ્ટતા એજ મહા મૂર્ખતા છે.

૭૨૩. કાંટાઓથી વ્યાપ્ત બોરડીના વૃક્ષ પાસે રહેલી કોમળ કદળી=કેળ આનંદ પામતી નથી, તેવી રીતે દુર્જનોની સમીપમાં સજ્જનો લવલેશ સુખ-શાન્તિ-આનંદ પામી શકતાંજ નથી.

૭૨૪. જેવા પ્રકારનો આહાર કર્યો હોય તે આહારને અનુસરતા ઓડકારોની જેમ વાચિક પ્રયોગો દ્વારા વાણી વડે ભાવિ-ભાવનું અનુમાન કરાય છે, અને વસ્તુતઃ તે અનુમાન સત્ય સ્વરૂપે પ્રગટ થાય છે.

૭૨૫. પ્રાણાન્ત આપત્તિમાં મુકાયેલા ધીર-શૂર-આત્માઓ નિન્દનીય-મોહમયી-પ્રવૃત્તિમાં લેશ ભર પગ પ્રવેશ કરતાંજ નથી.

[ટાઇટલ ૨ જા પેજથી ચાલુ]

૧૩. ચિત્તની પ્રસન્નતાનો પ્રકર્ષ પ્રબળવેગે વૃદ્ધિ પામતો હોય અને તે ચિત્ત અપ્રસન્નતા તથા તથા અપ્રસન્નતા થવાનાં અનેક વિધ કારણોને સ્પર્શન કરતું જ ન હોય ત્યારેજ ધર્મનું અધિકારિપણું પ્રાપ્ત થાય છે.

૧૪. અપ્રસન્ન ચિત્તવાસાઓ ધર્મના અધિકારી થઇ શકતાં નથી, તો પછી સર્વસ્વ સમર્પણની સૌરભની વાતજ શી ?

૧૫. સર્વસ્વ સમર્પણ કરવાની સર્વોત્કૃષ્ટ ભાવનાઓને સફળ કરવાનો ધર્મ યૌવનકાલ ચરમાવર્તમાંજ હોય છે.

૧૬. ભવસ્થિતિનો પરિપાક, દોષને દૂર કરવાની તમન્ના, અને ગુણદોષને હેય-ઉપદેયના અવિહડ નિશ્ચયથી જોવાની કિંમતિ કળા ચરમાવર્તમાંજ પ્રાપ્ત થાય છે.

૧૭. ધર્મકરણીઓને યોગ્ય સર્વસ્વ સમર્પણ કરવાનું ચિત્ત અનુકૂળ થવું એ ચરમાવર્તમાંજ હોય છે.

૧૮. ધર્મપ્રાપ્તિના, ટકાવના, વૃદ્ધિના સઘળાંએ સામગ્રી સંયોગો ચરમાવર્તમાં પ્રાપ્ત થાય છે.

૧૯. શાસનના હિતમાં અને શાસશની પ્રભાવનામાં સર્વસ્વ સમર્પણ કરૂં એવો અતિ અત્યંત રાગ અશુભ કર્મ તોડવામાં વધુ મદદગાર બને છે.

મુદ્રકઃ—મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશકઃ—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઇ.

સુધા-વર્ષા.

શ્રી કોબા (ગાંધીનગર) જૈન આરાધના

આલેખનકાર:—સુધાવર્ષી–પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

૭૧૦. પ્રતિજ્ઞાઓના બાહ્ય-અભ્યંતર સ્વરૂપને, અને વર્તમાન લાભને પરિણામે થનારા લાભને જાણ્યો કે જોયો નથી, અગર જેને તે સંબંધિ દૃઢ નિશ્ચય કર્યોજ નથી તેવાઓ ચંચળ-વૃત્તિથી પારમાર્થિક પ્રતિજ્ઞાઓને તિલાંજલિ આપવામાં વિલંબ કરતાજ નથી.

૭૧૧. સદ્ગુર્વાજ્ઞાભંગ ભીરૂ-આત્માઓજ સમર્પણના ભાવને સમજે છે, સાચી સમજ અનુસાર તેજ ભાવે જીવન જીવે છે, ઉત્તરોત્તર કલ્યાણની પરંપરા પામવા ભાગ્યશાળિ થાય છે; અને પામવા લાયક પુનીત સ્થાનને પામીને શાશ્વત સુખના ભાગીદાર બને છે.

૭૧૨. મહાત્માઓની પ્રશંસા કરવી, તેઓના ગુણોનું યશોગાન ગાવું, અને અણસમ હિતકર હિતકર ત્રિવિધ યોગદ્વારા થતી અગર થનારી પ્રવૃત્તિઓનું કલ્યાણકારિ કીર્તન કરવું; એજ સર્વોત્તમ શ્રેષ્ઠ સ્થાન પામવાનો અમોઘ ઉપાય છે.

૭૧૩. હા ! બેદની વાત છે કે જડનો ઉદય થયે છતે વિવેક કેવો હોય ?, અર્થાત્ અજ્ઞાનિ-ઓના ઉદયકાળમાં વિવેકની લેશભર હાજરી હોતીજ નથી. આથીજ કલિકાલ-સર્વજ્ઞ જણાવે છે કે—जडानामुदये हन्त ! विवेकः कीदृशो भवेत् ॥

૭૧૪. શાસન-માન્ય દેશ-કાલ-ઉચિત ક્રિયાને અનુસરનારાઓ બેદ પામતાજ નથી.

૭૧૫. અતિ અત્યંત દુઃખના ડુંગરાઓ ખડકાઈ ગયા હોય, અને લેશભર-ચિન્તા રહિત-આનંદ-શાન્તિ-સુખ વર્ધક સામગ્રી સાધન સંયોગો નજરે નિહાળાતાં હોય; તે બન્ને પ્રસંગોના અનુભવિઓ વધુને વધું નિદ્રાદેવીની ઉપાસના કરતા નજરે પડે છે.

૭૧૬. કારણને અનુકૂળનું કાર્ય જગતમાં દેખાય છે, તે નવાઇ નથી.

૭૧૭. જે કાર્યના નિર્ણયમાં પ્રત્યક્ષ પ્રમાણની પ્રાપ્તિ હોય છે, તે કાર્યમાં અન્ય પ્રમાણની અપેક્ષા રખાતીજ નથી.

૭૧૮. પૂર્વોપાર્જિત-પુણ્યવાનોની પુણ્ય સામગ્રી-સાધન સંયોગો અને તદનુસાર આવિર્ભાવ-થતાં અનુપમ-ફલોનું વર્ણન કરવું એ પણ બુદ્ધિમાનોને મુંઝવનારો પ્રસંગ છે.

૭૧૯. પુણ્ય પલાયન થયે છતે સર્વ સંયોગો, સાધનો; અને સામગ્રીઓ વિપરીતપણાને પામે છે એ ભૂલવા જેવું નથી.

૭૨૦. વડીલોની સ્વ-પર હિતકારિ ઇચ્છાઓ અગર આજ્ઞાઓ સજ્જન પુરૂષોના ઉત્સાહના વેગને વધારી મુકે છે.

[વધુ માટે જુવો ટાઇટલ પેજ ૩ જો.]

પ. પૂ. કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા-ગાંધીનગર, પિન ૩૮૨૦૦૯

શ્રી સિદ્ધચક્ર.

ॐ नमः सिद्धचक्राय, शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ, અને સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે. —**સુધાવર્ષી.**

સર્વજ્ઞનો સદુપદેશ.

આલેખનકાર:—**પૂ. પંન્યાસપ્રવર-શ્રીચંદ્રસાગર-ગણીન્દ્ર.**

સાઠ-હજાર-વર્ષ સુધી છ ખંડ સાધીને આવેલ **પ્રથમ ચક્રવર્તિ-શ્રી ભરત-મહારાજા** પોતાના ભાઈઓને આજ્ઞા માનવાનું કહેણ મોકલે છે આ કહેણ શ્રવણ કરવાની સાથેજ ૯૮ ભાઇઓ અવસર-ઉચિત સવાલ લેવા સાથે મળીને તે સર્વ પુત્રો પોતાના સાંસારિક-પિતા અને વર્તમાનકાલના **પ્રથમ તીર્થંકર સર્વજ્ઞ શ્રીઋષભદેવ** પાસે સવાલ લેવા જાય છે. આવેલા પુત્રો પ્રસંગતે જણાવીને ભગવંતને પૂછે છે કે હે ભગવંત! અમારે શું કરવું ?, આ પ્રશ્ન।। ઉત્તરમાં અંગારદાહકનું દૃષ્ટાંત પ્રતિપાદન કરીને જણાવ્યું કે—જગત્-ભરના સર્વ-જીવો ભોગના સાધનો પ્રાપ્ત કરવાની, અને તે તે સાધનદ્વારાએ ભોગો ભોગવવાની તીવ્રતમ-ઇચ્છાઓથી અતિ-કષ્ટે કરીને પણ વિરામ પામતાંજ નથી. એટલુંજ નહિં પણ જ્ઞાન-દર્શન-ચારિત્રના અનેકવિધ અનુષ્ઠાનોની આરાધના વગરના જીવો ભાવ-નિદ્રાને આધીન થઇને પોતાનું સર્વસ્વ ગુમાવી રહેલા છે. ભોગના સાધનો પ્રાપ્ત કરવાની, પ્રાપ્ત થયેલા ભોગના સાધનો ટકાવવાની, વધારવાની, અને ભોગવવાની ભયંકર-દુઃખદાયિ ઘોર-નિદ્રાને દૂર કરીને પુત્રોને ઉદ્દેશીને નીચેનો સદ્બોધ ભગવંત શ્રવણ કરાવે છે.

संबुज्झह किं न बुज्झह ?, संबोहि खलु पेच्च दुल्लहा ।
णो हूवमणंति राइओ, नो सुलभं पुणरावि जीवियं ॥ १ ॥

ભાવાર્થ:—હે પુત્રો! તમે જાગો!, કેમ તમે જાગતા નથી?, એટલે સાનુકૂળ-

[વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૩ જું.]

વી. સં. ૨૪૭૫.
વિ. સં. ૨૦૦૫.
વર્ષ ૧૫-અંક-૯

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી:—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખ મેમણ સ્ટ્રીટ—મુંબઇ. નં. ૨

વાર્ષિક લવાજમ
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના
રૂ. ૦—૪—૬

સર્વસ્વ-સમર્પણ-અંગે.

અવલેખનકારઃ—પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

નોંધઃ—આ કાલુમમાં સ્વયંસેવકપણાની જિનદીક્ષા નામના બીજા પંચાશકમાંથી શાસન પ્રત્યે સર્વસ્વ-સમર્પણ-ભાવ વીર્યોલ્લાસની વૃદ્ધિ સાથે દિન પ્રતિદિન વધુને વધુ પગભર બને તે હેતુથી અર્થિઓ સાધે આ સર્વસ્વ સમર્પણને અનુકૂળના મુદ્દા-બિંદુઓ સમર્પણ કરાય છે. લિ૰ તન્ત્રી.

૨૦. સર્વસ્વ-સમર્પણ કરનારને શાસન પ્રત્યેનો પરિપૂર્ણ રાગ અને મોક્ષ વિરુદ્ધ કાર્યોના પરિહાર રૂપી બે પુરુષાર્થ જીવનમાં પૂરેપૂરા પરિણમેલા હોવા જોઇએ.

૨૧. સર્વસ્વ-સમર્પણના સર્વોત્તમ-ભાવમાં ભાવિત—થનારાઓને સદ્ગુરુઓનો સમાગમ સહેજે પ્રાપ્ત થાય છે, અને સફળ કાર્યવાહી આગળ વધે છે.

૨૨. સર્વસ્વ-સમર્પણના ભાવથી ભાવિત થયેલાઓ, અને સ્વયં-સેવકની દીક્ષાથી દીક્ષિત-થયેલાઓ પ્રત્યે નેહ ભર્યાં નયણે નિહાળીને હરકોઇ પરમ-પ્રમોદને અનુભવી શકે છે.

૨૩. સર્વસ્વ-સમર્પણના અમોઘ-કારણભૂત સ્વયં-સેવક દીક્ષાના અનુરાગમાં ૧ અવિહડ શ્રદ્ધા, ૨ વિઘ્નોનો અભાવ; અને ૩ ચિત્તની દૃઢચર્તા એ ત્રણેની અવશ્યમેવ જરૂર છે.

૨૪ સર્વસ્વ-સમર્પણ કરનારને સ્વયં-સેવકપણાની દીક્ષા પ્રત્યેનો અનુરાગ છે, તેનું પરીક્ષણ કરવા માટેના પૂર્વે જણાવેલ ત્રણ લક્ષણો છે તે ધ્યાનમાં રાખો.

૨૫ સર્વસ્વ સમર્પણ-કરનારે લોક-વિરુદ્ધ સાત કાર્યો કરવાજ નહિં તે નીચે પ્રમાણે છે.

૧. સમસ્ત-જન-સમુદાયની નિંદા થાય તેવું કાંઇ પણ કરવુંજ નહિં, કારણ કે નિન્દા પામતો જન-સમુદાય નિન્દા કરનાર પ્રત્યે વિરુદ્ધ થાય છે.

૨. દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ ગુણ ગણના ભંડાર-શાસન-માન્ય-પ્રભાવિક-આચાર્ય-ઉપાધ્યાય અને શ્રમણ ભગવંતોની પણ નિન્દા કરવી નહિં, કારણ કે ગુણ ગણના રત્નાકર-મહાત્માઓ પ્રત્યે મોટો જન સમુદાય ગુણ ગણનો પક્ષપાતી હોય છે.

૩. સરળ-બુદ્ધિવાળા-જીવો પોત પોતાની બુદ્ધિથી સર્વજ્ઞભાષિત અનુષ્ઠાનનું સેવન કરતાં હોય તેવાઓની હાંસી ઠઠ્ઠા મશ્કરી કરવીજ નહિં, વાત વાતમાં તેઓને સંભળાવી દેવું કે "આ બિચારાઓને કોઇ ધૂર્તોએ પકડાવી દીધું છે" આવાં શબ્દો દ્વારા ધર્મ-કરણી-કરવાવાળાની ઋજુ-જન-સમુદાયની હાંસી કરવી નહિં.

૪. બહુ-જન-સમુદાય સાથે અનેકવિધ-અપકારાદિ કૃત્યો કરીને, જેણે જેણે વિરોધ કર્યો હોય તેવા વિરોધિયો સાથે સમાગમ-સંબંધ- લેવડ-દેવડ વિગેરે રાખવા નહિં.

૫. દેશ-નગર-ગ્રામ-જાતિ-કુલાદિના આચારથી વિરુદ્ધ કર્યું હોય, અથવા આચારનું ઉલ્લંઘન કર્યું હોય તેવાઓ સાથે સંપર્ક આદિ સાધવો નહિં.

[બધુ માટે જુઓ ટાઈટલ પેજ ૩ જું.]

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૫. | જ્યેષ્ઠ-માસ. | તંત્રીઃ
અંક-૯ મો. | તા. ૧૭-૬-૪૯. | પાનાચંદ રૂપચંદ ઝવેરી.

તંત્રી સ્થાનેથી—

અનુમોદનીય-અનુપમ-પ્રસંગ.

સુરત શહેરના નવાપુરા મધ્યે સકલ-સમીહિત-પૂરક-**શ્રીશાન્તિનાથ—સ્વામિજીના પ્રાસાદમાં પ્રગટ-પ્રભાવિ-શ્રીલીડ ભંજન—પાર્શ્વનાથજી** આદિ અનેક શ્રી જિનેશ્વર ભગવંતોના બિંબોની પ્રતિષ્ઠા-અષ્ટાહ્નિકાદિ મહોત્સવ-નિમિત્તે શ્રીનવાપુરા શ્રીસંઘની આગ્રહ ભરી વિનંતિથી અને પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-**આગમોદ્ધારક—શ્રી આનંદસાગરસૂરીશ્વરજીની** આજ્ઞાથી **તેઓશ્રીના શિષ્યરત્ન—શ્રીમાણિક્ય-સાગરસૂરિજી, અને પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર** તથા તેઓના શિષ્ય પં. **દેવેન્દ્રસાગર શિષ્ય પ્રશિષ્યાદિ પરિવાર** સહિત નવાપુરાના ઉપાશ્રયમાં વૈશાખ વદ ૮ ના રોજ વાજતે ગાજતે શાસન પ્રભાવના વધે તે રીતિએ પધાર્યા હતા.

હાલના કટોકટીના સંયોગોમાં સકળ સંઘને પ્રતિષ્ઠા પ્રસંગની ઉછામણીમાં રૂપીઆ દશ-બાર હજારની ઉપજ થવી પણ મુશ્કેલ લાગતી હતી, પરંતુ વ્યાખ્યાન વાણી આદિ શ્રવણથી શ્રી સંઘની પરિણતિ દાન તરફ વૃદ્ધિ પામી હતી, અને બાર ગુણી ઉપજ થવાથી અને મહોત્સવની સઘળી ક્રિયાઓ નિર્વિઘ્ને સમાપ્ત થવાથી સકળ સંઘ આનંદનો અનુભવ કરી રહ્યો હતો. અને સહુ કોઈ બોલતાં હતા કે નવાપુરા માટે પૂર્વે કોઈ વખત નહિં ઉજવાયેલો આ પ્રથમ મહોત્સવ છે. સકળ સંઘની જાણ માટે પ્રથમથી કુંકુમ પત્રિકા કાઢવામાં આવી હતી. વૈશાખ વદ ૧૧ થી જેઠ સુદ ૩ સુધીમાં અનુક્રમે કુંભસ્થાપના, નવગ્રહ-દશદિક્પાલ, અષ્ટ-મંગલનું પૂજન, જિનેશ્વર ભગવંતોને અઢાર અભિષેક, ધ્વજાદંડનો અભિષેક, પ્રગટ-પ્રભાવિ—**શ્રીલીડભંજન-પાર્શ્વનાથાદિ** બિંબોને ગાદી નશીનની ક્રિયા, સત્તર સંવેદ્યા યુકત અનુમોદનીય જલયાત્રાનો વરઘોડો, ધ્વજા દંડારોપણ અને અષ્ટોત્તરી સ્નાત્રાદિ શુભ ક્રિયાઓ કરવામાં આવી હતી; આ પ્રસંગે વર્તમાનમાં શાસન પ્રભાવનાની વૃદ્ધિ કરી છે. આ પ્રસંગની મહત્તા નજરે જોનાર કહી શકે, અને અનુભવી થકે; પરંતુ શબ્દોથી આલેખન કરી શકાય તેમજ નથી. આ પ્રસંગને વધુને વધુ ઉજ્જવળ બનાવવા માટે તન-મન-ધનાદિને યથાશક્તિ ખર્ચીને સકળ સંઘની દરેકે દરેક વ્યક્તિએ પૂરી રીતિએ લાભ લીધેલો છે. આ નિમિત્તે ઉછામણી દ્વારાએ દેવ દ્રવ્યમાં થયેલ વૃદ્ધિ નીચે મુજબ છે.

કુંભ સ્થાપનાનું ઘી મણ	૭૬)
અખંડ દીવાનું ઘી મણ	૧૧)
જવારા વાવવાનું ઘી મણ	૧૨)
પાવાપુરીમાં પ્રતીમા પધરાવવાનું ઘી મણ	૧૫)
પગલા પધરાવવાનું	૮)
નવગ્રહના પહેલા પાટલાનું ઘી મણ	૭૨)
,, બીજા ,, ,,	૩૫)

,, ત્રીજા પાટલાનું ઘી મણ ૨૫)
,, ચોથા ,, ,, ૨૧)
,, પાંચમા ,, ,, ૨૬)
મુલ નાયકને અઢાર અભિષેક ૧૨૫)
,, ,, ની જમણી બાજુની બેઠકનો ૬૧)
અભિષેક ઘી મણ
,, ,, ,, ,, ૨૦)
,, ,, ડાબી ,, ,, ૬૦)
,, ,, ,, ,, ૫૫)
બહારના ગોખલાનું ,, ,, ૬૧)
,, ,, ,, ,, ૫૧)
રત્નની પ્રતિમાને અભિષેક ,, ૪૫)
શ્રીમહાવીરસ્વામી ,, ,, ૨૭)
શ્રી ભીડભંજન પાર્શ્વનાથને અભિષેક ,, ૧૫૧)
શ્રી ભીડભંજનની જમણી બાજુ અભિષેક ,, ૪૧)
,, ,, ,, ૫૧)
,, ડાબી બાજુએ ,, ,, ૫૧)
,, ,, ,, ,, ૬૧)
,, ,, શ્રી મુનીસુવ્રત સ્વામી ૫૨)
બ્રહ્મ દંડનો ઘી મણ ૨૧)
,, ,, શ્રીમહાવીર સ્વામી ,, ૪૫)
,, ,, શ્રીશીતીનાથ ,, ૬૬)
શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેવનું અભિષેક ,, ૨૩)
શ્રી શાંતિનાથ ભગવાન દેવનું ,, ,, ૧૬)
શ્રી ઝવેરાની શ્રી શાંતીનાથનું ,, ,, ૫૬)
રથના ચારેય થવાનું ઘી ,, ,, ૬૦૧)
રથમાં ભગવાન લઇને બેસવાનું ,, ,, ૩૦૧)
રાયણ દેવા ,, ૧૦૫)
ચમ્મરનું બેનું ,, ૩૦)
પંખાનું ,, ,, ૬)
દીપકનું ,, ,, ૨॥
છત્રીનું ,, ,, ૧॥
બત્તી બાકલા ,, ૧।
ધૂપનું ,, ૧॥
દૂધની ધારાનું ,, ૨૫)
પ્રદક્ષીણમાં પુસ્તક પધરાવવાનું ,, ૧૧)

થાલી વગાડવાનું (પૂજામાં) મણ ૨૧)
સ્નાત્ર વખતે શ્રીફળ મુકવાનું મણ ૪૫૧)
કળશ ચારનું ,, ૧૯૯)
અંગ લુછણાનું ,, ૪૫)
કેશર પુજાનું ,, ૭૧)
ફુલ ચઢાવવાનું ,, ૫૧)
થાલી વગાડવાનું વરઘોડામાં ,, ૩૧)
બે બાજુ ઘી પુરવાનું અષ્ટોત્તરીમાં ,, ૫૫)
રથમાં ભગવાન પધરાવાનું ,, ૪૫)
તામડી લેવાનું ,, ૩૧)
પહેલા પોંકણાનું ,, ૧૦૧)
બીજા ,, ,, ૬૬)
ત્રીજા ,, ,, ૫૧)
ચોથા ,, ,, ૫૧)
પાંચમા ,, ,, ૫૧)
છટ્ઠા ,, ૧૮)
સાતમા ,, ૧૦)
સ્નાત્રની આરતિનું ,, ૫૫)
શાન્તિ કળસનું ,, ૬૧)
કુલ ઘડો લઇ જવાનું ,, ૨૦)
આઠ દીવસની આરતિ વગેરેનું ,, ૫૫૦)

મણ ૪૫૬૦)×૨॥ રૂ. ૧૧૪૦૦)
રૂપીઆ

શ્રી ભીડભંજન પાર્શ્વનાથને ગાદીનશીનનું ૬૮૨૫)
શ્રી કેશરીયાજી ,, ,, ૧૪૫૧)
શ્રી ચંદ્રપ્રભુ ,, ૧૩૦૧)
શ્રી શામળા પાર્શ્વનાથ ,, ૨૦૦૧)
શ્રી આદિશ્વર ભગવાન ,, ૩૫૦૦)
દેવી પધરાવવાનું ,, ૬૨૫)
મુલ નાયકની જમણી બાજુ શ્રી શાંતીનાથ ગાદીનશીનનું ૩૦૦૧)
મુલ નાયકની જમણી શ્રી મુનિવ્રત ૨૫૦૧)
,, ડાબી બાજુ શ્રી વાસુપૂજ્ય ૨૮૦૧)
રત્નની પ્રતિમા ૭૫૧)

[વધુ માટે જુવો ૧૬૩ મું પેજ]

આગમોદ્ધારકની અમોઘ-દેશના.

[નોંધઃ—વિ. સં. ૧૯૯૦ના ચાતુર્માસમાં સુરત મુકામે પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-આગમોદ્ધારક-શ્રીઆનન્દ-સાગરસૂરીશ્વરજીએ આપેલ અમોઘદેશનાનો સારભૂત સંચય કરનાર પૂ. પં. શ્રીહિમસાગરજી પાસેથી મેળવીને, પૂ. પંન્યાસ-પ્રવરશ્રીચન્દ્રસાગરજી-ગણિન્દ્ર પાસે પેરેગ્રાફાદિ સુધારા વધારા સાથે તૈયાર કરાવીને અત્ર અપાય છે; છતાં પૂ. દેશનાકારના આશય વિરુદ્ધ કોઈપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની અત્ર અમે ક્ષમા યાચીએ છીએ.

લિ૦ તન્ત્રી.]

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. શ્રવણમાં અને સમજમાં ફરક.

૨. ટુંકી ઉંઘમાં ગુમાવનાર કરતાં, લાંબી-ઉંઘમાં ગુમાવનારની વધુ મૂર્ખાઈ.

૩. વચનરૂપ સોટીના મારથી જાગનારા.

૪. તદ્ભવ-મોક્ષગામિઓ પણ ઘર છોડ્યા વગેરે કહ્યાનું સાધી શકતાંજ નથી એ સમજતા શીખો.

૫. રમતીઆળની ટોળીમાં ભળેલો ડાહ્યો પણ લગભગ મુર્ખાઈનું પ્રદર્શન કરાવે છે.

૬. અઢાર પાપ સ્થાનકની ટોળીમાં રહેનારાઓ આત્મહિત સાધી શકતાંજ નથી.

૭. સંસારમાં રહેવું એજ કુસંગમાં રહેવા બરાબર છે.

૮. દરેક ભવમાં લેણને નોકળવા લાયકનો બે ચીજ એક-પુણ્ય અને બીજું પાપ.

૧૦. સાત આઠ ભવ સુધી પુણ્યની પરંપરા.

૧૧. રત્ન જેવી બુદ્ધિ ધર્મ પ્રત્યે થાય ત્યારે વિજ્ઞાને ભૂમિનું સ્પર્શન.

૧૨. શબ્દમાં હેયપણું આવવું સહેલું છે, પણ પરિણતિમાં તે હેયપણું પરિણમવું મુશ્કેલ છે.

૧૩. ધર્મ રત્ન બોલનારને રત્નથી પદાર્થ-કયો લેવો ?, તે સમજવાની જરૂર છે.

૧૪. વિનાશિ-પદાર્થો મને પોષનાર નથી, પણ તે બધા મારાથી પોષાયેલા છે, મને પોષનાર ધર્મરત્ન છે.

૧૫. 'મહારૂં તે સાચું છે' આ સિદ્ધાંતની સત્યતાને જીવનમાં અંકિત કરો.

૧૬. મહારા આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વિગેરે સર્વ 'મહારૂં તે સાચું છે.'

૧૭. ઋજુ-વ્યવહાર વગરનાઓ વિજ્ઞાન ભૂમિને સ્પર્શી શકતાજ નથી.

૧૮. શાસ્ત્રની કુશળતા વગરનો આત્મા વાસ્તવિક ભક્તિ કરી શકતોજ નથી.

[૧૬૨ પેજથી ચાલુ]

શ્રી મહાવીર સ્વામી	૧૫૨૫)
દેવી પધરાવવાનું	૬૦૧)
ધ્વજા દંડ ચઢાવવાનું	૧૦૫૧)
મંદિરદ્વાર-ઉદ્ઘાટનનું	૩૪૦)
	૨૮૨૭૪)
શ્રી મુનિસુવ્રત સ્વામી	૨૦૦૦)
ત્રણ ભગવાનના ગભારાના	૧૫૦૦)
	૩૩૭૪)
	૧૧૪૦૦)
	કુલ રૂ. ૪૩૧૭૪)

તા. ૩ મહોત્સવ પ્રસંગે ઉપર મુજબની ઉપજ શ્રીદેવ-દ્રવ્ય ખાતે થયેલી છે.

સાંભળવું અને સમજવું એ બે રહેજે સમજાય છે.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ શાંતિચંદ્ર-સૂરિશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણિઓના ઉપકારને માટે શ્રી ધર્મ-રત્ન પ્રકરણ કરતાં થકાં ધર્મરત્નની લાયકાત મેળવવા માટે મનુષ્યે શું કરવું જોઇએ તે જણાવતાં ધર્મરત્નને લાયક ૨૧ ગુણો, તે ૨૧ ગુણોનું સ્વરૂપ; અને દ્રષ્ટાંતો કથન કર્યા. તે સાંભળીને ભવ્યોને કર્તવ્ય દિશાનું ભાન કરાવ્યું, અને તે સમગ્ર હકીકત વિસ્તાર પૂર્વક આગળ કહી ગયા. તે સમગ્ર હકીકત સાંભલ્યા છતાં, ૨૧ ગુણો મેળવ્યા છતાં; જેમ ખેડૂત ખેતી કરે, વાડ કરે, રખો-પાની ઝુંપડી કરે, વરસાદ પણ યોગ્ય વરસે, પણ બી ન વાવવાનું ભુલી જાય તો શું ફળ મેળવે ?, તો જેમ ખેતી કરનારે, વાડ કરનારે, રક્ષણનો બંદોબસ્ત કરનારે, વરસાદની સામગ્રી મેળવનારે બીજના વાવેતર ઉપર ધ્યાન આપવાની પુરી જરૂર છે; તેવી રીતે ૨૧ ગુણના વાવેતર તરીકે કયા બીજનો ઉપયોગ કરવાનો છે તે ધ્યાનમાં લેવાની જરૂર છે. તો કે ૨૧ ગુણના શ્રવણથી શ્રવણ નામની ભૂમિકા પ્રાપ્ત થઇ. ગુરૂ ઉપદેશથી હેય-ઉપાદેયના વિભાગ પૂર્વકની જ્ઞાન નામની બીજી ભૂમિકા પ્રાપ્ત થઈ, તે બે મેળ્યા છતાં ત્રીજી ભૂમિકા વાતેતર તરીકેની છે. જો વાવવામાં ભૂલે તો કરેલી ખેતીવાડ રક્ષણના પ્રયત્ન વિગેરે નિષ્ફળ જાય છે. તેમ વિજ્ઞાન ભૂમિકા ન મેળવી શકીએ તો મેળવેલા ૨૧ ગુણ, તેનું શ્રવણ, અને જ્ઞાન તે ફળદાયી નિવડે નહિ ત્યારે ૨૧ ગુણનું શ્રવણ અને તેનું જ્ઞાન તે ફળદાયી કયારે નિવડે ?, કે વાવેતર તરીકે ત્રીજી વિજ્ઞાન ભૂમિકા જ્યારે પ્રાપ્ત થાય ત્યારે. વિજ્ઞાન ભૂમિકા પૂર્વે બે વસ્તુ છે; ૧ સાંભળવું જગતમાં પ્રસિદ્ધ છે, ૨ અને જાણપણું એ પણ પ્રસિદ્ધ છે.

ટુંકી અને લાંબી ઉંઘ.

એ બે વાતો સહેજે સમજાઈ જાય છે; પણ વિજ્ઞાન વસ્તુ કઇ ?, તે સમજવાની જરૂર છે. તે વિજ્ઞાન ભૂમિ સમજાય તો તેની પ્રાપ્તિ માટે આત્મા તયાર થાય. એ ભૂમિકા પ્રાપ્ત કરે ત્યારે જ શ્રવણ અને જ્ઞાન બન્નેને સફળ કરી શકે છે. ખેતી વાવેતર અંગે સફળ થાય તેમ એ ભૂમિકા વિજ્ઞાન ભૂમિકાને પ્રાપ્ત કરે તોજ સફળ થાય. તે ભૂમિકા માટે એક શબ્દ જણાવ્યો કે આનું નામ વિજ્ઞાન ભૂમિકા. ધર્મજ રત્ન. જગતમાં સામાન્ય નિયમ એ છે કે એક ચીજની ઇચ્છા કરવી, તે ચીજ માટે કલેશ કરવો, દુઃખી થવું, અને મળ્યા પછી તેનો ઉપયોગ શ્યો થશે ? તેનો વિચાર કોઇ કરતું નથી. નાના છોકરાએ રોઇને, પછાડીઆ ખાઇને ધંટડી મેળવી. ઓશીકે મુકી ઊંઘ્યો પછી લઈ જાય તો તેની તેને દરકાર નથી. રોયો પગ પછાડયા શા ઉપર ? મને મળે તેટલી ધારણા ઉપર તેના ધમપછાડા હતા. જેમ બચ્ચાંની આ સ્થીતિને લીધે એ એના ભવિષ્યનો ઉપયોગ-રક્ષણને તપાસતોજ નથી. તેવી રીતે આપણે અભ્યાસ કરીએ તે વખતે પણ એ દશા. બધામાં આપણી બાળક દશા ચાલે છે. બાળક જગતું હોય ત્યાંસુધી કોઇને એ ચીજ ન લેવા દે, અને ઊંઘી ગયું પછી આખાને ઉઠાવી લ્યેતો કશું નહિ; તેમ આ મોટું બાળક તે પણ એજ સ્થીતિમાં છે. લડીને કલેશ કરીને, ઝઘડા-કરીને ધન માલ મીલકત રાજ્ય મેળવ્યા. લાંબી ઊંઘે ઊંઘ્યા ત્યારે શું ?, પછી કયું તપાસવા આવીએ છીએ ?; કેટલીક વખત આપણે આપણી મીલકત ભેગી કરી. પાછળ આપણા કુળને તારવા તરીકે કલેશ કરીને લક્ષ્મીનો ઉપયોગ કરીએ તો પણ લાંબી ઊંઘમાં જાણવાનું નહિ કાયદા પ્રમાણે પેટનો છોકરો વારસદાર. રંડીબાજ લુચ્ચો નિકળશેતો પછી તમારી મજતનું શું ?, સપુત કે કપુત થશે તેનો વિચાર કર્યો છે ?, જો સપુત છે તો તારા ધનની દરકાર નથી. તું દરિદ્ર હશે તો પુત્ર કોટીધ્વજ થશે. જો કપુત છે તો કરોડ મુકીને જાય તો પણ કોડી નહિ રહેવાની. શા ઉપર તું સંચે છે ?, છોકરો છોકર રમતથી વિચાર કરતો નથી, અને આપણે મોટા અક્કલવાલા મળતાની મુંજવણથી વિચાર કરતા નથી. આપણે તો વિચાર કર્યોજ નથી કે આપણી ઊંઘ વખતે બધું જશે તેનું શું ?, છોકરાની ટુંકી ઊંઘમાં જાય મોટાની લાંબી ઊંઘમાં જાય.

વચન રૂપ સોટી.

તેમ ભવિષ્યના અંતે આપણે કયું વિચાર્યું ? મારી સાથે આ પદાર્થો પાછા આવશે કે જડ સાથે આ લાગશે ? એકપણ ચીજ જીવની સાથે મર્યા પછી લાગનારી નથી. છોકરાને રમતની ટેવ પડી હોય છે. લુગડાં મેલા કરી આવે, અભ્યાસ બગાડે, અને ન આવડે તેથી માસ્તર મારે, તે વખતે અભ્યાસ કરવાનું મન થાય, હવે શરીર લુગડું મેલું નહીં કરું, હવે ધૂળમાં નહીં અળોટું; આ બધું માર પડે છે ત્યાંસુધી. છોકરો માતા કબજામાંથી, કે નિશાળમાંથી છુટયો એટલે હતો તેવોને તેવો. તેમ અહીં વચનની સોટી પડે તે વખતે એમ વિચાર થાય કે દુનીયા નકામી છે, કોને બદલે કરું છું ?; મારે બદલે કરું તો મારે તો એક જોડી લુગડાં, સવા શેર અનાજ; અને સાડી ત્રણ ડંગલાની જગ્યાનો સ્વામી હું છું. ચક્રવર્તીને પણ આટલું જ જોઇએ છે. દરેક ને અંગે માત્ર સવા શેર અનાજ એક જોડી લુગડા, સાડી ત્રણ હાથ જગ્યા જોઇએ છીએ. આમ વિચારો તે વખતે આવે છે, પણ સોટીનો સોલ મટી ગયો પછી કંઇ નહિં. ચોર ચોરી કરી આવે, માર ખાય, પોલીસના કબજામાંથી નિકલે એટલે કશું નહિં; પાછો ચોરીનો હડકવા હાલે છે. બચ્ચાંને રમતની ટેવ આગળ આવે છે તેમ આ જીવોને જીનેશ્વરના વચન શ્રવણ કરે ત્યારે આ સાર લાગે, પણ વચનરૂપ સોટીનો ચમચમાટ મળ્યો એટલે હતા તેવાને તેવાજ.

ઘરથી છુટવામાં કલ્યાણ.

સોનાની ભુંગળીમાં ઘાલેલી પુંછડી અંદર સીધી પણ બહાર નિકલે તો પાછી વાંકી. અહીં જીવનું શું તે વિચાર આવે છે ?, બહાર ઉઠયા એટલે છોકરા પેઠે આપણને અસલ આદત યાદ આવે છે, માટે છોકરાને રમતમાં ન રાખવો હોય તો પ્રાચીન કાળમાં માસ્તરને ઘેર મુકતા હતા. માસ્તરને ઘેર રહેલો છોકરો ધુળમાં રમવા ન જઈ શકે. આ વાત લક્ષ્યમાં લઈશું ત્યારે એક વસ્તુ સમજવામાં આવશે. અમારા સરખા ચંચળ મનવાળા, અશુભ સંયોગવાળા, જ્ઞાન વગરનાને આલંબન ઉપર જરૂર આધાર રાખવો પડે છે. અમારા સરખાને આશ્રવના કારણ ભૂત તે દુનીયાદારી છોડવી જરૂરી છે. કારણ કે શ્રી તીર્થંકર મહારાજાઓ કે જે જન્મથી ત્રણ જ્ઞાનવાળા છે, જેઓ જન્મથી ઇન્દ્ર નરેન્દ્રોથી પૂજાએલા છે, કેવળજ્ઞાન થવાનું નિશ્ચિત છે; અને પોતે જાણતા હતા કે હું મોક્ષેજ જવાનો છું. જે જન્મથી ઇન્દ્ર-નરેન્દ્રે પૂજાએલા છે, તેમને પણ કલ્યાણ સાધવા માટે શું હતું કે મુંડ મુંડામણ થઇ ગયા ?, શા માટે સાધુપણાની કરણી કરી ?; કહેવું પડશે કે તેજ મોક્ષનો ઉપાય છે. આવા જ્ઞાનીને, આવા નિશ્ચિત મોક્ષે જવાવાળાને, પણ એ કરણી-દ્વારાએજ મોક્ષ તો આપણા જેવાની દશા શી ? આવા જન્મથી ત્રણ જ્ઞાનવાળા, તેજ ભવે મોક્ષે જનારા, જન્મથી ઇન્દ્ર નરેન્દ્રે પૂજિત એવા ઘરમાં રહ્યાં થકાં આત્મ કલ્યાણ કરે તો શી હરકત હતી ?; આજ કાલ કહે છે કે ઘેર બેઠા પણ કલ્યાણ કરી શકાય છે, આમ કહેનારે સમજવાનું છે કે તદ્ ભવે મોક્ષે જવાનું છે, તેવાએ ઘેર રહી આત્માને વશ કરવાનું કેમ ન રાખ્યું ? વિચારી લ્યો તે આપણા કરતાં વધારે જ્ઞાનવાળા હતા, નિશ્ચયને વળગનાર હતા, સંદિગ્ધ ગતિવાળા ન હતા, છતાં એજ નક્કી કર્યું કે ત્રણ જ્ઞાનના ધણી નિશ્ચિત મોક્ષે જનારાઓએ પણ આમાંથી (ઘરથી) છુટે તોજ કલ્યાણ કરી શકે એ કરીને જગતને રસ્તો બતાવ્યો.

'મેળવવું અને મેલવું' એ રમત છે.

આ રમતની ટોળીમાંથી નિકળવાની ફરજ છે. ડાહ્યો છોકરો રમતિયાળની ટોળીમાં ફરે તો વાત નહીં લે પણ સાન તો લેશે. રમતીયાળ છોકરાની ટોળીમાં ડાહ્યો છોકરો જાય તો રમત રંગમાં ચઢે અને તોફાની જાય તો પુછવુંજ શું ?, ૧૮ પાપસ્થાકની ટોળીમાં આ આત્મા રહેતો એ તો જેવો બને છે. જ્યારે તીર્થંકર સરખા ત્રણ જ્ઞાનવાળાએ, આત્માના નિશ્ચયને દૃઢપણે રાખવાના હકદારે પણ અશુભ આલંબન છોડી દેવું જરૂરી ગણ્યું. તો પછી અશુભ આલંબન છોડવાનું ઉચિત ગણ્યું છે એ શાસનમાં આપણે કેમ સમજવી શકીએ કે અશુભ આલંબન હોય તો આપણે શું ? આપણે બે મહિના પછી વાત, ચાર મહિના પછી

વાત, તેનો અર્થ કર્યો ?, બે ચાર મહિના તો કુસંગમાં રહેતો વાંધો નથી. બાકી સંસાર કુસંગ એ ન હોય તો જીનેશ્વરને છોડવાની જરૂર ન હતી. જીનેશ્વર સરખાને કુસંગના સ્થાન તરીકે વર્જવા લાયક. તો બીજાઓ જે ધારે કે અમે ઘરમાં રહીને આત્માને નિર્મળ રાખવી શું આ ગેરવ્યાજ બી વચન છે. ત્રણ જ્ઞાનવાળા ઇન્દ્ર-નરેન્દ્રથી પૂજિત કહે છે કે કુસંગને તો છોડી દો આથી દરેક તીર્થંકરને અંગે સાંભળો છો કે ઘરવાસથી નિકળી એણે અણગારીતા અંગીકાર કરી. ઘરવાસ કુસંગનું સ્થાન ન હોય તો તીર્થંકર સરખા બળવાન આત્માને છોડવાની શી જરૂર હતી ? છોકરા મલ્લ વિદ્યા દેખીને બે મોઢે માંસે સામે આવીને બે હાથ ઊંચા કરે, પગ પહોળા કરે, એ બધી મલ્લ વિદ્યાની ચેષ્ટા કરવાની રીતિ છે નાનો બચ્ચો પેઠે દેખે કે મોહની સામા રહી મોહ મલ્લને જીતીયું તે મુંછ મરડવાવાળા પણ ધક્કામાં પડી ગયા. તેમ જગતમાં આત્મામાં રાખીશું તેવા ગબડી પડયા કે ઠેકાણે પણ ન આવ્યા. માટે છોકરા રમત ન થાય એક ધક્કે ગબડી પડે તેવાઓ મલ્લની ચેષ્ટા કરે તે છોકરા રમત નહીં તો બીજું શું ?' તેમ એક ધક્કો સહન ન કરી શકાએ અને બોલીએ કે ભાર શા છે ? ભગવાન તીર્થંકર પોતે એટલા મજબુત છતાં એક જ મુદ્દામાં કે કુસંગને છોડીશ તો જ કલ્યાણ થશે. તીર્થંકર સરખા ઘરવાસ છોડવા લાયક ગણે તો આપણે શું બેઠા બેઠા લાયક ગણીએ છીએ ? છોકરો રમતીયાળ ટોળામાંથી નિકળે તોજ ભણવામાં ચિત્ત લગાડે છે, તેમ આરંભમાંથી નિકળેલોજ સંવરમાં ચિત્ત સ્થિર રાખે છે તેમ આપણી આ સ્થીતિ થઈ રહી છે. તેમ ઠેઠ અનંતકાળે તપાસો છોકરાએ રડીને બે મેળવ્યું અને ઊંઘમાં બધું મેલ્યું, અને આપણે આંખો જન્મારો મહેનત કરીને મેળવ્યું પણ આંખ મીંચી એટલે મેલ્યું. આખું જગત મેળવે છે, અને મેલે છે; એમાં બે મત નથી આપણી અનંતી જીંદગીઓ મેળવવું અને મેલવું તેમાં ગઇ છે.

સર્વના ભોગે મેળવવા લાયક પુન્ય.

કયા ભવમાં આપણે મેળવ્યું નથી ? આખી જીંદગીમાં ભેગું કરેલ નિધાન તે ઉપર મૂળ ઘાલીને ઝાડ ઉભુ રહ્યું કુતરાના ભવમાં શેરીની રક્ષા કરીને મેળવવાનું શું ? શેરીમાં કોઇ ને ઘુસવા ન દે, મળવાનું શું ?, મનુષ્યના ભવમાં ધન રાજ્ય કુટુંબાદિક મેળવ્યા અને મેલ્યા. મેળવીને મેલ્યું એ રીતિએ ખુદ શરીર પણ જન્મીએ ત્યારે નાનું, શરીર વધ્યું ત્યારે પાંચ હાથનું, ત્રણ ગાઉનું શરીર કર્યું. આંગળના અસંખ્યાતમાં ભાગમાંથી ત્રણ ગાઉ જેટલું મેળવ્યું પછી મેલ્યું. વનસ્પતિના ભવમાં હજાર ગાઉ, અને માછલાના ભવમાં હજાર જોજનનું શરીર મેળવ્યું પછી મેલ્યું. શરીર-કુટુંબ-ધન દરેક ભવે મેળવવું ને મેલવું કંઈ પણ કંટાળો આવે છે ? અનંતા ભવો તપાસી લ્યો કે કર્યું શું ? દરેક ભવે મેળવ્યું ને મેલ્યું એવી કોઈ ચીજ છે કે જે મેળવેને મેલવીન પડે એક બે ભવની અપેક્ષાએ તેવી ચીજ હજુ મળશે, કે જે પુન્ય મેળવીએ છીએ તે મેલીને જતા નથી. પુન્ય સાથે, લઈને જઈએ છીએ. કોટિધ્વજને ઘેર છોકરો જન્મ્યો તેને કોડ મલ્યા, કયારે મહેનત કરી હતી ? ઘોડીયામાં હોય તો સરકાર રક્ષણ કરે છે, કારણ કે જે પુન્ય લઈને આવ્યો હતો તે પુન્યે કોડ મેળવી આપ્યા, તેમ દેવાળીયાને ઘેર છોકરો જન્મે તો પાપ લઈને આવ્યો છે. દરેક ભવમાં બાહ્ય વસ્તુ મેળવીને મેલી પણ દરેક ભવમાં બે ચીજ લઇને નિકળ્યા કાંતો પુન્ય ને કાંતો પાપ મેલવ્યું તે લેઇને નિકળ્યા શું થયું ?, દુનીયાની બધી ચીજો મેળવવાની અને મેલવાની. પાપ તો નુકશાનકારક છે તે ન મેળવ્યું તો હરકત ન હતી. મેલવું પડે નહીં અને ફાયદો કરે તેવો કયો પદાર્થ ? એવો પુન્ય નામનો પદાર્થ એકજ છે.

પુન્યની પરંપરા લગભગ સાત આઠ ભવ સુધી.

જે પૂર્વ-મહા પુરૂષોનાં ચરિત્રો મગજમાં ઉતારશો તો મહા મેનતે મેળવેલું ધન કેમ ખરચાયું હશે ? વસ્તુપાળ તેજપાળ મુસાફરીએ જાય છે. તળાવ પર મુકામ કર્યો

છે. ત્યાં ખોદયું તો ચરૂ નિકળ્યો. તે દેખીને અનુપમાદેવીને પૂછે છે કે આ ધન કયાં મેલવું ? આ બાબ શું ઉત્તર દે છે, તે તમે વિચારો. પેલી અનુપમાદેવી કહે છે કે જગત આખું દેખે, અને આપણી માલીકી જાય નહીં, ને કોઇ લઇ શકે નહીં ત્યાં મેલો. નિકળેલા ચરૂ ને અંગે કહે છે કે એ ધન જગતમાં જાહેર રાખવું. કોઇ લઇ જઈ શકે નહિં તેવી રીતે રાખો બન્ને ધુંચાયા કે જાહેર રાખી એને કોઇ લ્યે નહીં તેવો કયો રસ્તો ? આ વાત તો ગમી પણ રસ્તો મળતો નથી. ત્યારે અનુપમાદેવીને ફેર પુછ્યું કે તેવો રસ્તો કયો ?, ત્યારે કહ્યું કે આ ડુંગર પર ચૈત્ય કરાવો. ને તેમાં ખરચો. જગત જાણે કે આ બધું તેમનું છે, ને કોઇ લઇ જઇ શકે નહિં. આ સ્થીતિ દ્રવ્યપણામાં છે "જાડેર રહે, કોઇ લઇ જઇ શકે નહિં, અને આપણા નામની વસ્તુ રહે" તેમ અહીં વિચારી એ તો માલમ પડશે કે સાથે લઇ જવાનું તો પુન્યજ છે, તો આ બધાના ભોગે પુન્ય કેમ ઉભું ન કરવું. યુરોપીયનો વરસો સુધી બંગલામાં રહે કબાટ મેજ બધો સંવડ કરે પણ રીટાયર થાય તે વખતે પાણીના મુલે બધી ચીજો વેચીને ભેગી કરીને તે બધી મુકી લઇ જાય. મારી સાથે વેચીને લઇ જવાશે તે આવશે. કીંમતી મેજ ફરનીચર મારી સાથે નહીં આવે, સ્વ સ્થાને જતી વખતે ઊંચામાં ઊંચી ચીજ કોડીની કીંમતે પુકી દે છે. તે દ્રષ્ટિએ મનુષ્ય સમજે છે કે હું અહીંથી ચાલ્યો, અને મારી મુદત અહીં પુરી થઇ; માટે મારા હાથમાં પુન્યનો ખુડદો લઇશ તેજ છે. આ મેજ બાંકડા ખુરશી કબાટ મારે બધું નકામું છે તેમ આ જીવ આ શરીર રૂપી કબાટ ફરનીચરનો જેટલો ખુડદો થાય અને હાથમાં માલ આવે તેટલો લઇ લઉં, આમાંથી એકે લઇ જવાય તેવું નથી. જગતની ચીજો કરતાં પુન્યને જોડે આવવાનું સમજે તે જીવ પુન્ય કાર્યમાં તત્પર થાય. આ સમજો તો ઉદાયન પ્રધાને અજેપાળ સરખાની આજ્ઞા ન માનવી તે પ્રાણના ભોગે નભાવી. વસ્તુપાળે અને તેજપાળે પણ શાસનનું અપમાન થાય તે ન સહન કરવું એ સર્વના ભોગે નભાવ્યું. મારા પુન્યના અંકુરને લગીર નુકશાન થાય તે સહન નહીં કરૂં. જીંદગી અને ઋદ્ધિના ભોગે પુન્યનું રક્ષણ કેમ કર્યું ? આ હિસાબે મેળવીને ન મેલવું પડે તેવું માત્ર પુન્ય છે. જડ જગતની બાબતમાં પુન્યથી બાળવાનું નથી. આવું પુન્ય છતાં વિદ્વાન ભૂમીકાએ ગએલો એતો બીજુંજ દેખે. વિદ્વાન ભૂમીકાવાળો એ દેખે કે બાબાને મોજની ચીજ બેસાડે ન ઊંચે ત્યાંસુધી, મુદ્દાને પાંચ પચીસ વરસ, તેમ પુન્યબાબતમાં મોજની ચીજ બેસાડ્યા ભવ સારા મળે ત્યાંસુધી પછી તો એ પણ મેલવું પડે છે. પુન્યને પુન્ય મેળવવામાં જઇએ તો પંચેંદ્રિયપણામાં વધારેમાં વધારે સંખ્યા આઠ ભવથી તો વધારે તેમાં લઇ જાતો નથી પછી તો ખસવું જ પડે છે.

મેળવેલી ચીજ સર્વદા રહે એવી વિજ્ઞાનભૂમિ.

બરચાંની ચીજ ચાર ઘડી અને બુઢ્ઢાની મેળવેલી ચીજ પાંચ પચીસ વરસ મોજ કરાવે છે. તેમ આ પુન્ય મેળવેલું તે પાંચ સાત ભવ મોજ કરાવે છે બાળકની, બુઢ્ઢાની, ને પુન્યબાબતની મોજ એ ચાર ઘડી પાંચ પચીસ વરસ ને બે ત્યાર ભવ પછી તે બધી સોબતનો અંત આવે છે. મેઘી મહેનતે મેળવેલી ચીજ, અને છોકરાએ વલુરા ભરી દાંતીમા કરી મેળવેલી ચીજ પણ ઊંધે એટલે જાય છે, તેમ મોંઘા મૂલ્યવાલી ચીજ મનુષ્યપણું પણ મરી ગયા પછી સમ્યક્ત્વ ચારિત્ર તો આળસ કરે તો છોકરો મેળવે પાંચ પીસ માટે બુઢ્ઢો મેળવે પાંચ વરસ માટે વિજ્ઞાનભૂમિ વગર પુન્યબાબતમાં પાંચ સાત ભવ માટે મેળવે પણ બધું મેળવીને મેલવાનું છે, પણ ન મેલવું પડે એવું શું ?, રજપુતો જે રાજ્ય હાથમાં લ્યે. તેમાં એક તસુ છોડવામાં કેસુરીયાં કરી ઉતરી પડે એક તસુ જમીન માટે કેસરીયાં થાય તેમ એવી ચીજ કઇ ? કે, તે ચીજ મેળવવા માટે કેસરીયા કરવાં પડે. કુટુંબ શરીર ધનને ભોગ આપી પુન્ય મેળવીએ તે પાંચ સાત ભવ પછી ચાલ્યું જાય. એવી કઇ ચીજ છે કે જે મેળવીએ તે મેળવી અને તે મેળવ્યા પછી તસુ મેલવામાં કેસરીયાં

કરવા પડે: તેવી વિજ્ઞાન ભૂમિકા છે, અને તે મેળવી તે મેળવી, પછી મેલાયજ નાહ. શાસ્ત્રકાર કહે છે કે સમ્યકત્વ પામતી વખતે જે કર્મની સ્થિતિ તોડી નાખી, અને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ વધારે તોડયો ને સમ્યકત્વ પામ્યો પછી મિથ્યાત્વી થઇ નિગોદમાં ઉતરી જાય તો એ છોડવાની નહિ. જે સમ્યકત્વ પામ્યો ૬૯ કોડા કોડ તોડી નાંખીને અંતકોટા કોટિ રહી તેથી વધારે કોઇ દહાડો બાંધવાનો નહિ ચાહે ત્યાં સખડે પુદ્ગલ પરાવર્ત સખડે તો જે લીધી તે લીધી, તે મેલવાની નહિ તે ગ્રંથી ભેદ કરતી વખતે જે સ્થીતિ તોડી તે ફરી બાંધવાની નહિ. બંધની અપેક્ષા એ કોઇ દિવસ એને ખોળંગે નહીં. બળેલા બીજ ઉપર ધોધમાર વરસાદ વરસી જાય તો પણ અંકૂરો નહીં ફુટે વિજ્ઞાન ભૂમિકા પ્રાપ્ત કરતી વખતે મોહનીયની સ્થિતિને ઓળંગવાનું નથી. કહેવાનું તત્ત્વ એ છે કે બાળકે મેળવેલી ચીજ પાંચ ઘડી આનંદ આપે ઊંધે પછી ચાહે જે થાય, તેમ બુઢાએ એ મેળવેલી ચીજનું પાંચ વરસ પછી ચાહે જે થાવ, તથા ભાગ્યશાળીને પાંચ સાત ભવ પછી ચાહે તે થાવ; પણ વિજ્ઞાન ભૂમિકાવાળા ને કોઇ કાળે મેળવેલી ચીજ મેલની પડતી નથી. બીજી બાજુ એક વખત વિજ્ઞાન ભૂમિકામાં એ નિયમ કે આવી ગયો કે જગતમાં નહીં એવી વિચિત્ર દશા આવે છે. વિજ્ઞાન ભૂમિકામાં એ નિયમ છે કે આવી ગયો પછી ખસી ગયો તો પણ પાછી અર્ધ પુદ્ગલ પરાવર્ત કાળે પાછો વિજ્ઞાન ભૂમિકામાં આવવાનો છે.

ધર્મમાં રત્ન જેવી બુદ્ધિ.

હંમેશની સાથે રહેનારી ફેર મળનારી ચીજ કોઇ હોયતો વિજ્ઞાન ભૂમિકા. રહેવાવાળી ફેર મળવાવાળી તરીકે કીંમતી છે, તેટલું જ નહિં પણ જગતની દરેક ચીજનું પર્યવસાન છે. આપણી જીંદગી કુટુંબ ધન પુત્ર બધાનો છેડો, પણ આ વિજ્ઞાન ભૂમીકા એવી ચીજ છે કે છેડા વગરની ચીજને મેળવી દે છે. જે ક્ષાયિક–સમ્યકત્વ પામ્યા, ક્ષાયિક જ્ઞાન પામ્યા, તેનો છેડો કયાં? વીતરાગપણું પામ્યા, અને અંતરાય ક્ષીણ થવાથી અનંતવીર્ય પામ્યા અને સ્વાભાવિક અનંતું સુખ પામ્યા તો તેનો છેડોજ નથી. પોતાનો છેડો છોડે નહિં એટલી બધી તાકાતવાળી વિજ્ઞાન ભૂમિકા છે. ઊંચામાં ઊંચી ટોચે વિજ્ઞાન ભૂમિકામાં આવ્યા હોય તો કાચી બે ઘડીમાં બધું ફળ મેળવી દે. ક્ષાયિક દર્શન, ક્ષાયિક જ્ઞાન વીતરાગ પણું, અનંત સુખ વીર્ય; બેઘડીમાં મેળવી દે. અનેક ફળ એવા મેળવી દે કે જેનો છેડો કોઇ દિવસ આવે નહિં. આવી વિજ્ઞાન ભૂમિકાએ ધર્મજ રત્ન એ રત્ન શબ્દથી જો જગતના રત્ન લઇએ તો પત્થરના ભાઈ. જેમ, મણી માટી હીરા, પન્ના; એ બધું આત્માને અહિત કરનાર. તેમ રત્ન ખરેખર આત્માને અહીત કરનારી ચીજ છે, પણ જે ગૃહસ્થ છે, જેઓ આરંભ પરિગ્રહમાં આસકત છે; તેવાઓને શબ્દમાં હેયપણું રહ્યું છે, પણ પરિણતિમાં હેયપણું આવ્યું નથી. હજાર આંખો મળી હોય તો એ રત્ન તરફ એક પણ આંખ મીંચત નહિં, તેટલી બધી આસકિત છે તેટલો મમત્વ ભાવ છે. તે માટે કહે છે કે વિજ્ઞાન ભૂમિકાએ આવ્યો હોય તો જે રત્ન તરફ બુદ્ધિ કે દ્રષ્ટિ છે તેજ બુદ્ધિ ધર્મ તરફ આવે તો સમજ જો કે. વિજ્ઞાન ભૂમિકા એ આવ્યો છે. હીરા મોતી તરફ જે દ્રષ્ટિ છે તે ધર્મ તરફ આવે તો સમજ જો કે વિજ્ઞાન ભૂમિકા એ આવ્યો છે.

જીવ-જીવનનું શું?

रत्ने बुद्धिः રત્નમાં જે બુદ્ધિ તે બુદ્ધિ ધર્મમાં આવે તો બેડો પાર. એક રાજા હતો રાજા રાત્રિમાં જાગ્યો છે. વિચારે છે હવે ઊંઘ કેમ નથી આવતી વ્યવસાય વાળા ને પ્રથમ ઊંઘ આવી જાય પણ વચમાં ઉડી ગઇતો આળોટે તોપણ પાછી ઊંઘ નથી આવતી. વિચારો કે આ શાનો અજંપો? વિચારવાયુનો અજંપો આ છે. આ કોણ કરે છે? જે વિષયનો વિચાર તે

નિરંતર મનને વિચારવાયુમાં નાંખે છે. વિચારની નોંધ કરી પડીમાં રાજ્યનો, ભંડારનો, જનાનખાનાનો; એમ જુદા જુદા કાર્યોના વિચારોની નોંધ કરી જેની પાછળ અજંપો કરે છે તે વસ્તુ મને ફાયદો ટેટલો કરશે ?, આ વસ્તુ મને ફાયદો કેટલો કરશે ?; ધન કુટુંબ રાજ્ય મને ફાયદો નહીં કરે. મારા જીવને ફાયદો કરનાર એક પણ ચીજ નથી. મને પોષનાર એક ચીજ નથી. બધા મારી પાછળ પોષાયેલા છે, મને પોષનાર કોઈ નથી. કાજીની કુતરી પાછળ આખું ગામ અભડાવા જાય, પણ કાજી પાછળ કોઇ નહિં. આખું ગામ આવે, અને કાજીને મન સંતોષ ધનમાં લગીર ખામી આવે તો ડોકો લઈ ઉભો થઇ રાણી પ્રજાને અંગે હું, પણ મારે અંગે કોણ ?, હું ચાલીશ ત્યારે ધન ધનની જગો પર, રાણી રાણીઓની જગો પર, આ મારી દશા શા માટે ?, જાગ્યા ત્યારથી સવાર. સવારે ઉઠી ચાલી નિકલ્યો. હું જાઉં ત્યારે તો બંદોબસ્ત તજવીજ નથી, તો મારે નકામી લપ્પન છપ્પન શા કામની ?, ફકડ થઈ ફરે છે. ગામમાં ભિક્ષાવૃત્તિ કરે છે. તે જંગલમાં રહે છે, અને એક વખત ઝાડ તળે સુતો છે. સાંજે કોઈ ભગત આવેલો છે, તેણે પાન ખાધેલું છે; અને તેની પાનની પીચકારી પડી છે. ચંદ્રમાં ઊંચો આવ્યો, અને ચંદ્રનું તેજ પાનની પીચકારીના કોગળા ઉપર પડયું. જોવાની સાથે મહોર લાગી. પહેલાની વાસનાથી તુરત લેવા હાથ દીધો, અને હાથ ખરડાયો, અને વિચાર કરે છે કે, અરે ! આ જીવને કેવી ખરાબ સંજ્ઞા છે કે આટલો-વરસોથી સમજી ને છોડયું છે; છતાં મોહ સંજ્ઞા નકામી પણ હાથ બગડાવે છે. પીકમાં ચંદ્રનું તેજ પડયું છે, તેથી મહોર લાગે છે. પણ સાક્ષાત્ મહોર હોય તો પણ મારે શું ?; બરાબ સંસ્કાર પડેલાને ત્યાગીપણામાં મન બગડે છે, તો બીજા ભવમાં શું નહિં બગાડે ?; વિજ્ઞાન ભૂમિકાવાલો સમજી શકે છે કે-ભલે સોનું રાજ્ય આદિ ભેળું કર્યું, પણ તે જીવ જીવનનું શું-સુધારી દેશે ?, જીવ જીવનનું સુધારવાની તાકાત કોઈમાં નથી, પણ તેને બગાડવે તો કેવળ ધર્મજ બગાડવી શકે છે.

'મારૂં તે સાચું' એ સિદ્ધાંત સાચો છે.

તે વિજ્ઞાન ભૂમિકાવાળો સમજે છે કે ઊંચામાં ઊંચા નંબરની ચીજ જીવ-જીવન છે, અને રાજ્ય, ધન, કુટુંબ-જડ જીવન એ નકામી ચીજ છે. ઊંચામાં ઊંચી ચીજ આત્માનું સ્વરૂપ આત્માનું જે સમ્યગ્દર્શન, જ્ઞાન; અને ચારિત્ર તેજ ઊંચામાં ઊંચી ચીજ. દુનિયામાં હલકો શબ્દ ગણાતો કહું છું. વિજ્ઞાન ભૂમિકાવાળો શું કહે છે, કે 'માર તે સાચું, અને જગત આખું જુઠું.' માર એટલે મારા આત્માનું, પરંતુ માર મોલેલું, કે માનેલું નહીં. મારા આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરિત્ર તેજ સાચું, બાકી જગત આખું ખોટું. આ શબ્દ અપ્રમાણિક ગણાય છે. હું તે શબ્દને સાચાની ટોચે મુકું છું. માર એટલે મારા આત્માનું સ્વરૂપ. દુનિયામાં 'સાચું એ માર અને 'માર એ સાચું' એ બેમાં ફરક છે. દુનીયામાં બે જુદી ચીજ, પણ હું કહું છું તે માર એજ સાચું છે, અને સાચું એજ માર. ધર્મ મારો અને આત્માનું સ્વરૂપ તેજ જગતભરમાં ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ. બીજો ભાવ કલ્યાણ કરનારી ચીજ હોય તો મારા આત્મામાં રહેલું સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રજ છે, અને આવું ધારનારા સર્વ-વિરતિવાળા છે રત્ન જેવી ધરમમાં બુદ્ધિ કરનારા તે દેશ-વિરતિવાળા પણ 'માર સાચું' લેતાં જરાંતાં વચમાં બીજું સાર લાગ્યું છે તે બસેડવુંજ પડશે.

ભાવ શ્રાવકની છ વસ્તુઓ.

રત્નબુદ્ધિરૂપ પરિગ્રહમાં ઉત્તમતાની બુદ્ધિ છે, તે બસેડવી. જેને વિજ્ઞાનની ઊંચી ભૂમિકા [illegible]

હોય, વ્રતની ક્રિયાદિ જાને વ્રતની પ્રવૃત્તિ જાને વ્યનુષ્ઠાન કરનાર હોય, તેમજ ગુણવાન તથા બીજા—સદાચાર વગેરેક જે રીતી બતાવી છે; તે રીતે વર્તાવવાવાળો હોય તો. આવા-સ્વાળા શિક્ષકના પ્રભાવે વિદ્યાર્થીનું સારૂં થાય. ક્રાક વગરના વિદ્યાર્થીનું શું થાય ?, ધર્મને અંગે ઉત્કૃષ્ટતાની બુદ્ધિરૂપ નિશાને પહોંચવા માટે રમતીયાલ રખડેલ વિદ્યાર્થી ઉપર શિક્ષક જોઇએ. આજકાલ મારતરની બૂમેની બૂમ મારનાર વિદ્યાર્થીઓ અજવાળું ન કરે. આજકાલ વિદ્યાર્થી હડતાલ પાડે તેમ અહીં ન હોય. અહીં ગુરૂની શુશ્રુષામાં રહેનારો. ગુરૂની સેવામાં, હુકમમાં અને કથનમાં જ રહેનારો હોય તે ઉપર પ્રમાણે કમતર જાને ?, મૂર્ખ મિત્ર કરતાં વિદ્વાન શત્રુ સારો છે તેમ ગુરૂનો ભગત હોય પણ વસ્તુ ન સમજતો હોય તો ઊંધુ વાળે છે. મારે સુધરતી ગાડા તો ગુરૂને ગોદીની બાળા કરવી. આ ભક્તિ ઊંધી થઇ ગઇ. શાસ્ત્રમાં કુશળતા ન હોય તો, કુશળતા વગરનાની ભક્તિ બરોબર ન હોય, માટે જોડે જણાવ્યું કે પ્રવચન, અને જૈન શાસનમાં કુશળ-વ્રત-ક્રિયા કરનાર, શીલ ગુણવાલો, ઋજુવ્યવહાર-વાળો, ગુરૂની સેવા કરવાવાળો, શાસ્ત્રમાં કુશળ; આ ૭ વસ્તુ રાખનારો તે નીચે હોય તો પણ ઊંચે જઇ શકે છે; આ ગુણવાળાને ભાવ શ્રાવક વર્ગ કહે છે. આ ષટ્-કર્મ જેમાં હોય તે ભાવ શ્રાવકના વર્ગમાં છે. આવો ભાવ-શ્રાવક ઊંચી-વિજ્ઞાન-ભૂમિકામાં આવ્યો ગણાય. હવે ૭ ગુણ સામાન્યે જણાવ્યા, હવે તેના ભેદ અને સ્વરૂપ આગળ કહેવાશે તે અધિકાર અગ્રે વર્ત્તમાન.

卐

નવીન-પ્રકાશનો.

૧.	દરેક વર્ષની 'સિદ્ધચક્ર' માસિકની ફાઇલ (બાર અંક સાથે) એકના.	રૂ.	૫-૦-૦
૨.	શ્રી સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનમ્ ભાગ ૧ લો. (૭ પાદ પર્યંત), અને અનેક પરિશિષ્ટો તથા શ્રીતત્ત્વ-પ્રકાશિકા-આનન્દબોધિની સાથે.	રૂ.	૩૦-૦-૦
૩.	વિધિયુક્ત-પ્રાચીનપ્રતિક્રમણ-સૂત્રાણિ (બાળબોધ ટાઇપમાં)	રૂ.	૧-૨-૦
૪.	સિરિ-સિરિવાલ-કહા (પ્રાકૃત).	રૂ.	૩-૦-૦
૫.	શ્રીસિદ્ધચક્રારાધનવિધિ.	રૂ.	૧-૮-૦
૬.	શ્રીઆગમોદ્ધારક (જીવન ચરિત્ર)	રૂ.	૨-૦-૦
૭.	તપ અને ઉદ્યાપન	રૂ.	૧-૧૨-૦
૮.	શ્રીવર્દ્ધમાન-તપો-મહાત્મ્ય	રૂ.	૩-૦-૦

—: પ્રાપ્તિસ્થાન :—

૧. શા. ચુનીલાલ ખેમચંદભાઇ ઠાર. ઠે૦ ચાંલ્લાગલી, ગોપીપુરા; મુ. સુરત.

૨. શ્રીઋષભદેવજી છગનીરામજીની પેઢી ઠે૦ ખારાકુવા, દહેરા બિલ્ડી; મુ. ઉજ્જૈન (માલવા). C. I.

પ્રશ્ન-સમાધાન.

નોંધ—આ કાલભમાં અવસરે રૂબરૂમાં પૂછેલા પ્રશ્નોના ઉત્તરો **પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-આગમોદ્ધારક-શ્રીઆનન્દસાગર-સૂરીશ્વરજી**એ આપેલાં છે, અને તેનો સંચય **પૂ. પંન્યાસપ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર** પાસેથી મેળવીને અત્ર અપાય છે. **તન્ત્રી.**

પ્રશ્ન-૧. તીર્થમાળા અને ઇન્દ્રમાળા ફરક શું ?,

સમાધાન-તીર્થમાળા તીર્થ ઉપર પહેરાવાય છે, અને ઇન્દ્રમાળા તો કોઈપણ મહોત્સવાદિ વિશેષ અવસરમાં પહેરાવાય છે.

પ્રશ્ન-૨. એલચી, લવીંગ, અને ત્રિફળા માત્ર કેટલા પાણીમાં કેટલું નાંખવાથી અચિત્ત થાય છે ?, અને તે કેટલો કાળ અચિત્ત રહી શકે છે ?

સમાધાન-ઉપરની બીના શાસ્ત્રમાં નથી, કારણ કે કેટલા પાણીમાં કેટલું નાંખવું ?, અને શિયાળા-ઉનાળા-ચોમાસામાં ઉપરનાં દ્રવ્યો નાંખવાનું તેનું વાસ્તવિક પ્રમાણ કેટલું ?, અને કેટલો કાળ તેવા પાણી અચિત્ત રહે છે ?, તે શાસ્ત્રમાં ઉલ્લેખ નથી તે ધ્યાનમાં રાખવું.

પ્રશ્ન-૩. "અકાલે કઓ સજ્ઝાઓ" એ પાઠના હિસાબે સજ્ઝાયમાં ધમ્મો મંગલમુક્કિટ્ઠં ઇત્યાદિ બોલીએ છીએ તેનું શું ?

સમાધાન-ક્રિયાસૂત્ર હોવાથી કાળનું નિયમન નહિ, માટે આવશ્યકક્રિયા સૂત્રોની જેમ જાણવું.

પ્રશ્ન—૪. સંવત્સરીએ સાંવત્સરિક ખામણાં કર્યા પછી ૭૦ દિવસે કાર્તકી ચોમાસી પડિકમણું થાય છે, તો પછી ૭૦ દિવસ હોવા છતાં ચાર માસાણું કેમ બોલાય છે ?

સમાધાન-ગણત્રીના હિસાબે દિવસો સિત્તેર છે, પરંતુ ખામણાંતો ચારમહિનામાં હિસાબે છે. જેવી રીતે તીર્થની સ્થાપના વૈશાખ સુદ ૧૧ની થઈ, અને અષાઢી ચોમાસી બે મહિના ઉપરાંતના ગણત્રીના દિવસે થઈ, છતાં ચાર માસાણું બોલીને ચૌમાસિ ખામણાં ખમાય છે, અને સંવત્સરી પછી પખ્ખી પ્રતિક્રમણ દશ દિવસે કરાય છે; છતાં પંદર રાઇદિવાણું બોલાય છે.

પ્રશ્ન—૫. સોળ પહોરની દેશનામાં સાધુ-સાધ્વી, અને શ્રાવક-શ્રાવિકાએ પડિલેહણ અને પ્રતિક્રમણ કયારે કર્યું હશે ?

સમાધાન-ચતુર્વિધ-સંઘની વ્યક્તિઓમાં જેને જે ઉચિત લાગ્યું હશે, તેમ તેઓએ કર્યું હશે એમ જાણવું.

પ્રશ્ન—૬. સમ્યક્ત્વ-વ્રતધારીઓ માંસ ખાય નહિ એ વાત સાચી છે ?

સમાધાન—સ્થાનાંગ સૂત્રના ચોથા ઠાણામાં નરકના આયુષ્યના સંબંધમાં कुणिमाहारेण આ શબ્દથી માંસાહાર છોડવાનો છે. આ પાઠનું સમર્થન કરતાં **યુક્તિપ્રબોધ** નામના ગ્રંથમાં પૃ ૨૦૦માં જણાવે છે. કે સમ્યક્ત્વવાનોને માંસાહાર ત્યાગ કરેલો હોય છે, અને "શ્રમણ-ભગવંતોને માંસાહાર કદાપિ પણ યુક્ત યુક્ત નથી."

યુક્તિપ્રબોધે-માંસ સમાધાન પૃ-૨૦૦.

स्यानाङ्गसूत्रे महाविकृतित्वेनोक्तस्य 'कुणिमाहारस्य' त्यागमवचनेन नरकायुर्बन्धहेतोः सम्यक्त्ववतोऽपि त्याज्यस्य सर्वाङ्गदयामयश्रीमन्मौनीन्द्रशासनप्रतिषिद्धस्य मुनीनां सर्वजगज्जीवहितानां मांसाहारस्य कदापि न युक्तियुक्ततेत्युक्तमित्यलं हस्ता व्यावक्ष्महे ।

શ્રીપ્રશ્નોત્તર—પિયૂષાબ્ધિઃ

પ્રશ્નોત્તરકારઃ—નિર્ગ્રન્થ-પ્રવચન-પિયૂષવર્ષિ-નવાંગી-વૃત્તિકાર-ભગવાન્ **શ્રીઅભયદેવસૂરીશ્વરજી.**
અવતરણકારઃ—**પૂ. આગમોદ્ધારક-શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી**ના વિદ્વદ્વિનેય-**પૂ. પંન્યાસપ્રવર-શ્રીચન્દ્રસાગર-ગણીન્દ્ર**ના પરમવિનેય પૂ. પં. **શ્રી દેવેન્દ્રસાગરજી ગણિ.**
સંચયકારઃ—પૂ. પંન્યાસપ્રવરશ્રીજીના પરમવિનેય પં. શ્રી દેવેન્દ્રસાગરજી ગણિના પરમવિનેય **મુનિશ્રી દોલતસાગરજી.**

પૃ ૬૪ પં. ૪, પ્રશ્ન ૫૦ ન ચ-નૈવ૦ ઇત્યાદિના—

અપુનર્બન્ધકાદિ સિવાયના જે સકૃદ્બન્ધકાદિ છે તેઓને પ્રધાન દ્રવ્યવંદના પણ નથી કે બીજાપણ દ્વારને પ્રધાન દ્રવ્ય વંદના નથી ?

ઉ. ૫૦ સકૃદ્બન્ધકાદિને જેમ પ્રધાન દ્રવ્ય વંદના નથી, તેવી રીતે અભવ્યો ને પણ પ્રધાન દ્રવ્ય—વંદના નથી પરન્તુ અપ્રધાન દ્રવ્ય વંદના છે.

પૃ ૬૮ પં. ૭, પ્રશ્ન ૫૧ નનુ વન્દનાતઃ૦ ઇત્યાદિના—

વીર૦ ભગવન્તને કરાતી વંદનાથી પરમસિદ્ધિ લક્ષણ પરલોકને જ હિતકારી છે એમ નહિ પણ આલોકને પણ હિતકારી છે એટલે વંદનાથી થયેલા કર્મના ક્ષય-ક્ષયોપશમથી ઉદયમાં આવેલા લાભાન્તરાયાદિ દોષથી થતી ધન-ધાન્યાદિની હાનિનો પ્રાયઃ કરીને નાશ થાય છે તો હવે અષ્ટ ચારિત્રધારિ-મુનિભગવંતોથી કરાતી વંદના કર્મના ક્ષય-ક્ષયોપશમમાં કારણ છે, તો પછી તેવા પુણ્યાત્માઓને પ્રાણ ત્યાદિનો નાશ-મરણ સંભવાય છે તો પછી વંદના વિગેરે પ્રયત્નથી પ્રાણ ત્યાદિના નાશની (મરણની) હાની કેમ થતી નથી.

ઉ. ૫૧. કર્મોનું નિરુપક્રમપણું હોવાથી એટલે અવશ્ય વેદવા લાયક જે કર્મો છે, તે કર્મો વંદનાદિક પ્રયત્ન કર્યા છતાં પણ ટલતાં નથી એટલે તેવા પુણ્યાત્માઓનું મરણ થાય, પણ અકાલ મરણ ન થાય એટલે વેદવા લાયક કર્મ વેદાય ખરૂં પણ થએલી હાનીની આગળ પર પરા ચાલે નહિ એ જણાવવા માટે છે.

પૃ. ૬૯ પં, ૧૨, પ્રશ્ન ૫૨ નનુ ચતુર્વિંશતિસ્તવાદેઃ ઇત્યાદિના—

યોગમુદ્રાવડે કરીને લોગસ્સ આદિનો પાઠ કરવો પરન્તુ શક્રસ્તવ આદિનો પાઠ યોગમુદ્રાએ ન કરવો એ પ્રમાણે જીવાભિગમ આદિમાં કથન છે, તેનું શું ?

ઉ. ૫૨. ઠીક છે, પરન્તુ ઉપર કથન કરેલી મુદ્રા યુક્તજ તે પાઠ કરાય છે એવો નિયમ નથી કમલના ડોડા આકારે હાથ લગાવ્યો છે મસ્તકે જેણે ને પર્યંકાસન બેઠેલો શક્રસ્તવના પાઠને ભણે એમ જ્ઞાતાજીમાં કહ્યું છે તેમજ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ચૈત્યવંદનની વૃત્તિમાં જણાવે છે કે પૃથ્વી ઉપર સ્થાપન કર્યા છે જાનુ અને કરતલ જેણે ને પ્રભુને વિષે સ્થાપન કર્યા છે નેત્રને મન જેણે એવી રીતે બેઠેલો પ્રણિપાત દંડક એટલે શક્રસ્તવને કહે. આ પ્રમાણે બીજી વિધિ પણ બતલાવી છે એટલે શક્રસ્તવનો પાઠ કરવામાં વિવિધ વિધિ જણાય છે ને તે બધી વિધિઓ પ્રમાણિક પુરૂષોએ રચેલા ગ્રંથોમાં જણાય છે ને વિનય વિશેષ સ્વરૂપ હોવાથી તેનો નિષેધ યોગ્ય નથી એટલે યોગ-મુદ્રાથી પણ શક્રસ્તવનો પાઠ કરવામાં વિરુદ્ધતા જણાતી નથી.

પૃ ૧૦૧ પં-૧૨ પ્રશ્ન-૫૩ નનુ પ્રણિધાન૦ ઇત્યાદિના—

ત્રીજા પંચાશકની ૧૭ મી ગાથાને છેડે પ્રણિહાણં મુત્તસુત્તીએ એટલે પ્રણિધાન મુક્તશુક્તિ-મુદ્રાએ કરવું પરન્તુ પ્રણિધાન તો ચૈત્યવંદનને અંતે કરાય છે તો બાકી ની વંદના શું પ્રણિધાન (એકાગ્રતા) વગર જ કરવી ?

ઉત્તર ૫૩. પ્રણિધાન નામનું દંડક છે કે જે જય વીયરાય કહેવાય તેનું નામ પ્રણિધાન છે અને ચિત્તની એકાગ્રતા તેનું નામ પણ પ્રણિધાન છે અહિં, ચૈત્યવંદનને અન્તે કરાય છે તે પ્રણિધાન પ્રાર્થના સ્વરૂપને એકાગ્રતા સ્વરૂપ બન્ને લેવાનાં છે. જ્યારે બાકીના ચૈત્યવંદનમાં ઉપયોગ (એકાગ્રતા) સ્વરૂપ પ્રણિધાન તો લેવાનુંજ છે, અને જો ઉપયોગ ન હોય તો તે બધી વંદના દ્રવ્ય વંદના થઈ જાય. કહ્યું છે કે''' અનુપયોગો દ્રવ્યં।

॥ श्रीपञ्चाशकशास्त्र-सारांशः ॥

આલેખનકાર:—પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

(ગયા અંકથી ચાલુ)

નિવિગયના આકારોનું વિભાગ-દર્શન.

હવે જે દશમા પદ્યના 'णिव्विइए अट्ठ नव य आगारा" જે કહ્યું છે, તેનું સ્પષ્ટીકરણ એટલે તત્સંબન્ધિ—વિભાગ—પુરસ્સર જણાવતાં થકાં શાસ્ત્રકાર કહે છે. નવનીત=ઋક્ષણ=માંખણ અને તે માંખણથી થયેલું-બનેલું પકવાન્ન વિશેષને 'नवनीतावगाहिमकं' એટલે નવનીતમય-પકવાન્ન કહેવાય છે, તથા કઠિન એવાં જે દહિ-માંસ-ઘી-ગોળ વિગેરે વિગય પ્રસિદ્ધ છે; અને દ્રવ-પ્રવાહિ દહિ-માંસ-ઘી-ગોળ વિગેરેના પકવાન્ન પણ બને છે. આ વિગયોમાં નવ આકારો હોય છે. આ આકારોમાં ઉક્ષિપ્ત-વિવેકનો સંભવ હોય છે, તે આગારને આ રીતિએ ઘટાવે છે. તૈયાર કરેલા ભાતાદિ ભોજન ઉપર માંખણ-દધિ-માંસ આદિ કઠિન મુકેલું હોય તો તેને (મુકેલ જે માંખણ-દધિ-માંસને) ઉઠાવવામાં કઠિનપણું હોવાથી સર્વથા રીતિએ દૂર કરવામાં અનુકૂળતા હોય છે. આથી તેનો (માંખણ-દધિ આદિ કઠણ પદાર્થનો) સંસ્પર્શ થયો હોય છતાં, પણ ભોજન-કરનાર-વ્રતધારિને 'उक्खित्तविवेगेणम्' એ આકારના આશ્રયથી વ્રત ભંગ થતો નથી. એવી રીતે નવ આકારો આ પચ્ચખાણને અંગે જણાવેલા છે, અને તેથી નવ આકારનો સંભવ કહેલો છે. હવે નવ આકાર હોવા છતાં, પણ આઠ આકારનો સંભવ કેવી રીતે છે તે જણાવે છે. દહિં વિગેરે વિકૃતિ વિશેષને પૂર્વે અદ્રવ શબ્દથી કહેવામાં આવી હતી. હવે તે દહિં વિગેરેને દ્રવ વિશેષણથી વિશેષિત કરવી, એટલે પૂર્વે કહેલાં નવનીતાદિ દ્રવ્યથી જુદી વિકૃતિ (વિગય વિશેષો) વિશેષો છે-અર્થાત્ પ્રવાહીરૂપે તે વિગયો છે એમ સમજવું; અને તે વિગયો પ્રવાહીરૂપે (કઠીન ન હોય તો) હોય તો ભોજન ઉપર રાખેલ છતાં તે ભોજનથી દૂર કરવાને તદ્દન અશકય હોય છે. આથી બાકી રહેલ તે પ્રવાહી-રૂપ મદ્યાદિનું પ્રત્યાખ્યાન થાય છે, ત્યારે તો પ્રવાહીરૂપ વિગય સંબંધમાં 'उक्खित्तविवेगेण' એ આગાર સંભવી શકતોજ નથી, તેથી આ રીતિએ આઠ આગારો જાણવાં ચાલુ પ્રકરણના પ્રસંગમાં વિગઇના પ્રત્યાખ્યાન પછીજ નિવિ-ગયનું ઉચ્ચારણ કરાય છે, તેથી કરીને જે મદ્ય-દુગ્ધ-તૈલાદિનું પચ્ચખાણ કરે છે તેને ઉત્ક્ષિપ્ત વિવેક નામના આગારનું ઉચ્ચારણ અર્થવાળું નથી, અને દહિં આદિના પચ્ચકખાણ કરનારને અર્થવાળું છે; કારણ કે તે સ્થળે ઉત્ક્ષિપ્ત વિવેકનો સંભવ હોવાથી અત્ર હેતુ પુરસ્સરની ભાવના ભાવવા લાયક છે. પૂર્વે જણાવેલું આ કથન માત્રજ છે, તેથી કરીને દુધ વિગેરે વિગયના પચ્ચકખાણ કરનારને "ઉત્ક્ષિપ્ત વિવેક" નામનો આગાર ઉચ્ચારણ કરવા લાયકજ છે, કારણ કે જેવી રીતે શ્રી ભગવતીજી સૂત્રના યોગોદ્વહન-કરનારને 'ગૃહસ્થ સંસૃષ્ટ' આગારનું ઉચ્ચારણ કરવું જરૂરીનું છે; તેમ ઉપરના પ્રસંગમાં સમજવું. બીજા આચાર્યો તો કહે છે કે વચનનું પ્રામાણ્ય હોવાથી તે આગાર ઉચ્ચારણ કરવોજ નહિં. નિવિગય માટેનું પચ્ચખાણ-આયંબીલના

પચ્ચખાણની જેમ છે, ફક્ત 'पडुच्चमक्खिएणं' આ આકાર વધુ લેવાનો છે. એટલે 'ઉક્ષિપ્ત-વિવેગ' નામના આગાર પછી ઉપરનો જણાવેલ આગાર બોલવાનો છે. નિવિગયનું પ્રત્યાખ્યાન નવ આગારથી કહેવાય છે, તે આ પ્રમાણે છે–

"निव्विगइयं पच्चक्खाइ अण्णत्थऽणाभोगेणं सहसागारेणं लेवालेवेणं गिहत्थसंसट्ठेणं उक्खित्तविवेगेणं पडुच्चमक्खिएणं पारिट्ठावणियागारेणं महत्तरागारेणं सव्वसमाहिवत्तियागारेणं वोसिरइ."

આ આકારોનું સ્પષ્ટીકરણ પૂર્વે કરેલ હોવાથી અત્ર જણાવ્યું નથી, પરંતુ ગૃહસ્થ-સંસૃષ્ટ-નિવિગય પ્રતિ વિશેષ કથન કરવાનું હોવાથી અત્ર તે સંબંધિ સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે. ગૃહસ્થે ભોજનાદિ પ્રસંગે પોતાને વાપરવા માટે દુધથી સ્પર્શિત કરેલા ચોખા બનાવ્યા હોય, અને તે દુધ ચોખા (રાંધેલા ચોખાની ઉપર) ઉપર ઉલ્લંઘન કરીને એટલે ચોખા નીચે રહ્યા હોય, અને તે ચોખા ઉપર ચાર આગળ દુધ રહ્યું હોય તો, તે અવસરે તે દુધને અવિગય તરીકે સ્વીકારેલી છે; પરંતુ જો તે પાંચમા આંગુલની શરૂઆતથી ક્રમે ક્રમે વધવાવાળા (છ-સાત-વિગેરે) અંગુલ ઉપરાંત દુધ હોય તો તે દુધને વિગય તરીકે સમજવી. આ જણાવેલ ન્યાયથી બીજી વિગયો માટે પણ અત્ર ખુલાસો કરાય છે. તે સંબંધમાં "खीरदहीवियडाणं" ઇત્યાદિ બે પ્રતીકો છે, તેનો ભાવાર્થ આ પ્રમાણે છે. દુધ-દહિં, અને મદોન્મત્ત બનાવે તેવાં દારૂ વિગેરે પદાર્થોના રસ જો ભાત વિગેરે લોટમ ઉપર ચાર આંગળ તરતાં રહે તો તેને સંસૃષ્ટ કરે છે; ઢીલો ગોળ એટલે ગોળ બનાવવા પહેલાંનો તૈયાર રસ; તેલ, અને ઘી એક આંગળ અનાજ ઉપર તરતું રહે તો સંસૃષ્ટ કહેવાય છે; મધ, માંસના રસ અર્ધા આંગળ તરતાં રહે તો સંસૃષ્ટ કહેવાય છે; અને ગોળ, માંસનો પદાર્થ, અને માંખણ, જો લીલા આમળાં કે જેને પીલુ મયૂર કહે છે તેટલા પ્રમાણવાળું તે અનાજ સાથે ભળ્યું હોય તો તેને સંસૃષ્ટ કહે છે. આ પ્રમાણેનો અર્થ વૃત્તિકારે પોતાના વૃદ્ધ-સંપ્રદાયના રીતિ રિવાજ પ્રમાણે કરેલો છે.

'पडुच्चमक्खिएणं' એ આકારનું સ્પષ્ટીકરણ.

'पडुच्चमक्खिएणं' એ આગારનું સ્પષ્ટીકરણ કરીનેજ અત્ર જણાવે છે. સર્વથા લુખા-રોટલાને કંઇક કોમળતાવાળો કરવા માટે ઘૃત-તેલ વિગેરેથી ખરડેલો હાથ લગાડાય છે; તેથી ઋક્ષિતની (ચીકાશવાળાની) જેમ કરાય છે, છતાં તે અઋક્ષિત-અસ્નેહિત કહેવાય છે. વિશિષ્ટ-સ્વાદુપણાને લાવવા માટે જે તેલ વિગેરે પદાર્થોથી વધુમાં વધુ પડતું ચોપડાય છે તેનો અહીં અભાવ હોવાથી ઋક્ષિતની જેમ હોવા છતાં, પણ અઋક્ષિત કહેવાય છે, અર્થાત્ અઋક્ષિત એટલે અત્ર ઋક્ષિતાભાસ સમજવું; અને ઉપર જણાવેલ ઋક્ષિત હોવાથી નિવિગય કહેવાય છે. આ પ્રસંગમાં ઉપર કહેલો આ વિધિ જણાવેલો છે. જો અંગુલીથી તેલ વિગેરે ચિકાશવાળા પદાર્થોને ગૃહણ કરીને રોટલા વિગેરે ચિકાશવાળા કરાય, તો નિવિગયના પચ્ચકખાણવાળાને તે કલ્પે છે, પરંતુ ઘૃત-તેલ વિગેરે પદાર્થોની ધારાથી તે તે વાપરવા લાયક પદાર્થોને ચિકાશવાળા કર્યા હોય તો કલ્પતા નથી; કારણ કે નિવિગયના આગાર-પૂર્વક અપાતાં પચ્ચકખાણની અંતમાં 'वोसिरइ' જે પદ બોલાય છે તે પદથી વિગયનો ત્યાગ કરાય

છે, એ ભાવાર્થ પૂર્વકનું ઉચ્ચારણ છે. 'निव्विइए अट्ठ नव य आगारा' આ પ્રમાણે પૂર્વે જે જણાવ્યું હતું, એટલે દશમા પદ્યના પૂર્વાર્દ્ધમાં જણાવ્યું હતું. આથી નિવિગયના પચ્ચક્ખાણ કરનારને વિગયોના પરિમાણનું પચ્ચક્ખાણ પણ કરવું તે દુષ્ટ નથી, કારણ કે નિવિગયના પરિમાણ કરવાવાળાને અપ્રમાદની વૃદ્ધિ થવાનો હેતુ પચ્ચક્ખાણ દ્વારાએ સમાયેલો છે. તેવીજ રીતે આથી 'चउव्विहंपि आहारं' એ પાઠ હોવા છતાં પણ બે પ્રકારના આહારનો ત્યાગ કરવાવાળાને અને ત્રણ આહારના પચ્ચક્ખાણ કરવાવાળાને પોરિસી આદિ અભ્યાખ્યાન કરવું કરાવવું તે પણ નિર્દોષજ છે. બીજી રીતે એકાશન કરવાવાળાને પોરિસીનું અને પુરિમાર્દ્ધનું પચ્ચક્ખાણ કરવાનું કથન સૂત્રમાં છે, છતાં અપ્રમાદની વૃદ્ધિ આદિ કારણોને ધ્યાનમાં લેઇને બેસણું કરનારને સાર્દ્ધ-પોરિસી, અને અપાર્ધ=અવર્દ્ધનું પ્રત્યાખ્યાન કરવું-કરાવવું તે અદુષ્ટ માનેલું છે. પૂર્વે જે આકારો એકાશનાદિમાં પ્રતિપાદન કર્યા છે, તેજ આકારોને ઉત્તરેષુ=બેસણા વિગેરેના પચ્ચક્ખાણમાં પણ તેજ આગારો લેવા તે ન્યાય યુક્ત છે; અશનાદિ શબ્દનું સરખાપણું હોવાથી આ વ્યવસ્થા છે. આ પ્રસંગને વિકૃતિ-પરિમાણ, દુવિધ આહાર; અને પોરિષીના પ્રત્યાખ્યાનોની જેમ સમજવો, પરંતુ અભિગ્રહ-પચ્ચક્ખાણ—યુક્ત—બેસણાદિ પચ્ચક્ખાણમાં તો ચારજ આકારો હોય છે, કારણ કે એકાશનાદિ પ્રત્યાખ્યાનોથી બીજા પ્રત્યાખ્યાનોની સમાનતા હોવાથી અત્ર તુલ્ય યોગ-ક્ષેમપણું ઘટે છે. બીજા આચાર્યો તો જણાવે છે કે-આ રીતિએ વિચારતાં તો પ્રત્યાખ્યાનની કોઈ અમુક મર્યાદા છે એમ નથી, તેથી એકાશનાદિ પ્રત્યાખ્યાન કરવાની અશક્તિવાળો સાર્ધ-પોરિશી કરે છે, અને જ્યાંસુધી તેણે ન ખાધું હોય ત્યાંસુધી ગંઠસહિયં કરવાવાળો તે પચ્ચક્ખાણ અગર તેનાથી આગળ વધીને પણ પચ્ચક્ખાણ કરે છે. ગાથા ૧૧.

આકારોથી થતાં લાભો.

"આકારો અહિં શા માટે કથન કરાય છે?" આ પ્રકારની શિષ્યની શંકાદોઇને ઉત્તર આપતાં ન હોય તે રીતિએ શાસ્ત્રકાર ભગવાન् "आगारा गुरुदोसो०" ઇત્યાદિ પદો વડે પદ્ય જણાવે છે. આ પદ્યનું સ્પષ્ટીકરણ કરતાં થકાં વૃત્તિકાર જણાવે છે કે—વ્રત ભંગ-એટલે વીસેવાં નિયમોનો ભંગ, અને ગુરુદોષ એટલે મહાન् દોષ; અર્થાત્ અશુભ-કર્મ-બન્ધાદિરૂપ મોટો દોષ જાણવો. આથી વ્રત ભંગ કરનારને ઉપર જણાવેલ મોટો દોષ પ્રાપ્ત થાય છે, કારણકે નિયમ ભંગ કરવાથી ભગવાનની આજ્ઞાનું વિરાધન થાય છે. થોડા પણ આકારનો આશ્રય કરવાથી મોટા વ્રતની પાલના ગુણકારી થાય છે, તે વ્રત-પાલના મણ કર્મ-નિર્જરા કરાવવામાં ઉપકારિણી નીવડે છે, કારણ કે વિશુદ્ધ-કુશલ-પરિણામ અવસ્થાથી તેજ પાલના હોવાથી કાર્યસાધક બને છે. તેવીજ રીતે ચારિત્ર ધર્મને વિષે ગુરુ એટલે સાર, અને લઘુ એટલે અસાર; આ બંને સારાસાર ભાવને જાણવા લાયકના છે. આ પ્રસંગને વધારતાં થકાં જણાવે છે કે-ઉપવાસની તપશ્ચર્યા કરનારને અસમાધિ ઉત્પન્ન થયે છતે ઔષધાદિ દેવાથી સમાધિ થાય છે, અને સમાધિ પ્રાપ્ત થયે છતે સારભૂત મોટી નિર્જરા વૃદ્ધિ પામે છે. હવે જો આ પ્રસંગમાં આમ ન કર્યું હોત તો એટલે તપશ્ચર્યા કરનારને ઔષધ-અણાહારિ-વસ્તુ-આદિ ન આપ્યાં હોત તો અસમાધિ થાત, અને સમાધિ થયે નિર્જરા

પણ સારભૂત ન બનત, આ હેતુથી આવાં પ્રસંગોમાં લાભાલાભ-સારાસાર વિચારવા લાયક છે; કારણ કે એકાન્ત—આગ્રહ—કરવાવાલાને અત્યંત—અપકારીપણાથી અશોભન—અસુંદર-પણું સ્વીકારેલું છે. આ કારણથી પચ્ચક્-ખાણમાં આકારો એટલે અપવાદો ગ્રહણ કરાય છે. આ રીતિએ ઉપર જણાવેલા પદ્યના પરમાર્થને વૃત્તિકાર જણાવે છે. પચ્ચક્ખાણ કરવાવાળાને ગુરૂલાઘવના વિચારથી (સારાસારના વિચારથી) સમાધિ કરવા-કરાવવા માટે આહારનું અવશ્યમેવ ગ્રહણ કરવું ઉચિત છે, આથી તે આકાર સહિત પચ્ચક્ખાણ કરવાળાને અલ્પ એવું પણ વ્રત સમ્યક્રીતિએ પાલન થાય છે, અને આકારના રહિતપણામાં તો મોટું એવું વ્રત પણ ભાંગી જાય છે; માટે વ્રત પાલના લાભકારિણી છે, અને વ્રતનો ભંગ થવો તે અનર્થકારિ છે. આ હેતુથી આકારો પચ્ચક્ખાણ પ્રસંગે ગ્રહણ કરવાં જરૂરીનાં છે. ગાથા ૧૨.

સામાયકથી થનારાં લાભ.

પૂર્વે આકાર=આગાર=અપવાદનો વિધિ કહ્યો, હવે શાસ્ત્રકાર સામાયક વિધિ પ્રતિપાદન કરે છે. સામાયકનો વિધિ પ્રતિપાદન કરતાં તેની (સામાયિકની) આ રીતિએ પ્રસ્તાવના એટલે પૂર્વ પ્રસંગ જણાવે છે. સમગ્ર-સાવદ્યયોગ-વિરતિ-સ્વરૂપ સામાયક અંગીકાર કરે છતે આહારના પચ્ચક્ખાણ કરવાથી શું ?, કારણ કે શાસ્ત્રમાં સામાયિકને સકલ ગુણોના આધારરૂપે સ્વીકારેલું છે, અને આથીજ કેટલાકો તો કહે છે કે—જો રાગદ્વેષ છે તો તપશ્ચર્યા કરવાથી ફાયદો શું થવાનો છે ?, અને જો તે બે એટલે રાગ-દ્વેષ નથી તો તપશ્ચર્યાનું શું પ્રયોજન છે ?; અર્થાત તપશ્ચર્યાની જરૂરજ નથી. આ ઉપરના કથન પ્રમાણે પ્રાસંગિક શંકા કરીને "सामाइयविहु०" ઇત્યાદિ પદોદ્વારા આ પદ્ય જણાવે છે, અને તે પદ્યનું વૃત્તિકાર સ્પષ્ટીકરણ કરે છે. સામાયિકે એટલે આત્મ-પરિણામ વિશેષે, અર્થાત જે આત્મા રાગમાં રંગાઈ જતો ન હોય અને દ્વેષથી દૂષિત થતો ન હોય; અને જેને સમભાવે રહીને સામ્યતાનું આસ્વાદન થઇ રહ્યું છે; એવા આત્મ-પરિણામ વિશેષપણે જેના વર્તતા હોય, અને સાથે સાથે સમગ્ર સાવદ્યયોગ—સંબન્ધિ સઘળા પાપ વ્યાપારોનો પરિહાર કર્યો છે; તેવો સર્વવિરતિ લેવો. આ ઉપરથી અનેકવિધ ભાંગાવાળું દેશવિરતિ સામાયક, સમ્યકત્વ—(શ્રદ્ધા-પ્રતીતિ-રૂચિરૂપ) સામાયક, અને શ્રુત-(વાંચના-પૃચ્છના-પરાવર્તના-અનુપ્રેક્ષા-ધર્મકથાદિ) સામાયક; એ ત્રણ સામા-યકમાંજ નહિં, પણ પૂર્વે જણાવેલ સર્વવિરતિ વિષયક—પરિણામ—સ્વભાવમાં વર્તવાવાળાંને તે આત્મ-પરિણામ વધુને વધુ ગુણ કરવાવાળાં છે. આહાર પ્રત્યાખ્યાનને પ્રતિપાદન કર્યા પછી અનન્તર આ સામાયક કેમ કહેલું છે ?, આ શંકાના સમાધાનમાં જણાવે છે કે—પૂર્વે જણાવેલ સર્વવિરતિરૂપ સામાયકનો પરિણામ અપ્રમત્તતાની દિનપ્રતિદિન વૃદ્ધિરૂપ પ્રકર્ષતાનો ઉત્પાદક છે, અને સાધુ ભગવંતો આ સામાયકથી અપ્રમાદની વૃદ્ધિને અનુભવે છે. સર્વજ્ઞ-ભગવંતની આજ્ઞાથી આ સામાયિક જણાવેલું છે, પણ સામાયકવાળાને તપશ્ચર્યાની શી જરૂર છે ?, એ શંકાના સમાધા-નમાં જણાવે છે કે તેઓને પણ ચોથ ભકત આદિ તપશ્ચર્યાનો આદેશ સર્વજ્ઞોએ ફરમાવેલો છે; એટલે ચોથ ભકતથી શરૂ કરીને છ માસ સુધીનો તપોધર્મ સેવન કરવાનો જણાવેલો છે. આથી સામાયક હોવે છતે તપોધર્મનું સેવન પણ ગુણકરનારૂં થાય છે. ગાથા ૧૩.

[ટાઇટલ પેજ ૨ લાથી ચાલુ]

૬. ગંભીરતા-ગુમાવીને દેશ કાલ-વય-વૈભવને નહિ છાજે એવાં વચન-પ્રવૃત્તિ-ચેષ્ટા-આચરણાદિ-વડે કરીને, ગંભીરતા ગુમાવીને વિવેકિ-જન-સમુદાય સમક્ષ ધિક્કાર કુટુંબને પોતાની પ્રશંસાઓનું પ્રકાશન કરવું નહિ.

૭. ધીરતા-માનિ ગુણગણના ભંડાર આત્માઓને આવી પડેલ આપદાઓનું અવલોકન કરીને હૃદયમાં સંક્ષોભ પામવો, આપત્તિમાં આવી પડેલા સાધુ-સાધ્વીઓનું રક્ષણ કરી શકાય તેવાં બલ-વીર્ય પરાક્રમ-સાધન-સામગ્રી સંયોગો હોવા છતાં રક્ષણ ન કરવું.

૨૬. સર્વસ્વ-સમર્પણ કરનાર દીક્ષાર્થિ-જીવો પણ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્-અનુષ્ઠાનસંપન્ન-સદ્ગુરુવર્ય-મુંદર-ગુરુનો સંબંધ થયા વગર ભાવિહિત સાધી શકતાં જ નથી.

૨૭. નિદ્રાધીન-થયેલા જીવોને સર્પ-શ્વાપદોથી બચાવવાની જરૂર, અગાધપાણીમાં ડૂબતાઓને તારવાની જરૂર, જાજ્વલ્યમાન અગ્નિની અખંડ જ્વાળાઓમાં ફસાઇ ગયેલાઓને સહિસલામત બહાર કાઢવાની જરૂર; અને ઊંડી ખાઇઓ ખટકાઇ પડેલાઓને ઉગારવાની જરૂર જેવી રીતે સ્વીકારવામાં આવેલી છે, તેવીજ રીતિએ ભયંકર ભવાટવીમાંથી નીકળવાની તમન્નાવાળાઓને અને સર્વસ્વ સમર્પણ કરવાની ભાવનાવાળાઓને સહિસલામત સ્થાને નિર્વિઘ્ને પહોંચી શકે તેવું સંરક્ષણ આપવાની અનિવાર્ય જરૂરીઆત સદ્ગુરુવર્યોએ સ્વીકારેલી છે.

૨૮. સર્વસ્વ-સમર્પણ કરનાર સ્વયંસેવકપણાની દીક્ષા લઇને આરાધના કરશે કે વિરાધના કરશે ?, તેની પરીક્ષા કરવાનો વિધિ સદ્ગુરુઓની જાણ બહાર હોતો-નથી.

૨૯. સર્વસ્વ-સમર્પણ કરનારાઓની શુભગતિ થશે કે અશુભ ગતિ થશે ?, તેનો નિર્ણય આરાધનાના અને વિરાધનાના પ્રસંગોનું પર્યાલોચન કરીને સદ્ગુરુઓ નક્કી કરે છે.

૩૦. સર્વસ્વ-સમર્પણ કરવાની તીવ્ર ઉત્કંઠાવાળાને સ્વયંસેવકપણાની દીક્ષા આપવામાં પણ યોગ્યાયોગ્યતાનો, અને આયોગ્યતાનો નિર્ણય સદ્ગુરુવર્યો કરે છે.

૩૧. સર્વસ્વ-સમર્પણ કરવાનું સુંદર-અભિલાષિપણું પ્રાપ્ત થયા છતાં, પણ અયોગ્ય થયેલા જીવોને તે અવસરે સ્વયંસેવકપણાની દીક્ષા અપાતી નથી.

૩૨. સર્વસ્વ-સમર્પણ કરનારને સમ્યગ્-દર્શનનું આરોપણ કરાવવું તેજ સ્વયંસેવકપણાની દીક્ષાનો વિધિ-ક્રમ છે.

[ટાઇટલ પેજ ૧ લાથી ચાલુ]

સાધન-સામગ્રી-સંયોગયુક્ત મનુષ્યભવ પામીને, ભોગ સામગ્રી આદિ છોડીને; સદ્ધર્મમાં ઉદ્યમ કરી મરણ પામીને મરણોત્તરમાં ગયેલાને આ દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ રૂપ બોધ પ્રાપ્ત કરવો, તે નિશ્ચય અતિ-અત્યંત દુર્લભ છે. ગયેલી રાત્રિઓ પાછી પ્રાપ્ત થતી નથી, અને સંસારમાં સંયમ-પ્રધાન-જીવિત ફરી પ્રાપ્ત થવું તે સુલભ-નથી, માટે સર્વજ્ઞ-ભગવંતનો આ સદુપદેશ વાંચન-મનન-પરિશીલન કરીને સર્વ પ્રાણિ કૃતાર્થ થવાની જરૂર છે. [શ્રી સૂત્રકૃતાંગસૂત્રે-પ્રથમાધ્યયને-પ્રથમોદ્દેશક-પ્રથમ સૂત્રે]

મુદ્રકઃ—મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ—ગાંધીચોક, સુરત.
પ્રકાશકઃ—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઇ.

સુધા-વર્ષા.

આલેખનકાર:—સુધાવર્ષી-પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી ગણિવર.

૭૨૬. માનવ જીવન સફળ કરનારને અનુકૂળતાંવાળી સમગ્ર-સામગ્રીઓની અવશ્યમેવ જરૂર છે.

૭૨૭. આર્ય-દેશ, ઉત્તમ-કૂળ, ઉત્તમ-જાતિ, દીર્ઘ-આયુષ્ય, પંચેન્દ્રિયપણું, નિરોગિતા, દેવગુરૂ ધર્મની ઓળવાઇ, વીતરાગની વાણીનું શ્રવણ, વિવેક; અને વિવેકપૂર્વકનો અમલ આ બધી સામગ્રીઓ પ્રબળ પુણ્યવાનોને પ્રાપ્ત થાય છે.

૭૨૮. વિવેકપૂર્વક જીવન-જીવનારા-પ્રત્યાખ્યાન—પ્રવૃત્તિ—સેવન—રસિકજનોના હૃદયમંદિરમાં ભવવિરહના ભવ્ય-તરંગો ઓટ વગરની ભરતીની જેમ ઉભરાતાં હોય ત્યારે તેઓ સંવર-નિર્જરાનું સુંદર કાર્ય સફલપણે કર્યાજ કરે છે.

૭૨૯. ભવવિરહના ભવ્ય-ભાવોથી ભાવિત કરી દેવાની વાસ્તવિક શક્તિઓ પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-શાસ્ત્રાવતાર-શ્રીહરિભદ્રસૂરીશ્વરજી વિરચિત-ગ્રન્થ-રત્નોમાં ઠાંસી ઠાંસીને ભરેલી છે, તે વિચારક-વાંચકોને, અને પ્રેમપૂર્વક પરિશીલન-કરનાર-અભ્યાસકોને સમજાવવું પડે તેમ નથી.

૭૩૦. ભવવિરહના ઉપનામથી શાસન-મશહૂર થયેલા પૂ-શ્રીહરિભદ્રસૂરીશ્વરજી પ્રત્યે વાંચક-વિચારક-અભ્યાસકો ઉરનાં અભિનંદનો અસ્ખલિતપણે સમર્પણ કરે છે, અને કરશે; તેનું મુખ્ય કારણ એ છે કે તેઓશ્રીએ ભવવિરહના ઉપનામની પસંદગી કરીને તેના પરિપૂર્ણ પરમાર્થ પિયૂષનું હાર્દિકરીતિએ આસ્વાદન કર્યું છે.

૭૩૧. વર્તમાન-ભાવિ-હિત-વિઘાતક-વાતો શ્રવણ કરવામાં રસ ભર્યું જીવન જીવનારાઓ ઉન્માર્ગે જાય, અને દુઃખી થાય તેવાઓની ભાવદયા ચિંતવવી એજ સ્વ-પર હિત-ચિંતકો માટે લાભદાયિ-માર્ગ છે.

૭૩૨. પોતાની પહાડ જેવી ભૂલોને નહિં જોનારાઓ સ્વ-પર—હિત-ઘાતક-પ્રવૃત્તિઓ કરીને હરખાય છે, ખરેખર-એવા આત્માઓએ મોહ-મદિરાનું પાન કર્યું છે તે કહેવું યુક્તિ-યુક્ત છે.

૭૩૩. અસત્કલ્પનાના ઘોડા ઉપર ચઢીને સ્વારી કરનારાઓએ વિવેકને તિલાંજલિ આપી છે એ સમજતાં શીખો.

૭૩૪. જેઓ સ્વનું હિત સાધવામાં લગભગ બેનશીબ નીવડયા છે, અને અહિત-વર્ધક-પાપ-પ્રવૃત્તિના પૂજારી બન્યા છે, તેઓ પરનું હિત સાધશે એવી કોરી કલ્પનાઓએ કોઇનું પણ કલ્યાણ સાધ્યું હોય તેવું ઇતિહાસ પાને હજુ સુધી નોંધાયું નથી.

શ્રીકૈલાસસાગરસૂરિ
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ ૩૮૨૦૦૯

શ્રી સિદ્ધચક્ર.

ॐ नमः सिद्धचक्राय, शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—અને સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે, માટે શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ. —**સુધાવર્ષી.**

"संबुज्झह किं न बुज्झह" ?,

આલેખનકાર:—**પૂ.પંન્યાસપ્રવર-શ્રીચંદ્રસાગર-ગણીન્દ્ર.**

દ્રવ્ય-નિદ્રાને આધીન થયેલા જીવો નિદ્રાવસ્થામાં મૃતપ્રાયઃ દશાનો અનુભવ કરે છે. સર્વનાશનો અનુભવ કરાવનારી આ નિદ્રા છે, અને તેથીજ જ્ઞાનિ-ભગવંતોએ—"સર્વઘાતિની નિદ્રા છે" એમ જણાવ્યું છે, એ અર્થસૂચક સિદ્ધાંતને જીવનમાં ઓતપ્રોત બનાવીને જાગ્રત-જીવન જીવવું; એજ માનવ જીવનની સફલતા છે. સર્વદા પાવરધા-બનેલા પાંચે પ્રમાદોમાં નિદ્રા નામનો પ્રમાદ પ્રબળ અને ભયંકર કાર્યવાહિ કરનાર સાહસિક હોવા છતાં, પણ ચૌદ-પૂર્વધર-ભગવાન્-શ્રીભદ્રબાહુસ્વામીજી શ્રીસૂત્રકૃતાંગસૂત્રની નિર્યુક્તિમાં જણાવે છે કે—

"દર્શન-જ્ઞાન-તપ-સંજમની આરાધના વગરનું જીવન જીવવું એજ ભાવનિદ્રાધીનપણું છે." ભાવનિદ્રાધીનપણામાં ભાવનિદ્રા નામનો સર્વોત્કૃષ્ટ-પ્રબળ-પ્રમાદ આત્મિકધન લૂંટવામાં સર્વદા પાવરધા બનેલ હોવાથી, સમગ્ર-સામગ્રી-સાધન-સંયોગોથી ભરપૂર માનવ જીવન પામેલા માનવીઓને ઘોળે દહાડે લુંટી રહ્યો છે; છતાં અવિવેકની અવિરત આંધીને અંતઃ સમય સુધી સમજી શકાતી નથી એજ અવિવેકની અવિરત-આંધીની પરાકાષ્ઠા છે.

અનેકવિધ—ભયપ્રદ-ભાવનિદ્રામાંથી વિવેકિયોને સદુપદેશ દ્વારા પ્રબળ પ્રયત્ને જગાડી શકાય છે, તેથી શ્રીસૂત્રકૃતાંગના બીજા વૈતાલીય નામના અધ્યયના પ્રથમ-ઉદ્દેશાના પ્રથમ-સૂત્રના પ્રારંભમાં પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-શ્રીસૂત્રકારે—"संबुज्झह किं न बुज्झह" એ કીધું છે તે

[વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૩ જો.]

વી. સં. ૨૪૭૫.
વિ. સં. ૨૦૦૫.
વર્ષ ૧૫-અંક-૬૦

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ. નં. ૨

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના
રૂ. ૦—૪—૬

સર્વસ્વ-સમર્પણ-અંગે.

આલેખનકાર:— પૂ.પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

(ગતાંકથી ચાલુ)

૩૩. સ્વયંસેવકની દીક્ષામાં નવાંગી-વૃત્તિકાર-શ્રીઅભયદેવસૂરીશ્વરજી સ્પષ્ટ કરતાં જણાવે છે કે—

दर्शनमिति सम्यग्दर्शनं तस्यारोपणीयं, एतदारोपणमेव च दीक्षोच्यते ।

આ ઉપરથી સ્વયંસેવકની દીક્ષાને અને સર્વવિરતિધરની દીક્ષાને સેંકડો કોષોનું અંતર છે, એ અત્ર પ્રાસંગિક-વિચારણીય છે.

૩૪. સ્વયંસેવકની દીક્ષામાં સમ્યક્‌દર્શનના આરોપણમાં નીચે જણાવેલ ભાવોનું આરોપણ કરાય છે, હે ભગવંત ! હું આપની સમીપે મિથ્યાત્વને અને મિથ્યાત્વના જે જે કારણોને પૂર્વે સેવ્યાં હોય, સેવરાવ્યાં હોય, અને અનુમોદ્યાં હોય તે તે સર્વેને પ્રતિક્રમું છું; અર્થાત્ આત્મ-સાક્ષિએ નિન્દું છું. એટલું જ નહિં પણ આજથી હવે અન્ય-તિર્થિકોને, અન્ય-તીર્થિકોના દેવોને, અને અન્ય તીર્થિકોએ ગ્રહણ કરેલાં અરિહંતોના ચૈત્યોને વન્દન-નમસ્કાર-આલાપ-સંલાપાદિ કરીશ નહિં.

૩૫. સ્વયંસેવકને સમ્યગ્‌દર્શનના આરોપણ અવસરે ૭ પ્રકારની છુટ અપાય છે, તે આ પ્રમાણે છે— ૧ રાજાના હુકમથી, ૨ બલવત્તર-સમુદાયના કહેવાથી, ૩ દેવતાઓના આદેશથી, ૪ વડીલોની આજ્ઞાથી, ૫ ચૌરાદિના બળાત્કારથી, અને ૬ આજીવિકા દુભાતી હોય. આ ૭ પ્રકારોની છુટ આપીને સમ્યગ્‌દર્શનનું આરોપણ કરાય છે, અને પ્રસંગે પ્રસંગે તે ૭ છુટનું સેવન કરવા છતાં, આરોપણ કરેલાં સમ્યગ્‌દર્શનની પાલનામાં લેશભર વાંધો તે સ્વયંસેવકને આવતો નથી; એ આ ૭ છુટનો પરમાર્થ છે.

૩૬. સ્વયંસેવકે આ આરોપણ સ્વીકાર્યું છે, તે સારૂં આશીર્વાદપૂર્વક શ્રીસદ્‌ગુરૂવર્ય વાસક્ષેપ નાંખે છે— આશીર્વાદ આ પ્રમાણે છે—**'नित्थारग पारगाहोहि,' 'गुरुगुणेहिं वुड्ढिज्जा'** આ બે આશીર્વાદ-દ્વારાએ જણાવે છે કે 'તું સંસાર-સમુદ્રનો પાર પામવાવાળો થા', અને 'આત્મહિતકર વિશિષ્ટ ગુણોએ કરીને વૃદ્ધિ પામવાવાળો થા'.

મુદ્રક:—મુલચંદ કસનદાસ કાપડીયા " જૈન વિજય " પ્રીં. પ્રેસ—ગાંધીચોક, સુરત.
પ્રકાશક:—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ–૧૫.	આષાઢ–માસ.	તંત્રીઃ
અંક–૧૦ મો.	તા. ૧૭–૭–૪૯.	પાનાચંદ રૂપચંદ ઝવેરી.

આગમોદ્ધારકની અમોઘ-દેશના.

[નોંધઃ—વિ. સં. ૧૯૯૦ના ચાતુર્માસમાં સુરત મુકામે પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ–આગમોદ્ધારક–શ્રીઆનન્દ-સાગરસૂરીશ્વરજીએ આપેલ અમોઘદેશનાનો સારભૂત સંચય કરનાર પૂ. પં. શ્રીહેમસાગરજી પાસેથી મેળવીને, પૂ. પંન્યાસ–પ્રવરશ્રીચન્દ્રસાગરજી–ગણિન્દ્ર પાસે પેરેગ્રાફાદિ સુધારા વધારા સાથે તૈયાર કરાવીને અત્ર અપાય છે; છતાં પૂ. દેશનાકારના આશય વિરૂદ્ધ કોઈપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની અત્ર અમે ક્ષમા યાચીએ છીએ. લિ૦ તન્ત્રી.]

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. પદાર્થ દેખવામાં ચક્ષુ ઉપયોગિ છે, તેમ જ્ઞાન જાણવામાં ઉપયોગિ છે.

૨. ફળ દેનારી ક્રિયા છે.

૩. પગમાં કાંટો વાગ્યો હોય અને હાથમાં સોય લગાવ્યા કરવાથી કાંટો નીકળતો નથી, તેવી રીતે કર્મ કાંટો કાઢવા માટે પણ યોગ્ય ક્રિયા કરવી પડે છે.

૪. બાહ્યત્યાગ–વેષાદિના વ્યવહાર વગરના કેવળી ભગવંતો પ્રતિ વન્દન વ્યવહાર પ્રવર્તતો નથી.

૫. જ્ઞાનનો સ્વભાવ પ્રકાશક છે, તેથી લેવાનું અને મુકવાનું કામ જ્ઞાનનું નથી.

૬. મોહની મુંઝવણમાં મુંઝાયેલા ડાહ્યાઓ પણ ગાંડપણ કરે છે.

૭. મૃગીનો રોગ અને હિસ્ટીરીઆનો રોગ હજુ સારો છે, પણ મોહની મુંઝવણમાં બુદ્ધિમાનની બુદ્ધિ કામ કરી શકતીજ નથી.

૮. જેવી સમજ અને શ્રદ્ધા ચોથે ગુણઠાણે છે, તેવી સમજ અને શ્રદ્ધા બારમા ગુણઠાણે છે, છતાં ફરક શાનો છે ?

૯. સઘળા ગુણઠાણાઓના વિભાગ ક્રિયાને લીધે નજરે પડે છે.

૧૦. ચોથે ગુણસ્થાનકથી પાંચમા ગુણસ્થાનકે અને છઠ્ઠું ગુણસ્થાનકે આવનારાઓની સ્થિતિ વિચારાય, તોજ શાસન માન્ય ક્રિયાઓ ગત્યે જરૂર આદર થાય.

૧૧. જાણ્યા પ્રમાણે અમલ કરતાં શીખો, નહિંતર રખડવું પડશે.

૧૨. ચોથે ગુણસ્થાનકેથી સીધું કેવળ

જ્ઞાન કેમ મળતું નથી, માટે ક્રિયાને સ્પર્શ-વાવાળાં ગુણઠાણાં લેવાનાં છે તે સમજો.

૧૩. ઔપશમિક, ક્ષાયોપશમિક; અને ક્ષાયિકને અંગે ગુણઠાણું ફરતું નથી, પણ લેશભર વિરતિ આવી કે પાંચમે ગુણ ઠાણે શાથી?

૧૪. "મનથી હું સાફ ન જાણું" આ પ્રતિજ્ઞા લેવી અને પાળવી પણ કઠણ છે.

૧૫. બાયડી છોકરા મરી જાય અને લક્ષ્મી ચાલી જાય તે અવસરે શાંતિ રાખનાર કેટલા?, અને શાંતિ રાખનારને શાબાશી આપનારા કેટલા?

૧૬. પોસહ પાળીને આવ્યો તો ઠીક કર્યું એ કેમ બોલાય છે? પાપના સ્થાન પ્રત્યે ઉંડાણમાં આદર છે.

૧૭. ધર્મને ધર્મ સમજવો એ ઘણું દૂર છે.

૧૮. ધર્મ કરનારના પહેરેલ પહેરણાં અસી જાય છે તે સમજાતું નથી.

૧૯. અગીઆરમી પ્રતિમા સુધી બીજું ગુણસ્થાનક, અને 'સવ્વં તિવિહેણ વોસિરઇ' આવ્યું કે છઠ્ઠું ગુણઠાણું પ્રાપ્ત થયું.

૨૦. ક્રિયાને અને પરિણામને સંબંધ હોય તે અવસરે "ક્રિયાએ કર્મ, અને પરિણામે બંધ" એ બોલવું શોભે.

૨૧. એકલા પરિણામમાં, અને એકલી ક્રિયામાં ઉપરનું વાક્ય અનર્થકારી છે.

૨૨. આકસ્મિક સંયોગે ક્રિયાની અને પરિણામની સરખી કોણી ચાલતી હોય ત્યાં 'ક્રિયાએ કર્મ અને પરિણામે બંધ' એ સૂત્ર ઉપયોગિ નીવડે છે.

૨૩. આકસ્મિક પ્રસંગમાં પરિણામ બચાવનાર હોય અને ક્રિયા મારવાની થાય તે અવસરે શું?

૨૪. પરિણામની માતા ક્રિયા છે.

ફળદેનાર ક્રિયા છે.

શાસ્ત્રકાર મહારાજ—ન્યાયાચાર્ય શ્રીમાન્ યશોવિજયજી-ઉપાધ્યાયજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપકારને માટે જ્ઞાનસાર પ્રકરણને કરતાં થકાં આગળ સૂચવી ગયા કે-દુનિયામાં જીવન ટકાવવું. નિર્વાહના સાધનો મેળવવા એ માટે જ્ઞાન જરૂરી છે, અને શાસનની સ્થાપના સાથે સંબંધ કરવું તે કેવળ જ્ઞાનને આભારી છે. ગીતાર્થપણું તે જ્ઞાનને આભારી છે, યાવત્ જ્ઞાન રહેશે ત્યાં સુધી શાસન રહેવાનું હોવાથી શાસન સમાપ્તિ પણ જ્ઞાનને આભારી છે. આથીજ જ્ઞાનની જરૂરીયાતમાં બેમત હોઇ શકે નહિ, છતાં સાધન જ્ઞાન તરીકે કામ લાગે છે; પણ ફળ દેનાર વ્યાપારી તરીકે જ્ઞાન કામ લાગતું નથી. ચક્ષુ કિંમતી છે, આંખને રત્ન કહીએ છીએ, આંખ વગરનું જીવન નકામું ગણીએ છીએ; પણ તે માત્ર પદાર્થ દેખાવામાંજ ઉપયોગી છે. પદાર્થ લેવો કે છોડવો, અગર ઉપાદેય દેખી ગ્રહણ કરવો અને છાંડવા લાયક દેખી છાંડવો એ આવે તો જ દેખનાર ફળ મેળવી શકે છે, માટે ફળ દેનારી ચીજ ક્રિયા છે. આંબા ઉપર હજારો પાકેલી કેરી દેખી જ્ઞાન થયું તેથી વળે શું?, આંબો વેડે, કેરીઓ પાડે, ભેગી કરે, ઘેર લાવે, અને કેરી ખાય; ત્યારેજ તેને સંતોષ થાય. પગમાં કાંટો વાગ્યો, અને જ્ઞાન થયું કે કાંટો વાગ્યો છે પણ વેદના કયારે મટે.? કાંટો કાઢે ત્યારેજ શાંતિ વળે છે. આંબો જાણવા માત્રથી ભુખ ભાંગતી નથી. જગતમાં ચક્ષુથી થતું જ્ઞાન તે જરૂરી છે, પણ તે સાધન તરીકે છે, ફળ દેનાર તરીકે નથી. ફળ દેનાર ક્રિયા છે તેટલા માટે જ્ઞાનવાદીઓને કહેવું પડયું કે મિથ્યા-જ્ઞાનથી પ્રવર્તનારને ફળ ધાર્યું મળતું નથી.

જાણકારને પણ મુંઝવે.

સાધનમાં સુલટાપણા માત્રથી લોકોત્તરમાર્ગમાં, અને તેરમા ગુણસ્થાનકની શરૂઆતના જ્ઞાનમાં કંઈ પણ ફરક નથી. જેને કેવળ જ્ઞાન થાય છે તેને વધવાનું નથી તેટલુંજ રહેવાનું છે. મોક્ષ કેમ પ્રાપ્ત થતો નથી?, અઘાતિ-કર્મો હજુ લાગેલાં છે તે તૂટે ત્યારે મોક્ષે જાય. જ્ઞાન ફળ દેનાર હતે તો કેવળ જ્ઞાન સાથેજ મોક્ષ થતે. આથી ફળ દેનાર પ્રવૃત્તિ છે, માટે ક્રિયા ફળને યોગ્ય હોવી જોઇએ. કાંટો પગમાં વાગ્યો હોય, અને સોયની અણી હાથમાં મારે તો ક્રિયા ન ચાલે. ક્રિયા સવળી જોઇએ, અને ક્રિયાને તે જ્ઞાન લાવે છે માટે જ્ઞાન જરૂરી પદાર્થ છે, પણ જરૂરી હોવા માત્રથી બીજા પદાર્થને ગૌણ કરી નાંખીએ તે ચાલે તેમ નથી. તેટલા માટે શાસ્ત્રકારોએ કહ્યું કે-જ્ઞાન અને ક્રિયા એ ઉભયનય સમ્મત તેથીજ શાસ્ત્ર સમ્મત છે. તેથી સાધુ કોને કહેવો? ચારિત્રમાં રહેલો હોય અને જ્ઞાનમાં રહેલો હોય તે સાધુ એકલા જ્ઞાનવાળા કેવળી કહી જાય તો પણ ક્રિયામાં ન પ્રવર્તે ત્યાંસુધી તે વ્યવહારમાં લેવાતા નથી. અંતર ત્યાગ સોળ આના થએલો છે. પણ બાહ્ય ત્યાગ કરે પછીજ વંદનાદિ વ્યવહારમાં પ્રવર્તે છે. કૂર્માપુત્ર કેવળી થયા છે, અને ૭ મહિના ઘરમાં રહ્યા છે; છતાં એક દહાડો પણ કોઇએ વંદન ક્રિયા કરી નથી, અને દેશના પણ દીધી નથી. લાભને રસ્તે દોરવા તે તેમની ફરજ હતી, પરંતુ વેષાદિ વ્યવહાર વગર ઉપદેશનો અધિકાર નહિ. દેવતાએ કે ઇન્દ્રે પણ ભરત મહારાજને અને કૂર્માપુત્ર વંદન ન કર્યું. ભરતમાં કોઇ તીર્થંકર કે કેવળી છે?, ના. ના કેમ કીધી?, કારણ કે ગૃહસ્થપણે કેવળી કુર્મા પુત્ર હતા, છતાં વ્યવહારમાં પ્રવર્તયા નહોતા તેથીજ ના કીધી; પરંતુ જુદો નિર્દેષ કર્યો છે? કહેવાનું તત્ત્વ એ છે કે કેવળ-જ્ઞાન પામેલો એટલે ઘાતિકર્મોનો ક્ષય કર્યા પછી શૈલેશી-ક્રિયામાં આવજ્જીકરણ ન કરે ત્યાંસુધી જ્ઞાન સંપૂર્ણ છતાં પણ મોક્ષ પામી શકતોજ નથી. એ વાત એક બાજુ રાખીએ. બીજી બાજુ જ્ઞાનનો સ્વભાવ પ્રકાશક છે, પણ જ્ઞાનનો સ્વભાવ આદાનનો અને હાનનો સ્વભાવજ નથી. જ્ઞાનનો લેવાનો સ્વભાવ કે છોડવાનો સ્વભાવ માનીએ તો મોહનીય-કર્મને જુદું માનવાનું નથી. મોહનીયનો સ્વભાવ એવો છે કે જાણનારને પણ મુંઝાવે છે.

મોહમાં મુંઝાયા તો મીંડું.

દેખતી આંખેજ ધુળ નાંખે તો મોહનીય કર્મ નાંખે છે. જ્ઞાનાવરણીય વિગેરે આંધળી આંખે ધૂળ નાંખનારા છે. અને તેથીજ જ્ઞાન દર્શનને રોકી દે છે. મોહનીય કર્મ તો તમને ખુલ્લી આંખે દેખાડે છે, અને ફરી પાછાં ચક્કરમાં લે છે, દુનિયાદારીથી કોણ એ નથી જાણતો કે અહીંથી ચાલી નિકળવું છે. ચાલી નીકળનારને કોણ જોતો નથી. જેટલીભાઇ લગન વખતે ગાંડી થાય છે. તે વહુ આવીને માથે છાણા કેમ થાપે છે તે શું નથી જાણતી?, શું નથી દેખતી?; છતાં દેખ્યા જાણ્યા છતાં વિવાહમાં સાસુ થનારીઓ કેમ ગાંડી થાય છે. આ મારા છોકરાની વહુ છે, આ મારી છોકરાની વહુ છે; એમ કહીને ગાંડી થાય છે. છોકરો ઘોડીયામાં હોય તો એને માટે પણ ઘર લેવાનો વિચાર થાય. ત્રણ છોકરા હોય તો ત્રણ ગાળાના રૂપમાં ત્રણ ખંડવાળું ઘર ચણાવે છે, ત્રણે એકઠા રહેવાના નથી, અને ફના ફાતીયા કરવાના છે. છતાં એ લગન વખતે પણ ઊંચા કૂદાય છે. છોકરો લાત મારી વારસો લેવાનો છે, છોકરો ન હોય તો સ્વતંત્ર ખરચી શકું છું; તે જાણે છે છતાં છોકરા વખતે ધાણાને ગોળ કેમ વહેંચાય છે?, પગની એડીની ખણ દે તેનું મોં મીઠું કરાય છે. હવે શાસ્ત્રીય વાતમાં જઇએ. કર્મ બાંધીએ તે ભોગવવાં પડે છે તે કોણ જાણતું નથી. કહેવું પડશે કે બધા જાણે છે. તો પછી હિંસા કરતી વખત, જુઠ-બોલતી વખત, ચોરી કોધાદિક કરતી વખત,

પરિગ્રહ વખત કેમ મોહની ચક્કી આવી જાય છે. જાણકારને જવાળા=બળાપો વધારે થાય છે, અને અજ્ઞાનીને પણ બળાપો હોય છે, છતાં અજ્ઞાની બચતો નથી. મોહનીયનું સ્વરૂપજ એવું છે કે જ્યારે મૃગીનો રોગ થાય છે, જ્યારે હિસ્ટીરીયાનો રોગ થાય છે, ત્યારે રોગ ન આવે ત્યાંસુધી સાવચેત રહીએ છીએ, પણ રોગ થયો પછી ડહાપણ કામ ન લાગે. આથી મોહ પણ તેવોજ છે, કે ડાહ્યો જબરજસ્ત હોય તેને તે પાડેજ છે. મોહના ઉદય વખતે ચાહે તેવા સમજુ આત્માઓને પટકે છે, તેથી જાણકાર હોય તેને પણ તે મોહ મુંઝાવી નાખે છે. આથી જ્ઞાન જરૂરી, પણ ફળ દેવાનું મેળવવાનું કયારે બને ? વચમાં મોહમાં મુંઝાય નહિં તો, મોહમાં મુંઝાયો તો પાછું મીંડું છે.

જાણ્યા પ્રમાણે અમલ કરનારો ગુણસ્થાનમાં આગળ વધે છે.

આથી જ્ઞાન દેખાડનાર તરીકે ભલે ઉપયોગી હોય છે, પણ વસ્તુ મેલવી કે લેવી તે તો ક્રિયાથી કરવુંજ પડે છે. દીધા-લીધા વગર ઇષ્ટ ફળની સિદ્ધી થવી, અને અનિષ્ટ ફળનું રોકાવું બનતુંજ નથી. તેમ આશ્રવ, પાપ, અને બંધ હેય સમજે, અને સંવર નિર્જરા અને મોક્ષ ત્રણે ઉપાદેય સમજે, છતાં હેયને છોડવું અને ઉપાદેયને ગ્રહણ કરવું તેજ લાભદાયિ છે. એ જ્ઞાન એટલે હેય-ઉપાદેયનું જ્ઞાન ચોથે ગુણઠાણેથી એટલે ૪-૫-૬ના જ્ઞાનમાં કયો ફરક ?, ૧-૭-૮-૯-૧૦-૧૧, અને બારમું ગુણઠાણું આ બધા ગુણઠાણામાં જ્ઞાનને આશ્રીને ફરક જરા પણ નથી. જેવું ચોથે તેવું બારમે ગુણઠાણે જ્ઞાન છે, અને જેવું બારમે ગુણઠાણે તેવું ચોથે ગુણઠાણે જ્ઞાન છે. શ્રદ્ધા જ્ઞાનમાં ગુણઠાણાને અંગે ફરક નથી, છતાં ફરક શામાં પડે છે ? ચોથે ગુણઠાણેથી પાંચમે ગુણઠાણે અને પાંચમેથી છટ્ઠે ચઢે છે તે કોને અંગે ? ચોથે ગુણઠાણે અષ્ટ પ્રવચન માતાનું જ્ઞાન હોય છે, અને બારમા ગુણસ્થાનકના છેડે પણ અષ્ટ પ્રવચન માતનું જ્ઞાન હોય છે. ચોથે ગુણઠાણે આશ્રવાદિકને હેય અને સંવર આદિકને ઉપાદેય ગણે છે, તેમ બારમે ગુણઠાણે પણ તેમજ હોય છે. ફરક શામાં ? જાણ્યા પ્રમાણે અમલ કરવામાં ફરક છે. થોડો થોડો અમલ કરે તો પાંચમે ગુણસ્થાનકે અને બાહ્ય પ્રવૃત્તિ બધી રોકે તો છઠે ગુણસ્થાનકે આવે છે. પ્રવૃત્તિમાં જ્ઞાન શ્રદ્ધા એ બે ચોથેથી બારમે સુધી સરખા, છતાં ગુણઠાણાનો ફરક ક્રિયાને અંગે છે.

'એકેન્દ્રિયનું જ્ઞાન છે' એ બોલતાં પહેલાં સમજો.

ચોથે ગુણસ્થાનકેથી સીધું કેવળમાં કેમ નથી જવાતું ? ક્રિયાના ગુણઠાણા વચમાં લેવાના છે. તે વગર ફળ રૂપ કેવળ જ્ઞાન થતુંજ નથી. સાધન રૂપે જ્ઞાન જરૂરી છે. ફળ દેવા તરીકે દેનાર તરીકે જ્ઞાન પૂર્વકની ક્રિયાજ જરૂરી છે, મૂળતત્ત્વ એ છે કે ચોથે જેવું જ્ઞાન તેવું બારમે, અને જેવી ચોથે શ્રદ્ધા તેવી બારમે, છતાં ગુણઠાણાનો ફરક ક્રિયાને અંગે છે. ઔપશમિક-ક્ષાયિક-ક્ષાયોપ શમિક સમ્યકત્વમાં અનંતગુણી તારતમ્યતા છતાં તેમાં ગુણઠાણું ફેરવ્યું નથી. અને એક અપ્રત્યાખ્યાની-કષાયના અંશમાં ફરક થયો એટલે તો પાંચમું ગુણઠાણું કરી નાંખ્યું. એ સ્થીતિએ તપાસીએ તો ચોક્કસ થશે કે ગુણઠાણાની હદ ક્રિયાને અંગે છે. તેમ જ્ઞાનના અવલંબને એક જીવ માત્ર છ દ્રવ્યો જાણે છે, એક જીવ અવધિ-જ્ઞાનથી સંભિન્ન-ત્રસનાડી જાણે છે તેમાં ગુણઠાણાનો ફરક નહિં, અને ચોથા ગુણઠાણે શ્રદ્ધા જ્ઞાનની તીવ્રતા મંદતાએ ગુણઠાણાની તીવ્રતા મંદતા નહિં, પણ ક્રિયાની તીવ્રતા મંદતાએ ગુણઠાણાની તીવ્રતા મંદતા છે. અંશથી પણ વિરતિ કરી એવી પ્રતિજ્ઞા કરે કે હવે 'મનથી હું સારૂં ન જાણું' તો પણ દેશવિરતિ, આપણુ ઘણું અઘરૂં છે, ઉપધાનમાં પેઠેલો યાને કોઇના

છોકરા માંદા કેઇના જમાઇઓ માંદા તેથી તેના પરિણામ નથી બગડતા ? પચ્ચખાણ ન કર્યા હોય તે પહેલાં જો જમાઇ માંદો હોય તો "આ તે માણસ છે કે હેવાન કે દુનીયામાં જમાઇ જેવો જુવાન માંદો છે છતાં ઉપાશ્રયમાં બેઠો છે." આવા અવસરમાં સાંભળવું અને ટકવું મુશ્કેલ છે. ઘરમાં રહ્યો એટલે વ્યવહારની કહેવાતી માણસાઈમાંથી નિકળી જવું પડે છે. બાયડી છોકરા મરણ પામ્યા તેથી સ્થીર રહ્યો તો શાબાશી આપનાર કેટલા છે ? પડખેવાળાને તો ચિત્ત ચંચળ થાય છે. ઉલટું તે વખતે ધર્મિઓએ તેને સલાહ દેવી ઘટે છે કે આ સંવરના અમૃત કુંડમાંથી ઝેરના કુંડમાં શું કરવા જાય છે ?, આવા વખતે ધર્મિઓ પણ કહે છે કે મહારાજને એકેન્દ્રિયનું જ્ઞાન છે. આમ શબ્દો તેઓ બોલી નાંખે છે. તેવી વખતે તમને પાપ હેય તરીકે ને સંવર આદરવા તરીકે હજુ જચ્યું નથી. આ તો પારકે ઘેર છે ત્યારે આમ થાય છે, તો ઘેર આવે તો શું થાય ? પારકા ઘરના પાપ વહોરો છો. કારણ બન્યું હોય અને મનમાં શાંતિ રાખે તો કઠોર કાળજી કહી નાંખો છો, તો પાપને પાપ સમજવા તૈયાર નથી.

પહેરેલ પહેરણું ખસી જાય છે.

ઘેલીબાઇને શણગારીને બેસાડી છે, છતાં ખસી ગયું તો તે ઘેલી સીધું કરતી નથી. તેમ ગુરૂઓ ઉપદેશથી તમને ક્રિયા કરાવે છે, પણ ખસી જાય–તેનું ભાન તમને નથી. તમે ધર્મ સાંભળો છો અને કરો છો ત્યારે માનતા કરી લ્યો છો કે બરોબર છું, પણ મન કયાં ખસી જાય છે, તેને કેમ ઠેકાણે લાવું તે વિચાર તમે કરતા નથી. તમારી દ્રષ્ટિ ધર્મને ચાંદા તરીકે રાખી કાગડા જેવી દ્રષ્ટિ ગણો છો. વહુ આવી હોય ને સાસુ મરી ગઇ હોય તો કંઈ નહિં, પણ ધર્મ કરતાં કાંઈ નવા જુની થઇ હોય તો ધર્મ છોડી દે છે. ધર્મમાં પહેલી ચાંચ મારવી છે. ઉજમણું કર્યું હોય અને સંઘ કાઢયા હોય અને કંઈક નવા જુની થઇ હોય તો ધર્મને તુરત ધક્કો લગાડે છે. ધર્મને ધર્મ સમજ્યા હોઇએ તો કરોડોનું નુકશાન ધર્મ આગળ રહે છે. બીજાને અંગે રાખી શકતા નથી, તેને પોતાને અંગે શું રાખશે ?, તે કિંમત હૃદયમાં ટકાવવી મુશ્કેલ પડે છે. પાપને સારૂં નહિ ગણું તેવી પ્રતિજ્ઞા થવી કેટલી મુશ્કેલ છે ? પાપને હેય માનનારા પોસહ પારીને આવ્યો હોય તો ઠીક કર્યું કેમ બોલાય છે ?, તે જગો પર ધર્મમાં પહેરેલું પહેરણું ખસી જાય છે તે સમજાતું નથી.

"ક્રિયા એ કર્મ અને પરિણામે બંધ" એ સૂત્રનું રહસ્ય.

મૂળ અધિકારમાં આવો. ક્રિયાનો અંશ આવે તો ગુણઠાણું ફરે. અગીઆરમી પ્રતિમા સુધી આવ્યો હોય ત્યાંસુધી પાંચમું ગુણસ્થાનક હોય, અને આગળ **सव्वं तिविहेणं वोसिरइ** વાપર્યું એટલે છઠ્ઠું ગુણઠાણું બદલાયું; અને પ્રમાદ છોડયો એટલે સાતમું ગુણઠાણું આવ્યું. ગુણઠાણું ફર્યું એટલે આત્મામાં રહેલાં અમુક કર્મો ખસેડયા એટલે ગુણઠાણું ફર્યું. આ સ્થીતિએ જૈન શાસન જ્ઞાનને જરૂરી માને છે, પણ ફળ દેનાર તરીકે ક્રિયાને માને છે. આપણે ક્રિયા એ કર્મ અને પરિણામે બંધ ગણનારા છીએ. અહીં સમજવાનું કે જ્ઞાન કે દર્શન તે પરિણામ નથી, પરિણામ એ ક્રિયાજ છે. છતાં પરિણામ ઉપર વિચારીએ તે કહેવું કેમ પડયું ? આ વાક્ય કઈ જગો પરનું ? ક્રિયાને અને પરિણામને સંઘર્ષણ જે જગોપર હોય તેનું આ વાક્ય છે.

કિયાનું કે પરિણામનું સંબંધપણુજ નથી. એકલા પરિણામ છે કે એકલી ક્રિયા છે એ જગો પરનું આ વાકયજ નથી. કુદેવને માનનારા માને છે કઈ બુદ્ધિથી ?, કુગુરૂને માનનારા માને છે કઈ બુદ્ધિથી ? અધર્મ માનનારા માને છે ધર્મ બુદ્ધિથી પરિણામ સુંદર છે ક્રિયા ખરાબ છે. કૃષ્ણને લીલાથી માને છે, અને ગોસાઇને તન મન ધન અર્પણ કરી ગુરૂ તરીકે માને છે. મુસલમાન ગૌહત્યા કરે, અને માને ધર્મ એ ધર્મના પરિણામવાળા બધા શું પવિત્ર ?, દેવ ગુરૂ ધર્મના પરિણામવાળા બધા પવિત્ર માનવા ? પરિણામ કુદેવને કુગુરૂ કુધર્મ ધારીને ધર્મ માનતો નથી. ધારે છે શું ? સુદેવ ગુરૂ ધર્મ ધારીને માને છે. તો શું બધા પવિત્ર છે ?, પરિણામે બંધ માને તો પણ એકલા પરિણામને અંગે આ વાકય છેજ નહિં. તેમ એકલી ક્રિયાને અંગે આ વાકય નથી. કેવળી મહારાજના પરિણામમાં ફેર થતો નથી, તો પછી તેમને બાહ્ય ત્યાગ કરવાની જરૂર શી ? શા માટે સંસાર છોડવો ?; એકલા પરિણામને કે એકલી ક્રિયાને લઇએ. તેને લીધે આ વાકય ગોઠવાયું નથી. ક્રિયાને અને પરિણામને બન્નેના સંયોગ લઇને આ વાકય ગોઠવાયું છે, 'ક્રિયા એ કર્મ અને પરિણામે બંધ' તે એકલા પરિણામ કે બંધને અંગે ગોઠવાયું નથી, પણ બન્નેના સંયોગને અંગે ગોઠવાયું છે.

બન્નેનો સંયોગ સરખો છે. તો બે ભાગ પાડવાની શી જરૂર ?, તેની જરૂર શી ?; આકસ્મિક સંયોગે ક્રિયા અને પરિણામ બન્નેના સરખા, અને પરિણામની શ્રેણિ સરખી ચાલતી હોય તે વખતે કદી પરિણામે કે ક્રિયાએ પલટો આવે તો શું થાય ?, દયાની બુદ્ધિથી જીવ બચાવવા માટે પગ ઉપાડયો છે, અને પ્રયત્ન કર્યો છે; છતાં જીવ નથી તે જગો પર પગ મેલવા માંડયો તે વખતે જીવ કુદી પગ નીચે આવી પડયો. પરિણામ બચાવવાના અને ક્રિયા મારવાની થઇ. આ જગો પર ઘાતક ગણવો કે નહિં ? શા માટે ? ક્રિયાએ કર્મ શુદ્ધ પરિણામની શ્રેણિમાં આકસ્મિક સંયોગ વિરૂદ્ધ થયું. તેમ કમઠ સરખો પાર્શ્વનાથજીને હેરાન કરવા આવ્યો છે. નાક સુધી પાણી લાવ્યો. ક્રિયા અને પરિણામ બન્ને અશુભ ચાલે છે. વચમાં કમઠને પ્રભુએ સમતાનો દરિયો છે તે તરીકે ભાન થયું તે વખતે ક્રિયા કઇ છે ? નાક સુધી પાણીની અકળામણ કરી છે, પણ આકસ્મિક પરિણામ પલટયા તો તે વખતે પરિણામ કાર્ય કરી દે છે. આવા આકસ્મિક સંયોગે પરિણામનું પલટવું થાય તે વખતે પરિણામને આધારે કર્મબંધ થાય. આનો અર્થ ક્રિયા ઉપયોગી નથી તેમ ગણવું ન જોઇએ. ક્રિયા જરૂરી ચીજ છે. પરિણામની માફક ક્રિયાને જરૂરી કૂળ દેનારી માની છે. જૈન શાસનમાં જ્ઞાન જેમ જરૂરી છે તેમ ક્રિયા પણ તેટલીજ જરૂરી માનેલી છે. મોક્ષ લઇ જવામાં તે બન્ને હોય તોજ મોક્ષ મળે છે. માટે તેમાં તે સહાયકારી છે. આટલાજ માટે જ્ઞાન પછી જૈન શાસનમાં ક્રિયાને પ્રધાનપદ અપાએલું છે, પણ તે ક્રિયા શાસ્ત્રોકત શુદ્ધ વિધિ પૂર્વકની હોવી જોઇએ. પાપ ક્રિયાનો તેમાં નિષેધ છે, આટલા માટે ક્રિયાની આસ જરૂરી છે. હવે તે ક્રિયાના ભેદો શાસ્ત્રમાં કેટલા કહ્યા છે ?, તે વિષે જે બતાવાશે તે અધિકાર અગ્રે વર્તમાન.

શ્રીપ્રશ્નોત્તર—પિયૂષાબ્ધિઃ

પ્રશ્નોત્તરકારઃ—નિર્ગ્રન્થ-પ્રવચન-પિયૂષવર્ષિ-નવાંગી-વૃત્તિકાર-ભગવાન્ શ્રીઅભયદેવસૂરીશ્વરજી.
અવતરણકારઃ—પૂ. આગમોદ્ધારક-શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીના વિદ્વદ્વિનેય-પૂ. પંન્યાસપ્રવર-શ્રીચન્દ્રસાગર-ગણીન્દ્રના પરમવિનેય-પૂ. પં. શ્રી દેવેન્દ્રસાગરજી ગણિ.
સંગ્રહકારઃ—પૂ. પંન્યાસપ્રવરશ્રીજીના પરમવિનેય-પં. શ્રીદેવેન્દ્રસાગરજી ગણિના પરમવિનેય-મુનિ શ્રી દોલતસાગરજી.

પૃ. ૧૦૩ પં. ૮ પ્રશ્ન ૫૫ **अथकस्मादुवन्द्-नायां०** ઇત્યાદિના

વંદનાને વિષે મુદ્રાસ્થાન આદિ આત્યન્તિક પ્રયત્નની શી જરૂર છે ?

ઉત્તર-૫૫. મિથ્યાત્વ મોહનીય આદિ કર્મો ક્ષયોપશમિક ભાવવાલાં છે, પરન્તુ કષાય વેદ અને લેશ્યા આદિની માફક ઔદયિક ભાવવાલા નથી એટલે જે કર્મો ક્ષયોપશમિક છે તે કર્મોનો હ્રાસ કરવો હોય તો પરમ આદરપૂર્વક ને વિધિપૂર્વક ચૈત્યવંદન આદિ શુભ અનુષ્ઠાન કરવું કે જેથી કર્મોનો ક્ષયોપશમ થાય વળી તેવા પ્રકારના કર્મોદયથી પતિત પરિણામી આત્મા પણ જો પરમઆદરપૂર્વક ને વિધિપૂર્વક ચૈત્યવંદન આદિ શુભ અનુષ્ઠાન કરે તો ફરીથી તેને શુભ પરિણામની પ્રાપ્તિ થાય છે તો પછી શુભ પરિણામવાલા આત્માને ઉપર મુજબ શુભ અનુષ્ઠાન કરે તો મોક્ષના હેતુ ભૂત શુભ પરિણામની અવશ્ય વૃદ્ધિ થાયજ છે, માટે વંદનાના વિષે આદર કરવો તે યોગ્યજ છે.

પૃ. ૧૦૩ પં-૧૪ પ્રશ્ન ૫૬. **कथमिदं सिद्धम्०** ઇત્યાદિના

આ વાતની સિદ્ધિ શી રીતે માનવી ?

ઉ. ૫૬. જીનપ્રવચન અનુસાર બુદ્ધિવાલા પંડિતો કે જેઓ ધર્મના વ્યાપારથી વાસિત બુદ્ધિવાલા છે તેઓને પ્રાયે અનુભવ સિદ્ધ છે તેમ જાણવું.

પૃ. ૧૦૪ પં-૯-૧૨ પ્રશ્ન ૫૭. **अथ कथं शुद्धवन्दनायाः** ઇત્યાદિના૦

નિર્વાણના કારણભૂત સમ્યક્ દર્શન જ્ઞાનાદિનું અથવા શુદ્ધ વંદનાનું કારણ જીજ્ઞાસા છે એમ શાથી કહો છો ?

ઉ. ૫૭. નિર્વાણના અર્થીઓને નિર્વાણનાં કારણો જીજ્ઞાસાથીજ પ્રાપ્ત થાય છે કહ્યું છે કે-

धिइसद्धासुहविविदिसमेया ઉદ્વેગ આદિદોષના પરિહારથી, ચિત્તના સ્વાસ્થ્યરૂપ ધૃતિ તત્ત્વ રૂચિરૂપ શ્રદ્ધા વિશિષ્ટ આહ્લાદરૂપ સુખ જાણવાની ઈચ્છા રૂપ જીજ્ઞાસા અને વિવિદિષા આદિ તત્ત્વરૂપ ધર્મના કારણો છે અને આ વાત પાતંજલ આદિના રચેલા અધ્યાત્મ ગ્રંથોમાં સમ્યક્જ્ઞાન દર્શન આદિ જે નિર્વાણના કારણો તેનાં કારણ (એટલે કારણના કારણ) તરીકે સમર્થન કરેલાં છે.

શ્લો-૩૧. પૃ-૧૧૦ પં. ૯. પ્રશ્ન ૫૮. **नात्र वन्दनालक्षणे०** ઇત્યાદિના—

અહિં વંદનાના અધિકારમાં નિર્યુક્તિકાર ભગવન્તોએ ચતુર્ભંગી જણાવી છે તેમાં (૧) રૂપા સ્વરૂપ ભાવલીંગ અશુદ્ધ ને મુદ્રા (છાપ) સ્વરૂપ દ્રવ્યલીંગ અશુદ્ધ જેમ ચરકપરિવ્રાજક

વિગેરે કારણ કે બન્ને અશુદ્ધ છે (૨) રૂપું અશુદ્ધ ને મુદ્રા શુદ્ધ જેમ પાસત્થા વિગેરે દ્રવ્યથી વેશ સુંદર હોવા છતાં તે મુજબના પરિણામ નથી એટલે અશુદ્ધ પરિણામી છે. (૩) રૂપુ શુદ્ધ છે ને મુદ્રા અશુદ્ધ છે. જેમ અંતર્મુહૂર્ત માત્ર શેષ આયુષ્યવાલા પ્રત્યેકબુદ્ધ કે જેઓએ સાધુવેશ અંગીકાર કર્યો નથી એટલે પરિણામની નિર્મલતા હોવા છતાં બાહ્યવેશ અશુદ્ધ છે (૪) રૂપુ શુદ્ધ ને મુદ્રા પણ શુદ્ધ જેમ શીલયુક્ત સાધુ ભગવંતો અથવા ગચ્છમાંથી નીકલી ગયેલા જીનકલ્પિક વિગેરે-હવે ઉપર મુજબના ચાર ભાંગામાં ત્રણ ભાંગા ત્રુટીવાલા છે જ્યારે ચોથો ભાંગો આદરણીય છે જો કે પરલોકના અર્થી આત્માઓને ત્રણ ભાંગામાં બતાવેલા પુરૂષો પણ વંદન કરવા લાયક નથી પણ છેલ્લા ચોથા ભાંગામાં બતાવેલાજ વંદન કરવા લાયક છે આ પ્રમાણે હોવા છતાં પણ ચરકા પરિવ્રાજક ને પાસત્થા આદિના જે ભાંગા ૧-૨ (અને ગાથા ૩૫-૩૬ ના મુલક્રમે ભાંગા ૩, ૪) થી ભોલા જીવોને ઠગવા ઉપરાંત કોઇપણ ફળ નથી. જો કે મુદ્રાના અધિકારમાં ઠગાઈ ભલે હોય પણ વંદનાથી ઠગાઇ નથી આ સંબન્ધમાં બીજી વ્યાખ્યા કરતાં જણાવે છે કે મુગ્ધ પ્રતારણ લક્ષણ મૂલ કર્મના છેલ્લા (૩-૪ ભાંગા) સ્વપર નુકશાનકારક હોવાથી તે ભાંગા ઉપયોગ વગરના છે માટે અહિં ગ્રહણ કર્યા નથી. કારણ કે ઉત્તમ પુરૂષોને અનર્થકારી ફલ જેમાં હોય અથવા બીજાને ઠગવાનું જેમાં હોય તેવી ક્રિયાનું પ્રયોજન હોતુંજ નથી. તો પછી મુલ ગાથા ૩૫-૩૬ માં ચાર ભાંગા કેમ ગ્રહણ કર્યા? તો સમજવું કે તે ભાંગા સ્વવિષયજ છે એટલે નાણાની લેવડ દેવડ કરીને જે ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ કરવાની છે તે ક્રાયક વિષય માટેજ એટલે મોટી કિંમતની વસ્તુ ઓછામાં પડાવી લેવા માટેજ નહિ, કે અસદ્ વ્યવહારરૂપ બીજાની સાથે ઠગાઇ કરવા માટે નહિ. અહિં અપિ શબ્દ વ્યાખ્યાન્તર માટે છે. આ સાંભળીને વાદિ શંકા કરે છે કે વંદનાથી પણ શું બીજાને ઠગાઇ થાય?

વાંચકો માટે આવશ્યક.

ચાલુ અંકના પૃ. ૧૮૯ થી ॥ શ્રી સૂત્રકૃતાંગ સારાંશઃ ॥ નામના હેડીંગ નીચે આલેખન શરૂ થાય છે. સૂત્રકાર પંચમગણધર ભગવાન્ શ્રી સુધર્માસ્વામીજી, પોતાના પરમવિનેય અંતિમ કેવળી શ્રી જંબુસ્વામીજીને ઉદ્દેશીને શ્રી સૂત્રકૃતાંગ સૂત્રને રચે છે, અને આ સૂત્રનું વિશદ સ્પષ્ટીકરણ વૃત્તિકાર શ્રી શીલાંકસૂરિજી કરે છે.

આ પ્રાતઃસ્મરણીય-મહાપુરૂષોના આશયને હૃદયમાં સ્થાન આપીને પૂ. પંન્યાસપ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર આ દ્વિતીય અંગનું (શ્રી સૂત્રકૃતાંગનું) સારાંશ રૂપે આલેખન કરે છે. લિ. તન્ત્રી.



शाश्वतशान्तिदायक-विश्व-मन्त्र तन्त्र-यन्त्राधिराजराजेश्वर-श्रीसिद्धचक्रेभ्यो नमो नमः ।
सकलसमीहितपूरक-श्रीशङ्खेश्वरपार्श्वनाथो विजयते तमाम् ॥

॥ श्रीसूत्रकृतांग-सारांशः ॥

આલેખનકારઃ—પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

મનુષ્યના આયુષ્ય-બંધની આકરી પરીક્ષા.

અનાદિ-અનંતકાળથી પરિભ્રમણ કરનાર દરેકે દરેક જીવને આ ભવચક્રની પરંપરામાં સાધન-સામગ્રી-સંયોગોથી ભરપૂર માનવ જીવન પામવું એ મુશ્કેલ છે, અને પ્રાપ્ત થયેલ-સમગ્ર-સાધન-સામગ્રી-સંયોગોથી ભરપૂર માનવ જીવન સફળ કરવું એ પામવા કરતાં એ અતીવ અત્યંત મુશ્કેલ છે. ક્ષણભર વિરામ પામ્યા વગર રાધા નામની પૂતળીનું અસ્ખલિત ફેરફુંદડો રૂપે ફરવું, તેલના તાવડામાં તેનું (રાધાનું) પ્રતિબિંબ પડવું, પડેલા પ્રતિબિંબમાં ડાબી આંખને લક્ષ્યબિંદુ તરીકે નક્કી કરવું અને નિર્નિમેષપણે, અપ્રમત્તપણે તે આંખને વિંધવું અતિ મુશ્કેલ છે, છતાં ઉદ્યમશીલ આત્માઓ ઉપર જણાવેલ રાધાવેધને સાધીને રસભરી-ઇષ્ટ-કાર્યસિદ્ધિ કરી શકે છે; પરંતુ સંસારી જીવને મનુષ્યગતિને યોગ્ય આયુષ્ય બાંધવું, અને તે આયુષ્ય બાંધવા માટેની નિયમિત થયેલી ત્રણ પરીક્ષામાંથી પસાર થવું એ રાધાવેધ કરતાં અત્યંત કઠિનમાં કઠિન-કાર્ય છે. કારણ કે જે જીવોને ૧ કષાયની મંદતાવાળો સ્વભાવ થાય, ૨ પ્રાપ્ત થયેલા સાધન-સામગ્રી-સંયોગોમાં દેવાના (દાનની ગીતા) પરિણામ થાય, અને ૩ દયા-દાક્ષિણ્યાદિ-ગુણગણનો મધ્યમ રીતિએ આવિર્ભાવ થાય, ત્યારે તે દરેક આત્માઓ મનુષ્યને યોગ્ય આયુષ્યનો બંધ પાડે છે. વિશ્વભરના સંસારિક-વર્તમાનકાલીન જીવોને કળાકૌશલ્ય-વિજ્ઞાનની ઉચ્ચ કક્ષાએ પહોંચવા માટે અનેકવિધ-પરીક્ષાઓ યોજાએલી છે, અને તે તે પરીક્ષામાં તેત્રીસ ટકાની ફતેહમંદ કાર્યવાહી કરનારાઓ તે તે વિષયની પરીક્ષામાં ઉત્તીર્ણ ગણાય છે,-પાસ થયા કહેવાય છે, પરંતુ આ કર્મરાજાની કઠિનમાં કઠિન એક પરીક્ષા મનુષ્યગતિ માટેના આયુષ્ય બાંધવાની છે. અઢી અબજ ઉપરાંત મનુષ્યોની ગણત્રી ગણનારા દરેકે દરેક મનુષ્યોએ આ નિયમ સ્મૃતિ પટ પર સ્થિર કરવા જેવો છે કે—ઉપરની ત્રણ કરણી રૂપ—પરીક્ષામાં પૂરેપૂરા માર્કસ મેળવ્યા વગર કોઇ પણ જીવ મનુષ્ય ભવને યોગ્ય આયુષ્ય બાંધતો નથી, બાંધ્યું નથી, અમે બાંધશે પણ નહિ. એટલે મનુષ્યના આયુષ્ય-બંધ સાથે આ ત્રણ પરીક્ષાઓ આવિર્ભાવપણે વર્તે છે. જે માટે પ્રથમ કર્મ ગ્રંથમાં આ રીતિએ જણાવ્યું છે.—

"पयइतणुकसाओ दाणरूइ मज्झिमगुणो अ"- સ્વાભાવિક પાતળા કષાય, દેવાની રૂચી, અને મધ્યમ ગુણોની પ્રાપ્તિ; એ મનુષ્યનું આયુષ્ય બાંધવા માટેની કરણીરૂપ ત્રણ પરીક્ષાઓ છે. મનુષ્ય ભવનું આયુષ્ય બાંધવા માટે આ કરણી-રૂપ પરીક્ષાઓમાંથી દરેક દરેક જીવને પસાર થવું પડે છે.

પામવા લાયકની ચીજ કઇ ?

મનુષ્ય ભવનું આયુષ્ય બાંધવાના અવસરે રાધાવેધ કરતાં પણ અતિ સાવધાની ઉપરની ત્રણ કરણીમાં રાખી હતી, અને મનુષ્ય થયો એટલે પૂર્વે કરેલી ત્રણ કરણીની ગંધ વર્તમાન-જીવનમાં જણાતી નથી, અર્થાત્ તે માટે લેશમાત્ર વર્તમાનમાં વિચાર કરવાની કુરસદ પણ નથી. નાણાં ભીડમાં મુંઝાયેલો માણસ આબરૂદાર શાહુકારને ત્યાં સેંકડો વખત ખુશામત કરીને, સો વખત આંટા-ફેરા-ધક્કા ખાઇને, અને હજારો વખત દાઢીમાં હાથ ઘાલીને મનગમતું નાણું મેળવીને જતી આબરૂને સ્થિર કરવા ભાગ્યશાળી થાય છે. પરંતુ તે શાહુકારને જ્યારે નાણાંની છુટ થાય છે, ત્યારે આપનારો શાહુકારી ટકાવનાર પેલા મુંઝાયેલા માણસ પાસે અવસર આવે ઉઘરાણી કરે છે, તે અવસરે તે નાણાં લેનાર નાણાં આપનાર પ્રત્યે કેવી કરડી આંખ કરે છે ?, કેવું અઘટિત બોલે છે ?, અને કેવા અણછાજતા વાકબાણથી હુમલા કરે છે ?; તે સમજવા જેવું છે, તેવીજ રીતે મનુષ્યને યોગ્ય આયુષ્ય મેળવવા માટે દેવ-ગુરૂ-ધર્મની ઉપાસના કરીને, અને સર્વજ્ઞ-કથિત સિદ્ધાંતોની સેવના કરીને પ્રાપ્ત કરેલા પુણ્યદ્વારા આયુષ્ય મેળવી લીધું; એટલું જ નહિં પણ દેવ-ગુરૂ-ધર્મની આરાધના દ્વારા પ્રાપ્ત કરેલા પ્રબળ-પુણ્યથી આર્યદેશ-ઉત્તમકુળ-ઉત્તમજાતિ-પંચેન્દ્રિયપણું-નિરોગીપણું આદિ અનુકૂળ સાધન-સામગ્રી સંયોગ પ્રાપ્ત કર્યાં, છતાં જેના પ્રભાવે એ પ્રાપ્ત કર્યાં તે ધર્મને લાજે છે, તે ધર્મની આરાધનાને ભૂલવાનો પ્રયત્ન કરે છે, અને રાત્રિ દિવસ ભૂલી જવાય એવો અસ્ખલિત ઉદ્યમ ચાલુ રાખે છે; તો પછી અપાત્ર જેવી બીજી કૃતઘ્નતા કઇ હોઇ શકે ?, તે બુદ્ધિમાનોએ વિચારવું જરૂરનું છે. કૃતઘ્નતાને દૂર કરીને અને અબોધ-પ્રાપ્ત-સામગ્રી-સંયોગદ્વારાએ પ્રાપ્તવા લાયક ચીજ પ્રાપ્તીને માટે માનવ-જીવન-સફળ કરવું જોઇએ. આર્યદેશ ત્રસપણું ઉત્તમ કુળ, ઉત્તમ જાતિ, દીર્ઘ આયુષ્ય,-નિરોગી-શરીર, પાંચ ઇન્દ્રિયો, ઇન્દ્રિયોની પૂર્ણપટુતા, ધન-માલ, મિલ્કત, કુટુંબ, કબિલા, પુત્ર-પરિવાર, સ્થાવર-જંગમ મિલકતો, દિગંતવ્યાપિ સત્તા-યશ=કીર્તિ; અને જીવનભર પોતે અને પોતાના આશ્રિત કુટુંબો જીવી શકે તેવાં અનુકૂળ-સાધન-સામગ્રી-સંયોગોની સંપૂર્ણ જમાવટ હોવા છતાં-આ બધું મેળવ્યા છતાં પામવા લાયકની ચીજ બાકી છે. વાંચકને વિચાર થશે કે—એવો તે પામવા લાયકની ચીજ કઇ છે ?, કહેવું પડશે કે-વીર્યોલ્લાસપૂર્વક સંયમ-માર્ગે અવિરત કૂચ કરવી તે.

શ્રવણાદિની આવશ્યકતા.

બોધા-મનુષ્ય જીવન પામેલાઓને પામવા લાયકની ચીજ સંયમ છે. સંયમનું સુંદર રક્ષણ કરવું, અને વીર્યોલ્લાસપૂર્વક સંયમની વૃદ્ધિ-

કરવી પૂર્વક આગળ વધવું એટલે અનેકાનેક જીવને સંયમને માર્ગે યોજન કરવું એજ સંયમ પામ્યાની વાસ્તવિક સાફલ્યતા છે. "પામવાલાયક સર્વજ્ઞ કથિત સંયમની કિંમત શ્રેષ્ઠતમ છે," અને "તે સિવાયનું જીવન જીવવું તે નિરર્થક છે; નિરર્થક નહિ પણ અનર્થક છે." આ શ્રદ્ધા થવી, આ પ્રતીતિ થવી, અને આ રૂચિના રંગમાં રંગાઇ જવું-ઓતપ્રોત થવું એ પામવા લાયક સંયમની આવશ્યક-કર્તવ્ય ભૂમિ છે. આ આવશ્યક-કર્તવ્ય-ભૂમિના સ્પર્શન-પાલનની પુનિત પ્રવૃત્તિમાં ઉત્તરોત્તર આગળ વધવું એ સર્વજ્ઞકથિત-વાણી-શ્રવણ પર આધાર રાખે છે. અને આજ ક્રમને પ્રતિપાદન કરતાં ભગવાન્ શ્રીસુધર્મા-સ્વામીજી અંતિમ કેવળી-શ્રીજંબૂસ્વામિજીને ઉત્તરાધ્યનના ત્રીજા "चत्तारिअङ्गाणि" નામના અધ્યયનના પ્રારંભમાં જણાવે છે કે—

चत्तारि परमंगाणि दुल्लहाणीह जन्तुणो।
माणुसत्तं-सुइ-सद्धा-संजमम्मि य वीरियं ॥१॥

સંસારમાં પરિભ્રમણ કરનાર જીવો આ ચાર દુર્લભ વસ્તુઓ પામીને એટલે ૧ મનુષ્યપણું, ૨ શ્રવણ, ૩ શ્રદ્ધા; અને ૪ સંજમને વિષે વીર્યોલ્લાસની પ્રાપ્તિપૂર્વક જીવન સફળ કરે છે. સંયમમાં વીર્યોલ્લાસપૂર્વક વૃદ્ધિ કરીને, તપશ્ચર્યાઓનું સેવન કરીને, બાંધેલા કર્મોને દૂર કરીને, શાશ્વત સ્થાનને પામવા વાળા જીવો શાશ્વત ભાવને પામે છે. આજ અધ્યયની અંતિમ ગાથાનાં चउरंगदुल्लहं ઇત્યાદિ પદોના પરમાર્થને વિચારવાથી ઉપરમાં ભાવાર્થ સ્પષ્ટ-પટપર સ્થિત થાય છે. આ ઉપરથી માનવ-જીવનની દરેકે દરેક ક્ષણોને સફલવન્તી બનાવવા માટે, અને ઉચ્ચ-ઉચ્ચતર-ઉચ્ચતમ-પદની પ્રાપ્તિ માટે આત્મહિત-કર-સંસ્કાર-શૂન્ય-આત્માને આત્મહિત-કર સંસ્કાર રૂપ સંયમાદિની સૌરભથી સુવાસિત કરવાને સર્વજ્ઞ કથિત વાણીનું શ્રવણ-મનન અને પરિશીલન કરવું અવશ્યમેવ જરૂરનું છે.

સર્વજ્ઞકથિત ઉપદેશની જરૂર.

સર્વજ્ઞ-દેવના શાસનમાં આત્મહિતકર-પ્રવૃત્તિઓ આદરીને જે જે પુણ્યાત્માઓ કલ્યાણ સાધી ગયા, વર્તમાનમાં કલ્યાણ સાધી રહ્યા છે, અને ભાવિકાલમાં કલ્યાણ સાધશે તે બધાનો મુખ્ય આધાર સર્વજ્ઞકથિત વાણીના શ્રવણ પર અવલંબે છે. હેય વિભાગના સકલ-પદાર્થો પ્રત્યેની હેયતા, અને ઉપાદેય વિભાગના સમગ્ર-પદાર્થો પ્રત્યેની ઉપાદેયતા પણ સર્વજ્ઞ-કથિત ઉપદેશને આભારી છે. જ્યારે સર્વજ્ઞ-કથિત ઉપદેશામૃતનું આસ્વાદન કરવા આત્મા ઉદ્યમશીલ થાય છે, અને શ્રવણ દ્વારા એ હેય-ઉપાદેય-વિભાગનો તેને નિશ્ચય થાય છે; ત્યારે અનાદિકાળની રખડંપટ્ટીના પ્રભાવે અનેકાનેક-જન્મ-મરણરૂપ અનંતાનંત ભવોની પરંપરાનું નિયમન કરવાં તે પુણ્યાત્મા સૌભાગ્યશાલિ બને છે. ભગવાન્ શ્રીઋષભદેવના તેર ભવ, શ્રીશાંતિનાથ પ્રભુના બાર ભવ, શ્રીનેમિનાથ પ્રભુના નવ ભવ, શ્રીપાર્શ્વનાથ પ્રભુના દશ ભવ; અને ચોવીસમા ચરમ-તીર્થપતિ પ્રભુ શ્રીમહાવીર

મહારાજાના સત્તાવીશ ભવને સાંભળીએ છીએ; છતાં શ્રવણ કરનારે યાદ રાખવું ઘટે છે કે આ ભવોના નિયમન પૂર્વે આ તીર્થંકરોએ પણ અનંત-ભવો કરેલા છે, તો પછી આ ભવોનું નિયમન કરનાર કોણ?, સમાધાનમાં સમજવું કે તે તીર્થંકરોને પણ સર્વજ્ઞકથિત ઉપદેશને શ્રવણ કરાવનારાઓનો સમાગમ થયો, અને તે ઉપદેશકોએ સદુપદેશ શ્રવણ કરાવ્યો, એટલે તે શ્રવણથી હેય ઉપાદેયનો નિશ્ચય થયો; ત્યારે તેઓ ભવ નિયમન કરી શકયા. એટલે શ્રવણ કરીને દેવાધિદેવના દેવત્વ પ્રતિ, ગુરૂવર્યોના ગુરૂત્વ પ્રતિ, તથા રત્નત્રયિ-ધર્મના ધર્મત્વ પ્રતિ શ્રદ્ધા થઇ એટલે તે તીર્થંકરોને અનંત કાળના જન્મ મરણરૂપ ભવ પરંપરાના વેગમાં નિયમન રૂપે પ્રથમ ભવની શરૂઆત થઈ. આ ઉપરથી જગતના સમગ્ર જીવોનો ઉદ્ધાર કરવા માટે સર્વજ્ઞકથિત ઉપદેશ અને સર્વજ્ઞકથિત ઉપદેશને દેનારા ઉપદેશકોના સમાગમની અનિવાર્ય જરૂર પૂર્વે હતી, વર્તમાનમાં છે, અને ભાવિકાળમાં રહેશે એમાં કોઇના બે મતજ નથી.

દેવ-ગુરૂ-ધર્મરૂપ ત્રણ તત્ત્વો પ્રતિ શ્રદ્ધા પ્રતીતિ અને રૂચિ કરાવનાર અને ભવોનું નિયમન કરાવનાર સર્વજ્ઞકથિત—ઉપદેશનું શ્રવણ-વીતરાગની વાણીનું શ્રવણ છે. એટલું જ નહિ પણ શ્રદ્ધાપૂર્વકની સમજના સુંદર ફલરૂપ વિરતિ ધર્મનું અંગીકરણ, આશ્રવોનું રોકાણ, સંવરસ્થાનોનું સેવન, તપશ્ચર્યામાં ઓતપ્રોત બનીને સકલ કર્મોનું નિર્જરણ; અને ક્ષાયિક-ભાવોનું સ્વીકરણ કરવું તે સર્વજ્ઞકથિત—ઉપદેશનેજ આભારા છે.

ઉપદેશક પ્રથમ કે ઉપદેશ પ્રથમ?

સર્વજ્ઞ કથિત ઉપદેશ કોઈ એવી ચીજ નથી કે અન્ય દર્શનકારોની માન્યતાની જેમ ભીંત આદિ પદાર્થોમાંથી સ્વયં સ્ફુરાયમાન થાય. જૈન દર્શનમાં શાસન સંસ્થાપકોને શરીરધારિ સ્વીકારેલા છે, અને શરીર વગર મુખ ન હોય અને મુખ વગરનું વકતૃત્વ,-બુદ્ધિમાનોના બુદ્ધિ પ્રદેશમાં નિશ્ચિત થતું જ નથી. આજ વાતનું સમર્થન પણ 'मुखाद्विना न वक्तृत्वं' ઇત્યાદિ પદ્યોથી વીતરાગ સ્તોત્રમાં કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી જણાવે છે. એટલે ઉપદેશના આદ્ય પ્રવર્તકો તીર્થંકરો શરીરધારિ હતા, અને હોય છે આ ઉપરથી કોઇ આત્મા પૂર્વભવમાં ઉપદેશકનો સમાગમ પ્રાપ્ત કરે છે, અને તે ઉપદેશકના સદુપદેશનું શ્રવણ કરીને સુધામય શ્રદ્ધાનું આસ્વાદન કરે છે; ત્યારે મોક્ષની યોગ્યતાને પુરવાર કરવારૂપ ગણત્રીના ભવોનું નિયમન કરે છે. આવીજ રીતિએ દરેકે દરેક તીર્થંકરોને સમ્યકત્વ પ્રાપ્તિના પ્રથમ ભવની શરૂઆત પણ તે તે ઉપદેશકનો સમાગમ અને તે તે ઉપદેશકોદ્વારા પ્રાપ્ત થયેલ ઉપદેશનું શ્રવણ કર્યા પછીજ થાય છે. આસન્નોપકારિ શ્રી મહાવીર મહારાજાને, અને આદ્ય-તીર્થંકર-પ્રભુ-શ્રીઋષભદેવને પણ અનુક્રમે નયસારના ભવમાં તથા ધનાસાર્થવાહના ભવમાં સર્વજ્ઞ-શાસન-સંચાલક-શ્રમણ ભગવંતોના સમાગમ, અને તેઓશ્રી દ્વારા

સદુપદેશ પ્રાપ્ત થયેલો છે. એટલે "ઉપદેશક અને ઉપદેશના યથાર્થ લાભની પ્રાપ્તિ વગર આ સંસારમાં કોઇનોએ ઉદ્ધાર થયો નથી, થતો નથી; અને થશે પણ નહિં," એ ત્રિકાલાબાધિત—અવિચ્છિન્ન-પ્રભાવમય સત્ય અદ્યાપિ પર્યંત અખંડિત રહેલું છે. શાસન-સંસ્થાપકો અને શાસન સંચાલકો શરીધારિ હોવાથી શરીરને મુકવાના છે એ વાત ચોક્કસ છે; એટલે પૂર્વકાલીન પૂ. તીર્થંકરોએ, પૂ. આચાર્યોએ, પૂ. ઉપાધ્યાયોએ, અને પૂ. સાધુ ભગવંતોએ ઉપદેશકપણાનું યથાર્થ કામ કરીને નાશવંત શરીરને મુકી દીધું છે. અને ભાવિકાલમાં તે ઉપદેશકપણાની ઉચ્ચતમ પદ્વિને વિભૂષિત કરનારા નવનવીન મહાભાગ્યશાલિઓ જન્મ ધારણ કરીને શરીરિપણામાં તે તે પદને શોભાવે છે. હવે પ્રશ્ન એકજ છે કે ઉપદેશક વગર ઉપદેશ હોઇ શકેજ નહિં, અને દરેકે દરેક ઉપદેશકને ઉપદેશ મળ્યા પછીજ ઉપદેશકપણું પ્રાપ્ત થાય છે; તો પછી **ઉપદેશક પ્રથમ કે ઉપદેશ પ્રથમ?** જો ઉપદેશકને પ્રથમ તરીકે સ્વીકારવામાં આવે તો ઉપદેશકના ઉપદેશની પ્રાપ્તિ કર્યા વગર ઉપદેશક થયો કે ઉપદેશ પ્રાપ્તિ કરીને ઉપદેશક થયો. આ પ્રશ્નની આંટી ગુંટી ઉકલે નહિં, ત્યાંસુધી ઉપદેશકની અને ઉપદેશની યથાવસ્થિત મર્યાદા સમજાયજ નહિં; માટે આ **પ્રશ્નના પ્રત્યવસ્થાન પિયૂષનું પ્રથમ આસ્વાદન કરીને આગળ વધીએ.**

ઉપદેશકપણાની યોગ્યતાવાળા તીર્થંકર.

અઢાર કોડાકોડી સાગરોપમનો કાળ ધર્મ વગરનો એટલે ત્યાગ, ત્યાગી અને ત્યાગના સાધન વગરનો ગયો. યુગલિઆઓના અવસરમાં પણ વિશ્વભરના પ્રાણિઓ ભોગોને ભોગવવામાં, ભોગના સાધનો મેળવવામાં, ભોગની સાધન-સામગ્રીઓને ટકાવવામાં અને વધારવામાં સમગ્ર જીવન પસાર કરી રહ્યા હતા. એટલે તે અવસરમાં ભોગ-ભોગી અને ભોગ-ભોગીના સાધન-સામગ્રી સંયોગોનીજ કીંમત હતી. ભોગ-ભોગી-અને ભોગના અસ્ખલિત પ્રવાહના પૂરમાં જગતભરના સઘળા જીવો તણાઇ રહ્યા હતા. અને તે ભયંકર-પ્રબળ-પ્રવાહમાં તણાતા જીવને તારવાનો ઉપદેશ દેનાર એક પણ ઉપદેશક તે કાળમાં તે સમયમાં હતોજ નહિં. ભોગના સુખમાં તલ્લીન બનેલી દુનિયાને-"**ત્યાગમાં સુખ છે, ત્યાગી સુખી છે, અને ત્યાગના સાધન સામગ્રી સંયોગો સુખ દેનારા છે**" આવો ઉપદેશ-આ ભાવને અનુસરતો ઉપદેશ આપનાર એક પણ ઉપદેશકની વિદ્યમાનતાજ નહોતી. આવા અવસરે નાભિ-કુલકરના સ્વર્ગીય-ગૃહમંદિરે વિશ્વોદ્ધાર કરવાનું કાર્ય કરવા માટે શ્રીઋષભદેવ પ્રભુનો જન્મ થાય છે. ત્રણ જ્ઞાને કરીને સહિત તીર્થંકરો હોવાથી "ભોગમાં દુઃખ છે અને ત્યાગમાં સુખ છે" આ ધારણાની દ્રઢતા અનેક ભવોથી કરીને આવ્યા છે. એટલે આ અવસર્પિણીમાં જન્મ પામેલા પ્રથમ તીર્થંકરે ૮૩ લાખ પૂર્વ સંસારમાં-ગૃહસ્થાશ્રમમાં વ્યતીત કર્યા. ભવાન્તરમાં આરાધના કરીને આવેલા તીર્થંકરો 'ત્યાગમાંજ સુખ છે, ત્યાગમાં

સુગમજ છે' આ માન્યતામાં મુદ્દલનો જોરેજ ત્યાગી બને છે, અને સાથે ચાર હજાર મનુષ્યો દીક્ષિત થાય છે; છતાં સર્વજ્ઞ કથિત-ઉપદેશના અભાવમાં જૈન સાધુપણું મુક્તિમાં સાધવા બધા તાપસો બને છે. ધર્મતીર્થથી પહેલે શોભાવનાર તે પ્રભુ ઉપદેશ આપીને સંસાર સમુદ્રમાં ડૂબતા ચાર હજારને તારી શકે છે, છતાં ઉપદેશ કેમ આપતા નથી?, શાસનની મર્યાદા સમજનારે કહેવું પડશે કે—હાય જેટલો લાભ થવાનો હોય, પરંતુ તીર્થંકરો દીક્ષા લઈને, ઘોર પરિસહ ઉપસર્ગો સહન કરીને, ગ્રામાનુગ્રામ વિચરીને, અપ્રમત્તપણે સંયમ સેવીને, ચાર ઘનઘાતી કર્મોને (જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય-મોહનીય-અને અંતરાય એ ચાર ઘાતીકર્મોને) તોડીને, કેવલ્ય જ્ઞાન પામીનેજ ઉપદેશ દઈ શકે છે; અન્યથા ઉપદેશક તરીકે ઉપદેશ દેવાનું પારમાર્થિક કર્મ કરતાંજ નથી, પૂર્વે કોઇ (તીર્થંકર) એ કર્યું નથી, અને ભાવિમાં કોઇપણ કરશે નહિ; આ એકાટ્ય-સિદ્ધાંત શાસનમાં સર્વદા સુપ્રસિદ્ધજ હતો, અને છે.

ઉપદેશક અને ઉપદેશ પણ અનાદિનાં.

એક હજાર વર્ષ સુધી ઘોર તપશ્ચર્યા તપીને, પ્રથમ તીર્થંકર પ્રભુ શ્રી ઋષભદેવે સમવસરણમાં દેશના દેઇને ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. હવે આ જગતમાં આ અવસર્પિણીમાં પ્રથમ રાજા, પ્રથમ ભિક્ષુક, પ્રથમ તપસ્વી, પ્રથમ પ્રજાપતી, અને પ્રથમ ઉપદેશક તરીકે હોય તો શ્રી આદિનાથ-શ્રી ઋષભદેવ પ્રભુજ છે, એમ કહીએ તો શો વાંધો છે?, સર્વજ્ઞ કથિત ઉપદેશ શ્રવણ કરે નહિં ત્યાં સુધી કોઇપણ તીર્થંકરને ભવ નિયમન કરાવનાર સમ્યક્ત્વ રત્નની પ્રાપ્તિ થતીજ નથી. એટલે આ શ્રી ઋષભદેવને આ અવસર્પિણીના પ્રથમ તીર્થંકર-પ્રથમ ઉપદેશક સ્વીકારીએ, પરંતુ તે ઉપદેશકપણાની પ્રાપ્તિને યોગ્ય થવામાં પ્રથમ ભવમાં (ધનાસાર્થવાહના ભવમાં) શ્રીધર્મઘોષ-અણગારનો સમાગમ અને સર્વજ્ઞ કથિત ઉપદેશનું શ્રવણ પ્રાપ્ત થયું હતું. આ ઉપરથી આ અવસર્પિણીના સઘળા તીર્થંકરોને ભવ નિયમન કરાવનાર સમ્યક્ત્વ-રત્નની પ્રાપ્તિને અનુકૂળ ઉપદેશ આપનાર શ્રમણ ભગવંત રૂપી ઉપદેશકોનો સમાગમ થયેલો છે. તે તેઓશ્રીના જીવનચરિત્રો સાક્ષિ પૂરે છે. હવે જ્યારે તે તે તીર્થંકરોને પણ સમ્યક્ત્વ પ્રાપ્તિના પ્રથમ ભવમાં સર્વજ્ઞ કથિત ઉપદેશ દેનારા-ઉપદેશકોનો સમાગમ થયો છે, તો પછી તે તે ઉપદેશકોને ઉપદેશ દેનારા ઉપદેશકોનો સમાગમ થયેલોજ હોવો જોઇએ. આ ઉપરથી સર્વજ્ઞકથિત ઉપદેશ દેનારા ઉપદેશકો અને સર્વજ્ઞકથિત ઉપદેશની પરંપરા અનાદિની છે.

આ બન્નેને અનાદિના ન સ્વીકારીએ તો સદુપદેશક વગર સદુપદેશ થઇ ગયો, અથવા તો સદુપદેશની પ્રાપ્તિ વગર સદુપદેશક થઇ ગયો. અને આથીજ જૈન શાસનના સ્થાપક-તીર્થંકરોની અનંતાનંત ચોવીશી સ્વીકારેલી છે. એટલે તે તીર્થંકરની શરૂઆત ક્યારે

પણ કે તે કહી શકાયજ નહિં. જેવી રીતે વર્તમાનમાં જન્મ પામેલા સદ્ગુરૂની જાતની પેઢીના નામનું ઉચ્ચારણ કરીએ તો પણ જાતની પેઢીના નામને શોભાવનારના જાત-પિતા હોવાંજ જોઇએ, તેવીજ રીતિએ જીનેશ્વર ભગવંતના શાસનમાં સદુપદેશક સર્વજ્ઞ ભગવંત તીર્થંકરો અને તેઓના ઉપદેશની વ્યવસ્થા પણ અનાદિની છે એ મર્યાદા સમજવા સારૂ હવે આપણે આગળ વધીએ.

વર્તમાન-સદુપદેશના આદ્ય-પ્રવર્તક.

જ્યારે અનંતા અનંત ચોવીસીઓ છે, ત્યારે તીર્થંકરો પણ અનંત, ગણધરો પણ અનંત; અને તે તે ગણધર ભગવંતોની દ્વાદશાંગિઓ પણ અનંતજ હોય એ સ્વાભાવિક છે. દરેકે દરેક ઉત્સર્પિણીમાં અને અવસર્પિણીમાં ઉત્પન્ન-થનારા-તીર્થંકરોને તે તે કાળમાં પોત-પોતાના શાસનમાં સદુપદેશના આદ્ય પ્રવર્તકો માનેલા છે, અને તે બધાને તીર્થંકરો કહેવાય છે; પરંતુ તે તીર્થંકરપણું પ્રાપ્ત થવાની મોક્ષ ભૂમિ ઉપર આરૂઢ શી રીતે થયા ?; તે તપાસીએ તો મુખ્યે જણાશે

સદુપદેશક-સદુપદેશની અનાદિ વ્યવસ્થા

બુદ્ધિ પ્રદેશમાં નિઃશંકપણે નિશ્ચિત થાય છે. આ અવસર્પિણીમાં ચોવીશ તીર્થંકરો થયાં, અને તે સર્વે ૨૪ તીર્થંકરોના ૧૪૫૨ ગણધરો થયાં. તે તે ગણધરોએ તે તે તીર્થંકરોના શાસનમાં ભગવાન્ તીર્થંકર પાસેથી ત્રિપદી (ઉપન્નેઇ વા વિગમેઇ વા ધુવેઇ વા) એટલે ત્રણ પદો પામીને શ્રીજીબુદ્ધિના, અને કોષ્ઠ બુદ્ધિના ધણી તેઓ દ્વાદશાંગીની રચના કરે છે. એટલે આસન્નોપકારિ=ચરમ-તીર્થંકર-શ્રીમહાવીર મહારાજાએ ઘર સંસાર છોડીને, સાધુ બનીને, આશ્રવદ્વારોને ધ્યાનમાં લેઇને, આવતાં કર્મો પર નિર્નિમેષ નજર રાખીને, સંવર ભાવનું સેવન કરીને, ઘોર ઉપસર્ગ-પરિસહોને સમ્યક્-પ્રકારે સહન કરીને, પૂર્વ બાંધેલા કર્મોને તોડીને, સાડાબાર વર્ષ પર્યંત વિવિધ તપોકર્મ તપીને, ઘનઘાતી ચારેનો ક્ષય કરીને; પછી રજુવાલિકા નદી કિનારે ભગવાન્ કેવળજ્ઞાન પામ્યા. દેવોએ સમવસરણની રચના કરી અને શ્રવણ કરવા આવનારાઓ આવ્યા ખરા, પરંતુ યોગ્યતાના અભાવે સદુપદેશનું ફળ વિરતિધર્મ કોઇપણ પામી શક્યાજ નથી, સદુપદેશ પામનારાઓ જ્યાંસુધી સર્વ વિરતિ-ધર્મ પામી શકતાં નથી, ત્યાંસુધી સદુપદેશનું ફળ બેહું છે એમ કહેવાતું નથી, આથી ભગ-વંતની દેશના નિષ્ફળ ગઈ, અને આશ્ચર્ય મનાયું. પૂર્વે થયેલા ત્રેવીસ તીર્થંકરોએ જે ક્ષેત્રમાં જે દિવસે ઘનઘાતી-કર્મોને ચૂર્ણ કર્યા તેજ દિવસે તેજ ક્ષેત્રમાં દ્વાદશાંગીની રચના કરનાર ગણધરો સહિત ચતુર્વિધ સંઘની સ્થાપના કરેલી છે, પરંતુ વર્તમાન-શાસનના નાયક શ્રીવર્દ્ધમાન સ્વામીજીને વૈશાખ સુદ ૧૦ ના રજુવાલિકા નદી કિનારે કેવળજ્ઞાન થયું, ત્યારે તેમના પટ્ટપ્રભાવક શિષ્ય ગણધરોના હાથે દ્વાદશાંગીની રચનાદિ વૈશાખ સુદ ૧૧ ના દિવસે મહસેન નામના વનમાં થઇ. આ ઉપરથી વર્તમાનકાલિન-ચતુર્વિધ સંઘ સદુપદેશ સુધાનું પાન કરીને જે જીવન કૃતાર્થ કરી રહ્યો છે તે સદુપદેશના આદ્ય પ્રવર્તક પુણ્ય શ્લોક ભગવાન્ શ્રીવર્દ્ધમાન સ્વામી છે.

શ્રુત-સંપદાનું મૂળ.

મહસેન નામના વનમાં દ્વિતીય સમવસરણની રચના દેવોએ કરી. તે સમવસરણ મધ્યે અગીઆર મુખ્ય બ્રાહ્મણોનું ૪૪૦૦ ના પરિવાર સાથે આવાગમન થવું, મુખ્ય અગીઆર બ્રાહ્મણોના હૃદયમાં લાંબા કાળથી સ્થિર થયેલ શંકાના સમાધાન સાથે ચુમ્માલીસસોના પરિવાર સાથે દીક્ષિત થવું, અને પૂર્વે જણાવેલ અગીઆરે ગણધરોએ (મુખ્ય શિષ્યોએ) ત્રિપદિ પામીને અંતર્મુહૂર્તમાં તેઓના હાથે દ્વાદશાંગીની રચના થવી; આ બધો વૃત્તાંત વિસ્તારથી જાણવાની જિજ્ઞાસાવાળાએ આવશ્યક-સૂત્ર-વૃત્તિ આદિથી અવલોકન કરવો જરૂરીનો છે. અગીઆર ગણધરો પૈકિ નવ ગણધરો તો પ્રભુ મહાવીરની હયાતિમાંજ કાળ ધર્મ પામીને મોક્ષે જવાથી, અને પ્રથમ ગણધર ગૌતમ સ્વામીજી (શ્રી ઇન્દ્રભૂતિજી) પણ કાળ ધર્મ પામીને મોક્ષે જવાથી દશે ગણધરોના સઘળાએ પરિવારાદિ પંચમ-ગણધર—ભગવાન્-શ્રીસુધર્મસ્વામીજીને સુપ્રત થયાં. એટલે તે કાળથી અદ્યાપિ પર્યંત વર્તમાન કાલીન સર્વ સાધુ-સાધ્વીઓ તેઓશ્રીના (શ્રી સુધર્મસ્વામીજીના) સંતાનીયાપણે વર્તે છે એ શાસ્ત્ર-સુપ્રસિદ્ધ વાત છે. આ ઉપરથી વર્તમાન કાલે જૈન શાસનનું સંચાલન કરનારા પૂ. આચાર્ય ભગવંતો, પૂ. ઉપાધ્યાય ભગવંતો અને પૂ. શ્રમણ ભગવંતો સ્વપર કલ્યાણાર્થે જે સદુપદેશની અમોઘવર્ષા વર્ષાવી રહ્યા છે, તે સર્વનો આધાર પંચમ ગણધર ભગવંત શ્રી સુધર્માસ્વામીજીની આ દ્વાદશાંગી ઉપરજ અવલંબે છે. **મોક્ષમાર્ગના અભિલાષિ-સાધુ-શ્રાવક-શ્રાવિકાએ સ્વપરહિતકર મોક્ષમાર્ગમાં અસ્ખલિત ગમન કરીને ઇષ્ટ સિદ્ધિ સાધવી હોય તો દ્વાદશાંગિ પૈકિ અગીઆર અંગોને આગળ કરીનેજ (અગીઆર અંગોના ભાવથી ભાવિત થઇને) જીવન જીવવાની સર્વજ્ઞાદિ ભગવંતો તરફથી ભલામણ સર્વદા સર્વત્ર નિશ્ચિત થઈ ચુકી છે.** આ ઉપરથી સ્વતંત્રપણે બોલવાનો કે સ્વતંત્રપણે આલેખન કરવાનો હક્ક વર્તમાનકાલીન—શાસનમાં ચતુર્વિધ—સંઘની કોઇપણ વ્યકિતને આપેલોજ નથી, કારણ કે શાસન-સંસ્થાપક-તીર્થંકરો પણ કેવળ-જ્ઞાનની પ્રાપ્તિ થયા પછીજ એટલે તે પ્રકટ થયા પછીજ તેઓ સ્વતંત્રપણે બોલે છે. એટલે વિશ્વોદ્ધારક-ત્રૈલોક્યનાથ-તીર્થંકર પાસેથી અતિ-વિનમ્રપણે ત્રિપદી પામીને, અર્થમય દેશ-નાને અવધારણ કરીને; અને તેજ અર્થને અનુલક્ષીને સૂત્રોની રચના શ્રીમદ્ ગણધર ભગવંતો કરે છે. અને સર્વજ્ઞ કથિત-અર્થાનુ-સારિજ તે સૂત્રો છે તેની વાસ્તવિક છાપ મહો-રજ અંકિત કરાવતાં હોય તેમ તેજ ગણધરોને પોતાની અધ્યક્ષતામાં કેવળજ્ઞાનિઓ વિદ્યમાન હોવા છતાં પણ તેઓની પાસે દ્વાદશાંગ દ્વરાવે છે. એટલે વર્તમાન સદુપદેશના મૂળભૂત અંગોના પ્રણેતા ગણધર છે, અને **વર્તમાન કાલીન સઘળીએ શ્રુત સંપદાના મૂળ પ્રણેતા શ્રી સુધર્માસ્વામીજી છે.** એક પણ અધ્યયન, એક પણ ઉદ્દેશ, એક પણ શતક, એક પણ પ્રકરણ, એક પણ આલાવો; કે એક પણ સૂત્રની મૂળ ભૂમિકા વિચારીએ તો આદ્ય પ્રણેતા શ્રી સુધર્માસ્વામીજ છે એ માન્યતાને વિવેકીઓએ સુદૃઢપણે સ્વીકારવી જરૂરીની છે.

(ટાઈટલ પેજ ૪ થી ચાલુ)

૭૪૩. બાલ્યકાળ એ અજ્ઞાનની અવિરત-આંધી છે, અને બાકી અજ્ઞાનની અવિરત-આંધીરૂપ અવસ્થામાં બાલ્યકાળનો પહેરેગીર લુંટારાઓનો સાથી બનીને આત્મિક ધન લૂંટે છે, તે બાળકો સમજી શકતા નથી; અને વડીલપણાની કાર્યવાહિ કરવામાં એનશીબ નીવડેલા એવા વડીલ બનીને બેઠેલાઓ પણ સમજાવી શકતા નથી, એજ ખેદની વાત છે.

૭૪૪. યુવાવસ્થાને હિન્દી ભાષામાં 'જવાની' કહેવામા છે, જવા સર્જાયેલી-'જવાની' એ શબ્દના પરમાર્થ પરથી વિવેક આવી જાય તો યુવાવસ્થા ભોગવનાર યુવાન ભાગ્યશાળી છે.

૭૪૫. ખરેખર ! જવા સર્જાયેલી જવાનીમાં (યુવાનીમાં) સ્વ-પરહિત સાધી શકાય તેટલું સાધી લો, નહિં તો યુવાવસ્થાનો પહેરેગીર પોકારી રહ્યો છે કે-'હું જાઉં છું અને પછી તમે પસ્તાશો' આ અર્થસૂચક સલાહ પર ધ્યાન આપો.

૭૪૬. યુવાવસ્થાનો પહેરેગીર લુંટારાઓનો સાથીદાર ન બને તેની સાવધાની રાખો, નહીં તો ઘેળે દહાડે લુંટાઈ જશો.

૭૪૭. યુવાવસ્થાનો પહેરેગીર કિંમતી જીવનરૂપ ઝવેરાતથી ભરપૂર-જીવનને રફે દફે કરીને લુંટી રહ્યો છે, તે યુવાનીના મદમાં મદોન્મત બનેલા યુવાનો સમજી શકતા નથી એજ આશ્ચર્ય છે.

૭૪૮. યુવાવવસ્થાનો પહેરેગીર બદલાય નહિં, ત્યાં સુધીમાં સ્વ-પરહિત સાધી લો, નહિંતર વૃદ્ધાવસ્થાના પહેરેગીરના પહેરા તળે અશકિતના અવિરત પોકારોમાં તમારૂં કિંમતિ જીવન ચાલ્યું જશે, અને તમારી ધારેલી ધારણાઓ ધૂળમાં મળી જશે એ યાદ રાખો.

૭૪૯. અઘોરી બાવાની જેમ દ્રવ્ય નિદ્રાધીનોને જગાડવા જેટલાં મુશ્કેલ છે, તેના કરતાં એ જ્ઞાન-દર્શન-ચારિત્ર્યની આરાધના વગરના ભાવ નિદ્રાથી ભાવિત થયેલાઓને જગાડવા અતિ અત્યન્ત મુશ્કેલ છે.

૭૫૦. ભાવ-દયાને યોગ્ય-બનેલા ભવ્યાત્માઓને જગાડવા એ અતિ મુશ્કેલ અને કઠીન કાર્ય છે, છતાં પણ જગાડનારાઓ જગતનો આશીર્વાદ મેળવીને જીવન સફળ કરે છે એ નિઃશંક સત્ય સમજીને આગળ વધવું જરૂરીનું છે.

[ટાઈટલ ૧ લા પેજથી ચાલુ]

ભવ્યાત્માઓ માટે અતીવ લાભપ્રદાયિ અને અર્થસૂચક હિત-સૂચન છે. સૂતેલાઓને જગાડવા માટેનો આ સ્તુત્ય પ્રયાસ છે. "તમે જાગો, તમે કેમ જાગતા નથી" એમ કહીને, સંસારની સઘળીએ આળ પંપાળ મુકીને, આધિ-વ્યાધિ-ઉપાધિઓના અનેકવિધ-અહિતકર ચક્રાવામાંથી બહાર આવીને, અને જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ ધર્માનુષ્ઠાનની સેવનામાં ઉજમાળ થાઓ, એજ વાસ્તવિક જાગ્રતદશા છે. અઘોરી બાવાની દ્રષ્ટિની જેમ પ્રમાદીઓ ઉંઘતા ગુમાને છે, માટે "તમે જાગો તમે કેમ જાગતા નથી." એ આ સૂત્રનો પરમાર્થ છે.

સુધા-વર્ષા.

આલેખનકારઃ—સુધાવર્ષી–પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

૭૩૫. જૈન કૂળમાં જન્મીને જેઓ મૈત્ર્યાદિ-ભાવથી ભાવિત થયા નથી, તેઓ પામવા લાયક હજુ સુધી પામી શકયાજ નથી; કારણ કે ધર્મની પ્રાપ્તિમાં; ટકાવમાં; અને વૃદ્ધિમાં મૈત્ર્યાદિ-ભાવની પ્રાપ્તિ થવી એ પ્રથમ ભૂમિકા છે.

૭૩૬. માનસિક-વિચાર કરવાની શક્તિ પ્રાપ્ત થયા છતાં, પણ સ્વ-પરહિતકર ભાવ-ધર્મની પ્રાપ્તિ વગરનું મન વાંઝિયું છે; એ સમજતાં શીખો.

૭૩૭. વ્યકિત-રાગના વિષમ વાતાવરણમાં પણ શ્રીનવપદની અમોઘ-આરાધના ગુણાનુરાગિપણાનું અનુકૂળ વાતાવરણ ઉભું કરીને, નિર્ગુણીને પણ ગુણી બનાવવાનું શિક્ષણ આપે છે; એ ધ્યાનમાં રાખો.

૭૩૮. આરાધના કરનાર આરાધ્ય-ભગવંતોની આરાધનામાં ઓતપ્રોત થયો છે, તે માટે ત્રણ (૧ ખંતો, ૨ દંતો, અને ૩ સંતો.) પોઈંટવાળા થર્મામિટરથી આત્માને તપાસતાં શીખો.

૭૩૯. ૫ "ખંતો, દંતો અને સંતો" એટલે ૧ ક્રોધાદિનો ઉપશમ-ભાવ, ૨ ઇન્દ્રિયોપરના વિજય સાથે તેની (ઇન્દ્રિયોની) પાસે ધાર્યું કામ કરાવવાની આવડત, અને સ્વ-પરહિતકર-માનસિક વિચારોનું પરિશિલનના પ્રબળ વેગમાં વીર્યોલ્લાસ પૂર્વક આગળ વધવું એજ આરાધનાની અવિરત-કૂચ છે.

૭૪૦. આ ખંતાદિક-ત્રણેના વિશુદ્ધ-વાતાવરણની આરાધનાના અસ્ખલિત-આંદોલનોમાં આરાધકોની આરાધના વિજયવંતી નીવડી છે, એ ભૂલવા જેવું નથી.

૭૪૧. ૬ "વચન વિશ્વાસે, પુરૂષ વિશ્વાસ" નામના સિદ્ધાંતનું સેવન-કરનાર ગણધર ભગવંત શ્રી ગૌતમ-સ્વામિજીની પૂર્વાવસ્થાનું પર્યાલોચન કરો.

૭૪૨. "પુરૂષ વિશ્વાસે વચન વિશ્વાસ" અને "વચન વિશ્વાસે પુરૂષ વિશ્વાસ" આ બે સિદ્ધાંતનો સમન્વય નહિં કરનારાઓ, અને પરમાર્થને નહિં સમજનારાઓ, પ્રાતઃસ્મરણીય પુણ્ય-પુરૂષોના જીવન વૃત્તાંતોને ઘટાવવામાં અન્યાય આપવાની ઉતાવળ કરે છે; તે સમજવાની જરૂર છે.

(વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૩ જું.)

પૂ. પંન્યાસશ્રી ભદ્રંકરસાગરજી જ્ઞાનભંડાર
શ્રીમહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા-ગાંધીનગર પિ ૩૮૨૦૦૯

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૫-અંક-૧૧ મો. શ્રાવણ-માસ. તા. ૧૭-૮-૪૯.

ॐ नमः सिद्धचक्राय, शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—અને સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે, માટે શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ. —**સુધાવર્ષી.**

વાસ્તવિક-વિજય-પ્રાપ્તિ:

આલેખનકાર:—પૂ. પંન્યાસપ્રવર-શ્રીચન્દ્રસાગર-ગણીન્દ્ર.

विसएसु इंदिआइं रुंभंता रागदोसनिमुक्का ।
पावंति निव्वुइसुहं कुम्मुव्व मयंगदहसोक्खं ॥ १ ॥

ઇન્દ્રિયોના ત્રેવીસ વિષયો, અને તેના બસો આવન વિકારોમાં બ્હેકી ગયેલી પાંચે ઇન્દ્રિયો પર વિજય મેળવનારાઓ, અને રાગદ્વેષથી વિરામ પામેલાઓ, મૃતગંગાહ્રદના સુખને પામનારા કાચબાની જેમ મોક્ષસુખને પામે છે. વિશેષત: જાણવાની ઇચ્છાવાળાઓએ **શ્રી જ્ઞાતાજી** સૂત્રમાં કૂર્મ નામના ચોથા અધ્યયની વૃત્તિનું અભ્યાસકે વાંચન-મનન-પરિશીલન કરીને કૃતાર્થ થવું.

વી. સં. ૨૪૭૫.
વિ. સં. ૨૦૦૫.

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ. નં. ૨

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના
રૂ. ૦—૪—૬

અનુમોદનીય-પ્રસંગ.

વિ. સં. ૨૦૦૫ અશાડ વદ ૯)) ને તા. ૨૫-૯-૪૯ ને સોમવારના મંગળમય પ્રભાતે પ્રાતઃસ્મરણીય પૂ. આગમોદ્ધારક શ્રી આનન્દસાગર સૂરીશ્વરજીનો જન્મ દિવસ હતો. તે દિવસે શ્રીઆગમોદ્ધારક-સંસ્થાના કાર્યવાહકો તરફથી શ્રીસુરત શહેરના સર્વ દેરાસરોમાં જિનેશ્વર ભગવંતોને આંગી પૂજા, અને શ્રી વર્દ્ધમાન જૈન તામ્રપત્ર આગમ મંદિરમાં ભારે આંગી, પૂજા-ભાવના અને નવાણું પ્રકારી પૂજા પ્રભાવના રાખવામાં આવી હતી, અને સાકરના પાણી પણ હતાં.

શ્રી નેમુભાઈની વાડીના ઉપાશ્રયના આવનાર શ્રી સંઘ તરફથી શ્રી અનંતનાથજીના દેરાસરે શ્રી અંતરાય કર્મની પૂજા, અને ભારે આંગી-પૂજા પ્રભાવના હતી. પૂ. આગમોદ્ધારકની જન્મ તિથિની ઉજવણી પ્રસંગે ઉપાશ્રયનો હોલ સાધુ-સાધ્વીઓ, અને શ્રાવક-શ્રાવિકાઓથી ભરપૂર ભરાઈ ગયો હતો, પૂ. શ્રી માણિક્યસાગર સૂરીશ્વરજીની અધ્યક્ષતામાં ઉજવણીની શરૂઆત થઈ હતી. શરૂઆતમાં છઠ્ઠા અંગ શ્રી જ્ઞાતાજી સૂત્રના પ્રથમ અધ્યયન ઉપર પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર મહારાજે વ્યાખ્યાન કર્યું હતું, અને તે ચાલુ પ્રસંગને અનુરૂપ હતું. ત્યારબાદ જનમનગર વાસ્તવ્ય શ્રેષ્ઠિ બાલુભાઈ લાલનની પુત્રી પુષ્પાવતીએ ભાવવાહી સ્તુતિથી યશોગાન શરૂ કર્યાં:—

જુગ-જુગ-જીવો આગમ ઉદ્ધારક !
જુગ-જુગ-જીવો (એ ટેક)

આગમના અગમ્ય અર્થોને, સહેલે સમજાવી,
શાસનના ઉપકારી; જુગ-જુગ-જીવો (૧)

આગમ ઉદ્ધારક બિરૂદને દીપાવી
દીપક સમો આગમ-કોષ બનાવી,
કીધો બહુ ઉપકાર-જુગ (૨)

વર્ષ પંચોતેર સાલ મુબારક,
સૂર્યપુરે ઊજવાય-જુગ-જુગ (૩)

શીલા તામ્રે આગમ લખાવી
દેવર્ધિની સ્મૃતિ કરાવી
શાસન દીપક-જુગ-જુગ-જીવો. (૪)

શિષ્ય-પ્રશિષ્યો સાથે મળીને
ગુરૂ જયન્તિ ઊજવાય
જુગ-જુગ જીવો (૫)

ત્યારબાદ બાલુભાઈ લાલને આજના મેળાવડાનો ઉદ્દેશ અને જરૂરીયાત સમજાવી હતી. તે પછી તેઓશ્રીના વક્તવ્યનો સાર આ પ્રમાણે છે. આગમોદ્ધારક આચાર્ય દેવેશ !! હિંદુસ્તાની કિંમત કેટલી જૈનોમાં અંકાય છે એમ નહિં પણ હિંદુસ્તાનના જનેતરોમાં અને પાશ્ચમાત્ય દેશોમાં તો વધુને વધુ કિંમત અંકાય છે દાખલા તરીકે જનમનગરથી મોકલાવેલ પુસ્તકો, અને શ્રી આગમોદય સમિતિના મોકલાવેલ ગ્રંથો જ્યારે તેઓને મળે છે, ત્યારે 'ઓટો હેરીઝો વીટ્રસ' પત્રદ્વારાએ જણાવે છે કે—"આ મહાન્ આગમોદ્ધારક કોણ છે ?, એમની વિદ્વતા માટે અમોને માન છે, પરંતુ તેઓશ્રી કેટલા પાઉંડના ખર્ચે અહિં આવી શકશે, અને તેઓશ્રીનું વક્તવ્ય સાંભળવા મળશે ?, તે તુરતમાં જણાવવું " આ ઉપરથી તેઓશ્રીની કિંમત જૈનેતર સમાજમાં કેટલી છે તે સમજી શકાય તેમ છે પૂ. ગુરૂદેવ વિરચિત શ્રમણ ધર્મ સહસ્ત્રાંનો એક શ્લોક ગાઈને પોતાનું વક્તવ્ય સમાપ્ત કર્યું હતું.

ત્યારબાદ વકીલ હોકારભાઈએ પૂ. આચાર્યશ્રી માટે સારા શબ્દોમાં વિવેચન કરતાં કહ્યું હતું-કે શાસનના સદ્‌ભાગ્યે આચાર્યશ્રીની વર્ષગાંઠ ઊજવવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે. કારણ કે એ દિવસ પર તબીયત ઘણીજ નાદુરસ્ત હતી તેમાંથી તેમને શાસનદેવે શાસન અને સમુદાય માટે ઉગાર્યા છે. અને હજુ તેમને હાથે ઘણું કામ થવાનું હશે. તેમના જ્ઞાન પરત્વે પ્રકાશ

(વધુ માટે જુઓ ટાઈટલ પેજ ૩ જું.)

આગમોદ્ધારકની અમોઘ-દેશના.

[નોંધ:—વિ. સં. ૧૯૯૦ના ચાતુર્માસમાં સુરત મુકામે પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ-આગમોદ્ધારક-શ્રીઆનંદસાગરસૂરીશ્વરજીએ શ્રીજ્ઞાનસાર અષ્ટકજી નામના નવમા ક્રિયાષ્ટક ઉપર આપેલ અમોઘદેશનાનો સારભૂત સંગ્રહ કરનાર પૂ. પં. શ્રીહેમસાગરજી પાસેથી મેળવીને, પૂ. પંન્યાસ-પ્રવરશ્રીચન્દ્રસાગરજી-ગણિન્દ્ર પાસે પેરેગ્રાફાદિ સુધારા વધારા સાથે તૈયાર કરાવીને, અત્ર અપાય છે; છતાં પૂ. દેશનાકારના આશય વિરુદ્ધ કાંઈપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની અત્ર અમે ક્ષમા યાચીએ છીએ. લિ૦ મન્ત્રી.]

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. આત્મજ્ઞાની ગેરહાજરીથી પ્રવૃત્તિમાં ગોટાળો.

૨. "ભાવના—ભવનાશિની" એ સત્યજ્ઞાનનું કાર્ય છે.

૩. અન્વય-વ્યાપ્તિને વ્યવસ્થિત કર્યા વગર વ્યતિરેક-વ્યાપ્તિને સિદ્ધ કરવા જનારો ન્યાય માર્ગને સમજતો નથી.

૪. "ક્રિયાથી નિરપેક્ષ રહીને જ્ઞાનથીજ ફળ મળે છે" એવું એક પણ દૃષ્ટાન્ત જ્ઞાનવાદિએ જગત્માંથી શોધી કાઢીને બતાવ્યું નથી.

૫. ગુરુકુળવાસની સેવા કર્યા વગર નયવાદની નિર્મળતા સમજાતી નથી.

૬. જ્ઞાન વગરની ક્રિયા કરનારા પર આણુ પૂજાતા નથી.

૭. જ્ઞાન વગરની ક્રિયામાં અને ક્રિયા વગરના જ્ઞાનમાં વાસ્તવિક ફળ દેખાતું જ નથી.

૮. પોતાના પક્ષની સાબિતી કર્યા વગર સામાનો પક્ષ તોડવા મથવું તે નિતંડાવાદ છે.

૯. હેય-ઉપાદેય અને ઉપેક્ષાના વિષયને જાણ્યા પછીજ આદરવાનો પ્રયત્ન થાય છે તે સમજતાં શીખો.

૧૦. વાદિ-પ્રતિવાદિના પક્ષોનું કથન અને સમર્થન કર્યા પછીજ જિજ્ઞાસુકારો નિર્ણય આપે છે.

૧૧. જ્ઞાનનો અને ક્રિયાનો સંબંધ સાથે હોય તોજ મોક્ષ થાય છે. આ શાસ્ત્રીય-રિતે છે.

૧૨. ગીતાર્થની નિશ્રાએ રહેલા-અજ્ઞાનીને જ્ઞાની માનવા જૈન શાસન તૈયાર છે, પણ ક્રિયાવાળાની નિશ્રાએ ક્રિયા નહિં કરનારને ક્રિયાવાળો માનવા તૈયાર નથી.

૧૩. ગીતાર્થની નિશ્રાવાળાને જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છા માત્રથી જ્ઞાની મનાય છે, તેવું ક્રિયામાં નથી.

૧૪. આંધળાને નશીબ જોગે કાંટા દૂર કરનારો મળી જાય, તેમ મોક્ષ માર્ગમાં ગીતાર્થ ભગવંતોએ સૂત્રાર્થદ્વારાએ કાંટા વિગેરે દેખાડી દીધા, હવે ચાલવાનું કામ સ્થાન પ્રાપ્ત કરનારે કરવું જ પડશે; એ યાદ રાખો.

૧૫. જ્ઞાનાવરણીયના ઉદયથી ઘેરાયેલા અજ્ઞાનિયોને શાસ્ત્રમાં ગીતાર્થની નિશ્રાએ

ઉંચા ગણવાનો હક છે, પરંતુ ચારિત્ર-મોહનીયના ઉદયથી ક્રિયામાં ન પ્રવર્તે તેઓને ઉંચા ગણવાનો હક રહી શકતો નથી; તે સમજતાં શીખો.

૧૬. નિશ્ચા માત્રથી, અને પ્રાપ્ત કરવાની ઈચ્છા માત્રથી, જ્ઞાન ફળ દેનારૂં છે; પણ ક્રિયા તેવી રીતે ફળ દેતી નથી.

૧૭. ઈચ્છા માત્રથી અને સંસર્ગ માત્રથી ક્રિયા ધાર્યું ફળ નિપજાવી શકતી નથી.

૧૮. નિર્વિકલ્પપણું એજ જ્ઞાનનું ફળ છે, અર્થાત્ કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં ક્ષપક શ્રેણીની ક્રિયા સ્વીકારવીજ પડે છે.

क्षायोपशमिके भावे, या क्रिया क्रियते तया ।
पतितस्यापि तद्भाव-प्रवृद्धिर्जायते पुनः ॥ ६ ॥

જ્ઞાનવાદિની દલીલ.

શાસ્ત્રકાર મહારાજ ન્યાયાચાર્ય શ્રીમાન્ યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે શ્રી અષ્ટકજી નામના પ્રકરણની રચના કરતાં થકાં **क्षायोपशमिके भावे०** એ પદ્યના પરમાર્થમાં આગળ સરવી ગયા કે જ્ઞાનવાદિના અને ક્રિયાવાદિના મતો ભિન્ન ભિન્ન છે. પ્રથમ આપણે જ્ઞાનવાદિનો મત વિચાર્યો છે. જ્યાં જુદા જુદા પક્ષો સ્વતંત્રપણે સ્થાપન થયા છે, ત્યાં પણ પ્રથમ જ્ઞાનવાદી, અને પછી ક્રિયાવાદી એમ અનુક્રમે સ્થાપન થયા છે; અને આપણે તે બંને વિચાર્યા છે. જ્ઞાનજ ફળ દેનારૂં છે, અને ક્રિયા ફળ દેનારી નથી; ક્રિયા ફળ દેનારી છે અને જ્ઞાન ફળ દેનારૂં નથી; પણ જ્ઞાન ફળ દેવાવાળું છે તે સમ્યગ્ જ્ઞાનથી પ્રવર્તેલો હોય તેનેજ ક્રિયા દ્વારાએ ફળ મળે છે, પણ મિથ્યા જ્ઞાનથી પ્રવર્તનારને ફળ મળતું નથી. માટે જ્ઞાનવાદીએ વચમાં પ્રવૃત્તિ તો રાખી, પણ ખોટું શું ? 'मिथ्याज्ञानात् प्रवृत्तस्य' ખોટા જ્ઞાનથી પ્રવર્તેલાને ધારેલું ફળ મળતું નથી. છતાં પ્રવૃતિ-લઈને પોતાનો પક્ષ મજબુત કરે છે. એક ભાઈએ દરજીને એક સુરવાલ શીવવા આપ્યો. દરજી નિંદ્રામાં હશે, અને તેથી છેડા એવા એકઠા કરી બખીયો દીધો કે પહેરવા લાયકના સ્થાનમાં રાખવા લાયક જગ્યા રાખી શકયો નહિ. હવે આખો બખીયો દીધા પછી વાત સ્મરણ થઈ કે હવે શું કરૂં ?, તેથી એક છેડાથી તપાસવા લાગ્યો. પ્રવૃતિમાં સરખું હતું, પણ જરા અક્કલનીજ ફારફેરી થઈ. અક્કલની ફારફેરી પડવાથી કાર્ય બગડી ગયું, તેમ અજ્ઞાનથી તેવી પ્રવૃત્તિ કરે તેને ફળ ઉલટું મળે છે, તેજ રીતિએ જો પ્રવૃતિ સમ્યગ્જ્ઞાનથી કરે તો ફળ દેનાર થાય. જેના હોવાથી ફળ થઇ શકે, અને જેના હોવાથી ફળ ન થઈ શકે, તેને કારણ કહે છે. જ્ઞાન હતું ત્યારે ફળ થયું, અને ક્રિયા કાળે ક્રિયા હતી તો પણ ફળ ન થયું; તો કાર્ય ન થાય તેને તેનું કારણ કહી ન શકાય. જ્ઞાન ન હતું, અને ક્રિયા હતી તો પણ ફળ ન થયું તેથી ક્રિયાથી ફળ દેખાય પણ ખરૂં કારણ જ્ઞાન છે. જ્ઞાન ન હતું ક્રિયા હતી તો પણ ફળ ન થયું તો ક્રિયાથી ફળ દેખાય પણ ખરૂં કારણ જ્ઞાન છે, જ્ઞાન ન હતું તો ક્રિયા હતી તો પણ ફળ ન થયું. ક્રિયા હોવાથીજ ફળ થાય છે અને ક્રિયા ન હોવાથી ફળ થાય નહિ, માટે ક્રિયાનો નિયમ નહીં. સમ્યગ્ જ્ઞાન ન હોય તો ફળ ન થાય તે જરૂર, આ કહીને જ્ઞાનવાદીએ ક્રિયા છતાં ફળની પ્રાપ્તિ-નિયમિત નથી; અને ક્રિયા ખોટી હોય તો ઉલટું પણ ફળ થાય, પણ જ્ઞાનમાં તેમ નથી. જ્ઞાનમાં સમ્યગ્ જ્ઞાન ન હોય તો ફળ ન થાય તે જરૂર, આ કહીને જ્ઞાનવાદીએ ક્રિયા છતાં ફળની પ્રાપ્તિ નિયમિત નથી. ક્રિયા હોય તો ઉલટું પણ ફળ થાય, પણ જ્ઞાનમાં તેમ નથી. જ્ઞાનમાં સમ્યગ્ જ્ઞાન હોય તો ફળ દે છે. સમ્યગ્જ્ઞાન ન હોય તો ફળ થતું નથી. કાર્યની સાથે સત્પણાનો સંબંધ હોવો જોઇએ. જેમ વ્યતિરેક સંબંધ હોય, એવો અન્વય વ્યતિરેક કાર્ય કારણનો સંબંધ હોય છે, અને તે સંબંધ જ્ઞાન સાથે છે, માટે ફળ માત્રને અંગે જ્ઞાન એ કારણ છે. આમ જ્ઞાનવાદીએ નિરૂપણ કર્યું છે.

ભાવના-ભવનાશિની.

વાદીનો વારો આવ્યો એટલે તે કહેવા લાગ્યો કે, **'क्रियैव फलदा पुसां न ज्ञानं फलदं मतं'** આથી જ્ઞાન ફળ દેનારી ચીજ નથી, માટે ક્રિયા સફળ બનાવવી તેટલુંજ કામ છે. જગતમાં ખાવું પીવું મોજ મજા કરવી તેથી કરીને જ્ઞાન માત્રથી લોકો સુખી થઈ જતા નથી. ક્રિયાથી સુખી થાય છે તેથી ઔષધના જ્ઞાન વગરના વૈદ્ય પાસેથી ઔષધ લઈ જનારો નિરોગી થાય છે. પોતે સાધન વગરના હોય તો પણ માબાપ પાલન કરે છે, અને પોતાનું પોષણ થાય છે, તો જ્ઞાન વગરનો ક્રિયાવાળો હજુ ફળ મેળવી શકે છે; આ વાંધો અજ્ઞાનીને હતો અને જ્ઞાનીનો ડોળ ધાર્યો. જ્ઞાનીને અનુસરીને ચાલ્યા હોત તો પણ ફળ મેળવી શકત. અજ્ઞાની સ્વચ્છંદ ન હોય તો ધારેલો ફાયદો કરે છે. એક વાત ચોક્કસ પોતાની મેળે જે આવે તે લે તો નિરોગી ન થાય, એટલે સ્વચ્છંદતાને ત્યાં સ્થાન ન હોવું જોઇએ; માટે વાંધો સ્વચ્છંદતાનો છે. જ્ઞાનના અભાવનો વાંધો નથી. જ્ઞાનીને આધીન ચાલે તો વાંધો નથી. અમારો મુદ્દો એ છે કે સમ્યગ્ જ્ઞાનીને આધીન રહી ક્રિયા કરે તોજ ફળ મેળવે છે. પેલા એ મિથ્યા જ્ઞાનથી પ્રવર્તેલાને ફળ નથી તેમાં અમને હરકત નથી. અમારે સમ્યગ્ ક્રિયા ફળ દેનારી છે. આખો આંખો નજરે જુઓ તેથી કંઈ પેટ ભરાતું નથી. પાંચ પકવાન્ન જોવાથી ભૂખ મટતી નથી. જ્ઞાન ફળ દેવાવાળું હોય છે, ક્રિયા વગરનું જ્ઞાન ફળ દેવાવાળું હોય છે, એનું એક પણ દ્રષ્ટાંત બતાવી શકાતું નથી. મિથ્યા જ્ઞાન કામનું નહિં એ અમારે કબુલ છે. મિથ્યાજ્ઞાન નજ જોઇએ, પણ ખંડન કોનું થયું ?, ક્રિયાનું ખંડન લાવ. મિથ્યાજ્ઞાનનું ખંડન થયું. પ્રથમ **'विज्ञप्तिः फलदा पुंसां'** નું એક તો દ્રષ્ટાંત બતાવો ?, ભાવના ભવનાશિની'' તો વિચારો કે તે જ્ઞાન છે કે ક્રિયા ? ભાવના કયારે ? જ્ઞાન આવે ત્યારે ભાવના થાય, માટે જ્ઞાન કારણ અને ભાવના કાર્ય થયું.

એકલા જ્ઞાનથી ફળ છે એવું દ્રષ્ટાંત નથી.

જ્ઞાનવાદીએ પોતાનો પક્ષ સ્થાપન કર્યો તેમાં પોતાની નિર્બળતા બતાવી, અને તેમાં ખોટા જ્ઞાનથી પ્રવર્તેલાને ફળ મળતું નથી એમ જણાવ્યું છે તેજ નિર્બળતા છે. અન્વય વ્યાપ્તિ સાબિત કર્યા પછી વ્યતિરેક વ્યાપ્તિ સાબિત કરવાનો હક છે. જ્યાં જ્ઞાનનું ઉલટાપણું છે, ત્યાં પ્રવૃતિ થાય તો પણ ફળ દેખાતું નથી. અન્વય વ્યાપ્તિમાં કયારે આવી શકે ? કે એકલું જ્ઞાન હતું અને ફળ થઇ ગયું. ક્રિયાની જરૂર ન પડી, તેવી વાત તો પ્રથમ કહેવી જોઇએ. કેવળી દશામાં પણ ક્રિયા ન આવે તો દેશોનકોડ પૂર્વવર્ષ સુધી ભવમાં રહેવું પડે છે. શ્રેણી રચે, આવર્જીકરણ કરે, અને પછી મોક્ષે જાય. કેવળજ્ઞાન સરખા ઉત્કૃષ્ટ જ્ઞાનમાં પણ જ્ઞાન માત્ર ફળ દે છે તેમ કહી શકાતું જ નથી. તું કેવળ જ્ઞાનમાં પણ એ સાબીત કરી શકતો નથી કે એકલા કેવળ જ્ઞાને ફળ દીધું, તો પછી બીજે કઈ જગોએ ફળ બતાવવાનો છે ? વ્યતિરેક વ્યાપ્તિ માત્રથી કાર્ય કારણ ભાવ સિદ્ધ થતોજ નથી. ધુમાડો નથી ત્યાં વન્હિ નથી તેવા ઘણા સ્થાન છે, પણ પહેલાં સાબીત કરવું પડે છે કે જ્યાં ધુમ છે ત્યાં અગ્નિ છે; અને તે પછી વ્યતિરેક વ્યાપ્તિ સાબીત કરવી પડે છે. જ્ઞાનવાદી પોતાના ઘરની વાત કરતો નથી, નહિંતર એક દ્રષ્ટાંત પણ જગતમાં તેને બોલ્યું નહિ મળે કે એકલા જ્ઞાનથી ફળ છે.

જ્ઞાન વગરની ક્રિયા પૂજાતી નથી.

જ્ઞાન સાથે ફળ મળે છે તે વાત મિથ્યાત્વીનથી મેલી, પરંતુ મિથ્યા જ્ઞાનનો પક્ષ ક્રિયા કરતી નથી. અજ્ઞાન હોય તો પણ જ્ઞાનીની નિશ્રા હોય તોપણ અજ્ઞાનીને પણ ફળ થાય છે. અલ્પ કે મહત્ જ્ઞાનવાળાને પણ ફળ મેળવવાનો છે ક્રિયાથી, પરંતુ જ્ઞાન એકલું ફળ દેતું નથી. તે માટે જ્ઞાનવાદી એ એક ભાતનો જ્ઞાનવાદ છે, એટલે નયવાદ ગુરૂકૂળ વગર જ્ઞાન મળતું નથી. ગુરૂકૂળવાસની સેવના કરી નથી તેને જ્ઞાન આવે ખરૂં પણ તે નિર્દૂષણ જ્ઞાન ન હોય. જ્ઞાન મળે પણ જે

દૂષણ વગરનું નિર્દોષ જ્ઞાન મળવું તે મુશ્કેલ છે. મોર નાચ રૂપ જોયા કરે છે, પણ પીછાં બધા વિખેરી બરાબર ચોમાસામાં ઈંડાં કરે છે, છતાં પાછલો ભાગ ખુલ્લો થાય તેમ ક્રિયાવાદી પણ ગુરૂકુળ વાસની સેવના વગરનો છે. જેમ મિથ્યા જ્ઞાનનું દૃષ્ટાંત દીધું તેમ ક્રિયાવાદી પણ જ્ઞાન મુદ્દલ ન હોય ને ક્રિયા હોય તેવું દૃષ્ટાંત કહેવું જોઈએ ? સિદ્ધ થવાવાળાને સાત રાજની ગતિ કરવી પડે છે, અને પરમાણુ પણ એક સમયમાં ચૌદ રાજ જાય છતાં એથી તે પરમાણું વંદનીય થઈ જતો નથી. જ્ઞાન વગરની એકલી ક્રિયા કરનારો, અને એક સમયમાં ચૌદ રાજની ગતિ કરનારો, છતાં એવી ગતિ કરનારો તે પરમાણુ વંદનીય થતો નથી, જ્યારે સિદ્ધ થનારો જીવ સાત રાજની ઉર્ધ્વગતિ કરીને તે વંદનિક થાય છે 'ज्ञेयसदृश्य भोगज्ञः' જ્ઞેય અને ભોજન વિગેરેના જાણતો હોય તો પણ 'न ज्ञानात् सुखिनो भोगः' જ્ઞાન મળી ગયું તેટલા માત્રથી સુખી થતો નથી.

જાણ્યા પછીજ હેય-ઉપાદેય-ઉપેક્ષાના વિષયમાં પ્રયત્ન થાય છે.

જ્ઞાન માત્રથી સુખી થતો નથી, પણ ક્રિયા માત્રથી સુખી થાય છે, તે સિદ્ધ કરીને તમારે કહેવાનું છે; પણ તેવા દાખલો પણ હજુસુધી નથી દીધો. પોતાનો પક્ષ સ્થાપન કરે નહિં, અને માત્ર બીજાનો પક્ષ તોડવો તે વિતંડાવાદ. ક્રિયાવાદીએ પોતાની ક્રિયા સ્થાપન કરવી જોઈએ, તે ન કર્યું, અને જ્ઞાનથી સુખી નથી થતો એમ કહેવા માંડયું; પણ તે પહેલા તું ક્રિયાથી સુખી થાય છે એ કરી બતાવ. ક્રિયાવાદીએ શું સાબીત કરવું હતું ? કે અહીં જ્ઞાન નથી, અને માત્ર ક્રિયાથી ફળ થાય તે ન બતાવ્યું. જ્ઞાનવાદી પણ જ્ઞાનથી ફળ બતાવી ન શકયો. જ્ઞાનવાદીને પણ જ્ઞાનનું પોષણ કરવું છે, છતાં પણ ક્રિયાનું ખંડન કરવું તે તત્ત્વ હતું. તેથી પોતાના દૃષ્ટાંત બતાવીને પારકાની ખરાબી બતાવી પણ શાસ્ત્રકારે સમ્યગ્જ્ઞાન રાખવું તે કબુલ અને શાસન માન્ય ક્રિયા રાખવી તે પણ કબુલ. બન્નેનો પક્ષ જુદો કહેવામાં આવે છે, ત્યાં પ્રથમ જ્ઞાનવાદી; પછી ક્રિયાવાદી લીધા છે. એટલુંજ નહિં પણ દરેક સૂત્રમાં એકજ વાત જણાવાય છે કે જ્ઞાન નયવાળો જ્ઞાન નયમાં, અને ક્રિયા નયવાળો ક્રિયામાં લઈ જાય છે. સિદ્ધાંતવાદી સિદ્ધાંતમાં જ્ઞાન-ક્રિયાને સાથે લઈ જાય છે, ત્યાં પણ પ્રથમ શાસ્ત્રકાર જ્ઞાનનય કહે છે. પહેલાં જ્ઞાનવાળો એ ગાથાની વ્યાખ્યા કરતાં 'नायव्वमिह गिण्हीयव्वे' એટલે ગ્રહણ કરવા લાયક, છાંડવા લાયક, અને ઉપેક્ષા કરવા લાયક એ ત્રણે પ્રકારના પદાર્થમાં જ્ઞાન થયા પછીજ ગ્રહણ કરવાના કાર્યમાં પ્રયત્ન કરી શકાય છે. જ્ઞાન થયા પછીજ વસ્તુ ગ્રહણ કરાય છે. આપણે સુતા છીએ, અને કોઇએ આવીને ચોરીથી રત્ન મુકેલું છે; છતાં પણ તે લેતા લાયક રત્નમાં લેવાનો ઉદ્યમ કયારે થાય ? કહેવું પડશે કે રત્નને રત્ન સમજીએ ત્યારે. તેવી રીતે સુતા છીએ, અને સાપ જાય છે, છતાં કયારે છાંડીએ ? સાપને સાપ જાણીએ ત્યારે. લેવા લાયક પદાર્થમાં, અને છાંડવા લાયક પદાર્થમાં જાણ્યા પછીજ પ્રયત્ન થાય છે. ઉપાદેયમાં અને હેયમાં જાણ્યા પછી પ્રયત્ન થાય છે; તેમ જેની ઉપેક્ષા કરવી હોય તેનો ખ્યાલ આવ્યા પછી ઉપેક્ષા થાય છે; માટે 'ज्ञाते सति एव यतितव्यं' માટે જાણ્યા પછી પ્રયત્ન કરવા લાયક થાય છે.

ફલદાયક ક્રિયા.

જ્ઞાન નયવાળાએ આ વ્યાખ્યા કરી, પરંતુ એજ વાતને ક્રિયાવાદીએજ જકાર કાઢીને ઉથલાવી. ગ્રહણ કરવા લાયક પદાર્થને અગર છાંડવા લાયક પદાર્થને જાણ્યો હોય, તો પણ જાણ્યા માત્રથી ગ્રહણ કરવા લાયકપણે કે છોડવા લાયકપણે આવી જતો નથી; પરંતુ પ્રયત્ન કરવોજ પડે છે. પ્રયત્ન કરવોજ જોઈએ, માટે પ્રયત્ન એજ ફળ દેનાર છે; અને આથી ક્રિયાથીજ ફળ થાય છે. એની એ ગાથાની વ્યાખ્યા સિદ્ધાંતકારે મધ્યસ્થ ભાવે આ રીતિએ કરી. ગ્રહણ કરવા લાયક પદાર્થને, અને છાંડવા લાયક પદાર્થને જાણીનેજ પ્રયત્ન કરવો. એકજ ગાથામાં પ્રથમ

શાસ્ત્રકાર જ્ઞાનવાદીનો પક્ષ પહેલાં લે છે, છતાં શાસ્ત્રકારને જ્ઞાનવાદી તરફ પક્ષપાત નથી. હંમેશાં સિદ્ધાંતકારે પક્ષકારનો પક્ષ બોલ્યા પછી ન્યાયથી બોલવું. ન્યાયની અદાલતમાં બને તો પ્રતિવાદી થવું, પણ વાદી ન થવું. વાદીને માથે સિદ્ધ કરવાનો બોજો રહે છે, કારણ કે કોરટના લાભ બધા પ્રતિવાદીને મળે છે. કોરટને અંતઃકરણથી પ્રતિવાદીને=આરોપીને બચાવવાની દાનત હોય છે. લાભ કોને આપે ?, પ્રતિવાદીને. તેમ શાસ્ત્રોમાં જ્ઞાનકારો દરેક જગોપર જ્ઞાનવાદિ પાસે બધું બોલાવે છે, અને પછી ક્રિયાવાલાની પાસે બોલાવીને ફેંસલો આપે છે. જ્ઞાન બીજ દરેક કાર્યમાં જરૂરી છે, તેમ કોઈથી ના કહેવાય તેમ નથી. ક્રિયાવાદી પણ જ્ઞાનને બસેડતો નથી, પરંતુ જ્ઞાન હોવા છતાં ફળ પ્રાપ્તિ અવસરે ક્રિયા માત્ર ફળ દે છે તેમ ક્રિયાવાદી બોલે છે. આથી જ્ઞાનનું નિરર્થકપણું કોઇને પણ માન્ય નથી. એકલું જ્ઞાન નકામું છે, પણ ચૌદમે ગુણઠાણે ક્રિયા કરે તોજ મોક્ષે જાય છે; તે વખતે કેવળ જ્ઞાન હાજર છે.

જ્ઞાન-ક્રિયાના સંયોગથી સિદ્ધિ.

કુંભારના બાપને ઘડાનું કારણ કેમ નથી ગણતા ? ઘડો કરતી વખતે બાપાએ કે દાદાએ સળી પણ અડી પણ કરી નથી જે વસ્તુએ કરેલો ફાયદો હાજર હોય તો તેને કારણ માન્યા સિવાય કેમ ચાલે ? ઘડો કરતાં પહેલાં ચક્કર ચલાવવું પડે છે. તે દાંડાથી ચક્કર ઘુમાવ્યું પછી બાળી નાંખીએ તો પણ અડચણ આવતી નથી. ચક્કર ઘુમાવ્યા પછી દાંડો બળી ગયો તો પણ કારણ ગણાય છે. બળી ગએલો દાંડો ક્રિયામાં ઉપયોગી હતો, તેથી કારણ ગણાય છે. તો મોક્ષ વખતે કેવળજ્ઞાન ખુદ હાજર છે, તે આવર્જીકરણ કેવળના જોરે થયું છે, અને સમુદ્‌ઘાત કેવળજ્ઞાનના જોરે કર્યો છે. ચૌદમે ગુણઠાણે કેવળજ્ઞાનના જોરે કર્મ ખોઠવ્યા છે. કેવળજ્ઞાન ફળ દેવામાં વ્યાપાર કરે છે, માટે શાસ્ત્રને હિસાબે જ્ઞાનને ક્રિયા બે એકઠા થાય તોજ મોક્ષરૂપ ફળ છે. બેનો સંબંધ ખરો, પણ બે છુટા નહિં. બે છુટા હોય તો કાર્ય કરવાની તાકાત ન હોય પણ એકઠા મળે તો કાર્ય કરી શકે છે. જમણી બાજુનું કે ડાબી બાજુનું એક એક પૈડું હોય તો ગાડું વહેવાની તાકાત નથી પણ બે સાથે પૈડા જોડાય તો ખુશીથી રથ ચાલી શકે છે. એ બે સાથે જોઇએ, એક વખતે જ્ઞાન થાય, અને તે પછી એક વખતે ક્રિયા થાય તો ધારણા પ્રમાણે ફળ નહિ થાય, બન્ને સાથેજ જોઇએ. ઘેરથી અહિં આવ્યા, અને અહીંની ભાવના અહીં આવ્યા પછી સામાયક સંબંધિ ભાવના ક્યારે પુરી થાય ? સમજણના જોરે ભાવનાની ક્રિયા છે. મધુક (મહુડાના) વૃક્ષને અંગે કહ્યું છે કે પાંદડા ખરી જાય તો ફુલ આવે, અને ફુલ ખરી જાય ત્યારે પાંદડા આવે છે. ફુલ નથી, અને પાંદડા છે, તેવી રીતે જ્યારે દ્રવ્ય મલ્યું છે, ત્યારે આપણે ભાવના નથી. જે વખતે ઘેર સામગ્રી નથી, ત્યારે ભાવનાવાળી સામગ્રી અહીં છે, એટલે સામગ્રી હોય તો ભાવના નથી, અર્થાત ભાવનાનો ભુક્કો થાય તો ફળ શી રીતે મળે ?, આપણે કરી કરીને હારીએ છીએ તેમ અહીં નહીં ચાલે. બે જોઇએ એમ નહિં, પણ બન્નેનો સંયોગ જોઇએ. બંન્નેના સંયોગની સિદ્ધિથી ફળ થાય છે, આ શાસ્ત્રીય રીતિ છે તે ધ્યાનમાં રાખો.

ક્રિયા વગર ધાર્યું ફળ નથી.

આકસ્મિક સંયોગ એ જ્ઞાનમાં અને કેટલો ક્રિયામાં લાગુ થાય છે ? તે વિચારવું જોઇએ ક્રિયામાં આકસ્મિક સંયોગે કર્મનો ઉદય અભાવ રૂપે નથી, પણ જ્ઞાનમાં બચાવ આપી શકે છે. માસતુસ સમ્યક્ અજ્ઞાની અથવા ગીતાર્થની નિશ્રાએ રહેલા અજ્ઞાની પણ જ્ઞાનાવરણીયના ઉદયથીજ અજ્ઞાની રહ્યા છે. ગીતાર્થોની નિશ્રામાં રહેલા અજ્ઞાનિઓ પણ જ્ઞાનાવરણીયના ઉદયથી અજ્ઞાની છે. જ્ઞાનની ઇચ્છા છે, છતાં જ્ઞાન મલ્યું નહિં કારણ જ્ઞાનાવરણીયનો ઉદય છે. તેથી ચોથે રહેલો જીવ માત્ર તે પણ ચારિત્રની ઇચ્છાવાળો છે તેથી ચોથું ગુણઠાણું તોજ છે. આશ્રવબંધ વિગેરને હેય ગણે છે, અને સંવર-નિર્જરાને ઉપાદેય ગણે છે. અભિરૂચિ રૂપ શ્રદ્ધા ન હોય તો સમ્યક્ત્વ છેજ નહિં

ચોથે પણ ચારિત્રની અભિરૂચિ છે. માસતુસ વિગેરે સાધુને જ્ઞાનની ઇચ્છા છતાં, જ્ઞાનાવરણીયનો ઉદય તેથી જ્ઞાન આવતું નથી. ચોથે પાંચમે રહેલાને ચારિત્ર મોહનીયનો ઉદય છે તેથી ચારિત્ર આવતું નથી. તો બન્ને સરખાંને ? નહિં, કારણ કે જ્ઞાન ક્રિયા બન્ને મળીને કાર્ય કરે છે તે વાત સિદ્ધ થઈ છે, પણ વિચિત્ર સંયોગથી જ્ઞાન કે ક્રિયા ન હોય તો આ બે પક્ષને શાસ્ત્રકાર બોધ આપે છે. જ્ઞાન પ્રાપ્ત ન થયું હોય પણ જ્ઞાન પ્રાપ્ત કરવાની ઇચ્છા માત્રથી પણ જ્ઞાન ગણી લે છે, પરંતુ ચારિત્રની ઇચ્છા કરે તો તેથી તેને ચારિત્રી ગણવા શાસ્ત્રકાર તૈયાર નથી. જ્ઞાનનું કામ પ્રકાશ કરવાનું છે. આંધળાને નસીબ જોગે આગલો પરોપગારી જઈ કાંટાદૂર કરી નાખ્યા, તેમ તીર્થંકર–ગણધર–યાવત્ વર્તમાનના ગીતાર્થ ભગવંતો કાંટા દૂર કરે છે પણ ચાલવાનું કામ તો પોતાનેજ કરવું પડે છે. તેમ જૈન શાસનમાં જ્ઞાનાવરણીયના ઉદયથી અજ્ઞાનીઓને ગીતાર્થની નિશ્રાએ ઉંચા ગણાવાનો શાસનમાં હક છે, પણ ચારિત્ર મોહનીયના ઉદયથી ક્રિયામાં ન પ્રવર્તે તો ઊંચા ગણાવાનો હક નથી. આથી ક્રિયાની મહત્વતા કેટલી છે તે સમજી લ્યો. જ્ઞાન સાધન તરીકે ઉપયોગી છે, નિરર્થક નથી; પણ ફળની દશા તો ક્રિયાની પ્રાપ્તિથી છે. ક્રિયા પ્રાપ્તિ સિવાય કેવળ જ્ઞાન પ્રાપ્ત થતું નથી, અને તેથી ક્ષપક શ્રેણિ રૂપ ક્રિયા થયા પછી કેવળ જ્ઞાન દશા માનવી પડે છે. નિર્વિકલ્પપણું એજ ક્રિયા કહી આપે છે. જ્ઞાનની ઇચ્છા માત્રથી નિશ્રા માત્રથી ફળ દેનારૂં છે. પણ ઇચ્છા કે સંસર્ગ નિશ્રા માત્રથી ક્રિયા ફળ દેનારી નથી. ક્રિયા ફળ દેનારી છે તો તે વિચારવાની જરૂર છે,! તો કઈ ક્રિયાઓ ?, કયાં ફળ આપે છે ?; તે અધિકાર અગ્રે વર્તમાન

આગમોદ્ધારકની અમોઘ-દેશના-૨.

દેશનાના દિવ્ય–અવતરણો.

૨. સૃષ્ટિના સંસારી જીવોના સઘળા વ્યવહારોનો પ્રાપ્તિ, ટકાવ, અને વૃદ્ધિની પરંપરા અને જ્ઞાનને આભારી છે, તેમ જૈન–શાસનની સ્થાપના, ટકાવ, અને વૃદ્ધિની પરંપરા પણ જ્ઞાનને આભારી છે એ ધ્યાનમાં રાખો.

૨. જ્ઞાનને નકામું કહેનારાને પૂછજો–કે જ્ઞાનને નકામું જાણીને નકામું કહો છો ?, કે સફળ જાણીને નકામું કહો છો ?;

૩. જ્ઞાનને બીન જરૂરીનું કહેનારાઓ બન્ને બાજુ ફસાય છે.

૪. 'હા કહેનારને' લાખ રૂપીઆ આપવા પડે છે અને 'ના કહેનારને' લાખ સોના મહોર આપવી પડે છે, માટે 'જ્ઞાન જરૂરીનું નથી' જાણીને બોલો છો ?, કે વગર જાણીને બોલો છો ?; બન્ને બાજુ ફસામણ છે તે સમજતાં શીખો.

૫. ક્રિયાને બોળવનારાઓ સાથે તકરાર છે, અને તેથી જેવી જ્ઞાનની કિંમત ગણો છો, તેવીજ ક્રિયાના કિંમત આંકતા શીખો.

૬. ક્રિયા એ જ્ઞાનથી પણ વધુ જરૂરીનો ચીજ છે, એ સ્મૃતિ પટપર સ્થિત કરો.

૭. પરિણામ એકલા જ્ઞાનને કે ક્રિયાને આધીન નથી.

૮. દેવને આધીન સ્વપ્નોનું આવાગમન છે, એટલેજ ક્રિયાનું સર્વત્ર સામ્રાજ્ય છે.

૯. વાચિક–પ્રયોગોના વપરાશમાં ક્રિયાનો દેવ કામ કરે છે.

૧૦. રાત્રિ દિવસની ખરાબ પ્રવૃત્તિઓ નવનવીન ખરાબ ક્રિયાને, નવનવીન ખરાબ વચનોને, અને નવનવીન દુષ્ટ સંકલ્પોને ઉત્પન્ન કરે છે.

૧૧. મનો વર્ગણાના પુદ્ગલો કાય યોગથી ગ્રહણ કરાય છે, પરિણમાવાય છે, અને છોડવામાં પણ કાયયોગનું પ્રબળ સામ્રાજ્ય છે એ ધ્યાન રાખો.

૧૨. મન વગરના કાય યોગવાળા જીવો માન્યા છે, પણ કાય યોગ વગરના મનો વર્ગણા પુદ્ગલો લેનાર જીવ શાસ્ત્રકારોએ માન્યાજ નથી.

૧૩. મનોયોગની માતા કાય યોગજ છે, અને માનસિક વ્યાપારોની પણ લેવડ દેવડ કાયા પર આધાર રાખે છે.

૧૪. 'મન સુધર્યું તો બધુ સુધર્યું' એ વાકય કયા અવસરે બોલાય છે?, તે સમજતાં શીખો.

૧૫. કાયાની અને વચનની શુદ્ધ-શુદ્ધતર-દશાઓને અનુભવ્યા વગર મન સુધારવાની વાતો કરવી એ પાણીમાં બાચકા ભરવા જેવું છે.

૧૬. અણસમજના કાળમાં કર્મના ડુંગરાઓ ઉખેડીને દૂર કર્યા છે એ ધ્યાનમાં કેમ આવતું નથી?,

૧૭. સૂક્ષ્મમાંથી બાદરમાં, એકેન્દ્રિયમાંથી બેઇન્દ્રિયમાં, સ્થાવરમાંથી ત્રસમાં એમ અનેક સ્થાનો અણસમજમાં ઓલંઘાય છે તે પણ ધ્યાનમાં આવતું નથી.

૧૮. ૬૯ ક્રોડા ક્રોડ કર્મની સ્થિતિ તોડવાનું કામ વગર જ્ઞાને થાય છે.

૧૯. પંચ વસ્તુકાર જણાવે છે કે ચૌદ વસ્તુ મળી ગઇ છે, માટે હવે એક નહિં મેળવો તો ચૌદ નકામી જશે.

૨૦. શાસન-માન્ય સદાચાર રૂપ ધર્મ પ્રવૃત્તિને ટકાવી રાખતાં શીખો, નહિં તો ચૌદે ચીજો મેળવેલા ધુળમાં જશે.

૨૧. એકેન્દ્રિયથી મનુષ્યપણું પ્રાપ્ત કરવામાં બધી જગાએ કાયાનું સામ્રાજ્ય પ્રવર્તે છે, તે ધ્યાનમાં રહેતું નથી.

૨૨. ઉંચે ચઢાવવામાં અકામ નિર્જરાના અજબ પ્રભાવને પણ યાદ રાખો, કારણ કે અકામ નિર્જરા એ ક્રિયા છે; પણજ્ઞાન નથી.

૨૩. સમ્યકત્વની પ્રાપ્તિ પછી ક્રિયા ન આવી તો સમજવું કે ઘેંશમાં ગાઠો થયો.

૨૪. કાચી બે ઘડીમાં મનુષ્યોને કરવાનો જે હક મળ્યો છે, તે દેવોને ૩૩૦ ક્રોડ ક્રોડ પલ્યોપમે કરવાનો પણ મનાઇ છે.

૨૫. ચારિત્રની કોઇપણ ક્રિયા કરવા માટે દેવભવ નકામો છે.

૨૬. સમજેલી ગાય ફરી વખત ન ફસાય, તેમ સમ્યકત્વો પણ સંસારમાં ફરી ફસાય નહિં તેવી સાવધાની રાખે છે.

૨૭. અંધારા ઉલેચવા જેવો દેવતાનો ભવ છે.

૨૮. દેશવિરતિપણું એ અશકતાશ્રમ છે.

૨૯. વ્રત વગરનું સમ્યકત્વ બીજા ભવમાં એટલે મનુષ્યના ભવમાં મનાતું નથી.

સર્વત્ર જ્ઞાનની અનિવાર્ય જરૂર.

શાસ્ત્રકાર મહારાજ ન્યાયાચાર્ય શ્રીમાન્ યશોવિજયજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપકારને માટે ધર્મોપદેશ કરતાં થકાં અષ્ટકજી નામના પ્રકરણને રચતાં થકાં આગળ 'ક્ષયોપશમિકેભાવે૦' એ પદ્યના વર્ણનમાં સૂચવી ગયા કે—આ સંસારમાં જીવોને જીવનનો ટકાવ, નિર્વાહ, અને તેનાં સાધનોની પરંપરાને પ્રાપ્ત કરવાની અંદર જ્ઞાનની અવશ્યમેવ જરૂરીયાત છે. દુનીયા માત્ર દેખી રહી છે, તેમ ધાર્મિક બાબતમાં પણ શાસનની સ્થાપના જ્ઞાનને આભારી છે. શાસનની પ્રવૃત્તિ અને ટકાવાદિ એ પણ જ્ઞાનને આભારી છે. તેથી જગતનો કોઇપણ મનુષ્ય જ્ઞાન નકામું છે એમ કહી શકેજ નહિં, અને કહે તો તે કહેનારાને પોતાને ગળેજ આપત્તિ આવે છે; કારણ કે જ્ઞાનને નકામું જાણી નકામું કહે છો?. કે જ્ઞાનને સફળ જાણી નકામું કહે છે?, બે બાજુ આપત્તિ છે. એક લુચ્ચો સંન્યાસી હતો, તેને મહોરથી ભરેલો થાળ મળ્યો. જે મને નવું સંભળાવે તેને મહોરે ભરેલો થાળ આપું. જે કોઇ આવીને સંભળાવે તે વખતે તે કહી દે કે મેં તે વાત સાંભળી છે. હવે નવું શી રીતે સંભળાવવું. એક બહાદુર અક્કલવાલો મળ્યો, અને તેની પાસે આવ્યો. હવે તે કહેવા લાગ્યો કે મારા બાપા કહેતા હતા કે

આપશ્રી ગુરુજી સંન્યાસીને લાખ રૂપીઆ આપ્યા છે, તમે સાંભલ્યું છે કે નહિં ?, હવે 'સાંભલ્યું છે' એમ કહેતો લાખ આપવા પડે છે, અને 'નથી સાંભલ્યું કહે' તો લાખ સોનાની મહોરોનો થાળ આપવો પડે છે; ઉભયતઃ-પાસા રજજુ. તેમ અહીં જ્ઞાન એ જરૂરી નથી એ બોલનાર બન્ને બાજુ ફસાય છે. તું જાણીને બોલે છે ?, કે વગર જાણે બોલ છે ?; જો જાણીને બોલે છે તો જરૂરી ન હતુ ને ?, છતાં પણ તારે ઘેર જરૂરી આવી ગઈ. જો જાણ્યું નથી તો તારૂં વચન પ્રમાણ શી રીતે ગણવું ? માટે કોઇપણ મનુષ્યથી જ્ઞાન જરૂરી નથી એમ બોલી શકાયજ નહિં. શાસ્ત્રનવાલાને તો જ્ઞાન જરૂરીનું માનવુંજ પડે છે. જ્ઞાનને બીન જરૂરી ચીજ તરીકે કોઇપણ કહી શકે નહિં.

ક્રિયાને એકાન્તવત્સલ્યો.

વૈશેષિકો, સાંખ્યો; અને વૈદાન્તિકો બધા જ્ઞાનને પ્રધાનપણે ભૂત ગણે છે, કારણ કે તેમનો સિદ્ધાંત જ્ઞાન ઉપરજ છે. સાંખ્યને આંગે વિચારીએ તો ૨૫ તત્ત્વનું જ્ઞાન થઈ જતાં, તે પુરૂષને પુરૂષ-પ્રકૃતિનો ભેદ જણાય, પછી ભલે તે મુંડી કે ગૃહસ્થ હોય અથવા ગમે તે હોય તે બધા મોક્ષે જવાના છે એમ તેઓ માને છે. આત્માને કર્મનું આંતરૂં જાણવા માત્રથી એટલે કથિત કર્મના વેદના પદાર્થનું સ્વરૂપ જાણવામાં આવે તો મોક્ષ થાય. વૈશેષિકની અપેક્ષાએ સાત પદાર્થનું સાધર્મ્ય વૈધર્મ્ય જણાય તો મોક્ષ છે. નૈયાયિક, વૈશેષિક, સાંખ્ય; અને વૈદાંતિક બધાઓ જ્ઞાનનેજ જરૂરી માનનારા છે, પણ એ બધાનું સાચું કોથી નથી ?, એક શેઠને ચાર પુત્રો હતા. કોઇએ કહી દીધું કે આ એકજ છોકરો છે. શું થયું ?, આ એકજ છોકરો છે, તો બાકીના ત્રણ હતા તે તો ગોળવ્યા. આ પણ એક છોકરો છે, અને આ એક છોકરો છે; એ બન્ને વાત જુદી છે. આ પણ મ્હારો છોકરો છે એ વાત સાચી. બીજો મતો વાળાઓ આ જ્ઞાનજ જરૂરી છે, એટલે ક્રિયાની બીન જરૂરી ગણે છે, કોતો ગોળવે છે, તેવી રીતે જ્ઞાનજ જરૂરી છે એ કહેવા વાળાએ ક્રિયા ગોળવી દીધી. જૈન શાસ્ત્રકાર જ્ઞાનને બીન જરૂરી માનતા નથી. જેમ એક છોકરો તેમ બાકીના પણ છોકરાઓ છે, તેમ જેમ જ્ઞાન જરૂરીનું ગણ્યું છે, તેમ ક્રિયા પણ જરૂરી છે.

પરિણામ એ જ્ઞાનાધીન અને ક્રિયાધીન છે.

ભોજનને દેખ્યા માત્રથી ભૂખ્યા માણસની ભૂખ ભાંગતી નથી. દવા જાણ્યા માત્રથી રોગીનો રોગો મટતો નથી. બધામાં જ્ઞાનની જરૂરીયાત છે, પરંતુ તેની તકરાર નથી. તકરાર છે એકજ તેઓ ક્રિયા ગોળવે છે. ક્રિયા એ જ્ઞાનથી પણ વધારે જરૂરીની ચીજ છે. જગતમાં ઘણાઓને એક ક્રોડની સંખ્યાનું જ્ઞાન થયું. અબજો રૂપીઆનું જ્ઞાન છે, પછી તો કોઈ દરિદ્ર નહિં ને ?, શું ટંકશાળામાં ક્રોડ રૂપીઆ દેખ્યા અને જ્ઞાન થયું તેટલામાં શું ધનવાન થઈ જવાના. જો જ્ઞાન માત્રથી કાર્ય થઇ જતું હોય, અને જ્ઞાન એટલુંજ જરૂરી હોયતો ખાદ્યપદાર્થના જ્ઞાન થયા પછી ભુખ્યાને ખાવાની જરૂર ન હતી. તેવીજ રીતે રોગીઓને દવા લેવાની જરૂર ન હતી, અને નિર્ધનોને કમાવાની જરૂર ન હતી; કારણ કે જ્ઞાન થઈ ગયું હતું. કહો ત્યારે જ્ઞાન જો કે જરૂરી છે, પણ ફળ દેવા વાળી ચીજ જ્ઞાન નથી જ્ઞાન એ સાધન તરીકે જરૂરી છે, છતાં ફળ દેવાવાળી ચીજ જ્ઞાન નથી. ફળ દેવાવાળી ચીજ ક્રિયારૂપ પ્રવૃત્તિ છે. કાંટો વાગ્યો તેમ જાણ્યું, તેથી કાંટાની પીડા ચાલી જતી નથી. જાણ્યા માત્રથી ફળ થઇ જાય છે, એમ કહેનારા હોય તે માટે ક્રિયાની જરૂરી કહેવાય છે. જાણવાની જરૂર આ કબુલ, પણ જાણવાનીજ જરૂર એ કબુલ નહિં. જ્ઞાન જોઇએ એ ચોક્કસ પણ જ્ઞાન માત્રથી ફળ થઈ જાય તેમ નહિં. તાવ આવ્યો જાણ્યો તો તાવ ખસી જવો જોઇએ, જાણવાથી પણ ખસતો નથી. ઈષ્ટ પદાર્થ જાણ્યા માત્રથી આવતો નથી, અને અનિષ્ટ પદાર્થ જાણ્યા પછી ખસતો નથી; પરંતુ ખસેડવાની પ્રવૃત્તિ કરવી પડે છે; આથી એ ચોક્કસ છે કે જ્ઞાન માત્રથી ફળ થઈ શકતું નથી. પરિણામ સુંદર હોય તો નિર્જરા થાય, અગર પુન્યબંધ થાય છે, અને પરિણામ ખરાબ હોય તો પાપ બંધાય છે; અને આશ્રવ પણ થાય માટે પરિણામ જ્ઞાનને આધીન છે ને તો કે નહિં. એકલા જ્ઞાનને કે ક્રિયાને આધીન પરિણામ નથી. કોઈ વખત પરિણામ જ્ઞાનને આધીન હોય છે, તો કોઈ વખત ક્રિયાને પણ આધીન હોય છે.

॥ શ્રીસૂત્રકૃતાંગ-સારાંશઃ ॥

આલેખનકારઃ—પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

જ્ઞાનિપણાનો પ્રાપ્તિનો હક કયારે ?

શ્રુત-સંપદાઓના મૂળ પ્રણેતા શ્રી સુધર્મા-સ્વામી છે, એ આપણે પૂર્વ પ્રકરણમાં વિચારી ગયા. ત્રિપદી પામીને સઘળાંએ પૂર્વોની, સઘળાંએ અંગ અધ્યયનાદિની રચના કરનાર શ્રી સુધર્મા-સ્વામીજી સૂત્રકાર છે, અને પોતાના શિષ્ય-અંતિમ કેવલી શ્રી જંબૂસ્વામીજીને ઉદ્દેશીને સૂત્રો રચે છે, છતાં માન-મદનું સર્વાંશે મર્દન કરવાનું શિક્ષણ આપવા માટે આ અપૂર્વ-દૃષ્ટાંત દરેકે દરેકને અનુકરણીય છે. વર્તમાન-કાલીન આગમના અભ્યાસિઓને સ્મૃતિ-પથમાં આ પ્રસંગ સુસ્થતિજ હશે કે શ્રીઆચારાંગ-સૂત્રના પ્રારંભમાં પ્રથમ સૂત્ર કયું ?, અભ્યા-સિઓ કહેતું પડશે કે "सुयं मे आउसंतेणं भगवया एवमक्खायं इहमेगेसिं नो सन्ना भवइ" આ સૂત્ર આવે છે. પોતાના સુશિષ્ય-શ્રીજંબૂસ્વામી-જીને ઉદ્દેશીને પંચમગણધર-ભગવાન્-શ્રીસુધર્મા-સ્વામીજી જણાવે છે કે—હે જંબૂ! ભગવાન્ શ્રીમહાવીર-મહારાજા પાસેથી મેં સાંભળેલું હતું અર્થાત્ ભગવાન્ શ્રીમહાવીર મહારાજાએ આ પ્રમાણે કહેલું હતું, અને મેં જે કર્ણોપ-કર્ણ સાંભળ્યું હતું તેજ હું તને સંભળાવું છું કે—"આ સંસારમાં કોઇપણ જીવને વાસ્ત-વિક જ્ઞાન નથી." આ વાતની વધુ સ્પષ્ટતા કરનારે પ્રથમ સૂત્રની પૂ. શ્રી શીલાંકસૂરીશ્વરજી-વિરચિત-વૃત્તિનું વાંચન-મનન અને પરિશીલન કરવું જરૂરીનું છે. આ સંસારમાં પરિભ્રમણ કરનારા એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સઘળા-જીવોને આર સંજ્ઞા માનેલી છે, એટલું જ નહિં પણ શ્રીપ્રજ્ઞાપનાદિ-સૂત્રોમાં દશ સંજ્ઞાઓ દરેક જીવો માટે જણાવેલી છે, તે આ પ્રમાણે છે-૧-આહાર, ૨-ભય, ૩-મૈથુન, ૪-પરિગ્રહ, ૫-ક્રોધ, ૬-માન, ૭-માયા, ૮-લોભ, ૯-ઓઘ, અને ૧૦-લોક સંજ્ઞા જણાવી છે, આ સંજ્ઞા-વાળા સર્વ જીવો છે; છતાં "इहमेगेसिं नो सन्ना भवइ" એ સૂત્ર કેમ રચાય છે ?, આ સંજ્ઞાઓ દરેકે દરેક જીવોને હોવા છતાં પણ નિષેધ-વાચક શબ્દ સાથે સંજ્ઞાનું સૂચન હોવાથી કોઇ વિશિષ્ટ જ્ઞાન સૂચક સંજ્ઞા હોવી જોઇએ એ આ સૂત્રના રચયિતાનો ઉદ્દેશ છે એમ ધ્વનિત થાય છે, જો આ વાત ન વિચારીએ તો ચૌદ વિદ્યાના પારંગતો ઇન્દ્રભૂતિ આદિ મુખ્ય અગીયાર બ્રાહ્મણો અને તેઓનો શિષ્યાદિક પરિવાર ૪૪૦૦) ચુમ્માલીસોનો પણ અભાવ નથી, એટલે દુનિયાદારીના સઘળાએ વ્યવહારિક જ્ઞાનમાં કુશળ, બાહોશ, અને નિષ્ણાત હતા એમ કહેવાય છે; આ વાતને તેઓની પૂર્વાવસ્થાનું જીવન સાક્ષિ પૂરવા સાથે વધુ મજબુત બનાવે છે. આથી, સ્ત્રીઓની ચોસઠ-કળાઓમાં કે પુરૂષોની બહોતેર કળાઓમાં, દુનિયામાં કહેવાતી વિદ્યાઓમાં કે કહેવાતા વિજ્ઞાનોમાં, દુનિયાના વ્યવહારોમાં કે વિવિધ-જાતિના વ્યાપારોમાં; અને અનેકવિધ રાજ્ય રમતોમાં કે પરાજયોને વિજયોમાં પલટાવવાની કુનેહોમાં હોય જેટલી વિદ્વત્તા, કુશળતા, અગર બાહોશીપણું આવ્યું હોય તો પણ જૈન-શાસનના ચોપડે તેઓને જ્ઞાનીપણે સ્વીકારવાનો

પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ ભગવાન્ સુધર્માસ્વામીજી આ પ્રથમ-સૂત્રથી સાફ સાફ ઈન્કાર કરે છે, તે ધ્યાનમાં રાખવા જેવું છે.

શ્રીઆચારાંગ સૂત્રના પ્રથમ-સૂત્રમાં નો શબ્દ એ સર્વ સંજ્ઞાનો નિષેધ સૂચવતો નથી, પણ કોઇ વિશિષ્ટ-જ્ઞાન સૂચક-સંજ્ઞાનો નિષેધ જણાવે છે, કારણકે 'નો' શબ્દ દેશ-નિષેધવાચી છે, અને સર્વ-નિષેધવાચી પણ છે; અને આથીજ આ સ્થળે પણ દેશ-નિષેધવાચિપણામાં નો શબ્દનો અર્થ સુસંગત છે.

જ્યાંસુધી દરેકે દરેક જીવ આત્માદિ-પદાર્થનું સ્વરૂપ, અને ગતિ-આગતિ વિગેરેનું સ્વરૂપ જાણે નહિં, ત્યાંસુધી "હું અજ્ઞાની છું" એ વાતનો એકરાર કરીનેજ આગળ વધવાનું છે. આથીજ પૂ. ગણધર ભગવંતે શ્રીઆચારાંગની આદિમાં આ સૂત્રની રચના કરીને ચૌદ વિદ્યાના પારંગતપણામાં પણ અમે અજ્ઞાની હતા, અને ત્રૈલોક્યનાથ-ભગવંતના ચરણ કમળમાં આવીને આત્માદિ પદાર્થોને જાણ્યા ત્યારેજ વાસ્તવિક શ્રદ્ધા પૂર્વકની સમજથી આ શાસનને અમને જ્ઞાની તરીકે સ્વીકાર્યા. વિશિષ્ટ સંજ્ઞાને પામનારો રાત્રિ દિવસ એકજ ઝંખનામાં હોય છે કે— "મ્હારો આત્મા બીજી ગતિમાંથી આવીને અહિં ઉત્પન્ન થયો છે, અને આયુષ્યની સમાપ્તિ સાથે તુરત બીજી ગતિમાં ચાલ્યો જશે, માટે સાધવા લાયકનું સઘળુંયે સાધી લેવું એમાં માનવ જીવનની સફલતા છે?" આ ઝંખનાને અનુસરતી કરણી થાય ત્યારે જ્ઞાનીપણું પ્રાપ્ત થાય છે. આ પ્રસંગને વધુ સુસ્થિત કરવા માટે શ્રીઆચારાંગ સૂત્રના અનુક્રમે બીજા-ત્રીજા સૂત્રમાં રહેલા ભાવોનું આસ્વાદન થાય તોજ જ્ઞાનિયો જ્ઞાનીપણાનો દાવો કરવાને કયારે હકદાર થાય છે?, તે વાત અભ્યાસકોને આપો આપ બે ને બે ચાર જેવી સીધી રીતે અને સરળપણે સમજાઇ જાય છે. શાસન-માન્ય-જ્ઞાનિપણાને વાસ્તવિક રીતિએ સ્પર્શન કરીને દિનપ્રતિદિન કલ્યાણકારિ જીવન જીવનારા શ્રીસુધર્માસ્વામીજીની જીવન ચર્યાને જાણીને વીર્યોલ્લાસમાં આગળ વધીએ.

પંચમ-ગણધરની જીવનચર્યા.

આસન્નોપકારિ અંતિમ શ્રીવીરવીભુના સુશિષ્ય પંચમ-ગણધર ભગવાનૂ શ્રીસુધર્માસ્વામીજી હતા, આ ગ્રંથના રચયિતા અને તેઓ હતા. એટલે તેઓશ્રીના જીવનની સંક્ષિપ્ત નોંધને સ્મૃતિ-પથમાં લેઇને વીર્યોલ્લાસનો વેગ વધારવા પૂર્વક આગળ વધીયે. પ્રભુ-શ્રીમહાવીર-મહારાજાની પાટ પરંપરામાં તે પાંચમી પાટે છે, અને તેઓશ્રીનું સ્વરૂપ આ પ્રમાણે છે. કુલ્લાગ નામના એક ગામમાં અગ્નિવૈશ્યાયન ગોત્રવાળા ધમ્મિલ નામના બ્રાહ્મણ રહેતા હતા, અને તેમને ભદ્દિલા નામની સ્ત્રી હતી. આ બંન્નેને સંસારની લીલાના અનુભવમાં આગળ વધતાં એટલે ભદ્દિલાએ એક પુત્રને જન્મ આપ્યો. સંસારના વ્યવહારમાં અતિકુશળતા પ્રાપ્ત કરવા માટે પિતાની આજ્ઞાથી પોતે ચૌદ વિદ્યાના પારંગત બન્યા હતા. તેઓની (આર્ય-સુધર્માની) નિશ્રામાં રહીને વિદ્યા સંપાદનના અર્થિ-પાંચસો શિષ્યો અધ્યયન કરતા હતા. પચાસ વર્ષ લગભગ પઠન, પાઠન, વાદવિવાદ; અને બ્રાહ્મણ કુળને અનુસરતી ક્રિયા કાંડમાં વ્યતીત કર્યાં. અપાપા નામની નગરીમાં સોમિલ બ્રાહ્મ-

બુને ઘેર યજ્ઞ હોમની ક્રિયા કરવા, કરાવવા માટે દેશ-પરદેશથી બ્રાહ્મણો આવેલા છે. તે સર્વ-બ્રાહ્મણોમાં આર્ય ઈન્દ્રભૂતિ, આર્ય અગ્નિભૂતિ, આર્ય વાયુભૂતિ, આર્ય વ્યક્ત-અને આર્ય; સુધર્માદિ અગીઆર બ્રાહ્મણો આદિ મોટી સંખ્યામાં અનેક જાતિના બ્રાહ્મણો એકઠા મળ્યા છે. આ અવસરે કેવળજ્ઞાની-વિભુ શ્રી મહાવીર મહારાજા રજ્જુઆલિકા નદી પાસેના ક્ષેત્રમાંથી વિહાર કરીને મહસેન વનમાં પધાર્યા છે. દેવોએ પ્રભુ શ્રીવીર પધારે છે, એટલે સમવસરણની રચના કરી છે. આકાશમાંથી આવતાં જતાં વિમાનોને અને દેવ-દેવીઓના પરિવારને નયને નિહાળીને યજ્ઞની મહત્ત્વતા માનનારા આગેવાન બ્રાહ્મણો અને તેમનો સઘળોએ પરિવાર આશ્ચર્યચકિત થાય છે. એટલુંજ નહિં પણ આ બધાં વિમાનો, દેવેન્દ્રો, દેવો, દેવીઓ; અને સઘળોએ જન સમુદાય યજ્ઞમાં નહિં આવતાં ભગવાન શ્રી મહાવીર-મહારાજાને વંદન કરવાને અને વાણી શ્રવણ કરવાને જાય છે. આ વાતનો નિર્ણય કરીને આગેવાન બ્રાહ્મણ ગૌતમ ગોત્રવાળા આર્ય ઈન્દ્રભૂતિ સર્વજ્ઞપણાના અહંભાવ સાથે ભગવાન્ શ્રીમહાવીર મહારાજા સાથે વાત કરીને જીતવા જાય છે; અને છેવટે કેવી રીતે જીતાઈ જાય છે તેનું સંક્ષપિત વર્ણન શ્રી કલ્પસૂત્રના ગણધર-વાદ નામના પ્રસિદ્ધ વ્યાખ્યાનાવસરે ચતુર્વિધસંઘ નિયમતઃ શ્રવણ કરે છે. ગણધર-વાદ-વિવાદ સંબંધિ શંકા સમાધાન વિસ્તારથી જાણવાની અભિલાષાવાળાએ શ્રીઆવશ્યક-સૂત્ર, શ્રીવિશેષાવશ્યકાદિ પ્રૌઢ-ગ્રંથોનું વાંચન-મનન પરિશીલન કરવું જરૂરીનું છે. આર્ય ઈન્દ્રભૂતિ પોતાની ઘણા વર્ષોની જુની શંકાનું સમાધાન પામીને જીતાઈ ગયા પછી પોતાના પાંચસો શિષ્યોની સાથે દીક્ષિત થાય છે, અને પ્રથમ ગણધર તરીકે પ્રસિદ્ધ થાય છે. ત્યાર પછી અનુક્રમે પોતાના ભાઇ આર્ય અગ્નિભૂતિ પોતાના જ્યેષ્ઠ બાંધવને પાછો લેઇ જવાને જીતવાની મુરાદથી ભગવાન્ શ્રી મહાવીર પાસે આવેછે, અને તુરત પોતાની શંકાના સમાધાન સાથે જીતાઇ જાય છે. છેવટે પોતના પાંચસો શિષ્ય સાથે દીક્ષા લેઇને બીજા ગણધર તરોકે પ્રસિદ્ધ થાય છે. તે પછી અમારા વડીલ ભાઇ આર્ય-ઇન્દ્ર ભૂતિએ અને આર્યઅગ્નિ ભૂતિએ જેઓને મુરબ્બી તરીકે સ્વીકાર્યા તેઓશ્રી મ્હારા પણ મુરબ્બી છે એ ભાવથી અનુક્રમે આર્ય વાયુભૂતિ, આર્ય વ્યક્ત અને આર્ય સુધર્મા વિગેરે આગેવાન બ્રાહ્મણો આવે છે. તેઓના હૃદયમાં ખૂણામાં છુપાઇ રહેલી શંકાઓને પ્રભુ મહાવીર જણાવે છે, અને સર્વેની શંકાના સમાધાન તેઓના વેદના તે તે પદોદ્વારા વાસ્તવિક-અર્થનું અનુસ્યૂત સંબંધ સાથે નિવેદન કરીને સમજાવે છે. અંતે આગેવાન અગીઆર બ્રાહ્મણો પોતાના શિષ્યાદિ ૪૪૦૦) ના પરિવાર સાથે દીક્ષિત થાય છે, અને અગીઆર આગેવાન બ્રાહ્મણો મુખ્ય શિષ્યો એટલે ગણધર પદથી વિભૂષિત થયેલા શાસનમાન્ય સુશિષ્યો થયા છે; એ શાસન માન્ય વાત શાસ્ત્ર સુપ્રસિદ્ધ છે. આ અવસરે સકલ અંગાદિના રચયિતા આ પંચમ ગણધર ભગવાન્ શ્રીસુધર્માસ્વામીજીની ઉમ્મર પચાસ વર્ષની છે. દીક્ષા લીધા પછી ત્રીસ વર્ષ પર્યંત શ્રીવીર વિભુના ચરણ કમળની ઉપાસના કરી છે. અને શ્રીમહાવીર મહારાજાના નિર્વાણ પછી બાર વર્ષે એટલે ૯૨ બાણું વર્ષની ઉમ્મરે વિશુદ્ધ ભાવનાથી ભાવિત થયેલા

તે પંચમ ગણધર ભગવાનને કેવળ જ્ઞાન પ્રગટ થયું છે. કેવળ જ્ઞાનના પર્યાયથી વિભૂષિત થયેલા ભગવાન્ શ્રીસુધર્માસ્વામીજીએ ગ્રામાનુગ્રામ વિહાર કરીને અનેક ભવ્યોનો ઉદ્ધાર કર્યો, અને આઠ વર્ષ સુધી કેવળી પર્યાય પૂર્ણ પાળીને, એક મહિનાના ચોવિહાર ઉપવાસની ધોર તપશ્ચર્યા તપીને, પાદપોપગમન નામના અનશનને અનુસરીને; અને સકળ-કર્મનો ક્ષય કરીને ભગવાન્ શ્રીસુધર્માસ્વામીજી મોક્ષે ગયા. તેવા ગણધરો ભગવાન્ શ્રીમહાવીર-મહારાજાની વિદ્યમાનતામાં મોક્ષે ગયા હતા, અને ભગવાન્ શ્રીમહાવીર મહારાજાના મોક્ષ ગમન પછી એજ ગણધરો રહ્યા હતા; તે પૈકી ૧-આર્ય શ્રીઇન્દ્રભૂતિ પ્રથમ ગણધર અને ૨-આર્ય શ્રીસુધર્માસ્વામીજી પંચમ ગણધર હતા. પૂર્વના નવગણધરોએ જેમ પોતાનો શિષ્ય પરિવારાદિ શ્રીસુધર્માસ્વામીજીને ભળાવ્યો હતો, તેમ પ્રથમ ગણધર ભગવંતે પણ પોતાના સઘળા પરિવારને શ્રીસુધર્માસ્વામીજીને ભળાવીને પોતે મોક્ષે ગયા. એટલે તે અવસરની દૃષ્ટાંતથી "અદ્યાપિ પર્યંતના જે સાધુ-સાધ્વીઓ છે તે બધાએ શ્રીઆર્યસુધર્મા-સ્વામિજીના શિષ્ય સંતાનો છે-જુઓ સ્થવિરાવલિ-

जे इमे अज्जत्ताए समणा निग्गंथा विहरंति ।
एएणं सव्वे अज्जसुहम्मस्स अणगारस्स आवच्चिज्जा ॥

શ્રીકલ્પસૂત્રના રચનાવસરે સ્થળે સ્થળે ભગવાન્ શ્રીસુધર્માસ્વામીજી પોતાના શિષ્યશ્રી-જંબૂસ્વામિજીને ઉદ્દેશીને કથન કરે છે, માટે તેઓશ્રીના જીવનને જાણીને, વિચારીને અને પરિશીલન કરીને અનુમોદનરૂપ-અમૃતનું આસ્વાદન કરીએ.

અંતિમ-કેવળીની જીવન ચર્યા.

પંચમ ગણધર ભગવાન્ શ્રી સુધર્માસ્વામી-જીના પ્રથમ સુશિષ્ય કે જે વર્તમાન શાસનમાં અંતિમ કેવળી શ્રીજંબૂસ્વામીજી કહેવાય છે. સૂત્ર-કાર શ્રીપંચમ ગણધર છે, અને અનંતર-આગમને સૂત્રથી પ્રાપ્ત કરનાર શ્રીજંબૂસ્વામીજી હોવાથી તેઓશ્રીનું જીવન જાણવું જરૂરીનું - જાણીને અત્ર વિચારાય છે. લગભગ ૨૪૭૫ વર્ષોના વહાણાં વીતી ગયાં, છતાં પણ આ મહા-પુરુષોનાં જીવન બાબતોના વર્ણનો જાણવા છીએ, ત્યારે ભૂતકાળને જૂની જણાય છે, અને તેઓનું જીવન વર્તમાન-કાળના સાક્ષાત્કારનો અનુભવ કરાવે છે. આ જંબૂદ્વીપના દક્ષિણાર્દ્ધ ભરતના ભરત-ક્ષેત્રમાં મગધ નામનો દેશ છે, અને તેની રાજધાની રાજગૃહ નામના નગરમાં હતી. તે નગરમાં અતિ ધનવાન અને ઓટ વગરની સંપત્તિના ભવ્ય તરંગોના અનુભવ શ્રેષ્ઠિ ઋષભ અને ધારિણી કરતાં હતાં. સંસારની લીલાનો અનુભવ કરતાં ધારિણીની કુક્ષિમાં પાંચમા દેવલોકમાંથી ચ્યવીને એક દેવ ગર્ભપણે ઉત્પન્ન થયો, અને તે ગર્ભનો પરિપકવ કાળે પુત્રપણે જન્મ થયો. સ્વપ્નના અને દોહદના ભાવને અનુસરતું શ્રેષ્ઠિના સગાં વહાલાંઓ મળીને જીવંબૂ એવું નામ સ્થાપન કર્યું, અને તેણે શ્રી-સુધર્માસ્વામિજીની દેશના શ્રવણ કરીને સમ્યક્ત્વ

સહિત શીલ અંગીકાર કર્યો. શ્રી જંબૂસ્વામિને પરણવાની ઇચ્છા નહોતી, છતાં માત પિતાના અતિ આગ્રહથી તે આઠ કન્યાઓ પરણ્યો, પરંતુ તેઓની સ્નેહવર્ધક-વાણીથી લેશમાત્ર પણ મોહિત થયો નહિં; કારણકે સંસાર સમુદ્રનો પાર પામવા માટે જેણે સમ્યક્ત્વ અને શીલ નામના તુંબડા ગ્રહણ કર્યાં છે, તે શ્રીજંબૂસ્વામિજી સ્ત્રીરૂપ સરિતાઓમાં ડૂબી શકતોજ નથી. રાત્રિમાં તે સ્ત્રીઓ સાથે અનેક પ્રકારની શંકાઓના સમાધાન આપીને, અને સુંદર વિચાર વિનિમય કરીને તે આઠે સ્ત્રીઓને પ્રતિબોધ પમાડીને દીક્ષાની અર્થિની બનાવી. એટલુંજ નહિ પણ તેજ રાત્રિમાં પ્રભવ નામનો ચોર બીજા ચોરો સાથે ચોરી કરવા આવ્યો હતો. પરંતુ "આ ઘરનો માલીક સ્ત્રીઓ સાથે ૯૯ નવાણું ક્રોડની સંપત્તિને છોડીને જનાર છે" એ વાતને વિવેક પૂર્વક હૃદયમાં સ્થિર કરીને ચોરી કરવા આવેલા તે ચોરે વિનાશિ સંપત્તિઓનો મોહ મુકીને અવિનાશિ-મહા મુલ્યવાળાં ત્રણ રત્નોની ચોરી કરવાનો સઘળા ચોર સાથે નિર્ણય કર્યો. સવારમાં પાંચસો ચોર, આઠ સ્ત્રીઓ, આઠ સ્ત્રીઓના માતા પિતા, પોતાના માતા પિતા; અને પોતે મળીને કુલ-૫૨૭-પાંચસો સત્તાવીશની સંખ્યામાં દીક્ષિત થયા ભગવાન્ સુધર્માસ્વામિજીની પાસે શ્રીજંબૂસ્વામિ પ્રથમ શિષ્ય થયા. અને તેમની પાટે તે શ્રીપ્રભવસ્વામી આવ્યા શ્રીજંબૂસ્વામિજી સોળ વર્ષ ગૃહસ્થાશ્રમમાં રહીને, તે પછી દીક્ષા લઇને, બીશ વર્ષ સુધી શ્રી સુધર્માસ્વામિજીના ચરણ કમળની ઉપાસના કરીને, ચુમ્માલીશ વર્ષ કેવલિ પર્યાય પામીને; અને સમગ્ર એંશી વર્ષનું આયુ પૂર્ણ કરીને પરમપદને પામ્યા. શ્રીજંબૂસ્વામીજી મોક્ષે ગયા પછી કોઇ પણ કેવળજ્ઞાન પામ્યું નથી, અર્થાત્ કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયું નથી માટે તેઓશ્રીને શાસનમાં અંતિમ કેવળીના નામથી પિછાણે છે.

'સુયં મે૦' અને 'ત્તિબેમિ' પદોની સુવ્યવસ્થા.

શાસનમાન્ય-જ્ઞાનિઓને શાસનના સંચાલક પંચમ ગણધર શ્રીસુધર્માસ્વામિજી અને અંતિમ કેવળી શ્રીજંબૂસ્વામિજીના જીવનને સ્મૃતિ પથમાં રાખીને અંગના પ્રારંભકાળને અને તે અવસરની રચના પર ધ્યાન દઇએ. શાસનમાન્ય જ્ઞાનિપણું ઘટ્યું છે, તે માટે તેઓશ્રીની રચનાઓજ સાક્ષિ પૂરવા સમર્થ છે. આત્માદિ ભાવોની સાથે ગતિ-આગતિને સમજીને મ્હારાં સાધુઓ, અને સાધ્વીઓ, તથા મ્હારાં શ્રાવકો અને શ્રાવિકાઓ પણ તેજ રહસ્ય અનાદિકાળની અજ્ઞાનીપણાની આંખોમાંથી નીકળીને શાસનમાન્ય જ્ઞાનિપણાને વરશે, એજ એક હેતુથી-"सुयं मे आउसंतेणं इहमेगेसिं नो सन्ना भवइ" એનું શ્રીઆચારાંગના પ્રથમ સૂત્ર તરીકે આયોજન કરે છે. શ્રીસુધર્માસ્વામી જ્ઞાનીપણાને અને અજ્ઞાની પણાના વાસ્તવિક સ્વરૂપને સમજી શકે એવા સમજુ વાંચકોને, વિચારકોને; અને અભ્યાસિઓને "सुयं मे" પંચમિ પદોના પરમાર્થ સમજવામાં અને તે પરમાર્થ-પિયૂષનું આસ્વાદન કરવામાં લવ લેશમાત્ર ખલના થતીજ નથી. આથીજ અંગના પ્રારંભમાં પંચમ ગણધર ભગવાન્ શ્રીસુધર્માસ્વામિજી જણાવે છે કે—

શાસન્નોપકારિ-શાસન સંસ્થાપક અંતિમ તીર્થંકર ભગવાન્ મહાવીર મહારાજાના ચરણ કમળની ઉપાસના કરતાં મેં જે સાંભળ્યું છે તે હે જંબૂ! હું તને કહીશ. આ રીતિએ સુયં મે ઇત્યાદિ પદો દ્વારા પોતાના શિષ્ય શ્રીજંબૂસ્વામિજીને ઉદ્દેશીને જણાવે છે. શ્રી આચારાંગ સૂત્રની આદિમાં સુયં મે૦ અને અંતમાં त्तिबेमि એ પદો વ્યવસ્થિ આવે છે, પરંતુ શ્રીસૂત્રકૃતાંગના પ્રથમ સૂત્રમાં बुज्झिज्जत्ति૦ ઇત્યાદિ પદોથી શરૂ થતા સૂત્રની સાથે 'सुयं मे' એ પદો નથી, છતાં પણ છે એમ સમજીનેજ વાંચકે-વિચારકે અને અભ્યાસકે અર્થ કરવાનો છે, અને જગો જગો પર તેજ રીતિએ વર્તવાનું છે; એ આ ઉપરના આલેખનથી સ્પષ્ટ થાય છે. 'सुयं मे' સૂત્રની વ્યવસ્થામાં લઘુ સ્વરવાળો 'मे' પ્રથમ જોઇએ, અને सुयं પછી જોઇએ; પરંતુ 'लघ्वक्षरा०' એ સૂત્રથી જે વાત આગળ ધરે છે એજ સૂત્રમાં पूज्यतादर्शक શબ્દ પહેલો જોઇએ એ વાત ધ્યાનમાં હોય તો આ શંકાને અવકાશ નથી; એટલે પૂજ્યતાવાચક શબ્દ હોવાથી પ્રથમ હોવો જોઇએ, અને રચનામાં પ્રથમ છે એ સુસંગત છે. શ્રીશીલાંકસૂરિજી આ સૂત્રના પદચ્છેદ વખતે श्रुतं मया० એવું વૃત્તિમાં ઉપર પ્રમાણે જણાવે છે, 'मे' પદની વ્યાખ્યામાં ષષ્ઠીને બદલે તૃતીયાની વ્યાખ્યા 'विभक्तिपरिणामेन षष्ठ्यर्थे तृतीया' એ સૂત્રથી अव्ययपद બોધક 'मे' શબ્દ હોવાથી ગમે તે વિભક્તિનો અર્થ કરી શકાય છે. તે સિવાય अस्मद्नुं પ્રાકૃત ભાષામાં તૃતીયામાં 'मे' રૂપ બને છે એટલે ઉપરના સમાધાન સાથે આ પણ વિચાર કર્યો હોય અને તેથી વ્યાખ્યાકારે તૃતીયાનો અર્થ કર્યો છે તે પણ સુસંગત છે. પોતાના શિષ્યને સૂત્ર સંદર્ભ આપતા હું તને આમ જણાવું છું એમ નહિ, પણ ભગવાન્ મહાવીર પાસેથી મ્હેં મેળવ્યું છે તેજ તને હું અનુવાદ રૂપે જણાવું છું. હું કહેતો નથી, મ્હારા ઘરનું કહેતો નથી, મનોઘડંત કલ્પનાઓ ઠાલવતો નથી; પરંતુ શ્રી ભગવંતે જે કીધું તેજ કહું છું. અને તેથી તે માટે અભ્યાસકે વિચારવાની જરૂર છે કે અધ્યયન કે ઉદ્દેશની પરિસમાપ્તિમાં 'त्तिबेमि' એ પદથી સ્વમનીષિકાનો ભાર પૂર્વક પરિહાર સૂચવે છે, એટલુંજ નહિ પણ શાસન સંસ્થાપક પરમ તારક ગુરૂવર્ય શ્રી તીર્થંકર પ્રતિ પૂ. ગણધરનો અતિ આદર બહુમાન સૂચવે છે, અને તરણ-તારણ-ગુરૂવર્યો પ્રત્યે ભાવિ-શિષ્યાદિકે આ રીતે વર્તવું એવું હિતકર સૂચન આથી ધ્વનિત થાય છે. જે જે અધ્યયન વિગેરેની આદિમાં "सुयं मे" આદિ પદો હોય, અને અંતમાં "त्तिबेमि" પદ હોય તો ભગવાન્ મહાવીર મહારાજા પાસેથી શ્રીસુધર્માસ્વામીજીએ મેળવ્યું, અને પોતાના શિષ્ય શ્રી જંબૂસ્વામીજીને સ્વપરહિતાર્થે દીધું એ સ્પષ્ટ થાય છે. આ પ્રસંગને સ્પષ્ટ કરતાં શ્રીસૂત્રકૃતાંગની વૃત્તિ કરતાં શ્રી શિલાંકસૂરિજી પણ પ્રથમ અધ્યયના પ્રથમ ઉદ્દેશાની સમાપ્તિમાં મૂલકાર આ રીતે જણાવે છે.—

इति बेमि पढममज्झयणे पढमो उद्देशो समत्तो ॥

અને વૃત્તિકાર આ રીતે "इति बेमि" સંબંધમાં આ રીતે વૃત્તિમાં જણાવે છે—

"ब्रवीमीति सुधर्मस्वामी जम्बूस्वामिनं प्रत्याह-
'ब्रवीम्यहं तीर्थकराज्ञया, न स्वमनीषिकया,
सत्यहं ब्रवीमि येन मया तीर्थङ्करसकाशाच्छ्रुतम्।"

(શ્રીગોડીજી૦ મુ૦ સૂ૦ પૃ૦ ૩૦-પંક્તિ ૪-૫)

હવે આ ઉપરથી જે અધ્યાયની અંતમાં 'त्तिबेमि' હોય, તે અધ્યયનની પ્રારંભમાં 'सुयं मे आउसंतेणं भगवया एवमक्खायं' આપદો અવશ્ય મેવ છે એમ સ્વયંજ લેવાં જોઇએ. જેવી રીતે શ્રી દશવૈકાલિકસૂત્રની અંતમાં 'त्तिबेमि' પદ છે, પરંતુ પ્રથમ અધ્યયનમાં 'सुयं मे' ઈત્યાદિ પદો નથી છતાં તે સ્વીકારી લેવાંજ જોઇએ. આવીજ સ્પષ્ટતા નવાંગ વૃત્તિકાર શ્રી અભયદેવસૂરિજી એ પણ ઠામ ઠામ પોતાની વૃત્તિમાં કરેલી છે. આ ઉપરથી "सुयं मे" અને "त्तिबेमि" ઈત્યાદી પદોની મૌલિકતા, અને પારમાર્થિકતા વાંચકોએ અને અભ્યાસકોએ અનુક્રમે વાંચનકાલે અને અભ્યાસકાલે અવશ્ય-મેવ વિચારવી જરૂરીની છે. આ ઉપર જણાવેલા પદોના પરમાર્થ પ્રત્યે વાસ્તવિક-પ્રીતિપૂર્વકની પ્રતિતિ અને રૂચિ થાય છે, તેના હૃદયમાંજ પૂ. તીર્થંકરોએ કથન કરેલા અર્થનું અમૃતાસ્વાદન અને પૂ. ગણધર ભગવંતોના રચેલા સુત્રોનું સુધા-સ્વાદન સ્પષ્ટપણે નિરંતર થયું છે, થાય છે અને થશે તે નિઃશંક બીના છે.

સર્વસંપદાના મૂલીક-શ્રીસુધર્મસ્વામીજી.

"વર્તમાનકાલીન સઘળીએ શ્રુતસંપદાના મૂળ પ્રણેતા શ્રીસુધર્માસ્વામીજી છે", એ વાતને પૂર્વે નિર્ણીત સ્વરૂપે વિચારી ગયા. હવે નિર્ણીત વાતની આડે આવનારી વાતો વિચારીએ છીએ તો અનેકવિધ રચનાઓ અનેકાઅનેક મહાત્માઓએ કરેલી છે, અને તે તે કૃતિઓ નજર સન્મુખ થઇ રહી છે, અને પાંચમું અંગ શ્રી-ભગવતીજીસૂત્રના સૂત્રોના રચયિતા તો પ્રથમ ગણ-ધર ભગવાન્ શ્રીગૌતમસ્વામીજી છે. આ સિવાય પ્રાતઃસ્મરણીય-પૂર્વધરોની-અને શાસનમાન્ય-સ્થવિર-ભગવંતોની અનેકવિધ રચનાઓ હોવા છતાં બધીએ શાસનમાન્ય રચનાઓના આદ્ય રચયિતા પંચમ ગણધર ભગવાન શ્રીસુધર્મા-સ્વામીજી માનવા શી રીતે?, એ અત્ર પ્રાસંગિક પ્રશ્ન થાય તે સંભવિત છે. આ પ્રશ્નના સમાધાનમાં સમજવાનું એ છે કે સર્વજ્ઞ ભગવંતના શાસનમાં મનોઘડંત-કલ્પનાઓને માન્ય રાખવાને લેશમાત્ર અવકાશજ નથી. દરેક અંગમાં, દરેક શ્રુતસ્કંધમાં, દરેક અધ્યયનમાં, દરેક સૂત્રમાં; અને દરેક શાસનમાન્ય વિશિષ્ટ રચનાઓમાં 'सुयं मे' પદો ન લીધાં હોય, અગર 'त्तिबेमि' પદ ન જોડ્યા હોય અગર ન જણાવ્યાં હોય તો તે પદો ત્યાં છે એમ તે સ્થળે સમજીજ લેવાં જોઇએ. આ 'सुयं मे' ઈત્યાદિ પદોથી કલ્પનાના ગોળા ગબડાવવાની ભગવંતના શાસનમાં સાફ સાફ મનાઇ કરેલી છે. એટલુંજ નહિં પણ 'सुयं मे' ઇત્યાદિ પદો વગેરેથી જૈનશાસન-માન્ય-આગમ સંબંધિ અર્થથી થતી પ્રરૂપણાઓ અને સૂત્રથી થતી પ્રરૂપણાઓ એ નિરાધાર બની જાય છે. જૈના-ગમના સારભૂત રહસ્યના જેઓ આસ્વાદી હશે

તેઓને આ વાત સમજાતી પડે તેમ નથી. અર્થથી–આત્માગમ, અનંતર આગમ, અને પરંપરા આગમ સમજનારને; તથા સૂત્રથી–આત્માગમ, અનંતર–આગમ અને પરંપરા–આગમ સમજવામાં વિલંબ થતો નથી. અર્થથી પ્રરૂપણા કરનારા અરિહંતોને આત્માગમ, તેમની પાસેથી શ્રવણ કરનારા એટલે તે અરિહંત ભગવંતોની અમોઘ દિવ્ય દેશનાને ઝીલનારા ગણધર ભગવંતોને અનંતર આગમ, અને પ્રાપ્ત થયેલા અર્થને શિષ્ય–પરંપરામાં પઠન, પાઠન કરાવે તે બધાને પરંપરા આગમ હોય છે. આ રીતિએ આસન્નોપકારિ-અંતિમ-વિભુ શ્રીવીર પરમાત્મા અર્થથી દેશના દેનાર હોવાથી તેઓને આત્માગમ, શાસનના માલીક પંચમ ગણધર ભગવંત તે દેશના ઝીલનાર હોવાથી તેઓને અનંતર આગમ; અને અંતિમ કેવળી જબ્બસ્વન્ત શ્રીજંબૂસ્વામીજી તે અર્થ તેઓ પાસેથી (શ્રીસુધર્મસ્વામીજી પાસેથી) પામ્યા તેથી તેમને પરંપરા આગમ હોય એ સ્વાભાવિક છે. આ રીતિએ અર્થથી આગમના ત્રણ પ્રકાર સમજાયા. હવે સૂત્રના રચયિતા શ્રી સુધર્માસ્વામીજી હોવાથી સૂત્રથી આત્માગમ શ્રીસુધર્માસ્વામિજીને, તેમની પાસેથી સૂત્રોની અનંતર પ્રાપ્તિ કરનાર શ્રીજંબૂસ્વામિ છે, માટે સૂત્રથી અનંતર આગમ શ્રીજંબૂસ્વામી છે, અને તે પછી તેઓશ્રીજીએ (શ્રીજંબૂસ્વામીજીએ) શ્રીપ્રભવસ્વામીજીને પરંપરામાં સૂત્રની વિધિ માટે સૂત્રથી પરંપરાગમ શ્રીપ્રભવસ્વામિજીને છે. પખ્ખી, ચાઉમ્માસી અને સાંવત્સરિક પ્રતિક્રમણ અવસરે જે પખ્ખી ખામણા ખમાય છે (ચાઉમ્માસી અને સાંવત્સરિક અવસરે જે ખામણા ખમાય છે) તે અવસરે ત્રીજા ખામણાનો પાઠ બોલવાના અવસરે- अक्खरं वा, पयं वा, गाहं वा, सिलोगं वा, सिलोगद्धं वा, अट्ठं वा, हेउं वा, पसिणं वा, वागरणं वा०; ઇત્યાદિ પદો બોલનારને પોતાની બાલીકી નથી, પણ પરંપરામાં મળ્યું છે તેજ અપાય છે, અને ભણાવાય છે. અને તેથીજ વડીલો તે ખામણા પ્રસંગે "आयरिय संतियं" એમ બોલે છે. એટલે તમને જે કાંઇ વસ્ત્રપાત્રાદિ અથવા અક્ષરાદિ અપાય છે તેઓને અસ્યાર્યની પરંપરામાં પ્રાપ્ત થયું તે રીતે અપાય છે, અમારૂં તેમાં કંઇ નથી; આ રથળે પણ સ્વમનીષિકાનો પરિહાર પ્રગટપણે સૂચવાય છે આમાંથી બે બાબત અત્ર નિર્ણીત થાય છે કે ચ્હાય તો ઔદપૂર્વધરે કે દશપૂર્વધરે રચનાઓ કરી હોય, ચ્હાય તો નિર્યુક્તિકારની કે ભાષ્યકારની રચના હોય, ચ્હાય તો ચૂર્ણિકારની કે વૃત્તિકારની રચના હોય; અને ચ્હાય તો સૂરિપુરંદરની કે ગ્રન્થકર્તાની રચના હોય તો પણ દરેકે દરેકની પરંપરાના ઉંડાણને તપાસીએ તો શાસનની સઘળી શ્રુતપરંપરાના અને ચારિત્ર પરંપરાના માલીક શ્રીસુધર્માસ્વામી હતા, છે; અને વર્તમાન શાસનની પરિસમાપ્તિ પર્યન્ત તેઓજ રહેશે એ સર્વદા સ્મૃતિપટમાં સ્થિર કરવું આવશ્યક છે. (અપૂર્ણ.)

(ટાઇટલ પેજ ૨ જાથી ચાલુ)

પાકતાં [illegible] વર્ષની વયે પણ તેઓ નવ–નવીન કૃતિનું સર્જન કરતા. તેમણે સંસ્કૃતમાં અનેક—કૃતિઓ રચી છે, તેમાંની ચાર કૃતિઓ ઉપદેશ નવશતી, તિથિ દર્પણ શ્રમણ ધર્મસહસ્ત્ર, શ્રમણ ભગવંત મહાવીર આ ચારે કૃતિઓ અપ્રસિદ્ધ છે. આ સિવાય હાલમાં છપાતા આગામ કોષ માટે તેમના શ્રમનું વિવેચનરૂપ વ્યક્તતત્વને સમાપ્ત કરવાની સાથે પોતાનું સ્થાન લીધું હતું.

ત્યારબાદ અમદાવાદ નિવાસિ સીતાબ્હેનની પુત્રી જયપ્રભાએ સુંદર અને આકર્ષક ગહુંલી ગાઇ હતી. તે ગહુંલી નીચે પ્રમાણે છેઃ—

પૂ. આગમોદ્ધારક આચાર્યશ્રીના યશોગાન.

આગમોદ્ધારક સૂરીશ્વરજી મહારાજનો જન્મ દિવસ છે આજ,
સાશન સ્થંભ સૂરીશ્વરજીનો જન્મ દિવસ છે આજ;
આગમોદ્ધારક સૂરીશ્વર મહારાજની જન્મ તિથિનો દીન છે આજે,
સાંભળજો શાંતિથી ધુરનો જન્મ દિવસ છે આજે.
સોનાનો સુરજ ઉગ્યો આજે, દુધડે વરસ્યા મેહુલા આજે,
સુગ્ન આંગણે ફલીયો આજે જન્મ દિવસ છે આજ;
મોતીના તોરણ બંધાવો, કુમકુમના સાથીઆ પુરાવો,
સૂરીશ્વરજીને મોતીડે વધાવો જન્મ દિવસ છે આજ.
ઓગણીસ બેતરીસની સાલે કૃષ્ણ અષાડી અમાવાસ્યાએ,
શુભ ગ્રહ નક્ષત્ર ચોઘડીએ જન્મ્યા છે ગુરૂરાજ;
ધન્ય જનમના માતાના જાયા પિતા મગનભાઈ કુલે સોહાય,
હેમચંદ નામ ધરાયા ગુરૂનો જન્મ દિવસ છે આજ.
સોળ વર્ષમાં થયા વૈરાગી યોવન વયમાં સંસાર ત્યાગી,
ચારિત્ર લેવાની રઢ લાગી જન્મ દિવસ છે આજ;
સંવત ઓગણીસ સુડતાલીસે મહા સુદી પંચમીને દિવસે,
મહાવ્રત લીધું છે ઉલ્લાસે જન્મ દિવસ છે આજ.
ઓગણીસ નવ્વાણુંની સાલે, પાલીતાણામાં સિદ્ધગિરી છાયે,
આગમ મંદિર ને સિદ્ધચક્ર મંદિર બંધાવ્યા ગુરૂ રાજ;
ચાર ચાતુર્માસ અહીંયા કરીને, રાત દિવસ પરિસહોને સહીને,
કીધાં દુષ્કર કામો ગુરૂએ જન્મ દિવસ છે આજ.
અનુપમ આગમ મંદિર બંધાવ્યા, તામ્રપત્રમાં આગમો લખાવ્યા,
કલ્યાણક પ્રભુના ચિતરાવ્યા, જન્મ દિવસ છે આજ.
ભૂમિગૃહે પાર્શ્વ પ્રભુજી બિરાજે, ઉપર આદિનાથ પ્રભુ ગાજે,
શાસનપતિ વીર વચમાં બીરાજે, જન્મ દિવસ છે આજ.
ગુરૂ ઉપદેશે મંદિર બંધાવ્યા, નવ માસમાં પૂર્ણ કરાવ્યાં,
જોતાં અચરજ થાય, ગુરૂનો જન્મ દિવસ છે આજ.
સુરતનો ભાગ્યોદય ચંદ્રીયો, સુરતરૂ આંગણે આવી ફળીયો,
ચિંતામણિ ચઢીયું છે હાથે, જન્મ દિવસ છે આજ.
આગમ મંદિર કોઈ તોલે નાવે, મેરૂગિરિની સ્પર્ધા કરાવે,
જેની જોડ અજોડ, ગુરૂનો જન્મ દિવસ છે આજ.
શાસન સ્થંભ સૂરી ચીરકાળ જીવો, વીર સાસનનો અમુલ્ય દીવો,
સાસનનો ઉદ્યોત કર્યો છે, જન્મ દિવસ છે આજ.
સૂર્યપુરીમાં તીર્થ સ્થપાયું, ઇતિહાસમાંહે નામ લખાયું,
તરવાનું એ સ્થાન, ગુરૂનો જન્મ દિવસ છે આજ.
દશે દિશામાં કીર્તિ વિસ્તારી, જૈન સાસનમાં ધ્વજ ફરકાવી,
જયજયકાર વર્તાયો, ગુરૂનો જન્મ દિવસ છે આજ.
વીર વચનને સત્યજ માને, સિદ્ધાંતોને સચ્ચા જાણે,
વીર પ્રભુના પગલે ચાલે, જન્મ દિવસ છે આજ.
સર્વે સૂરીશ્વરમાં શીરદાર, જ્ઞાન ગુણોના છે ભંડાર,
સ્તુતિ કરતાં પાર ન આવે, જન્મ દિવસ છે આજ.
સૂરીશ્વરજીના ગુણને ગાશે, તેહનાં દુઃખડાં દુર જાશે,
જય જય મંગળ વર્તાશે, જન્મ દિવસ છે આજ.
જન્મ દિવસ ઉજવીએ આજે, જન્મ દિવસ છે આજ.

(અપૂર્ણ.)

સુધા-વર્ષા.

કૈલાસસાગરસૂરિ જ્ઞાન
મહાવીર જૈન આરાધના
(ગાંધીનગર)

આલેખનકારઃ—પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણિવર.

૭૫૧. બીજાઓને અસદ્ આગ્રહી કહેવા પહેલાં પોતાના આગ્રહને શાસ્ત્રમર્યાદાએ અને પુનીત પરંપરાએ સૂક્ષ્મ-દૃષ્ટિપૂર્વક અવલોકન કરતાં શીખો, કારણ કે મુશીબતે મળેલા મોંઘા માનવ-જીવનમાં માનસિક-વાચિક-કાયિક-પ્રવૃત્તિદ્વારાએ કોઇનું પણ અહિતભર્યું અન્યાયી વલણ ન થાય તેની સાવધાની રાખો.

૭૫૨. અવસર-સાધક-અધમાત્માઓ નિન્દનીય-સ્વાર્થ સાધવા માટે વડીલાદિની સ્તુતિ પ્રશંસા કરીને તેઓને સુરગિરિની ટોચે ચઢાવી દે છે, અને અવસર પામીને તેજ વડીલોની નિંદા-હિલના કરીને તેજ સ્તુતિ-પ્રશંસાદિ-સુરગિરિવરથી પટકવાનું પાપ કાર્ય કરી દે તેવાઓની સ્તુતિ-પ્રશંસાની કે નિંદા-હિલનાની (બંને કાર્યની) કિંમત લગભગ કુટી કોડીની પ્રથમતઃ સમજાય છે; ત્યારેજ હૃદય-મંદિરમાં વિવેકની વાસ્તવિક હાજરી છે એમ સમજવું જરૂરીનું છે.

૭૫૩. વ્રત લેવાં અને વ્રત પાળવાં એ મુશ્કેલ છે, છતાં એ બંન્નેની કાર્યવાહી સહેલી અને સરળ છે, પરંતુ કસોટીના પરીક્ષણ-કાળમાં પરિસહ-ઉપસર્ગોની સામે અડગ રહીને ટકી રહેવું એજ માનવ જીવનની સફલતા છે.

૭૫૪. મહામોહ-નિદ્રાધીન થઇને પ્રમાદરૂપ પલંગપર પોઢેલાઓને જગાડનાર વીતરાગ-કથિત સદુપદેશ છે.

૭૫૫. વિનય-ભક્તિ-સેવાદિ આદર-બહુમાનપૂર્વક કરવી એ વાસ્તવિક-કૃતજ્ઞતા સુવિનીત-શિષ્યાદિકમાં પરિણમી છે તેનું યથાર્થ દિગ્દર્શન છે.

૭૫૬. શ્રમણોપાસકપણાના અનુષ્ઠાનોનો નિરંતર અભ્યાસિ-આત્મા આ ભવે કે પરભવે પણ ચારિત્રના પરિણામની પ્રાપ્તિ કરે છે.

૭૫૭. વાસ્તવિકરીતિએ વિચારીએ તો જૈન શાસનના સઘળાંએ સિદ્ધાન્તો, અને સઘળીએ ક્રિયાઓ એ સંસારના ઉચ્છેદન માટેજ છે.

૭૫૮. સારા શબ્દો શ્રવણ કરવા બધાને ગમે છે, પણ તેની વાસ્તવિક કિંમત ચુકાવીને સર્વસ્વ-જીવન-સમર્પણ કરાય છે, ત્યારેજ સારા વિશેષણો વગર માંગે મળી આવે છે એ યાદ રાખો.

મુદ્રકઃ—મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશકઃ—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક સમિતિ, ઘાઘસાગ ભૂતેશ્વર, મું

શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૫-અંક-૧૨ મો. ભાદ્રપદ-માસ. તા. ૧૭-૯-૪૯.

ॐ नमः सिद्धचक्राय, शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—સર્વ મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે, માટે શાશ્વત આનન્દને દેનારા શ્રી સિદ્ધચક્રને નમસ્કાર થાઓ. —**સુધાવર્ષી.**

સારભૂત-રહસ્ય-સુધા.

આલેખનકાર:—પૂ.પંન્યાસપ્રવર-શ્રીચન્દ્રસાગર-ગણીન્દ્ર.

દુર્લભ એવું મનુષ્ય જીવન પામીને, મનુષ્ય જીવનને સફળ કરી શકાય એવાં સઘળાં સાધન-સામગ્રી-સંયોગો પામીને; અને સાથે સાથે જૈન શાસન-માન્ય-પામવા લાયક પરમ-કલ્યાણકારિ-શાસ્ત્ર-શ્રવણ-શ્રદ્ધા-અને વિવેકપૂર્વક સંયમ માર્ગે અવિરત કૂચ કરવાનું પ્રાપ્ત કરીને જેઓ સંવર-નિર્જરાપૂર્વક આગળ વધ્યા છે, વધે છે, અને વધશે તેઓજ પ્રાતઃસ્મરણીય છે, પરમ વન્દનીય છે, અને પરમ પૂજનીય છે; એ સદા સ્મૃતિપટમાં સ્થિર કરવા જેવું છે ઉપર પ્રમાણેનું જીવન જીવનારાઓના અને અનુમોદન કરનારાઓના હૃદયમાં જૈન-શાસનનું **સારભૂત-રહસ્ય-સુધા** રોમેરોમમાં પ્રસરી રહેલું છે. તે **સારભૂત-**

(વધુ માટે જુઓ પાનું ૨ જું.)

વી. સં. ૨૪૭૫.
વિ. સં. ૨૦૦૫.
ઈ. સ. ૧૯૪૯.

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ. નં. ૨

વાર્ષિક-લવાજમ
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના
રૂ. ૦—૪—૬

(ટાઇટલ ૧ લા પાનાનું ચાલુ)

[illegible] શ્રી પર્વાધિરાજ-પર્યુષણની પરિસમાપ્તિમાં કરે છે, [illegible] જણાવેલ [illegible] આસ્વાદન શ્વાસોશ્વાસની જેમ, અથવા તો પોતાના નામની જેમ [illegible] પ્રસંગનું સમર્થન કરતાં ચૌદ પૂર્વધર-શ્રીભદ્રબાહુસ્વામિજી શ્રીબારસાસૂત્રની સામાચારી-પ્રકરણમાં આ રીતે જણાવે છે:—

" खमियव्वं, खमावियव्वं, उवसमियव्वं, उवसमावियव्वं, सुमहसंपुच्छणाबहुलेणं होयव्वं । जो उवसमइ तस्स अत्थि आराहणा, जो न उवसमइ तस्स नत्थि आराहणा, तम्हा । अप्पणा चेव उवसमियव्वं; से किमाहु भंते ?, उवसमसारं खु सामण्णं ॥ "

ભાવાર્થ:—પોતાને બીજા અપરાધિઓના અપરાધને ખમવા લાયક છે, બીજા પ્રત્યે પોતાને ખમાવવા લાયક છે, પોતે ઉપશાંત થવા લાયક છે, બીજા પ્રત્યે પોતાને પણ ઉપશાંત થવા લાયક છે; અને સદ્બુદ્ધિપૂર્વકની સુવિવેકભરી પૃચ્છા પણ ખમવા-ખમાવવાદિના અવસરે જરૂર વર્તવીજ જોઇએ. જે કોઈ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા ઉપશાંત થાય છે, **તેને આરાધના થાય છે,** અને ચતુર્વિધ-સંઘની જે કોઇ વ્યક્તિ ઉપશાન્ત થતીજ નથી **તેને આરાધના થતીજ નથી;** તે માટે **" આત્માએ ઉપશાન્ત થવુંજ જોઇએ "** આ **શાસનમાન્ય સિદ્ધાન્ત છે.** હે ભગવન્ત! ઉપર જણાવેલ સિદ્ધાન્ત કેમ કહેવાય છે?, શિષ્યે પૂછેલા આ પ્રશ્નના ઉત્તરમાં જણાવાય છે કે—**" ઉપશમ સારભૂત જીવન જીવવું તેજ સાધુપણું છે. "**

ભેટ આપનારાઓની મુબારક-નામાવલી.

૧૦૫) પૂ. **શ્રીચંદ્રકાંતસાગરજી** તથા પૂ. **શ્રીચંદ્રપ્રભસાગરજીના** સદુપદેશથી
શ્રી દશાડા સંઘ સમસ્ત તરફથી
હ. શેઠ પોપટલાલ

૫૦) પૂ. **સાધ્વી શ્રીમનોહરશ્રીજીના સદુપદેશથી શ્રીઋષભદેવજી છગનીરામજીની પેઢી ઉજ્જૈન તરફથી**

૨૫) પૂ. **શ્રીચન્દનસાગરજી મહારાજજીના સદુપદેશથી**
શ્રી વેજલપુર-ભરૂચ શ્રી સંઘ તરફથી

૨૫) પૂ. **શ્રીલબ્ધિસાગરજીના** સદુપદેશથી **શ્રી બીલીમોરા સંઘ તરફથી**
હ. પ્રભુદાસ માસ્તર

૧૫) પૂ. **શ્રી મનોજ્ઞસાગરજીના** સદુપદેશથી ગોધરાવાળા **અ. સૌ. શ્રાવિકા ચંપાબેન છગનલાલ** તરફથી

૧૫) પૂ. **સાધ્વી શ્રીચતુરશ્રીજીના સુવિનીત-શિષ્યા-શ્રીસુજ્ઞાનશ્રીજીના** સદુપદેશથી **શ્રીનાગપુર-જૈન-સંઘ** તરફથી

પૂ. શ્રીઆગમોદ્ધારકની અમોઘ-દેશના.

ક્રિયાને આધીન ત્રણે યોગોનું પ્રવર્તન.

પરિણામ પોતે જ્ઞાન છે કે ક્રિયા ?, ક્ષાયોપશમિક-ઔપશમિક, ક્ષાયિક અને પરિણામ ઉદયને આધીન હોતા નથી, પણ તે કર્મ તોડવાને આધીન છે. તે આત્માના પરિણામથી કર્મનું તૂટવું થાય છે. પરિણામ ચીજ આત્માની પ્રવૃત્તિરૂપ છે. પરિણામ રૂપ મન કે અધ્યવસાય થવા એ ચીજ ક્રિયાથી થનારી છે, ટકનારી છે, ક્રિયાના નાશે તે પરિણામ નાશ-પામનારી ચીજ છે. ક્રિયાથી થવું એ દેસી વાણીયાનો ધંધો છે, તે વાણીઓ સુધ્ધ ગયો અને ઊંઘી ગયો; પરંતુ સ્વપ્ન આવે તો કાપડ ફાડવાનું, તથા ચોકસીને સ્વપ્ન આવે તો સોના રૂપાનું સ્વપ્ન આવે છે. હવે વિચારો દારૂ પદાર્થ માંસ પદાર્થ એ કોણે સાંભળ્યો જાણ્યો નથી ?, સ્વપ્નમાં એ કેમ નથી આવતું ?, જ્ઞાન છે કે નહિં ?; એ પદાર્થનું જ્ઞાન છે, છતાં તે તરફ પ્રવૃત્તિ નથી; માટે તેટલીજ ધૃણા છે. નાનપણમાં નિશાળે જતો હતો, નિશાળે ગયો અને પાઠ કર્યો નપાસ થયો. તે વેપારી થાય તે વખતે વેપારમાં જોડાય તો વેપારના, અને ધર્મમાં જોડાય તો ધર્મના સ્વપ્ન આવે છે. વિચારો સ્વપ્ન એ કંઈ ધારીને લાવેલી ચીજ નથી, છતાં પણ એ કેવળ મનો માત્રની કલ્પનાથી થયેલી ચોજ છે. વિચારો કે તે કઈ હોય છે ?, જેની તમને ટેવ પ્રવર્તિ હોય તેનું જ સ્વપ્ન આવે છે. જેમ સ્વપ્ન પોતાની પ્રવૃત્તિ અને ક્રિયા ઉપર આધાર રાખે છે. વાણીયા અને બ્રાહ્મણ વાત વાતમાં ખાસડું, ધોલ, લાત મારીશ એમ કહે છે મુસલમાનનું ગુંજુ ખાલી હોય તો પણ બોલવા બેસે તો 'સંભાલ કે બોલ કાટ ડાલુંગા' કહો વાત-ચિતમાં વાચિક પ્રવૃત્તિ, માનસિક પ્રવૃત્તિ અને કાયાની પણ પ્રવૃત્તિ પણ ક્રિયાને આધીન છે.

મનોયોગની માતા કાયા.

જે જગોપર માંસોના કારખાનાં છે, ત્યાં આગળ ખૂન કેટલા થાય છે, અને બીજે કેટલા થાય છે ? એને ખુન કરવું સહેલ છે, અને બીજાને મુશ્કેલ છે. રાત દિવસની ખરાબ પ્રવૃત્તિઓ નવી ખરાબ ક્રિયાને, નવનવી ખરાબ વચનોને, અને દુષ્ટ અધ્યવસાયરૂપ મનને ઉત્પન્ન કરે છે. પહેલાંની પ્રવૃત્તિ નવ-નવાં પરિણામને, નવાં વચનને, અને કાયાની નવી પ્રવૃત્તિને ઉત્પન્ન કરે છે. હવે શાસ્ત્રમાં આવીએ, અને યાદ રાખો મન એ જગતમાંથી લીધેલા પુદ્ગલો છે, અર્થાત્ મનોવર્ગણાના પુદ્ગલો છે. તો તે આપોઆપ આવીને ચોંટે છે કે કોઈ દ્વારા એ લેવાય છે ?, જગતમાં વ્યાપક છતાં આપો આપ આત્માને ચોંટતા નથી, પરંતુ કાયયોગે તે પુદ્ગલો ગ્રહણ કરાય છે. મનોયોગની માતા કાયયોગ જ છે. મનોયોગના પુદ્ગલોને લેનાર કાયયોગ છે, અને મનપણે પરિણમાવનાર કાયયોગ છે, અને છોડનાર પણ કાયયોગ છે. આ વાત સ્વરૂપથી કહી, હવે બીજા રૂપે વિચારીએ. મનો વગરના કાયયોગવાળા જીવ માન્યા છે, પણ કાયયોગ વગરના મનોવર્ગણાવાલા જીવ કોઇ શાસ્ત્રકારે માન્યા છે ?, નહિં જ. એકેન્દ્રિય જીવો વિગેરેને માનીને પંચેન્દ્રિયમાં બે ભેદ પાડયા. અસંજ્ઞી અને સંજ્ઞી. જેમ કાયયોગને ઇન્દ્રિયને અંગે બે ભેદ માન્યા, તેમ કાયયોગ ન હોય અને મનોયોગ હોય તેવો ભેદ માન્યો નથી. કહો આ કાયા તે કાયયોગ એ બધી મનોયોગની જડ છે. કાયયોગ ન હોય તો મનોયોગ થાય નહિં. મનનું જેવું તેવું સધળું એ કાયયોગથીજ છે. બંધનું ચંભવિતપણું કાયયોગ હોય તોજ. થાય છે. જે વસ્તુ જે વગર ન હોય તેજ તેનું કારણ ગણાય મનોયોગની માતા તરીકે કાયયોગ છે.

વગર મને, વગર જ્ઞાને; અને વગર ઉપયોગે કેટલું મેળવ્યું ?

આ વાત વધારે એટલા માટે ચર્ચવામાં આવે છે કે કેટલાકની માન્યતા છે કે—'મન સુધર્યું તો બધું સુધર્યું' આ કહેવામાં કહેનારની મતલબ શી છે ?, તે સમજવું જોઈએ. આ વચત શાસ્ત્રકારનું

છે. દોસ્તી થતી વખત કહેવામાં આવે કે એક જાતની અભિન્નતા હોય તો સારું. વાક્ય એનું એજ, પણ દોસ્તી ભિન્નતા ન હોય તોજ ટકે, પણ શરૂઆતમાં આ વાક્યો હોય તો પરિણામ દોસ્તી ન થવાનું આવે. કારણ કે શરૂઆતની ભિન્નતા ટળે, અને અભિન્નતા છેલ્લે હોય તો દોસ્તી ટકવામાં પરિણામ આવે છે. અહીં આ વાક્ય શા માટે કહ્યું છે?, એકનું એક વાક્ય ભેદભાવ ટાળવા માટે હોય છે. અહીં પણ જે ક્રિયાની સંપૂર્ણતાવાળો છે, અને વચનની સંપૂર્ણતાવાળો છે, અને મનની જરી મલીનતાવાળો છે; તેવાને શાસ્ત્રકાર કહે છે કે મન વશ ન હોય તો ઇન્દ્રિયવશથી શું?, માનસિક-મલીન-પ્રવૃત્તિઓ નહીં છૂટે તો શું થશે?, તેનું પરિણામ મન વશમાં આવવાનું; પરંતુ જે જગો પર પ્રવૃત્તિની શરૂઆત કદમાં એ કહેવામાં આવે તો પ્રથમતઃ થવાવાળાં મનને, અને નિયમને છોડવામાં પરિણામ ખરાબ આવે છે. અહીં પણ જ્યાં કાયિક વાચિક પ્રવૃત્તિ શુદ્ધતર કે શુદ્ધતમ થઈ હોય, તે જગો પર કહેવામાં આવે કે ભાઈ મન વશ કરવું બધું શા કામમાં આવે?, એટલે તો ક્રિયા છુટી ન જાય, અને મન સુધારવા મથે છે. કર્મના ડુંગરાઓ ઉપાર્જીને વગર મને ફેંક્યા છે. કર્મના જે ડુંગરો ઉભેડી નાખ્યા છે, તે અત્યારે હવે તો રહેલા કર્મના ટેકરા માત્ર રહ્યા છે. અણસમજમાં આ જીવે કર્મના ડુંગરે ડુંગરો ઉભેડીને ફેંકી દીધા છે. સૂક્ષ્મ-એકેન્દ્રિયપણાના કર્મ ફેંકવાની વખતે શું સમજતા હતા?, કહો કે અણસમજમાં કર્મનો ડુંગર ફેંકી દીધો છે. સૂક્ષ્મમાંથી બાદરપણું, તેમાંથી ત્રસમાં, તેમાંથી બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, અસંજ્ઞીમાંથી સંજ્ઞીમાં; અને તિર્યંચમાંથી મનુષ્યમાં આવ્યો. આ કોના જોરે ઉલંઘ્યું?, વગર મને, વગર જાને; અને વગર ઉપયોગે આ બધું થયું છે.

ક્રિયાના ઉપકારને સમજવાની જરૂર.

યથાપ્રવૃત્તિ-કરણને અનાભોગ=ઉપયોગ વગરનું માને છે. ૬૯ કોડાકોડ સ્થિતિવાળાં કર્મ તોડયા તે ઉપયોગ વગર ક્રિયા માત્રથી કર્મને તોડ્યાં તે વખતે જીવને બોધ નહોતો. કોઈ કોડાકોડ સાગરોપમની સ્થિતિવાળાં કર્મ આ જીવે વગર જાને, અને વગર ઉપયોગે તોડી નાંખ્યા છે. હવે તોડવાનાં ફકત એક કોડાકોડ સ્થિતિવાળા કર્મ બાકી રહ્યા છે. તે માટે પંચ વસ્તુમાં જણાવ્યું છે કે-આ જીવને મનુષ્ય ભવમાં પંદર વસ્તુ મેળવવાની છે, તેમાંથી ચૌદ તો તેને મળી ગઈ છે, હવે એકમાં ઉદ્યમ નહીં કરે તો, મેળવેલી ચૌદ પણ તે હારી જશે. ઉત્તમ કુળ-જાતિ વિગેરે ચૌદ ચીજ મળી ગઈ છે, હવે એકજ ચીજ મેળવવાની બાકી છે. તે એક ચીજ સદાચાર પ્રવૃત્તિરૂપ ધર્મની પ્રવૃત્તિ જાળવે તો તે બધાને સફળ કરી શકે છે, નહીંતર ચૌદ મેળવેલી ધૂળમાં મળી જશે. અણસમજમાં ૬૯ કોડાકોડ સાગરોપમની કર્મની સ્થીતિ તોડી છે, આ બધો પ્રવૃત્તિનો પ્રભાવ છે. એકેન્દ્રિયપણાથી મનુષ્યપણાના કારણોનો વિચાર કરીએ તો જ્ઞાન તરવરતું નથી, પણ બધે ક્રિયા તરવરે છે. અકામ નિર્જરાએજ ઊંચે ચઢાવ્યા છે. અકામ નિર્જરા એ શી ચીજ છે?, જ્ઞાન કે ક્રિયા?, કહો કે તે પણ ક્રિયા સ્વરૂપ છે. વગર ઇચ્છાએ દુઃખ ભોગવવાં, અને તેથી થતો દુઃખનો ક્ષય તે અકામ નિર્જરા છે, માટે ક્રિયા એ અનાદિ કાળથી આપણી અંધાની લકડી છે. જ્ઞાન એ જરૂરી ચીજ છે પણ તે સાંભળી ક્રિયા તરફ બેદરકાર હોય, ક્રિયા ઓળવતા હોય, અને નકામી ગણતા હોય; તેમને આ ક્રિયાના ઉપકારને સમજવાની જરૂર છે. અત્યાર સુધી તને આ સ્થાને અજ્ઞાનપણામાં ક્રિયાએ લાવી મૂકયો છે, તે ક્રિયાને મૂળમાંથી કાપવા તૈયાર થાય છે. જે માણસ જે ડાળ ઉપર બેઠો હોય છે, તે ડાળને તો તે નહિં કાપે. ક્રિયાને મીન જરૂરી કહી શકાય નહિં.

ઘેંશના ગાંઠા જેવો દેવતાનો લાભ.

આ વાત સમ્યકત્વ પહેલાની કહી, પણ સમ્યકત્વની પ્રાપ્તિ પછી પણ ક્રિયા ન હોય તો ઘેંસનો

ગાંઠો સમજવો. એ ગાંઠો પાણીએ ઓગળવાનો નહિં તેમ તાપથી સીઝવાનો નહિં. તેમ અહીં સમ્યગ્દર્શન થયું, જ્ઞાન થયું; પણ ક્રિયા ન હોય તો ઘેંસવો ગાંઠો સમજવો. દેવતાની અંદર સમ્યગ્ દર્શન છે, પણ ક્રિયા નથી. દેવતામાં સમ્યગ્ દર્શન અને જ્ઞાન બન્ને છે, પણ અહીંની ક્રિયા એ કાચી એ ઘડીમાં જે કાર્ય કરે છે, તે ત્યાં ૩૩૦ ક્રોડાક્રોડ પલ્યોપમે પારેલ કાર્ય કરતું નથી. મનુષ્યપણાની કાચી બેઘડીમાં ક્રિયાની પ્રવૃત્તિ હોવાથી સમ્યક્ત્વ પામીને ઘનઘાતી-કર્મ ખપાવીને, કેવળ જ્ઞાન પ્રગટ કરીને મોક્ષે ચાલ્યો જાય છે. એટલા ટાઇમમાં ક્રિયાને પામેલો જે કાર્ય કરે છે, તે દેવતાની ૩૩ સાગરોપમની સ્થીતિમાં કાર્ય થઇ શકતું નથી. અધ્યવસાય આત્માને અંગે છે, અને પરિણામ મનની નિશ્રાએ છે. અનુત્તર વિમાનમાં તેત્રીસ સાગરોપમ સુધી સમ્યગ્દર્શન અને જ્ઞાન નિયમિત છે. એમના જ્ઞાનમાં અને દર્શનમાં અંશલવ પણ ખામી નથી, પણ અંતર-મુહૂર્તમાં જે અહીં ક્રિયાથી કાર્ય થાય, તે ત્યાં ૩૩ સાગરોપમના ટાઈમમાં પણ તેવું કાર્ય તે કરી શકે નહિં; કારણકે તે ભવ ક્રિયા માટે નાલાયક છે. અયોગ્ય જેવો તો ક્રિયા યોગ્યનો જે અંતર-મુહુર્તનો કાળ તેટલા ટાઈમમાં કરી શકેજ નહિં. સામાન્ય વાત મનુષ્ય-પણામાં ચોથે ગુણ ઠાણે રહેલો એક વ્રતધારી થાય તો પાંચમે આવે. તેમાં એ પલ્યોપમની સ્થિતિ તોડવી પડે તે જેટલામાં તોડે, તેટલામાં ત્યાં દેવતામાં બે પલ્યો-પમજેટલું પણ ઘટાડાતું નથી. રોજ અંધારૂં ઉલેચે છે, પણ કાલમાં કશું આવે નહિં. તેમ અનુત્તરના દેવતાઓ ૩૩૦ ક્રોડ પલ્યોપમ સુધી કર્મ ભોગવે છે, પણ તેમને ઘરવાળામાં બે પલ્યોપમ જેટલું ઓછું થતું જ નથી. મનુષ્યપણામાં જે કામ કરી શકત, એટલે મનુષ્યપણામાં તે બે પલ્યોપમની સ્થીતિ ઘટાડી કામ કરી શકતે તે ૩૩૦ ક્રોડાક્રોડ પલ્યોપમે કરી શકતા નથી.

વ્રત વગર સમ્યક્ત્વ ટકેજ નહિં.

ચારિત્ર મોહનીયમાંથી બે પલ્યોપમ જેટલું પણ ઓછું નહિં. શાથી ?, જ્ઞાનની દર્શનની ખામી નથી કહેવાય ?; જો કે પરિણામમાં વીતરાગતા પ્રાયઃ છે. કામભોગની વાસનાઓ નથી માટે અપવિચારી છે, અને તેઓ વીતરાગ પ્રાયઃ છે. તેઓ વીતરાગતા સરખી હોવા છતાં પણ પ્રતિજ્ઞામાં ન આવતાં હોવાથી બે પલ્યોપમ જેટલું કર્મ પણ હલકું કરી શકતા નથી. તમે કહેા છેા કે અમે રાતના ખાતાજ નથી, તેા પછી પચ્ચખાણની શી જરૂર છે ?, ક્રિયાની ખામી હોવાથીજ સમકીતિ એ ફસાએલી હાલતમાં રહે છે. સમકીત પામી ગયેા તે ભવમાં ફસાયેલ હોવાથી ભલે કંઈ કરી શકાય નહિં, પણ સમજેલી ગાય નવી વમત ન ફસાય. તેમ-સમકીતિ જીવ સમકિત પામ્યેા છે, તે ભવમાં અજ્ઞાનથી ફસાયેા છે; છતાં તે ભવમાં ફાંસેા ન તેાડી શકે, પણ બીજા ભવમાં કાં તેા વિરતિનેા સ્વીકાર કરે, નહિંતર મિથ્યાત્વમાં ચાલ્યેા જાય. સમકિત પામવાના ભવમાં પહેલેથી ફસાયા નહેાતા, પછી સમકિત પામ્યેા એટલે વ્રત ન લે તે જુદી વાત, પણ બીજા ભવમાં તેા કરાર કે કાં તેા વ્રત લે અને કાં તેા સમકિત છેાડ. વ્રત વગરનું સમ્યક્ત્વ બીજા ભવમાં મનુષ્યના ભવમાં નહીં રહે. બીજે ભવ જો તેા વ્રત વગરનેા સમકિતવાળેા ન હેાય. દેશવિરતિ અશક્તાશ્રમ છે. પહેલા ભવમાં સમ્યક્ત્વ ઉત્પન્ન થયું તે ભવમાં ફસાયેા હેાય ત્યાં વ્રતનેા નિયમ નહીં. બીજા ભવમાં વ્રતનેા કેાલ કરાર છે, કે કાંતેા સમકિત છેાડીશ અને કાંતેા વ્રત લઈશ.

ફળ દેનાર ક્રિયા.

સમકિત ટકાવવું હેાય તેા આમાં શંકા નથી કે આવેા નિયમ શાથી માનવેા ?, આવતા ભવે સમ્યક્ત્વ ટકાવવું હેાય તેા વ્રત લીધાજ ટકવાનું. આ શા ઉપરથી ?

જેઓને ગુણઠાણાની સ્થીતિ માલમ હોય તેમણે વિચારવું કે ચોથાની સ્થીતિ કેટલી ? ૩૩ સાગરોપમ અધિક–સમ્યક્ત્વની ૬૬ સાગરોપમથી અધિક છે, તો બાકીનું સમ્યકત્વ કઈ રીતે ટકવાનું ? વ્રત સાથેનું સમ્યકત્વ લેતોજ ટકી શકે, નહિતર મિથ્યાત્વમાં જવું પડે. આ ભવમાં વ્રત ન લઈ શકયા હોય પણ આવતા ભવ માટે આ પહેલેથી વરત સમજજો. તેત્રીસથી અધિક થઈ જાય ત્યાં આગળ જવું પડે, અને કાંતો પહેલે આવવું પડે. ક્રિયારહિતભવમાં ૬૬૦ કોડાકોડ પલ્યોપમમાં બે પલ્યોપમનું કામ ન થયું. બારા ઉલેચવાની પેઠે થોડું પણ ઓછું ન થયું. ઉત્પન્ન થતી વખતના અને ચ્યવતી વખતા ચારિત્રમોહનીયની સ્થીતિ તેટલી કાયમ રહેવાની. બે પલ્યોપમ જેટલી પણ ઓછાશ ન થઇ, કારણ કે ક્રિયાની અયોગ્યતા. ક્રિયાની અયોગ્યતામાં આવ્યો હોય તો સમકિતિનું સમ્યકૃત્વ ક્રિયામાં આવેજ ત્યારે આગળ ટકે છે. આથી કહીશું કે જ્યાં સુધી ક્રિયાની પ્રાપ્તિ નથી ત્યાં સુધી કાંઈ નથી. જે કાર્ય ક્રિયાની પ્રાપ્તિ થતાં અંતર મુહૂર્ત્તમાં જે કાર્ય કરે તે કાર્ય ક્રિયાવગરનું ૬૬૦ કોડાકોડ પલ્યોપમે કરી શકાતું નથી. આથી જ્ઞાન જરૂરી છતાં ફળ દેવા સમર્થ ક્રિયા છે. હવે તે ક્રિયાના પ્રકાર કેટલા છે ?, તે અધિકાર અગ્રેવર્તમાન.

આગમોદ્ધારકની અમોઘ-દેશના-૩.

દેશનાના દિવ્ય–અવતરણો.

૧. સમ્યક્‌જ્ઞાન હોય ત્યાં ક્રિયા ફળ આપે છે.

૨. વિપરીત-જ્ઞાનથી પ્રવર્તેલાને યથાર્થ ફળ મળતું જ નથી.

૩. દુધ કાઢવાની રીતિએ હાથની ક્રિયા થાય તોજ દુઝણી ગાય દુધ આપે છે, અન્યથા નહિ.

૪. દુધની પ્રાપ્તિ દો'વાની ક્રિયાથી થાયવી કે દુઝણી ગાયથી ?

૫. સમ્યગ્‌જ્ઞાન સાથે અન્વય–વ્યતિરેક સમજતાં શીખો.

૬. જે નયવાદી બીજા નયોની દરકાર કર્યા વગર બોલે છે, તે દુર્નય છે; અર્થાત્ બીજાની વાતોને ઓળવવા મથે તે દુર્નય.

૭. "चरणगुणट्ठिओ साहु" આ પદોનું પારમાર્થિકપણું સમજો.

૮. અપેક્ષાએ જ્ઞાન કરતાં ચારિત્રની અધિકતા, અને પૂજ્યતા છે.

૯. સાધુ સાથે 'सव्व' પદની સાર્થકતાને સમજતાં શીખો.

૧૦. જ્ઞાનની અધિકતા સ્વીકારી હોત તો અવિરતિ—દેવોનો પણ નંબર સાધુઓ કરતાં પહેલો લાગી જાત.

૧૧. અનુમોદન કરનારે લક્ષ્યપૂર્વક અનુમોદન કરવાની જરૂર,

૧૨. ઉદ્દેશને અનુસરતું અનુમોદન હોવાથી સંયમના અનુમોદનમાં અસંયમનું અનુમોદન થઇ જતું નથી તે ધ્યાનમાં રાખો.

૧૩. ત્રિશલાનન્દન કહેનાર લાગણી-વશ ભક્તિભાવનું અનુમોદન કરે છે.

૧૪. બાહ્ય-ચારિત્ર નિર્મળ દેખાય, અને ખબર ન પડે ત્યાં સુધી પ્રથમ ગુણઠાણાવાળો સાધુ પણ આરાધનીય છે.

૧૫. પ્રસિદ્ધ—પાસત્થામાં અકૃત્યની અનુમોદના થાય છે તે ધ્યાનમાં રાખો.

૧૬. અવ્રતના વિરહકાળમાં મહાવ્રત-ધારિઓનો અનુમોદના કરનારને અજ્ઞાન-કષાયો-પ્રમાદો અને ઘાતિ-કર્મોનો અનુમોદના લાગતી નથી.

૧૭. સઘળાએ આશ્રવોની જડ અવ્રત છે.

૧૮. પાંચ મહાવ્રત આચરનારને નિરાશ્રવ કેમ કહેવાય છે?, તે સમજતાં શીખો.

૧૯. કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી મોક્ષ થવામાં દેશોનક્રોડ પૂર્વ ચાલ્યાં જાય છે.

૨૦. શુદ્ધ-ધર્મનો આવિર્ભાવ ચૌદમે ગુણસ્થાનકે છે, અને તેથી મોક્ષ મેળવવામાં તે ધર્મ મુખ્ય કારણરૂપે છે.

૨૧. ચૌદમા ગુણસ્થાનક સિવાયના ગુણસ્થાનકે થતો ધર્મ કારણની પરંપરારૂપે ચાલુ છે.

૨૨. મોક્ષના કારણ તરીકે, અને નિશ્ચયનયના હિસાબે શુદ્ધ ધર્મ ચૌદમે ગુણસ્થાનક છે.

૨૩. ચારિત્રનો ગુણ હોય તો બીજા દોષો તરફ દુર્લક્ષ્ય કરી શકાય છે.

૨૪. ક્ષાયોપશમિક—ભાવે ક્રિયાની વાસ્તવિકતાને સમજો.

સમ્યક્‌જ્ઞાન હોય ત્યાં ક્રિયા ફલદાયક.

શાસ્ત્રકાર મહારાજ ન્યાયાચાર્ય શ્રીમાન્ યશો-વિજયજી ઉપાધ્યાયજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપકારને માટે ધર્મોપદેશ દેતાં થકાં આગળ જણાવી ગયા કે-અજ્ઞાનપણે વિપરીત જ્ઞાનથી પ્રવર્તેલી ક્રિયા હોય તો પણ ફળ થતું નથી. સમ્યક્-જ્ઞાન પૂર્વકની સમ્યક્ ક્રિયા હોય તોજ ફળ થાય છે. ફળવું અગર ફળ થવું ક્રિયાને આધારે છે. જ્ઞાનપૂર્વકની કે જ્ઞાન વિનાની ક્રિયા થાય, પણ ક્રિયા થાય કે ફળ આવવું જોઇએ એવો નિયમ નથી. નિયમ એ ખરો કે અજ્ઞાનથી ક્રિયા થાય તેમાં યથાર્થ ફળ નથી. ખોટા જ્ઞાનથી ક્રિયા થાય તેમાં વાસ્તવિક ફળ નથી, તો પછી એ ફળનું કારણ ક્રિયા ન રહી એમ માનવું પડશે. ક્રિયા છતાં ફળ ન થયું, માટે ફળનું કારણ ક્રિયા નહિ; પણ સમ્યગ્‌જ્ઞાન મળે તો ક્રિયા ફળ આપે છે. જ્યાં જ્યાં સમ્યગ્‌જ્ઞાન ન હોય ત્યાં ક્રિયા ફળ આપતી નથી, માટે ક્રિયા બન્ને જગો પર હોય પણ કારણ તો સમ્યક્ જ્ઞાનજ ગણાવું જોઇએ. દુઝણી ગાય આગળ દૂધ કાઢવાની રીતિએ હાથની ક્રિયા કરીએ તો દૂધ નિકળે છે, પણ વાંઝણી ગાયમાંથી ન નિકળે. હાથની ક્રિયા બન્ને જગોપર સરખી છે. ગાય દુઝણી જોઇએ, અને હાથની ક્રિયા જોઇએ, ત્યારેજ દુધની પ્રાપ્તિ થાય છે. આ જગો પર દુધની પ્રાપ્તિ ક્રિયાથી, પણ ગણવી કે ગાયથી ગણવી?, દુધ આવ્યું હાથની ક્રિયાથી, ખરેખર દૂધ દેનારી ક્રિયા ગણવી?, કે દુઝણી ગાય ગણવી?; ખરેખર દૂધનું કારણ દુઝણી ગાય છે. તેમ અજ્ઞાનથી પ્રવર્તેલો હોય, મિથ્યા જ્ઞાનથી પ્રવર્તેલો હોય તેવો ક્રિયા કરે તો પણ ફળ ન થાય, પરંતુ સમ્યગ્ જ્ઞાનથી પ્રવર્તે તો પ્રવર્તનારને ફળની પ્રાપ્તિ થાય છે. પ્રવૃત્તિ એ ફળની પ્રાપ્તિનું કારણ નથી. પ્રવૃત્તિ ફળનું કારણ હોય તો અજ્ઞાનથી મિથ્યાજ્ઞાનથી થએલી પ્રવૃત્તિમાં ફળ હોવું

જોઇએ; પણ તેમાં ફળ દેખાતું નથી. સમ્યગ્જ્ઞાન થવા વાળી પ્રવૃત્તિ હોય તોજ ફળ દેખાય છે. હાથના દોષની ક્રિયા ફળ દેનારી ન ગણાય, પણ દુઝણી ગાય ફળ દેનારી ગણાય છે. તેમ અહીં સમ્યગ્ જ્ઞાનથી થએલી પ્રવૃત્તિ એ ફળ દેનારી હોવા છતાં પણ સમ્યગ્જ્ઞાન સાથે ફળ દેનાર છે.

નયનું અને દુર્નયનું સ્પષ્ટીકરણ.

જ્યાં સમ્યગ્જ્ઞાન ત્યાં ફળ, અને જ્ઞાન ન હોય તો ફળનો અભાવ; આથી ખરેખર કારણ સમ્યગ્ જ્ઞાન છે. જ્યાં સમ્યગ્જ્ઞાન હોય ત્યાં ક્રિયામાં ફળ દેખાય છે. ફળ સાથે અન્વય સમ્યગ્ જ્ઞાનનો, અને વ્યતિરેક પણ સમ્યગ્ જ્ઞાનનો. મિથ્યા જ્ઞાનથી ભલે પ્રવર્તેલો હોય તો પણ તેને ફળની યથાર્થ પ્રાપ્તિ થતી નથી. આમ જ્ઞાનને ફળનું કારણ જણાવીને ક્રિયાવાદીએ કહ્યું કે ક્રિયા વગરના જ્ઞાનથી ફળ કયું ? દુઝણી ગાય ચાહે તેવી હોય પણ હાથની ક્રિયા વગર કઈ ગાયે દૂધ ભરી દીધું ? માટે કહો કે દુઝણી ગાય છતાં દો'વાની ક્રિયા ન થાય ત્યાં સુધી દુધ મળતું નથી. દો'વાની ક્રિયા ન થાય તો દૂધ ન મળે, માટે દૂધ ઉત્પન્ન થવામાં પણ ભલે ગાય કારણ હોય પણ દૂધ મેળવવામાં તો દો'વાની ક્રિયા હોય તોજ દૂધ મળે છે; માટે જણાવ્યું છે કે ક્રિયા એજ પુરૂષને ફળ આપનારી છે. જ્ઞાન માત્રથી કોઇ દિવસ ફળ થયું નથી. ક્રિયાથીજ ફળ પ્રાપ્તિ થાય છે, તેમ ક્રિયા દ્વારાએ ફળ દે છે. અજ્ઞાનથી, અને મિથ્યા જ્ઞાનથી જે ક્રિયા થાય તે ધારેલ ફળ દેતી નથી, પણ ઉલટું ફળ દે છે. જ્ઞાન આવ્યા છતાં પણ ક્રિયા એ ફળ દેનારી કહીએ છીએ. અમે ક્રિયા કઈ પકડીયે છીએ. જ્ઞાનવાળાએ ક્રિયાને ગૌણ કરી હતી, અને જ્ઞાનને મુખ્ય કારણ તરીકે પકડ્યું હતું, તે મુખ્યતાએ ક્રિયા ફળ દેવાવાળી છે. જે કારણ મળે ત્યારેજ કાર્ય થાય તો તે મુખ્ય કારણ ગણાય. જ્ઞાન છતાં ક્રિયા ન કરે તો ફળ મળતું નથી, અને જ્ઞાન હોય અને ક્રિયા કરે તોજ ફળ મળે છે; આમ ક્રિયાવાદી કહે છે. જ્ઞાનવાદીએ ક્રિયાની ગૌણતા કરી, અને જ્ઞાનની મુખ્યતા કરી. ક્રિયાવાદીએ જ્ઞાનની ગૌણતા કરી, અને ક્રિયાની મુખ્યતા કરી દીધી. આટલે સુધી આ બંન્નેનું નયપણું છે. નય અને દુર્નયમાં ફરક આટલો જ પ્રકારનો છે. એક નય બીજા નયોની દરકાર કર્યા વગર પોતાનુંજ ગાય, અને તે નય બીજા નયોને ઓળવી દે ત્યારે તે દુર્નય કહેવાય છે. જ્ઞાનને ઉડાડી દે તો ક્રિયાના નયને દુર્નય કહેવાય છે. ક્રિયા-નયવાળો જ્ઞાન નયને ઉડાવે તો તે નય નહીં પણ દુર્નય.

જ્ઞાન ગુણ કરતાં ચારિત્રની પણ અધિકતા.

તેટલા માટે બન્ને નયવાળાઓ દૃષ્ટાંતો કેવા કે છે ? મિથ્યાજ્ઞાનથી પ્રવર્તેલાને ફળ મળતું નથી એમ જ્ઞાન નયવાળો બોલે છે. ક્રિયા-નયવાળો જ્ઞાન માત્રનો ફળ નથી એમ બોલે છે. જ્યારે શાસ્ત્રાકાર આ બે બોલી રહ્યા પછી બન્નેને સાથે લેઇને બોલે છે. તેથીજ કહે છે કે—"**सव्वेसिंपि नयाणां**" ઇત્યાદિ પદો બોલીને જણાવે છે કે સર્વે નયો અનેક પ્રકારના પોતપોતાના મતો ભલે નિરૂપણ કરે છે, પણ તે બધું સાંભળીને તત્ત્વ કયું હૃદયમાં રાખવું ?, કે જે આગળ કહીએ તે સર્વ નયથી શુદ્ધ છે. ચરણ એટલે ચારિત્ર, અને ગુણ એટલે જ્ઞાન; અર્થાત્ ક્રિયા અને જ્ઞાન બન્નેમાં રહેલો હોય તેનેજ સાધુ માનવો. એકલો ચારિત્રમાં રહ્યો હોય તેટલા માત્રથી, કે એકલો ભણેલો હોય તેટલા માત્રથી સાધુ નથી. '**चरणगुणट्ठिओ साहू**' એટલે ચારિત્ર અને જ્ઞાન અર્થાત્ ક્રિયા અને જ્ઞાનમાં રહેલો હોય તેજ સાધુ કહેવાય છે. શાસ્ત્રકારે બન્નેનો વિવાદ ટાળીને જ્ઞાન અને ક્રિયા બન્નેમાં સાથે રહેલાનેજ સાધુ ગણ્યો, છતાં પણ કેટલીક બાબત જજમેન્ટમાં બધો હક એકને આપે છે. માલીકી એકને ઠરાવે અને વચમાં બે લીટી બીજી લખી દે તેમ

શાસ્ત્રકારે બન્નેને સરખા ગણ્યા; પણ અંદરથી ક્રિયાને ઉત્કૃષ્ટી ગણી ઉડા ઉતરી વિચારો. चरणं च गुणं च चरण गुणौ ચરણ અને ગુણ તે બન્નેમાં રહેલો. આ કહેવામાં પ્રથમ ચરણ શબ્દ કેમ કહ્યો? બે શબ્દનો દ્વંદ્વ-સમાસ કરવો હોય તેમાં કોઈ પણ પહેલો કહેવો જોઇએ. વ્યાકરણના સામાન્ય નિયમ પ્રમાણે થોડા સ્વરવાળો શબ્દ હોય તે પ્રથમ આવવો જોઇએ. ચરણમાં ત્રણ સ્વર છે, અને ગુણમાં બે સ્વર છે. ચારિત્રરૂપી ગુણમાં રહેલો એવો અર્થ અહીં કરતા નથી, કારણ કે દ્વંદ્વ સમાસ છે. બે સ્વરવાળો જે ગુણ શબ્દ છે, તેનાથી જ્ઞાન લેવાનું છે, અને ત્રણ સ્વરવાળા ચરણ શબ્દથી ચરણ શબ્દ લેવાનો છે. છતાં પણ પ્રથમ મૂક્યો તેનું પ્રયોજન સમજવું જોઇએ. વ્યાકરણના નિયમથી સિદ્ધા હિસાબે વિરુદ્ધ વચન ગ્રંથકારે કહ્યું છે, છંદમાં કોઈપણ જાતનો ફરક પડતો નથી, પછી 'ચરણ ગુણટ્ઠિઓ' કહ્યું તે કરતાં 'ગુણ ચરણટ્ઠિઓ' કેમ ન કહ્યું?; કારણ ચરણનું પૂજ્યતમપણું હોવાથી અર્થાત્ અચર્ય-પૂજ્ય હોવાથી તે ચરણપદ પહેલાં બોલવું જોઇએ. દેવ પૂજ્ય હોવાથી પહેલાં બોલીએ છીએ, અને ગુરૂ પછી બોલીએ છીએ, કારણ કે દેવ શબ્દમાં વધુ માત્રાવાળા સ્વર આવેલા છે. ગુરૂ હ્રસ્વ ઉકારાન્ત છે તે પહેલો આવવો જોઇએ. કારણ કે દેવ કરતાં ગુરૂ તત્ત્વ સામાન્ય તત્ત્વ. તેમ અહીં અહીં પણ ગુણ શબ્દ અલ્પ સ્વરવાળો હોવા છતાં પાછળ નાખ્યો, કારણ કે દેવનું પૂજનિકપણું છે. તેમ જ્ઞાન ગુણ કરતાં ચરણનું પૂજનિકપણું છે.

સાધુપદ સાથે 'સવ્વ' પદની સાર્થકતા.

આ વાત ખ્યાલમાં રાખશો. ત્યારે શાસ્ત્રકારે પૂજ્યપદવી ચારિત્રથી રાખી. પૂજ્યપદવી એટલે આરાધ્ય સ્થાન કયાંથી રાખ્યું? ચારિત્રની પ્રાપ્તિથી. તેથી પાંચે પરમેષ્ઠિમાં દરેક પરમેષ્ઠિ ચારિત્રહીન નહિ આ ગીતાર્થ સાધુ છે, તે પણ સાધુ પદમાં દાખલ થાય. માસ-તુસ જેવા સાધુપદમાં દાખલ થાય, પણ ચરિત્ર વિનાના ત્રણ જ્ઞાનવાળા દેવતાઓ પૂજ્ય પદવીમાં આવેજ નહિ અપહિત સાધુ એ સાધુ પદવીમાં દાખલ થાય, પણ અવિરતિ દેવતા ત્રણ જ્ઞાનવાળા પૂજ્ય પદવીમાં દાખલ થાય નહિ પૂજ્ય પદવી એ જ્ઞાનને અંગે શરૂ કરી હોત તો દેવતા માત્રમાં પૂજ્યતા રાખવી પડત. દેવતા માત્રની પૂજ્યતા દૂર રહી. ખુદ શાસનનું વૈયાવચ્ચ શાંતિ સમાધિ કરનારા દેવતાને પણ પૂજ્ય ગણવાની મનાઈ કરી. આટલાજ માટે સિદ્ધાણં બુદ્ધાણં કહીને, પછી વેયાવચ્ચ ગરાણં કહ્યો છો. જેમ અરિહંત ચેઈઆણં કહીને વંદણ વત્તિયાએ બોલ્યો છો તેમ અહીં વંદણ વત્તિયાએ પૂજ્યણવત્તિયાએ બોલ્યાનું નથી. વેયાવચ્ચગરાણં કહીને અન્નત્થઉસ્સસિએણં કહ્યો છો ત્યાં વંદણ વત્તિયાએ નહિં કહેવાને કારણ એ છે કે પૂજ્ય પદવીથી દૂર રાખ્યા. જ્યાં શાસનને સમાધિ શાંતિ કરનારા તેવાને પૂજ્યપદવીમાં રાખ્યા નહીં. જ્ઞાન આટલું છતાં પૂજ્યપદવીમાં નહિં. ત્યારે સાધુને અંગે 'સવ્વ' કહીને સર્વ શબ્દ જોડયો. બાળ, વૃદ્ધ, ગ્લાન, પ્રમત, અપ્રમત, પરિહાર-વિશુદ્ધિ, અપરિહાર વિશુદ્ધિ, ગીતાર્થ; અગીતાર્થ સર્વ સાધુને નમસ્કાર કર્યો. જ્યારે શાસનની ભક્તિતાલાને અંગે વંદણ વત્તિયાએ ન કહ્યું અહીં સાધુ માત્ર માટે વંદણવત્તિયાએ રાખ્યું છે.

ઉદ્દેશને અનુસરતું અનુમોદન.

'पासत्थाहि वन्दमाणस्स णिज्जरा न होइ' પાસત્થાદિકને વંદન કરતાં નિર્જરા ન થાય. જે પ્રમાદના કાર્યો કરતો હોય, તેવાઓની અનુમોદના ન થાય, માટે પાસત્થાદિકને વંદન કરવાનો નિષેધ છે ને? જ્યારે પ્રમાદ સંબંધિના કાર્યોના અનુમોદનથી, પાસત્થાદિકને વંદનથી, અનુમોદન લાગે તો પ્રમાદી સાધુને વંદનથી, અજ્ઞાન સાધુને વંદનથી, પ્રમાદ તથા અજ્ઞાનનું અનુમોદન કેમ ન લાગે?; અને જો એમ કહેવામાં આવે કે જે અંશ અમે ધારીએ તેનું અનુમોદન થાય છે, અને જે ન ધારીએ તેનું અનુમોદન થતું નથી. છનેશ્વર ભગવાનની મૂર્તિ આંગી ચરિત્ર દેખીને જે અનુમોદના પ્રકાશ કરે તેમાં બનેલી હિંસા હેય બનાવતા થતી હિંસાનું

અનુમોદન થયું કે નહિં ? એક મનુષ્ય ચારિત્ર ગ્રહણ કરે અગર ચોથું વ્રત લે. યાને બાર વ્રત ગ્રહણ કરે તેને ધન્ય જન્મ કહીએ છીએ તો તેના જન્મની એટલે અસંજમ પાપથી જન્મ થયો છે. તેના જન્મની અનુમોદના કરી તો અસંજમને પાપની અનુમોદના લાગે કે નહિં ? તો તેમાં અમારી અનુમોદના અસંજમ કે પાપ ઉપર અમારૂં ધ્યેય નથી. અમારૂં ધ્યેય સમ્યક્ત્વની દેશવિરતિની કરણી ઉપર ધ્યેયને અંગે અનુમોદના થાય. તો તે અવસરે પ્રસંગ પ્રાપ્તની અનુમોદના ન થાય તો પછી જીનેશ્વરની મૂર્તિ આંગી ચૈત્યની અનુમોદના હોય તો અમને આરંભ સમારંભ લાગતો નથી. ચૈત્ય આંગી વિગેરેમાં ભાવહિંસા નથી, પણ દ્રવ્યહિંસા છે. જન્માનું કારણ વિચારીએ તો શું અનુબંધ-ભાવહિંસા તે બેની અનુમોદના થઇ તેમ માનો છો ? સિદ્ધાર્થ પુત્ર ત્રિશલા પુત્ર કહી બોલાવો છો તો, શું અસંજમની અનુમોદના કરો છો ? ભક્તિભાવથી દેરૂં બંધાવ્યું છે, અને અનુમોદના ભક્તિને અંગે કરી છે. ભક્તિને અંગે અનુમોદના કરતાં હિંસા ગળે વળગાડીયે તો સિદ્ધાર્થ, પુત્રને ત્રિશલા પુત્ર તરીકે મહા અધર્મથી જે વાત બનેલી છે તે વાત યાદ કરો તો મહા અધર્મ માનવો પડશે. અહીં સમ્યક્ત્વાદિકની અનુમોદના છે. અહીં દ્રવ્ય-હિંસાનું અનુમોદન થયું કયાંથી ?, જે લક્ષ્યમાં લઇએ તેનું જ અનુમોદન છે.

વન્દનમાં અકૃત્યની અનુમોદના.

અહીં અનુમોદનના લક્ષ્યમાં તેનું સાધુપણું, મહાવ્રત અને બ્રહ્મચર્યનું લક્ષ્ય લઇને અનુમોદન કરવામાં આવે છે. પ્રમાદનું અને અજ્ઞાનનું અનુમોદન કરવાનું લક્ષ્ય હોતું જ નથી. અજ્ઞાની પ્રમાદી સાધુ દેખીને કર્મનો કચવાટ થાય તો શ્રેયસ્કર છે, પણ વ્યક્તિ પ્રત્યેનો કચવાટ થાય તો મિથ્યાત્વ છે. વ્રતમાં પ્રમાદી રહેતો હોય છતાં પણ વ્રતની કિંમત હોય તો એટલા માટે જે સાધુઓમાં સર્વપદ મૂકયું છે, પ્રમાદી કે અપ્રમાદી હો, ગીતાર્થ હો કે અગીતાર્થ હો, તે બધા પૂજ્ય છે. મહાવ્રત કયું ગણ્યું છે ?, સમ્યક્ત્વપૂર્વકનું મહાવ્રત ગણ્યું છે. સાધુ વેષ એકલો વંદનીય નહિં, તેમ એકલો સાધુ વેષ પણ વંદનીય નહિં. જેનું સ્વરૂપ આપણે જાણતા નથી તે બાહ્યથી શુદ્ધ હોય તો આપણે વંદન કરવાનું છે, નહિંતર અભવ્યના પ્રતિબોધ પામેલા મોક્ષે કયાંથી જશે ?, બાહ્ય ચારિત્ર જેનું નિર્મળ હોય તે પ્રથમ ગુણઠાણાવાળો હોય તો આરાધનીય છે, પણ જાણવામાં ન આવે ત્યાં સુધી જ્યાં ધર્મની હેલણા છે તે જગો પર દૂર કરવી મૂળ વાતમાં આવો. સાધુના નમસ્કાર પર સર્વશબ્દ મૂકી ને જ્ઞાની અજ્ઞાની પ્રમાદી અપ્રમાદી બધાને આરાધ્ય ગણ્યા છે. તો હવે આ જગો પર જ્યારે તમે વંદનથી અને નમસ્કારથી તેના અજ્ઞાનનું તેના પ્રમાદનું અનુમોદન માનતા નથી, કારણ કે તમારૂં ધ્યેય સાધુતા ઉપર છે. જીનેશ્વરની મૂર્તિ આંગી ચૈત્યમાં તમારૂં ધ્યેય ભક્તિ ઉપર છે. તેમાં સંયમ લેનારનું અનુમોદન ધાર્મિક કાર્ય પ્રત્યેનું છે, પણ તેની અસંયમ પ્રવૃત્તિ પ્રત્યે તમારૂં અનુમોદન નથી. તમારૂં ધ્યેય માત્ર મહાવ્રત તરફ હોવાથી બીજા અવગુણની અનુમોદના લાગતી નથી તેમ પાસત્થાના કાર્યોમાં અનુમોદના કેમ ગણી ? જો અહીં પ્રમાદ અજ્ઞાનની અનુમોદના ગણો, તો ત્યાં પણ ગણો, અને અહીં ન ગણો તો ત્યાં પણ ન ગણો. આ તો એકમાં તમારે અનુમોદના ગણવી છે, અને એકમાં નથી ગણવી ? અવ્રતને રોકી; વ્રતનો અંગીકાર એ રૂપ ક્રિયા ધ્યેય રૂપે રહેલી છે. એ જો ન હોય તો અવ્રતનો નિષેધ વ્રતનો અંગીકાર ન હોય તો બીજાઓથી પાસત્થામાં રહેલું ચારિત્રનું વિરાધન-નાશ-અભાવ તે ચલાવી લેવાય તેવી વસ્તુ નથી. પાસત્થા એટલે ઘણે ભાગે વ્રતથી શૂન્ય-જ્ઞાનપાસ ત્થા ચારિત્ર પાસત્થા તેના વિભાગ ઘણા છે. અહીં શાસ્ત્રાનુસારી જોયા વગર મૂળ મુદ્દો એ છે કે પાસત્થાદિકના વંદનમાં અકૃત્યની અનુમોદના રાખી.

તત્ત્વો સ્થાનેથી—

અનુમોદનીય-પ્રસંગ.

(ગતાંકથી ચાલુ)

પૂ. આગમોદ્ધારકના યશોગાન.

બહુંલી બવાઇ ગયા બાદ શ્રાદ્ધવર્ય-ઠાકોરભાઇ હયાચંદ મલજી કે જે અહીંના શ્રીવર્દ્ધમાન-તામ્રપત્ર-જૈન-આગમ-જ્ઞાન મંદિરનું કાર્ય કરવામાં તન, મન અને ધનથી મદદ કરી રહ્યા છે. તેમજ જેઓશ્રી પૂ. આચાર્યશ્રીના અનન્ય ભક્ત છે, તેમને પૂ. આચાર્યશ્રીની વિદ્વત્તા માટે પૂ. દેવર્ધિગણીશ્રીજી પછી આગમોનું લખાણ તે શીલાપટ અને તામ્રપત્ર પર કોતરાવનાર હોય તો પૂ. આગમોદ્ધારક ગુરૂદેવ છે. તેનો ટુંકો ખ્યાલ આપતાં સુરતના આંગણે આજે જે ગગનચુંબી પ્રાસાદ તામ્રપત્ર આગમ મંદિરના નામથી પ્રખ્યાત છે. તે તીર્થ સરીકે સ્થાપનાર જેનો અનેક ભવ્યાત્માઓએ હર્ષનનો લાભ લીધો છે, છે તે બધાએ યશ: પૂ. આચાર્યશ્રીજીને ફાળે જાય છે. જેથી સુરત શહેર તો તેમનું ઋણી છે, અને સુરતનો સંઘ પણ છે કે પૂ આચાર્યશ્રીજી દીર્ઘદ્રષ્ટિથી બાબો જોઇતું વિવેચન કરીને તેઓશ્રીએ પોતાનું સ્થાન લીધું હતું.

ત્યારબાદ ઝવેરી મોતીચંદ ભુલાભચંદ કે જે અહીંના મશહૂર જૈન છે, અને દરેક જાહેર સંસ્થામાં તેમનું આધિપત્ય છે. તેમને પૂ. આચાર્યશ્રીની વર્ષગાંઠ છે; જેથી જીવદયા માટે અને ગરીબોને અન્ન ફળાદિ મલે તે માટે ફાંડ કરવું જોઇએ, જેની દરખાસ્ત મૂકતાં શ્રી સંઘે તે દરખાસ્તને વધાવી લેતાં રૂ. ૫૦૧) શેઠિ-ઠાકોરભાઇ મલજીએ પૂ. ગુરૂદેવની વર્ષગાંઠ નિમિત્તે કાયમી તિથી નોંધાવી હતી, કે જેના વ્યાજમાંથી દર વર્ષે જીવ છૂટે એવું જાહેર કરવામાં આવ્યું હતું. અને ગરીબોને કેળાં વિગેરે અને જીવો છૂટે તે માટે પણ ચાલુ સારી ટીપ થઇ હતી.

ત્યારબાદ પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર મહારાજે પોતાની સચોટ શૈલીમાં પૂ. ગુરૂદેવના યશોગાન ગાતાં જણાવ્યું કે સંસારથી પાર ઉતારનાર ધર્મ છે. તારનાર ધર્મ ચાર વિભાગમાં વહેંચાયેલો છે, તે અનુક્રમે દાન, શિયળ, તપ: અને ભાવ ધર્મ છે. ભાવ વગર દાનાદિ ત્રણે ધર્મની આરાધનાથી યથાર્થ ફલ પ્રાપ્ત થઇ શકતું જ નથી. કેમકે ભાવ ધર્મ સ્વતંત્ર ફલદાયક છે, છતાં ભાવના ભાવનાર એકજ જીવનું કલ્યાણ કરે છે. અઢારસો ભુવનમાં ભાવના ભાવનાર-શ્રીભરત મહારાજા કેવળજ્ઞાન પામ્યા તેમાં આપણને શું ?, આથી દાન-શિયળ-તપ અને ભાવ ચારે ફળ દેવામાં મર્યાદાશીલ છે, પરંતુ નિઃક્રિમ-ફળ દેવામાં, ફળની પરંપરાઓને અવ્યાહત ટકાવવામાં; અને વધારવામાં શાસનમાં જો કોઇનો પણ ફાળો હોય તો પ્રભાવના છે. આથીજ આ પ્રભાવનાના સઘળાંયે પ્રભાવકો પુનિત કાર્યવાહિઓને લીધે આજે પણ ચતુર્વિધ-સંઘની દરેક પ્રવૃત્તિમાં દિનપ્રતિદિન આત્મ હિતકર માર્ગે આગે કૂચ કરી રહ્યા છે. આઠે પ્રભાવકોમાં પ્રથમ પ્રભાવક પ્રાવચનિક છે, જેટલે વર્તમાન કાલીન સૂત્ર-અર્થ-રહસ્યનો સંપૂર્ણ

જ્ઞાતા હોય, તેને પ્રથમ પ્રાવચનિક પ્રભાવક કહેવાય છે. અને વર્તમાન કાલીન આંગળીને વેઢે ગણાતા સર્વ ગીતાર્થોમાં પ્રથમ નંબરે નામ અમારા પૂ. ગુરૂદેવનું આવે છે. એટલે ગીતાર્થ સાર્વભૌમપણાનો, વર્તમાનકાલીન શ્રુતના માલીકપણાનો, અને બહુશ્રુતધરપણાનો સઘળોયે યશઃ પૂ. ગુરૂદેવને ફાળે જાય છે. એટલું જ નહિં પણ તેઓશ્રીએ કોઇપણ આગમના, આગમ-સ્થિત શ્રુતસ્કંધના, અધ્યયનના, અને સૂત્રના કે શબ્દના પારમાર્થિક પિયૂષનું પાન કરવામાં લેશભર કચાશ રાખીજ નથી, અને તેથી તો તેઓશ્રી આજે આગમાવતારના નામથી જૈન-શાસનમાં મુક્તકંઠે પ્રશંસિત છે. આ પછી સર્વ મંગળ કર્યાબાદ સભા વિસર્જન થઇ હતી.

ચાતુર્માસિક-સમાચાર.

સુરત મુકામે માળી ફલીયામાં લીમડાના ઉપાશ્રયે બિરાજમાન પ્રાતઃસ્મરણી પૂજ્યપાદ આગમોદ્ધારક શ્રીઆનંદસાગરસૂરીશ્વરજીની આજ્ઞાથી હરીપુરાના ઉપાશ્રયમાં પૂ. શ્રી માણિકયસાગરસૂરિજી આદિ ઠાણાનું, નેમુભાઇની વાડીના ઉપાશ્રયે પૂ. પંન્યાસપ્રવર-શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્ર આદિ ઠાણાનું, અને નવાપુરાના ઉપાશ્રયમાં અને છાપરીયા શેરીના ઉપાશ્રયમાં અનુક્રમે પૂ. પં. પ્રવરશ્રીજીના શિષ્ય-પ્રશિષ્ય પં. શ્રી દેવેન્દ્રસાગરજી અને મુનિશ્રી દોલતસાગરજી આદિનું ચાતુર્માસ છે. ઘણા દિવસથી પૂજ્યપાદ—આગમોદ્ધારક આચાર્ય દેવેશનું શરીર વર્ષ ઉપરાંતથી લગભગ સંથારાવશ છે. વારંવાર બિમારીના હુમલાઓ વારંવાર આવ્યા કરે છે, પરંતુ શાસનના અને સમુદાયના પ્રબલ પુણ્યે આવેલા હુમલાઓમાંથી પસાર થઇને પૂ. ગુરૂદેવ આરાધનાના એકરંગથી રાત્રિદિવસ રંગાયેલા રહે છે. પૂ. ગુરૂદેવ દીર્ઘાયુષ થાઓ એમ અમે ઇચ્છા, અને ચતુર્વિધ સંઘ ઇચ્છી રહ્યા છીએ.

હરીપુરા-સુરત.

પૂ. શ્રીમાણિકયસાગરસૂરિજીના બે ચાતુર્માસ થવાથી હરિપુરાના ઉપાશ્રયના શ્રાવક-શ્રાવિકાઓ ધર્મારાધનમાં વધુ ઉદ્યમશીલ થયા છે. ગત વર્ષે શાંતિસ્નાત્રાદિ શુભ-મહોત્સવ પ્રસંગે પૂ. આગમોદ્ધારક આચાર્યશ્રી પૂ. આનંદસાગરસૂરીશ્વરજી સાથે હરીપુરામાં પંન્યાસપ્રવર શ્રીચન્દ્રસાગરજી આદિ ઠાણાઓનું આવાગમન થયું. અને પૂ. પન્યાસ-પ્રવરશ્રીજીની દેશના સમયે શ્રી સાધારણમાં રૂ. ૫૦૦૦) લગભગનો લાભ થયો, અને બીજી પણ શાશન-પ્રભાવનાઓ સારી થઈ હતી. અને ચાલુ સાલના ચાતુર્માસમાં પણ દેવદ્રવ્ય અને જ્ઞાનાદિ દ્રવ્યોની ઉપજ સારી થઇ હતી.

નેમુભાઇની વાડી-સુરત.

નેમુભાઇની વાડીના ઉપાશ્રયે બે ચાતુર્માસથી પૂ. પન્યાસપ્રવર શ્રીચન્દ્ર-સાગરજી મહારાજની વૈરાગ્યવાહિની દેશનાનો લાભ સકળ ચતુર્વિધ સંઘ સારી રીતે લેઇ રહ્યો છે. અનુક્રમે બંન્ને ચાતુર્માસમાં અનુક્રમે વ્યાખ્યાન પ્રસંગે શ્રી ધર્મ-બિન્દુ અને શ્રી ધન્ય—ચરિત્ર, તથા શ્રી જ્ઞાતાસૂત્ર અને શ્રીવાસુપૂજ્ય ચરિત્ર વંચાય છે. બન્ને ચાતુર્માસના લગભગ પંદર માસમાં પૂ. પન્યાસ-પ્રવરશ્રીએ ૬૨-૬૩ અને ૬૪ શ્રીવર્દ્ધમાન તપની ઓળી કરી હતી. ત્રણ ઓળી પ્રસંગે સકળ સંઘ તરફથી આંગી-પૂજા-ભાવના-પ્રભાવના સારા પ્રમાણમાં થઇ હતી. વિશેષમાં આ ૬૪ મી ઓળીની

અરિસમાપ્તિ પ્રસંગે સંઘવી કુટુંબ તરફથી પ્રતિક્રમણ કરવાવાળા ને રૂપીઓને સાકરના પડા, તથા ઓળી પ્રસંગ પર દર્શનાર્થે શીરપુરનિવાસિ શ્રાદ્ધવર્ય શ્રેષ્ઠિ ખૂબચંદભાઈ હીરાચંદ, શ્રેષ્ઠિ ચંપાલાલભાઇ; સુ. શ્રા પ્રતાપભાઇ અને ઉજ્જનની પેઢીના આગેવાન સદ્ગૃહસ્થો આવેલા હતા. અને શ્રેષ્ઠિ ખૂબચંદભાઇ તરફથી વ્યાખ્યાનમાં શ્રીફળની પ્રભાવના થઈ હતી. અને ૬૪મી ઓળીજીની સમાપ્તિ પ્રસંગે દર્શનાર્થે આવેલા શ્રી ઋષભદેવજી છગનીરામજીનો પેઢી-ઉજ્જનના કાર્યવાહકો આવેલા તેઓ તરફથી પણ શ્રીફળની પ્રભાવના વ્યાખ્યાનમાં થઇ હતી. આવનારાઓમાં સુ. શ્રા. અમરચંદજી, સુ. શ્રા. માંગીલાલજી, સુ. શ્રા. ચંપાલાલજી રૂંડવાલ, સુ. શ્રા. કેસરીમલજી જેઠમલજી, સુ. શ્રા. મોતીલાલજી, સુ. શ્રા. હીરાલાલજીના પીપલોનવાળા, સુ. શ્રા. મોજીલાલજી, અને સુ. શ્રા. ઇન્દરમલજી હતા. ચાલુ ચાતુર્માસમાં શાસન પ્રભાવનાના અને શ્રી સંઘના હિત કારિ ઘણાં સારાં કાર્યો થયાં હતાં. શુભ કાર્યોની ટીપો સારી થઇ અને વપરાશ પણ સારો થયો તેની મુખ્ય નોંધ નીચે મુજબ છે. પૂ. આગમોદ્ધારક શ્રીઆનંદસાગરસૂરીશ્વરના જન્મ દિવસે રૂ. ૩૦૪।। ટીપ થઇ તેમાંથી પૂજા-આંગી-ભાવના, વ્યાખ્યાન તથા પૂજામાં પ્રભાવના, ગરીબોને અનાજ, જીવો છોડાવવાં વિગેરે ખર્ચાયા. સાધર્મિકોને ગુપ્ત સહાય કરવામાં રૂ. ૧૨૩૩) શ્રી સંઘે કરેલી ટીપ થાંથી ખર્ચાયા. પૂ.-પંન્યાસ-શ્રીહીરસાગરજીના શિષ્ય મુનિ શ્રી હિમાંશુસાગરજીએ માસ ખમણ કર્યું હતું, અને ધોળકાવાળા શા. નંદલાલભાઇએ ૩૬) છત્રીસ ઉપવાસ કર્યા હતા; તે નિમિત્તે પાંચ દિવસનો મહોત્સવ કરીને, અને જીવાદિ છોડવવાને રૂ. ૬૧૩।। ખર્ચવામાં આવ્યા હતા. ચોમાસાની સાધારણ ટીપ ખાતે અને કટાસણાદિ લાવવા માટે કુલ રૂ. ૪૭૦) ચારસો ૭૦ સંઘે ખર્ચ્યા. ઉજ્જૈન શ્રીઅવંતીપાર્શ્વનાથજી મંદિરના જીર્ણોદ્ધારની ટીપમાં રૂ. ૧૩૧) શ્રી સંઘે ભરી દીધા. ચાલુ ચાતુર્માસમાં સુપનાની બોલીનું ઘી મણ ૪૨૫) વરઘોડાનું ઘી મણ ૬૦) એટલે રૂ. ૧૫૭૦)ની ઉપજ થઈ, અને જ્ઞાન ખાતે રૂ. ૮૨૬)ની ઉપજ થઇ હતી. પર્વતિથિએ અને પર્યુષણામાં બદામ-પતાસાં લાડુની પ્રભાવનાઓ ચાલુ હતી.

વેજલપુર—અત્ર પૂજ્યપાદ આચાર્ય દેવની આજ્ઞાથી પૂજ્ય પંન્યાસજી હેમસાગરજી આદિઠાણાની પાવન નિશ્રામાં શ્રી ચતુર્વિધ સંઘે પર્વાધિરાજ પર્યુષણાપર્વની આરાધના આ વર્ષે સારી રીતે કરી હતી.

શ્રાવણ વદી ૧૪ ને દીને ગાંધી રમણલાલ વાડીલાલ તરફથી કલ્પસૂત્ર વહોરાવવામાં આવ્યું હતું, અને બપોરે શ્રી કલ્પસૂત્રનો વરઘોડો ઘણાજ ઠાઠથી ચઢાવવામાં આવ્યો હતો.

શ્રાવણ વદી ૦)) ના દિને પ્રભુજીનું પારણું ગાંધી મંગળદાસ ગીરધરલાલભાઇને ત્યાં વાજતે ગાજતે ધામધૂમ પૂર્વક લઇ ગયેલ તે દિવસે ગાંધી સબુરદાસ મહાસુખભાઇ તરફથી ગાંધી રમણલાલ નાથજીભાઇએ અથાગ પરિશ્રમ ઉઠાવીને આકર્ષક અને ભવ્ય આંગી રચી હતી.

ભાદરવા સુદી ૪ ના દીને પૂ. પં. મહારાજશ્રીને સવારમાં ગાંધી કાંતિલાલ વાડીલાલ તરફથી બારસાસૂત્ર વહોરાવવામાં આવ્યું હતું, અને બપોરે તપસ્વિઓનો વરઘોડો હતો.

ભાદરવા સુદ ૫ ના દીને અઠ્ઠાઈ કરેલા તપસ્વી ગાંધી રસિકલાલ મગનલાલ પ્રભુના સાથવી આવ્યા હતા. ગાંધી શાંતિલાલ શંકરલાલનાં ધર્મપત્નિ પ્રભુને લાભને બેઠાં હતાં. સાથે ઉમટ્યા બધાં પ્રભુના વરઘોડાને નેત્રે આસપાસની હજારોની સંખ્યામાં સાત્વ મહેરામણ ઉમટ્યો હતો.

આમ આ વર્ષે ૧૭ બાઇ બ્હેનોએ અઠ્ઠાઈ, નવ દશ, અને અગીયાર, એમ તપશ્ચર્યા કરી હતી. ઉપરાંત આ વર્ષે દેવ-દ્રવ્ય-સાધારણ-જ્ઞાનાદિમાં વગેરેમાં સારી એવી આવક થઇ હતી પર્વાધિરાજ-શ્રી પજુંષણા-પર્વમાં કળીતા લાડુ, શ્રીફળ, પતાસાં વગેરે વિવિધ પ્રભાવનાઓ થઇ હતી. પૂજા-પ્રક્ષાલના, આંગી વગેરે, ધાર્મિક કાર્યોમાં શ્રીસંઘે સારો એવો લાભ ઉઠાવ્યો હતો.

ઇડરગઢ—પૂ. આગમોદ્ધારક આચાર્યદેવની આજ્ઞાથી પૂ. પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજીના શિષ્યરત્નો-શ્રીચન્દ્રકાન્ત સાગરજીનું, અને વ્યાખ્યાન-વાચસ્પતિ-શ્રીચન્દ્રપ્રભસાગરજીનું અત્ર ચાતુર્માસ હતું. જેઠ વદ ૧૦ ના રોજ શાસન પ્રભાવના થયે તેવી રીતે શ્રી સંઘે વાજતે ગાજતે પ્રવેશ કરાવ્યો હતો. વ્યાખ્યાનમાં શ્રીઉત્તરાધ્યયન સૂત્ર, તથા શ્રી સમરાદિત્ય કેવલી ચરિત્ર વંચાવવાના રૂ. ૧૩૬) રૂપીઆ બોલીયા હતા.

ભાદરવા વદ ૦)) ને કલ્પસૂત્ર વોહરાવ્યું તેના રૂ. ૪૫) થયા હતા.

ભાદરવા સુદ ૪ બારસા સૂત્ર વોહરાવ્યું તેના રૂ. ૧૫) થયા હતા.

મહાવીર પ્રભુ જન્મ વખતે સુપનાની ઊપજ રૂ. ૧૫૩) થયા છે.

આઠે દીવસ આરતી પુજાનું ગરત મણ ૨૧-૬ શેર થયા હતા તેના રૂ. ૧૦૫।।૦।।)

સંવત્સરી પ્રતિક્રમણમાં ગરત મણ ૫૦।। તેના રૂ. ૧૨૬।) થયા છે.

આઠ દીવસમાં જ્ઞાન પુજામાં રૂ. ૬૩।-।।)

વરઘોડો ભાદરવા સુદ ૮ ને નીકલ્યો તેના ઉપજના રૂ. ૩૦૦) થયા છે.

તેમાં રથયાત્રા માટે માંડલથી રથ લાવ્યા હતા, રૂ. ૭૪।=) ની ઊપજ થઈ છે.

સિદ્ધચક્ર માસિક માટે તથા બીજી પશુ પાંજરાપોળોની ટીપ વિગેરેના કાગલીઆ આવ્યા છે તેની પણ સારી ટીપ થઇ હતી.

બધા તપસ્યાવાલાને સુખરૂપે પારણું થયું છે, બધાઓની તબિયત સારી છે.

બધી ટીપ માટે રૂપીઆ ૪૧૦) થયા છે. તેમાં બહારગામની પાંજરાપોળ વિગેરેની ટીપોમાં રૂ. ૧૫૦) મોકલ્યા છે ઊપરીયાલા જીર્ણોદ્ધાર માટે માણસો આવ્યા હતા, તેમને રૂ. ૨૦૦) આપ્યા છે. બાકી શ્રી સિદ્ધચક્ર સમિતિને રૂ. ૧૦૫) જોગ તરીકે મોકલ્યા છે.

સ્ટેશન મણુંદરોડ (રણુંજ)

અહીં ૧૦-૧૨ વર્ષ સાધુ-સાધ્વીનાં ચાતુર્માસ થયા. પં. ચન્દ્રસાગરજીના પ્રશિષ્ય-શિષ્યાદિ મુનીશ્રી દર્શનસાગરજી તથા મુનિશ્રી શાંતિસાગરજીનું ચાતુર્માસ થયું હતું. બધા જોગથી ચાતુર્માસ નહીં થવાથી, અને આગ્રહભરી વિનંતીથી શાસન પ્રભાવના થયે તેવી રીતે સામેલું, ગુહુંલીઓ, અને શ્રી પર્યુષણ-પર્વની આરાધના સારી રીતે થયેલ

છે, અને વરઘોડો પણ સારી રીતે નીકળ્યો હતો. મુંબાઇથી ગાંધી વાડીલાલ હરખચંદનાં સુપુત્ર ઇશ્વરલાલ પોતાના કુટુંબ સહિત આવેલ તેઓએ રૂ. ૭૦૦૧) આપીને જૈન ધર્મશાળા પોતાના પિતાના નામથી બંધાવી આપવાનું નક્કી કરેલ છે, શ્રી કલ્પસૂત્ર તથા પારણાનું રાત્રિ જાગરણ આદિ પણ તેમનાં તરફથી થયેલ છે. અક્ષયનિધિ, ચૌદપૂર્વ, તથા શ્રી નવકાર-મંત્રની આરાધના કરવામાં આવી હતી. શ્રી ગીરીરાજની સુંદર રચનાં કરાવવામાં આવેલ હતી. દેવ-દ્રવ્યાદિની આવક સારી થઇ છે, પ્રભાવનાઓ તથા ગહુંલીઓ દરેક વ્યાખ્યાનમાં ચાલુ હતી, સંવત્સરિ-પ્રતિક્રમણ-અવસરે શ્રીફલની પ્રભાવના ગાંધી વા. હ. તરફથી કરવામાં આવેલ હતી.

નાગપુર મુકામે—સાધ્વીશ્રી ચતુરશ્રીજી અને તેઓશ્રીજીના સુવિનીત-શિષ્યા-શ્રીસુજ્ઞાનશ્રીજી આદિ ચાર ઠાણાનું અત્ર ચાતુર્માસ થયેલ છે. આ વર્ષે વિવિધ તપશ્ચર્યાઓ, ધાર્મિક-સંસ્થાઓની સ્થાપનાઓ, ધાર્મિક કાર્યો, અને પ્રભાવનાઓ વિગેરે કરીને શાસન પ્રભાવના ખૂબ થયેલી છે. થયેલા શુભ કાર્યોની નોંધ નીચે મુજબ છે.

સંવત ૨૦૦૫ના શ્રાવણ સુદી (૧૩) થી શ્રીઅજીતચંદ્ર-જૈન-મહિલા મંડળની સ્થાપના.

સંવત ૨૦૦૫ ના શ્રાવણ સુદી (૧૧) થી શ્રીઅજીતચંદ્ર-જૈન-પાઠશાળાની સ્થાપના.

તપોધર્મની આરાધનાની વિગતઃ—

શ્રી કર્મસૂદન તપ, શ્રી સ્વસ્તિક તપ, શ્રી ક્ષીર સમુદ્ર તપ એકાશણાદિથી, શ્રી દેશાવગાશિક વ્રત એકાશણાથી સુ. શ્રાવિકા જતનબાઇ તરફથી, ૮૧) આયંબીલનો તપ શેઠ કરણીદાન રતનલાલ બાલીવાલ તરફથી; (૧૫) ઉપવાસવાળા બહેન એક, પાંચ ઉપવાસવાલા ભાઇ બહેનો ત્રણ, અઠ્ઠાઇવાલા ભાઇ બહેનો કુલ પાંચ, (૨) બેઠ માસીવાલી બહેનો બે; અને દરેક અઠ્ઠાઇવાલા તરફથી વરઘોડો પોતાના તરફથી કાઢવામાં આવ્યો હતો, અને સુ. શ્રાવિકા જતનબાઇએ પોતાની અઠ્ઠાઇ નિમિત્તે ભવ્ય રથયાત્રાનો વરઘોડો કાઢ્યો હતો.

પંજાબવાલા શ્રેષ્ઠિવર્ય-બશાખીરામભાઇની સુપુત્રી કુમારી રાજકુમારી બહેને (૧૪) વર્ષની વયે અઠ્ઠાઇ કરી હતી, અને તેની અઠ્ઠાઇ નિમિત્તે કેશરીચંદ પાનમલ ઝવેરી તરફથી વરઘોડો કાઢવામાં આવ્યો હતો. ઇત્યાદિ ધાર્મિક-શુભ કાર્યો અને તપસ્યા વિગેરે સારા પ્રમાણમાં થયેલી છે.

ઉજ્જૈન—શાસનમાન્ય-ગુણગરાગિણી-શ્રી. તિલકશ્રીજીના સુવિનીત-શિષ્યા મનોહરશ્રીજીનું અત્ર ચાતુર્માસ છે. શ્રી પંચાંગી તપમાં સારી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓએ સારો લાભ લીધો છે. આઠ અઠાઇઓ, દશ જણા પાંચવાળા, છ જણા ચાર વાળા, પંદર જણા અટ્ઠમ વાળા, ચાલીસ છઠ્ઠવાળા, બધા મળીને કુલ ૭૯ ઉપરાંત તપસ્વિઓ હતા. આ નિમિત્તે રથયાત્રા, પણ ભારે ઠાઠમાઠથી કાઢવામાં આવી હતી. સ્વામિ-

વાત્સલ્યનો લાભ શ્રાદ્ધવર્ય શ્રેષ્ઠિ મગનીરામજી માંગીલાલજીએ લીધો હતો, અને મહોત્સવ અંગેની સર્વ કાર્યવાહી શ્રી ઋષભદેવજી છગની રામજીની પેઢીના કાર્યવાહકોની સાથે મહિદપુર ગાળા સંઘવી ચંપાલાલજી રૂંડવાલે સાથે મલીને શાસન પ્રભાવના વધે તે રીતિએ કરી હતી.

ચાલુ ચાતુર્માસના પર્યુષણમાં દેવ-દ્રવ્યમાં રૂ. ૩૭૫), જ્ઞાન ખાતામાં રૂ. ૧૭૫); અને શ્રી સિદ્ધચક્ર માસિકને રૂ. ૫૦) અને ચાતુર્માસના સાધારણની ટીપમાં રૂ. ૮૭૫) રથયાત્રા, પૂજા-આંગી પ્રભાવના સારી થઇ છે શ્રાવિકાઓમાં ધર્મની પ્રગતિ સારી થયેલ હોવાથી એક જૈન મહિલા મંડળની સ્થાપના પણ કરવામાં આવી છે. નવાપુરામાં તેઓશ્રીના સુશિષ્યા સાધ્વીશ્રી સંયમ શ્રીજી અને સુવિનીત સાધ્વીશ્રી ઇન્દુશ્રીજીના ચાતુર્માસથી સારી પ્રભાવના થયેલી છે.

મીયાંગામ કરજણ—અત્ર પૂ. શ્રી આગમોદ્ધારક આચાર્ય દેવની આજ્ઞાથી તેઓશ્રીના શિષ્ય મુનિશ્રી સુરેન્દ્રસાગરજી આદિઠાણા એનું ચાતુર્માસ થયું છે. શાશન પ્રભાવના સારી થઇ છે. ઉજમણું શાંતિસ્નાત્ર મહોત્સવાદિ કરવાના મનોરથો ચાલુ છે.

નવસારી—પૂ. શ્રી આગમોદ્ધારક આચાર્ય-દેવની આજ્ઞાથી મુનિશ્રી બુદ્ધિસાગરજી, મુનિશ્રી પ્રબોધસાગરજી, મુનિશ્રી સુશીલસાગરજી આદિ ત્રણ ઠાણાનું ચાતુર્માસ થયેલું છે. શાસનની પ્રભાવના સારી થઈ છે. તપસ્યાઓમાં અઠ્ઠાઈ ૧૧, દશ-પંદર સોળ માસખમણ આદિ સારા પ્રમાણમાં થયાં હતા.

મહુધા—પૂ. શ્રી આગમોદ્ધારક આચાર્ય-દેવની આજ્ઞાથી મુનિશ્રી ચારિત્રસાગરજી તથા મુનિશ્રી ચન્દ્રોદયસાગરજી આદિ ઠાણાનું ચાતુર્માસ છે. અત્ર શાસન પ્રભાવના વધે તેવાં કાર્યો થયાં હતાં. મુનિશ્રી જીતેન્દ્રસાગરજીએ સોળ ઉપવાસ કર્યા હતા. તે નિમિત્તે અષ્ટાન્હિકા મહોત્સવ અને સ્વામિ વાત્સલ્યાદિ થયાં હતાં.

વડનગર—શાસનમાન્ય ગુણગણ રાગિણી શ્રીતિલકશ્રીજીની અને સુવિનીત શિષ્યા શ્રી મનોરશ્રીજીની આજ્ઞાથી તેઓની સુશિષ્યા શ્રી ફલ્ગુશ્રીજી આદિ ઠાણાનું અત્ર ચાતુર્માસ છે. વ્યાખ્યાનમાં શ્રીવર્દ્ધમાન દેશના અને ધન્ય ચરિત્ર વંચાય છે. પર્યુષણમાં સારી શાસન પ્રભાવના થઇ હતી. અને દેવ દ્રવ્યાદિમાં પણ સારી ઉપજ થઇ હતી.

આકોલા અને **જલગાંવ** આદિ ગામોના સમાચાર સ્થળ સંકોચને લીધે આવતા અંકમાં આવશે એજ.

मध्य भारतके जैन कार्यकर्ताओंकी एकत्रित सभा।

दीक्षा प्रतिबन्धक बिल सम्बन्धमें पास किया हुवा प्रस्ताव

इन्दौर ता० २४ जुलाई सन १९४९

आज दिन इन्दौर, रतलाम, उज्जैन, बड़नगर, देवास, धार, जावरा, मन्दसौर, बदनावर, मक्षी, शुजालपुर, शाजापुर, नीमच, बडौदा, सीतामऊ, अमदावाद, खंभात

आदि स्थानोंसे श्वेताम्बर मूर्तिपूजक, स्थानकवासी, दिगंबर, तेरापन्थी समाजके कतिपय आगेवान कार्यकर्ताओंकी आम सभा वकील श्री रोशनलालजी खाबियाकी अध्यक्षतामें हुई। उसमें मध्य भारतकी धारासभामें पेश किये हुवे दीक्षा प्रतिबन्धक तथा शिक्षण नियंत्रण बिलोंके सम्बन्धमें गम्भीरतापूर्वक विचार किया गया और अन्तमें निम्नलिखीत प्रस्ताव सर्वानुमतिसे स्वीकृत हुवे।

प्रस्ताव नं० १—यह सभा दीक्षा प्रतिबन्ध तथा शिक्षा नियन्त्रण सम्बन्धमें राज्यका हस्तक्षेप अनुचित समझती है। जिन दो सज्जनोंने आलेख धारासभामें प्रस्तुत किये हैं उनके दृष्टिकोण समझने और तत्सम्बन्धी विचार विनिमय करनेके लिये तथा तत्पश्चात आवश्यक प्रतीत होने पर समस्त जरूरी कार्यवाही करनेके लिये निम्नलिखीत समिति नियत करनेमें आती है।

इस कार्यकारिणी समितिमें २९ सभ्य रक्खे गये हैं और आवश्यक्तानुसार ५ सदस्य अधिक कायम करनेकी सत्ता इस समितिको रहेगी।

प्रस्ताव नं० २—उपरोक्तको समय समय पर सलाह सहयोग देनेके लिये मध्य भारतके बाहरके अखिल भारतवर्षके ७ प्रसिद्ध महानुभावोंकी सलाहकार समिति नियुक्त करनेमें आई है।

अन्तमें बाहरगांवसे पधारनेवाले महानुभावोंका तथा अध्यक्ष महाशयका आभार प्रदर्शित करके सभा विसर्जन की गई।

द: वीरचंद।

द: भेरूसिंह मेहता।

એ સમિતિની ભલામણો.

આલેખનકાર:—

પૂ. પંન્યાસપ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર.

જૈન-ટ્રસ્ટોની વ્યવસ્થા હવે પછી કેમ કરવી?, તે માટે હિન્દી સંઘ તરફથી એક સમિતિ નીમાઈ હતી, અને તે સમિતિની ભલામણો જૈનોના આશીર્વાદ મેળવવાને બદલે કેટલો આંતરિક તિરસ્કાર પ્રાપ્ત કર્યો છે, કરે છે; અને કરશે તે અત્ર જણાવાય છે.

એ સમિતિની ભલામણો જૈન સંસ્કૃતિના મૂળમાં કુઠારા ઘાત કરે છે.

એ સમિતિની ભલામણો સામે જૈનત્વની વાસનાથી વાસિત થયેલાં હૃદયો આજે કકળી ઉઠયાં છે.

એ સમિતિની ભલામણો સામે, ભલામણો સામે, અને એના સૂત્રધારો સામે જે બોલાઈ રહ્યું છે, અને લખાઈ રહ્યું છે; તે બધાનો વિવેકપૂર્વક સમન્વય કરવાનો આગ્રહ કરે છે.

એ સમિતિની ભલામણો કે સૂચનાઓ વર્તમાન જૈન સમાજનું કે ભાવિ જૈન સમાજનું હિત જોયા વગર ઉતાવળીયું પગલું ભરાવવા જહેમત ઉઠાવે છે.

એ સમિતિની ભલામણો લઘુમતિ જૈન સમાજની આત્મિક-માનસિક-નૈતિક, અને સામાજિક શક્તિઓના વિકાસ પામતા વધુ વેગને રોકવા મથે છે.

એ સમિતિની ભલામણો લઘુમતિ-કોમનું અને લઘુમતિ-કોમની સંસ્કૃતિનું રક્ષણ કરવાનું વચન આપીને "વચન પાળવા અમે બંધાયા નથી" એવી વાત કરવા તૈયાર થઇ છે.

એ સમિતિની ભલામણો જૈન ટ્રસ્ટો, અને જૈન ટ્રસ્ટો સાથે સંબંધ ધરાવનારા સઘળા ચતુર્વિધ-

સંઘની અવસ્થા પ્રત્યે સત્તાની દરમ્યાનગિરિ કરવાની માંગણી કરે છે.

એ સમિતિની ભલામણો દાનેશ્વરીઓના ઉદ્ધાર ધ્યેયને ગુંગળાવી નાંખવા મથે છે.

એ સમિતિની ભલામણો માનસિક-શક્તિઓના અને આત્મિક-શક્તિઓના વિકાસ માટે નિયત થયેલા ઉદારતાના અનુપમ-પ્રતીકોનો જડ મૂળમાંથી નાશ કરવાની નિતિને અનુસરવા જણાવે છે.

એ સમિતિની ભલામણો દાનેશ્વરીઓનો દાન-પ્રવાહને રોકવા કમ્મરકસે છે, અને અસ્ખલિત-દાનના ઝરણાંને વહેવાં બંધ કરીને ગંધાતા ખાબોચીયા બનાવવા જેવી હાકલ કરે છે.

એ સમિતિની ભલામણો જે ઉદ્દેશોથી દાનેશ્વરીઓની પાસેથી લક્ષ્મી મેળવી છે, તે લક્ષ્મીને દાનેશ્વરીની મરજી વિરૂદ્ધ અને ઉદ્દેશ વિરૂદ્ધ, વાપરવાનો હક આપવા પ્રેરણા કરે છે.

એ સમિતિની ભલામણો લુંટારાઓના કર્તવ્યોને અને મોગલાઈશાહીની મેલી મુરાદોને સત્તાના નવીન વાઘાથી સજાવીને લાભના બહાના તળે ભયંકર નુકશાનોની નોબતો વગાડવાની વાહ્યાત વાતો કરે છે.

એ સમિતિની ભલામણો દાતાના ઉદ્દેશને દેશવટો, બહળક દ્રવ્યનો મનગમતો વપરાશ, ટ્રસ્ટી-ઓનો વિરોધ, સમાજની પાયમાલી, સંસ્કૃતિનું સત્યાનાશ, ટ્રસ્ટની ભાવનાઓનું શોષણ, અવિવેકનું પોષણ; અને પરમાત્માને પત્થર માનનારાઓનું રોજને ફેર ભલામણો લાવવાની આંધી જોરશોરથી ઉભી કરે છે.

આ સમિતિની ભલામણો કરનારાઓમાં મુખ્ય તરીકે એક ન્યાયાસનને શોભાવનાર ન્યાયાધીશ છે. ખરેખર કહેવું પડશે કે ટ્રસ્ટની વર્તમાન સ્થિતિનો અને ભાવિ સ્થિતિનો લવલેશભર વિચાર કર્યા વગર અન્યાયવારી રીતે વર્તવાની એ બધી ભલામણો જોહુકમી કરે છે.

જ્યારે ઈંગ્લંડ જેવા સુધરેલા દેશો ટ્રસ્ટોનું રક્ષણ કરવા માટેની અને વધારવા માટેની બાંહેધરી કોર્ટ દ્વારા એ આપે છે, ત્યારે **આ સમિતિની ભલામણો** ટ્રસ્ટોને રફેદફે કરવાની મેલી રમત રમે છે.

આ સમિતિની ભલામણો કેટલી ભૂલ ભરેલી છે, તે માટે ઈ. સ. ૧૯૨૭ માં ચાન્સરી કોર્ટનો એક ચુકાદો સમજવાની જરૂર છે.

આ સમિતિની ભલામણો એ હિન્દુસ્થાનભરના સકળ સંઘોને કુંભકર્ણ જેવી ભરનિદ્રામાંથી જગાડીને દેશે દેશમાં, શહેરે શહેરમાં, ગામે ગામમાં, અને દરેક દરેક સંઘમાં વિરોધ કરવાનું જોરશોરથી આંદોલન ઉપાડવાની ખૂબ ખૂબ પ્રેરણા કરે છે.

આ સમિતિની ભલામણોએ વર્તમાન સત્તાનું ભલું ઈચ્છયું નથી, વર્તમાન સમાજનું, અને ભાવિ સમાજનું પણ વાસ્તવિક ભલું ઈચ્છયું જ નથી; તે બુદ્ધિમાનોએ ખૂબ ખૂબ ગંભીરપણે સમજવા જેવું છે.

આ સમિતિની ભલામણોને વાંચીને, વિચારીને, પરિશીલન કરીને, તેના વાસ્તવિક-નુકશાનોનો અભ્યાસ કરીને ચતુર્વિધ સંઘ જેટલો અવાજે આ ભલામણોને સદાકાળનો દેશવટો દેવરાવવા કમ્મર કસે, અને તેવું પ્રબળ પ્રોત્સાહન સકળ સંઘમાં જોરશોરથી વધે તેવી આશાપૂર્વક વિરમું છું.

૭૬૮. જેઓ સામાયકના કાળમાં, દેશાવગાશિકના કાળમાં, અને પૌષધના કાળમાં સંસાર ભૂલવાનું શિક્ષણ શીખી શકતા નથી, તેઓ દેશવિરતિપણામાં સર્વ-વિરતિના ધર્મનું અનુમોદન કરવા છતાં, કે વર્તમાનમાં ભાવિ જીવનમાં સર્વ-વિરતિ-ધર્મનું અનુક્રમે મુંદર અનુમોદન અને આસ્વાદન કેવી રીતે કરી શકશે ?; તે વિચારણીય છે.

૭૬૯. માનવજીવનનું સફળ કરવાને બાલ્યકાળ જેવી મોસમ આ જીવને મળવાની નથી, કારણ કે બાલ્યકાળ જેવા કોરા ઘડામાં ઇષ્ટ સિદ્ધિને યોગ્ય જે કાંઇ ભરવું હોય તે ભરાવાથી ભાવિમાં ચિંતાને લવલેશ સ્થાન નથી.

૭૭૦. યુવાનીમાં વિષય વાસનાઓ સેવીને આવેલાઓને પૂર્વકાલીન વાસનાઓ ઉઠે છે, તેથી તે વાસનાઓને જડમૂળથી નાશ કરવા માટે તપશ્ચર્યાનું સેવન કરો. તાવીના બહાને ભઠ્ઠી અગર નિભાડામાં મુક્યા વગર પૂર્વની વાસના દૂર થતી નથી.

૭૭૧. વિરતિ ધર્મ લેવો, અને પાળવો એ જેટલો સહેલો છે, અને સરળ છે; તેના કરતાં વિરતિ ધર્મના રંગમાં રંગાઈ જવું અતિ દુષ્કર છે, કારણ કે જ્યાંસુધી ભોગ-ભોગવી અને ભોગના સાધનોની સેવનામાં ઉંડા ઉતરી ગયેલા પ્રત્યે ખૂબ ખૂબ ભાવ દયા સ્ફુરે નહિં; ત્યાંસુધી વિરતિ ધર્મનો રંગ લાગ્યો નથી એમ સમજવું.

૭૭૨. અવિરતિની અવિરત-આંધીમાં અટવાયેલાઓને વિરતિધરોની અને વિરતિ ધર્મની કિંમત લવલેશ સમજાતી નથી.

૭૭૩. વિચાર-વાણીની ઐકયતાથી ચતુર્વિધ સંઘને એકવિધ કહીએ તો ચાંપા જેવું નથી.

૭૭૪. વિચારની અને વાણીની એકયતા પર ચતુર્વિધ સંઘ કમ્મર કસે તો એક છત્રરૂપે જૈન-સામ્રાજ્ય કલિયુગમાં પણ દેખી શકાય.

૭૭૫. નિર્જરાના અભિલાષિઓએ સંવરના દ્વારો પ્રતિ ખૂબ ખૂબ સૂક્ષ્માવલોકન પૂર્વક આગળ વધવું જરૂરીનું છે, કારણ કે નિર્જરાનાં વાસ્તવિક લાભ ત્યારેજ પ્રાપ્ત થાય છે.

૭૭૬ સંવર-નિર્જરાની બંન્ને કરણીઓ સાથેજ ચાલુ રહે તો નિર્જરાનું વાસ્તવિક ફળ પ્રાપ્ત થાય છે.

૭૭૭. ૬૪ કલાઓએ અને ૭૨ કલાઓએ જે કલ્યાણ કરવામાં હિસ્સો આપ્યો નથી. તે કલ્યાણ કરવામાં હિસ્સો આપનાર એકજ ધર્મ કળા છે.

મુદ્રકઃ—મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ—ગાંધીચોક, સુરત.
પ્રકાશકઃ—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

સુધા-વર્ષા.

આલેખન કર્તા—પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણિવર્ય.

૭૫૯. કર્મને શત્રુ ગણ્યા વગર, અંતરશત્રુ સામે મોરચા માંડ્યા વગર ભવ્યનું ભવ્યત્વ વિકસિત થતું જ નથી.

૭૬૦. ત્યાગી થવું, અને 'ત્યાગી છે' એની જાહેરાત કરવી-કરાવવી કે થવી પણ સહેલી છે, પરંતુ શાસન માન્ય ત્યાગીપણું જીવનમાં ઓતપ્રોત થવું એ સહેલું નથી; પણ અતિ અત્યંત મુશ્કેલ છે.

૭૬૧. કેવળ-કલ્પનાના ઘોડા ઉપર દોડધામ કરનારૂં જૈન-શાસન નથી.

૭૬૨. સજ્જને બગાડ્યું છે એ ધારીને દુર્જન દુર્જનપણું કરતો નથી, કારણ કે દુર્જન દુષ્ટ વિચારોથી વાસિત થઇ સ્વ-પર નુકશાનકારક-દુર્ભેદ્ય દિવાલોના દિવાનખાનામાં હંમેશાં દીવાનો બન્યો છે, અને બને છે.

૭૬૩. સજ્જનનું બગાડવું એ દુર્જનનો સ્વભાવ છે, અને તે સ્વભાવને જન્મસિદ્ધ-હક્ક માનીને, અને પોતાનું સર્વસ્વ બગાડીને પણ સજ્જનને નુકશાન કરવા તે હંમેશાં કટીબદ્ધ બન્યો છે, અને બને છે.

૭૬૪. આંખના અસ્ખલિત વેગને અંધારૂં રોકે છે, પરંતુ આંખે અંધારાનું શું બગાડ્યું છે કે અનુપમ ભાવોને અવલોકન કરવામાં અંધારૂં આડે આવે છે; માટે અહીંજ અંધકાર સાથે દુર્જનની ઘટના કરવી જરૂરીની છે.

૭૬૫. હે સજ્જન ! તું બગાડે અને તે પછી તે દુર્જન બગાડે તો પછી તેને દુર્જન કહેશે કોણ ?, કારણ કે વિના કારણે પણ દુર્જનતા કરવી એ તેને સ્વભાવ સિદ્ધજ છે.

૭૬૬. ભોગ-ભોગી-અને ભોગના સાધન-સામગ્રી સંયોગાદિ પ્રત્યે લવલેશ પણ આદર થતાં ત્યાગિઓના હૃદયમાં પણ અવિવેકની આંધી શરૂ થાય છે.

૭૬૭. જેના હૃદયમાં ત્યાગ-ત્યાગીઓ અને ત્યાગ પ્રત્યે આદર બહુમાન ઘટવા માંડે છે, અને ભોગ-ભોગી-અને ભોગના સાધન દેખીને વાત વાતમાં જેઓ તે તરફ ઢળે છે; તેઓ સમ્યક્ત્વ જેવાં સર્વોત્કૃષ્ટ-ચિંતામણિ-રત્નનું સંરક્ષણ કરવા બેનશીબ નીવડે છે.

(વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૩ જું.)